G.U.P. 1283-375-2-68

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જાન્યુઆરી માસની સભા સોમવાર, તા. ૨૯-૧-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને મંગળવાર, તા. ૩૦-૧-૧૯૬૮ના રોજ તેજ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૧-૧૯૬૮	તા. ૩૦-૧-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગ ગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	ગેરહાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરભક્તિ	હાજર	હાજર
૮.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
	પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર	ગેરહાજર
	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર	હાજર
	મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
	વંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
	નાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૨૮-૧૨-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૮-૧૨-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ તરફથી જૂન ૧૯૬૮થી નડિયાદ ખાતે શરૂ કરાનાર કેમિકલ એન્જિનિયરિંગની કૉલેજ માટે આવેલ જોડાણઅરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઑ. ૧૨૦ મુજબ આ અરજી સમયમર્યાદા બહાર આવેલ છે.
(૨) કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ હાલ યુનિવર્સિટી પાસે ઘડાયેલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમની સગવડ થાય તે ઘણું આવકારદાયક હોઈ સદરહુ કૉલેજની જોડાણની અરજી મોડી આવેલી હોવા છતાં પણ અપવાદ તરીકે તેની ઉપર વિચારણા કરવી અને તે માટે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ડૉ. ય. ગુ. નાયક,
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી,
૩. ડૉ. આર. ડી. દેસાઈ, અને
૪. શ્રી. ટી. એ. દેસાઈ, અથવા
શ્રી. ટી. એ. દેસાઈની અવેજીમાં અનુક્રમે શ્રી. ઉપેન્દ્ર ભટ્ટ અને આચાર્ય ટી. એમ. પરીખ.

૩. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણને જૂન ૧૯૬૮થી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ આપવાની ગોવા, દીવ અને દમણની સરકારના શિક્ષણાધિકારીની વિનંતી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૭ સુધી લંબાવી હતી તે વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવી લેવાની મુદત લંબાવવી અને તે વિદ્યાર્થીઓને, તેઓ અન્યથા પાત્ર હોય તો, જે તે પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી; પરંતુ તેઓ પાકું પ્રમાણપત્ર કઢાવે નહિ ત્યાં સુધી તે[illegible] પરિણામ અનામત રાખવું.

૫. સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.ની વનસ્પતિવિજ્ઞાન [illegible] પરીક્ષા માટે ક્ષેત્ર-સંગ્રાહક(Field Collector)ની નિમણૂક પ્રાયોગિ[illegible] કરવા માટે કૉલેજો તરફથી માગણી થતી હોઈ તે અંગે નિયમોમાં કોઈ[illegible]

આ નિમણૂક જરૂરી છે કે કેમ અને હોય તો તે કેટલા દિવસ પૂરતી કરવી અને તેનો મહેનતાણાનો દર શો રાખવો તે અંગે વિચારણા કરી વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૩૧-૮-૧૯૬૭ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે સેક-ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.ની બોટાની વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે ક્ષેત્ર-સંગ્રાહક(Field Collector)ની નિમણૂક કરવી.

(૨) પરીક્ષા જેટલા દિવસ ચાલે તેટલા દિવસ અને તેના એક દિવસ અગાઉ (પ્રેપરેશન) માટે નિમણૂક કરવી.

(૩) મહેનતાણું રૂા. ૮-૦૦ રોજનું આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

નોંધ.—વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી કે ફીલ્ડ કલેક્ટરની શૈક્ષણિક લાયકાત બોટાનમાં બીજી એસ.એસ.સી. પાસની હોવી આવશ્યક રહેશે.

૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડામાં અંગ્રેજી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી શ્રી. કે. આઈ. પટેલને બીજા સત્ર માટે શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષના પ્રથમ સત્ર માટે શ્રી. કે. આઈ. પટેલને સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં મંજૂરી આપવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. આઈ. પટેલને અંગ્રેજીના લેક્ચરર તરીકે સદરહુ કૉલેજમાં કાર્ય કરવા માટે ફક્ત ચાલુ સત્ર માટે જ પરવાનગી આપવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૭. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાં અંગ્રેજી વિષયના એક તાસનું કાર્ય દેવગઢબારિયાના અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. જી. સી. પટેલને સોંપવા અંગેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલ દેવગઢબારિયામાં પૂરા સમયના વ્યાખ્યાતા હોઈ ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર અન્યત્ર કામ કરી શકે નહિ, પરંતુ તેમનો કાર્યભાર ઑર્ડિનન્સની મર્યાદામાં રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ માન્ય કરવી અને શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વધારાના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૮. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝામાં પૂરા સમયના વ્યાયામ શિક્ષક લભ્ય ન હોવાથી ચાલુ વર્ષ પૂરતું અંડ સમયના વ્યાયામ શિક્ષકથી કામ ચલાવવા દેવા અંગેની મજકૂર કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર

વિચારણા કરવા બાબત.

(નોંધ.— સદરહુ ભાઈ ઊંઝા હાઈસ્કૂલમાં પૂર્ણ સમયના શિક્ષક તરીકે સેવા આપે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ખંડ સમયના વ્યાયામ શિક્ષકથી કામ ચલાવવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ પરવાનગી આપવી અને જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે તેમ તેને જણાવવું.

૯. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈના અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. આર. બી. સકસેનાને વ્યાખ્યાતાપદ માટે ખૂટતા છ માસના શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. સકસેના બી.એ. તથા એમ.એ.ની પદવી અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે, તથા ૪ વર્ષ અને ૬ માસનો ટ્યૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. સકસેનાને સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ પરવાનગી આપવી, પરંતુ જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે તેમ સદરહુ કૉલેજને જણાવવું.

૧૦. સંલગ્ન કૉલેજોમાં નીમવાના ગ્રંથપાલની નિમણૂકની લઘુતમ લાયકાત, "ગ્રંથપાલનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ" અથવા "ઓછામાં ઓછા પાંચ વર્ષનો સંલગ્ન કૉલેજમાં ગ્રંથપાલ તરીકેનો અનુભવ" રાખવા એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના આચાર્યશ્રી તથા ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ગ્રંથપાલની શૈક્ષણિક લાયકાત સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં નીચે પ્રમાણે નક્કી કરેલ છે :

"લાઇબ્રેરી સાયન્સનો ડિપ્લોમા અથવા ડિગ્રી ધરાવતા સ્નાતક.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૧. પેટલાદ કૉલેજ, પેટલાદમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષક મળતા ન હોવાથી સદરહુ કૉલેજે શ્રી. બી. એમ. ઠાકરની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કરેલ નિમણૂકને માન્ય કરવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. બી. એમ. ઠાકરનો કાર્યભોજ નીચે પ્રમાણે છે :

	વ્યા.	ટ્યુ.	કુલ
આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	૭	૪	૧૧
સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	૪	—	૪
પેટલાદ કૉલેજ, પેટલાદ	૪	—	૪
કુલ...	૧૫	૪	૧૯

(૨) એક શિક્ષકને એથી વધુ કૉલેજમાં શિક્ષણકાર્ય કરવા માટેની પરવાનગી આપવામાં આવતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. ઠાકર, નડિયાદ ખાતેની બે કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા હોઈ, તેમને પેટલાદ કૉલેજ, પેટલાદમાં અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી નહિ અને સદરહુ કૉલેજને જણાવવું કે અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક તેમણે તાકીદે કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી વધુમાં સદરહુ કૉલેજને જણાવવું કે તેઓ તેમ કરશે નહિ તો જૂન ૧૯૬૮થી અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવવાનું તે ચાલુ રાખી શકશે નહિ.

૧૨. સંલગ્ન કૉલેજોને પ્રોવિડન્ટ ફંડ માટે અલાયદો હિસાબ રાખવાનું જણાવવાના આચાર્યશ્રી વી. આર. રણદીવેના ચૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. સાયન્સ કૉલેજ, કડીના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમોને બદલે ગુજરાત રાજ્ય સરકારના 'મર્જ્ડ' પગારધોરણ માટે નિયત થયેલા દરે મોંઘવારી ભથ્થું અપાતું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે તેમની કૉલેજના શિક્ષકોને યુનિવર્સિટીએ નિયત કરેલા મોંઘવારી ભથ્થાની ચુકવણી કરવી આવશ્યક છે અને તે તેમણે પાછળની બાકી ગણીને તમામ શિક્ષકોને તાકીદે ચૂકવી આપવાનું જણાવવામાં આવે. વધુમાં સદરહુ કૉલેજને સ્પષ્ટતા કરવી કે રાજ્ય સરકારના 'મર્જ્ડ' મોંઘવારી ભથ્થાવાળા પગારધોરણ માટે નિયત કરેલા દરે જ મોંઘવારી ભથ્થું આપવું એ યુનિવર્સિટીના નિયમના ભંગ સમાન છે.

૧૪. બીલીમોરા નગરપાલિકા હૉસ્પિટલ, બીલીમોરાને ફરજિયાત હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે ડીન, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી તા. ૨૬-૧૦-૧૯૬૭ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ

(૨) ડૉ. ઈ. એમ. મેસ્ટ.

૧૫. ભારત સરકારના અણુશક્તિ વિભાગ તરફથી "The Indian Institute of Technology, Guindy, Madras-36" ખાતે ફેબ્રુઆરી ૨૭થી માર્ચ ૧, ૧૯૬૮ દરમિયાન મદ્રાસ મુકામે "Nuclear Physics and Solid State Physics" પર એક સેમિનાર યોજનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભારત સરકારના અણુશક્તિ વિભાગના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે **ડૉ. પ. ગુ. નાયકને મોકલવા.**

૧૬. નીચે જણાવેલ સેનેટ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસ સમિતિ
(૧)	આચાર્ય પી. આર. શાહ	વાણિજ્ય	(૧) કૉમર્સ; અને (૨) ઇકોનોમિક્સ.
(૨)	ડૉ. આર. એલ. વાદી	તબીબી	(૧) પ્રી-ક્લિનિકલના વિષયો : Comprising Anatomy, Physiology, Pharmacology and Pathology (૨) Medicine Comprising Medicine, Preventive Medicine, Forensic Medicine and Surgery, etc.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૭. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં વ્યાયામ શિક્ષક તરીકે નિયુક્ત થયેલા શ્રી. એમ. એ. શેઠ બી.એ.ની પદવી ગુજરાત યુનિવર્સિટીની તથા ડી.પી.એડ.ની પદવી ગુજરાત સરકાર માન્ય અભ્યાસક્રમની ધરાવતા હોવાથી તેઓને વ્યાયામ શિક્ષક તરીકે માન્ય રાખ્યાના; અને

(૨) એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં વ્યાયામ શિક્ષક તરીકે નિયુક્ત થયેલા શ્રી. એસ. જી. શેખ બી એ. પાસ વર્ગ તથા ડી.પી.એડ.ની પદવી ગુજરાત સરકાર માન્ય અભ્યાસક્રમની ધરાવતા હોવાથી તેઓને વ્યાયામ શિક્ષક તરીકે માન્ય રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૮. રીડર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટેની વરણીસમિતિના સભ્ય તરીકે સિન્ડિકેટે શ્રી. એમ. બી. મુનશીની નિમણૂક કરી છે, પરંતુ તેઓ આ જગ્યા માટે ઉમેદવાર હોવાથી સમિતિના સભ્ય તરીકે કામ કરી શકે નહિ તેથી તેઓની ખાલી પડેલી જગ્યા પર એક સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ સમિતિ પર વરણીસમિતિના બીજા સભ્યો નીચે પ્રમાણે છે :

(૧) શ્રી. એમ. બી. દેસાઈ (વડોદરા)
(૨) શ્રી. એચ. સી. મલકાણી (મુંબઈ)
(૩) શ્રી. ડી. ટી. લાકડાવાળા (મુંબઈ).]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર શ્રી. એમ. બી. મુનશીની જગ્યાએ પ્રો. એમ. એલ. દાંતવાલાને નીમવા અને સંજોગવશાત્ પ્રોફેસર દાંતવાલા તે સમિતિ પર કામ કરી શકે તેમ ન હોય તો તેમને બદલે ક્રમાનુવર્તી શ્રી. એમ. વી. માથુર અને શ્રી. જગદીશ ભગવતીને નીમવા.

૧૯. વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને બીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરેલ યોજના અંગે થયેલ કુલ ખર્ચ રૂા. ૪,૯૯,૨૬૬ના ૫૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય કેટલીક ગ્રાન્ટરૂપે તથા કેટલીક લોનરૂપે યુનિવર્સિટીને રૂા. ૨,૪૪,૬૩૮-૦૦ આપવાનું સ્વીકાર કરતા રાજ્ય સરકારના તા. ૫-૧૨-૧૯૬૭ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૬-૮૭૧૬૯-ખ(૧)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. દર વર્ષે યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એડ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી હીરાલાલ બાપુલાલ કાપડિયા સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૨૬૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગેના આ સાથેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક માટેના નિયમો મંજૂર કરવા.
(મંજૂર કરવામાં આવેલ નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૧. એમ.એ., એમ.એસસી.ના માર્ચ-એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાનાં કેટલાંક પ્રશ્નપત્રો મોડાં પડ્યાં તે અંગે સિન્ડિકેટે તેની તા. ૬૬/૧૭-૮-૧૯૬૭ના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટી પ્રેસના પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડ્યાનો ખુલાસો માંગવાનું ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં શ્રી. ડી. એમ. પંડ્યાના તા. ૯-૧૧-૧૯૬૭ના ખુલાસા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના પ્રૂફરીડર શ્રી. ડી. એમ. પંડ્યાને એક વર્ષ માટે કોઈ પણ પ્રકારની બઢતી(Promotion)ને પાત્ર ગણવા નહિ અને તેમને જણાવવું કે તેનની પાસેથી વધુ જવાબદારીભરેલા વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે. ઉપર મુજબ તેમને ચેતવણી આપીને, તેમને યુનિવર્સિટી મુદ્રણાલયમાં તેમની પ્રૂફરીડરની જગ્યા પર કામ કરવા માટે પાછા મૂકવા.

૨૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	કયા વિભાગમાં કામ કરે છે	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. આર. એમ. પરમાર	જુનિ. ક્લાર્ક	લીવ વેકેન્સી પુલ	૬-૨-૧૯૬૮	૭-૨-૧૯૬૮
૨.	શ્રી. એન. એમ. પટેલ	,,	,,	૧૧-૨-૧૯૬૮	૧૨-૨-૧૯૬૮
૩.	શ્રીમતી ઉલ્લાસિની બી. ધ્રુવ	,,	અનુસ્નાતક વિભાગ	૨-૨-૧૯૬૮	૩-૨-૧૯૬૮
૪.	શ્રી. એ. જે. પ્રજાપતિ	,,	હિસાબ વિભાગ	૨૫-૨-૧૯૬૮	૨૬-૨-૧૯૬૮
૫.	કુ. અરવિંદા એસ. મિસ્ત્રી	,,	પરીક્ષા વિભાગ	૬-૨-૧૯૬૮	૭-૨-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપર જણાવેલ પાંચ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જે. એન. શાહ	લેબોરેટરી આસિસ્ટન્ટ	૭-૨-૧૯૬૮	૮-૨-૧૯૬૮
૨.	શ્રી. ગગાજી મગનજી ઠાકોર	પટાવાળા	૭-૨-૧૯૬૮	૮-૨-૧૯૬૮
૩.	શ્રી. કરસન ભૂતા ગળિયલ	સફાઈ કામદાર	૨૩-૨-૧૯૬૮	૨૪-૨-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપર જણાવેલ ત્રણે કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૪. "વર્કશોપ ફૉર કેમિસ્ટ્રી કોર્સ" અંગે પરિસંવાદ યોજવા તથા તે અંગેનો રૂા. ૨,૪૦૦-૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ.—આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૧૧-૧૨-૧૯૬૭ના તારથી રૂા. ૨,૦૦૦-૦૦ની ગ્રાન્ટ મંજૂર કરી છે. બાકીનું ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે Workshop for Chemistry Course અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂા. ૨,૦૦૦ની ગ્રાન્ટ મળ્યાની નોંધ લેવી અને તે પરિસંવાદ માટે કુલ રૂા. ૨,૪૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા તે પરિસંવાદના સહસંચાલકો તરીકે ડૉ. એ. એમ. ત્રિવેદી અને ડૉ. એલ. ડી. દવેને નીમવા.

૨૫. ભૂતપૂર્વ કુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈને છ વ્યાખ્યાનો માટે નિમંત્રણ આપવા માટે પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગેનું માનદ વેતન આપવા માટે મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનના તા. ૨૭-૧૨-૧૯૬૭ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે ભૂતપૂર્વ કુલપતિ શ્રી. લા. ૨. દેસાઈને સદરહુ વ્યાખ્યાનો અંગે કુલ રૂા. ૩૦૦નું માનદ વેતન આપવું.

૨૬. "The National Academy of Sciences, India—37th Session" અંગે રાજ્ય સરકારે તેમના તા. ૨૮-૧૨-૧૯૬૭ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૭-૯૬૭૨૧-ખથી રૂા. ૨,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૭. માર્ચ ૧૯૬૭ અને ઑકટોબર ૧૯૬૭માં લેવાયેલ એમ.એસ., બ્રાન્ચ ૧, ૨ અને ૩ની પ્રાયોગિક પરીક્ષાઓમાં મહેનતાણાના દરની પુસ્તિકામાં જણાવેલ લેબોરેટરી સ્ટાફ ઉપરાંત વધારાનો સ્ટાફ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તેમ જ સદરહુ વધારાના સ્ટાફની કાયમી ધોરણે નિમણૂક કરવા અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા એમ.એસ., બ્રાન્ચ ૧, ૨ અને ૩ની પ્રાયોગિક પરીક્ષાઓ માટે નીચે જણાવેલ વધારાનો લેબોરેટરી સ્ટાફ કાયમી ધોરણે મંજૂર કરવો :

Anatomy Department

Examination	*Days for preparation*	*Days for cleaning up*	*Expert Assistant*	*Laboratory Assistant*	*Hamals*	*Remarks*
M.S., Br. I (General Surgery)	1	1	1	1	3	**
M.S.Br. II (ENT)	1	1	1	1	2	
M.S., Br. III (Orthopaedic)	1	1	1	1	2	

** The nurses assisting in the Practical examination in the clinical subjects for under-graduate as well as post-graduate may be appointed for the day of preparation and the day of cleaning.

૨૮. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ એમ.એસસી. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી. ભરત જે. પાઠકે પરીક્ષામાં બેસતાં અગાઉ તેનું બી.એસસી. પરીક્ષાનું પદવી પ્રમાણપત્ર મેળવી લીધેલ ન હોવા છતાં પરીક્ષામાં બેઠા હતા તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થી માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં નાપાસ થતાં ઑકટોબર ૧૯૬૭ની પરીક્ષામાં બેઠા હતા. પરંતુ હવે વિદ્યાર્થીએ બી.એસસી.નું પદવી પ્રમાણપત્ર મેળવી લીધેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ભરત જે. પાઠકનો એમ.એસસી. પરીક્ષાનો પ્રવેશ અપવાદ તરીકે માન્ય કરીને તેમનું એમ.એસસી.નું પરિણામ હવે જાહેર કરવું.

૨૯. ઑકટોબર ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાયોગિક-પરીક્ષકોની તથા વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૫-૧૨-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૧૨-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૦. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં એમ.એ. મનોવિજ્ઞાન વિષયમાં જૂન ૧૯૬૮થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

[નોંધ.— સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :
(૧) શ્રી. સી. બી. દવે, માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. કે. કે. મહેતા, માન્ય અનુસ્નાતક શિક્ષક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) પ્રિ. કે. બી. વ્યાસ
(૨) પ્રો. સી. ટી. બોપટકર.

૩૧. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં એમ.એ. અંગ્રેજી વિષયમાં જૂન ૧૯૬૮થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

[નોંધ.— સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :
(૧) પ્રો. એલ. એચ. ટેંગશે, માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) પ્રો. બી. જે. પંડ્યા, જેઓ હાલ મદદનીશ શિક્ષક છે, જૂન ૧૯૬૮થી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ ક્રમાનુવર્તી બે સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) પ્રિ. એસ. આર. ભટ્ટ
(૨) પ્રો. કે. આર. ચંદ્રશેખરન
(૩) પ્રો. વી. જે. ત્રિવેદી
(૪) પ્રિ. જી. સી. ત્રિવેદી.

બાબત નં. ૩૨ અને બાબત નં. ૭૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૨. નવગુજરાત કોમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.કોમ.ના અનુસ્નાતક કેન્દ્ર સાથે ડિપ્લોમા-ઇન-બિઝનેસ મેનેજમેન્ટ (ડી.બી.એમ. — પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા)ના અભ્યાસક્રમનું શિક્ષણ શરૂ કરવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

અને

૬૯. ડિપ્લોમા ઇન બિઝનેસ મેનેજમેન્ટ (ડી.બી.એમ.) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા વિષયમાં જૂન ૧૯૬૮થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા એચ. એ. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદના આચાર્ય તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

(૧) શ્રી. બી. જી. શાહ
(૨) શ્રી. એચ. એન. પાઠક.

૩૩. સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, ભાવનગરમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રમાં વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો અંગે તે કૉલેજના આચાર્યશ્રીના તા. ૧-૧૨-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, ભાવનગરમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રમાં વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો ચકાસતાં બચત તરીકે રૂા. ૨,૯૮૭-૬૦ પૈસા રહેલ છે. તેમાં વર્ષ ૧૯૬૪-૬૫ની બચત રૂા. ૨,૦૦૯-૫૫ પૈસા ઉમેરતાં કુલ બચત રૂા. ૪,૯૯૬-૧૫ પૈસા રહેલી છે. આ અંગે આચાર્યશ્રી પાસેથી તે બચત અંગે અનુમોદન આપવા તારીખ ૨૨-૯-૧૯૬૭ના પત્રાંક સામાન્ય/અનુ. હિસાબ-૦૧૯૬૧૮થી જણાવેલું, પરંતુ તેમની કૉલેજમાં અનુસ્નાતક કેન્દ્રના હિસાબોને લગતું કામ કરતા કર્મચારી હિસાબો અંગેનો રેકર્ડ આચાર્યશ્રીને સોંપતા નથી તેથી તેઓ અનુમોદન આપી શકે તેમ નથી, એમ તા. ૧-૧૨-૧૯૬૭ના પત્રાંક ૯૩થી આચાર્યશ્રીએ જણાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલકશ્રીનું ધ્યાન ખેંચવું.

૩૪. એમ.એ. પદવીના જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરનાર નીચે જણાવેલ વિદ્યાર્થીની ખૂટતી હાજરી જૂના અભ્યાસક્રમનું શિક્ષણ હવે પછી બંધ થયેલું હોઈ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ માફ કરી સત્ર મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થાનું નામ	જે સત્રની હાજરી માફ કરી તેના વિગત
શ્રી. પી. યુ. શુકલ	એમ.એ.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	ચોથા

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૫. નીચેના વિદ્યાર્થીઓનો મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્ય હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. એમ. વી. ચંદોરીકર	વિજ્ઞાન — રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
(૨)	શ્રીમતી એચ. ટી. પટેલ	વિજ્ઞાન — વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૬. પબ્લિકેશન બોર્ડની તા. ૨૬-૧૨-૧૯૬૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૬-૧૨-૧૯૬૭ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની મંજૂર કરવામાં આવેલી તા. ૨૬-૧૨-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૭. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.એડ., પાર્ટ ૨ની પરીક્ષા માર્ચના પહેલા સોમવારથી શરૂ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી તથા તે મુજબ ઓ. ૧૨૬માં નીચે મુજબ સુધારો કરવો, સુધારેલ ઓ. ૧૨૬નો અમલ જૂન ૧૯૬૯થી કરવો :

B.Ed., Part II : Date commencing 1st Monday of March.

૩૮. બાંધકામ સમિતિની તા. ૧-૧-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૧-૧૯૬૮ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧-૧-૧૯૬૮ના રોજ મળેલ સભાની મંજૂર કરવામાં આવેલી ભલામણો પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષા સમિતિઓની ભલામણો જે તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભા સમક્ષ મુકાયેલ તે પરત્વે વિચારણા કરીને પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા તા. ૩૦-૧-૧૯૬૮ના રોજ કરવાનું રાખ્યું.

૪૦. ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન આચરેલ ગેરવાજબી કલાઓ અંગેના કેસો તેમજ પ્રાશ્નિક-પરીક્ષક-નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરી, સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે પરીક્ષા શુદ્ધિ સમિતિ(Mistakes and Unfair Means Committee)ની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિ પર નીચે જણાવેલ સભ્યોની નિમણૂક કરવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ

૩. આચાર્ય વી. આર. રણદીવે
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૫. પ્રિ. એમ. સી. દેસાઈ
૬. પ્રિ. સી. એલ. શાસ્ત્રી.

૪૧. હિસાબ વિભાગમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ) અને ડેપ્યુટી એકાઉન્ટન્ટ—એમ બે જગાઓ સરખા પગારધોરણ તથા સરખી લાયકાતની હોઈ આ બે જગ્યાઓ ઇન્ટર-ચેઇન્જેબલ ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. વી. શાહને ઑડિટ વિભાગમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ તરીકે મૂકવા અને શ્રી. એન. જે. પાઠકને હિસાબ વિભાગમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ તરીકે મૂકવા.

૪૨. યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાના ધોરણે મૂળ પગારમાં ભેળવવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૮/૯–૧૦–૧૯૬૬ની સભામાં ઠરાવ્યું હતું કે આ બાબતની વિચારણા કર્મચારીઓની પગારસુધારણા વગેરેની માંગણીઓ અંગેની સ્થાયી સમિતિનો રિપોર્ટ આવે ત્યાં સુધી મુલતવી રાખવી. હવે આ રિપોર્ટ આવી ગયો હોવાથી અને તે અંગે સિન્ડિકેટે નિર્ણય લઈ લીધો હોવાથી આ બાબત વિચારણા કરવાની બાકી રહેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

તે પછી સભાગૃહનું કામકાજ તે દિવસ પૂરતું બંધ રાખવામાં આવ્યું અને તા. ૩૦–૧–૧૯૬૮ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરીથી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું

૪૩. જે પરીક્ષાનાં પરિણામો યંત્રો ઉપર તૈયાર કરવામાં આવે છે તેમાંનાં આશરે ૨ ટકા જેટલાં પરિણામો, તે બહાર પડી ગયા પછી, પરીક્ષકોનાં ગુણપત્રકો સાથે random ધોરણે ખાનગી રાહે ચકાસી જોવા અંગેના કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ડુપ્લિકેટિંગ મશીનમેન તરીકે કામ કરતા શ્રી. ગોવિંદ સી. પટેલને તા. ૧૦–૧૧–૧૯૬૭થી બરતરફ (dismiss) કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની તથા ગ્રેચ્યુઇટીની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૧૪–૧૧–૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ગોવિંદ યુનિવર્સિટીમાં તા. ૧૫–૬–૧૯૫૪થી કાર્યાલયમાં જોડાયા હતા અને તેમને તા. ૧૦–૧૧–૧૯૬૭થી બરતરફ કરવામાં આવ્યા છે. આ અંગેના રૂટે. ૧૮૩નો પાઠ નીચે મુજબ છે:

St. 183 :

When the amount standing in the Fund to the credit of a subscriber who has been dismissed from the service of the

University for misconduct becomes payable, the Syndicate may direct that the whole or any part of the contributions of the University, and of any interest accrued thereon, be deducted from the amount standing to the credit of the subscriber, and be paid to the University.

(**નોંધ.**—શ્રી. ગોવિંદને યુનિવર્સિટીની સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હોવાથી રૂલ. ૧૯૩–એ મુજબ ગ્રેચ્યુઇટીની રકમ મળી ન શકે અને સિન્ડિકેટ નક્કી કરે તેવી રકમ પ્રોવિડન્ટ ફંડ કોન્ટ્રીબ્યુશનમાંથી મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોવિંદ સી. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીના ફાળા સહિત ચૂકતી આપવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોવિંદ સી. પટેલની ગ્રેચ્યુઇટીની રકમ આપવાની વિનંતી માન્ય કરવી નહિ.

૪૫. **Indian Council of Agricultural Research, Krishi Bhavan, New Delhi-1, તરફથી તેમના તા. ૧૪-૯-૬૬ના પત્રાંક ૪૨ (૬) ૪૬૫-એગ્રિ. (સી)માં જણાવ્યા પ્રમાણે Scheme on Hormonal Mechanism underlying growth and differentiation of vegetative and reproductive organ of seasamum અંગે રૂા. ૩૧,૨૦૦ મંજૂર કર્યા અંગેની નોંધ લેવા તથા ગ્રાન્ટની શરતો મંજૂર કરી તે માટેની આગળની યોગ્ય કાર્યવાહી કરવા માટેની વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીને સત્તા આપવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૬. **શ્રી. એસ. બી. શાહ તરફથી આપણી યુનિવર્સિટીમાં દર વર્ષે લેવાતી પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક" એ નામનું રૂા. ૩૫૦નું એક રોકડ પારિતોષિક આપવા મળેલ પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે 'શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક' માટેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ પારિતોષિક માટેના નિયમોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૭. **રાજસ્થાન યુનિવર્સિટીના ઉપક્રમે યોજનાર અખિલ ભારતીય શારીરિક શિક્ષણ અંગેના સેમિનારમાં ભાગ લેવા માટે આપણી યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલી આપવા અંગે રાજસ્થાન યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટ્સના મંત્રીએ તા. ૨-૧-૧૯૬૮ના પત્રાંક ૬૦૬-૮૩થી કરેલ સૂચન પ્રમાણે પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શારીરિક શિક્ષણસંચાલક શ્રી. વી. પી. મહેતાને મોકલવા.

૪૮. યુનિવર્સિટી કાર્યાલયમાં બે હંગામી મદદનીશ રજિસ્ટ્રારની જગ્યા માટે તથા યુનિવર્સિટી પ્રેસમાં એક કાયમી પ્રેસ-મેનેજરની જગ્યા માટે તા. ૨૮-૧-૧૯૬૮ના રોજ મળનાર વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. આર. જી. ભાવસારની તા. ૨૨-૧-૧૯૬૮ની અરજી તથા કાર્યાલયના કેટલાક સભ્યોની તા. ૨૮-૧-૧૯૬૮ની સામુદાયિક અરજી અને તેમનો સમગ્ર કેસ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. તે પછી એ અંગે સમિતિએ ઠરાવ્યું કે આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની કાયમી કે હંગામી ધોરણે ખાલી પડેલી જગ્યા માટે જે વ્યક્તિ સ્નાતક તરીકેની ઓછામાં ઓછી લાયકાત ધરાવતી ન હોય તેને ઉમેદવાર તરીકે પાત્ર ગણી શકાય નહિ અને તેથી શ્રી. ભાવસારની અરજી મંજૂર રાખી શકાય નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે કાર્યાલયના સભ્યોની તા. ૨૮-૧-૧૯૬૮ની સામુદાયિક અરજીની ભાષા પૂરતી વિવેકપૂર્ણ નથી તેની સિન્ડિકેટની આ સભા સંખેદ નોંધ લે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીમાં કરેલાં વિધાનો સાથે સિન્ડિકેટની આ સભા સંમત થતા નથી અને તેથી તેને દફ્તરે કરવી.

તે પછી સદરહુ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે તેની નીચેની ભલામણો મંજૂર કરવી :

૧. નીચેના ઉમેદવારોને ક્રમાનુસાર રૂા. ૨૫૦-૨૦-૪૫૦-૩૦-૬૦૦-ઈ.બી.-૪૦-૭૨૦ના પગાર-ધોરણમાં નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે :

(૧) શ્રી. એસ. એસ. વોરા

(૨) શ્રી. બી. એમ. વૈશ્ય.

૨. પ્રેસ-મેનેજરની કાયમી જગ્યા પર કોઈ પણ ઉમેદવારની નિમણૂક કરવા માટે ભલામણ કરી શકાય એમ નથી.

૪૯. પ્રી-યુનિવર્સિટી અને ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને કોડ નંબરો આપીને પરીક્ષાઓ લેવાની શક્યતા બાબતે કાર્યાલયની નોંધના સંદર્ભમાં જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી અને ફર્સ્ટ બી. એસસી.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને કોડ નંબરો આપવાની પ્રથા દાખલ કરવી નહિ.

૫૦. નવા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષાઓ (૧) પ્રથમ એલએલ.બી. (જનરલ), (૨) બીજી એલએલ.બી. (જનરલ), (૩) પ્રથમ એલએલ.બી. (રૂપે.), (૪) બીજી એલએલ.બી. (રૂપે.), (૫) થર્ડ એલએલ.બી. (રૂપે.) (૬) એલએલ.એમ. ભાગ ૧, (૭) એલએલ.એમ. ભાગ ૨, (૮) બી.ઈ. (સિવિલ, મિકે. અને ઇલે.) ૩, ૪ અને ૫ વગેરે પરીક્ષાઓ શરૂ થવાની, પરીક્ષા-પ્રવેશપત્રો ભરવાની તારીખ અને પરીક્ષા ફી વગેરે અંગે

ઓ. ૧૨૯માં જરૂરી સુધારો કરવા બાબત.

(નોંધ.—ઑર્ડિ. ૧૨૯ પ્રમાણેની તારીખો તથા ફી અંગે કાર્યાલયનું સૂચન નીચે પ્રમાણે છે:

Sr. No.	*Name of the examination*	*How many times in a year*	*Date of commencement*	*Last date of application*	*Examination Fee Rs.*
1.	I LL.B. (Gen.)	Twice a year	Second Monday in March and Second Monday in Oct.	Six weeks before the Examination	40
2.	II LL.B. (Gen.)	,,	,,	,,	50
3.	I.LL.B. (Sp.)	Twice a year	Second Monday in March & Second Monday in Oct.	Six weeks before the Examination	40
4.	II LL.B. (Sp.)	,,	,,	,,	50
5.	III LL.B. (Sp.)	,,	,,	,,	60
6.	LL.M.—Part I	Once a year	First Monday in June	Three months before the Examination	100
7.	LL.M.—Part II	,,	,,	,,	100
8.	B.E. III (C.,M &E.)	Once a year	First Saturday in April	Six weeks before the Examination	60
9.	B.E. IV (C.,M.& E.)	,,	,,	,,	80
10.	B.E. V (C.,M.& E)	Twice a year	First Saturday in April and Second Monday in October	,,	100

આથી ઠરાવવામાં આવે છે કે ઓ. ૧૨૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

Sr. No.	*Name of the Examination*	*How many times in a year*	*Date of commencement*	*Last date of application*	*Examination Fee : Rs.*
1	2	3	4	5	6
1.	First LL.B. (Gen. and Sp.)	Twice a year	Second Monday in March and Second Monday in October	Six weeks before the Examination	50
2.	Second LL.B. (Gen. & Sp.)	,,	,,	,,	60
3.	Third LL.B. (Sp)	,,	,,	,,	75
4.	LL.M. Part I	Once a year	1st Monday in June	Three months before the Examination	100
5.	LL.M. Part II	,,	,,	,,	100
6.	B.E. III (C.,M. & E.)	Once a year	1st Saturday in April	Six weeks before the Examination	60
7.	B.E. IV (C.,M. & E.)	,,	,,	,,	75
8.	B.E. V (C.,M. & E.)	Twice a year	1st Saturday in April and Second Monday in October	,,	100

૫૧. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)માં કાર્યાલયની દૃષ્ટિએ મનોવિજ્ઞાનના ટ્યૂટરની જરૂર હોવા છતાં હજુ સુધી નિમણૂક કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે મનોવિજ્ઞાનના ટ્યૂટર વિના ચલાવ્યું તે માટે તેને ઠપકો આપવો અને જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા વધારાના ટ્યૂટરની નિમણૂક કરવા જણાવવું.

૫૨. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક વિના કામ ચલાવ્યું તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત :

(નોંધ.—અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે શ્રી. જે. કે. દેસાઈની નિમણૂક કરવામાં આવી હતી. પરંતુ તેઓ બી.એ. બીજો વર્ગ તથા એમ.એ.ની પદવી અર્થશાસ્ત્ર સાથે પાસ વર્ગ ધરાવે છે અને વ્યાખ્યાતા તરીકેનો સાત વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા નહિ હોવાથી તેઓની નિમણૂક અમાન્ય રાખવામાં આવી છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રના પ્રોફેસર વિના સદરહુ કૉલેજે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કામ ચલાવ્યું તે યોગ્ય થયું નથી, અને તેને જણાવવું કે તેણે ચાલુ સત્ર દરમિયાન પણ ઓછામાં ઓછી મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક તરત જ કરવી અને તેમ કરી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી, અને વધુમાં ઉમેરવું કે જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તેઓ નીમશે નહિ તો અર્થશાસ્ત્રના મુખ્ય વિષયમાં કોઈ પણ વિદ્યાર્થીને દાખલ કરી શકાશે નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન જે કૉલેજોએ કોઈ પણ વિષયમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કર્યા વિના શૈક્ષણિક કાર્ય યુનિવર્સિટીની પરવાનગી મેળવીને કે મેળવ્યા વગર ચલાવ્યું હોય તેમને જણાવવું કે જે તે વિષયમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂકની બાબતમાં તા. ૧૫-૬-૧૯૬૮ સુધીમાં યુનિવર્સિટી સત્તાવાળાઓને સંતોષ આપ્યા સિવાય તે વિષયમાં કોઈ પણ વિદ્યાર્થીને દાખલ કરી શકાશે નહિ.

૫૩. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા મુજબ નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઢાહોદે વાણિજ્યના શિક્ષણકાર્ય માટે પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપકની તથા પૂર્ણ સમયના એક વ્યાયામ શિક્ષકની નિમણૂક હજુ સુધી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપક તથા પૂરા સમયના વ્યાયામશિક્ષકની નિમણૂકો ન કરવા બદલ ઠપકો આપવો અને જણાવવું કે જૂન ૧૯૬૮માં તેઓ તે જગ્યા પર યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના શિક્ષકોની નિમણૂક કરશે નહિ તો તેઓ તે વિષયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહિ.

૫૪. સિન્ડિકેટે તેની તા. ૧૫-૧૦-૧૯૬૭ની સભામાં કરેલા નીચેના ઠરાવના સંદર્ભમાં પરીક્ષકોના વેતનની મર્યાદા એકેડેમિક કાઉન્સિલના સભ્યો અને પરીક્ષા સમિતિના સભ્યોને કેવી રીતે લાગુ પાડવી તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(નોંધ.—એકેડેમિક કાઉન્સિલના સભ્યને રૂા. ૫૦૦થી વધુ નહિ અને પરીક્ષા સમિતિના સભ્યને રૂા. ૨૫૦થી વધુ નહિ તેવો મૂળ નિયમ છે તેથી સ્પષ્ટતા કરવાની જરૂર છે.)

સિન્ડિકેટની તા. ૧૫-૧૦-૧૯૬૭ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાશ્નિકો-પરીક્ષકોનું કુલ વેતન રૂા. ૧,૦૦૦ કરતાં વધારે

થતું હોય તેમને રૂા. ૧,૦૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના પચાસ ટકા જેટલું, પણ કોઈ પણ સંજોગોમાં રૂા. ૧,૫૦૦થી વધારે નહીં તેટલું, વેતન આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં કોઈ પણ પ્રાધ્યાપક કે પરીક્ષક — જેમને યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના સભ્ય હોવાને કારણે રૂા. ૫૦૦ કરતાં વધારે વેતન આપવામાં આવ્યું નથી તેમને — રૂા. ૫૦૦ અને નિયત દર મુજબની ગણતરીને ધોરણે જે કુલ વેતન થાય તે વેતનના તફાવતના ૫૦ ટકા જેટલું, પણ રૂા. ૭૫૦થી વધારે નહિ તેટલું, વેતન આપવું.

૫૫. ફાઇનાન્સ કમિટી પર પ્રા. એમ. પી. પંડ્યાની જગ્યાએ તા. ૧૨-૮-૧૯૬૯ સુધીની મુદત માટે કોઈ સભ્યની નિમણૂક કરવા બાબત.

[નોંધ.—હાલ ફાઇનાન્સ સમિતિ પર નીચે મુજબ સભ્યો છે :

(૧) પ્રિ. એમ. સી. દેસાઈ

(૨) ડૉ. એ એમ. ત્રિવેદી

(૩) પ્રા. એમ. પી. પંડ્યા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. એમ. પી. પંડ્યાની નિમણૂક ફરીથી કરવી.

૫૬. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૮થી એમ.કોમ.ના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.– સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

(૧) આચાર્ય એન. બી. જોશી (માન્ય અનુસ્નાતક શિક્ષક)

(૨) શ્રી. એમ. ડી. પટેલ (માન્ય અનુસ્નાતક શિક્ષક)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) પ્રિ. એસ. વી. દેસાઈ

(૨) પ્રિ. એસ. આર. મહેતા.

૫૭. તા. ૨૮-૧૨-૧૯૬૭ની સિન્ડિકેટની સભાના બાબત નં. ૨૫માં કાર્યાલયના સૂચન પ્રમાણે જૂના કોર્સ મુજબની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પરીક્ષાઓ શરૂ કરવાનું તા. ૨૫-૩-૧૯૬૮થી મંજૂર થયું હતું. પરંતુ એન્જિનિયરિંગ કૉલેજોમાં તા. ૩૧-૩-૧૯૬૮ સુધી ટર્મ ચાલતી હોવાથી તે પરીક્ષાઓ તા. ૨૫-૩-૧૯૬૮ના બદલે તા. ૧-૪-૧૯૬૮થી શરૂ કરવા મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૮. ૧૯૬૮ના જાન્યુઆરી માસમાં લેવાયેલ ત્રીજી એમ.બી.,બી.એસ. તથા સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષામાં નીચે મુજબ મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ત્રીજી એમ.બી., બી.એસ. :

અમદાવાદ કેન્દ્ર : (૧) ડૉ. ઈ. એમ. એસ્ટ
(૨) ડૉ. એમ. એન. જિન્દાલ

જામનગર કેન્દ્ર : (૧) ડૉ. એચ. એચ. શાહ
(૨) ડૉ. બી. કે. મહાજન

સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ :

અમદાવાદ કેન્દ્ર ૧. આચાર્ય કે. જી. શાહ

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૯. પ્રથમ એલએલ.બી. પરીક્ષાના નવા અભ્યાસક્રમનું સત્ર જૂન, ૧૯૬૭થી અમલમાં આવેલ હોવાથી માર્ચ-એપ્રિલ ૧૯૬૮થી નવા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા પણ લેવાશે. તો જૂના અભ્યાસક્રમ મુજબની પ્રથમ એલએલ.બી. અને બીજી એલએલ.બી.ની પરીક્ષાઓ છેવટની કયાં સુધી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

(ઑક્ટોબર, ૧૯૬૬થી ઑક્ટોબર, ૧૯૬૭માં જેમણે પ્રથમ એલએલ.બીનાં સત્રો રાખ્યાં હોય તેમને એપ્રિલ, ૧૯૬૮ અને ઑક્ટોબર, ૧૯૬૮ સુધી બે ટ્રાયલ આપવા અને તે પ્રમાણે ઑક્ટોબર, ૧૯૬૮ સુધી જેમણે સેકન્ડ એલએલ.બી. માટે સત્રો રાખ્યાં હોય તેમને માર્ચ, ૧૯૬૯ અને ઑક્ટોબર, ૧૯૬૯ એમ બે ટ્રાયલ આપી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ધારાશાસ્ત્રની વિચારણા માટે મોકલવી અને તે દરમિયાન ઑક્ટોબર ૧૯૬૮માં પ્રથમ એલએલ.બી.નો જૂના અભ્યાસક્રમ પ્રમાણેની વધુ એક પરીક્ષા લેવાનું રાખવું.

૬૦. નોંધાયેલા સ્નાતકોની મતદારયાદીઓ તા. ૩૧-૧૨-૧૯૬૭ના રોજ સ્ટે. ૪(૬)એ મુજબ પ્રસિદ્ધ કરવા માટે રજિસ્ટ્રેશનના ફૉર્મ અને ફી સ્વીકારવાની છેલ્લી તારીખ સ્ટે. ૪(૧૦) પ્રમાણે ૨૫-૧૨-૧૯૬૭ હતી, પણ કાર્યાલયના હેડકલાર્ક અને તેથી નીચેની કક્ષાના લગભગ તમામ કર્મચારીઓની સામુદાયિક ગેરહાજરીને કારણે આ ફૉર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૧૨-૧૯૬૭ની રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય દ્વારા વર્ષ ૧૯૬૮ દરમિયાન ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના વિષયોમાં કૉલેજો અને માધ્યમિક શાળાઓ / ટ્રેનિંગ કૉલેજોના શિક્ષકો માટે ગ્રીષ્મ વર્ગોની મંજૂરીની તથા તેના સંચાલન માટે અનુક્રમે શ્રી. પી. ડી. પાઠક, ડૉ. એ. એમ. ત્રિવેદી, ડૉ. એમ. એસ. દુબળે અને પ્રો. જે. જે. ચિનોયની નિમણૂકોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. પૂર્વ જર્મનીના વૈજ્ઞાનિકોના સહયોગથી યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર ડો. કે. એમ. કોટડિયા મારફતે "Measurement of absorption of Radio waves in the Ionosphere a five different frequencies" હાથ ધરાનાર સંશોધન યોજનાના અંદાજી ખર્ચના રૂા. ૧૨,૦૦૦ વૈજ્ઞાનિકોના મુસાફરી ખર્ચના રૂા. ૮,૦૦૦ સી. એસ. આઈ. આર. ભોગવશે, જ્યારે વૈજ્ઞાનિકોના રહેવા, જમવા વગેરેના રૂા. ૪,૦૦૦નો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન સ્ટેટિસ્ટિકસ તરીકે કામ કરતા ડો. ખત્રીની—કે જેઓની સેવાઓ ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તાને તા. ૧-૭-૧૯૬૭થી તા. ૩૦-૬-૧૯૬૮ સુધી ઉછીની આપવામાં આવી છે—તા. ૧૭-૬-૧૯૬૮થી તા. ૨૨-૬-૧૯૬૮ સુધી "International Symposium on Multivariate Analysis" તથા તા. ૧-૨-૧૯૬૮થી તા. ૫-૨-૧૯૬૮ સુધી "Purdue University, Indiana, U.S.A. વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા અંગેની તેઓની તા. ૨૪-૧-૧૯૬૮ સુધીની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—(૧) ડો. ખત્રીને આ અગાઉ તા. ૧-૨-૧૯૬૪થી તા. ૩૧-૧-૧૯૬૫ સુધી સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ભથ્થા સિવાયના પગાર સાથેની અભ્યાસરજા મંજૂર કરેલી, જેની શરત નીચે મુજબની હતી:

'તેઓ વિદેશથી પાછા ફર્યા બાદ ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીની નોકરી છોડશે નહિ"

(૨) હાલની લોન સર્વિસની શરત નીચે પ્રમાણે છે:

તેઓને ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તાને જે ઉછીની સેવાઓ આપી છે તે પ્રમાણે શ્રી. ખત્રીનો પગાર તથા બીજાં ભથ્થાંઓ તે સંસ્થા ભોગવશે અને યુનિવર્સિટીને તેમના પ્રોવિડંટ ફંડ તથા ગ્રેચ્યુઇટીનો ફાળો મોકલશે. આ પ્રમાણે યુનિવર્સિટીને આ અંગે કોઈ ખર્ચ આપવાનું નથી. તે સંસ્થાએ ઉપરોક્ત કામ કરવા તા. ૧-૨-૧૯૬૮ થી તા. ૩૦-૬-૧૯૬૮ સુધી તેઓને બિનપગારી રજાઓ આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રીડર-ઇન-સ્ટેટિસ્ટિકસ ડો. સી. જી. ખત્રી કે જેમની સેવાઓ ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તાને તા. ૧-૭-૧૯૬૭થી તા. ૩૦-૬-૧૯૬૮ સુધી ઉછીની આપવામાં આવેલી છે તેમને સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે તથા Purdue University, Indianaના વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા માટે તા. ૧૭-૬-૧૯૬૮થી તા. ૩૦-૬-૧૯૬૮ સુધીની બિનપગારી રજા મંજૂર કરવી.

૬૪. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૨૨-૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવાનું મોકૂફ રાખવું:

"આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. બી. આર. શેનોયને સમાજવિદ્યા ભવનના માનદ અધ્યક્ષ બનાવીને ઇન્ડિયન ઇકોનોમિક્સ રિસર્ચ સેન્ટરના પગારદાર

અધ્યક્ષ તરીકે રહે એ ઉચિત નથી. એમણે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના પગારદાર તરીકે રહેવું જોઈ એ એમ સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો."

ઉપરની ભલામણ સિવાયની સદરહુ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૮ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૮ની ભલામણોની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૫. સને ૧૯૬૬-૬૭ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંમાં વધારાનો ખર્ચ થયો હોય તેને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૬-૬૭ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંમાં જે વધારાનો ખર્ચ થયો છે તે મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ વધારાના ખર્ચના સ્ટેટમેન્ટની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૬. સ્થાયી સમિતિની તા. ૬-૧-૧૯૬૮ તથા તા. ૨૯-૧-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત

અને

૭૭. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ મંત્રીના તા. ૨૦-૧-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૬૬ અને બાબત નં. ૭૭ પર એકસાથે વિચારણા કરવામાં આવી. તે પછી લાંબાણુ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૬-૧-૧૯૬૮ની સભાની તથા તા. ૨૯-૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.
(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

(૨) યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનને માન્યતા આપવાનો પ્રશ્ન અને યુનિવર્સિટીના ડ્રાઇવરોની તેમના યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરવાની વિનંતીથી ઉપસ્થિત થતો પ્રશ્ન નીતિવિષયક હોઈ, તે પરત્વે સ્થાયી સમિતિએ નિર્ણય કરવાનું સિન્ડિકેટને સૂચવેલું છે તે લક્ષમાં લઈને તે બાબત પર વિચારણા કરવામાં આવી અને પૂરી વિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે —

(ક) યુનિવર્સિટી પ્રેસમાં કે યુનિવર્સિટીના અન્ય કોઈ વિભાગ કે ભવનમાં કાર્ય કરતા કર્મચારીઓના પ્રશ્નોની બાબતમાં યુનિવર્સિટીના કર્મચારી ન હોય તેવી કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓથી સંચાલિત થતા કે અન્યથા સંકળાયેલ કોઈ પણ મંડળને માન્યતા આપવી નહિ;

(ખ) યુનિવર્સિટીના પ્રેસના કે કાર્યાલયના કે અન્ય વિભાગો કે ભવનોના કર્મચારીઓને નોટિસ બોર્ડ પર નોટિસ મૂકીને જાણ કરવી કે તેમની કોઈ માગણી, યુનિવર્સિટીના કર્મચારીઓ સિવાયની ઇતર વ્યક્તિ કે વ્યક્તિઓથી સંચાલિત મંડળ કે તેવી ઇતર વ્યક્તિ કે વ્યક્તિઓ જેની સાથે સંકળાયેલી હોય તેવા મંડળ મારફતે કરવામાં આવેલી હોય કે

ભવિષ્યમાં કરવામાં આવે તેવી માંગણીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ; તથા તેવા મંડળને યુનિવર્સિટીની જમીનજાગીર સભા ભરવા માટે કે એવી કોઈ પ્રવૃત્તિ કરવા માટે પરવાનગી આપવામાં આવશે નહિ.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં પીસ-વેજના ધોરણે કામ કરવા અંગેના દરો નક્કી કરવા માટે સ્થાયી સમિતિને સત્તા આપવી અને તે પ્રમાણે જરૂરી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) ઉપરના ઠરાવોની બાબતમાં થયેલી ચર્ચા મુજબ અખબારી યાદી બહાર પાડવા માટે શ્રી. કુલસચિવશ્રીને સત્તા આપવી અને તેમને સૂચવવું કે તે અખબારી યાદીમાં એમ સ્પષ્ટ નિર્દેશ કરવો કે યુનિવર્સિટીનાં પગારધોરણો તા. ૧-૭-૧૯૬૭થી સુધારવામાં આવ્યાં છે તેમાં વધુ સુધારો કરવાની જરૂરિયાત જણાતી નથી, તથા તેના સમર્થનમાં ઉમેરવું કે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓનાં પગારધોરણો મુંબઈ યુનિવર્સિટી તથા રાજ્યની બીજી યુનિવર્સિટીઓની સરખામણીમાં સારાં છે તથા જુદી જુદી કક્ષાના કર્મચારીઓને બીજી યુનિવર્સિટીના કર્મચારીઓ કરતાં માસિક કુલ વેતન વધુ મળે છે તેમ જ યુનિવર્સિટીનાં પગારધોરણો સુધારવા માટેની તા. ૪-૧૧-૧૯૬૧ની મૂળ માંગણી આવી તે પછી આજ સુધીમાં મોંઘવારી ભથ્થામાં કુલ ત્રણ વખત વધારો કરવામાં આવતાં તે કર્મચારીઓને માસિક રૂા. ૨૧થી ૬૦ જેટલા વધુ મળેલ છે.

૬૭. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મહેસાણામાં એમ.એ. હિન્દી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે:

૧. આચાર્ય એસ. એમ. શુકલ. — માન્ય અનુ. શિક્ષક
૨. પ્રો. આર. એમ. કડિયા — માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક
૩. શ્રી. ટી. કે. પટેલ — માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા જૂનથી ધરાવતા થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. આંબાશંકર નાગર
(૨) આચાર્ય દયાશંકર જોશી.

૬૮. યુનિવર્સિટી તરફથી લેવાનાર થર્ડ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એક સુવર્ણચંદ્રક તથા તે વિદ્યાર્થીને એમ.ડી. અથવા એમ.એસ.નો આગળ અભ્યાસ કરવાની શરતે માસિક રૂા. ૫૦ની એક શિષ્યવૃત્તિ PFIZER Limited તરફથી બારોબાર એનાયત કરવા અંગે યુનિવર્સિટી તરફથી આ અંગે જરૂરી

સહકાર મેળવવા માટેની વિનંતી કરતાં PFIZER Limitedના મેનેજિંગ ડિરેક્ટર તરફથી આવેલ તા. ૯-૧-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. આચાર્ય એમ. સી. દેસાઈનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેના પ્રોવિડન્ટ ફંડના નિયમોમાં સર્વે કૉલેજોમાં કપાતનો દર ૮½ ટકા રાખવો.

(૨) એમ કૉમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં વિદ્યાર્થીઓ નાપાસ થાય તેઓને નવા અભ્યાસક્રમની ભાગ ૧ની પરીક્ષામાં બેસવા દેવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન નં. ૧ અંગેની વિચારણા મોકૂફ રાખવી; સદરહુ સૂચન નં. ૨ અંગે ઘટતો નિર્ણય અગાઉ લેવાઈ ગયેલો હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૭૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૨ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૭૧. ઑક્ટોબર ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં, જરૂર પડયે પ્રાયોગિક-પરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૨. તા. ૧૦-૧૨-૧૯૬૭ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકમાં આપેક્ષા સત્તા પ્રમાણે યુનિવર્સિટીએ નિયત કરેલા કોચની મદદથી સંલગ્ન કૉલેજના વ્યાયામશિક્ષકો માટે રમતોના પ્રશિક્ષણ શિબિર યોજવા માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખે અને મંત્રીએ રજૂ કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ નિયુક્ત કરેલ રમતગમતના બે તાલીમ શિક્ષકો-(Coach)ની મદદથી સંલગ્ન કૉલેજોના વ્યાયામશિક્ષકોને માટે હૉકી, ફૂટબૉલ, વૉલીબૉલ અને બાસ્કેટ-બૉલની રમતોનો તાલીમ માટે ૧૫ દિવસનો શિબિર ૧૯૬૮નો ઉનાળાની રજાઓ દરમિયાન યોજવો અને તે માટે કુલ રૂા. ૩,૪૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૭૩. તબીબી વિદ્યાશાખાની તા. ૨૮-૪-૧૯૬૬ની ભલામણ પરથી રેગ્યુ. ૧૬૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા સુધારેલો રેગ્યુલેશન જૂન ૧૯૬૮ કે તે પછી પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં દાખલ થતા વિદ્યાર્થીઓને લાગુ પાડવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૬-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. 167 :

To pass the First M. B. B. S. Examination, a student must obtain—

(*a*) at least 50 per cent of the full marks separately in (1) Theory Papers, and (2) Practicals and Oral tests taken together in

each subject at the University Examination as distinct from internal assessment; and

(*b*) at least 40 per cent of the full marks separately in (1) Theory papers and (2) 40 per cent in Practical and oral tests taken together in each subject in the Internal assessment; and

(*c*) at least 50 per cent of the full marks in the grand total of the University Examination marks and the internal assessment marks in each subject.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો રેગ્યુ. ૧૬૭ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૪. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈમાં એમ.એસસી. ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી સ્થાપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ: સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે:

૧. આચાર્ય સી. સી. શાહ — માન્ય અનુ. શિક્ષક

૨. શ્રી. ડી. એન. વ્યાસ — જૂન ૧૯૬૮થી જોડાશે. કુલપતિશ્રીએ માન્યતાને પાત્ર ગણ્યા છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. એલ. ડી. દવે

(૨) ડૉ. એમ. એન. દેસાઈ.

૭૫. યુનિવર્સિટી કાર્યાલય માટે "રોટાપ્રિન્ટ મશીન" અંગે અટિરા તરફથી આવેલ તા. ૧૧-૧-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે રોટાપ્રિન્ટ મશીન ખરીદવાનો પ્રસ્તાવ મંજૂર કરવો અને અટિરા પાસેથી તે મશીન ખરીદવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬. આગામી માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે કાર્યાલયે તૈયાર કરેલી યાદી મંજૂર કરવી અને તેમાંથી જરૂર મુજબ મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષો પાસેથી પણ મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો માટે શિક્ષકોનાં નામો અંગે તેમનાં સૂચનો મંગાવવા અને તેમાંથી પણ કુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા શિક્ષકોને પણ મુખ્ય નિરીક્ષકો તરીકે નીમવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મુખ્ય નિરીક્ષકોની નિમણૂક બાબતમાં એલ. ડી. આર્ટ્સ કૉલેજના શિક્ષકો પૈકી કુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા શિક્ષકોની મુખ્ય નિરીક્ષક તરીકે નિમણૂક કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૭૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬૬ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૭૮. ડિપ્લોમા ઇન જર્નાલિઝમની પરીક્ષા શરૂ કરવાની તારીખ ૧૫-૪-૧૯૬૮ને બદલે તા. ૨૫-૪-૧૯૬૮ની રાખવા બાબતમાં વિચારણા કરવા બાબત.

(**નોંધ :** ઓ. ૩૭૫-એ મુજબ માન્ય અખબારી કચેરીમાં આ વિદ્યાર્થીઓને તાલીમ માટે ૧૫મી માર્ચથી ૧૫ એપ્રિલ સુધી જવાનું હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમની પરીક્ષા શરૂ કરવાની તા. ૧૫-૪-૧૯૬૮ને બદલે તા. ૨૫-૪-૧૯૬૮ની રાખવી.

૭૯. તબીબી વિદ્યાશાખાની અનુસ્નાતક પરીક્ષાઓના પાસ થવાના ધોરણ અંગે કોઈ રેગ્યુલેશન ન હોવાથી કેટલીક સંદિગ્ધતા રહેતી હોઈ અને વિદ્યાર્થીને "ડિસ્ટિંકશન" સાથે પાસ જાહેર કરવા અંગે પણ કોઈ સ્પષ્ટતા ન હોઈ આ અંગે જરૂરી નિયમ ઘડી તેમાં ડિસ્ટિંકશન સાથે પાસ થવાની જોગવાઈ પણ રાખવાના રો. એસ. એસ. બાલગેએ તેમના તા. ૨૩-૧૧-૧૯૬૭ના પત્રથી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ. –જે નિયમોમાં તે મુજબ સુધારો થાય તો રિટ્રોસ્પેક્ટિવ ઇફેક્ટથી ૧૯૬૭ના ઑક્ટોબરની પરીક્ષાઓમાં આપવાનું પણ વિશેષમાં સૂચન કર્યું છે.

In case of M.D. and M.S. Examinations, candidates should be declared to have passed with distinction or passed or failed as the case may be and marks should not be allotted to each question and paper but should be judged rather by the quality of the answers than by the number of questions answered. Acceptance of the dissertation shall be a condition precedent to the candidates being declared successful.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી અને સાથે સાથે સ્પષ્ટતા કરવી કે યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામો અંગેનાં ધારાધોરણોમાં સુધારા પશ્ચાત્વર્તી (retrospective) અમલમાં મૂકી શકાય નહિ.

૮૦. ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની તબીબી પરીક્ષા માટેની વિદ્યાર્થી દીઠ આપવામાં આવતી ફી વધારવા અંગેની કેટલાક હકીકતોની તા. ૧૮-૧૨-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ વિદ્યાર્થી દીઠ રૂા. ૧ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની જે તબીબી તપાસ કરવામાં આવે છે તે બાબતનું પુનર્નિરીક્ષણ કરીને તે તપાસ ચાલુ રાખવી કે કેમ અને ચાલુ રાખવી હોય તો તેમાં કોઈ પ્રકારનો ફેરફાર કરવો કે કેમ તે બાબત સમગ્ર દૃષ્ટિએ તપાસીને પોતાનો અભિપ્રાય આપવા માટે સ્ટુડન્ટ વેલ્ફેર બૉર્ડને જણાવવું. તબીબોની સદરહુ અરજી પણ તે બૉર્ડને વિચારણા માટે મોકલી આપવી.

૮૧. સ્ટ્રકચરલ એન્જિનિયરિંગનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ શીખવવા માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સ્કૂલને માન્યતા આપવા માટે આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) શ્રી. કે. જે. ભટ્ટ
(૨) શ્રી. ગિરીશભાઈ દેસાઈ
(૩) શ્રી. કે. એમ. કાંટાવાળા.

૮૨. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાકરણમાં એમ.એસસી. ફિઝિક્સ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. શ્રી. આઈ. એમ. પટેલ (શિક્ષક)
૨. શ્રી. એચ. એફ. શાહની જૂન ૧૯૬૮થી નિમણૂક મજકૂર કૉલેજમાં કરવામાં આવી છે, તથા તેઓની શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગે અરજી આવેલ છે અને નિયમાનુસાર તેઓ માન્યતા મેળવવાને પાત્ર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. ય ગુ. નાયક
(૨) શ્રી. પી. ડી. પાઠક.

૮૩. ડી.એમ.આર.ઈ. પાર્ટ ૧ (ભૌતિકશાસ્ત્ર)ની પ્રાયોગિક પરીક્ષા સ્થાનિક વિજ્ઞાન કૉલેજમાં લેવાતી હોઈ, તેમ જ તે સિવાયની બાકીની પરીક્ષા તબીબી કૉલેજમાં લેવાતી હોઈ સદરહુ પરીક્ષામાં તબીબી વિદ્યાશાખાના ડીને સૂચવ્યા પ્રમાણે નીચે મુજબનો લેબોરેટરી સ્ટાફ કાયમી ધોરણે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

"ડી.એમ.આર.ઈ. પરીક્ષા—પાર્ટ ૧ (પ્રાયોગિક)

ભૌતિકશાસ્ત્ર :—એકસપર્ટ આસિસ્ટન્ટ ... ૨
લેબોરેટરી આસિસ્ટન્ટ ... ૨
હમાલ ... ૪

તેમના માટે બે દિવસ તૈયારીના અને એક દિવસ ક્લીનિંગનો આપવા માટે ભલામણ કરવામાં આવે છે. આ ઉપરાંત પ્રાયોગિક પરીક્ષાના દિવસો માટે એક સ્ટોરકીપર અને નિયમ મુજબ જે ઇન્ટર્નલ પરીક્ષક ન હોય તો લેબોરેટરી સુપરવાઇઝર મંજૂર કરવા માટે પણ ભલામણ કરવામાં આવે છે.

ભૌતિકશાસ્ત્ર સિવાયના વિષયો માટે :

એકસપર્ટ આસિસ્ટન્ટ	... ૧
હમાલ	... ૨
નર્સ	... ૧

તેમને માટે એક દિવસ તૈયારીનો અને એક દિવસ ક્લીનિંગ માટે મંજૂર કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

ડી.એમ.આર.ઈ. પરીક્ષા—પાર્ટ ૨ (પ્રાયોગિક)

એકસપર્ટ આસિસ્ટન્ટ	... ૧
હમાલ	... ૨
નર્સ	... ૧

તેમને માટે એક દિવસ તૈયારીનો અને એક દિવસ ક્લીનિંગ માટે મંજૂર કરવા માટે ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ડી.એમ.આર.ઈ., પાર્ટ ૧ ની પ્રાયોગિક પરીક્ષા માટે ઉપર મુજબનો લેબોરેટરી સ્ટાફ મંજૂર કરવો.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૪. યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા મારફતે સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. એમ. જી. પારેખને ટેમ્પલ યુનિવર્સિટી, ફિલાડેલ્ફિયામાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા માટે મળેલ નિમંત્રણના સંદર્ભમાં પોતાને રજા આપવા માટેની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એમ. જી. પારેખને દૈનિક ૧૮ ડોલરનું ભથ્થું મળનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. પારેખ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા જવાના હોય તે તારીખથી એક વર્ષ સુધીની ખાસ અભ્યાસ-રજા નીચેની શરતોએ તેમને આપવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી તેમને એક વર્ષ માટે માસિક રૂ. ૭૦૦નું વેતન આપવું અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવું નહિ.

(૨) એક વર્ષની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા ઉપર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) એક વર્ષની તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપરોક્ત જણાવેલ શરત નં. ૧, ૨ અને ૩નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૫) ઉપર જણાવેલાં શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેઓએ આપવાની રહેશે.

તે પછી બાબત નં. ૩૯ ઉપર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે—

(૧) બી.એડ. અને ટી.ડી. પરીક્ષાઓ માટે તથા ઇજનેરીની વિદ્યાશાખા, ધારાશાસ્ત્રની વિદ્યાશાખા અને આયુર્વેદ વિદ્યાશાખાની ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોનાં નિમણૂકનું કામ સભાગૃહમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને મંજૂર કરવું.

(૨) ઉપર નં. ૧માં જણાવેલ સિવાયની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક કરવાનું કામ સિન્ડિકેટના આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

(મંજૂર કરવામાં આવેલ પ્રાશ્નિકો/પરીક્ષકોની યાદીનો નકલ સામેલ કરવામાં આવી નથી.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ન.ં સિં./૦૩૬૪૭૬/૧૬૬૮

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯
ફેબ્રુઆરી ૧૨, ૧૯૬૮

ઈ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૦

"શ્રી હીરાલાલ બાપુલાલ કાપડિયા સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : શ્રી. આર. એચ. કાપડિયા, મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી. હીરાલાલ બાપુલાલ કાપડિયા સ્મારકનિધિ દ્વારા 'ધી ન્યૂ હાઇસ્કૂલ, પીરમશાહ રોડ, અમદાવાદ-૧.

૨. સખાવતની રકમ : રૂા. ૫,૦૦૦ રોકડા અને રૂા. ૨૬૦ ચાલુ વર્ષ માટે સુવર્ણચંદ્રક આપવા.

૩. દેણગીનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક.

૪. દેણગી સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૬ની સભામાં ક્રમાંક ૨૯થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રી. હીરાલાલ બાપુલાલ કાપડિયા સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૨૬૦નો કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થી માર્ચ-એપ્રિલમાં લેવાયેલી બી.એડ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત-જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૬

પબ્લિકેશન બોર્ડની ૨૦મી સભા, તા. ૨૬-૧૨-૧૯૬૭ના રોજ ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર
૨.	આચાર્ય યશવંત પ્રા. શુક્લ	હાજર
૩.	આચાર્ય કુરંજુલાલ ન. શાહ	હાજર
૪.	આચાર્ય નરેશચંદ્ર બ. જોશી	ગેરહાજર
૫.	આચાર્ય ગિરીશ છો. પટેલ	ગેરહાજર
૬.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	ગેરહાજર
૭.	શ્રી. કાંતિલાલ જ. ભટ્ટ	ગેરહાજર
૮.	આચાર્ય વિશ્વનાથ આર. દ્વિવેદી	ગેરહાજર
૯.	આચાર્ય યશવંતરાય જી. નાયક	હાજર
૧૦.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૧.	શ્રી. રસિકલાલ છો. પરીખ	ગેરહાજર
૧૨.	આચાર્ય મુકુન્દલાલ સી. દેસાઈ	ગેરહાજર
૧૩	શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું.

૧. તા. ૨૩-૯-૧૯૬૬ના રોજ મળેલી પબ્લિકેશન બોર્ડની ૧૯મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૩-૯-૧૯૬૬ના રોજ મળેલી પબ્લિકેશન બોર્ડની ૧૯મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. પ્રા. પુષ્કર ચંદરવાકર સંપાદિત "લોકગીતોના સંગ્રહ"ના પ્રકાશન માટે રૂા. ૪૦૦ની આર્થિક સહાય કેટલીક શરતોને અધીન આપવા અંગે પ્રકાશન બોર્ડે તેની તા. ૨૩-૯-૧૯૬૬ની સભામાં ઠરાવ્યું હતું, પરતું સદરહુ શરતો પૈકી શરત નં. ૪ પ્રમાણે 'ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત'ને બદલે મુખપૃષ્ઠ પર 'ગુજરાત યુનિવર્સિટીની અંશતઃ સહાયથી પ્રકાશિત' એમ છાપવા માટે અનુમતિ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવામાં આવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો આર્થિક સહાયથી પ્રકાશન બોર્ડની
ભલામણ અન્વયે ડૉ. કે. બી. વ્યાસના મહાનિબંધ "Absolutism in M

પ્રકાશન કરવાનું મંજૂર થયું હતું, પરંતુ ગો. કે. બી. બ્યાસ આ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરાવવા ઇચ્છતા નથી તેની નોંધ લેવા બાબત.

ઉપરના કાર્યની નોંધ લેવામાં આવી

૪. લોકભોગ્ય પ્રકાશન શ્રેણી હેઠળ રીડર શ્રી. જિતેન્દ્ર ધોળકિયાએ તૈયાર કરેલ "આયોજન અને વિકાસ"વિષયક લેખોને પુસ્તક આકારે પ્રસિદ્ધ કરવા અંગેની તેમની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. જે. એલ. ધોળકિયાએ તૈયાર કરેલ સદરહુ લેખોના પ્રકાશનનું કામ હાલને તબક્કે યુનિવર્સિટીએ હાથ ધરવું નહિ.

૫. 'સાહિત્યનો વિશ્વપ્રકાશ', ખંડ ૨ના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા શ્રી. વિજયરાય ક. વૈદ્ય તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે 'સાહિત્યનો વિશ્વપ્રકાશ', ખંડ ૨ના પ્રકાશન માટે શ્રી. વિજયરાય વૈદ્યને સદરહુ પ્રકાશન અહાર પડચેથી નીચેની શરતોએ રૂા. ૫૦૦(અંકે રૂપિયા પાંચસો)ની આર્થિક સહાય આપવી :

૧. સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.

૨. મુખપૃષ્ઠ પર 'ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત' એમ છપાવવું.

૩. પ્રકાશનની ૧૦ નકલ વિનામૂલ્યે યુનિવર્સિટીને આપવી.

૪. પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૬. "A Study of Factors Affecting and Strengthening Parent Teacher Relationship in Secondary Schools"ના વિષય પર શ્રી. વિકુલભાઈ ઓઝાએ તેમની એમ.એડ. પરીક્ષા માટે તૈયાર કરેલ ડિઝર્ટેશનના પ્રકાશન માટે યુનિવર્સિટી પાસે આર્થિક સહાય માટે કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[કાર્યાલયની નોંધ.—(૧) આજદિન સુધીમાં યુનિવર્સિટીએ પીએચ.ડી.ના મહાનિબંધોનું પ્રકાશન હાથ ધરેલ છે અને/અથવા તેવા કામ માટે પ્રકાશન-અનુદાન આપેલ છે.
(૨) આજદિન સુધીમાં એમ.એડ.ના ડિઝર્ટેશન માટે કોઈને આર્થિક સહાય આપી નથી કે તેવા કામનું પ્રકાશન હાથ ધરેલ નથી.]

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સદરહુ ડિઝર્ટેશનને જ્ઞેઇતપાસીને પોતાનો અભિપ્રાય આપવા માટે શ્રી. એલ. આર. દેસાઈને મોકલી આપવું અને તેઓશ્રીનો અભિપ્રાય આવ્યેથી ઘટતું કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૭. શ્રી. હરજીવન પ્ર. પટેલ આ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. પદવી માટે સ્વીકારાયેલા મહાનિબંધ "ઈ. સ. ૧૯૨૦ સુધીની ગુજરાતી અને હિન્દીની ઐતિહાસિક નવલકથાઓના તુલનાત્મક અભ્યાસ"ના માટે આર્થિક સહાય આપવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

શ્રી. પટેલના માર્ગદર્શક શ્રી. કે. કા. શાસ્ત્રીએ નીચે પ્રમાણે ભલામણ કરી છે :

"વિશિષ્ટ કોટિના લખાયેલા મહાનિબંધો યુનિવર્સિટી જ મુદ્રિત કરે તો તે વર્સિટીની સિદ્ધિ ગણાશે".

(૨) પ્રસ્તુત પ્રકાશનની ૧૦૫૦ નકલ છાપવાનો અંદાજી પ્રકાશન ખર્ચ આશરે રૂા. ૨,૦૦૦થી રૂા. ૨,૨૦૦ થશે એમ શ્રી. વૈદ્યે જણાવેલ છે. યુનિવર્સિટી પાસે તેમણે ઘટતી સહાયની માગણી કરેલ છે.

(૩) સદરહુ મહાનિબંધની ૧,૧૦૦ નકલ છપાવવાનો અંદાજી પ્રકાશન ખર્ચ નીચે પ્રમાણે થાય તેમ છે :

છપામણી ખર્ચ	...	રૂા.	૨,૦૮૮-૦૦
બાઇન્ડિંગ ખર્ચ	...	રૂા.	૬૫૦-૦૦
કાગળ ખર્ચ	...	રૂા.	૮૩૧-૩૪
કુલ	...	રૂા.	૩,૫૬૯-૩૪.]

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. હરજીવન પ્ર. પટેલના ઉપર દર્શાવેલ મહાનિબંધના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા અંગેની તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૮. શ્રી. પી. જી. શુક્લના સંસ્કૃત વિષયના આ યુનિવર્સિટીએ પીએચ.ડી. પદવી માટે સ્વીકારેલ મહાનિબંધ 'The Contribation of Shri Shankaracharya to the Vedantic Philosophy'ના પ્રકાશન માટે આર્થિક મદદ માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ મહાનિબંધની ૧૦૦૦ નકલનો અંદાજી પ્રકાશન ખર્ચ રૂા. ૫,૦૦૦ થાય તેમ છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. પી. જી. શુક્લના ઉપર દર્શાવેલ મહાનિબંધના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા અંગેની તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૯. શ્રી. અનકચંદ ભાયાવાળા સંશોધન ગ્રંથની હસ્તપ્રત "Marvels of Vedic Astronomy" જે ગુજરાતી ભાષામાં છે તેનું યુનિવર્સિટી દ્વારા પ્રકાશન કરવા અંગેની તેમની માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ હસ્તપ્રતનો ૧૧૦૦ નકલ છાપવાનો અંદાજી પ્રકાશન ખર્ચ રૂા. ૩,૦૦૦ થાય તેમ છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. અનકચંદ ભાયાવાળાએ તૈયાર કરેલ "Marvels of Vedic Astronomy"ની હસ્તપ્રતના પ્રકાશન માટેની તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૧૦. "Men and the World of Science" by Harry A. Kulgian પુસ્તકના અનુવાદક શ્રી. પી. સી. દવે (કન્સલ્ટિંગ સિનિયર સિવિલ એન્જિનિયરિંગ કુલ્જિયન કોર્પોરેશન કલકત્તા)એ તૈયાર કરેલ ગુજરાતી અનુવાદનું યુનિવર્સિટી પોતે પ્રકાશન કરે તે માટે શ્રી. દવેએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રોયલ્ટી, બ્લૉક અને અનુવાદના મહેનતાણા અંગે શ્રી. દવેએ તેમના પત્રમાં નીચે મુજબ સ્પષ્ટતા કરેલી છે :

(1) To meet with the first obstacle Dr. Harry Kulgian and our management have been vary kind to forgo any royalty on the sale of this translation. Not only this but they are willing to give free of cost, the blocks of all the pictures, photographs and illustrations used for the original. As translation, obviously, I will have no claim from the publisher, whosoever he may be.

(૨) ૨૫૦૦ નકલ છાપવાનો અંદાજી ખર્ચ રૂ. ૧૦,૩૦૦ થાય તેમ છે.

(૩) સદરહુ પુસ્તક છાપવાનું થાય તો તેનું કદ ૧/૮ ક્રાઉન રાખવું પડશે.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. પી. સી. દવેએ તૈયાર કરેલ ઉપર દર્શાવેલ ગુજરાતી અનુવાદને ભાષાની પ્રવાહિતા સચવાય તે રીતે મઠારી આપવા માટે સદરહુ હસ્તપ્રત શ્રી. પદ્મકાન્ત શાહને મોકલી આપવી તથા તે માટે શ્રી શાહને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મહેનતાણું આપવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ પ્રકાશનની પ્રથમ આવૃત્તિમાં ૨૫૦૦ નકલ છાપવા અંગેનો અંદાજી ખર્ચ રૂ. ૧૦,૩૦૦ મંજૂર કરવો તથા અનુવાદિત પુસ્તકનું કદ મૂળ અંગ્રેજી આવૃત્તિ મુજબનું રાખવું.

૧૧. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી તથા પ્રો. ડી. એન. પાઠક તરફથી યુનિવર્સિટી પ્રકાશનોમાં મૂકવામાં આવતા પ્રકાશક-સંસ્થાના નિવેદન અંગે કરેલ સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સૂચનોની માહિતી સભા સમયે રજૂ કરવામાં આવશે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે હવે પછી યુનિવર્સિટી તરફથી પ્રકાશિત થનાર પરિભાષાની પુસ્તિકાઓમાં પ્રકાશક-સંસ્થાના નિવેદનમાં જે તે વિષયની પરિભાષાનું કામ કરનાર સમિતિના પ્રકાશન સમયના સભ્યોનાં નામ ટકાવારી મુજબ મૂકવાં તથા તે સમિતિ પર અગાઉ જેમણે કામ કર્યું હોય તે નામનો પણ ઘટતો ઉલ્લેખ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોનાં આમુખ હાલ કુલસચિવ લખે છે તે પ્રથામાં ફેરફાર કરવાનું પ્રો. બી. આર. શેનોયનું સૂચન સ્વીકારવું નહિ.

૧૨. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. જે. એલ. ધોળકિયાએ તૈયાર કરેલ 'Bonus and its utilisation by the textiie Workers in Ahmedabad' નામના સંશોધન કામના પ્રકાશન અંગે ભારત સરકારના પ્લાનિંગ કમિશનના ક્રમાંક ૧૭/૧૧/૬૨–આર.સી.પી., તા. ૧૩મી ડિસેંબર ૧૯૬૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સદરહુ પ્રકાશન અંગે પ્લાનિંગ કમિશન તરફથી કોઈ આર્થિક સહાય મળી શકશે નહિ.

(૨) જો યુનિવર્સિટી સદરહુ પ્રકાશન પ્રકાશિત કરે તો તેના કૉપીરાઈટ પ્લાનિંગ કમિશનના રહેશે તથા તેની સ્પષ્ટતા પુસ્તકમાં કરવાની રહેશે.

(૩) પ્લાનિંગ કમિશનના ઉપયોગ માટે ૩૦ નકલો વિના મૂલ્યે આપવાની રહેશે.]

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સદરહુ પ્રકાશનના કૉપીરાઈટની બાબતમાં પ્લાનિંગ કમિશન સાથે પત્રવ્યવહાર કરવો તથા આ બાબત અંગે શ્રી. જે. એલ. ધોળકિયા સાથે વાતચીત કરીને ઘટતું કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ફૂ.
કુલસ

તા. ૨૨-૮-૧૯૬૩ની
odern Philosophy "નું.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૧-૧-૧૯૬૮ને સોમવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય શાસ્ત્રી	હાજર
૫. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. 'સી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના રહેવાસીઓની નીચેની સવલતો પૂરી પાડવા માટેની અરજી અંગે વિચારણા કરવા બાબત :

(૧) મુખ્ય ઓરડામાં દીવાલના ગેપમાં લોખંડનું કબાટ પૂરું પાડવા બાબત.
(૨) માળિયામાં ચડવા માટે ૯' લાંબી લાકડાની સીડી આપવા માટે.
(૩) શયનખંડમાં કબાટના ગાળામાં લાકડાનાં બારણાં (shutter) ફિટ કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે 'સી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં નીચેની બે સવલતો પૂરી પાડવા માટેનો કુલ ખર્ચ રૂ. ૧,૬૦૦ મંજૂર કરવા કુલપતિશ્રીને ભલામણ કરવી.

(૧) માળિયામાં ચડવા માટે ૯ ફૂટ લાંબી સાગી લાકડાની સીડી પૂરી પાડવા માટે.
(૨) શયનખંડમાં કબાટના ગાળામાં લાકડાનાં બારણાં (shutter) ફિટ કરવા માટે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે મુખ્ય ઓરડામાં દીવાલના ફોરા (Gap) માં લોખંડનું કબાટ પૂરું પાડવા અંગેની બાબત પરની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩. અતિથિગૃહના મકાનના બાંધકામમાં ટેન્ડરની રકમ રૂા. ૧,૨૯,૦૦૦ કરતાં કુલ રૂા. ૨૧,૦૦૦નો વધારાનો ખર્ચ નીચેનાં કારણોને લીધે થાય છે તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) મૂળ આર.સી.સી.નું ફ્રેમ સ્ટ્રક્ચરને બદલે ચણતરની દીવાલોવાળું સ્ટ્રક્ચર (લોડ બીયરિંગ સ્ટ્રક્ચર) કરેલ છે. બાંધકામ સમિતિની તા. ૧૬-૮-૧૯૬૫ની સભામાં આર. સી.સી. સ્ટ્રક્ચરને બદલે ચણતરની દીવાલોનું સ્ટ્રક્ચર કરવા અંગે નક્કી થયું હતું.

(૨) બાથરૂમો મોટી સાઇઝના બનાવેલ છે.

(૩) બાથરૂમોમાં પૉલિશ લાદીને બદલે સફેદ ગ્લેઝ્ડ ટાઇલ્સ નાખેલ છે.

(૪) ટેન્ડરમાં નક્કી કરેલ બેઝિક રેટ કરતાં ઊંચા બેઝિક ભાવના સિમેન્ટના તથા મોઝેક ટાઇલ્સ વાપર્યા છે.

	ટેન્ડરના ભાવ રૂ.	ખિ. ક. ની તા. ૨૧-૩-૧૯૬૬ પ્રમાણે આપેલો ભાવ રૂ.
મોઝેક ટાઇલ્સ	૭૦-૦૦	૯૫-૦૦
સિમેન્ટ ટાઇલ્સ	૪૦-૦૦	૭૦-૦૦

(૫) ડાઇનિંગ રૂમની દીવાલ તથા બારણું વધારામાં કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહના મકાનના બાંધકામમાં ટેન્ડરની રકમના રૂ. ૧,૨૯,૦૦૦ કરતાં કુલ રૂ. ૨૧,૦૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આ ખર્ચવધારા અંગે લંબાણ ચર્ચાવિચારણા બાદ વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ ખર્ચવધારાની બાબતમાં સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીને ઘટતો પત્ર લખીને ભવિષ્યમાં વધારાના ખર્ચની બાબતમાં અગાઉથી મંજૂરી લેવાનું રાખવા માટે જણાવવું.

નીચેની બાબત કુલપતિશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૪. આરોગ્યકેન્દ્રના કંપાઉંડર માટે આરોગ્યકેન્દ્રના નજીક રહેઠાણ બાંધવા અંગેનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પી. ડી. મિસ્ત્રી,
કુલસચિવ વતી

તા. ૧૬-૧-૧૯૬૮

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૬

"શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક"

૧. દાતાનું નામ : શ્રી. એસ. બી. શાહ, ૨૦, રોડ બાર, મુંબઈ-૫૨

૨. દાનની રકમ : રૂા. ૭,૦૦૦ રોકડા

૩. દાનનો પ્રકાર : એક રોકડ પારિતોષિક

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૭/૪-૬-૧૯૬૭ની સભામાં ક્રમાંક ૪૫થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક" એ નામનું વાર્ષિક રૂા. ૩૫૦નું એક પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને આપવામાં આવશે. જો સૌથી વધારે તથા સરખા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થિનીઓ હોય તો પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ શક્ય હશે ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. આ દાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"
ઠરાવઠરાવ ક્રમાંક ૬૪

સિન્ડિકેટે નીમેલી રચાયી કાનૂનવિષયક (Legal) સમિતિની એક સભા તા. ૨૨-૧-૧૯૬૮ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી	ગેરહાજર
૪. આચાર્ય વી. આર. રણદીવે	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

૧. સૌરાષ્ટ્રના કોઈ પણ કેન્દ્રમાંથી એસ.એસ.સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પાસ થનાર વિદ્યાર્થીને 'રા. આર. કે. યાજ્ઞિક શિષ્યવૃત્તિ' આ યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષ આપવામાં આવે છે, પરંતુ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અલગ હોવાથી ઉપરોક્ત શિષ્યવૃત્તિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ટ્રાન્સફર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે 'રા. આર. કે. યાજ્ઞિક શિષ્યવૃત્તિ' અંગેનું જે દાન યુનિવર્સિટીએ સ્વીકાર્યું છે તે હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થપાયેલી હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને દાનની શરતો તેઓને કબૂલ હોય તો દાનની રકમ ટ્રાન્સફર કરવી તથા તે અંગેની સરકારી જમીન-ગીરીઓ ઉપર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નામે ટ્રાન્સફર કરવા માટે કુલસચિવ શ્રી. ક. ચ. પરીખને સત્તા આપવી.

૨. ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારે ભરવાનાં ઉમેદવારીપત્રો જોઇતપાસીને તેમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ચૂંટણી માટેનાં ઉમેદવારીપત્રો સાથેના નમૂના પ્રમાણે રાખવા.

૩. દેખભાળ સમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૭ની સભામાં કાનૂન-વિષયક સમિતિને મોકલાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—દેખભાળ સમિતિની બાબત ક્રમાંક ૧૩ની ભલામણ નીચે મુજબ છે:

યુનિવર્સિટી તરફથી જોડાણની શરતોનું પાલન પૂરેપૂરું થયા બાદ જ જોડાણ અપાય તે માટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં સૂચવેલ સુધારાઓ રાજ્ય સરકાર કરે તે અંગે ઘટતી કાર્યવાહી કરવી.

(૧) કલમ ૩૩ (૧) (બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(*b*) that the college is to be under the management of a regularly constituted governing body and at least two of its members shall be the eminent educationists of the area to be appointed by the Vice Chancellor from a penal of not less than six persons suggested by the Management.

(૨) કલમ ૩૩(૧)(ઈ)માં બતાવેલ "will be made"ને બદલે "has been made" શબ્દો મૂકવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

That the buildings in which the college is to be located are suitable and that provision has been made in conformity with the Ordinances, for the residence in the college or in lodging approved by the college of student not residing with their parents or guardians, and for the supervision and welfare of student.

(૩) કલમ ૩૩(૧)(ઈ)માં "or will be made" શબ્દો રદ કરીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

..that the provision has been made for a library;

(૪) કલમ ૩૩(૧)(એફ)માં "or will be" શબ્દો રદ કરવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

(*f*) Where affiliation is sought in any branch of Experimental Science that arrangements have been made in conformity with the Statutes, Ordinances and Regulations for imparting instruction in that branch of Science in a properly equipped laboratory or museum.

(૫) કલમ ૩૩(૧)(જી)માં "will, as far as circumstances may permits-be" શબ્દો રદ કરી તેને બદલે "has been" શબ્દો મૂકી તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

..that due provision has been made for the residence of the Principal and some members of the teaching staff in or near the college or the place provided for the residence of students).]

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. ગુજરાત રાજ્યના લાંચરુશવત વિરોધી ખાતાના નિયામકશ્રી તરફથી આવેલો તા. ૮-૨-૧૯૬૭નો પત્ર ક્રમાંક એસ.બી. ૨૪૭૬ સ્ટે. એસ.એસ. સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં ઠરાવ નં. ૧૭થી આ સમિતિની વિચારણા માટે મોકલાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. મનુપ્રસાદ હરિલાલ પટેલે ખોટી હાજરી પુરાવી ગેરરીતિ કરી છે તે હકીકત કાગળ પરથી સંપૂર્ણપણે સાબિતી થતી ન હોવાથી આ અંગે કોઈ પગલાં લેવાની જરૂર આ સમિતિને જણાતી નથી.

૫. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૦-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મૂકેલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"ઇકોનોમિક રિસર્ચ સેન્ટર અંગેના પ્રો. બી. આર. શેનોયના તા. ૫-૧૦-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. બી. આર. શેનોયને સમાજવિદ્યા ભવનના માનદ અધ્યક્ષ બનાવીને ઇન્ડિયન ઇકોનોમિકસ રિસર્ચ સેન્ટરના પગારદાર અધ્યક્ષ તરીકે રહે એ ઉચિત નથી. એમણે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના પગારદાર તરીકે રહેવું જોઈએ એમ સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો.

૬. સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મૂકેલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

એસ.એસ.સી પરીક્ષામાં પાસ ન થયા હોવા છતાં વિદ્યાર્થીઓએ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

Form of Nomination-paper for the Election to the Senate

Election to the Senate of the University

Name of the Electoral Body and Faculty, if any, to represent which the candidate is nominated (Please see Note I): _____

Faculty : _____

Name of the candidate : In block capital letters (as in the roll) : _____

Candidate's roll number : _____

Candidate's designation, if any : _____

Candidate's address : _____

Name of the Proposer : (as in the roll) _____

Proposer's roll number : _____

Proposer's designation, if any : _____

Proposer's address : _____

_____

Proposer's signature : _____

Name of the Seconder : (as in the roll) _____

Seconder's roll number : _____

Seconder's designation, if any : _____

Seconder's address : _____

_____

Seconder's signature : _____

Date :

સિન્ડિકેટ (બા-યુઆરી)
તા. ૨૯/૩૦-૧-'૬૮

Declaration by the Candidate

I hereby declare that I consent to this nomination. I also declare that I have not given my consent for being nominated under any other Faculty, if any, from the same constituency.

(The para below should be crossed out, if the candidate is not nominated under the Registered Graduate's constituency)

I also declare that I am not a Teacher, as defined by Statute 136(*a*), or a Secondary Teacher as defined by Statute 136(*b*), or a Head Master of a High School as defined by Statute 136(*c*), in the Gujarat University area.

Date :

Signature of the Candidate

Form of Nomination-paper for Election to the Syndicate

Election to the Syndicate under Section 19

Name of the electoral body : _____

Name of the candidate : _____
(in block capital letters)
(as in the roll)

Candidate's roll number : _____

Candidate's designation, if any : _____

Candidate's address : _____
_____

Name of the Proposer : _____
(as in the roll)

Proposer's roll number : _____

Proposer's designation, if any : _____

Proposer's address : _____
_____

Proposer's signature : _____
_____

Name of the Seconder : _____
(as in the roll)

Seconder's roll number : _____

Seconder's designation, if any : _____

Seconder's address : _____
_____

Seconder's signature : _____

Date :

સિન્ડિકેટ (જાન્યુઆરી)
તા. ૨૯/૩૦-૧-'૬૮

Declaration by the Candidate

1. I hereby declare that I consent to this nomination.

2. (*a*)* I declare that I am a member of the Senate but I am neither a Principal, nor a Teacher, nor a Head Master, nor a Head of a Recognised Institution, nor a Secondary Teacher.

   (*b*)† I declare that I am a Member of the Senate and I am a Head Master/a Secondary Teacher/a Teacher, but I am neither a Principal, nor a Dean, nor a Head of a University Department.

   Note : The contents of paras 2(*a*) and (*b*) are not applicable to any of the Elections under Section 19 (*iv*), (*vi*) and (*viii*).

Date :

Signature of the Candidate

* To be struck off where election is sought under Section 19 (va) of the Gujarat University Act.

† To be struck off where election is sought under Section 19 (v) of the Gujarat University Act.

Form of Nomination — For Election to the Office/Authorities of the University other than the Senate and the Syndicate

Name of the Authority or Office for which the candidate is nominated : _____

Name of the Electoral Body and Faculty, if any, to represent which the candidate is nominated : _____ Faculty : _____

Name of the candidate (in block capital letters) (as in the roll) : _____

Candidate's roll number : _____

Candidate's designation, if any : _____

Candidate's address : _____

Name of the Proposer ; (as in the roll) _____

Proposer's roll number : _____

Proposer's designation, if any : _____

Proposer's address : _____

Proposer's signature : _____

Name of the Seconder : (as in the roll) _____

Seconder's roll number : _____

Seconder's designation, if any : _____

Seconder's address : _____

Seconder's signature : _____

Date :

સિન્ડિકેટ (જા-યુઆરી)
તા. ૨૯/૩૦-૧-'૬૮

Declaration by the Candidate

I hereby declare that I consent to this nomination and that I have not given my consent for being nominated under any other Faculty from the same constituency.

Date :

Signature of the Candidate

ક્રમાંક	જગ્યાનું નામ	ફરજનું મુખ્ય સ્વરૂપ	જગ્યા પર નિમણૂક માટેની લાયકાત	પગારધોરણ	નોંધ
૧	૨	૩	૪	૫	૬
૧.	મુદ્રણનિરીક્ષકની સહાયક અધિકારીશ્રીની કચેરીમાં ઉપર નિયંત્રણ રાખવું અને પોતાની જવાબદારી હેઠળનાં બધાં કામોનું સુપરવિઝન કરવું.		૪૦–૦૦	૧૫૫–૨૪	
૨.	તપાસણી મશીનો	૬૦,૦૪૪–૭૬	૩૦,૦૦૦–૦૦	૨૦,૦૪૪–૬૬	જો આ જગ્યા ઉપરાંત બીજી વધારે જગ્યાનું સુપરવિઝન કરવાનું હોય તો વધારાનું વેતન
૩.	ટેબરી	૫,૧૧૧–૦૦	૪,૦૦૦–૦૦	૧,૧૧૧–૦૦	
૪.	મશીનોના સ્પાલથ્રેડોની ઊપાધિકી	૩,૭૬,૧૩૬–૬૬	૩,૬૦,૦૦૦–૦૦	૧૬,૧૩૬–૬૬	મુખ્ય સ્પાલી ગ્રેડ૬૬ ધરાવતા મશીનો ચલાવવા.
૫.	મશીનો વિભાગ—ગોઠવણી તપાસ	૧,૨૮,૪૫૪–૪૪	૧,૨૫,૦૦૦–૦૦	૩,૪૫૪–૪૪	રાબ્બ સ્પરફોર્ડ ગોઠવણી બરાબર ધ્યાનમાં લઈને ગ્રુનિવર્સિટી ગ્રેડ ૬૨ ધરાવતા હોય તેવા મશીનોની ગોઠવણી કરવી.
૬.	સ્ટેશનરી, ફિલ્મપ્રતિ તપાસ	૨૭,૫૬૬–૭૧	૨૫,૦૦૦–૦૦	૨,૫૬૬–૭૧	ધ્યાન રાખવું કે ઉપરોક્ત મશીનો ઉપરાંત બીજા કોઈ મશીનો ચલાવવાની જવાબદારી ન સોંપવી.

પરિશિષ્ટ (અનુસૂચી) ૨૬-૧-૦૯/૨૮ ક

પરિશિષ્ટ "ક"
કોચકોલ કેટેગરી ૬૫

મુખ્યનિયંત્રણ અધિકારી કચેરી ઉપરાંત બીજી બધી કચેરીઓ માટેનું પુસ્તકાલય

વાર્ષિક કિંમતપત્ર—૧૯૬૬-૬૭ : તા. ૧-૪-૧૯૬૬થી તા. ૩૧-૩-૧૯૬૭

૭. વિદ્યાર્થીઓના શિબિરો—શ્રમશિબિરો	૧૭,૫૨૭–૨૪	૧૫,૦૦૦–૦૦	૨,૫૨૭–૨૪	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૨૫,૦૦૦ કરતાં ખર્ચ ઓછો છે. ઉપરાંત આ ખર્ચ સામે મધ્યસ્થ સરકાર તરફથી ગ્રાન્ટ મળશે.	
૮. વિદ્યાર્થીઓની તબીબી તપાસ વગેરે	૩૦,૮૨૫–૯૩	૨,૪૦૦૦–૦૦	૬,૮૨૫–૯૩	નવી કૉલેજો ખુલ્લી હોવાથી તેમ જ ગયા વર્ષનાં બાકીનાં બિલો ચૂકવ્યાં હોવાથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.	
૯. આરોગ્યકેન્દ્ર—મોંઘવારી તથા બીજાં ભથ્થાં	૬,૭૫૮–૦૨	૬,૫૦૦–૦૦	૨૫૮–૦૨	રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થાંના દરમાં વધારો કર્યો તે દર યુનિવર્સિટી-એ મંજૂર કર્યો તેથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.	
૧૦. આરોગ્યકેન્દ્ર—કન્ટિન્જન્સી ખર્ચ	૧,૫૩૨–૩૩	૬૦૦–૦૦	૬૩૨–૩૩	ટેલિફોનના જોડાણનું ખર્ચ, ફર્નિચર બસારાની જોગવાઈનો હવાલો આ પેટામથાળે પાડવામાં આવ્યો હોવાથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.	
૧૧. યુનિવર્સિટી જર્નલ	૭,૬૫૦–૭૧	૬,૦૦૦–૦૦	૧,૬૫૦–૭૧	ગયા વર્ષના જર્નલના અંકના લેખકોને પુરસ્કારનાં બિલો ચાલુ વર્ષમાં ચૂકવ્યાં તેથી આ મથાળે ખર્ચનો વધારો થવા પામ્યો છે.	
૧૨. વીમા, કર તથા કાનૂની ખર્ચ	૨૩,૫૧૭–૧૯	૧૫,૦૦૦–૦૦	૮,૫૧૭–૧૯	યુનિવર્સિટીના જમીનના બેટરમેન્ટ ટેક્ષના રૂા. ૫,૩૪૦ ચૂકવ્યા તથા સને ૧૯૬૫–૬૬ના એજ્યુકેશન સેસનાં	

૧	૨	૩	૪	૫	૬
					તથા કાનૂની ખર્ચનાં બિલો ચાલુ સાલમાં ચૂકવ્યાં હોવાથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે. આ ટેક્ષના ખર્ચ સામે સ્ટાફ કવાર્ટર્સમાં રહેતા કર્મચારીઓ પાસેથી વસૂલાત હપતે હપતેથી કરવામાં આવે છે.
૧૩.	યુનિવર્સિટી મેઇસ, ગાઉન્સ, સ્કાર્ફ, બેજીસ વગેરે	૧,૭૫૭-૯૫	૧,૫૦૦-૦૦	૨૫૭-૯૫	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૨,૦૦૦ કરતાં ખર્ચ ઓછો છે.
૧૪.	અનુસ્નાતક કાર્ય માટે—માનદ વેતન, સરંજામ, ગ્રંથાલય વગેરે	૧,૦૮,૭૯૩-૪૨	૧,૦૫,૦૦૦-૦૦	૩,૭૯૩-૪૨	યુનિવર્સિટીની અનુસ્નાતક યોજના પ્રમાણે કેન્દ્રો તરફથી રજૂ થયેલા હિસાબો પ્રમાણે નિયમ ૧૪૪ મુજબ સબસિડી વગેરે આપવાનું થયું તેથી આ મથાળે ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૧૫.	હૉસ્ટેલ, વાસણો વગેરે	૨,૮૬૭-૪૮	૨,૦૦૦-૦૦	૮૬૭-૪૮	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પરંતુ મૂળ અંદાજના રૂા. ૫,૦૦૦ કરતાં ખર્ચ ઓછો થયો છે. વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીની હૉસ્ટેલો માટે મોટાં તપેલાં ઇત્યાદિ વાસણસામગ્રી ખરીદી તેથી ખર્ચ વધવા પામ્યો છે.
૧૬.	યુનિવર્સિટી મુદ્રણાલય—મરામત તથા ખાસ ફેરફારો	૨,૧૯૮-૦૫	૧,૫૦૦-૦૦	૬૯૮-૦૫	સિમેન્ટ શીટનો ટેમ્પરરી શેડ રૂા. ૯૫૦ના ખર્ચે બાંધવાનું થયું હોવાથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.

૧૭. યુનિવર્સિટી મુદ્રણાલય—લેખનસામગ્રી ખર્ચ	૧,૪૭૨–૧૮	૧,૦૦૦–૦૦	૪૭૨–૧૮	તે મંજૂર કરવા વિનંતી છે.
૧૮. કૅપિટલ ખર્ચ—રસ્તા, રોશની વગેરે	૧૯,૬૩૪–૦૯	૫,૦૦૦–૦૦	૧૪,૬૩૪–૦૯	૧૯૬૬–૬૭ના મૂળ અંદાજના રૂા. ૭૫,૦૦૦ સામે નવેંબર ૧૯૬૬ સુધીમાં રૂા. ૧૯,૬૩૫નો ખર્ચ થયો હોવાથી પુનર્નિર્મિત અંદાજમાં રૂા. ૨૨,૦૦૦ની જોગવાઈ કરવાની હતી, પણ સરતચૂકથી રૂા. ૫,૦૦૦ બતાવવામાં આવ્યા છે તેથી આ પ્રમાણે ખર્ચનો વધારો દેખાય છે.
૧૯. ગ્રંથાલય—ફર્નિચર મરામત	૧,૦૦૭–૩૫	૧,૦૦૦–૦૦	૭–૩૫	ખર્ચનો વધારો નજીવો છે.
૨૦. સમાજવિદ્યા ભવન—ફર્નિચર મરામત	૫૨૧–૯૬	૫૦૦–૦૦	૨૧–૯૬	ખર્ચનો વધારો નજીવો છે.
૨૧. સમાજવિદ્યા ભવન—લેખનસામગ્રી તથા મુદ્રણ	૨,૮૨૩–૫૨	૨,૫૦૦–૦૦	૩૨૩–૫૨	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૩,૦૦૦ કરતાં ખર્ચ થયો છે.
૨૨. સમાજવિદ્યા ભવન—કન્ટિન્જન્ટ ખર્ચ	૩,૬૪૮–૬૪	૩,૦૦૦–૦૦	૬૪૮–૬૪	તે મંજૂર કરવા વિનંતી છે.
૨૩. સમાજવિદ્યા ભવન—પ્રો. ફંડહાળો	૧૩,૨૯૪–૪૩	૧૩,૦૦૦–૦૦	૨૯૪–૪૩	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૧૬,૦૦૦ કરતાં ઓછો છે. આ અંગેના નિયમો અનુસાર જોગવાઈ કરવામાં આવી છે.
૨૪. મનોવિજ્ઞાન વિદ્યાભવન—મુલાકાતી પ્રાધ્યાપકોને વ્યાખ્યાનો અંગેનાં ભાનદ વેતન તથા મુસાફરી ભથ્થાં	૧૧,૫૭૯–૬૫	૧૦,૦૦૦–૦૦	૧,૫૭૯–૬૫	અનુસ્નાતક યોજના પ્રમાણે સને ૧૯૬૫–૬૬નાં કેટલાંક બિલો આ વર્ષમાં ચૂકવાયાં હોવાથી આ મથાળે ખર્ચનો વધારો થવા પામ્યો છે.

૧	૨	૩	૪	૫	૬
૨૫.	મનોવિજ્ઞાન વિદ્યાભવન—				
	લેખનસામગ્રી અને મુદ્રણ	૩,૧૬૦–૦૯	૨,૫૦૦–૦૦	૬૬૦–૦૯	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૬,૦૦૦ કરતાં ખર્ચ ઓછો છે.
૨૬.	વિજ્ઞાન વિદ્યાભવન—				
	મુલાકાતી પ્રાધ્યાપકોને વ્યાખ્યાનો અંગે માનદ વેતન તથા મુસાફરી ભથ્થાં	૬,૧૨૪–૪૦	૫,૦૦૦–૦૦	૧,૧૨૪–૪૦	સને ૧૯૬૫–૬૬નાં બાકી રહેલાં રૂા. ૧,૬૭૬નાં બિલો ચાલુ સાલમાં ચૂકવવામાં આવેલાં હોવાથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.
૨૭.	,, વૈજ્ઞાનિક સાધનસામગ્રી	૧,૦૪,૭૩૩–૨૭	૧,૦૦,૦૦૦–૦૦	૪,૭૩૩–૨૭	ખર્ચનો વધારો થવા પામ્યો છે, પરંતુ આ મથાળે થયેલા ખર્ચ સામે યુ.જી.સી. તરફથી ગ્રાન્ટ મળવાની છે.
૨૮.	,, પ્રયોગશાળા ખર્ચ તથા રસાયણ	૧,૧૪,૧૬૬–૦૮	૧,૦૦,૦૦૦–૦૦	૧૪,૧૬૬–૦૮	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૧,૨૦,૦૦૦ કરતાં ખર્ચ ઓછો છે.
૨૯.	,, ફર્નિચર-મરામત	૭,૧૫૪–૨૦	૨,૫૦૦–૦૦	૬૫૪–૨૦	પુનર્નિર્મિત અંદાજ કરતાં ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૩,૦૦૦ના પ્રમાણમાં ખર્ચનો વધારો નજીવો છે.
૩૦.	,, લેખનસામગ્રી તથા મુદ્રણ	૫,૬૪૩–૩૨	૫,૦૦૦–૦૦	૬૪૩–૩૨	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૬,૦૦૦ કરતાં ખર્ચ ઓછો છે.

(૨૫૬–૧૦૬૬/૬૭–૨૬૬–ગા)

૩૧.	,,	ટપાલ ખર્ચ	૨,૫૨૩-૪૩	૨,૫૦૦-૦૦	૨૩-૪૩	આ મથાળા હેઠળ ખર્ચનો વધારો સામાન્ય છે.
૩૨.	,,	કન્ટિન્જન્ટ ખર્ચ	૧૧,૯૬૫-૬૨	૧૦,૦૦૦-૦૦	૧,૯૬૫-૬૨	માળી, પટાવાળા તથા સફાઈ કામદારો કામચલાઉ રાખેલા અને તેઓનો પગાર આ ખાતામાં પાડવામાં આવ્યો હોવાથી ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૩૩.	,,	વીમા ખર્ચ	૮,૬૦૫-૦૦	૮,૦૦૦-૦૦	૬૦૫-૦૦	વિજ્ઞાન વિદ્યાભવનમાં વૈજ્ઞાનિક સાધન-સામગ્રી વગેરે વધવાથી તે અંગેના વીમાનું પ્રીમિયમ વધુ આપવાનું થયું તેથી આ ખર્ચ વધવા પામ્યો છે.
૩૪.	,,	ઘસારા ખર્ચ	૧,૬૮,૦૩૩-૦૦	૧,૬૭,૦૦૦-૦૦	૧,૦૩૩-૦૦	યુનિવર્સિટીએ નિયત કરેલા દરથી જોગવાઈ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે. આ ફક્ત હવાલો છે.
૩૫,	,,	પ્રૉ. ફંડ ફાળો	૨૬,૭૮૫-૮૨	૨૫,૦૦૦-૦૦	૧,૨૮૫-૦૦	પગારના ખર્ચ ઉપર નિયત ધોરણે જોગવાઈ કરતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૩૬.	,,	વિદ્યાર્થીઓના રાહતનિધિમાંથી મદદ	૮૬૦-૯૫	૪૦૦-૦૦	૪૬૦-૯૫	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે, પણ મૂળ અંદાજના રૂા. ૮૨૫ પ્રમાણે ખર્ચનો વધારો નજીવો છે.
૩૭.	,,	ગજ્જર સ્મારકનિધિ	૧,૨૧૮-૨૩	૧,૦૦૦-૦૦	૨૧૮-૨૩	સને ૧૯૬૫-૬૬ના ખર્ચની ચૂકવવાની બાકી રહેલી રકમ ચાલુ સાલમાં ચૂકવવાથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૬૬

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૬-૧-૧૯૬૮ના રોજ ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ સંભાળ્યું હતું, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૪.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૫.	શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી	ગેરહાજર
૬.	શ્રી. વાસુદેવ એન. ત્રિપાઠી	હાજર
૭.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

શરૂઆતમાં આ સમિતિની તા. ૧૯-૮-૧૯૬૭ની સભાના ઠરાવ અનુસાર પાંચ પ્યૂન-કમ-એટેન્ડન્ટોએ તા. ૪-૮-૧૯૬૭ પહેલાં તેઓ નંબરો જોઈને કબાટમાંથી પુસ્તકો કાઢવા-મૂકવાનું જે કામ કરતા હતા અને જે તેમણે તા. ૪-૮-૧૯૬૭થી બંધ કરેલું હતું તે હવે તેમણે તા. ૧૫-૧૨-૧૯૬૭થી ફરી શરૂ કર્યું હોવાથી તેમણે કરેલી વિનંતી અનુસાર તેમનો કેસ રજૂ કરવા માટે સમિતિ સમક્ષ તા. ૩-૧-૧૯૬૮ની સભા સમક્ષ તેઓને બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ આવી શક્યા ન હોવાથી ફરીથી તા. ૬-૧-૧૯૬૮ના રોજ તેમને બોલાવવામાં આવ્યા હતા. તે પરથી સર્વશ્રી (૧) એલ. જે. સોમૈયા, (૨) કે. એસ. રાણા, (૩) પી. બી. ચૌહાણ, (૪) એમ. એમ. મકવાણા, અને (૫) બી. બી. મકવાણા હાજર થયા હતા.

તેમના કેસની તેમણે નીચે પ્રમાણે રજૂઆત કરી હતી :

૧. તેમને પટાવાળા તથા એટેન્ડન્ટ એમ બન્ને ફરજો બજાવવાની હોવાથી કામને પહોંચી વળાતું નથી.
૨. પુસ્તકો કાઢવા માટે સ્લિપો લઈ તેમને ત્રણ માળ ફરવાનું થાય છે અને કાઢેલાં પુસ્તકો કાઉન્ટર ઉપર પહોંચતાં કરવાનાં હોવાથી ચઢઊતર ઘણી કરવી પડે છે.
૩. તેમાંના કોઈ ભાઈ રજા ઉપર હોય તો તેઓની જગ્યાએ કોઈ મદદ મળતી નથી,
૪. પુસ્તકો લાવવા-લઈ જવા 'ટ્રોલી' કે તેવી બીજી કોઈ વ્યવસ્થા ન હોવાથી શ્રમ વધુ પડે છે.
૫. મુંબઈ યુનિવર્સિટીમાં 'ક્વોલિફાઇડ એટેન્ડન્ટ'ને જે પગાર મળે છે તે કરતાં તેઓને વધુ પગાર મળે છે તેથી તે બાબતમાં તેમને કાંઈ કહેવાનું નથી.

વધુ પૂછતાં તેમણે જણાવ્યું કે મુંબઈ યુનિવર્સિટીમાં 'ક્વોલિફાઈડ એટેન્ડન્ટ'ની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ એસ.એસ.સી. છે તે તેઓ જાણે છે, અને તેમનામાંથી કોઈ એસ.એસ.સી. પાસ નથી.

ત્યાર બાદ તેઓને પૂછવામાં આવ્યું કે તેઓ પટાવાળાની મૂળ જગ્યા પર જવા ખુશી છે કે કેમ તે અંગે તેમણે પ્રત્યેકે વિચાર કરીને પછી વ્યક્તિગત રીતે સ્પષ્ટ જણાવ્યું કે તેમનામાંથી કોઈ ભાઈ પટાવાળાની જગ્યા પર પાછા જવા ખુશી નથી.

ત્યાર બાદ 'કવોલિફાઇડ એટેન્ડન્ટ'ની ફરજો અંગેનો મુંબઈ યુનિવર્સિટીનો તા. ૧૪-૮-૧૯૬૭નો પત્ર પણ સભા સમક્ષ મૂકવામાં આવ્યો, જેમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે "The work of a qualified Attendant is the same as that of a peon except that he is not required to do the dusting and cleaning work."

તે પછી સમગ્ર રીતે ચર્ચાવિચારણા કર્યા પછી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે લાઇબ્રેરીના ક્યૂન-કમ-એટેન્ડન્ટની હાલની ફરજો, પગારધોરણમાં તથા લાયકાતનાં ધોરણોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. વધુમાં સૂચવવામાં આવ્યું કે પુસ્તકો લાવવા લઈ જવા માટે 'ટ્રોલી' કે બીજી કોઈ સગવડ થઈ શકે તેમ હોય તો તે વ્યવસ્થા કરવી તથા ક્યૂન-કમ એટેન્ડન્ટોની ઉપર જણાવેલી મુશ્કેલીઓ વહીવટી રાહે જેટલી ઓછી થઈ શકે તે કરવી.

તેઓનો તા. ૪-૧-૧૯૬૮નો પત્ર સભા સમક્ષ મૂકવામાં આવ્યો હતો અને ઠરાવવામાં આવ્યું કે વહીવટી રાહે તેનો જવાબ અપાશે.

૧. સિન્ડિકેટે તેની તા ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓ તરફથી આવેલી તા. ૨૨-૭-૧૯૬૭ની અરજી ઉપર નીચે પ્રમાણે ઠરાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી બાબતમાં શું થઈ શકે તેમ છે તે જોઇતિપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૨-૭-૧૯૬૭ની અરજી અંગેનાં જુદાં જુદાં પાસાંઓ ઉપર આ સમિતિએ તેની તા. ૩-૧-૧૯૬૮ની સભામાં કરેલી ચર્ચાવિચારણાને આગળ ચલાવવામાં આવી અને લંબાણ ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) કર્મચારીઓની તા. ૨૨-૭-૧૯૬૭ની અરજીમાં જણાવવામાં આવ્યું છે કે યુનિવર્સિટીએ તા. ૧-૭-૧૯૬૭થી કર્મચારીઓના પગારધોરણમાં જે સુધારો કર્યો તેથી રૂપિયા એક લાખનો ખર્ચ વધેલો છે તે રજૂઆત હકીકતથી ઘણી દૂર છે તેમ જણાય છે. યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિ દરેક વર્ષ બગડતી જ રહી છે અને ખાધ વધતી રહી છે. આ ઉપરાંત રાજ્યમાં ચાલુ સાલે નવી બે યુનિવર્સિટીઓ થતાં આ યુનિવર્સિટીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ સંજોગોમાં તાત્કાલિક આર્થિક ભારણ ખાસ વધે નહિ તે ધ્યાનમાં રાખીને તા. ૧-૭-૧૯૬૭થી પગારધોરણ સુધારવામાં આવેલાં છે. યુનિવર્સિટીના બધા જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પગારધોરણનું નીચેનું પગથિયું સુધારવામાં આવ્યું નથી, પરંતુ આખરી પગથિયું મુંબઈ યુનિવર્સિટીની બરોબર કરવામાં આવ્યું છે. રજિસ્ટ્રાર, ડેપ્યુટી રજિસ્ટ્રાર અને આસિ. રજિસ્ટ્રારનાં પગારધોરણ, વાઇસ-ચાન્સેલરોના જોઇન્ટ બોર્ડની ભલામણ મુજબ અનુક્રમે પ્રોફેસર, રીડર અને લેક્ચરરની સમાન કે લગભગ સમાન મૂકવામાં આવ્યાં છે. (રજિસ્ટ્રારની જગ્યાનું પગારધોરણ સ્ટેટ્યૂટથી નક્કી થતું હોઈ વિચારણા હેઠળ છે.) આમ કરવાથી યુનિવર્સિટીને બધા જ કર્મચારીઓનો મળીને ચાલુ વર્ષમાં નીચે પ્રમાણે બોજો વધ્યો છે:

૧. નવા પગારના એડજસ્ટમેન્ટના	રૂ. ૧,૭૬૪-૦૦
૨. નવી નિમણૂકોના	રૂ. ૬,૦૪૮-૦૦
	કુલ રૂ. ૭,૮૧૨-૦૦

(નોંધ. — આમાં નવી નિમણૂકો થતાં ખાલી પડેલી જુ. કલાર્કની પાંચ જગ્યાઓનો સમાવેશ થતો નથી. ઉપરાંત કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સની જગ્યા હાલ પુરાઈ નથી. બે આસિ. રજિસ્ટ્રાર-ની જગ્યાઓ પૂરવા માટે હાલ કાર્યવાહી ચાલે છે, તે અંગેનો નિર્ણય હજુ બાકી છે.)

(૨) આ યુનિવર્સિટીના કર્મચારીઓનાં પગારધોરણો મુંબઈ તથા રાજ્યની બીજી યુનિવર્સિટીઓની સરખામણીમાં સારાં છે તથા જુદી જુદી કક્ષાના કર્મચારીઓને તે બધી યુનિવર્સિટીઓ કરતાં માસિક કુલ વેતન વધુ મળે છે. આ સંજોગોમાં પગારધોરણમાં કોઈ સુધારો કરવાની જરૂરિયાત આ સમિતિને લાગતી નથી. (આ યુનિવર્સિટી તથા મુંબઈ યુનિવર્સિટીમાં હેડકલાર્ક અને તેથી નીચેની કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણ તથા કુલ વેતન દર્શાવતું તુલનાત્મક પત્રક પરિશિષ્ટ "અ" સામેલ છે.)

(૩) યુનિવર્સિટીએ કર્મચારીઓને આપવામાં આવતા મોંઘવારી ભથ્થામાં તા. ૧-૧૧-૧૯૬૬ પછી વખતોવખત થઈને કુલ ૩ વખત મોંઘવારી ભથ્થામાં વધારો મંજૂર કર્યો છે તેને લીધે જુદી જુદી કક્ષાના કર્મચારીઓને તેમની પગારવધારાની તા. ૪-૧૧-૧૯૬૬ની માંગણી આવી તે પછી આજ સુધીમાં મોંઘવારી ભથ્થામાં માસિક રૂા. ૨૧થી ૬૦નો વધારો મળેલ છે. યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને નવેમ્બર ૧૯૬૬ અને આજ મળતા મોંઘવારી ભથ્થાનું પત્રક નીચે પ્રમાણે છે:

પગાર	નવેમ્બર ૧૯૬૬નું મોંઘવારી ભથ્થું	જાન્યુઆરી ૧૯૬૮નું મોંઘવારી ભથ્થું	માસિક તફાવત
	રૂા.	રૂા.	રૂા.
૫૦ સુધી	૭૩	૯૪	૨૧
૫૧થી ૬૪	૮૩	૧૦૪	૨૧
૬૫થી ૧૦૦	૯૫	૧૨૯	૩૪
૧૦૧થી ૧૦૪	૧૦૦	૧૩૪	૩૪
૧૦૫થી ૧૫૦	૧૦૫	૧૪૬	૪૧
૧૫૧થી ૧૬૪	૧૧૦	૧૫૧	૪૧
૧૬૫થી ૨૫૫	૧૨૦	૧૭૩	૫૩
૨૫૬થી ૩૨૯	૧૪૫	૧૯૮	૫૩
૩૩૦થી ૩૭૯	૧૫૦	૨૧૦	૬૦
૩૮૦થી ૩૯૮	૧૫૦	રૂા. ૫૮૯નો સીમાંત તફાવત	૪૧થી ૫૯
૩૯૯થી ૫૦૦	૧૫૦	૧૯૦	૪૦
૫૦૧થી ૭૫૦	૧૬૫	૨૦૫	૪૦
૭૫૧થી ૯૦૦	૧૮૦	૨૨૦	૪૦
૯૦૧થી ૧,૦૦૦	૧૮૦	૨૦૦	૨૦
૧,૦૦૧થી ૧,૦૯૯	૮૧થી ૧૭૯	રૂા. ૧,૨૦૦નો સીમાંત તફાવત	૨૦
૧,૧૦૦થી ૨,૨૫૦	૮૦	૧૦૦	૨૦
૨,૨૫૧થી ૨,૩૪૯	૧થી ૭૯	રૂા. ૨,૩૫૦નો સીમાંત તફાવત	૨૦

(૪) આ યુનિવર્સિટીએ કર્મચારીઓને આપવામાં આવતા ઓવરટાઇમના દરમાં તા. ૧-૪-૧૯૬૭થી વધારો કરેલો જ છે. તે જોતાં તેમાં પણ કોઈ ફેરફાર કરવાની જરૂર હાલ જણાતી નથી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, કાર્યાલયમાં જે જે કામ 'પીસ-વેઇજ'ના ધોરણે કરી શકાય તેમ હોય તેવાં કામોનું પત્રક કાર્યાલયે તૈયાર કરવું અને તે અંગે કયા દરે મહેનતાણું આપવું તે નક્કી કરવા આ સમિતિ સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવો. ઉપરાંત જરૂર પડયે 'પીસ-વેઇજ' ઉપર કામ કરવા માટે કાર્યાલયના ઉપરાંત બહારથી પણ ઉમેદવારોને લેવા.

૨. યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રીના તા. ૨૦-૪-૧૯૬૭ના પત્રથી આવેલ માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનની માગણીઓ ઉપર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે યુનિયનની પહેલી જ માગણી યુનિયનને માન્યતા આપવા માટેની છે. આ બાબત નીતિવિષયક હોવાથી તેનો નિર્ણય સિન્ડિકેટે લેવો.

૩. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૪-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૪. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. કરસનદાસ ડી. કડિયાને યુનિવર્સિટીના કર્મચારીઓ જ્યારે અંગત કામ માટે યુનિવર્સિટીની મોટર વાપરે ત્યારે ઓવરટાઇમ આપવા અંગેની તા. ૭-૯-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બંને ડ્રાઇવરોને તેઓએ કેસ રજૂ કરવો હોય તો રજૂ કરવા રૂબરૂ હાજર રહેવા જણાવવું.

નીચેની બાબતો ઉપર વિચારણા સમયના અભાવે થઈ શકી ન હતી :

૫. યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક ટાઇપિસ્ટોએ એકસ્ટ્રામ્યુરલ પ્રવૃત્તિનાં કામ કરવા અંગે મહેનતાણું આપવા અંગે કરેલ તા. ૨૭-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૬. ચીફ મેડિકલ ઓફિસર શ્રી. કે. એ. શાહ તથા રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની પગારધોરણ સુધારવા અંગેની તા. ૨૧-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૭. કુલસચિવશ્રી રજા ઉપર જાય તો તેમનો ચાર્જ કોને આપવો તે નક્કી કરવા બાબત

(**નોંધ.**—આ અંગેના સ્ટેચ્યૂટમાં નીચે પ્રમાણે જોગવાઈ છે :

St. 131 :

After the termination of the appointment of the first Registrar under Sec. 62 of the Act, all subsequent appointments shall be made by the Syndicate. In the case of necessity, the Vice-Chancellor shall have power to provide for the performance of the duties of the Registrar.)

૮. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯ની નીચેની બાબત આ સમિતિ તરફ મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત:

St. 134 :

The pay-scale of the Registrar shall be Rs. 800-50-1,500 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967.

૯. સિન્ડિકેટે તેની તા. ૨-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

"રાજ્ય સરકારે તેમના તા. ૨૬-૯-૧૯૬૭ના પત્રાંક યુ. એસ. બી. ૧૧૬૭-૫થી ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકગણના પગારધોરણ ઉપર રાજ્ય સરકારના ('ભજૂડ સ્કેલ') ધોરણે મોંઘવારી ભથ્થું આપવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત."

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં મદદનીશ હિસાબનીશની જગ્યા બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત અંગે તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્થાઈ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૧. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

બોર્ડના મંત્રી તરીકે શ્રી. જી. એ. દેસાઈને કામ સોંપેલું હતું. તેઓ તા. ૭-૧૦-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એકસ્ટ્રામ્યુરલ પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતાં ભથ્થાંની બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૩-૧૮-૬૪ (સી.ડી.એન) દ્વારા યુનિવર્સિટી અને કોલેજોના અધ્યાપકોની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષ રાખવાની અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે અને ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો વધુ બે વર્ષ માટે વધારી આપવાની ભલામણ કરવાના કરેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન વિભાગમાં એક હેડક્લાર્કની જગ્યા ઊભી કરવા અંગે ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના તા. ૭-૧૧-૧૯૬૭ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"

ગુજરાત યુનિવર્સિટી તથા મુંબઈ યુનિવર્સિટીના હેડક્લાર્ક અને તેથી નીચેની કક્ષાના કેટલાક સમકક્ષ કર્મચારીઓનાં પગારધોરણ અને તેઓને મળતા કુલ વેતનનું પત્રક

ક્રમાંક	જગ્યાનું નામ	ગુજરાત યુનિવર્સિટી પગારધોરણની રૂા.	ગુજરાત યુનિવર્સિટી પગારધોરણની શરૂઆતમાં કુલ માસિક વેતન રૂા.	મુંબઈ યુનિવર્સિટી* પગારધોરણ રૂા.	મુંબઈ યુનિવર્સિટી* પગારધોરણની શરૂઆતમાં કુલ માસિક વેતન રૂા.
૧.	પટાવાળા, ચોકીદાર, સફાઈ-કામદાર વગેરે	૪૦-૨-૬૦-૩-૭૫	૧૫૪·૦૦	૫૦-૨-૬૮-ઈ.બી.-૩-૮૦	૧૪૭·૦૦
૨.	પટાવાળા-કમ-એટેન્ડન્ટ	૪૫-૩-૬૦-૪-૯૨	૧૫૯·૦૦	૬૦-૪-૧૦૦ (કવૉલિફાઇડ એટેન્ડન્ટ)	૧૫૭·૦૦
૩.	નાયક	૪૫-૩-૬૦-૪-૯૨	૧૬૪·૦૦	(એવી જગ્યા નથી).	
૪.	હવાલદાર	૫૦-૩-૬૨-૪-૯૦ -૫-૧૦૦	૧૭૪·૦૦	૬૦-૪-૧૦૦	૧૬૭·૦૦
૫.	જુનિયર ક્લાર્ક (ટાઇપિસ્ટ)	૭૫-૫-૧૦૦-૮-૧૮૦-ઈ.બી.-૧૨-૩૦૦		૧૦૦-૮-૧૮૦-ઈ.બી.-૧૨-૩૦૦	૨૧૦·૦૦
		એસ.એસ.સી.	૨૨૭·૫૦		
		ગ્રેજ્યુએટ	૨૪૩·૨૫		
		ઑનર્સ ગ્રેજ્યુએટ	૨૫૯·૦૦		
૬.	સીનિયર ક્લાર્ક	૧૩૦-૮-૧૭૦-ઈ.બી. -૧૨-૨૯૦-૧૫-૩૫૦	૩૦૮·૨૫	(એવી જગ્યા નથી).	
૭.	હેડક્લાર્ક	૨૦૦-૧૨-૨૬૦-૧૫- -૩૨૦-ઈ.બી.-૨૦-૪૦૦	૪૧૮·૦૦	૨૨૫-૧૫-૩૦૦-ઈ.બી.-૨૦-૪૦૦	૩૬૪·૦૦

* મુંબઈ યુનિવર્સિટીના સને ૧૯૬૭-૬૮ના અંદાજપત્ર પ્રમાણે.

સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૯-૧-૧૯૬૮ની સભાની ભલામણો

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૯-૧-૧૯૬૮ના રોજ સવારે ૯-૦૦ કલાકે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ, ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૪.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૫.	ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. કરસનદાસ ડી. કડિયાને યુનિવર્સિટીના કર્મચારીઓ જ્યારે અંગત કામ માટે યુનિવર્સિટીની મોટર વાપરે ત્યારે ઓવરટાઇમ આપવા અંગેની તા. ૭-૯-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિની તા. ૬-૧-૧૯૬૮ની સભાના ઠરાવ અનુસાર ઉપરોક્ત બંને ડ્રાઇવરોને પોતાનો કેસ રજૂ કરવા માટે સમિતિની સભા સમક્ષ હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું હતું, પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા અને તેઓના તા. ૨૩-૧-૧૯૬૮ના પત્રથી વિનંતી કરી હતી કે તેઓનો કેસ રજૂ કરવા માટે યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરશે.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડ્રાઇવરોની ઉપરોક્ત વિનંતી જોતાં આ બાબત નીતિવિષયક હોવાથી તે અંગેનો નિર્ણય સિન્ડિકેટે લેવો.

૩. ચીફ મેડિકલ ઑફિસર શ્રી. કે. એ. શાહ તથા રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની પગારઘોરણ સુધારવા અંગેની તા. ૨૫-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિના તા. ૬-૧-૧૯૬૮ના ઠરાવ અનુસાર શ્રી. સી. આર. ત્રિવેદી, આર.એમ.ઓ.ને તેઓનો કેસ રજૂ કરવા રૂબરૂ મળવા બોલાવ્યા હતા. તેઓએ હાજર રહી નીચે મુજબ કેસ રજૂ કર્યો હતો :

૧. યુનિવર્સિટીના જુદી જુદી કક્ષાના બિનશિક્ષકગણના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવામાં આવ્યાં છે તે જોતાં તેઓનું પગારધોરણ સુધારવું જોઈએ.
૨. તેઓના પગારધોરણનો પગારવધારાનો દર પણ યુનિવર્સિટીની બીજી જગ્યાઓના પ્રમાણમાં ઓછો હોવાથી સુધારવો જોઈએ.
૩. તેઓને નોન-પ્રૉક્ટિસિંગ એલાવન્સ આપવું જોઈએ.

ત્યાર બાદ આ અંગેની વધુ વિચારણા મુલતવી રહી હતી.

૬. સિન્ડિકેટે તેની તા. ૨-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા મા મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

૧૧. "રાજ્ય સરકારે તેમના તા. ૨૬-૯-૧૯૬૭ના પત્રાંક યુ. એસ. જી. ૧૧૬૭-૫૪૫ પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકગણના પગારધોરણ ઉપર રાજ્ય સરકારના (મજૂર કેલ મેળવારી ભથ્થું આપવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત."

સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિ ઉ તે અંગે વિચારણા કરવા બાબત :

"ચોથી પંચવર્ષીય યોજનાની પગારસુધારણા યોજના નીચે યુનિવર્સિટી, સરક અને બિનસરકારી કૉલેજોના શિક્ષકોને તા ૧-૪-૧૯૬૬થી સુધારેલાં પગારધોરણો અંગેના સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના ઠરાવ ક્રમાંક એમ. આઈ. એસ. ૧૦૧૬-કે. એચ વિચારણા કરવા બાબત."

ઉપરોક્ત બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે વધુ વિચારણા માટે આ બાબતો મુલતવી રાખવી.

નીચેની બાબતો સમયના અભાવે હાથ ધરી શકાઈ ન હતી :

૪. કુલસચિવશ્રી રજા ઉપર જાય તો તેમનો ચાર્જ કોને આપવો તે નક્કી કરવા બાબત.

(નોંધ.— આ અંગેના સ્ટેચ્યૂટમાં નીચે પ્રમાણે જોગવાઈ છે :

St. 131 :

After the termination of the appointment of the first Registrar under Sec. 62 of the Act, all subsequent appointment shall be made by the Syndicate. In the case of necessity the Vice-Chancellor shall have power to provide for the performance of the duties of the Registrar.

૫. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની નીચેની બાબત આ સમિતિ તરફ મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત:

St. 134 :

The pay-scale of the Registrar shall be Rs. 800-50-1,500 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall, in addition, be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967.

૭. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧-૧૯૬૭ની સભામાં મદદનીશ હિસાબનીશની એક જગ્યા બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત અંગે તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૮. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે તથા યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક ટાઇપિસ્ટોએ એકસ્ટ્રાઓર્ડિનરી સ્ટડીઝની પ્રવૃત્તિનાં કામ કરવા અંગે મહેનતાણું આપવા અંગે તા. ૨૭-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—બોર્ડના મંત્રી તરીકે શ્રી. જી. એ. દેસાઈ ને કામ સોંપેલું હતું. તેઓ તા. ૭-૧૦-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એકસ્ટ્રાઓર્ડિનરી પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતાં ભથ્થાંની બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે સદરહુ સમિતિને જણાવવું.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૩-૧૮-૬૪ (સી.ડી.એન.) દ્વારા યુનિવર્સિટી અને કૉલેજોના અધ્યાપકોની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષ રાખવાની

અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે અને ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો એ વર્ષ માટે વધારી આપવાની જોગવાઈ કરવાના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન વિભાગમાં એક હેડક્લાર્કની જગ્યા ઊભી કરવા અંગે ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના તા. ૭-૧૧-૧૯૬૭ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓની હડક અને માંદગીની રજા દરમિયાન સાઇકલ ભથ્થું ન ફાપવા અંગેની તા. ૧૫-૯-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧૩. સિનિયર ક્લાર્ક તથા સિનિયર ઑપરેટર સર્વશ્રી. મહેશ બી. દવે, વી. બી. શાહ અને એન. એ. પંચાલની તેઓ ૩૦ દિવસથી વધુ રજા ઉપર હોવ થી પરીક્ષા ભથ્થું જે કપાયું છે તેમાં રાહત આપવા અંગે તા. ૫-૧-૧૯૬૮ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

G.U.P. 1271-375-2-69

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ફેબ્રુઆરી માસની સભા રવિવાર, તા. ૪-૨-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	નામ	તા. ૪-૨-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર

૧. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષા સમિતિઓની ભલામણો, જે તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભા સમક્ષ મુકાયેલ તે પૈકી શિક્ષણ, કાનૂન અને ઇજનેરી વિદ્યાશાખાઓની ભલામણો અંગે સિન્ડિકેટની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં વિચારણા થઈ ગઈ હોઈ, બાકીની વિદ્યાશાખાઓની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર અન્ય વિદ્યાશાખાની બી.એડ. અને ટી.ડી.ની પરીક્ષાઓ સિવાયની બાકીની પરીક્ષાઓ માટે તથા વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની યાદી સભાગૃહમાં ચર્ચાવિચારણા દરમિયાન થયેલ ફેરફારો સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું અને બાકીની નીચેની બાબતો હાથ ઉપર ધરી શકાઈ ન હતી :

૨. સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પ્રૉવિડંટ ફંડના નિયમોના (૧) કપાતનો દર ૮½ ટકા રાખવા અંગે, તથા (૨) તે માટેનો અલગ હિસાબ રાખવા અંગે અનુક્રમે આવેલ આચાર્ય એમ. સી. દેસાઈ તથા આચાર્ય વી. આર. રણદીવેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

૩. સ્થાયી કાનૂનવિષયક સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૩. વધારાના જોડાણ માટેના અંગ્રેજીના વિષય માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો તથા સામયિકો ખરીદવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૭. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑ.ડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી; તથા બી એ.(ગૌણ)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજનું મકાન સંપૂર્ણપણે કૉલેજના ઉપયોગ માટે જ વાપરવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે બાકીના રૂા. ૪,૦૦૦ની રકમનાં પુસ્તકો વસાવવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૮. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૬૮થી બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસ એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક ટ્યૂટર,
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) વાણિજ્યના એક પ્રાધ્યાપક,
(૭) એકાઉન્ટન્સીના એક ટ્યૂટર, અને
(૮) મર્કન્ટાઇલ લૉના બંડ સમયના પ્રાધ્યાપક;

૨ ગ્રંથાલયમાં ઇતિહાસ માટે રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો તથા સામયિકો વસાવવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૪. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૮ સુધીમાં કૉલેજનું સ્વતંત્ર મકાન તૈયાર કરવામાં આવે;

૫. આચાર્યશ્રીને સંચાલક સમિતિના હોદ્દાની રૂએ સભ્ય બનાવવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરવા માટે વ્યવસ્થાપક મંડળ બાંયધરી આપે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૯. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી તરફથી જૂન ૧૯૬૮થી બી.એ. (સબો.)માં હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી માટે શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(સબો.)માં હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના પ્રાધ્યાપક,
(૨) ઍકાઉન્ટન્સીના પ્રાધ્યાપક,
(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક,
(૪) અંગ્રેજીના વ્યાખ્યાતા,
(૫) ગુજરાતીના વ્યાખ્યાતા (ખંડ સમયના),
(૬) સંસ્કૃતના વ્યાખ્યાતા (ખંડ સમયના),
(૭) ઇતિહાસના વ્યાખ્યાતા,
(૮) રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા,
(૯) હિંદીના વ્યાખ્યાતા, અને
(૧૦) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
પુસ્તકાલય તથા વાચનાલય માટે વિશાળ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે;

(૧) હિંદી માટે	...	રૂ. ૧,૦૦૦
(૨) સંસ્કૃત માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) ઇતિહાસ માટે	...	રૂ. ૧,૦૦૦
(૪) રાજ્યશાસ્ત્ર માટે	...	રૂ. ૧,૦૦૦
(૫) ઍકાઉન્ટન્સી માટે	...	રૂ. ૧,૦૦૦
	કુલ	રૂ. ૫,૦૦૦;

૪. ગ્રંથાલય સમૃદ્ધ કરવા માટે પુસ્તકોના ખર્ચની જે ઊણપ અગાઉનાં વર્ષોમાં મુકાયેલી શરતોના સંદર્ભમાં જણાય તે દૂર કરવા માટે જરૂરી ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. છાત્રાલયના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૦. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એડ. તથા ડિપ્લોમા ઇન એજ્યુકેશનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ. તથા ડિપ્લોમા ઇન એજ્યુકેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. "કન્ટેન્ટ" વિષયોના શિક્ષણકાર્ય માટે જરૂર મુજબ અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે;

૨. વિદ્યાર્થી-અધ્યાપકોનું પ્રમાણ ૧૦ : ૧નું જળવાય તે માટે સંચાલકોએ વ્યવસ્થા કરવી;

૩. વિજ્ઞાનના શિક્ષણ માટે નાની પ્રયોગશાળા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૧. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. કીટાણુવિજ્ઞાનના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૨. શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી. મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણજયંતિ મહોત્સવ સ્મારક ટ્રસ્ટ સંચાલિત સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર અને
   (૪) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક ગણતરી યંત્ર (Calculating machine)ખરીદવામાં આવે;

૪. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) આંકડાશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
		કુલ રૂા. ૪,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૩. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા

બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને,વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૨) ગણિતના એક પ્રાધ્યાપક,
(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૪) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના એક વ્યાખ્યાતા,
(૫) બૅંકિંગના એક વ્યાખ્યાતા,
(૬) વાણિજ્યના બે વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૧૦) યોગ્ય લાયકાત ધરાવતા એક ગ્રંથપાલ, અને
(૧૧) યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાયામ શિક્ષક;

ઉપરાંત કાર્યભારને અનુલક્ષીને આવશ્યક વ્યાખ્યાતાઓ, ટ્યૂટરો, ડેમોન્સ્ટ્રેટરો અને લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂકો કરવામાં આવે;

૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ રૂપિયા એક લાખનો ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ રૂા. ૧૯,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા (પચીસ) ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કૉલેજ નજીક તરત કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. આચાર્ય માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે અથવા ભથ્થું આપવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૪. ભવન્સ કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને

(૪) ચાર લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે:

(ક) રસાયણવિજ્ઞાન માટે ૧,૫૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિત ઉભેરવામાં આવે;

(ખ) ભૌતિક રસાયણવિજ્ઞાન (Physical Chemistry) માટે લગભગ ૯૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ગ) પ્રાણીવિજ્ઞાન માટે લગભગ ૧,૦૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ધ) ભૌતિકવિજ્ઞાન માટે લગભગ ૧,૦૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા, ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ચ) ૬૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળા બે ઓરડાઓ અને

(છ) હાલના ગ્રંથાલયને વધુ ક્ષેત્રફળવાળા મકાનમાં સગવડ કરીને ફેરવવામાં આવે;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે:

(૧) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૩૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૩૦,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦;

૪. બોટેનિકલ ગાર્ડનની વ્યવસ્થા કરવામાં આવે :

૫. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે;

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન માટે	...	રૂા. ૧,૦૦૦
		કુલ રૂા. ૫,૦૦૦;

૬. ગ્રંથાલયને વધુ સમૃદ્ધ કરવા માટે પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧૦,૦૦૦નો આવર્તક ખર્ચ ચાલુ વર્ષે કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જો ૧,૫૦૦ ચો.ફૂટવાળી પ્રયોગશાળા તૈયાર ન થાય તો ટી.વાય.બી.એસસી.ના ત્રણ વર્ગોની પરવાનગી ન આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૫. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસ-ક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ

જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાંની હાલની પ્રયોગશાળાઓનું ક્ષેત્રફળ વધારવા અને નાની બેચમાં વિદ્યાર્થીઓને પ્રયોગ માટે હલનચલનની છૂટ રહે તેવી રીતે વ્યવસ્થા કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં ભૌતિકવિજ્ઞાનના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા-ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૬. (ક) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવાના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

(બ) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી કાનૂની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિક-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું તથા કાયદાની વિદ્યાશાખા જોડી પ્રથમ વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટ ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક,

(૨) પૂરા સમયના કાયદાના એક પ્રાધ્યાપક, અને

(૩) બંધ સમયના કાયદાના બે વ્યાખ્યાતા;

૨. કાયદાની વિદ્યાશાખાના ગ્રંથાલયમાટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે અને તેના ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૭. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. છાત્રાલય માટે કૉલેજના પોતાના જ શિક્ષકને ગૃહપતિ તરીકે નીમવામાં આવે અને તેમને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ સલાહણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૮. સરકાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૯. શ્રી. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :
એક પૂરા સમયના ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) શિક્ષકો માટેનો ખંડ,
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને
(૩) પુસ્તકાલયમાં વાચન માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નાં પુસ્તકો તથા રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૭. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું મર્યાદિત જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલાં શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેનું (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ,—એમ વિભાગીકરણ કરવા તથા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તરીકે બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરીકે દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. હાલની કૉલેજના મકાન સહિતની ઊભી કરાયેલ તમામ સગવડો અને સુવિધાઓ આ કૉલેજ માટે રાખવામાં આવે;

૨. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને મૌખિકારી ભથ્થું આપવામાં આવે.

નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય, અને
   (૨) હાલની કૉલેજના કાનૂની વિદ્યાશાખાના શિક્ષકગણ આ કૉલેજ માટે રાખવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો ખંડ,
   (૨) કાર્યાલય માટેનો ખંડ,
   (૩) વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,
   (૪) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
   (૫) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,
   (૬) જરૂરી વર્ગ ખંડો,
   (૭) ગ્રંથાલય માટેનો ખંડ,

(૮) પાણી માટેનો ખંડ,
(૯) કેન્ટીન માટેનો ખંડ;

૩. મે, ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૧. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નેહરુ લૉ કૉલેજ, અમદાવાદનાં શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતનો નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને સેકન્ડ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા વાણિજ્ય વિદ્યાશાખા જોડી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) કાયદાની વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમને પરિણામે કાર્યબોજ વધે છે તેથી ખંડ સમયના બે વ્યાખ્યાતા,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,

(૪) હિંદીના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,
(૮) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),
(૯) વ્યાયામશિક્ષક;

૨. ગ્રંથાલય માટે કૉમર્સની વિદ્યાશાખામાં કુલ રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૩. કાયદાનાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલય માટે જોગવાઈ કરવામાં આવે અને તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘર-ભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૨. ધી અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૭થી રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય માટે ચાલુ માન્યતા મેળવવા તથા મનોવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય માટે વધારાની માન્યતા મેળવવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ, નીચે જણાવેલ શરતનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવીના સંશોધનકાર્ય માટેની તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીની માન્યતા ચાલુ રાખવા તથા મનોવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવીના સંશોધન કાર્ય માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધી વધારાની માન્યતા આપવા આ વિષયોમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને દોરવણી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

માન્ય શિક્ષકો હોય તે શરતે જ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સ્વીકારવી અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલ શરતનું પરિપાલન થયેથી અમદાવાદ ટેક્સટાઈલ રિસર્ચ ઍસોસિયેશન, અમદાવાદને રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવીના સંશોધનકાર્ય માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીની માન્યતા ચાલુ રાખવા તથા મનોવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવીના સંશોધનકાર્ય માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધી વધારાની માન્યતા આપવા.

૭૩. ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ તરફથી જૂન ૧૯૬૮થી નડિયાદ ખાતે શરૂ થનાર કેમિકલ એન્જિનિયરિંગ કૉલેજ માટે આપેલ જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, વડોદરા અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, મુંબઈ તરફથી નડિયાદ ખાતે શરૂ કરાનાર કેમિકલ એન્જિનિયરિંગ કૉલેજના શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ બધી શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

૧. આચાર્ય
૨. રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
૩. રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
૪. ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
૫. ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
૬. મિકેનિકલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા,
૭. ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર,
૮. કારપેન્ટ્રી અને ફિટિંગ—એ પ્રત્યેક માટે એક એક ઇન્સ્ટ્રક્ટર,
૯. ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન—પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટંટ,
૧૦. એક વર્કશૉપ સુપરિન્ટેન્ડન્ટ,
૧૧. બે મશીન એટેન્ડન્ટ,
૧૨. વ્યાયામશિક્ષક,
૧૩. ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :

૧. આચાર્ય માટેનો ખંડ,
૨. કાર્યાલય માટેનો ખંડ,
૩. વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,

૪. કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ,

૫. સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,

૬. જરૂરી વર્ગ તથા પ્રયોગશાળા માટેના ખંડોઃ (ટ્યુટોરિયલ્સના વર્ગો સહિત),

૭. ગ્રંથાલય માટેનો ખંડ,

૮. પાણી માટેનો ખંડ,

૯. કેન્ટીન માટેનો ખંડ;

૩. મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

૧. ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન માટે, ... રૂ. ૪૦,૦૦૦,
૨. વર્કશૉપ અને ડ્રૉઇંગ રૂમ માટે, ... રૂ. ૫,૦૦૦,
૩. ક્લાસરૂમ અને ઑફિસ ફર્નિચર માટે; ... રૂ. ૫,૦૦૦,

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે કુલ રૂ. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧. પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦,
૨. સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦,
૩. સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૭. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૮. આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૪. તબીબી વિદ્યાશાખાની તા. ૨૮-૪-૧૯૬૭ની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૬૫, રેગ્યુ. ૧૭૩ તથા રેગ્યુ. ૧૭૭ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આંતરિક મૂલ્યાંકન પદ્ધતિ અંગેના કાર્યાલયે મૂચવેલા નિયમો અંગે વિચારણા કરી તેમાં કેટલાક સુધારા કરી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે નિયમો રેગ્યુ. ૧૬૫, રેગ્યુ. ૧૭૩ અને રેગ્યુ. ૧૭૭માં ઉમેરો કરવા એકેડેમિક કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. ૧૬૫, રેગ્યુ. ૧૭૩ અને રેગ્યુ. ૧૭૭ સુધારવા તથા સુધારેલા સદરહુ રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. ૧૬૫, ૧૭૩ અને ૧૭૭ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત હાથ ધરવામાં આવી :

૭૪(અ). ઑક્ટોબર ૧૯૬૭માં લેવાયેલ પ્રથમ એમ.બી.,બી.એસ. પરીક્ષા માટે શ્રીમતી નાથીબાઈ હરગોવનદાસ લખમીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ તરફથી મોકલવામાં આવેલ આંતરિક ગુણાંક અંગે વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ બાબત અંગે સમગ્ર દૃષ્ટિએ વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે તા. ૧૭-૧૧-૧૯૬૭ના જાહેરનામાથી સદરહુ પરીક્ષાનું જે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે તેમાં આ તબક્કે કશો ફેરફાર કરવો નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત પરીક્ષાશુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવી.

તે પછી બાબત નં. ૯૯ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૯. યુનિવર્સિટી કાર્યાલયમાં હોસેરિથ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે તા. ૧૬-૨-૧૯૬૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૬-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને નીચેના બે ઉમેદવારો પૈકી એકની યંત્ર વિભાગના સુપરિન્ટેન્ડન્ટની જગ્યા પર એક વર્ષના અજમાયશી ધોરણે રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગારધોરણમાં માસિક રૂા. ૩૨૦થી ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) શ્રી. સોની આર. પી.
(૨) શ્રી. મહેતા એ. કે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકની એક શરત એ રહેશે કે પસંદ કરવામાં આવેલ ઉમેદવાર ઓછામાં ઓછાં ત્રણ વર્ષ પોતે પોતા થકી યુનિવર્સિટીની સેવાઓ છોડીને જશે નહિ તેમ તેમણે લેખિત બાંયધરી આપવી જોઈશે.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૬-૨-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૧૦૧ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૦૧. તા. ૧૫-૨-૧૯૬૮ના રોજ રીડર ઇન એજ્યુકેશનની જગ્યા માટે મળેલી વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન એજ્યુકેશનની જગ્યા પર આચાર્ય રમણભાઈ ગણપતરામ ભટ્ટની રૂા. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂા. ૯૪૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૨-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૧૦૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૦૨. તા. ૬-૨-૧૯૬૮ના રોજ રીડર ઇન લેબર વેલ્ફેરની જગ્યા માટે મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર કેટલીક ચર્ચાવિચારણા થયા પછી વધુ વિચારણા બીજા દિવસ પર મુલતવી રાખવામાં આવી અને તે પછી સભાગૃહનું તે દિવસનું કામકાજ પૂરું થયું.

તે પછી રવિવાર, તા. ૧૮-૨-૧૯૬૮ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે સભા ફરીથી મળતાં બાબત નં. ૧૦૨ પરની વિચારણા આગળ ચલાવવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ વરણીસમિતિની તા. ૬-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને રીડર ઇન લેબર વેલ્ફેરની જગ્યા પર આચાર્ય (રૉ.) પી. એમ. મજમુદારની નિમણૂક રૂા. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૭૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૬-૨-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૭૫ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પ્રૉવિડંટ ફંડના નિયમોના (૧) કપાતનો દર ૮½ ટકા રાખવા અંગે, તથા (૨) તે માટેનો અલગ હિસાબ રાખવા અંગે અનુક્રમે આવેલ આચાર્ય એમ. સી. દેસાઈના તથા આચાર્ય વી. આર. રણદીવેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના શિક્ષકો માટે પ્રૉવિડંટ ફંડના નિયમોની બાબત અંગે સમગ્રપણે ચર્ચાવિચારણા કરીને તેમાં ઘટતા સુધારાવધારા સૂચવવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રિ. એમ સી. દેસાઈ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે
(૪) પ્રૉ. મણિશંકર પ્ર. પંડ્યા
(૫) ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ ઍન્ડ ઍકાઉન્ટ્સ).

૭૬. યુનિવર્સિટીના જુદા જુદા ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ઇનામો ઇત્યાદિ પ્રદાનો અંગેના નિયમો તપાસીને સુધારાવધારાની જરૂર જણાય તો તે સૂચવવા સિન્ડિકેટે તેની તા. ૪-૬-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની નીચે મુજબની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"૧. યુનિવર્સિટીનું કોઈ પણ પ્રદાન કોઈ પરીક્ષામાં આપતી વખતે તે પ્રદાનની શરતો જોતાં જો તે માટે એક કરતાં વધુ ઉમેદવારને તે એનાયત કરવાના સંજોગો ઊભા થાય તેવા સંજોગોમાં નીચેનાં ધોરણ લક્ષમાં રાખી પ્રદાન એનાયત કરવાનું રાખવું :

(અ) જે પ્રદાન રોકડ રકમમાં આપવાનું હોય ત્યાં ઉપરના સંજોગોમાં જેટલા ઉમેદવારો તે મેળવવાને શરતો અનુસાર પાત્ર હોય તેઓ વચ્ચે સરખે હિસ્સે વહેંચી આપવું.

(બ) ચંદ્રકો એનાયત કરવાની બાબતમાં આ સમિતિ એવો અભિપ્રાય ધરાવે છે કે તે એક જ વ્યક્તિને એનાયત કરવાનું રાખવું જોઈએ અને તે માટે જો ચંદ્રકપ્રદાન કોઈ વિષય માટે નક્કી થયું હોય અને તે વિષયમાં તે ચંદ્રકને મેળવવા એક કે વધુ વિદ્યાર્થીઓ શરતો અનુસાર લાયક બનતા હોય તો આ વિદ્યાર્થીઓના માત્ર જે તે વિષયના ગુણાંક પ્રદાન માટે ગણતરીમાં ન લેતાં તે પરીક્ષામાં જે તે વિષયોના સમગ્ર ગુણ પર વર્ગ અપાતો હોય તે સમગ્ર ગુણમાં આ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણ મેળવનારને ચંદ્રક એનાયત કરવા પાત્ર ગણવો.

(ક) જે કેસોમાં ઉપરોક્ત નિયમ "બ" લાગુ પાડવા છતાં પણ પરિસ્થિતિ એક કરતાં વધુ વિદ્યાર્થીને ચંદ્રકપ્રદાન એનાયત થાય તેવી રહેતી હોય ત્યાં તે વિદ્યાર્થીઓની બધી યુનિવર્સિટીની પરીક્ષાઓની ગુણવત્તા જોઈ ક્રમ આપી ચંદ્રક એનાયત કરવાનું રાખવું.

૨. ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ઇનામો અંગેની પુસ્તિકામાં જે તે પરીક્ષાઓના નામાભિધાનમાં અભ્યાસક્રમની પુસ્તિકા અન્વયે જરૂરી નામો સુધારી લેવાનું રાખવું; દા.ત. એફ.વાય.બી.એ. પુસ્તિકામાં તે ફર્સ્ટ બી.એ. સુધારવું

૩. નવા કોર્સ મુજબની પરીક્ષા લેવાય ત્યારે જૂના કોર્સની સમકક્ષ પરીક્ષામાં અપાતાં ઇનામો, ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ વગેરે જૂના કોર્સની પરીક્ષામાં આપવાનું બંધ કરી નવા કોર્સની પરીક્ષામાં આપવાનું રાખવું અને તેમ કરતાં પ્રદાનની શરતોમાં જે કંઈ જરૂરી ફેરફાર કરવો આવશ્યક બને તે દાતાની અનુમતિ મેળવી કરી લેવાનું રાખવું.

૪. પુસ્તિકાના અનુક્રમ નં. ૪૪ની જસ્ટિસ પી. ચક્રવર્તી બેંગાલી પ્રાઇઝના નિયમ ૧માં થર્ડ બી.એ. (રૂપે.) ડિગ્રી એક્ઝામિનેશનમાં જો કોઈ આ પ્રદાનને પાત્ર ન જણાય તો તે ક્રમે ક્રમે એસ.વાય બી.એ., ફર્સ્ટ બી.એ., પ્રી-યુનિ. આર્ટ્સ પરીક્ષામાં આપવાનું રાખવું.

૫. જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા જ્યાં સુધી લેવાય છે ત્યાં સુધી જે તે ઇજનેરી પરીક્ષા માટે પ્રદાનો નક્કી થયાં છે તે મુજબ આપવાનું ચાલુ રાખવું. પાંચ વર્ષના સુમ્રથિત એન્જિનિયરિંગ અભ્યાસક્રમની પ્રત્યેક પરીક્ષામાં યુનિવર્સિટી પુરસ્કાર રૂપિયા ૧૦૦નો આ પુરસ્કારની શરતોને આધીન આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણો પૈકી ભલામણ નં. ૧(અ), ૨, ૩, ૪ અને ૫ મંજૂર કરવી અને ભલામણ નં. ૧ (બ) અને ૧ (ક)માં સુધારા કરીને તે નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવી :

૧ (બ) ચંદ્રકો એનાયત કરવાની બાબતમાં તે એક જ વ્યક્તિને એનાયત કરવાનું રાખવું જોઈએ અને તે માટે જો ચંદ્રકપ્રદાન કોઈ પરીક્ષાના કોઈ વિષય માટે નિયત કરવામાં આવ્યું હોય અને તે વિષયમાં તે ચંદ્રકને મેળવવા માટે એક કે વધુ વિદ્યાર્થીઓ ચંદ્રકની શરતો અનુસાર લાયક બનતા હોય તો એ વિદ્યાર્થીઓને માત્ર જે તે વિષયમાં મળેલા ગુણાંક જ પ્રદાન માટે ગણતરીમાં ન લેતાં તે પરીક્ષામાં જે તે વિષયોના સમગ્ર ગુણ પર વર્ગ અપાતો હોય તે સમગ્ર ગુણમાં એ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક એનાયત કરવા માટે પાત્ર ગણવો.

૧ (ક) જે કેસોમાં ઉપરોક્ત નિયમ 'બ' લાગુ પાડવા છતાં પણ એક કરતાં વધુ વિદ્યાર્થીઓને ચંદ્રક આપવાનો પ્રશ્ન ઊભો થાય તો તેવી પરિસ્થિતિમાં એક કે વધુ ચંદ્રક આપવા કે કેમ અને તે કોને આપવો કે કોને આપવા તે નક્કી કરવાનો પ્રશ્ન સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચંદ્રક, ઇનામ કે શિષ્યવૃત્તિ અંગે ભવિષ્યમાં કોઈ પણ પ્રદાન સ્વીકારવાની બાબતમાં ઓછામાં ઓછી કેટલી રકમ સ્વીકાર્ય ગણવી જોઈએ તથા તે અંગેનું ધોરણ, વ્યાજની આવક, વહીવટી ખર્ચ વગેરે મુદ્દાઓને લક્ષમાં લઈને પોતાની ભલામણ રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું.

૭૭. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રના વર્ષ ૧૯૬૪-૬૫ તેમ જ વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો હજુ સુધી આવ્યા ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલકને ઘટતો ડી.ઓ. પત્ર લખીને તેમનું ધ્યાન ખેંચવું અને જરૂરી પગલાં ત્વરિત લેવા માટે જણાવવું.

તે પછી બાબત નં. ૭૯ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટીની કેટલીક વહીવટી સમસ્યાઓ અંગે આવેલ રિપોર્ટ (Report of the Committee appointed by the U.G.C. following the report of the Santhanam Committee on Prevention of Corruption) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં જુ. ક્લાર્ક (એકાઉન્ટ્સ) તરીકે કામ કરતાં શ્રીમતી આશા જે. છાયાનો લંબાવેલો છ માસનો અજમાયશી સમય તા. ૧૭-૩-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૮-૩-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમતી આશા જે. છાયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી આશા જે. છાયાને વિજ્ઞાન વિદ્યાભવનમાં જુનિયર ક્લાર્ક (એકાઉન્ટ્સ)ની જગ્યા પર તરીકે તા. ૧૮-૩-૧૯૬૮થી કાયમ કરવાં.

૮૧. જે પરીક્ષાનાં પરિણામો યંત્રો ઉપર તૈયાર કરવામાં આવે છે તેમાંનાં આશરે ૨ ટકા જેટલાં પરિણામો, તે બહાર પડી ગયાં પછી પરીક્ષકોને ગુણપત્રકો સાથે Random ધોરણે ખાનગી રાહે ચકાસી જોવા અંગેના કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સદરહુ સૂચન મંજૂર કરવું.

૮૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દા	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	કુ. વોરા પરા એન.	જ્. કલાર્ક	લીવ વેકેન્સી પુલ	૩-૩-૧૯૬૮	૪-૩-૧૯૬૮
(૨)	શ્રી. એમ. કે. શાહ	,,	,,	૧૦-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
(૩)	શ્રી. જે. એચ. ભાવસાર	,,	,,	૨૩-૩-૧૯૬૮	૨૪-૩-૧૯૬૮
(૪)	કુ. આશા કવિ	,,	,,	૨૩-૩-૧૯૬૮	૨૪-૩-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપરના ચારે સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૮૩. યુનિવર્સિટી તરફથી લેવાનાર થર્ડ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એક સુવર્ણચંદ્રક તથા તે વિદ્યાર્થીને એમ.ડી. અથવા એમ.એસ.નો આગળ અભ્યાસ કરવાની શરતે માસિક રૂા. ૧૦૦-૦૦ની એક શિષ્યવૃત્તિ PFIZER Limited તરફથી બારોબાર એનાયત કરવા અંગે યુનિવર્સિટી તરફથી આ અંગે જરૂરી સહકાર મેળવવા માટેની વિનંતી કરતા PFIZER Limitedના મેનેજિંગ ડિરેક્ટર તરફથી આવેલ તા. ૯-૧-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી માહિતી પ્રમાણિત કરીને આપવા માટે શ્રી. કુલસચિવને જણાવવું.

૮૪. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની જે ભલામણો સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં નામંજૂર કરી હતી તે પૈકીની નીચેની ભલામણ લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૧૦-૯-૧૯૬૭ની સભાએ સિન્ડિકેટને પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"(અ) યુવક મહોત્સવમાં ભાગ લેનાર કલાકાર વિદ્યાર્થીઓની વયમર્યાદા હાલ જે ૨૩ વર્ષની રાખવામાં આવી છે તે વધારીને ૨૫ વર્ષ સુધી કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવમાં ભાગ લેનાર કલાકાર વિદ્યાર્થીઓની વયમર્યાદા વધારવા અંગે હાલનાં ધારાધોરણમાં કશો ફેરફાર કરવો નહિ.

૮૫. નીચેની કૉલેજો જૂન, ૧૯૬૭થી જોડાણ માટે આવેલ અરજીઓ અંગે રાજ્ય સરકારને જોડાયાનું જાહેરનામું બહાર પાડવા કરેલ ભલામણો અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯

૨. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૧

૩. આર્ટ્સ કૉલેજ, સંખેડા

૪ એમ. એન. કૉલેજ, વીસનગર

૫. શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ

૬. સર પી. ટી. સાયન્સ કૉલેજ અને શાહ એસ. કે. ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા

૭. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ

૮. પારેખ ઝવેરી સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ

૯. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર

૧૦. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ

૧૧. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર

૧૨. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા

૧૩. ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, દમણ

૧૪. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત

૧૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ

૧૬. ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૭. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. સી. કૉમર્સ કૉલેજ, હિંમતનગર

૧૮. શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી

૧૯. શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૬

૨૦. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદ

૨૧. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ

૨૨. સર એલ. એ. શાહ લૉ ઍન્ડ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨૩. સિટી લૉ કૉલેજ, અમદાવાદ

૨૪. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ-૧.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૬. દેખભાળ સમિતિની ભલામણોના આધારે સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં કરેલ ફેરફારો સહિતની જોડાણઅરજી પર નિમાતી સ્થાનિક તપાસસમિતિને આપવામાં આવતી સુધારેલી સૂચનાઓ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા બાબતમાં સમગ્રપણે વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની યોજનાની બાબતમાં તેમાંથી ઊભા થતા પ્રશ્નો પરત્વે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરવા માટે નીચેના સભ્યોનું પ્રતિનિધિમંડળ રચવું :

૧. ડૉ. ય. ગુ. નાયક—પ્રતિનિધિમંડળના નેતા
૨. આચાર્ય ય. પ્રા. શુકલ
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૫. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા
૬. આચાર્ય સી. એલ. શાસ્ત્રી
૭. ડૉ. એ. એમ. ત્રિવેદી
૮. ડૉ. પી. સી. વૈદ્ય
૯. શ્રી. હરિહર શુકલ
૧૦. પ્રો. રમેશભાઈ ભટ્ટ
૧૧. શ્રી. કે. ડી. દેસાઈ
૧૨. પ્રા. વી. બી. તોફખાને
૧૩. શ્રી. કુલસચિવ.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૭૮ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૮. સ્થાયી કાનૂનવિષયક સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. બી. આર. શિનોયને સમાજવિદ્યા ભવનના માનદ અધ્યક્ષ બનાવીને ઇન્ડિયન ઇકોનોમિકસ રિસર્ચ સેન્ટરના પગારદાર અધ્યક્ષ તરીકે રહે એ ઉચિત નથી. એમણે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના પગારદાર રહેવું જોઈએ એ એમ સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ બાબતની સાથે પ્રો. બી. આર. શિનોયનો રાજીનામાનો તા. ૧૭-૨-૧૯૬૮નો તેમનો પત્ર પણ સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૮-અ તરીકે ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૭૮ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના કોઈ પણ પૂરા સમયના શિક્ષક યુનિવર્સિટીમાં માનાર્હ શિક્ષક તરીકે અને યુનિવર્સિટીથી ઇતર સંસ્થામાં પગારદાર કર્મચારી તરીકે કામ કરે તે સ્થિતિને સિન્ડિકેટની આ સભા હિતાવહ ગણતી નથી અને તેથી યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના કોઈ પણ પૂરા સમયના શિક્ષકને તે યુનિવર્સિટીના પગારદાર શિક્ષક તરીકે ચાલુ રહીને સિન્ડિકેટની મંજૂરીને આધીન સિન્ડિકેટે ઠરાવેલ ધોરણે અન્ય સંસ્થામાંથી માનાર્હ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવામાં આવે તે જુદી વાત છે.

ઉપરના ઠરાવને અનુલક્ષીને આ કેસમાં ઠરાવવામાં આવે છે કે પ્રો. બી. આર. શિનોય યુનિવર્સિટીના પૂરા સમયના પગારદાર શિક્ષક અને સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરીકે ચાલુ રહે તે શરતે તેમને ડેમોગ્રાફિક્સ રિસર્ચ સેન્ટરની કામગીરી સ્વીકારવા અને તે માટે તેમના હાલ મૂળ પગારના ૩૦% કરતાં વધે નહિ તેટલું માનદ વેતન સ્વીકારવા માટે તેમની અરજી આવ્યેથી વિચારવાનું રાખવું.

બાબત નં. ૭૮-અ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

The resignation of Professor B. R. Shenoy is accepted with effect from 15-6-1968.

This meeting of the Syndicate places on record its sense of appreciation of the good services rendered to the University by Professor Shenoy.

તે પછી બાબત નં. ૮૮ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૮. સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ અંગેની સમિતિની તા. ૭-૧૧-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવી છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ વિદ્યાર્થીઓને માટે વિસ્તારવી, જ્યારે બાકીની ૮ શિષ્યવૃત્તિઓ હાલ છે તેમ જ બધી જ વિદ્યાશાખામાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૮૯. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની ભલામણ અનુસાર ભાષાવિજ્ઞાનની અભ્યાસસમિતિ સ્થાપવા તથા તે અનુસાર સ્ટે. ૧૦૮માં ઘટતો ફેરફાર કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને સ્ટેચ્યૂટ ૬૬ અને સ્ટેચ્યૂટ ૧૦૮માં ઘટતો સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૦. બી.ઈ.(સિવિલ) (જૂના અભ્યાસક્રમ)ની પરીક્ષામાં સ્ટ્રક્ચરલ ડ્રોઇંગ અને ડિઝાઇન વિષયમાં વિદ્યાર્થીઓને નીચેનાં ભારતીય માન્ય પ્રકાશનો (Indian Standard Publications) વાપરવાની છૂટ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"(1) IS (456) 1964
Code of Practice for Plain and Reinforced Concrete.

(2) IS (800) 1962
Code of Practice for Use of Structural Steel for General Building Construction.

(3) IS (875):
Code of Practice for Structural Safety of Buildings (Loading Standards).

યુનિવર્સિટી માટે આ પ્રકાશનો ખરીદવાનું ઘણું ખર્ચાળ હોવાથી વિદ્યાર્થીઓને પોતાની પ્રતો ઑક્ટોબર ૧૯૬૭ની પરીક્ષાથી વાપરવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૯૧. સંલગ્ન કૉલેજોના જે ગ્રંથપાલો સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભાના ઠરાવ અન્વયે લાઇબ્રેરી સાયન્સ ડિપ્લોમા અગર ડિગ્રી ધરાવતા સ્નાતક ન હોય, તેઓ માટે પોતાની જ કૉલેજોમાં ગ્રંથપાલ તરીકે મેળવેલ પાંચ વર્ષનો અનુભવ પર્યાપ્ત ગણવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે "ડિપ્લોમા ઇન એજ્યુકેશન ઍન્ડ વોકેશનલ ગાઇડન્સ"નો એ વર્ષનો પાર્ટ-ટાઇમ અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૯૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"(૧) પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. પછીના ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (Degree)નો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે કેમિકલ એન્જિનિયરિંગના ડિગ્રી (Degree) માટેનો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ બી.ઈ. (સી.,એમ.,ઈ.) (ફર્સ્ટ) મુજબ રાખવો."

૧. આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૯૪. શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી. (એડ.)ની બે વર્ષના અભ્યાસક્રમની ડિગ્રી સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી.(એડ.)ની બે વર્ષના અભ્યાસક્રમની ડિગ્રી સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૯૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૨-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન નર્સિંગની રચના કરવાનો પ્રસ્તાવ સ્વીકારવો, અને તે માટે સ્ટે. ૯૯ અને સ્ટે. ૧૦૮માં ફેકલ્ટી ઑફ મેડિસિનને બદલે નર્સિંગનો વિષય ઉમેરીને તે સ્ટેચ્યૂટને સુધારવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને સ્ટેચ્યૂટ ૯૯ અને સ્ટેચ્યૂટ ૧૦૮ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૬. The 21st International Geographical Congress and 12th General Assembly of the International Geographical Union and 3rd General Assembly and Technical Symposium of the International Cartographic Association અનુક્રમે ડિસે. ૧થી ૮ અને ડિસે. ૯થી ૧૪, ૧૯૬૮ દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે Government of India, Ministry of Education, National Committee for Geographyના ઉપક્રમે યોજનાર છે, તો તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર અધિવેશનના પ્રમુખ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદ/પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એ. ટી. દેસાઈને મોકલવા.

૯૭. ઓક્ટોબર ૧૯૬૭માં લેવાયેલ થર્ડ બી.એ. (એકસ્ટર્નલ) અને ડી.એમ.આર.ઈ. પરીક્ષાના ડિપ્લોમાનાં પ્રમાણપત્રોના મુસદ્દા મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રમાણપત્રોના મુસદ્દા મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા પ્રમાણપત્રોના મુસદ્દા પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૯૮. યુનિવર્સિટી કાર્યાલયના આરોગ્યકેન્દ્રમાં વૉર્ડબૉય તરીકે કામ કરતા શ્રી. જે. કે. ભાવસારને તા. ૨૦-૧૦-૧૯૬૭થી અજમાયશી સમય પૂરો થયે છૂટા કરેલ હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૨૪-૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(શ્રી. ભાવસાર તા. ૨૧-૧૦-૧૯૬૬થી જોડાયા હતા અને તેઓને તા. ૨૦-૧૦-૧૯૬૭થી અજમાયશી સમય પૂરો થતાં છૂટા કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. કે. ભાવસારને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૯૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭૪-અ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૦. સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં કૉ-ઑપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા અંગેની વિગતો તૈયાર કરવા નીમેલી સમિતિની તા. ૩/૪-૨-૧૯૬૮ની સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩/૪-૨-૧૯૬૮ની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ કૉ-ઑપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા માટે ઘટતાં પગલાં લેવાનું રાખવું.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૦૧. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૯૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૦૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

We, the Chancellor, Vice-Chancellor and members of the Senate of the Gujarat University certify that the withinsigned having been examined for the Degree of Bachelor of Arts (Special) (External) and adjudged to have passed in the.....class, the Degree of

BACHELOR OF ARTS
(Special) (External)

has been conferred on H....at Ahmedabad, on the..... of the month of.....in the year one thousand nine and sixty.....

H.....Special subject was.....

In Testimony whereof are set the seal of the said U the signature of the said Chancellor.

We, the Chancellor, Vice-Chancellor and member ate of the Gujarat U certify that the withinsigned having undergone a Post-graduate Course for the Diploma in Medical Radiology and Electro-therapeutics at the.....and having been examined and found qualified for the same, the said

DIPLOMA IN MEDICAL RADIOLOGY AND ELECTRO-THERAPEUTICS

has been conferred on H.....at Ahmedabad, on the..... .....day of the month of..... in the year one thousand nine hundred and sixty.....

In Testimony whereof are set the seal of the said University and the signature of the said Chancellor.

Chancellor

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૧૦૦

સિન્ડિકેટે તેની તા. ૨૮–૧૨–૧૯૬૭ની સભામાં યુનિવર્સિટીમાં કો-ઑપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા અંગેની કેટલીક બાબતો ઉપર વિચારણા કરીને વિગતો તૈયાર કરવા માટે નીમેલી સમિતિની એક સભા તા. ૩/૪–૨–૧૯૬૮ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩–૨–૧૯૬૮	તા. ૪–૨–૧૯૬૮
૧.	આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર	હાજર
૨.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર	હાજર
૩.	શ્રી. પી. સી. વૈદ્ય	હાજર	ગેરહાજર
૪.	શ્રી. બી. એમ. પટેલ	હાજર	હાજર.

સિન્ડિકેટે નીચેની બાબતો આ સમિતિને વિચારણા માટે મોકલી છે :

(૧) વહીવટી સમિતિ ઉપર કોને નીમવા ?
(૨) હાલ કાર્યક્ષેત્ર શું રાખવું ?
(૩) સ્ટોર્સ માટે જરૂરી જગ્યા કયાં આપવી ?

૧. વહીવટી સમિતિ

કો-ઑપરેટિવ સ્ટોર્સનું શેરભંડોળ નીચે પ્રમાણે રાખવું :

(૧) 'અ' વર્ગ : યુનિવર્સિટી શેર કૉન્ટ્રિબ્યુશન ... રૂ. ૨૦,૦૦૦
(૨) 'બ' વર્ગ : રૂ. ૧૦નો એક એવા ૫,૦૦૦ શેર ... રૂ. ૫૦,૦૦૦
(આ શેર યુનિવર્સિટી તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તથા યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોને આપવા.)
(૩) 'ક' વર્ગ : રૂ. ૨૫૦નો એક એવા ૨૦૦ શેર ... રૂ. ૫૦,૦૦૦
(આ શેર કૉલેજનું સંચાલન કરતા કેળવણી મંડળને કે ટ્રસ્ટો તથા કૉલેજો તથા તેમના હૉસ્ટેલના કો-ઑપરેટિવ સ્ટોર્સને આપવા.)

ઉપરના શેરભંડોળ ભરતા સભાસદોને વહીવટી સમિતિ ઉપર નીચે પ્રમાણે પ્રતિનિધિત્વ આપવું :

(૧) 'અ' વર્ગના શેરહોલ્ડર યુનિવર્સિટીના ૪ સભ્યોને દરેક ત્રણ વર્ષ માટે નિયુક્ત કરશે.
(૨) 'બ' વર્ગના સભ્યો ૪ સભાસદો ચૂંટશે.
(૩) 'ક' વર્ગના સભાસદો દરેક ૫૦ કે તેના ભાગ માટેના સભ્યો એક, પણ વધુમાં વધુ બે, સભ્ય ચૂંટશે.

ઉપરાંત યુનિવર્સિટી મૅનેજિંગ ડિરેક્ટરની નિમણૂક કરશે તથા તેનો પગાર અને નોકરીની શરતો તે નક્કી કરશે. વહીવટી સમિતિના તે ઍક્સ-ઑફિસિયો સભ્ય રહેશે. ચૅરમૅનની નિમણૂક વહીવટી સમિતિ યુનિવર્સિટીએ નીમેલા ચાર સભાસદોમાંથી કરશે.

૨. કાર્યક્ષેત્ર

(૧) યુનિવર્સિટીનાં બધાં પ્રકાશનોનાં વેચાણ અંગે કામકાજ, જે આશરે રૂપિયા એક લાખનું થાય.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકો તથા સામયિકો ખરીદવા અંગેનું કામકાજ કે જે આશરે વાર્ષિક રૂા. બે લાખનું થાય.

(૩) યુનિવર્સિટીનાં ભવનો માટે તથા યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો માટે વૈજ્ઞાનિક સાધનો, કેમિકલ્સ વગેરેનું ખરીદીનું કામકાજ તથા પરદેશથી આયાત કરવા માટેનાં રાહત લાઇસન્સો પણ તેને સહેલાઈથી સરકાર તરફથી મળી શકે.

(૪) યુનિવર્સિટી તથા બીજી કૉલેજોની કૅન્ટીનો તથા રસોડાંઓનું સંચાલન પણ કરી શકે.

(૫) યુનિવર્સિટી માટે તથા કૉલેજો માટે સ્પૉર્ટ્સ અંગેનાં સાધનો અંગેનું કામકાજ પણ કરી શકે.

(૬) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો કો-ઑપરેટિવ સ્ટોર્સનો જથ્થાબંધ ભાવે માલ મેળવી માલ પહોંચાડવાનું કામ કરી શકે.

(૭) જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓનાં ખરીદ/વેચાણ કે ઉત્પાદન વગેરે.

૩. જગ્યા

યુનિવર્સિટી કો-ઑપરેટિવ સ્ટોર્સને શરૂઆતમાં પ્રસિદ્ધિ મળે તે જરૂરી હોવાથી શરૂઆતમાં યુનિવર્સિટીના નીચેના માળે રૂમ નં. ૧માં આવો સ્ટોર્સ શરૂ કરવો તેમ બલામણ છે. ઉપરાંત ફર્નિચર પણ યુનિવર્સિટીએ આપવું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૨૭

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૭-૨-૧૯૬૮ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન	ગેરહાજર
૩. ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. કરસનદાસ ડી. કડિયાને યુનિવર્સિટીના કર્મચારીઓ જ્યારે અંગત કામ માટે યુનિવર્સિટીની મોટર વાપરે ત્યારે ઓવરટાઇમ આપવા અંગેની તા. ૭-૯-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવ નં. ૭૭ની જાણ આ ભાઈઓને કરવી અને પોતાનો કેસ રજૂ કરવા માટે તેમને સમિતિની આગામી સભા સમક્ષ રૂબરૂમાં રજૂ કરવા માટે તક આપવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે તથા યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક ટાઇપિસ્ટોએ એક્સ્ટ્રાઓર્ડિનરી પ્રવૃત્તિનું કામ કરવા અંગે મહેનતાણું આપવા અંગે કરેલ તા. ૨૭-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત :

"બોર્ડના મંત્રી તરીકે શ્રી. જી. એ. દેસાઈને કામ સોંપેલું હતું. તેઓ તા. ૭-૧૦-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (Lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એક્સ્ટ્રાઓર્ડિનરી સ્ટડીઝ પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું તથા વધુમાં ઠરાવવામાં

આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતાં ભથ્થાંની બાબત જોઈ તપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે સદરહુ સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪. ચીફ મેડિકલ ઑફિસર શ્રી. કે. એ. શાહ તથા રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની પગારધોરણ સુધારવા અંગેની તા. ૨૫-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિના તા. ૬-૧-૧૯૬૮ના ઠરાવ અનુસાર શ્રી. સી. આર. ત્રિવેદી, આર.એમ.ઓ.ને તેમનો કેસ રજૂ કરવા રૂબરૂ મળવા બોલાવ્યા હતા. તેઓએ હાજર રહી નીચે મુજબ કેસ રજૂ કર્યો હતો :

(૧) યુનિવર્સિટીના જુદી જુદી કક્ષાના બિનશિક્ષકગણના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવામાં આવ્યાં છે તે જોતાં તેઓનું પગારધોરણ સુધારવું જોઈએ.

(૨) તેઓના પગારધોરણનો પગારવધારાના દર પણ યુનિવર્સિટીની બીજી જગ્યાઓના પ્રમાણમાં ઓછો હોવાથી સુધારવો જોઈએ.

(૩) તેઓને નોન-પ્રેક્ટિસિંગ એલાવન્સ આપવું જોઈએ.

બાર બાદ યુનિવર્સિટી કાર્યાલયની જુદી જુદી બિનશિક્ષકવર્ગની જે જગ્યાઓનાં પગારધોરણો તા. ૧-૭-૧૯૬૭થી સુધારવામાં આવેલાં ન હતાં તે ઉપર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે નીચેની જગ્યાઓનાં પગારધોરણ હાલ સુધારવાની જરૂર નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	જગ્યાનું નામ	હાલનું પગારધોરણ
૧.	ચીફ મેડિકલ ઑફિસર	રૂા. ૫૦૦-૨૫-૭૦૦ ઈ.બી. ૩૦-૧,૦૦૦
૨.	રેસિડેન્ટ મેડિકલ ઑફિસર	રૂા. ૩૫૦-૨૫-૬૦૦ ઈ.બી. ૩૦-૭૫૦
૩.	યુનિવર્સિટી ઇજનેર	રૂા. ૪૦૦-૨૫-૭૦૦
૪.	ફોટોગ્રાફર	રૂા. ૬૦-૫-૧૪૦ ઈ.બી. ૧૦-૨૦૦
૫.	મિકેનિકલ-કમ-ઇન્સ્ટ્રુમેન્ટ રિપેરર	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
૬.	પ્લાન્ટ કલેક્ટર	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
૭.	હરબેરિયમ આસિસ્ટન્ટ	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
૮.	કમ્પાઉન્ડર	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
૯.	આર્ટિસ્ટ	રૂા. ૧૦૦-૧૦-૨૦૦ ઈ.બી. ૧૫-૨૬૦
૧૦.	વર્કશોપ મિકેનિક	રૂા. ૮૦-૭-૧૫૦
૧૧.	વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ	રૂા. ૨૫૦-૨૫-૫૦૦
૧૨.	લેબોરેટરી ટેકનિશિયન	રૂા. ૧૨૫-૧૦-૩૨૫

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની બે જગ્યાઓનાં પગારધોરણો નીચે મુજબ સુધારવાં અને એ સુધારેલાં પગારધોરણોનો અમલ તા. ૧-૭-૧૯૬૭થી કરવાનું રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	જગ્યાનું નામ	હાલનું પગારધોરણ	સૂચિત પગારધોરણ
૧.	વર્ક આસિસ્ટન્ટ	રૂા. ૭૫-૫-૧૨૦	રૂા. ૭૫-૫-૧૪૦
૨.	વર્કમેન	રૂા. ૪૦-૨-૬૦	રૂા. ૪૦-૨-૬૦-૩-૭૫

કોપીહોલ્ડર શ્રી. જે. ડી. પરમારની તા. ૩૦-૧-૧૯૬૮ની તથા પ્રૂફરીડરો સર્વશ્રી ડી. એમ. પંડ્યા, ડી. ડી. પટેલ અને કે. ડી. દેસાઈની તા. ૬-૨-૧૯૬૮ની પગારધોરણ સુધારવાની અરજીઓ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

૫. કુલસચિવશ્રી રજા ઉપર જાય તો તેમનો ચાર્જ કોને આપવો તે નક્કી કરવા બાબત.

(નોંધ.—આ અંગેના સ્ટેચ્યૂટમાં નીચે પ્રમાણે જોગવાઈ છે:

After the termination of the appointment of the first Registrar under Sec. 62 of the Act, all subsequent appointments shall be made by the Syndicate. In the case of necessity, the Vice-Chancellor shall have power to provide for the performance of the duties of the Registrar.)

આ અંગેનો ઠરાવ તા. ૧૬-૨-૧૯૬૮ની સમિતિની ભલામણો સાથે રજૂ કરવામાં આવશે.

૬. સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં "પીસ વેજીઝ"ના દરો નક્કી કરવા અંગે સ્થાયી સમિતિને સત્તા આપી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયનું કામ કરાવવા માટે "પીસ વેજીઝ"ના દર મંજૂર કરવા.

નીચેની બાબતો સમયના અભાવે મુલતવી રહી હતી:

૭. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની નીચેની બાબત આ સમિતિ તરફ મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત:

"સ્ટે. ૧૩૪:

The pay-scale of the Registrar shall be Rs. 800-50-1,500 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole time employees of the University from time to time.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967.

૮. સિન્ડિકેટે તેની તા. ૨-૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"રાજ્ય સરકારે તેમના તા. ૨૬-૯-૧૯૬૭ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૭-૫ થી ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકગણનાં પગારધોરણ ઉપર રાજ્ય સરકારના 'મર્જ્ડ સ્કેલ' ધોરણે મોંઘવારી ભથ્થું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત."

૯. સિન્ડિકેટે તેની તા ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિ ઉપર મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ચોથી પંચવર્ષીય યોજનાનાં પગારસુધારણા યોજના નીચે યુનિવર્સિટી, સરકારી કૉલેજો અને બિનસરકારી કૉલેજોના શિક્ષકોને તા. ૧-૪-૧૯૬૬થી સુધારેલાં પગારધોરણો આપવા અંગેના સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૧૬-કે.એચ. ઉપર વિચારણા કરવા બાબત."

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની મદદનીશ હિસાબનીશની જગ્યા બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી."

૧૧. સિન્ડિકેટે તેની તા. ૧૫-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૩-૧૮-૬૪ (સી.ડી.એન.) દ્વારા યુનિવર્સિટી અને કૉલેજના અધ્યાપકોની નિવૃત્તિવયમર્યાદા ૬૦ વર્ષ રાખવાની અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે અને ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો વધુ બે વર્ષ માટે વધારી આપવાની જોગવાઈ કરવાના કરેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત."

૧૨. યુનિવર્સિટી કાર્યાલયના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન વિભાગમાં એક હેડક્લાર્કની જગ્યા ઊભી કરવા અંગે ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના તા. ૭-૧૧-૧૯૬૭ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

૧૩. સિનિયર ક્લાર્ક તથા સિનિયર ઑપરેટર સર્વશ્રી મહેશ બી. દવે, વી. બી. શાહ અને એન. એ. પંચાલની તેઓ ૩૦ દિવસથી વધુ રજા ઉપર હોવાથી પરીક્ષાભથ્થું જે કપાયું છે તેમાં રાહત આપવા અંગેની તા. ૫-૧-૧૯૬૮ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓની તા. ૧૫-૯-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧૫. આરોગ્યકેન્દ્રમાં એક ડ્રેસરની જગ્યા ઊભી કરવા અંગે આર.એમ.ઓ.ના તા. ૨૦-૧૨-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે આ સમિતિની બીજી સભા તા. ૧૬-૨-૧૯૬૮ના રોજ સવારના ૧૦-૦૦ વાગે બોલાવવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

Approved rates for piece wage work in the Gujarat University

		Rate Proposed
1.	Writing addresses on covers	Rs. 2-50 per 100
2.	Writing addresses with carbon paper for external forms	Rs. 4-00 per 100
3.	To affix franking stamps to covers, to a peon	Re. 0-40 per 100
4.	To inward posts received	Rs. 4-00 per 100
5.	To despatch letters after entering in the register excepting circulars	Rs. 5-00 per 100
6.	Writing Provisional Passing Certificates from the result sheet after arranging application received	Rs. 6-00 per 100
7.	Checking the Provisional Passing Certificates as prepared in 6 above	Rs. 2-50 per 100
8.	Preparing mark statements with 16 marks columns or more after arranging the applications received	Rs. 6-00 per 100
9.	Checking the mark statements prepared in Item No. 8 above and affixing stamps thereon.	Rs. 2-50 per 100
10.	Preparing the mark statements with columns 8 but less than 16 after arranging the applications received	Rs. 5-00 per 100

		Rate Proposed
11.	Preparing the mark statements with columns less than 8 columns marks	Rs. 4-00 per 100
12.	Checking the mark statements as prepared in item No. 11 above and affixing stamps thereon	Rs. 2-50 per 100
13.	Arranging the application forms for convocation according to the numbers and checking them with the result sheets and comparing the typed lists prepared	Rs. 6-00 per 100
14.	Checking the convocation certificates prepared	Rs. 2-50 per 100
15.	Checking the exemptions from the examination form	Rs. 4-00 per 100 candidates
16.	Reading the final proofs of the list of candidates in foolscape page between the two employees	Re. 0-25 per foolscap page between two
17.	Reading the final proofs of crown size, demi size and foolscap size	Re. 0-25 between the two
18.	To prepare credit marks for T.Y.B.A., B.Sc. and B.Com. from old registers as per the present system	Rs. 20-00 per 100 candidates
19.	Same as above with the improved system after punching the cards and arranging them according to seat numbers	Rs. 8-00 per 100 candidates
20.	To prepare the case of verification of mark sheets and doing correspondence in that behalf	Rs. 40-00 per 100
21.	Taking delivery of answerbooks, to get it opened, to look after the arrangement of the same on the racks, to a clerk	Re. 0-75 per 1,000 answerbooks

		Rate Proposed
22.	To open the parcels of answerbooks and arrange them in the racks, to a peon	Re. 0–50 per 1,000 answerbooks
23.	To find out the answerbooks for verification, to a peon	Rs. 15–00 per 100 candidates
24.	To fill in marks in the two copies of the result sheets with different subjects	Rs. 4–50 per 100 students between three employees
25.	To process applications for withdrawal of admissions and to prepare a list according to the number for each examination and file them properly	Rs. 8–00 per 100
26.	To type invitation to Examiners and Senior Supervisors	Rs. 5–00 per 100
27.	To check the above invitations	Rs. 2–50 per 100
28.	To fill and remove carbon in stencils, mark sheets, result sheets, etc.	Re. 0–65 per 100
29.	To affix stamp on the mark sheets, to a peon	Re. 0–25 per 100
30.	To print mark statements on the tabulator	Re. 0–25 per 100
31.	To print result sheets on the tabulator	Rs. 1–50 per 1,000 student
32.	Sorting the cards on high speed machines per column	Re. 0–06 per 1,000 cards
33.	Rolling the cards and taking the totals on the tabulator	Rs. 2–50 per 1,000
34.	For accepting the money-orders from the post office, entering them in the registers, preparing the receipts and disposing the same	Rs. 6–00 per 100 forms
35.	Accepting I.P.O. cheques, cash with posts, entering in the register, preparing the receipts and disposing the same	Rs. 8–00 per 100 Nos.

		Rate Proposed
36.	To prepare money-orders with lists	Rs. 8-00 per 100
37.	To prepare cheques for payment to Examiners, etc.	Rs. 3-00 per 100
38.	To prepare forwarding letters for the above	Rs. 3-00 per 100
39.	To check bills of Examiners	Rs. 5-00 per 100
40.	To pass T.A. Bills of the Examiners	Rs. 6-00 per 100
41.	To prepare list of payments to be made to Examiners for remuneration to Examiners, T.A. to Examiners, Sr. Supervisors, Jr. Supervisors, Proof-readers and Laboratory Assistants, etc.	Rs. 2-50 per page of 30 names
42.	Checking the bills of Sr. and Jr. Supervisors and Proof-readers	Rs. 2-00 per 100
43.	To write names in the Sr. and Jr. Supervisors' registers after arranging them and filing them	Rs. 2-00 per 100
44.	Typing the list of convocation with addresses on foolscap page in single space	Re. 0-30 per fools-cap page
45.	Typing a list of candidates on fools-cap page	Re. 0-25 per foolscap page plus 10Ps. per page consisting of figure work exceeding half page
46.	To take out stencils to a peon up to 200 copies	Re. 0-10 per stencil.
47.	Checking the code and Principal's certificate on the application forms	Re. 1-00 per 100

Note.—The following deductions will be made from the remuneration :

(1) For one mistake	25% of the day's allowance
(2) For two mistakes	50% of the day's allowance
(3) For three mistakes	75% of the day's allowance
(4) For mistakes exceeding three..	The name to be reported to the Registrar for necessary action.

સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૬-૨-૧૯૬૮ની સભાની ભલામણો

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૬-૨-૧૯૬૮ના રોજ સવારે ૧૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. રો. વાય. જી. નાયક	હાજર
૪. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ	હાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. ક. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. કરસનદાસ ડી. કડિયાને યુનિવર્સિટીના કર્મચારીઓ જ્યારે અંગત કામ માટે યુનિવર્સિટીનાં મોટર વાપરે ત્યારે ઓવરટાઇમ આપવા અંગેની તા. ૭-૯-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિની તા. ૧૩-૨-૧૯૬૮ની સભામાં થયેલા ઠરાવ અનુસાર ઉપરોક્ત બન્ને ડ્રાઇવરોને — શ્રી. ગોવિંદ પરમાર અને કરસનદાસ કડિયાને — પોતાનો કેસ રજૂ કરવા માટે બોલાવવામાં આવ્યા હતા અને આથી તેઓ રૂબરૂ હાજર થયા હતા.

તેઓએ પોતાનો કેસ રજૂ કરતાં જણાવ્યું કે બીજી સંસ્થાઓ અને ખાનગી ડ્રાઇવરોને જે વેતન મળે છે તેના કરતાં તેઓનાં પગારધોરણ સારાં છે અને અનુક્રમે રૂા. ૨૬૪-૧૦ અને રૂા. ૨૩૬-૧૦ પગાર પણ સારો મળે છે, તેથી તે અંગે કોઈ ફરિયાદ નથી. પરંતુ તેઓના નોકરીના કલાકો નક્કી ન થયા હોવાથી તેઓને કેટલીક અગવડ પડે છે. જોકે આ અગવડ દરરોજની નથી તેમ જ કેટલાક દિવસોએ નજીવું કામ પણ હોય છે.

સમિતિએ ડ્રાઇવરોની ફરજો કેવી છે તે અંગે તેઓને ખ્યાલ આપ્યો હતો. આ જોઈ તેઓએ જણાવ્યું કે તેઓને પોતાની ફરજોનું પૂરેપૂરું ભાન થયું છે તેથી હવે તેઓની કોઈ ફરિયાદ રહેતી નથી. વધુમાં તેઓએ જણાવ્યું કે આ અંગે તેઓએ કરેલી તા. ૨૦-૩-૧૯૬૭, તા. ૧૫-૨-૧૯૬૮ તથા તા. ૭-૯-૧૯૬૭ની અરજીઓ પણ પાછી ખેંચી લે છે. ત્યાર બાદ ઉપરની હકીકત ધ્યાનમાં લઈ ને સમિતિએ ઠરાવ્યું કે સમિતિએ સદરહુ બાબતમાં હવે કંઈ કરવાની જરૂર નથી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. સિન્ડિકેટે તેની તા ૧૫/૧૬-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે તથા યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક ટાઇપિસ્ટોએ એકસ્ટ્રાઅ્યુરલ પ્રવૃત્તિનું કામ કરવા અંગે મહેનતાણું આપવા અંગે તા. ૨૭-૧૧-૧૯૬૭ની કરેલ સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત :

"બોર્ડના મંત્રી તરીકે શ્રી. જી. એ. દેસાઈને કામ સોંપેલું હતું, તેઓ તા. ૭-૭-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (લીયન) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એકસ્ટ્રાઅ્યુરલ પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈ તપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતા ભથ્થાંની બાબત જોઈ તપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે સદરહુ સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખી.

૪. કુલસચિવશ્રી રજા ઉપર જાય તો તેમનો ચાર્જ કોને આપવો તે નક્કી કરવા બાબત.

(નોંધ.—આ અંગેના સ્ટેચ્યૂટમાં નીચે પ્રમાણે જોગવાઈ છે:

St : 131

After the termination of the appointment of the first Registrar under Sec. 62 of the Act, all subsequent appointments shall be made by the Syndicate. In the case of necessity, the Vice-Chancellor shall have power to provide for the performance of the duties of the Registrar.)

આથી ઠરાવવામાં આવે છે સ્ટેચ્યૂટ ૧૩૧ સ્વયંસ્પષ્ટ હોઈ કાંઈ કરવાપણું રહેતું નથી.

૫. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની નીચેની બાબત આ સમિતિ તરફ મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત:

St. 134 :

The pay-scale of the Registrar shall be Rs. 800-50-1,500 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole time employees of the University from time to time.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit to Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સ્ટે. ૧૩૪ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવો :

St. 134 :

The pay-scale of the Registrar Shall be Rs. 800-50-1,300-60-1,600 and he shall in addition be entitled to receive allowances and at such rates as may be admissible to other whole time employees of the University from time to time provided however that with effect from the date on which the post of the Controller of Examination is filled in he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall in addition, be entitled to a rent free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967.

ઉપરની બાબતની વિચારણા થઈ ત્યારે કુલસચિવશ્રી કં. ચં. પરીખ સભામાં હાજર રહ્યા ન હતા.

૬. સિન્ડિકેટે તેની તા. ૨-૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"રાજ્ય સરકારે તેમના તા. ૨૬-૯-૧૯૬૭ના પત્રાંક યુ. એસ. જી. ૧૧૬૭-૫થી ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકગણના પગારધોરણ ઉપર રાજ્ય સરકારના 'મર્જ્ડ-સ્કેલ' ધોરણે મોંઘવારી ભથ્થું આપવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત."

૭. સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિ ઉપર મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ચોથી પંચવર્ષીય યોજનાની પગાર-સુધારણા યોજના નીચે યુનિવર્સિટી, સરકારી કૉલેજો અને બિનસરકારી કૉલેજોના શિક્ષકોને તા. ૧-૪-૧૯૬૬થી સુધારેલાં પગારધોરણો આપવા

અંગેના સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૧૬ કે.એચ. ૫૨ વિચારણા કરવા બાબત."

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સ્ટે. નં. ૨૦૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

St. 204 :

The scale of pay of the teachers in the University departments is fixed as under :

(1) Professor	Rs. 1,100-50-1,300-60-1,600
(2) Readers	Rs. 700-50-1,250
(3) Lecturers	Rs. 400-40-800-50-950
(4) Demonstrators	Rs. 250-15-400.

In addition to the above scales of pay the teachers shall be entitled to dearness allowances if any at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales in which dearness allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

The provision of the revised Pay-scales shall be deemed to take effect from 1st April, 1966 and the provision for payment of dearness allowance and other allowances will be effective from 1st April, 1965.

(નોંધ.—ઉપર મુજબ આ સમિતિની ભલામણ પર સિન્ડિકેટ વિચારણા કરે ત્યારે ચોથી પંચવર્ષીય યોજનામાં કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના પ્રશ્ન અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિના રિપોર્ટમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ પણ લક્ષમાં લેવા સિન્ડિકેટને સૂચવવામાં આવે છે.)

૮. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં મદદનીશ હિસાબનીશની જગ્યા બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૫-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ ૩૩-૧૮-૬૪ (સી.ડી.એન.) દ્વારા યુનિવર્સિટી અને કૉલેજના અધ્યાપકોની નિવૃત્તિવયમર્યાદા ૬૦ વર્ષ રાખવાની અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે અને ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો વધુ બે વર્ષ માટે વધારી આપવાની જોગવાઈ કરવાના કરેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન વિભાગમાં એક હેડક્લાર્કની જગા ઊભી કરવા અંગે ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના તા. ૭-૧૨-૧૯૬૭ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૧. સિ ક્લાર્ક તથા સિ. ઓપરેટર સર્વશ્રી મહેશ બી. દવે, વી. બી. શાહ અને એન. એ. પંચાલની તેઓ ૩૦ દિવસથી વધુ રજા ઉપર હોવાથી પરીક્ષાભથ્થું જે કપાયું છે તેમાં રાહત આપવા અંગેની તેમની તા. ૫-૧-૧૯૬૮ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિનિયર ક્લાર્ક સર્વશ્રી મહેશ બી. દવે, વી. બી. શાહ અને સિનિ. ઓપરેટર શ્રી. એન. એ. પંચાલની તા. ૫-૧-૧૯૬૮ની સંયુક્ત અરજી નામંજૂર કરવી.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓની તા. ૧૫-૯-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કર્મચારીઓને આપવામાં આવતું સાયકલ એલાવન્સ તેઓ જે હક્ક રજા કે માંદગીની રજા પર જાય તો કાપવું નહિ.

૧૩. આરોગ્ય કેન્દ્રમાં એક ડ્રેસરની જગા ઊભી કરવા અંગે આર. એમ. ઓ.ના તા. ૨૦-૧૨-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા કરવા માટે આરોગ્ય કેન્દ્રની સલાહકાર સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૧૪. સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિને મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબતઃ

"યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાના ધોરણે મૂળ પગારમાં મેળવવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.UP. 1415-375-4-68

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની સભા શનિવાર, તા. ૯-૩-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૦-૩-૧૯૬૮ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૯-૩-૧૯૬૮	તા. ૧૦-૩-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	હાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૮.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. બદુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	ગેરહાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	ગેરહાજર
૧૩.	પ્રો. બી. આર. શેનોય	હાજર	ગેરહાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	ગેરહાજર

૧. તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધમાં બાબત નં. ૧૦૨ના સંદર્ભમાં પ્રો. બી. આર. શેનોયનો તા. ૧-૩-૧૯૬૮નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને પ્રોફેસર શેનોયે પોતે તે અંગે મૌખિક રજૂઆત પણ કરી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગેની નોંધ, એક સભ્યની અસંમતિ સાથે, મંજૂર કરવામાં આવે.

તે પછી સિન્ડિકેટની સભાની કામકાજની નોંધને કશા ફેરફાર વિના સભાગૃહે મંજૂર રાખી, અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી સભાગૃહની સંમતિથી ડૉ. રમણુલાલ ગણુપતરામ ભટ્ટનો તા. ૫-૩-૧૯૬૮નો પત્ર રજૂ કરવામાં આવ્યો. ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં બાબત નં. ૧૦૧થી ડૉ. રમણુભાઈ ગણુપતરામ ભટ્ટની નિમણૂક કરવામાં આવી છે તે નિમણૂક માટે મૂળ માસિક પગાર રૂા. ૯૪૦ને બદલે પત્રમાં તેમણે કરેલા સૂચનને અનુલક્ષીને રૂા. ૮૬૦ કરવો.

૧-બ. તે પછી પ્રો. બી. આર. શેનોયે કુલાધિપતિશ્રીને લખેલ તા. ૪-૩-૧૯૬૮ના પત્રની જે નકલ તેમણે કુલપતિશ્રીને મોકલી છે તે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલાધિપતિશ્રી તરફથી તે બાબતમાં લખાણ આવ્યેથી તેનો યોગ્ય જવાબ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ. — પ્રો. શેનોયે કુલાધિપતિશ્રીને સીધો પત્ર લખ્યો તે બાબત વાંધાજનક ગણાય એમ પણ કેટલાક સભ્યોએ પોતાનો મત વ્યક્ત કર્યો હતો.)

સર્વશ્રી ડૉ. રમણુભાઈ જી. ભટ્ટ અને ડૉ. પરેશ એમ. મજમુદારને નિમણૂકપત્રો મોકલી આપવા માટે કાર્યાલયને જણાવવામાં આવ્યું.

૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુ તથા અન્ય સેનેટ-સભ્યોના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૭ (પાન ૭થી ૯)માં દર્શાવેલ માહિતી ઉપરથી સૂચવાય છે કે પ્રતિવર્ષ કૉલેજો તેમ જ અધ્યાપકોની સંખ્યા વધતી જાય છે. આ સાથે અધ્યાપકો તેમ જ વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના અર્થઘટન, અમલ અને પાલન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થવાના પ્રસંગો પણ વધવાનો સંભવ છે. તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ, યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટી એક્ટના સેક્શન ૨૫(૧૫), ૨૫(૨૬) અને ૨૫(૨૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવાની, સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ખૂબ આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૧૯૬૭)ના પ્રકરણ ૭, પાન ૭ પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષ કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ

વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને, સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સઘનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સદ્ધરતા અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી — આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપતી વખતે વધુ કડક, વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા, લાગતાંવળગતાં મંડળોને ઉચ્ચ શિક્ષણનું યોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી, આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ડૉ. સી. આર. નાયક તેમ જ અન્ય સેનેટ-સભ્યોના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંની પાન ૪૮થી ૫૧ ઉપરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી, સેનેટની આ સભા, વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશનનું કામ વધુ વેગવાન બનાવવાની તરફેણમાં સિન્ડિકેટ છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૧૩માંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓને ઑલ ઇન્ડિયા રેડિયોના યુનિવર્સિટી બ્રોડકાસ્ટ જેવા મહત્ત્વના અને ઉપયોગી કાર્યક્રમો સાથે સીધો સંબંધ નથી, જ્યારે પ્રકરણ ૬ (ગુ. યુનિ. વાર્ષિક અહેવાલ, ૧૯૬૬-૧૯૬૭)માંના પાના ૪૧ પરથી જણાય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં સારી એવી સંખ્યામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તથા ઉત્તરોત્તર આ સંખ્યા વધતી જાય છે, તો આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં શીખવતા ઉત્તમ અધ્યાપકો તેમ જ અન્ય વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ આપી શકાય તે હેતુથી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ તેમ જ ઑલ ઇન્ડિયા રેડિયોના સંપર્ક અને સહકાર દ્વારા રેડિયો જેવા વ્યાપક માધ્યમનો શિક્ષણના માધ્યમ તરીકે વધુ વ્યાપક અને વધુ અસરકારક

ઉપયોગ કરવાની યોજના કરવા માટે ત્વરિત પ્રવૃત્તિ આદરવાની લાગતાંવળગતાં મંડળોને સેનેટની આ સભા ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોની અને તદનુસાર અધ્યાપકોની વધતી જતી સંખ્યા જોતાં, અધ્યાપકોના પરસ્પર સંપર્ક, વિચારવિનિમય તેમ જ અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિકાસની દૃષ્ટિએ વિવિધ વિષયોને અનુલક્ષીને વારંવાર સેમિનાર, શિબિરો, પરિષદો વગેરે યોજવા એ આવશ્યક છે. એ દૃષ્ટિએ સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાવળગતાં મંડળોને આ બાબતમાં વિશેષ પ્રવૃત્તિ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે તથા તેવી પ્રવૃત્તિઓ શક્ય બનાવવા માટે અંદાજપત્રના પાન ૯ પર વર્ષ ૧૯૬૮-૬૯ માટે સૂચવાયેલી પરિસંવાદ વગેરે માટેની જોગવાઈની રૂા. ૧૬,૦૦૦ની રકમને રૂા. ૨૦,૦૦૦ સુધી વધારવાની, અને તે પૂરી ઉપયોગમાં લેવાય તેવી પ્રવૃત્તિ કરવાની વિનંતી કરે છે."

સદરહુ બાબત અંગે કશો અભિપ્રાય દર્શાવવાનું સિન્ડિકેટને જરૂરી જણાયું નહિ.

૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટ હૉલમાં ચાલુ સભાએ નોંધ લેતાં ફાવે એ માટે ખુરશીઓને Attachment કરવા માટે રૂા. ૫,૦૦૦ના ખર્ચનો અંદાજ મૂકવો. એ પ્રમાણે કુલ ખર્ચ રૂા. ૮૬,૦૬,૩૩૦નો થાય એ પ્રમાણે સુધારવો અને તેના લીધે અસર થતા બીજા આંકડાઓ એ પ્રમાણે સુધારવા."

સદરહુ બાબત અંગે કશો અભિપ્રાય દર્શાવવાનું સિન્ડિકેટને જરૂરી જણાયું નહિ.

૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"અંદાજપત્રમાં એસ્ટાબ્લિશમેન્ટ ખર્ચ પાન નં. ૨, બાબત નં. ૨ અને ૪માં ખર્ચની કુલ રકમ રૂા. ૨૧,૪૮૪ મૂકવામાં આવી છે તે રકમ ગયે વર્ષે રૂા. ૧૭,૬૫૨ હતી તેમાં જૂના પગારધોરણ મુજબ સામાન્ય ઇન્ક્રીમેન્ટો વગેરેની જોગવાઈ બાદ કરતાં અંદાજે રૂા. ૩,૦૦૦નો વધારો થાય છે એટલે તે રકમ રૂા. ૨૧,૪૮૪ને બદલે અંદાજે રૂા. ૧૮,૫૦૦ કરવી."

સદરહુ બાબત અંગે કશો અભિપ્રાય દર્શાવવાનું સિન્ડિકેટને જરૂરી જણાયું નહિ.

૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 21 as below:

Statute 21 will be read as below :

Fifty members of the Senate shall form a quorum and all questions shall be decided by a majority of votes of the members

present, the Chairman, in the case of equality of votes having a second or casting vote."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 104 as below :

Not less than one-half of the number of members, or three members, whichever is greater, of any Faculty shall constitute a quorum for a meeting of the Faculty."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. આર. ઢવેના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી સેનેટની આ સભા યુનિવર્સિટીનાં યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે કે સ્ટેચ્યૂટ ૧૭૩માં છેલ્લી લીટી 'The provisions of this statute shall come into effect from 15th June 1970' એ પ્રમાણે વંચાય એ રીતે સ્ટેચ્યૂટ સુધારવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. આર. ઢવેના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી સેનેટની આ સભા સ્ટેચ્યૂટ ૧૭૩માં છેલ્લી લીટી

'The provisions of this Statute shall come into effect from 15th June, 1970.'

એ પ્રમાણે વંચાય એ રીતે સુધારવાનું ઠરાવે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આર. બી. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ તથા અન્ય યુનિવર્સિટી અધિકારી મંડળને ભલામણ કરે છે કે યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નવા સુધારેલા સ્ટે. ૧૭૩માં સ્ટેચ્યૂટના

અમલ અંગે જે પ્રોવિઝો છે તે લાઇનમાં એટલે છેલ્લી લાઇનમાં 15th June, 1968 ને ૨૬ કરી 15th June 1970 મૂકવું, જેથી સ્ટેચ્યૂટનો સુધારેલો પ્રોવિઝો નીચે પ્રમાણે વંચાય:

'The provisions of this Statute shall come into effect from 15th June, 1970.'"

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર હો. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ મીટિંગ ઠરાવે છે કે હાલના સ્ટે. ૧૭૩માં નીચે પ્રમાણે સુધારો કરવો :

સ્ટેચ્યૂટની છેલ્લી બે લાઇનમાં 15th June, 1968 એ શબ્દો છે તેને બદલે 15th June 1969 એ શબ્દો મૂકવા.'

આ સુધારો કરવાથી આખો સ્ટેચ્યૂટનો શરૂઆતનો બધો ભાગ જેમનો તેમ રહેશે, પરંતુ છેલ્લી બે લાઇન નીચે પ્રમાણે વંચાશે:

'The provisions of this Statute shall come into effect from 15th June, 1969.'"

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૫. આચાર્ય આઈ. એમ. પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

St. 173 :

(1) For admission to the Pre-University Class in the Faculties of Arts, Commerce and the First Year Diploma Class in Pharmacy and the First Year in the Diploma Classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one;

Provided that a candidate who has not offered Algebra, Geometry or Elementary Mathematics at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science, F.Y. Diploma Class in Pharmacy and Pre-University Science (Agri.) Classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) Engiish (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry or General Science or Physiology and Hygiene shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level),

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry or General Science or Physiology and Hygiene as his subjects.

The provision of this Statute shall come into effect from 15th June 1968."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ડૉ. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"સેનેટની આ સભા લાગતીવળગતી સંસ્થાને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ ૧૬(૧)એ (*iii*)માં નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરે:

16 (1) (A) (*iii*): Last ex-Vice-Chancellor of the University residing in the (State)."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૭. ડૉ. સી. આર. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે:

Section 25 :

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the Statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-Officio Members

(*i*) Such members of the faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned.

(*a*) no member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(*b*) no assignment of a member so made shall be changed during the term of his office except when any of the Boards are reconstituted, in which case he shall have the option to choose one of the Boards so re-constituted and be assigned to accordingly.

(*ii*) Such teachers in the University Departments as hold the post of a Professor in the subject or the senior-most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area, it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus with the term of office of the elected members on the Senate.

(5) The other powers and duties of the Boards of Studies shall be as prescribed by the Statute."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૭(અ). તે પછી સભાગૃહની સંમતિથી પ્રો. બી. આર. શેનોયના રાજીનામાની બાબતમાં સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થીઓના, તા. ૩-૩-૧૯૬૮નો અને તા. ૯-૩-૧૯૬૮નો, એમ બે કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે તબક્કે પ્રો. શેનોય પોતાને સદરહુ બાબત અંગે કશું કહેવા-પૂછવાનું નથી તેમ જણાવીને સભાગૃહ છોડી ગયા હતા. ત્યાર બાદ સદરહુ બાબત અંગે ચર્ચા કરવામાં આવી અને તે કાગળોની નોંધ લેવામાં આવી.

૧૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate requests the Government of Gujarat to amend the Section 33 suitably so as to accept the decision of the Senate as a final one in the matter of affiliation."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ હોઈ આ તબક્કે સિન્ડિકેટ સદરહુ બાબત અંગે કશો અભિપ્રાય જણાવવા ઇચ્છતી નથી.

૧૯. આચાર્ય બી. એમ. પંડિતના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય લીધા વિના પાસ થનાર અથવા અંગ્રેજી લઈને તેમાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટીના પ્રી-યુનિવર્સિટી વિભાગના વર્ગોમાં દાખલ થવાને પાત્ર ગણવો જોઈએ અને તે અંગેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નિયમોમાં જરૂરી ફેરફારો કરીને કરવી જોઈએ."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૯ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૯. દેખભાળ સમિતિની ભલામણોના આધારે સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં કરેલ ફેરફારો સહિતની જોડાણઅરજી પર નિમાતી સ્થાનિક તપાસસમિતિને આપવામાં આવતી સુધારેલી સૂચનાઓ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના જોડાણ અંગે નિમાતી સ્થાનિક તપાસસમિતિઓને આપવામાં આવતી સૂચનાઓ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારીને મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા પરિશિષ્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

તે પછી તા. ૯-૩-૧૯૬૮ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું, અને બીજે દિવસે તા. ૧૦-૩-૧૯૬૮ના રોજ સવારે ૯-૩૦ કલાક પછી બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૨૦. આચાર્ય બી. એમ. પંડિતના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પૂર્વસ્નાતક કક્ષામાંથી ટ્યુટોરિયલ પદ્ધતિ નાબૂદ કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૧. આચાર્ય બી. એમ. પંડિતના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એસ.એસ.સી.માં એલિમેન્ટરી મૅથ્સ. (પ્રાથમિક ગણિતશાસ્ત્ર)માં ૫૫ ટકા ગુણ મેળવી પાસ થનાર વિદ્યાર્થીને પ્રી-યુનિવર્સિટી સાયન્સમાં પ્રવેશ આપવાની જોગવાઈ ફક્ત ૧૯૬૮-૬૯ના વર્ષ પૂરતી કરવી ખાસ જરૂરી છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આર. બી. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં અમદાવાદની અને ગુજરાતની વિશિષ્ટતા જોતાં ગુજરાત યુનિવર્સિટીમાં "ટેક્સ્ટાઈલ એન્જિનિયરિંગ" અને "ટેક્સ્ટાઈલ ટેકનોલોજી"ના પદવી અભ્યાસક્રમો તાકીદે સ્થાપિત કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણ કરે છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૩. આચાર્ય હે. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝને બદલે નીચેના વિષયોનાં સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં અને ડિરેક્ટરની જગા રદ કરવી. આ અંગે યુનિવર્સિટી અધિકારમંડળોએ યોગ્ય પગલાં લઈ જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં મૂકવી

(૧) કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ
(૨) ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ
(૩) બોટાની ડિપાર્ટમેન્ટ
(૪) ઝૂલોજી ડિપાર્ટમેન્ટ
(૫) સ્ટેટિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટ
(૬) મૅથેમેટિક્સ ડિપાર્ટમેન્ટ"

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૪. આચાર્ય હે. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝને બદલે નીચેના વિષયોનાં સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં અને ડિરેક્ટરની જગા રદ કરવી. આ અંગે યુનિવર્સિટી અધિકારમંડળોએ યોગ્ય પગલાં લઈ જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં લાવવી.

(૧) ઇકોનોમિક્સ ડિપાર્ટમેન્ટ
(૨) પોલિટિક્સ ડિપાર્ટમેન્ટ
(૩) સોશિયોલોજી ડિપાર્ટમેન્ટ
(૪) લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટ."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૫. આચાર્ય રા. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસને બદલે નીચેના વિષયોનાં સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ ઊભાં કરવાં અને ડિરેક્ટરની જગા રદ કરવી. આ અંગે યુનિવર્સિટી અધિકારમંડળોએ યોગ્ય પગલાં સત્ર જૂન ૧૯૬૮થી આ યોજના અમલમાં લાવવી.

(૧) ગુજરાતી ડિપાર્ટમેન્ટ (લિંગ્વિસ્ટિક્સ સહિત)
(૨) સંસ્કૃત ડિપાર્ટમેન્ટ તથા ક્લાસિકલ લેંગ્વેજીસ
(૩) હિંદી તથા અન્ય આધુનિક ભારતીય ભાષા ડિપાર્ટમેન્ટ
(૪) અંગ્રેજી તથા અન્ય આધુનિક પરદેશી ભાષા ડિપાર્ટમેન્ટ."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૬. આચાર્ય રા. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"આ સેનેટની સભા ઠરાવે છે કે એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. વિષયો માટે હાલની જે યોજના છે તેને બદલે બે પ્રકારની ડિગ્રી આપવાની યોજના કરવી : (૧) પાસ કોર્સ અને (૨) ઑનર્સ કોર્સ.

(*i*) ઑનર્સ કોર્સમાં હાલની પદ્ધતિ મુજબ જે વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા સેકન્ડ ક્લાસમાં પાસ થાય તેને જ ડિગ્રી આપવામાં આવશે.

(*ii*) એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ. પાર્ટ ૧નો અભ્યાસક્રમ બધાને માટે સામાન્ય રાખવો અને એમાં જે વિદ્યાર્થીઓને ૬૬ ટકાથી વધુ અને ૪૮ ટકાથી ઓછા માર્ક મળ્યા હોય તેને પાર્ટ ૨ની પરીક્ષા પાસ કોર્સ માટે આપવા દેવી.

(*iii*) એમ એ., એમ.એસસી. અને એમ.કૉમ. પાર્ટ ૨માં પાસ કોર્સ અંગેના અભ્યાસક્રમોની પુનર્રચના કરવી."

સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય જાણ્યા વિના સિન્ડિકેટ કશો અભિપ્રાય દર્શાવવા ઇચ્છતી નથી, એમ સેનેટને જણાવવું.

૨૭. શ્રી. એસ. એમ. ઠક્કર તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણ-કાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to the concerned authorities of the University to review the position of internal evaluation so as to make internal test as qualifying examinations for admissions to the University examination and to take off its impact on the class awarded at the various examinations."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય સી. એલ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી આ સેનેટ ઠરાવે છે કે અનુસ્નાતક શિક્ષણ હાલ અમદાવાદ શહેરમાં યુનિવર્સિટી ભવનો દ્વારા જ અપાય છે તેને બદલે આ ભવનો ઉપરાંત શહેરમાં આવેલી અને અનુસ્નાતક શિક્ષણ માટેની શરતો પૂરી કરે તેવી કૉલેજોને પણ આ શિક્ષણ સોંપવું."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. પી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી દરેક વિદ્યાસંસ્થાનું શૈક્ષણિક કાર્ય પ્રાર્થનાથી શરૂ થવું જોઈએ. જે વિદ્યાસંસ્થાઓમાં આ નિયમ પળાય છે તે અભિનંદનને પાત્ર છે. જે વિદ્યાસંસ્થાઓમાં આ નિયમનું પાલન ન થતું હોય ત્યાં તે નિયમ પળાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્થાઓનું કામકાજ પ્રાર્થનાથી શરૂ કરવાની બાબતમાં નિયમ કરી શકાય નહિ, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૩૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. પી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"અમદાવાદના અનુસ્નાતક વિદ્યાર્થીઓ અમદાવાદ બહાર, બહારગામનાં અનુસ્નાતક કેન્દ્રોમાં મોટી સંખ્યામાં અભ્યાસ કરવા માટે શુક્ર, શનિ, રવિએ જાય છે તેમની જવા-આવવાની હાડમારી દૂર કરવા માટે અને સમય અને દ્રવ્યનો બચાવ કરવા માટે અમદાવાદ બહારનાં અનુસ્નાતક કેન્દ્રોની માફક અમદાવાદમાં કોઈ પણ સ્થળે શુક્રવારે અને શનિવારે સાંજે અને રવિવારે સવારના સમયે યુનિવર્સિટી તરફથી વ્યવસ્થા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. પી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આ વર્ષે ઉચ્ચ ગણિત એકદમ શ્રેણી અગિયારમાં દાખલ થયેલું છે અને સાયન્સ કૉલેજમાં પ્રવેશ માટે ફરજિયાત થયેલું છે. પરંતુ આ નિયમથી વિદ્યાર્થીઓને ઘણું નુકસાન થવા સંભવ છે. તો જે વિદ્યાર્થીઓ પ્રાથમિક ગણિતમાં ૬૦ ટકાથી વધારે ગુણ મેળવે તેમને સાયન્સ કૉલેજમાં પ્રવેશ માટે યોગ્ય ગણવા."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. પી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"બી.એડ. પછી પાંચ વર્ષ કે તેથી વધુ સમયનો શૈક્ષણિક અનુભવ હોય તેવા શિક્ષકોને એમ.એડ.ની પરીક્ષામાં સીધા બેસવા દેવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. પી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"કૉલેજ-પ્રવેશ માટે દરેક વિદ્યાર્થીએ સંસ્કૃતની પરીક્ષા ઉત્તીર્ણ કરવી જોઈએ; કારણ કે સંસ્કૃત ભાષાના અભ્યાસથી સંસ્કારિતા અને ચારિત્ર્ય-ઘડતર સારી રીતે કેળવાય છે."

આથી ઠરાવવામાં આવે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૫. તા. ૧-૭-૧૯૬૭ની સિન્ડિકેટની સભામાં બાબત નં. ૨૦થી ઠરાવ્યા પ્રમાણે આ યુનિવર્સિટીની પરીક્ષામાં ગેરવાજબી કલાકો અજમાવતાં પકડાય તે વિદ્યાર્થીઓ પૈકી કોને કયા સંજોગોમાં ચાલુ પરીક્ષાએ ઉઠાડી મૂકવા તે અંગેનાં ધારાધોરણો ઉપર સમગ્ર રીતે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુપરવાઇઝરોને આપવામાં આવતી સૂચના નં. ૨૨નો સુધારેલો પાઠ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલી સુધારેલ સૂચના નં. ૨૨ની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૬. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓની સભામાં હાજર રહેવા માટે મુસાફરી ભથ્થાં, દૈનિક ભથ્થાં વગેરેના હાલના નિયમો જોઈતપાસી સૂચનો કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૦-૯-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. સંશોધન યોજનાઓ હેઠળ યુનિવર્સિટીના શિક્ષકોને વધારાનું માનદ વેતન આપવા બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧-૧૨-૧૯૬૭ની સભાના ઠરાવ નં. ૩૭થી કરેલ સૂચન અનુસાર આ અંગે જરૂરી સ્પષ્ટતા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને પુછાવતાં કમિશન તરફથી તા. ૩૦-૧-૧૯૬૮ના પત્રાંક એફ. ૩૨-૮-૬૮ (એસ.સી., ૧)થી નીચે જણાવેલ અભિપ્રાયની નોંધ લેવા બાબત :

"No honorarium is permissible to a full-time member of the staff of the University in respect of research schemes financed under U.S. P.L.–480 rupee funds. The normal rules prescribed by the Government of India in this respect will apply to all other research schemes."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૮. સરકારી ઑડિટરના સને ૧૯૬૪-૬૫ના જનરલ હિસાબો અંગેના ઑડિટ રિપોર્ટના નીચેના વાંધા અંગે વિચારણા કરવા બાબત :

Para 8 :

The employees of the University are being paid Cycle Allowance of Rs. 5–00 p.m. as per item 6 of the Resolution of the Syndicate, dated 5–3–1951, on the ground that the University was situated far away from the city. Since the University employees are also paid monthly the Compensatory Local Allowance as per the scale laid down by the Govt. of Gujarat from time to time, it is a point for consideration whether the grant of Cycle Allowance in addition as justified particularly when recognised principle is that the pay of an employee is supposed to include also the element of transport for attending the place of duty. This may therefore be placed before the Syndicate for reconsideration particularly when since 1951, the city of Ahmedabad has expanded considerably and the conditions prevailing in the year of 1951 does not present now.

(નોંધ.—આપણે ઑડિટને ઉપરોક્ત ઑડિટ રિપોર્ટ જે સિન્ડિકેટની તા. ૪/૫-૩-૧૯૬૭ની સભામાં રજૂ કરેલના આ પેરાના જવાબમાં જણાવેલ કે આ પ્રશ્ન પર પુનર્વિચારણા કરવાની જરૂર નથી તેમ છતાં ઑડિટ તરફથી વખતોવખત આ પેરા અંગે વાંધો લઈ જણાવવામાં આવ્યું છે કે આ બાબત સિન્ડિકેટની સમક્ષ ફરીથી રજૂ કરી તેનો નિર્ણય જણાવે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૦. સંલગ્ન કૉલેજના જે ગ્રંથપાલે સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભાના ઠરાવ અન્વયે લાઇબ્રેરી સાયન્સના ડિપ્લોમા અગર ડિગ્રી ધરાવતા સ્નાતક ન હોય, તેઓ માટે પોતાની જ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે મેળવેલ પાંચ વર્ષનો અનુભવ પર્યાપ્ત ગણવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોમાં ગ્રંથાલયોમાં જે વ્યક્તિઓએ ઓછામાં ઓછાં ૧૫ વર્ષ સુધી કામ કર્યું હોય અને જેની ઉંમર ૪૫ વર્ષ કે તેથી વધારે હોય તેને માટે અપવાદ કરવા અંગે વિચારણા કરવાની સૂચના સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલને પાછી મોકલવી.

૪૧. રસાયણવિજ્ઞાન વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં જૂન ૧૯૬૮થી કેટલા વિદ્યાર્થીઓને દાખલ કરવા તે મુદ્દો તપાસી જવા સિન્ડિકેટની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભાએ રચેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. ટીચર્સ હૉસ્ટેલમાં રિચર્સ ફેલોને ક્વાર્ટર્સ આપવાની બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા તા. ૭-૨-૧૯૬૮ના પત્ર નં. એફ/૪૧-૨૯/૬૪ (સીયુ.)ના પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. સંલગ્ન કૉલેજ કોઈ પણ વિષય કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરે તે અંગે સિન્ડિકેટની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર કાર્યાલયે ઘડેલા માર્ગદર્શક સિદ્ધાંતોના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયે ઘડેલા માર્ગદર્શક સિદ્ધાંતો નીચેના સુધારા સાથે મંજૂર કરવા :

માર્ગદર્શક સિદ્ધાંત નં. ૨ માં 'ત્રણ વર્ષ'ને બદલે 'બે વર્ષ' શબ્દો મૂકવા.

(મંજૂર કરવામાં આવેલ માર્ગદર્શક સિદ્ધાંતોની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ના રોજ મળેલી ૪૮મી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

ભલામણ નં. ૪માં 'Dental' એ શબ્દને બદલે 'Medical or Dental' એ શબ્દો મૂકવા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૨૭-૪-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણ મંજૂર કરવી :

"આથી આ સમિતિ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરે છે કે જે અનુસ્નાતક કેન્દ્રમાં પ્રયોગશાળાની જરૂર હોય ત્યાં પુસ્તકો ઉપરાંત પ્રયોગશાળાનાં સ્થાયી પ્રકારનાં સાધનો માટે પણ અનુસ્નાતક કેન્દ્રની બચતનો ઉપયોગ કરવા દેવો.

વધુમાં આ સમિતિ એ પણ ભલામણ કરે છે કે જ્યારે કોઈ અનુસ્નાતક કેન્દ્રને પોતાનાં કાર્યના અને સાધનોના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા બીજાં સાધન મારફતે અનુદાન મળવાની શક્યતા હોય અને તે માટેની મેચિંગ શૅરની રકમ માટે અનુસ્નાતક કેન્દ્રની પૂરી બચત વાપરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે તેમ કરવાની છૂટ આપવી, પરંતુ તેથી વિશેષ રકમની વ્યવસ્થા કૉલેજે પોતે કરવાની રહેશે."

(સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરીને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નોંધ મૂકવા માટે કુલપતિશ્રીએ સંમતિ આપી હતી.)

(બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૫. સિન્ડિકેટની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં બાબત નં. ૮૦થી થયેલ ઠરાવ પ્રમાણે પીએચ.ડી.ની થીસિસ વિદ્યાર્થીઓ પાસેથી ટપાલખર્ચ લીધા વિના બૅર મેલથી એક્સ્ટર્નલ રેફરીને મોકલવા અંગેની બાબત પર પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ નીચે ટાંકયો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી.ના મહાનિબંધ તપાસવા માટે હવે પછી નિમાતા પરદેશી એક્સ્ટર્નલ રેફરીઓનું માનદ વેતન હાલ રૂા. ૧૦૦ છે તેને બદલે રૂા. ૨૦૦ આપવાનું રાખવું અને વિદ્યાર્થીઓના મહાનિબંધ બૅર મેલથી મોકલવા માટે વિદ્યાર્થીઓ પાસેથી કશો ટપાલ ખર્ચ લેવો નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૪૬. અતિથિગૃહના મકાનમાં સરભરા અને દેખરેખ અંગે જરૂરી વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી અતિથિગૃહોના નિયમો અને ઢરો અંગેની માહિતી મેળવીને અતિથિગૃહની વ્યવસ્થા અંગે પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી

(૨) આચાર્ય એમ. સી. દેસાઈ

(૩) ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ ઍન્ડ એકાઉન્ટ્સ).

૪૭. આર્ટ્સ કૉલેજ, સંખેડામાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કર્યા સિવાય ચાલુ શૈક્ષણિક વર્ષ પસાર કર્યું તો તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કર્યા સિવાય ચાલુ શૈક્ષણિક વર્ષ પસાર કર્યું તે યોગ્ય થયું નથી તેની સિન્ડિકેટની આ સભા સખેદ નોંધ લે છે અને તે બાબતમાં આચાર્યશ્રીને ઠપકાનો ઘટતો પત્ર લખવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપે છે.

૪૮. સર પી. ટી. સાયન્સ એન્ડ શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં સંસ્કૃતના પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે ખંડ સમયના પ્રાધ્યાપકથી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃતના પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે ખંડ સમયના પ્રાધ્યાપકથી આખું વર્ષ શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે યોગ્ય થયું નથી તેની સિન્ડિકેટની આ સભા સખેદ નોંધ લે છે, અને તે બાબતમાં આચાર્યશ્રીને ઠપકાનો ઘટતો પત્ર લખવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપે છે.

૪૯. સને ૧૯૬૭-૬૮ (એપ્રિલ ૧૯૬૭થી માર્ચ ૧૯૬૮)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.

[નોંધ.—(૧) સને ૧૯૬૬-૬૭ના વર્ષ માટે પ્રોવિડન્ટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૪·૮૫ ટકાના દરે અને વર્ષ દરમ્યાનના પહેલા ૭ મહિનાના ફાળા ઉપર ૪·૮૫ ટકાના અર્ધા દરે વ્યાજ આપ્યું હતું.

(૨) સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે ગુજરાત સરકારે ૫·૨૦ ટકા વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

(૩) વર્ષ દરમ્યાન રૂા. ૫૫,૨૭૯ વ્યાજ મળશે, જ્યારે ૫·૨૦ ટકા પ્રમાણે ગણતાં (પહેલા ૭ મહિનાની રકમ ઉપર ૨·૬૦ ટકા) કુલ રકમ રૂા. ૫૩,૫૬૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમ્યાન પ્રોવિડન્ટ ફંડના રોકાણ ઉપર વ્યાજની મળેલી રકમ જોતાં કર્મચારીઓને તેમને ખાતે જમા રકમ ઉપર નીચે પ્રમાણે વ્યાજ આપવું :

(૧) ગયા વર્ષની બાકી રકમ ઉપર ૫·૨૦ ટકા પ્રમાણે

(૨) પહેલા ૭ મહિના દરમિયાન જમા થયેલી કુલ રકમ ઉપર ૨·૬૦ ટકા પ્રમાણે.

૫૦. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૫-૬૬ના વર્ષના હિસાબો તથા તે ઉપરની તેઓની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઑડિટરોનો સદરહુ રિપોર્ટ, ૧૯૬૫-૬૬ના વર્ષના હિસાબો તથા તે ઉપરની ઑડિટરોની નોંધની નોંધ લેવી અને તે અંગે ઘટતો જવાબ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિદ્યાના ગ્રીષ્મ વર્ગોના સંચાલનના સંદર્ભમાં જે સભ્યોને જેટલા દિવસનું બેવડું વેતન અપાયું છે તેના તેટલા વધારાના (એકવડું વેતન રાખેલું) બાકીના પૈસા પાછા મેળવવા અને સદરહુ બાબત અંગે ભવનના અધ્યક્ષશ્રીને ઘટતો પત્ર લખવો.

૫૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં બોટાની વિભાગમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. એ. ડી. મનસૂરીને યુનિવર્સિટી ઑફ તહેરાન, બગદાદ અને અમેરિકન યુનિવર્સિટી ઑફ લેબેનોનમાં સંશોધન-કામ અંગેની માહિતી મેળવવા તથા ત્યાંની શૈક્ષણિક પદ્ધતિનો અભ્યાસ કરવા માટે તા. ૧૫ જૂનથી તા. ૧૪ ઑક્ટોબર ૧૯૬૮ની અભ્યાસ-રજા આપવા અંગેની તેઓની તા. ૨૩-૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. મનસૂરી વિજ્ઞાન વિદ્યાભવનમાં કાયમી લેક્ચરર તરીકે કામ કરે છે અને તેમનો મૂળ માસિક પગાર રૂા. ૪૬૦ છે. ભવનના અધ્યક્ષ જણાવે છે કે શ્રી. મનસૂરીની ગેરહાજરી દરમ્યાન કોઈ નવી નિમણૂક ન કરતાં તેમના શિક્ષણકાર્ય અંગેની વ્યવસ્થા તેઓ કરી લેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ડી. મનસૂરીને, ભારત સરકારની અનુમતિ તે સાપેક્ષ યુનિવર્સિટી ઑફ તહેરાન, બગદાદ અને અમેરિકન યુનિવર્સિટી ઑફ લેબેનોનીમાં સંશોધનકામ અંગેની માહિતી મેળવવા માટે તથા ત્યાંની શૈક્ષણિક પદ્ધતિનો અભ્યાસ કરવા માટે તા. ૧૫ જૂન ૧૯૬૮થી તા. ૧૪ ઑક્ટોબર ૧૯૬૮ સુધી વગર પગારની રજા મંજૂર કરવી.

૫૨. તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના બાબત ક્રમાંક ૮૩માં થયેલ ઠરાવમાં "ડી.એમ.આર.ઈ. પાર્ટ ૧ અને ૨"ને બદલે "ડી.એમ.આર.ઈ. પાર્ટ ૧"ના ઉલ્લેખ થયેલ છે તે મુદ્રણદોષની ભૂલ ગણી "ડી.એમ.આર.ઈ. પાર્ટ ૧ અને ૨ની પ્રાયોગિક પરીક્ષા માટે ઉપર મુજબનો લેબોરેટરી સ્ટાફ મંજૂર કરવો" તે મુજબનો સુધારો માન્ય રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારો માન્ય રાખવો.

૫૩. અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર તૈયાર કરવાનું પત્રવ્યવહારથી થવું જોઈએ જેથી મુસાફરી ભથ્થાંના ખર્ચમાં બચાવ થાય તેવા રો. જયંત હરિભક્તિના આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અત્યારની સૂચના મુજબ જ્યાં બે પ્રાશ્નિકો હોય ત્યાં પ્રશ્નપત્ર પત્રવ્યવહારથી તૈયાર કરવાની પરવાનગી આપવાની જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર તૈયાર કરવાનું કામ શક્ય હોય ત્યાં પત્રવ્યવહારથી કરવા માટે જે તે પ્રાશ્નિકોને જણાવવું.

૫૪. એપ્રિલ, ૧૯૬૭માં લેવાયેલ બી.કોમ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૦૩ અમદાવાદથી ૬૫ માઈલ દૂર આવેલ જે. એસ. મહેતા હાઈસ્કૂલ, ધનસુરામાં નોકરી કરતાં કરતાં સત્રો રાખી ખોટી હાજરી પુરાવ્યાની ફરિયાદ પરથી તપાસ કરતાં વિદ્યાર્થી તરફથી તથા આચાર્ય તરફથી આવેલ ખુલાસાઓ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શાળાનો સમય ૧૦-૩૦થી ૫-૦૦નો હતો અને કૉલેજનો સમય સવારના ૭-૦૦થી ૧૧-૦૦ (ઉનાળામાં), અને ૭-૧૫થી ૧૧-૧૫ ડિસેંબરથી માર્ચ સુધીનો હતો. આ વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનાં સંબંધકર્તા સત્રો ૨૬ ગણવાં અને તેનો પરીક્ષા પ્રવેશ ૨૬ ગણીને પરિણામ પણ ૨૬ ગણવું.

૫૫. દેખભાળસમિતિની ભલામણો અન્વયે કૉશન મની અંગેનાં ધારાધોરણો ઘડવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૯-૯-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉશન મનીનું રોકાણ બચત સર્ટિફિકેટોમાં કરવું અનુકૂળ થશે કે કેમ તેની શક્યતા તપાસીને આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૬. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૪-૨-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"મનોવિજ્ઞાન વિષયમાં એક સેમિનાર અથવા ટૂંકી મુદતનો અભ્યાસક્રમ જુલાઈ માસમાં યોજવા માટે મંજૂરી આપવા યુનિવર્સિટી સત્તાવાળાઓને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિષયના શિક્ષણ માટે પરિસંવાદ યોજવા માટેનો પ્રસ્તાવ તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત નં. ૫૬-અ તરીકે રજૂ કરવામાં આવી.

૫૬(અ). ભાષાવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના પરિસંવાદો યોજવા બાબત તથા વાણિજ્યના પરિસંવાદમાં તે વિદ્યાશાખાના ડીનને સહસંચાલક નીમવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે (ક) ભાષાવિજ્ઞાન (Linguistics), અને (ખ) ભૌતિકવિજ્ઞાન (Physics)ના અભ્યાસક્રમોના શિક્ષણ અંગેના પરિસંવાદો માટે યોજનાઓ તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરી માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમોના શિક્ષણ અંગેના પરિસંવાદ માટે રૂા. ૪,૦૦૦નો ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી અને વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ આચાર્ય એન. બી. જોશીની પરિસંવાદના સહસંચાલક તરીકે નિમણૂક કરવી.

૫૭. પ્રી-યુનિવર્સિટી વિનયન તથા વિજ્ઞાનના નવા અભ્યાસક્રમના હાર્દને સ્પષ્ટ કરે તેવું વિગતે લખાણ (ટીચર્સ હેન્ડબુક જેવું) પુસ્તિકારૂપે તૈયાર કરવા ૧૯૬૮ના મે વેકેશનમાં અમદાવાદમાં બે અઠવાડિયાં માટે એક વર્કશોપ ગોઠવવાની ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૯-૨-૧૯૬૮ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી તરફથી આ વર્કશોપ માટે યોજના આવી છે, જેમાં રૂ. ૬૪૦-૦૦નો ખર્ચ અંદાજ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે માટે રૂા. ૬૪૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૫૮. સરકારી દંત મહાવિદ્યાલય અને રુગ્ણાલય, અમદાવાદમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના વ્યાયામ શિક્ષકની નિમણૂક હજુ સુધી કરવામાં આવી નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં પૂર્ણ સમયના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પૂર્ણ સમયના વ્યાયામશિક્ષકની નિમણૂક કર્યા વિના આખું વર્ષ કામ ચલાવ્યું તે યોગ્ય થયું નથી તેની સિન્ડિકેટની આ સભા સખેદ નોંધ લે છે અને તે બાબતમાં સદરહુ દંત મહાવિદ્યાલય અને રુગ્ણાલયના આચાર્યને ઠપકાનો ઘટતો પત્ર લખવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપે છે.

૫૯. નીચે જણાવેલ સેનેટ-સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ બેનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	વિષયની અભ્યાસસમિતિ
(૧)	આચાર્ય યુ. ડી. ભટ્ટ	વિનયન	(૧) લૉજિક-ફિલોસોફી, અને (૨) મનોવિજ્ઞાન
(૨)	,, કે. એસ પટેલ	વિનયન	(૧) ગુજરાતી, અને (૨) હિન્દી
(૩)	ડૉ. નગીનદાસ જે. શાહ	વિનયન	(૧) સંસ્કૃત, અને (૨) પ્રાકૃત-પાલિ

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવું.

૬૦. કુલપ્રાયોજ-હેઝ પ્રોગ્રામ હેઠળ ધી યુનાઈટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા (યુ.એસ.ઈ.એસ.આઈ.) દ્વારા અમેરિકન પ્રોફેસર શ્રી. એચ. એચ. માન્સનની શૈક્ષણિક સેવાઓ યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવન માટે જૂન, ૧૯૬૮થી માર્ચ, ૧૯૬૯ સુધી સ્વીકાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. એન. જે. પાઠક	ડે. એકાઉન્ટન્ટ	૧૬-૪-૧૯૬૮	૧૭-૪-૧૯૬૮
(૨)	શ્રી. આર. એમ. પરદેશી	વોર્ડ બૉય	૪-૪-૧૯૬૮	૬-૪-૧૯૬૮

(૬ માસનો લંબાવેલો અજમાયશી સમય પૂરો થતો હોવાથી.)

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૩)	શ્રી. એમ. વી. દેસાઈ	પટાવાળા	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
(૪)	શ્રી. એસ. કે. શર્મા	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
(૫)	શ્રી. કે. એસ. વાળંદ	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
(૬)	શ્રી. પંડિત રામદાસ એસ.	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
(૭)	શ્રી. ઉદેસિંગ જી. વાઘેલા	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
(૮)	શ્રી. કાનજી ભાવજી પરમાર	,,	૨૭-૪-૧૯૬૮	૨૮-૪-૧૯૬૮

શ્રી. એન. જે. પાઠક અને શ્રી. આર. એમ. પરદેશીની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

ઉપર જણાવેલ ૭ પટાવાળાભાઈઓને કાયમ કરવાની બાબત ઉપરની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૨. બી.એડ.માં કન્ટેન્ટ કોર્સ દાખલ કરેલ હોવાથી પહેલું સત્ર ૧લી જૂનથી શરૂ કરવા તથા બીજું સત્ર માર્ચ સુધી રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા તથા તે અનુસાર ઑર્ડિ. ૭૫ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે ઑર્ડિ. ૭૫ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તા. ૧-૬-૧૯૬૮થી અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૭૫ની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૩. અલીગઢ યુનિવર્સિટીની કાયદાની વિદ્યાશાખાના આશ્રયે અલીગઢ મુકામે ઑક્ટોબર ૪ થી ૬, ૧૯૬૮ દરમિયાન "ઑલ ઇન્ડિયા લૉ ટીચર્સ એસોસિયેશન"નું નવમું અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ગિરીશભાઈ પટેલને મોકલવા.

૬૪. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડીમાં એમ.કૉમ.ના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સ્થાનિક તપાસાર્થે જવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના બે સભ્યો—આચાર્ય શરદ ર. મહેતા તથા આચાર્ય એસ. વી. દેસાઈએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ બીજા બે સભ્યોની નિમણૂક કરવા વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) પ્રો. ડી. ડી. ત્રિવેદી.

૬૫. સેંફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં એમ.કૉમ.ના વિષયો માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. હાલમાં એમ.કૉમ.ના વિષયમાં માન્યતા ધરાવતો એવો સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

(૧) શ્રી. એચ. કે. બુખારી—શિક્ષક
(૨) શ્રી. એમ. એન. શાહ—શિક્ષક
(શ્રી. શાહ એકાઉન્ટિંગ–કૉસ્ટિંગના વિષય માટે પાર્ટ-ટાઇમ શિક્ષક તરીકે ત્યાં કામ કરે છે.)
(૩) શ્રી. કે. એચ. પટેલની એમ.કૉમ.ના વિષયમાં મહદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે અરજી આવી છે જે હાલ વિચારણા હેઠળ છે.

૨. પાર્ટ-ટાઇમ શિક્ષક તરીકે કામ કરતા શિક્ષકને અનુ. કેન્દ્ર માટે સ્થાનિક શિક્ષકગણ પર ગણી શકાય કે કેમ તે અંગેનો પ્રશ્ન વિચારવાની બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે નીમેલી સમિતિ સમક્ષ મૂકેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) પ્રો. ડી. ડી. ત્રિવેદી.

૬૬. શ્રી. કે. બી વ્યાસે ડી.લિટ.ની પદવી માટે રજૂ કરેલ પરીક્ષાનું સંશોધનકાર્ય તપાસવા માટે નિમાયેલ રેફરીઓ સર્વશ્રી આલ્ફ્રેડ માસ્ટર, એસ. એમ. કત્રે તથા મુનિશ્રી જિનવિજયજીનો રિપોર્ટ સ્વીકારવા અને તે પ્રમાણે શ્રી. કે. બી. વ્યાસને ડી.લિટ.ની પદવીને પાત્ર ગણવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. બી. વ્યાસે રજૂ કરેલ સંશોધનકાર્ય તપાસીને સદરહુ રેફરીઓએ રજૂ કરેલ રિપોર્ટ સ્વીકારીને શ્રી. કે. બી. વ્યાસને ડી.લિટ. પદવીને પાત્ર ગણવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૭. તા. ૧૯-૨-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"કૉલેજોના વિદ્યાર્થીઓને વૈદકીય સારવાર કે સલાહસૂચનો મળી રહે તથા તબીબી તપાસ અને તેનું 'ફૉલો-અપ વર્ક' પણ સરળતાથી ચાલુ રહે તે આશયે નીચે પ્રમાણેની યોજના મંજૂર કરવા

સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) કૉલેજના વિદ્યાર્થીઓને વૈદકીય સારવાર કે સલાહસૂચનો મળી રહે તે હેતુસર પ્રત્યેક કૉલેજમાં એક આરોગ્યકેન્દ્ર ખોલવા માટે દરેક કૉલેજને સૂચવવું અને જૂન ૧૯૬૮થી તે શરૂ થાય તે માટે ઘટતી કાર્યવાહી કરવા જણાવવું.

(૨) આરોગ્યકેન્દ્ર શરૂ કરવા માટે કૉલેજે તે માટે પૂરતી—ઓરડા ફર્નિચર વગેરે—જરૂરી સગવડો તથા નીચે નં. ૩માં જણાવ્યા પ્રમાણે સેવાભાવી દાક્તરની સેવાઓ મેળવી શકે તે આપવી જોઈએ તેવી સગવડ પૂરી આપનાર પ્રત્યેક કૉલેજને યુનિવર્સિટી તરફથી વૈદકીય સાધનો અને આવશ્યક દવાઓ વસાવવા માટે પ્રત્યેક કૉલેજને ૧૯૬૮-૬૯ના વર્ષમાં રૂ. ૭૫૦ની અનાવર્તક આર્થિક સહાય આપવી.

(૩) આરોગ્યકેન્દ્ર ચલાવવા માટે સ્થાનિક સેવાભાવી દાક્તરની સેવાઓ કૉલેજે પોતા થકી મેળવવી આવશ્યક રહેશે અને આવા દાક્તરની હાજરી આરોગ્યકેન્દ્ર પર અઠવાડિયાના અમુક દિવસે મળી રહે તેમ ગોઠવવું અને તે માટે જરૂર પડયે માનદ વેતન આપવાની જવાબદારી જે તે કૉલેજની રહેશે.

(૪) આ દાક્તરને આપવાના માનદ વેતનના ખર્ચ પેટે દરેક કૉલેજને તે ખર્ચના ૫૦ ટકા અને વધુમાં વધુ રૂ. ૨૫૦ની રકમની મર્યાદામાં રહીને આવર્તક આર્થિક મદદ યુનિવર્સિટી તરફથી પ્રત્યેક વર્ષ આપવી.

(૫) આરોગ્ય કેન્દ્ર શરૂ કરનાર કૉલેજને વિદ્યાર્થીઓને વિનામૂલ્ય તબીબી સહાય આપી શકે તે માટે દર વર્ષે વિદ્યાર્થી દીઠ રૂ. ૧ ની રકમ કૉલેજ-ફીની સાથે વિદ્યાર્થીઓ પાસેથી લેવાની છૂટ રહેશે.

(૬) પ્રી-યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની તબીબી તપાસ ૧૯૬૮ના વર્ષની કૉલેજે શરૂ કરેલ આરોગ્ય-કેન્દ્રના તબીબ પાસે કરાવવી અને તે તપાસ અંગે વિદ્યાર્થી દીઠ આપવાની ફીની રકમ વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ રકમમાંથી દરેક કૉલેજે આપવાનું રાખવું અને તબીબી તપાસ પૂરી થયેથી તેનો હેવાલ યુનિવર્સિટીના સી.એમ.ઓ.ને મોકલી આપવો.

(**નોંધ.**—વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ પેટે યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી વિદ્યાર્થી દીઠ રૂ. ૬ ની આર્થિક મદદ ૧૯૬૮ના એપ્રિલથી બંધ કરવામાં આવશે તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(૭) જૂન ૧૯૬૮થી યુનિવર્સિટી સાથે જોડાયેલો પ્રત્યેક કૉલેજમાં આરોગ્યકેન્દ્ર હોવું ફરજિયાત કરવું.

(૮) દરેક વિદ્યાર્થીની તબીબી તપાસનું એક કાર્ડ રાખવું અને જે વિદ્યાર્થીઓ બીમારીવાળા જણાય તેનું 'ફૉલો-અપ' કાર્ય ચીવટથી થાય તે માટે આ કાર્ડનો ઉપયોગ કરવો અને વિદ્યાર્થી જ્યારે કૉલેજ બદલે ત્યારે આ કાર્ડ પણ બીજી કૉલેજમાં મોકલવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આરોગ્યકેન્દ્ર અંગે પ્રત્યેક કૉલેજને આર્થિક સહાય આપવા માટે ૧૯૬૮-૬૯ના વર્ષના અંદાજપત્રમાં રૂ. ૭૫,૦૦૦ અનાવર્તક સહાય અને રૂ. ૨૫,૦૦૦ આવર્તક સહાય તરીકે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. તા. ૧૯-૨-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાની નીચેની ભલામણ :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો અને તેનાં રસોડાંની વ્યવસ્થા અંગે અને વહીવટ વધુ કાર્યક્ષમ બને તે માટે જરૂર પડયે છાત્રાલયોની મુલાકાત લઈને પણ યુનિવર્સિટી તરફથી કેવા પ્રકારનાં પગલાં લેવાં જોઈએ અથવા કૉલેજોએ આ અંગે શાં પગલાં લેવાં જોઈએ એ બાબતમાં પોતાનો હેવાલ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ડૉ. પી. સી. વૈદ્ય
(૨) શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ
(૩) પ્રિ. હરિહર શુકલ
(૪) પ્રો. એમ. એસ. દુબળે
(૫) શ્રી. રમણલાલ ભટ્ટ
(૬) ચીફ મેડિકલ ઑફિસર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો બરાબર ચાલે છે કે કેમ તેની તપાસ માટે એક કમિટી મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા અને આ બાબત સ્થાનિક તપાસસમિતિના હેવાલમાં પણ ઉમેરાય તે માટે ઘટતું કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૯. તા. ૧૯-૨-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સને ૧૯૬૮-૬૯ના વર્ષના મંજૂર થયેલ અંદાજપત્રની નોંધ લેવામાં આવી હતી અને દાક્તરી તપાસ અંગેની વિચારણા ચર્ચાને અંતે તેમાં **પરિશિષ્ટ "ક"**માં જણાવ્યા પ્રમાણેના જરૂરી સુધારાવધારા સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(દાક્તરી તપાસ અંગેના અંદાજપત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૦. તા. ૧૯-૨-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાની નીચેની ભલામણ :

"સુદૃઢ શરીર હરીફાઈ સને ૧૯૬૮-૬૯ના વર્ષથી વધુ કૉલેજો તેમાં ભાગ લે તે માટે પ્રથમ સ્પર્ધાઓ વિભાગીય ધોરણે યોજવી, જેમાં રમત-સ્પર્ધાની બાદક દરેક કૉલેજમાંથી બે ભાઈઓ અને બે બહેનો ભાગ લેશે અને બેલકૂદની બાદક આંતર-વિભાગીય સ્પર્ધાઓ વિભાગીય ધોરણે યોજીને એ સ્પર્ધાઓમાંથી દરેક વિભાગના ત્રણ વિજેતા ભાઈઓ અને ત્રણ વિજેતા બહેનોને બોલાવવાનું રાખવું, અને તેમાંથી યુનિવર્સિટીના એકેક વિજેતા ભાઈ અને બહેન નક્કી કરવા અને આ સુદૃઢ શરીર હરીફાઈના ખર્ચ પેટે રૂા. ૧,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૧. તા. ૧૯-૨-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાની નીચેની ભલામણ :

"આથી ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૫-૬૬ના સમગ્ર રિપોર્ટની નોંધ લઈ તેને પ્રસિદ્ધ કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૨. આંતર-યુનિવર્સિટી બોર્ડની ભલામણ પ્રમાણે સાર્વત્રિક ધોરણે દાખલ કરેલ એન.સી.સી. પ્રવૃત્તિની સમાલોચના કરવા માટે નિયુક્ત થયેલ સમિતિએ રજૂ કરેલ હેવાલની ભલામણ નં. ૩, ૫, ૭ અને ૧૩ પર સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૬ના રોજ મળેલ સભામાં ઠરાવ્યા અનુસાર મગાવવામાં આવેલાં કૉલેજોના આચાર્યોનાં મંતવ્યોના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. ઑર્ડિ. ૭૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 71 :

"The term or terms kept by any student migrating from the M. S. University of Baroda, Sardar Patel University, Saurashtra University and South Gujarat University or any other Statutory Universities in the State of Gujarat shall be recognised permanently for the purposes of keeping terms for appearing at any examination of this University, provided that he keeps at least one term immediately preceding the examination in this University and provided further that he has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at its examination and has become an ex-student of that University. This benefit shall not apply to a student migrating from any of the above mentioned Universities which does not grant the similar privilege to a student of this University.

Provided further that if any of the Universities in the State of Maharashtra recognises the term or terms kept by students at this University, the term or terms kept by a student at that University shall be recognised on a reciprocal basis."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો :

O. 71 :

The term or terms kept by any student who has passed S.S.C. Examination with English migrating from the M. S. University of Baroda, Sardar Patel University, Saurashtra University and South Gujarat University or any other Statutory Universities in the State of Gujarat shall be recognised permanently for the purposes of keeping terms for appearing at any examination of this University, provided that he keeps at least one term immediately preceding the examination in this University and provided further that he has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at its examination and has become an ex-student of that University. This benefit shall not apply to a student migrating from any of the above mentioned Universities which does not grant the similar privilege to a student of this University.

Provided further that if any of the Universities in the State of Maharashtra recognises the term or terms kept by students at this University, the term or terms kept by a student at that University shall be recognised on a reciprocal basis.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય લીધા વિના પાસ કરીને એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં દાખલ થયેલા હોય અને તે પછી તે યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા પસાર કરીને આ યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.માં દાખલ થવા માટે આવે તેમને ભવિષ્યમાં આ યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપવો જોઈએ નહિ એ સૂચન Equivalence સમિતિની વિચારણા માટે મોકલવું.

૭૪. એપ્રિલ ૧૯૬૮ કે તે પછીની થર્ડ બી.એ.-બી.એસસી.ની પરીક્ષામાં એક્સ-વિદ્યાર્થી તરીકે પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને ગણિતશાસ્ત્રના નવા અભ્યાસક્રમ પ્રમાણે પ્રાયોગિક પરીક્ષાના ભાગરૂપે જે જર્નલ રજૂ કરવાનાં હોય છે તે રજૂ કરવામાંથી મુક્તિ આપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

૭૫. થર્ડ બી.એ.ની એક્સ્ટર્નલ પરીક્ષા માટે મેથેમેટિક્સ વિષયને મુખ્ય વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓ માટે પેપર ૬-બીમાં જર્નલ્સ રાખવા અને બનાવવા અંગેની ઉપરની જોગવાઈ રદ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

૭૬. એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨ની પરીક્ષાના સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ સમગ્ર રીતે બદલાયો છે તે હકીકત લક્ષમાં લઈ ને સદરહુ વિષયના અભ્યાસક્રમ મુજબ જે વિદ્યાર્થીઓએ સત્રો ભરેલાં છે તેમને માટે જૂના અભ્યાસક્રમ મુજબ વધુ બે વખત પરીક્ષા લેવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

૭૭. એલએલ.એમ. પદવી પરીક્ષા માટે જૂના અભ્યાસક્રમ મુજબ જે વિદ્યાર્થીઓએ સત્રો ભરેલાં હોય તેમને નવા અભ્યાસક્રમ પ્રમાણે એલએલ.એમ.ની પરીક્ષાના ભાગ ૧માં એક પણ સત્ર વધુ ભર્યા સિવાય બેસવા માટે પરવાનગી આપવી, પરંતુ તેવા વિદ્યાર્થીઓને માટે નવા અભ્યાસક્રમ મુજબની એલએલ.એમ.ની પદવી પરીક્ષાના ભાગ ૨માં બેસતાં પહેલાં નવા અભ્યાસક્રમ મુજબની એલએલ.એમ. ભાગ ૧ની પરીક્ષા પાસ કરવા અને એલએલ.એમ. ભાગ ૨ની પરીક્ષા માટે નવા અભ્યાસક્રમ મુજબ વધુ બે સત્રો રાખવાં આવશ્યક ગણવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા.૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

૭૮. દ્વિતીય વર્ષ બી.એ. અર્ધમાગધીનું પ્રશ્નપત્ર ૫, ૧૯૬૮ના માર્ચ-એપ્રિલની પરીક્ષા માટે નીચે મુજબ રાખવા તથા રેગ્યુ. આર્ટ્સ-૭માં ઘટતો સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) અપઠિત પ્રાકૃતમાંથી અનુવાદ	...	૭૫ ગુણ
(૨) પ્રાકૃતમાં અનુવાદ	...	૧૫ ગુણ
(૩) વ્યાકરણ–પ્રાકૃત–અપભ્રંશ–વર્ણવિકાર–નામરૂપ–ધાતુરૂપ	...	૨૦ ગુણ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ ૭માં જરૂરી સુધારો કરીને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૭૯. સિંધીની ઑડ-હૉક સમિતિની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૧૨(૫) સુધારવા અને તે સુધારેલ રેગ્યુલેશનને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા અંગે

એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની ભલામણ ૫૨ વિચારણા કરવા બાબત :

R. Arts 12(5) (Sindhi) :

Paper X (General Composition and Essay) :

(1) Essay	..	20 marks
(2) Grammar	..	15 ,,
(3) Figures of speech and prosody	..	15 ,,
(4) Translation into the language	..	10 ,,
(5) Precis-writing	..	10 ,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૨(૫)માં જરૂરી સુધારો કરીને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૮૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. એમ.એ. ૪(૨), એમ.એ. ૭(૨)ને નીચે મુજબ સુધારવા તથા સુધારેલા રેગ્યુ. એમ.એ. ૪(૨)ને જૂન, ૧૯૬૮થી અને સુધારેલા રેગ્યુ. એમ.એ. ૭(૨)ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

રેગ્યુ. એમ.એ. ૪ (૨) (In force from June, 1968) :
એમ.એ. પાર્ટ ૧ (હિંદી)

Paper I : Modern Prose (આધુનિક ગદ્ય)
(Texts to be prescribed.)

Paper II : Old & Mediaeval Poetry (પ્રાચીન તથા મધ્યકાલીન કાવ્ય)

Paper III : A period of literature with Special study of some specified Author (કોઈ એક વિશેષ યુગના વિશિષ્ટ સાહિત્યકારનું અભ્યયન)

રેગ્યુ. એમ.એ.-૭ (૨) (In force from June, 1969)
એમ.એ. પાર્ટ ૨ (હિંદી)

Paper IV : Modern Poetry (આધુનિક કવિતા)
(Text to be prescribed.)

Paper V : Principles of Philology with special reference to Hindi and Origin, form and development of Hindi.
(ભાષાવિજ્ઞાન, ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ હિંદી ભાષાનો ઉદ્ભવ અને વિકાસ)

Paper VI : Essay, Criticism and History of Literature.
(નિબંધ, સાહિત્યમીમાંસા અને સાહિત્યનો ઇતિહાસ).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુ. એમ.એ. ૪(૨) અને એમ.એ. ૭(૨)માં જરૂરી સુધારો કરીને રેગ્યુ. એમ.એ. ૪(૨)ને જૂન ૧૯૬૮થી અને રેગ્યુ. એમ.એ. ૭(૨)ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

૮૧. હિંદીની અભ્યાસસમિતિની સેકન્ડ બી.એ. હિંદીમાં "હિંદી સાહિત્યના ઇતિહાસ"નું પ્રશ્નપત્ર અને રેગ્યુ. આર્ટ્સ ૭નો સંબંધકર્તા સુધારેલો ભાગ "Paper V—History of Hindi Literature" જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા તેમ જ થર્ડ બી.એ. હિંદીમાં સાહિત્યમીમાંસાનું પ્રશ્નપત્ર અને રેગ્યુ. આર્ટ્સ ૧૨નો સંબંધકર્તા ભાગ "Paper VII—Literary Criticism" જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ. આર્ટ્સ ૧૨માં જરૂરી સુધારો કરીને રેગ્યુ. આર્ટ્સ ૭ને જૂન ૧૯૬૮થી અને રેગ્યુ. આર્ટ્સ ૧૨ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

૮૨. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૮-૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સ્ટેન્ડિંગ કમિટી-ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૮-૧-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮૩. ભવન્સ કૉલેજ, ડાકોરમાં એમ.એસસી. ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં જૂન ૧૯૬૮થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી નીચે મુજબ છે :

(૧) આચાર્યશ્રી એલ. ડી. દવે, શિક્ષક-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી

(૨) પ્રો. ફાન્કો જુડાસ, શિક્ષક, ફિઝિકલ કેમિસ્ટ્રી

(૩) શ્રી. કે. એચ. ભાદવ, ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં જૂન ૧૯૬૮થી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.

આ ઉપરાંત જુલાઈ ૧૯૬૮થી પણ એક શિક્ષક કેમિસ્ટ્રી વિષયમાં મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બનશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

(૧) રો. એ. એમ. ત્રિવેદી
(૨) શ્રી. વી. ટી. ઓઝા.

૮૪. ભવન્સ કૉલેજ, ડાકોરમાં એમ.એ. સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન, ૧૯૬૮થી સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

૧. શ્રી. આર. ટી. વ્યાસ (શિક્ષક)

૨. શ્રી. એમ. આર. જોશી જૂન, ૧૯૬૮થી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.

૩. શ્રીમતી વી. સી. પટવારી જૂન ૧૯૬૮થી તેમની કૉલેજમાં જોડાશે. (મદદનીશ શિક્ષક)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. ઈ. એ. સોલોમન

(૨) પ્રો. વી. જી. પંડ્યા.

૮૫. ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડામાંથી ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી માહિતી ચકાસતાં જણાય છે કે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. જે. કે. દેસાઈની નિમણૂક યુનિવર્સિટી દ્વારા માન્ય કરવામાં ન આવેલ હોવા છતાં તે માન્ય કરવામાં આવેલી હોવાનું જણાવ્યા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલની નોંધ લેવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની નીચેની ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી :

'એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે મૂકવો.'

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૪-૬૫માં રૂા. ૨૦૦નો એક ચેક બૅન્કમાં તા. ૯-૪-૧૯૬૫ના રોજ જમા કરાવેલ તે રકમ આજ સુધી બૅંકમાંથી જમા મળી નથી તે બાબતમાં કાર્યાલયની નોંધ તથા અન્ય સંબંધકર્તા હકીકતો તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ

(૨) શ્રી. વી. એચ. ભણોત.

(સદરહુ હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૮૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર એમ. ડી. રેડિયોલોજીની બ્રાન્ચ ઉમેરવા તથા તેનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર એમ.ડી. રેડિયોલોજીની બ્રાન્ચ ઉમેરી તેનો અભ્યાસ-ક્રમ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૮. યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને ચાલુ વર્ષે રૂા. ૧,૫૦૦ની મદદ આપવામાં આવી છે તે વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ક્લબને ચાલુ વર્ષે વધુ રૂા. ૫૦૦ની મદદ વધારીને કુલ રૂા. ૨,૦૦૦ની મદદ મંજૂર કરવી.

૮૯. બનારસ મુકામે યોજનાર "Workshop on the Organisation of Courses and Standardization of Teaching Methods in Economics in India" વિષય પરના પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક પ્રો. બી. આર. શેનોયને મોકલવા.

૯૦. પ્રેમાનંદ ત્રિશતાબ્દી મહોત્સવ પ્રસંગે તેઓની સ્મરણિકા પ્રસિદ્ધ કરવા માટે તથા ભવનનું ચાલુ બાંધકામ પૂરું કરવા, ઇત્યાદિ માટે આર્થિક મદદ આપવાની સદરહુ મહોત્સવ સમિતિના અધ્યક્ષની તા. ૫-૩-૧૯૬૮ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યમાં આર્થિક મદદ આપવાની આ યુનિવર્સિટીની અશક્તિ દર્શાવવી અને તે અંગે ઘટતો પત્ર લખવા શ્રી. કુલસચિવને સત્તા આપવી.

૯૧. સિન્ડિકેટની તા. ૨-૧૨-૧૯૬૭ની સભાની નોંધના ઠરાવ નં. ૧૧માં ભથ્થાનો જે કોઠો છાપેલો છે તેમાં છાપભૂલ સુધારીને છેલ્લે રૂશ (-) બતાવી છે તેને બદલે નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

મોંઘવારી ભથ્થું

મૂળ પગાર	તા. ૧-૨-'૬૭	તા. ૧-૩-'૬૭	તા. ૧-૬-'૬૭
રૂા. ૩૮૯થી ૩૯૮	રૂા. ૧૬૫	રૂા. ૧૯૦	મૂળ પગાર અને રૂા. ૫૮૯ વચ્ચેના તફાવત જેટલી રકમ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાપભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર ફાર્મસીની જુદી જુદી ડિપ્લોમા અને ડિગ્રી પરીક્ષાઓ શરૂ થવાની તા. ૧૮-૩-૧૯૬૮ રાખેલી હતી તે અંગે વિદ્યાર્થીઓની માગણી અને કૉલેજના આચાર્યની ભલામણ પરથી બદલીને સદરહુ પરીક્ષાઓ તા. ૧-૪-૧૯૬૮થી શરૂ કરવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ બાબતમાં પરિપત્ર નં. ૮ પરીક્ષા/અ/૭૬૫૯, તા ૨૦-૨-૧૯૬૮ બહાર પાડવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૩. સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં સ્ટે. ૧૩૪નો પાઠ સુધારવા માટે ભલામણ કરવામાં આવી છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૩૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 134:

"The pay-scale of the Registrar shall be that of a University Professor and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time, provided, however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967."

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૧૧૪૯/૧૬૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

કું. ચં. પરીખ
કુલસચિવ.

એપ્રિલ ૧૩, ૧૯૬૮.
ચૈત્ર ૨૩, ૧૮૯૦ (શક).

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૯

જોડાણઅરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓને સૂચનાઓ

૧. કોઈ પણ એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૩૫૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ દાખલ થયા ન હોય ત્યાં સુધી તે વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાઓની બીજી કૉલેજની જરૂરિયાત અસ્તિત્વ ધરાવતી કૉલેજની આસપાસના ૫ માઈલની ત્રિજ્યાના વિસ્તારમાં સામાન્યપણે સ્વીકારવી નહિ.

૨. એક લાખ કે તેથી વધુ વસતીવાળાં શહેરોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૬૫૦ વિદ્યાર્થીઓ ન થાય ત્યાં સુધી એક વિદ્યાશાખા અથવા વિદ્યાશાખાઓવાળી નવી કૉલેજની આવશ્યકતા સામાન્યપણે સ્વીકારવી નહિ.

નીચેની બાબતો અપવાદરૂપ ગણાશે :

(૧) વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને, જેવી કે અધ્યાપન કૉલેજને આ નિયમ લાગુ પડશે નહિ.

(૨) સ્ત્રી-શિક્ષણની એક વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ વિદ્યાર્થિનીઓ હોય તો સ્ત્રી-શિક્ષણની નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારી શકાય.

(૩) અમદાવાદ શહેરમાં આ નિયમ વિષે અપવાદ કરવાની જરૂર વિચારીને અને તેનાં કારણો જણાવીને નિરીક્ષણસમિતિ તેવી ભલામણ કરી શકશે.

૩. અરજી કરનાર સંસ્થા પાસેથી અરજી કરતી વેળા તેમની પાસે અસ્કામત અને/અથવા રોકડ રકમ કે ફંડફાળા અંગે શી સ્થિતિ છે તે વિષે સ્થાનિક તપાસસમિતિએ જાણી લઈને વિગતે રિપોર્ટ કરવો.

આમ કરતાં વિનયન કે વાણિજ્યની એક વિદ્યાશાખાથી શરૂ થતી કૉલેજ માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયાની અને વિજ્ઞાનની વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે ઓછામાં ઓછા બે લાખ રૂપિયાની ઋણમુક્ત અસ્કામત કે ભંડોળ હોવું જોઈએ. કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસે પોતાની માલિકીનું મકાન હોવું જરૂરી છે. એકથી વધુ વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે વિદ્યાશાખા દીઠ સદરહુ જોગવાઈ ઉપર મુજબ કરવાની રહેશે. જો આખી રકમ સંસ્થા તાત્કાલિક રીતે બતાવી ન શકે તો જોડાણ મળ્યાથી વધુમાં વધુ ત્રણ વર્ષમાં એવું ભંડોળ કરવાની સંચાલકમંડળની ક્ષમતા છે તેવી ખાતરી કરી તે મુજબ લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

(નોંધ.—ઋણમુક્ત અસ્કામત એટલે જે તે સંસ્થાની કુલ અસ્કામત (Total Assets)-માંથી તેનું જે કાંઈ દેવું કે જવાબદારી હોય તે બાદ કરતાં વધે તે રકમની સ્થાવર તથા જંગમ મિલકતથી તાત્કાલિક બજારભાવે થતી કિંમત. એ ઉપરાંત સંસ્થા શરૂ કરવાને માટે તાત્કાલિક

કેટલું ખર્ચ કરવું જરૂરી છે તેનો અને તેટલો ચોક્કસ અંદાજ તપાસસમિતિએ આપવો. એ ઉપરાંત જોડાણ મળ્યાનાં ત્રણ વર્ષમાં સંસ્થા પોતાની માલિકીનું કૉલેજ માટેનું મકાન બાંધવાની ક્ષમતા ધરાવે છે અને તે માટે તથા ભવિષ્યના વિકાસ માટે પૂરતી જમીન મેળવવાનો પણ સંસ્થાએ ખ્યાલ રાખ્યો છે. એની ખાતરી કરીને તથા તે અંગેની ઘટતી બાંયધરી મેળવી તપાસ-સમિતિએ રિપોર્ટ કરવો.)

જરૂરી મૂડી ખર્ચ ઉપરાંત વધારામાં આકસ્મિક સંજોગોને પહોંચી વળી શકાય તે માટે પ્રત્યેક નવી કૉલેજમાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૧૦,૦૦૦નું ચાલુ અનામત ફંડ રાખવું આવશ્યક રહેશે, તે મતલબની લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

૪. જોડાણ મેળવનાર દરેક કૉલેજને માટે રમતગમતના મેદાનની પૂરતી જોગવાઈ કરવી ફરજિયાત ગણાશે.

૫. કોઈ પણ ચાલુ કૉલેજ, ઉપરની સૂચના (૧) અને (૨)માં દર્શાવેલી લઘુતમ વિદ્યાર્થી-સંખ્યા પોતાની સ્થાપના પછીનાં પાંચ વર્ષને અંતે પણ મેળવી શકી ન હોય તો તે વિસ્તારમાં નવી સંસ્થા ખોલવા દેવાની છૂટ આપી શકાશે.

૬. કૉલેજ માટેનું મકાન ચાલુ દિવસો દરમિયાન ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે જ વાપરવું જોઈએ.

૭. કૉલેજના મકાન કે મકાનોમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જગ્યાની જોગવાઈ જરૂરી છે:

વિદ્યાર્થી દીઠ ૮ ચોરસફૂટ જગ્યા. (વિદ્યાર્થીઓની બેઠકોની હારમાંય ગોઠવણીનો મુદ્દો સમિતિ ધ્યાનમાં લઈ શકશે.)

જરૂર પ્રમાણે વર્ગોના (ટ્યુટોરિયલ સહિત) ઓરડાઓ ઉપરાંત નીચેની ગોઠવણ પણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(૧) શિક્ષકો માટેનો ખંડ
(૨) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૩) સંલગ્ન સેનેટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૪) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ આઠ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચન-ખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપકો માટેની ઘટતી જોગવાઈ
(૫) પાણી માટેનો ખંડ
(૬) કેન્ટીન માટેનો ખંડ
(૭) બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક સ્થળે મળી શકે તેવી વ્યવસ્થા
(૮) સ્વચ્છ સંડાસ-મૂતરડી વગેરેની વ્યવસ્થા.

૮. કૉલેજ ઉઘાડનાર મંડળ કે સંસ્થાઓ કૉલેજના મકાનનો કરી શકે તેટલા પાસે આચાર્ય માટે ભાડામુક્ત નિવાસસ્થાનની તથા કૉલેજના છાત્રાલયની જે શિક્ષક સંભાળ રાખતા હોય તેમને માટે છાત્રાલયની નજીક ભાડામુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરી આપવી આવશ્યક ગણાશે.

૯. દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે.

છાત્રાલયમાં નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ રાખવી :

એક છાત્રવાળી ઓરડી માટે ૮૫થી ૯૦ ચોરસ ફૂટ.

બે છાત્રવાળી ઓરડી માટે ૭૫થી ૮૦ ચોરસ ફૂટ, એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૧૬૦ ચોરસ ફૂટ.

ત્રણ છાત્રવાળી ઓરડી માટે ૭૦થી ૭૫ ચોરસ ફૂટ, એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૨૧૦થી ૨૨૫ ચોરસ ફૂટ.

ઉપરની જોગવાઈ કરવાનું હવે પછી બંધાનાર છાત્રાલયો માટે જ રહેશે.

૧૦. કૉલેજોમાં શીખવાડાતા અભ્યાસક્રમની જરૂરિયાત મુજબ સુસજ્જ ગ્રંથાલય તથા યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો પ્રમાણે પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૧૧. શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં નક્કી કરેલાં ધોરણો મુજબની નિમણૂક કરવામાં આવેલી છે તે તથા તેમનું કામકાજનું ભારણ ધોરણસર છે તેની ખાતરી પણ કૉલેજના પુરસ્કર્તાઓએ કરાવવી જોઈએ

૧૨. (૧) સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ ૩૦મી એપ્રિલ સુધીમાં સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે. આ પ્રકારનો અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમીને ઘટતાં પગલાં લેવાનું રાખશે.

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો ૩૦મી એપ્રિલ સુધીમાં પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૩. જોડાણ અંગે જે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૪. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ કરી ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈશે.

૧૬. ઉપરના કોઈ પણ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને લાગે તો તેમ કરવાનાં કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેનો ભલામણ કરી શકશે.

પરિશિષ્ટ "ખ"
કોમકોલ કમાંક ૩૫

22. Senior Supervisors shall use utmost vigilance to detect communication by candidates with each other or use of unfair means by copying, etc. They shall forthwith expel any candidate found copying or communicating in any way with another candidate or having, in his possession, books or notes or scribbling paper or any other material from which unfair means can be practised and report cases of expulsion to the Registrar alongwith the answer-books of the candidate and other materials, if any, connected with the examination. They shall also expel forthwith any candidate who takes anybody else's answer-books or allows, deliberately his answer-book to be taken by any other candidate. But they will not expel a candidate from whose book, the other candidate is found copying or whose answer-book is found with other candidate. However his explanation should be obtained and sent to the Registrar and practical if any with his remarks. He should be allowed to appear in the rest of the examination by the papers.

23. When a candidate is expelled from an examination for copying or for any other offence, the Senior Supervisor shall obtain from him, before he leaves the examination hall, an explanation, if he has any to make, and attach it to his own report and shall not admit him under any circumstances for examination in the papers or practicals which are set subsequently.

23-A. While reporting the case of unfair means or copying to the Registrar, the Senior Supervisor shall specifically state the exact time when the candidate under report was caught by him for the purpose. In case where two or more candidates are found copying from one another's answer-books or in any other way, the Senior Supervisor is requested to intimate to the University in his report about the seating arrangements of the candidate concerned, i.e., whether they were seated on the same bench or one was seated behind the other, etc.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૩

સંલગ્ન કૉલેજોમાં કોઈ પણ વિષય કે વિષયોના શિક્ષણકાર્ય બંધ કરવા અંગે કૉલેજોએ પાળવાના માર્ગદર્શક સિદ્ધાંતોના મુસદ્દો

કોઈ પણ સંલગ્ન કૉલેજ પોતાને ત્યાં શીખવાતા વિષય કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવા ઇચ્છતી હોય તો તે નીચેના નિયમોને આધારિત કરી શકશે :

૧. ત્રિવાર્ષિક અભ્યાસક્રમના ત્રીજા વર્ષના કોઈ પણ મુખ્ય વિષય કે વિષયો શીખવવાનું પહેલાં પ્રથમ વર્ષથી શરૂ કરીને ક્રમશઃ બંધ કરવાનું રહેશે, જેથી આખી કાર્યવાહી ત્રણ વર્ષે પૂરી થાય.

૨. એક વાર જે મુખ્ય વિષય કે વિષયોનું શિક્ષણ બંધ કર્યું હોય તેવી કૉલેજોને તે વિષય કે વિષયો માટે ફરી જોડાણઅરજી કરવાની રહેશે અને શિક્ષણકાર્ય બંધ કર્યાનો કાર્યવાહી પૂરી થયા બાદનાં બે વર્ષ સુધી સદરહુ વિષય કે વિષયો માટે જોડાણ મળી શકશે નહિ.

૩. ગૌણ વિષય કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવાનું હોય તો તે પ્રથમ વર્ષથી શરૂ કરીને બે વર્ષમાં ક્રમશઃ બંધ કરવાનું રહેશે.

૪. મુખ્ય વિષય કે વિષયો કેવળ ગૌણ તરીકે શીખવવાનો ફેરફાર કરવાનો હોય તો તે અંગેની ખબર વિદ્યાર્થીઓએ શિક્ષકોને બે વર્ષ અગાઉથી આપવાની રહેશે.

૫. પ્રથમ વર્ષમાં કોઈ પણ વિષય કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું હોય તો તે ક્રમશઃ પહેલાં પ્રી-યુનિ.માં આવે, પછી પ્રથમ વર્ષમાં બંધ કરવાનું રહેશે.

૬. જ્યારે જ્યારે કોઈ પણ વિષય કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવાનું થાય ત્યારે ત્યારે યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રથમ વર્ષથી જ તેની ખબર આપવાની રહેશે, અને આ શિક્ષણકાર્ય બંધ કરવાની પ્રક્રિયા દરમ્યાન શિક્ષકો તેમની સેવાઓ અંગે જે સવલતો ભોગવતા હોય તે ચાલુ રહેશે.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૪

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૪૮મી સભા યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર, તા. ૨૦-૧-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વાય. પી. શુકલ	હાજર
૩.	શ્રી. કે. એન. શાહ	હાજર
૪.	શ્રી. કે. જે. ભટ્ટ	ગેરહાજર
૫.	શ્રી. જી. સી. પટેલ	હાજર
૬.	ડૉ. ઈ. એમ. એસ્ટ	હાજર
૭.	શ્રી. એન. બી. જોશી	હાજર
૮.	શ્રી. વી. આર. દ્વિવેદી	ગેરહાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર
૧૨.	શ્રી. જે. જે. ચિનોય	હાજર
૧૩.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૪.	શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૧૫.	ડૉ. પી. એલ. શાહ	હાજર
૧૬.	શ્રી. એસ. આર. મહેતા	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની ૪૭મી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ના રોજ મળેલી ૪૭મી સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થામાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. માટે માન્ય અનુસ્નાતક શિક્ષક/માર્ગદર્શક તરીકેની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(૧) અટિરા, અમદાવાદના ડૉ. એચ. આર. ચીકલપટ્ટીની મજકૂર સંસ્થામાં નિમણૂક થયા બાદ તેમણે પ્રકાશિત કરેલાં એવાં સંશોધનપત્રો મગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણવાળાં છે કે કેમ અને તેને આધારે તેમને પીએચ.ડી. પદવી રસાયણ-વિભાગના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી કે કેમ તે અંગે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના આચાર્ય શ્રી. આર. ડી. દેસાઈનો અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે યોગ્ય પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ડૉ. રણધીર વી. ઉપાધ્યાયનાં સંશોધનપત્રો મગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણવાળાં છે કે કેમ અને તેને આધારે તેમને પીએચ.ડી. પદવી હિંદી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવી કે કેમ તે અંગે ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીનો અભિપ્રાય મેળવીને માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે યોગ્ય પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૩) યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાન ભવનના ડૉ. બદામી હરકાન્ત ધીરજલાલને મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની/માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી નહિ.

૩. ડૉ. નિરંજનપ્રકાશ ભટનાગરની એમ.ડી. (શાખા ૮) ફિઝિયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલ અરજીના સંદર્ભમાં તેમના નીચેના અનુભવને ધ્યાનમાં લઈ માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

શૈક્ષણિક અનુભવ

(૧)	ડેમોન્સ્ટ્રેટર (જુનિયર લેક્ચરર)	તા. ૨૦-૧૦-૧૯૫૯થી તા. ૧૦-૧૨-૧૯૬૨ (આશરે ૩ વર્ષ)
(૨)	સિનિયર લેક્ચરર-ઇન-ફિઝિયોલોજી	તા. ૧૦-૧૨-૧૯૬૨થી તા. ૩૧-૫-૧૯૬૩ (આશરે ૬ માસ)
(૩)	આસિસ્ટન્ટ પ્રોફેસર-ઇન-ફિઝિયોલોજી	તા. ૧-૬-૧૯૬૩થી તા. ૫-૧૦-૧૯૬૪ (૧ વર્ષ ચાર માસ)
(૪)	સિનિયર લેક્ચરર-ઇન-ફિઝિયોલોજી	તા. ૯-૧૦-૧૯૬૪થી અત્યાર સુધી (આશરે ૩ વર્ષ ૧ માસ).

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના (૧) ડૉ. પટેલ નરેન્દ્ર એલ., તથા (૨) ડૉ. ક્ષત્રિય પ્રેમ કનૈયાલાલ જેઓ ડી.એમ.આર.ઈ.માં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમને એમ.ડી.એસ. "ઓરલ ડાયાગ્નોસિસ એન્ડ ડેન્ટલ રેડિયોલોજી (શાખા ૭)"માં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના (૧) ડૉ. પટેલ નરેન્દ્ર એલ., તથા (૨) ડૉ. ક્ષત્રિય પ્રેમ કનૈયાલાલને એમ.ડી.એસ. પદવીના ઓરલ ડાયાગ્નોસિસ ઍન્ડ ડેન્ટલ રેડિયોલોજી (વૈકલ્પિક વિષય ૭)માં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે દંતવિદ્યાશાસ્ત્રના એમ.ડી.એસ. પદવીના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા અંગેનો ઑર્ડિ. ૬૫-કે (બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

સુધારેલો ઑર્ડિ. ૬૫-કે(બી) નીચે મુજબ વંચાશે:

"Post-graduate qualifications and three years' experience of teaching to undergraduate classes as a Professor, Assistant Professor or Senior Lecturer in a recognised Dental College and/or published research work in a recognised Journal."

૫. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના રિપોર્ટની આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલી ભલામણો સિન્ડિકેટે તેની તા. ૧-૭-૧૯૬૭ની સભાના ઠરાવથી મજકૂર બોર્ડ સમક્ષ મોકલી હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૭ની સભામાં અનુસ્નાતક નિયમો તથા માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના નિયમો વગેરેમાં જ્યાં જરૂર જણાય ત્યાં ફેરફાર સૂચવવા નીમેલી સમિતિએ તેની તા. ૧૭-૭-૧૯૬૭ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી

૭. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૭-૬-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

(3) The M.Sc. Final Examination-1966 may be considered equivalent to the M.Sc. Final of this University. Equivalence of the M.S. (Previous) Examination is not recommended as the distribution of the syllabuses in the previous and final examinations differ in the two Universities.

(4) For the same reason as in (3) the recognition of equivalence of the B.Sc. Previous Examination is not recommended.

(5) The B.Sc. Preliminary and Pre-Professional Examinations of the University may be considered equivalent to the F.Y.B.Sc. Examination of this University Engineering and Medical groups respectively.

ફેકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્ટલ્યુડિંગ એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

B.E. Degree

There should be no objection to recognise degree in Engineering of Ravishanker University with that of our University on reciprocal basis.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

(હજુ સુધી આવ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે રવિશંકર યુનિવર્સિટી, રાયપુરની નીચે જણાવેલ પરીક્ષાઓને નીચે જણાવ્યા મુજબ પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

(1) LL.B. Previous

(2) Final LL.B. if passed after 1966

(3) M Com. (Final), B.Com. (Preliminary) = First B.Com., B.Com. Part I (Previous) = Second B.Com., B.Com. Part II (Final) = Third B.Com.

(4) M.Sc. (Final) if passed in the year 1966. B.Sc. (Final) (if passed in the year 1966) = B.Sc. (Gen.), B.Sc. Final Examination of Three-year Degree Course (Old Course) = B.Sc. (Sp.) or B.Sc. (Old), B.Sc. Preliminary & Pre-Professional = First B.Sc. (for admission to Engineering & Medical Groups respectively).

(5) B.E. (Five-year Degree Course)

(6) B.A. (Prelim.) = First B.A.

B.A. (Previous) = Second B.A.

B.A. (Final) = Third B.A.

B.A. (Final Old Course), M.A. (Final), B.Ed. and M.Ed.

૨૨. જાદવપુર યુનિવર્સિટી, કલકત્તા-૩૨ની બી.ફાર્મ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષાનો તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના મહામાત્રના તા. ૩૦-૧૦-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધ.—આ અંગે તબીબી વિદ્યાશાખાના ડીન અને ફાર્મસી કૉલેજના આચાર્યના અભિપ્રાયો નીચે મુજબ છે:

એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના આચાર્યનો અભિપ્રાય

The standard is equivalent to the standard of B.Pharm. Degree of Gujarat University and reciprocal recognition may be given.

ફેકલ્ટી ઑફ મેડિસિન [illegible] ફાર્મસીના ડીનનો અભિપ્રાય

The B.Pharm. Exam[illegible] the Jadavpur University may be recognised on reciproca[illegible]

આથી ઠરાવવામાં આવે છે કે જાદવપુ[illegible]નિવર્સિટી, કલકત્તા-૩૨ની બી.ફાર્મ. પદવી પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉ[illegible]નું ભલામણ કરવી.

૨૩. નીચે જણાવેલ વિદ્યાર્થીઓને [illegible] દર્શાવેલ વર્ગમાં પ્રવેશ આપવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના કુલપતિશ્રીન[illegible]વની નોંધ લેવા બાબત:

ક્રમ	વિદ્યાર્થીનું નામ	[illegible]નવ[illegible]માંથી જે પરીક્ષા પાસ[illegible]ય તેનાં નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપેલ છે તે વર્ગ
૧	૨	૩	૪
૧.	શ્રીમતી જયશ્રી બી. ઠાકોર	[illegible] એસ. ડબલ્યુ. [illegible] એસ યુનિવર્સિટી [illegible]દરા.	પીએચડી.
૨.	શ્રી. રાજેશ બી. રીંગવાળા	[illegible] એમ.બી.,બી.એસ., [illegible]ત્તો યુનિવર્સિટી	સેકન્ડ એમ.બી.,બી.એસ.
૩.	શ્રી. મહમદ એમ. આર્થર	[illegible] મેડિકલ [illegible]ગઢ યુનિવર્સિટી	ફર્સ્ટ એમ.બી.,બી એસ.
૪.	કુ. મુનિ કાલિન્દી એમ.	[illegible] ઑનર બી.એ., બી.એડ., સરદાર પટેલ યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એ.
૫.	શ્રી. જગદીશ પરાશર	[illegible] કોમ. લખનૌ યુનિવર્સિટી	એમ.કૉમ. પાર્ટ-૧
૬.	શ્રી. શાહ રીટા બી.	[illegible] કૉમર્સ, મુંબઈ યુનિવર્સિટી	સેકન્ડ બી.કૉમ.
૭.	શ્રી. જાઈ દિલીપ	"	"
૮.	શ્રી. રાજેશ જે. પટેલ	[illegible] સેકન્ડરી, ઑલ ઇન્ડિયા [illegible] સેકન્ડરી એજ્યુકેશન, [illegible] દિલ્હી	ફર્સ્ટ બી.એસસી.
૯.	શ્રી. દવે પ્રતિમા ભગવંતરાય	[illegible] યુનિવર્સિટી, [illegible] યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એસસી.
૧૦.	શ્રી. દવે પ્રદ્યુમ્ન બી.	[illegible] યુનિવર્સિટી, [illegible] યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એસસી.
૧૧.	શ્રી. સુરેશ કે. આયંગર	[illegible] યુનિવર્સિટી, [illegible] યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એ.

૧	૨	૩	૪
૧૨.	શ્રી. શાહ દિનકર જે.	ડી.એડ., શેઠ સી. એન. જી. બી ટી	એમ.એડ.
૧૩.	શ્રી. ત્રિવેદી જિતેન્દ્ર એમ.	પરફોર્મન્સ સ્કૂલ ઈન ધી બ્લાઈન્ડ ડિપ્લોમા, બોસ્ટન યુનિવર્સિટી, અમેરિકા	એમ.એડ.
૧૪.	શ્રી. પરીખ જતીનકુમાર આર.	પ્રથમ એમ.બી.,બી.એસ., સૌરાષ્ટ્ર યુનિ. ની પહેલી ટર્મ પૂરી કર્યાના આધારે	પ્રથમ એમ.બી.,બી.એસ. (બીજા સત્રથી)
૧૫.	શ્રી. અનીતા બી. પરીખ	પ્રી યુનિ. સાયન્સ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પહેલી ટર્મ પૂરી કર્યાના આધારે	પ્રી-યુનિ. સાયન્સ (બીજા સત્રથી)
૧૬.	શ્રી. ગોહિલ અશ્વિનકુમાર	પ્રી-યુનિ. સાયન્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પહેલી ટર્મ પૂરી કર્યાના આધારે	પ્રી-યુનિ. સાયન્સ (બીજા સત્રથી)
૧૭.	શ્રી. નાણાવટી ડી. વી.	પ્રથમ એમ.બી.,બી.એસ., દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પહેલી ટર્મ પૂરી કર્યાના આધારે	પ્રથમ એમ.બી.,બી.એસ. (બીજા સત્રથી)
૧૮.	શ્રીમતી મહેતા ઇન્દિરા એન.	એમ.એ. પાર્ટ ૧, દક્ષિણ ગુજરાત યુનિ.ની પહેલી ટર્મ પૂરી કર્યાના આધારે	એમ.એ. પાર્ટ-૧ (બીજા સત્રથી)
૧૯.	કુ. લુહાર મીના પી.	પ્રથમ એમ.બી.,બી.એસ., રાંચી યુનિવર્સિટી	સેકન્ડ એમ.બી.,બી.એસ.
૨૦.	શ્રી. મજમુદાર ભુજંગ ત્રિ.	હાઈસ્કૂલ પરીક્ષા, યુ. પી. બોર્ડ, અલાહાબાદ	પ્રી-યુનિ. સાયન્સ
૨૧.	પુરી રાજેન્દ્રલાલ	બી.એસસી. (ટેક્સ્ટાઈલ), પંજાબ ફર્સ્ટ એલએલ.બી. યુનિવર્સિટી	
૨૨.	શ્રી. પટેલ હસમુખ જે.	બી.એ. વિથ ઇકોનોમિક્સ, સરદાર પટેલ યુનિવર્સિટી	સેકન્ડ બી.કોમ.
૨૩.	શ્રી. ગોસ્વામી દુષ્યંત	ઇન્ટર કોમર્સ, યુ પી. બોર્ડ અલાહાબાદ	સેકન્ડ બી.કોમ.
૨૪.	શ્રી. ભાગચંદાની બી. જી.	બી.ઈ. (I) પ્રથમ, એમ.એસ. યુનિ., વડોદરા.	બી.ઈ. સેકન્ડ (II)

(નોંધ.—સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓને બીજા સત્રથી પ્રવેશ આપવામાં આવેલ છે તેઓને પ્રવેશપાત્રતાના પ્રમાણપત્રની જરૂર નહિ હોવાથી પ્રમાણપત્ર આપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોનો નોંધ લેવી.

૨૪. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની એન્જિનિયરિંગના પાંચ વર્ષના અભ્યાસક્રમની ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ અને ફોર્થ એન્જિનિયરિંગ પરીક્ષાઓને અરસપરસના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૬ જુલાઈ ૧૯૬૭ના પત્રાંક/ડી/૬/૬૫૩૫૨ વિચારણા કરવા બાબત.

ટેક્નોલોજી ઇનકલ્યુડિંગ એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

The First Year B.E. and Second Year B.E. Examinations of the Sardar Patel University under the Five-year Degree Course in Engineering be recognised equivalent to B.E.-I (C.,M.,E.) and B.E.-II (C.,M.,E.) Examinations respectively of the Gujarat University as the subjects and syllabi taught are practically the same.

As regards Third Year B.E.(C.,M.,E.) of the Sardar Patel University, it is not possible to recognise the same as equivalent to B.E.-III (C.,M.,E.) of Gujarat University. The subjects taught at Sardar Patel University for Third Year B.E. (C.,M.,E.) are not equivalent to those taught at the Gujarat University for the same year.

However, Fourth Year B.E. (C.,M.,E.) of the Sardar Patel University can be recognised as equivalent to B.E.-IV (C.,M.,E.) of Gujarat University as the subjects and syllabi covered by both the Universities during III and IV years of courses are by and large.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીનો એન્જિનિયરિંગનાં પાંચ વર્ષના અભ્યાસક્રમની પરીક્ષાને પરસ્પરના ધોરણે નીચે પ્રમાણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

First Year	B.E.	= B.E.-I (C.,M.,E.)
Second Year	B.E.	= B.E.-II (C.,M.,E.)
Fourth Year	B.E.	= B.E.-IV (C.,M.,E.)

૨૫. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ખડકપુર (M.Sc.)ની એમ.એસસી. (Physics, Chemistry and Mathematics)ની પદવી/પરીક્ષાઓને માન્ય કરવા તેમના તરફથી આવેલ ૨૨મી જુલાઇ, ૧૯૬૭ના પત્રાંક III/2-2/B42/23(2)/67 પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

That the courses of the above Institute are a little higher than

our courses and without any hesitation I can recommend that M.Sc. of Indian Institute of Technology may be considered equivalent to M.Sc. of our University in the corresponding subjects.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ખડકપુરની એમ.એસસી. પદવી-પરીક્ષા (ફિઝિકસ, કેમિસ્ટ્રી અને મૅથેમેટિકસ)ને અરસપરસના ધોરણે માન્ય કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. પંજાબી યુનિવર્સિટી, પતિયાળાના રજિસ્ટ્રાર તરફથી તે યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી (M.Sc.) એમ.એસસી. (Physics & Mathematics)ની પરીક્ષા માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૬-૧૧-૧૯૬૬ના પત્રાંક ૩૩૯૮૮૪-૨૧-એમ. ડી. એન. રેકગ્ની-૬૩-ગુજ. ૫૨ વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

M.Sc.–Part I of that University is different in many subjects but M.Sc.–I & II taken together cover up nearly entire course of our M.Sc.–I & II. So M.Sc. Final may be considered equivalent to our M.Sc. Final in Physics and Mathematics.

આથી ઠરાવવામાં આવે છે કે પંજાબી યુનિવર્સિટીની એમ.એસસી. (ફિઝિકસ અને મૅથેમેટિકસ) પદવી-પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૭. કલકત્તા યુનિવર્સિટીની પહેલી અને બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજી એમ.બી., બી.એસ.ના વર્ગમાં દાખલ કરવા માટે પાત્ર ગણવા કે કેમ તે અંગે કલકત્તા યુનિવર્સિટીની ફર્સ્ટ અને સેકન્ડ એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો મંગાવી તેમના ડીનનો અભિપ્રાય લઈ નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૮. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરાની નવા અભ્યાસક્રમની B.E.–I, B.E.–II અને B.E.–III એન્જિનિયરિંગ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરાની નવા અભ્યાસ-ક્રમની B.E.–I, B.E.–II અને B.E.–III એન્જિનિયરિંગ પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૯. બી.એડ. કોરસપોડન્સ કોર્સને સમકક્ષ માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

પત્રવ્યવહારવાળા અભ્યાસક્રમો આપણે હરગિજ સ્વીકારવા ન જોઈએ. આપણી શિક્ષણ અંગેની અભ્યાસસમિતિએ પણ પત્રવ્યવહારથી ચાલતી શિક્ષણતાલીમને માન્યતા નહિ આપવાનો ઠરાવ કરેલો છે.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ. કૉરસપોન્ડન્સ કોર્સને સમકક્ષ માન્યતા આપવી નહિ તેમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ
કુલસચિવ.

परिशिष्ट "ख"

SAMBALPUR UNIVERSITY

Pre-University Examination.

Pre-Professional

B.A., B.Sc. & B.Com.**—First Examination

(Three-year Degree Course)

B.A., B.Sc. & B.Com.—Final Examination (Pass)

(Three-year Degree Course)

B.A., B.Sc. & B.Com.—Final Examination (Honours)

(Three-year Degree Course)

LL.B.

M.B., B.S.

M.Sc.

** Provided the candidate appears in the subject of Accountancy at Intermediate Commerce Examination of the University and pass it before or simultaneously withe any other Examination of this University, for which he may be due.

परिशिष्ट "क"

UTKAL UNIVERSITY

Pre-University Examination

Inter Arts

Inter Science

B.A.

M.B.,B.S.

LL.B.

M.Ed.

Pre-Professional

B.Sc. (Engineering – B.E.(C., M. & E.)

M.Sc.

First Examination of the Three-year Degree Course in Science = Inter Science

First Examination of the Three-year Degree Course in Arts = Inter Arts

First Examination of the Three-year Degree Course in Commerce = Inter Commerce

} Provided the Examination is conducted by the University.

Degree Examination of Arts, Science and Commerce (Three-year Degree Course).

**Provided the candidate appears in the subject of Accountancy at Intermediate Commerce Examination of this University and pass it before or simultaneously with any other examination of this University, for which he may be due.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૮૬

બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ

વર્ષ : ૧૯૬૬-૬૭

બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૪/૫-૩-૧૯૬૮ની સભામાં સેનેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું :

"યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના ઑડિટ થયેલા વાર્ષિક હિસાબો હેવાલવાળા વર્ષ દરમ્યાન અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલા જણાયા છે. હિસાબો અંગે ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા, દેસાઈ ઍન્ડ કંપનીનો તા. ૨૮-૨-૧૯૬૮ની ઑડિટ નોંધ અમે જોઈ છે અને તે અંગે કેટલીક બાબતોનાં અમારાં મંતવ્યો નીચે પ્રમાણે છે :

નં ૪ : સાડા પાંચ ટકા ગુજરાત રાજ્ય વિકાસ લોન-૧૯૭૮ ઉપર તા.૧૧-૩-૧૯૬૭એ પૂરા થતા છમાસિક હપતાનું રૂા. ૨,૬૫૦નું વ્યાજ ઑડિટ વર્ષ દરમ્યાન તા. ૨૯-૩-૧૯૬૭ના રોજ મળી ગયું છે અને તેથી તે બાબત કાંઈ કરવાનું રહેતું નથી.

નં ૯ : સિન્ડિકેટના તા. ૩૦-૧-'૬૬ના ઠરાવ મુજબ જુદાં જુદાં ભવનો/વિભાગોને તા. ૩૧-૩-'૬૭ના રોજ ચૂકવવાનાં બાકી નીકળતાં બિલોનાં રજિસ્ટરો મળ્યાં છે તેની નોંધ લેવામાં આવે છે.

નં ૧૬ : યુનિવર્સિટી મુદ્રણાલયના કાગળ એકાઉન્ટ અંગે રૂા. ૮,૫૫૯-૩૪ના વધારા અંગેનું એડજસ્ટમેન્ટ વાઉચર નંબર ૧૦૧૪, તા. ૩૧-૭-૧૯૬૭થી કરવામાં આવ્યું છે તે અમે જોયું છે.

નં ૧૭ : યુનિવર્સિટી કર્મચારીઓને બી.સી.એસ.આર. પ્રમાણે મુસાફરીભથ્થું તથા દૈનિક ભથ્થું હાલમાં આપવામાં આવે છે તેને બદલે કર્મચારીઓ માટે યુનિવર્સિટી પોતાના સ્પષ્ટ અલગ નિયમો બનાવે તેવું ઑડિટરનું સૂચન છે જે વિચારવું ઘટે એમ અમારો અભિપ્રાય છે.

નં ૨૧ : યુનિવર્સિટી મુદ્રણાલયના ૧૯૬૬-૬૭ના વર્ષના પગારપત્રકનાં પાનાં નં. ૪૦થી ૪૯ જે કોઈએ ફાડી નાખ્યાં છે તે બાબત ડુપ્લિકેટ પાનાંઓ લખી તે ઉપર ડુપ્લિકેટ સહીઓ મેળવવા ઘટતી કાર્યવાહી કરવી.

હિસાબ વિભાગનું કામકાજ સરળતાથી ચાલે માટે ભલામણ કરવામાં આવે છે કે એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે મૂકવો."

પરિશિષ્ટ "૬"
ઠરાવઠાવ ક્રમાંક ૮૭

RULES IN M.D. (BRANCH IX) RADIODIAGNOSIS, RADIOLOGY

The examination shall be as under :

Paper I : Radio-physics and Applied Basic Sciences.

Paper II : Rodio-therapy and Medicine, Surgery and Pathology in relation to Radiology.

Paper III : Radio-diagnosis.

Paper IV : An essay or modern trends and recent developments in subjects.

M.D. (BRANCH-X) RADIOTHERAPY, RADIOLOGY

The examination shall be as under :

Paper I : Radio-physics and Applied Basic Sciences.

Paper II : Radio-diagnosis and Medicine, Surgery and Pathology in relation to Radiology.

Paper III : Radiotherapy.

Paper IV : An essay or modern trends and recent developments in subject.

Add the following under O. 285 (*a*) :

"While in the case of the candidate who have passed either M.D. Branch IX or X, as the case may be, will be allowed to appear in the another branch of Radiology after having kept two terms in that branch after registration."

Add the following note given under O. 285–A :

"Note (2) : A candidate who has passed M. D. Examination in any of the branches IX or X, as the case may be, will be eligible to claim exemption in the Paper I–Radio-physics and Applied Basic Sciences.

Except the above additions, other rules and regulations will be the same as Applied in M.D. Course of other branches.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની વિશેષ સભા રવિવાર, તા. ૩૧-૩-૧૯૬૮ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૧-૩-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	શ્રી. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	શ્રી. બી. આર. શિનોય	ગેરહાજર
૧૫.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર
૧૬.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. ફર્સ્ટ બી.એસસી. ફિઝિકસના પ્રશ્નપત્રો ૧ અને ૨ની પરીક્ષાઓ લેવા અંગે વિચારણા કરવા બાબત.

૧. ચાલુ વર્ષે (માર્ચ ૧૯૬૮માં) લેવાયેલ ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષામાં ફિઝિકસના પ્રશ્નપત્ર ૧ અને ૨ અગાઉથી ફૂટી ગયા હોવાનું જણાવતા સિનિયર સુપરવાઈઝર પ્રિ. જે. એ. ફ્રેગાન્ઝાનો તા. ૨૯-૩-૧૯૬૮નો પત્ર તથા પ્રો. એસ. જી. દવે અને પ્રો. એ. કે. દવેના તા. ૨૯-૩-૧૯૬૮ના પત્ર અને તે પ્રશ્નપત્રોના પ્રાશ્નિક મંડળના અધ્યક્ષે તા. ૨૯-૩-૧૯૬૮ના રોજ આપેલો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સાથે કેટલાક વિદ્યાર્થીઓ તરફથી આવેલ તા. ૩૦-૩-૧૯૬૮ના બે પત્રો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે તમામ કાગળો જોઈ-તપાસીને સિન્ડિકેટે ફર્સ્ટ ઇયર બી.એસસી.ની પરીક્ષા અંગે નીચે મુજબ ઠરાવ્યું :

(ક) ફિઝિકસ પ્રશ્નપત્ર ૨ની પરીક્ષા રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(ખ) ફિઝિકસ પ્રશ્નપત્ર ૧ પણ અગાઉથી ફૂટયો હોવાની સિન્ડિકેટને ખાતરી થઈ છે અને તેથી તે પરીક્ષા પણ ફરીથી લેવામાં આવે.

(ગ) સભાગૃહમાં ચર્ચાવિચારણા દરમિયાન એક સૂચન રજૂ થયું કે એફ.વાય.બી.એસસી.ની આખીય પરીક્ષા ફરીથી લેવામાં આવે, પરંતુ તે સૂચન સભાગૃહે વધુમતે નામંજૂર કર્યું.

(ઘ) પ્રશ્નપત્ર ૧ અને ૨ની જે પરીક્ષા ફરીથી લેવામાં આવે તે પરીક્ષા એફ.વાય.બી.એસસી.ના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા પૂરી થયેથી તા. ૧૮-૪-૧૯૬૮ના રોજ લેવાનું રાખવું, અને તે માટે જરૂરી પ્રાશ્નિક કે પ્રાશ્નિકો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨. વધુમાં ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે એફ.વાય.બી.એસસી. ફિઝિકસના પ્રશ્નપત્રો ૧ અને ૨ ફૂટવાનો જે બનાવ બન્યો છે તે બાબતમાં ઘટતી તપાસ કરવા માટે ગુજરાત રાજ્યના પોલીસખાતાને વિનંતી કરવી.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ પ્રશ્નપત્ર ૧ અને ૨ની ફૂટ અંગે તંત્રને લગતી તપાસ ખાતાવાર કરવા માટે તથા પ્રશ્નપત્રો પ્રાશ્નિકો પાસેથી કઢાવવાથી માંડીને તે છાપીને વિદ્યાર્થીઓને વહેંચાવા સુધીની સમગ્ર પ્રક્રિયા તથા તે અંગેના નિયમો/સૂચનાઓ જોઈ-તપાસીને તેમાં કોઈ ફેરફાર સૂચવવો જરૂરી જણાય તો તે જણાવવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ
(૨) આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે
(૩) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી
(૬) આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૨. All-India Colloquium on Ethical and Spiritual Values as the Basis of National Integrationના ચેરમેનના તા. ૨૯-૩-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના આચાર્યના તા. ૨૩-૩-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નકલ કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રીને મોકલીને તે અંગે તેમનાં વક્તવ્યો મોકલી આપવા માટે જણાવવું.

કુલપતિશ્રીની પરવાનગીથી આચાર્ય એમ. સી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

૪. આ વર્ષે ઉચ્ચ ગણિતનો વિષય વિજ્ઞાનશાખામાં પ્રવેશ માટે ફરજિયાત બન્યો હોઈ કૉલેજોમાં સંખ્યા અંગે કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ઊભી ન થાય તે દૃષ્ટિએ પ્રવેશનું આ વર્ષે કુલપતિશ્રીએ નિયંત્રિત કરવું અને એ માટે નીચેના સિદ્ધાંતોને માર્ગસૂચક લેખવા :

(૧) જે જે કૉલેજોમાં ત્રણથી વધુ ડિવિઝન હોય તે કૉલેજોએ શરૂઆતમાં એક ડિવિઝન ઓછું લેવું.

(૨) આ મુજબ બધી કૉલેજોમાં વ્યવસ્થા થઈ જાય તે પછી મુક્ત પ્રવેશ માટે અનુમતિ આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. / ૧૧૫૦ / ૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
એપ્રિલ ૧૩, ૧૯૬૮.

કૃ. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 62-350-4-68

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એપ્રિલ માસની સભા શનિવાર, તા. ૨૦-૪-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૨૧-૪-૧૯૬૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૪-૧૯૬૮	તા. ૨૧-૪-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. જીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	હાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર	હાજર
૧૬.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	ગેરહાજર	હાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર	ગેરહાજર.

૧. (અ) તા. ૯/૧૦-૩-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

(બ) તા. ૩૧-૩-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

(અ) તા. ૯/૧૦-૩-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સામાન્ય સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(બ) તા. ૩૧-૩-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૪-૨-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આર્ટસ ડિગ્રી કક્ષાએ વિવિધ વિષયના મહાનિબંધ અંગે વિદ્યાર્થીઓને દોરવણી આપતા શિક્ષકોને મહેનતાણું આપવાની બાબત યુનિવર્સિટી સત્તાવાળાઓએ ફરીથી વિચારવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૩. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજે જૂન ૧૯૬૭થી લાયકાત ધરાવતા ઇતિહાસના વ્યાખ્યાતા વગર આખું શૈક્ષણિક વર્ષ ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ તે કૉલેજમાં કાર્ય કરતા વ્યાખ્યાતાને એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હતો.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાના આચાર્યશ્રીને જણાવવું કે યોગ્ય લાયકાત ધરાવતા ઇતિહાસના વ્યાખ્યાતાની નિમણૂક કર્યા સિવાય ૧૯૬૭-૬૮નું આખું શૈક્ષણિક વર્ષ શિક્ષણકાર્ય ચલાવવામાં આવ્યું તે યોગ્ય થયું નથી અને તે બદલ તેમને ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા ઇતિહાસના લેક્ચરરને નીમવામાં આવશે નહિ તો તે વિષય માટે વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજોને જણાવવું કે જે વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા પ્રોફેસર અને/અથવા લેક્ચરરની નિમણૂક, યુનિવર્સિટીનાં ધારા-ધોરણ અનુસાર કરવાનું બની શકે નહિ તો તે વિષય માટે કોઈ પણ વર્ગમાં એક પણ નવા વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહિ. આ ઠરાવનું યથાર્થ પરિપાલન કરવું એ પ્રત્યેક કૉલેજની આવશ્યક ફરજ ગણાશે.

૪. વ્યાયામશિક્ષકની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સુધારવાના આચાર્ય ય. ગુ. નાયકના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

Physical Instructor

(1) A graduate of a Statutory University, and

(*a*) must be holding a long-term Diploma of Kandivali Institute, Bombay or Y.M.C.A., Madras or a Diploma in

Physical Education awarded by Punjab University or Bihar School Examination or a similar Diploma;

or

(*b*) holding a Diploma in Physical Education awarded by Chhotubhai Purani Mahavidyalaya, Rajpipla;

or

(*c*) *holding a Diploma in Physical Education of Gujarat State* or a Diploma in Physical Education equivalent thereto;

(2) *holding a Degree in Physical Education of any Statutory University* or a Degree in Physical Education equivalent thereto.

આથી ઠરાવવામાં આવે છે કે વ્યાયામ શિક્ષકની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો :

Physical Instructor

(1) *Holding a Degree in Physical Education of any Statutory University* or a Degree in Physical Education equivalent thereto;

or

(2) A graduate of a Statutory University, and

(*a*) must be holding a long-term Diploma of Kandivali Institute, Bombay, or Y.M.C.A., Madras, or a Diploma in Physical Education awarded by Punjab University or Bihar School Examination or a similar Diploma;

or

(*b*) holding a Diploma in Physical Education awarded by Chhotubhai Purani Mahavidyalaya, Rajpipla;

or

(*c*) *holding a Diploma in Physical Education of Gujarat State* or a diploma in Physical Education equivalent thereto.

૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૯-૩-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે—

(૧) ફર્સ્ટ એલએલ.બી.ની જૂના અભ્યાસક્રમ મુજબની છેલ્લી પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૮માં લેવી.

(૨) સેકન્ડ એલએલ.બી.ની જૂના અભ્યાસક્રમ મુજબની છેલ્લી પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૦માં લેવી.

(૩) સેકન્ડ એલએલ.બી.ની જૂના અભ્યાસક્રમ મુજબનું છેલ્લા સત્ર માટેનું શિક્ષણ ઑક્ટોબર ૧૯૬૯ સુધી ચાલુ રાખવું. તે પછી જૂના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓ લઈ શકાશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ આચાર્ય ય. પ્રા. શુકલના સૂચનને અનુલક્ષીને ઑર્ડિનન્સ ૯૭, નીચે બતાવ્યા પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 97 :

"Every college and recognised institution shall report to the Syndicate all changes in its teaching staff (in the case of Medical colleges, they shall also report the changes in the staff of the Hospital where the students of these colleges are required to do their clinical work), as soon as such changes are made, but not later than 30th June in the first term and 20th November in the second term. Those appointments which are not reported within this period shall not be approved for the said academic year."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૯૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો :

O. 97 :

Every college and recognised institution shall report to the Syndicate all changes in its teaching staff (in the case of Medical colleges, they shall also report the changes in the staff of the Hospital where the students of these colleges are required to do their clinical work), as soon as such changes are made, but not later than 30th June in the first term and 20th November in the second term. Those appointments which are not reported within this period shall not be approved for the said academic term.

૭. ઇન્ડિયન ફિલોસોફિકલ એસોસિયેશન અને ધી સમર સેમિનારનું સંયુક્ત ૧૭મું સત્ર ઇન્ડિયન ફિલોસોફિકલ એસોસિયેશનના ઉપક્રમે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં તા. ૨૧મી મેથી ૨૬મી મે ૧૯૬૮ દરમિયાન યોજાનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય યુ. ડી. ભટ્ટને મોકલવા.

૮. અધ્યાપકવર્ગ માં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૨૭-૨-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૭-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૭-૨-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-મેથેમેટિક્સ તરીકે કામ કરતા ડૉ. એ. એમ. વૈદ્યનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. એ. એમ. વૈદ્યની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એ. એમ. વૈદ્યને તા. ૧૫-૬-૧૯૬૮થી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-મેથેમેટિક્સની જગ્યા પર કાયમ કરવા.

૧૦. સમાજવિદ્યા ભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. એન. શેઠ	લેક્ચરર (રાજ્યશાસ્ત્ર)	૧૪-૬-૧૯૬૮	૧૫-૬-૧૯૬૮
૨.	શ્રી. એમ. એસ. ત્રિવેદી	,, (અર્થશાસ્ત્ર)	,,	,,
૩.	શ્રી. એ. ડી. શાહ	ફીલ્ડવર્ક આસિસ્ટન્ટ (લેબર વેલ્ફેર)	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે ત્રણેય સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમ કરવા.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જી. એમ. અમરવાલ	વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ	૯-૬-૧૯૬૮	૧૦-૬-૧૯૬૮
૨.	શ્રી. વી. એમ. દરજી	લેબો. આસિસ્ટન્ટ	૧૫-૬-૧૯૬૮	૧૬-૬-૧૯૬૮
૩.	શ્રી. ચૌહાણ કાનજીભાઈ ધૂળાભાઈ	પટાવાળા	૧૫-૬-૧૯૬૮	૧૬-૬-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે ત્રણેય સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી ડી. એન. શુકલનો અજમાયશી સમય તા. ૧-૫-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨-૫-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. એન. શુકલને આ યુનિવર્સિટીના ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ તરીકે તા. ૨-૫-૧૯૬૮થી કાયમ કરવા.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેનાં કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	કયા વિભાગમાં કામ કરે છે	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. કે. કે. દવે	હિસાબ	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૮	૨૧-૫-૧૯૬૮
૨.	શ્રી. કે. જે. મહેતા	હિસાબ	,,	૧૦-૬-૧૯૬૮	૧૧-૬-૧૯૬૮
૩.	શ્રી. એસ. કે. શાહ	લીવ-વેકેન્સી પુલમાં	,,	૨૬-૬-૧૯૬૮	૨૭-૬-૧૯૬૮
૪.	શ્રી. પી. એમ. ત્રિવેદી	,,	,,	,,	,,
૫.	શ્રીમતી એલ. આર. જોશીપુરા	પરીક્ષા	,,	,,	,,
૬.	શ્રી. અનિલ એચ. શાહ		પટાવાળા	૧૪-૫-૧૯૬૮	૧૫-૫-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) શ્રી. કે. કે. દવેને એક માસની નોટિસ આપીને છૂટા કરવા;

(૨) સર્વશ્રી કે. જે. મહેતા અને (૩) એસ. કે. શાહને જુ. ક્લાર્કની જગ્યા પર તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા.

(૪) શ્રી. પી. એમ. ત્રિવેદીનો અજમાયશી સમય વધુ ૭ માસ લંબાવવો અને તેમને જણાવવું કે લંબાયેલા અજમાયશી સમય દરમ્યાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

(૫) શ્રીમતી એલ. આર. જોશીપુરાને જુ. ક્લાર્કની જગ્યા પર તેમના નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવાં; અને

(૬) શ્રી. અનિલ એચ. શાહને એક માસની નોટિસ આપીને છૂટા કરવા.

૧૪. પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગ્યા માટે તા. ૧૮-૩-૧૯૬૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૮-૩-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૮-૩-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૫. રીડર-ઇન-કેમિસ્ટ્રીની જગ્યા માટે તા. ૧૭-૩-૧૯૬૮ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૭-૩-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રીડર ઇન કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. આર. કે. શાહની નિમણૂક તા. ૧૫મી જૂન ૧૯૬૮થી રૂા. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૭-૩-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓની સભામાં હાજર રહેવા માટે મુસાફરી ભથ્થાં, દૈનિક ભથ્થાં વગેરેના હાલના નિયમો જોઈતપાસી સૂચનો કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૦-૯-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. ૬૨ વર્ષે ગુજરાત યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.કૉમ. ડિગ્રી માટેની પ્રથમ પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રીમતી ધનકોરબાઈ રતનચંદ વઢામણવાલા પારિતોષિક" એનાયત કરવા માટે જરૂરી પ્રદાન આપવા માટેની શ્રી. એસ. બી. શાહની દરખાસ્ત સ્વીકારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનને માટે શ્રી. એસ. બી. શાહની દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૧૮. યુનિવર્સિટી સ્થાપિત તથા સંચાલિત અનુસ્નાતક કેન્દ્રોમાં ૬૨ વર્ષને અંતે જે બચત રહે તેની શી વ્યવસ્થા કરવી તે માટે સામાન્ય નીતિ નક્કી કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભાના ઠરાવથી અનુસ્નાતક કેન્દ્રોને તેમની તા. ૩૧-૩-૧૯૬૭ની સુધીની રહેલ બચત યુનિવર્સિટીને મોકલી આપવા ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની પહેલા સત્રની ટ્યૂશન ફી તેમની રજિસ્ટ્રેશનની અરજીની સાથે જ,

અને તે પછીનાં સત્રોની ટયૂશન ફી સત્રનો પ્રારંભ થયેથી એક માસની અંદર યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા માટે કેન્દ્રોને જણાવવું.

૧૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં યુનિવર્સિટી સ્થાપિત તથા સંચાલિત જે અનુસ્નાતક કેન્દ્રો વર્ષ ૧૯૬૬-૬૭માં ચાલતાં હતાં તેના હિસાબો અને બચત અત્રે મોકલી આપવા અંગે તા. ૩/૪-૬-૧૯૬૭ની સિન્ડિકેટની સભાએ ઠરાવ કરેલો જે વિષે જે તે કેન્દ્રને લખતાં નીચેની કૉલેજોમાં ચાલતાં કેન્દ્રો તરફથી હિસાબો અને/અથવા બચતની રકમ આવેલ નથી તે અંગે તથા આ બાબતના અનુસંધાનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૧૫-૧-૧૯૬૮ના પત્રાંક પી૭. ૪૩-૧૦૪૧૫ અંગે પણ વિચારણા કરવા બાબત:

(૧) એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	...	બચત રૂા. ૮,૯૯૯-૧૭ પૈસા રહેલ છે તે અવાર-નવાર જણાવ્યા છતાં જમા કરાવેલ નથી.
(૨) ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	...	વર્ષ ૧૯૬૬-૬૭ના હિસાબ આવ્યા છે પરંતુ તેમાં ક્ષતિઓ હોવાથી વિગતવાર પત્ર લખ્યો છે, જેનો જવાબ નથી.
(૩) પી. પી. ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ, ભાવનગર	...	વર્ષ ૧૯૬૬-૬૭ના હિસાબો આવ્યા નથી અને આ બાબત અંગે શિક્ષણસંચાલકશ્રીનું ધ્યાન દોરવા તા. ૨૯-૧-૧૯૬૭ની સિન્ડિકેટે ઠરાવ કરેલ છે.
(૪) એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર	...	હિસાબોમાં ક્ષતિઓ છે તે દૂર કરવા આચાર્યશ્રીને જણાવવામાં આવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના અનુસ્નાતક કેન્દ્રની બાકી રહેલી બચત અનેક વખત લખવા છતાં મોકલવામાં આવી નથી તે બાબત ગંભીર હોઈ તે તરફ શ્રી. શિક્ષણ સંચાલકનું ધ્યાન ખેંચવું અને તે બચતનાં નાણાં યુનિવર્સિટીને ત્વરિત મોકલી આપવા માટે ઘટતો પ્રબંધ કરવા તેમને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ; પી. પી. ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ, ભાવનગર અને એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરનાં અનુસ્નાતક કેન્દ્રોના હિસાબો તપાસવા માટે યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગમાંથી કોઈ જાણકાર સભ્યને મોકલવા અને તેમનો રિપોર્ટ આવ્યેથી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૨૦. સંલગ્ન કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૧-૩-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૧-૩-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને જણાવવું કે એક જ કક્ષાના (standard) બે જુદા જુદા વર્ગો (divisions) માટે જુદી જુદી ટયૂશન ફી રાખવી તે યોગ્ય લાગતું

નથી એમ સિન્ડિકેટનો સુચિંતિત અભિપ્રાય છે અને તેથી તે બાબતમાં સદરહુ કૉલેજને યોગ્ય કરવા માટે જણાવવામાં આવે છે.

(સદરહુ સમિતિની તા. ૨૧-૪-૧૯૬૮ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૧. સરકાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે વ્યાયામશિક્ષણનું કામ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે નિમણૂક કર્યા વિના આખું વર્ષ ચલાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— કૉલેજ પાસે બે વ્યાયામશિક્ષકો છે :

(૧) શ્રી. સી. વી. દેસાઈ પાત્રતા ધરાવે છે પણ તેમની નિમણૂક ખંડ સમય માટે કરેલ છે, જ્યારે

(૨) શ્રી. કે. જે. પોરાણિયા પાત્રતા ધરાવતા નથી અને તેમની નિમણૂક પૂરા સમય માટે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વ્યાયામશિક્ષકની નિમણૂકની બાબતમાં ઉપર જણાવેલી ઊણપ એ યુનિવર્સિટીના નિયમના ઔપચારિક પ્રકારનો ભંગ હોઈ તે બાબત નિભાવી લેવામાં (condone કરવામાં) આવે.

૨૨. (૧) સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના વિષયનું શિક્ષણકાર્ય કરી રહેલા શ્રી. જે. કે. દેસાઈની પ્રાધ્યાપક તરીકેની નિમણૂક માટે ખૂટતા એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણવા, તેમ જ (૨) સદરહુ કૉલેજને ચાલુ વર્ષે મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક કરવામાંથી મુક્તિ આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. જે. કે. દેસાઈ બી.એ. બંને વર્ગ તથા એમ.એ. પાસ વર્ગ ધરાવે છે. પ્રાધ્યાપક થવા માટેનો જોઈતો આ વર્ષનો શૈક્ષણિક અનુભવ જૂન ૧૯૬૮માં પૂર્ણ થશે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક કરવા માટે આ કૉલેજને જણાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે જે સંજોગોમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકોથી ચલાવ્યું તે સંજોગો જોતાં તેણે કરેલી વ્યવસ્થા અપવાદ તરીકે નિભાવી લેવી (condone કરવી) અને તે બાબત આચાર્યશ્રીને ઘટતો પત્ર લખવો.

૨૩. રસાયણવિજ્ઞાનના વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં જૂન ૧૯૬૮થી કેટલા વિદ્યાર્થીઓને દાખલ કરવા તે મુદ્દો તપાસી જવા સિન્ડિકેટની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભાએ રચેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણ અંગે નીચેના મુદ્દાઓ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવા :

(૧) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓની સંખ્યાનું નિયંત્રણ

(૨) અમદાવાદમાં ભવનો ઉપરાંત અન્યત્ર એક કે વધુ અનુસ્નાતક કેન્દ્રો આપી શકાય કે કેમ અને આપી શકાય તેમ હોય તો તે અંગેના નિયમો ઘડવા બાબત

(૩) પાર્ટ ૧ અને પાર્ટ ૨ના વર્ગો એક સાથે યોજી શકાય કે કેમ તે તપાસીને તે દૃષ્ટિએ પરીક્ષા અંગેની પુનઃ વ્યવસ્થા કરવા બાબત, અને

(૪) અનુસ્નાતક વિદ્યાભવનોને અને અનુસ્નાતક કેન્દ્રોના વિદ્યાર્થીઓના પ્રવેશ, સમયપત્રક ઇત્યાદિ બાબતોનું સંયોજન કરવા બાબત.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૪૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૪૬. એપ્રિલ, ૧૯૬૬માં લેવાયેલ થર્ડ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. જોરાવરસિંહ તખતસિંહ ઝાલાને તા. ૩૧-૧૨-૧૯૬૯ સુધી ત્રણ વર્ષ માટે ડિબાર કરવામાં આવેલ છે તેના અનુસંધાનમાં તેમની તા. ૪-૩-૧૯૬૮ના રોજ આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિદ્યાર્થીએ હાઇ કોર્ટમાં રિટ કરેલ છે અને તે અંગેનો કેસ ચાલે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીએ પરીક્ષામાં ગેરરીતિ અજમાવી હોય તેનું, જે પરીક્ષામાં તેણે ગેરરીતિ અજમાવી હોય તે પરીક્ષાનું તેનું પરિણામ રદ કરવાનું રાખવું અને તે ઉપરાંત સિન્ડિકેટને યોગ્ય લાગે તે સમય માટે યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં તે બેસી શકશે નહીં. પરંતુ જે પરીક્ષામાં તેણે ગેરરીતિ અજમાવી હોય તે પરીક્ષામાં પણ પહેલાંનાં તેણે મેળવેલાં exemptions રદ ન કરવા અને બીજી કોઈ પરીક્ષામાં તે વર્ષે અથવા તે પહેલાં તેણે મેળવેલાં exemptions રદ ન કરવાં. આ ઠરાવનો લાભ પશ્ચાદ્‌વર્તી અસર (retrospective effect) આપીને વિદ્યાર્થીઓને આપવો.

તે પછી બાબત નં. ૨૪ અને ૨૫ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૪. એમ.એસસી. ભાગ ૨માં એનાલિટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમ આ સાથે જોડયા પ્રમાણે રાખવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. એમ.એસસી.-૬ને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

અને

૨૫. એમ.એસસી. ભાગ ૨માં પેટ્રોકેમિકલ્સનો વૈકલ્પિક 'ઈ' તરીકે ત્રણ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ આ સાથે જોડયા પ્રમાણે રાખવા તથા તે મુજબ સુધારેલ રેગ્યુ. એમ.એસસી.-૬ને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મુજબ એમ.એસસી. ભાગ ૨ માં એનાલિટિકલ કેમિસ્ટ્રી અને પેટ્રોકેમિકલ્સના અભ્યાસક્રમ અંગેના સુધારેલા રેગ્યુ. એમ.એસસી. ૬ને મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૬૮ થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એમ.એસસી.-૬ની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૬. તબીબી વિદ્યાશાખાની પ્રી-ક્લિનિકલ વિષયની અભ્યાસસમિતિની તા. ૧૪-૯-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર સેકન્ડ એમ.બી.,બી.એસ.ના ફોરેન્સિક મેડિસિન તથા ફાર્માકોલોજીના વિષયોના અભ્યાસક્રમો સુધારવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૭૪ સુધારીને તેને ઑક્ટોબર ૧૯૬૮થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ રેગ્યુ. ૧૭૪ મંજૂર કરવો અને તેને નવેંબર ૧૯૬૮માં કે તે પછી સેકન્ડ એમ.બી.,બી.એસ.માં દાખલ થતા વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૧૭૪ની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૭. તબીબી વિદ્યાશાખાની પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૧૪-૯-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર એમ.ડી.-બ્રાન્ચ ૪માં ફાર્માકોલોજીનો અભ્યાસ-ક્રમ આ સાથે આપ્યા પ્રમાણે રાખવા તથા તે મુજબ રેગ્યુ. ૧૮૫ સુધારીને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ રેગ્યુ. ૧૮૫ મંજૂર કરવો, અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(સુધારેલ રેગ્યુ. ૧૮૫ની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૨૮. ઑર્ડિ. આર્ટ્સ-૧ અને ઑર્ડિ. આર્ટ્સ-૧(એ) સુધારવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ ઑર્ડિ. આર્ટ્સ ૧-એ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(સુધારેલ ઑર્ડિ. આર્ટ્સ ૧-એ ની નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૨૯. ઑર્ડિ. ૧૨૦-બી આ સાથે જોડયા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ ઑર્ડિ. ૧૨૦-બી મંજૂર કરવો, અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(સુધારેલ ઑર્ડિ. ૧૨૦-બી ની નકલ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૩૦. R. Arts-13(i), R. Sc.-15(i) અને R. Com.-14 (i)ના સંબંધકર્તા ભાગ આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮ પછીની બી.એ., બી.એસસી. અને બી.કોમ. ડિગ્રીની પરીક્ષાઓને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. આર્ટ્સ ૧૩ (*i*), રેગ્યુ. સાયન્સ ૧૫ (*i*) અને રેગ્યુ. કોમર્સ ૧૪ (*i*)ના સુધારેલ સંબંધકર્તા ભાગ મંજૂર કરવા અને તે પ્રમાણે સુધારેલા સદરહુ રેગ્યુલેશનોને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

(રેગ્યુ. આર્ટ્સ ૧૩ (*i*), રેગ્યુ. સાયન્સ ૧૫ (*i*) અને રેગ્યુ. કોમર્સ ૧૪ (*i*)ના સુધારેલ સંબંધકર્તા ભાગની નકલ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૩૧. આંતરિક ગુણાંકનના નિયમોને લગતા રેગ્યુલેશનમાંનો નિયમ (*ii*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

B.A. R. Arts (Gen.) 1
B.Sc. R.Sc. (Gen.) 1 } **Rule 1 (ii) :**
B.Com. R.Com. (Gen.) 1

"The 30% of the total marks reserved for internal evaluation shall, except where specifically, provided to the contrary be distributed as follows :

25% for not less than the prescribed number of tests held as per relevant rules in this behalf during the year and 5% for class work, attendance and performance in General during the year."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે સુધારેલા નિયમને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૩૨. હેડમાસ્તર મતદાર વિભાગમાંથી યુનિવર્સિટીની સેનેટ પર ચૂંટાયેલ શ્રી. બાબુભાઈ મોહનલાલ જાનીને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર તથા યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર સદરહુ વિદ્યાશાખા હેઠળ આવતા કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

[નોંધ.— ૧. તેમણે (૧) 'ગુજરાતી' અને (૨) 'પત્રકારત્વ' વિષયોની અભ્યાસસમિતિઓના સભ્યપદ માટે પસંદગી દર્શાવી છે.

૨. અનુસ્નાતક પરીક્ષામાં 'ગુજરાતી' મુખ્ય વિષય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટ સભ્ય શ્રી. બાબુભાઈ મોહનલાલ જનીને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવું અને તે વિદ્યાશાખામાં (૧) ગુજરાતી, અને (૨) પત્રકારત્વની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૩૩. પ્રી-યુનિવર્સિટી વિનયનના અભ્યાસક્રમમાં પ્રશિષ્ટ ભાષા તરીકે જર્મનનો અભ્યાસક્રમ નીચે પ્રમાણે નિયત કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨નો સંબંધકર્તા ભાગ સુધારવાની તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(*a*) Selections of Prose & Poetry	..	55 marks
(*b*) Unseen passages from German to English and vice-verse	..	10 marks
(*c*) Grammar	..	5 marks
(*d*) Internal Evaluation	..	30 marks

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨નો સુધારેલ સંબંધકર્તા ભાગ મંજૂર કરવો, અને તે મુજબ સુધારેલા સદરહુ રેગ્યુ.ને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૩૪. એમ.એ. ભાગ ૨ની ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી પરીક્ષાનાં પ્રશ્નપત્ર ૫ અને ૬ના અભ્યાસક્રમની વિગતો નીચે મુજબ રાખવા અને તે મુજબ રેગ્યુલેશન એમ.એ.-૭ સુધારવા અને તેને એમ.એ. ભાગ ૨ની ૧૯૬૯ના વર્ષમાં લેવાનાર પરીક્ષામાં અમલમાં આવે તે રીતે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Paper V : Principles of Philology with special reference to the origin, form and development of Hindi
ભાષાવિજ્ઞાન—ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ હિંદી ભાષાનો ઉદ્ભવ, સ્વરૂપ અને વિકાસ

Paper VI: Essay, Criticism and History of Hindi Literature

(*i*) Essay on Literary Topic નિબંધ — સાહિત્યિક વિષયો ઉપર	..	40 marks
(*ii*) Modern trends of Literary Criticism સાહિત્યસમીક્ષાના નવ્યતર પ્રવાહો	..	30 marks

(*iii*) History of Hindi Literature : .. 30 marks
Post-Independent period
સ્વાતંત્ર્યોત્તર હિંદી સાહિત્યનો ઇતિહાસ

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ રેગ્યુ. એમ.એ. ૭ મંજૂર કરવો અને તે એમ.એ. ભાગ ૨ની ૧૯૬૯ના વર્ષમાં અને તે પછી લેવાનાર પરીક્ષા માટે અમલમાં આવે તે રીતે અમલમાં મૂકવો.

૩૫. ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૬-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૩૧૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન, ૧૯૬૮થી અમલમાં મૂકવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 314 :

"(1) A candidate for the degree of Ph.D. must have worked for at least four terms after qualifying himself for the Master's Degree, in the faculty concerned under the guidance of a University teacher duly recognised for guiding research for Ph.D. Degree, provided that for Medical graduates possessing M.D. or M.S. or M.Sc. (Med.) Degree the period shall be one academic or calendar year.

(2) It shall not be obligatory for a candidate registered for the Ph.D. Degree to reside in the same town where his teacher resides or works, unless the research work of the candidate concerned involves laboratory and/or field work, provided that in the research work involving no laboratory and/or field work the candidate concerned will be required to keep in close touch with his teacher and have personal discussion with him on his research problem at least twice in a term.

(3) Notwithstanding anything contained in the foregoing provisions it shall be competent for the Vice-Chancellor to permit a candidate for the Ph.D. Degree working as a teacher in an affiliated college or a recognised institution or a University Department to do his research work for the Ph.D. Degree at his own College or Institution or Department, as the case may be, even if his research guide does not stay or work in the same town, provided that the Vice-Chancellor is satisfied that suitable

laboratory facilities are made available to the candidate where he is working. Provided further that the candidate concerned will seek periodical guidance in person as may be deemed necessary by his guide."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ ઑર્ડિ. ૭૧૪ મંજૂર કરવો, અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૩૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૨-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-એમ હેઠળ નોંધ (*iii*) પછી નોંધ (*iii*) (*a*) નીચે મુજબ ઉમેરીને તે પ્રમાણે સુધારેલ ઑર્ડિ. ૬૫-એમ ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"*Note.*—For granting recognition for teaching of the subjects comprised under the Faculty of Medicine, teaching experience either as a Tutor or a Demonstrator, as the case may be, shall be counted towards teaching experience required under the above Ordinance.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-એમ હેઠળ નોટ (*iii*) પછી નોટ (*iii*) (*a*) ઉપર મુજબ વંચાય તે રીતે ઉમેરીને તે પ્રમાણે સુધારેલ ઑર્ડિ. ૬૫-એમ મંજૂર કરવો, અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૩૭. વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનના સુવર્ણજયંતી સમારોહ પ્રસંગે તા. ૫મી મે, ૧૯૬૮ના રોજ ન્યૂ દિલ્હી ખાતે યોજનાર ભારતીય શિક્ષાશાસ્ત્ર સંમેલનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવાના મજકૂર સંસ્થાના કુલપતિશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૩૮. જ્યાં જોડાણની એક શરત તરીકે ડેમોન્સ્ટ્રેટરો તથા લેબોરેટરી આસિસ્ટંટો નીમવા આવશ્યક હોય પરંતુ કાર્યભાર વધતો ન હોય ત્યાં તેઓની નિમણૂક ન કરાય અને વ્યાખ્યાતાઓને તે કાર્ય સોંપાય તો ચાલે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય મુજબ આવા સંજોગોમાં લેબોરેટરી આસિસ્ટંટની નિમણૂક જરૂરી છે, પરંતુ ડેમોન્સ્ટ્રેટરો વગર ચાલી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો સદરહુ નોંધમાં જણાવેલ અભિપ્રાય સ્વીકારવો.

૩૯. તૃતીય વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર ૬માં વૈકલ્પિક પેપર તરીકે "ઇન્ડિયન હિસ્ટરી—રાજપૂત સુલતાન પિરિયડ (૬૪૭થી ૧૫૨૬ એ.સી.)" ઉમેરવા અને તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૧૩ તથા એમ.એ. ભાગ ૨, ગ્રુપ "સી"ના પ્રશ્નપત્ર ૫માં "ધી બ્રિટિશ પિરિયડ ઇન

ઇન્ડિયા (૧૮૧૮થી ૧૯૦૫ એ.સી.)" છે તેને બદલે પ્રશ્નપત્ર ૫: "ધી બ્રિટિશ પિરિયડ ઇન ઇન્ડિયા (૧૯૦૫થી ૧૯૪૭ એ.સી.)" રાખવા અને તે મુજબ રેગ્યુ. એમ.એ.-૮ સુધારી તેને ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ રેગ્યુ. આર્ટ્સ ૧૩ અને સુધારેલ રેગ્યુ એમ.એ. ૮ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

૪૦. એમ.એ.ના ભૂગોળ વિષયમાં ડિઝર્ટેશનની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ગુણ મૌખિક પરીક્ષા માટે રાખવા તથા બાકીના ગુણ વિદ્યાર્થીને તેના ડિઝર્ટેશનના લખાણમાંથી આપવા, તથા તે અંગેનો સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.-૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

R. M.A. 7 (M.A./M.Sc. Geography)

Dissertation	.. ..	100 marks
Oral ..	.. ..	50 marks
		150 marks
	or	
Practical & Field work ..	.. ..	150 marks

The student shall either write a dissertation or do practicals and field work (3 practicals of 50 marks).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ સંબંધકર્તા રેગ્યુ. એમ.એ ૭ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૪૧. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટી ફિઝિક્સનો નવો અભ્યાસક્રમ ૧૯૬૮ના જૂનને બદલે ૧૯૬૯ના જૂનથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી ફિઝિક્સનો નવો અભ્યાસક્રમ જૂન ૧૯૬૮ને બદલે જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

૪૨. વિજ્ઞાન વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થી એમ.એસસી.માં એક વિષયનું જૂથ (ગ્રુપ) લઈને પાસ થયો હોય તો તે જ જૂથનો જુદો વિષય લઈને એમ.એસસી. ભાગ ૨માં બે ટર્મ રાખીને ફેરીથી પરીક્ષામાં બેસી શકે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૬-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. એમ.એ.-૧ હેઠળ નીચે મુજબ નોંધ ઉમેરીને તેને સુધારવા તથા તે પ્રમાણે સુધારેલ રેગ્યુ. એમ.એ.-૧ને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"*Explanation.*—It is clarified that a candidate who has passed the B.A. (Degree) Examination of this University or any Examination recognised as equivalent thereto in pass class may, English (Compulsory) being one of his subjects, be permitted to offer English as his subject or as one of his subjects at M.A. irrespective of the subjects offered by him at a previous examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર એમ.એ. રેગ્યુ. ૧ હેઠળ ઉપર મુજબ નોંધ 'explanation' તરીકે ઉમેરવી અને તે પ્રમાણે સુધારેલ રેગ્યુ. એમ.એ. ૧ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૪. ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડામાંથી ઑડિ. ૯૬ અન્વયે આવેલી માહિતી ચકાસતાં જણાય છે કે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. જે. કે. દેસાઈની નિમણૂક યુનિવર્સિટી દ્વારા માન્ય કરવામાં આવેલ ન હોવા છતાં તે માન્ય કરવામાં આવેલી હોવાનું જણાવ્યા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીને ખોટી માહિતી આપવા બદલ સદરહુ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાને સખત ઠપકો આપવો.

૪૫. ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કું.ની તા. ૨૭-૨-૧૯૬૮ની સને ૧૯૬૬-૬૭ના યુનિવર્સિટીના હિસાબો પર ઑડિટ નોંધ પર કાર્યાલયે વાળેલા જવાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૬-૬૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો પર ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કું.ની તા. ૨૭-૨-૧૯૬૮ની ઑડિટ નોંધ પર કાર્યાલયે વાળેલા જવાબો મંજૂર કરવા.

(સદરહુ ઑડિટ નોંધ અને મંજૂર કરવામાં આવેલા કાર્યાલયના જવાબો પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

(**નોંધ.**— સદરહુ બાબતની ચર્ચાવિચારણા દરમ્યાન યુનિવર્સિટીની થાપણો (deposits) ઉપર ઓવરડ્રેજના પ્રશ્નની બાબતમાં બૅન્કો તરફથી આવેલ જવાબોની હકીકતથી કુલપતિશ્રીએ સભ્યોને વાકેફ કર્યા.)

૪૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૭. ઑક્ટોબર, ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિકો/પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૨-૩-૧૯૬૮ના રોજ મળેલ સભાની બાબત ક્રમાંક ૨ સિવાય અન્ય ભલામણો મંજૂર કરવા બાબત.

(નોંધ.—બાબત ક્રમાંક ૨ અંગે વિદ્યાર્થી રૂબરૂ ખુલાસો આપવા આવનાર હોવાથી હાલ પૂરતું તે અંગેની ભલામણ મંજૂરી માટે મૂકવામાં આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૩-૧૯૬૮ની સભાની બાબત ક્રમાંક ૨ સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૩-૧૯૬૮ની સભાની નોંધ આ સાથે જોડવામાં આવેલી નથી.)

૪૮. કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ. અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત પ્રવેશ આપવા અંગેના ગુજરાત રાજ્યના આરોગ્ય અને તબીબી સેવાઓના સંચાલકશ્રીના તા. ૧૪મી માર્ચ, ૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે ડૉ. હરિભક્તિ તરફથી પણ પત્ર આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત પ્રવેશ આપવા ગુજરાત રાજ્યના આરોગ્ય અને તબીબી સેવાઓના સંચાલકશ્રીના તા. ૧૪-૩-૧૯૬૮ના પત્રમાં જણાવવામાં આવેલી વિનંતી મંજૂર કરવી.

૪૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એલિજિબિલિટી સર્ટિફિકેટ અથવા માઇગ્રેશન સર્ટિફિકેટની જરૂર પડે તો તે માટે બે રૂપિયાની ફી લઈ તે આપવા અંગેનો સુધારેલો ઑ. ૭૦ અને ૮૯-એ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૭૦ અને ૮૯-એ મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા ઑર્ડિ. ૭૦ અને ૮૯-એ ની નકલ પરિશિષ્ટ "ઢ" તરીકે સામેલ છે.)

૫૦. ટીચર્સ હૉસ્ટેલમાં રિસર્ચ ફેલોને ક્વાર્ટર્સ આપવાની બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા તા. ૭-૨-૧૯૬૮ના પત્ર નં. એફ. ૪૨-૨૯ (૬૪) (સી.યુ.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. એમ.એ. ભાગ ૨-ઇતિહાસના ગ્રુપ "ઇ"ના પ્રશ્નપત્ર ૭ અને પ્રશ્નપત્ર ૮ના વિકલ્પના બે પ્રશ્નપત્રોના મુદ્દાઓ અને પુસ્તકોની વિગતો ઇતિહાસની અભ્યાસસમિતિની

તા. ૧૮-૯-૧૯૬૭ની ભલામણ અનુસાર આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે અનુસાર રેગ્યુ. એમ.એ. ૮માં સુધારા કરી તેને જૂન, ૧૯૬૮થી અમલી બનાવવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ રેગ્યુ. એમ.એ. ૮ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(સુધારેલ રેગ્યુ. એમ.એ. ૮ની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૫૨. ઑર્ડિ. ૧૨૦-એ આ સાથે જોડયા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ ઑર્ડિ. ૧૨૦-એ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(સુધારેલ ઑર્ડિ. ૧૨૦-એ ની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૫૩. એમ.એ. ભાગ ૧ના રેગ્યુ. એમ.એ.-૫માં Agricultural Economics-Paper Iમાંથી Community Development and Rural Extension દૂર કરીને Five-year Plans સુધીના મુદ્દાઓ અભ્યાસક્રમમાંથી રદ કરવા તથા સદરહુ સુધારાઓ તાત્કાલિક અમલમાં આવે તે રીતે મંજૂર કરવા અને તે મુજબ ૧૯૬૮ની પરીક્ષા લેવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સુધારેલ રેગ્યુ. એમ.એ. ૫ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૫૪. ફાર્મસીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મેડિકલ ફેકલ્ટીની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાએ સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી મેડિકલ ફેકલ્ટીને ભલામણ કરવામાં આવે છે કે જુદી જુદી પ્રાયોગિક પરીક્ષા માટે નીચેની નિમણૂકો લેબોરેટરી માટે કરવી જોઈએ અને તે માટે ઘટતું કરવું.

[હિસાબ વિભાગની નોંધ :

(૧) કોઈ પણ પ્રાયોગિક પરીક્ષામાં ફેકટોટમની નિમણૂક કરવામાં આવતી નથી તે જોતાં આ બાબત વિચારવી રહે. (૨) ગેસ મિકેનિક તથા મશીન ઓપરેટરની જોગવાઈ સ્કેલ પા. નં. ૧૬ ઉપર દર્શાવવામાં આવી છે. (૩) બેલમેન મળી શકે નહિ કારણ કે ફાર્મસીના પ્રાયોગિક પરીક્ષામાં વિદ્યાર્થી દીઠ કેમિકલ વગેરેનો ખર્ચ આપવામાં આવે છે, તેમાં આ બાબતનો સમાવેશ થઈ જાય છે. ડુપ્લિકેટ મશીન માટે પટાવાળાભાઈની જોગવાઈ કરવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની પ્રાયોગિક પરીક્ષામાં ફેકટોટમ અને બેલમેનની નિમણૂક મંજૂર કરવી નહિ, જ્યારે ડુપ્લિકેટ મશીન ચલાવવા માટે એક વધુ પટાવાળાની નિમણૂક મંજૂર કરવી.

૫૫. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનની સ્થાયી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Resolved that it be recommended to the Universities that they might examine the desirability of appointing in each college at least one teacher who has had specialised training in the English language as desired by the Central Institute of English."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૬. કાર્યાલય નિયામક શ્રી. આર. બી. ભાવસારને રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગારધોરણમાં હાલ તેઓને રૂા. ૪૦૦ મળતા હોવાથી એફિશિયન્સી બાર ઓળંગવા પરવાનગી આપવા અંગેની વિચારણા કરવા બાબત.

શ્રી. આર. બી. ભાવસારની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કાર્યાલય નિયામક શ્રી. આર. બી. ભાવસારને રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગારધોરણમાં રૂા. ૪૦૦ પછી કાર્યક્ષમ અંતરાય (efficiency bar) ઓળંગવા માટે પરવાનગી આપવી.

૫૭. ગુજરાત સરકારે તેના તા. ૨-૧૧-૧૯૬૩ના ઠરાવ નં. સી.પી.એ. ૧૦૬૩-૩૬૭૭ જે. (એસ.પી.એલ.)થી રૂા. ૨૫૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પગારના ૬ ટકા પ્રમાણે લોકલ કોમ્પેન્સેટરી એલાવન્સ (વધુમાં વધુ રૂા. ૫૦) અને રૂા. ૧,૦૦૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને કોઈ ભથ્થું નહીં, તેમ ઠરાવ્યું હતું, જે પાછળથી સરકારે તેના તા. ૧૦-૨-૧૯૬૪ના ઠરાવ નં. સી.પી.એ ૧૦૬૩-૧-સી. એમ.પી.થી રૂા. ૨૫૦ અને તે ઉપરના પગાર મેળવતા બધા જ કર્મચારીઓને ૬ ટકા અને વધુમાં વધુ રૂા. ૫૦ આપવાનું તા. ૧-૧-૧૯૬૪થી ઠરાવ્યું હોવાથી તે પ્રમાણે આ ભથ્થું આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. બી. વી. શાહ તા. ૧૫-૩-૧૯૬૪ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૨૫-૩-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શાહ તા. ૧૩-૧૧-૧૯૬૧ના રોજ જોડાયા હતા અને તા. ૧૫-૩-૧૯૬૪ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. વી. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫૯. (૧) ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટીની વિકાસ-યોજનાઓ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂા. ૬૭·૫૮ લાખની યુનિવર્સિટીની યોજનાઓનો

સૈદ્ધાન્તિક સ્વીકાર કર્યાના તથા તેના ૭૦ ટકા પ્રમાણે રૂા. ૪૭.૩૬ લાખની આર્થિક સહાયની મંજૂરી દર્શાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૨૯મી ફેબ્રુઆરી ૧૯૬૮ના પત્રાંક એફ. ૯-૧-૩૫-૬૬ (સી.ડી.) પરત્વે વિચારણા કરવા બાબત.

(૨) આ યુનિવર્સિટીમાં ગાંધીભવનની સ્થાપનાની યોજના, યુનિવર્સિટીને ફાળે આવતી રકમ રૂા. ૫૦,૦૦૦ (ઉપર ૧માં જણાવ્યા મુજબ ૭૦ ટકાની મર્યાદામાં રહીને) ભોગવવા તે તૈયાર હોય તે શરતે મંજૂર કરવામાં આવશે, એમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૧-૩-૧૯૬૮ના પત્રાંક એફ. ૬૨/૧-૬૫ (સી.ડી.એન.) એસ.સી.એચ. પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી તે વખતે કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે બાંધકામ સમિતિની સભા તા. ૧૭-૪-૧૯૬૮ના રોજ મળી હતી તેની સમક્ષ ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટીની વિકાસ-યોજનાઓમાં મકાનના બાંધકામ અંગેની બાબત તેની સમક્ષ મૂકવામાં આવી હતી, તે અંગેની નોંધ આગળ બાબત નં. ૧૭૧ હેઠળ મૂકવામાં આવેલી છે.

(૧) તે પછી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સૂચના મુજબ બે તબક્કામાં અમલમાં મૂકવા માટે જરૂરી તમામ પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનોમાં શિક્ષકોની જે જગ્યાઓનો સમાવેશ ચોથી પંચવર્ષીય યોજનામાં કરવામાં આવ્યો છે તે પૈકીની જે જગ્યાઓ સેનેટના ઠરાવથી સ્થપાઈ ચૂકી હોય તે જગ્યાઓ પૂરવા માટે જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી અને તે પર જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ગાંધીભવન સ્થાપવાની યોજના મંજૂર કરવી અને તે માટે ખર્ચના હિસ્સા (matching share) પેટેની ગ્રાન્ટ મંજૂર કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

(યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટીની વિકાસ-યોજનાઓની નકલ આ સાથે પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૬૦. અનુસ્નાતક કેન્દ્રોમાં આવતી આધ અને તે ભરપાઈ કરવા માટે આપવામાં આવતી આર્થિક સહાય અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૬૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર સિન્ડિકેટ પોતે વિચારણા કરે એમ સૂચવીને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની સભાએ જણાવેલ હોઈ તે ભલામણ પર વિચાર[illegible] કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારતની બીજી યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક અભ્યા[illegible] ટયૂશન ફી અને પરીક્ષા-ફીની વિગતો મંગાવીને આ સભાગૃહ સમક્ષ જૂન માસમાં રજૂ કર[illegible]

૬૧. અમદાવાદથી આશરે ૭૦ માઈલ દૂર આવેલ ખડોલ ગામની નવજીવન ખડોલ મુખ માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા શ્રી. પ્રહ્લાદભાઈ બબલદાસ પટેલ તે જ સમય દરમ્યાન અમદાવાદમાં આવેલ ન્યૂ લૉ કૉલેજમાં એલએલ.બી.ના વર્ગમાં અભ્યાસ કરતા હતા અને તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી કૉલેજમાં બોટી હાજરી પુરાવી હતી તે અંગેની આવેલ અરજી પર કૉલેજના આચાર્યશ્રી તથા શાળાના સંચાલકશ્રી તથા વિદ્યાર્થી તરફથી આવેલ જવાબો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતી તપાસ કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) રૉ. ય. ગુ. નાયક

(૨) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી.

૬૨. બાંધકામ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૬૩. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૧૭-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"*Advanced Inorganic Chemistry* by Cotton & Wilkinson (2nd Ed.) પુસ્તકના અનુવાદનું કામ સર્વશ્રી એલ. ડી. દવે, આર. એચ. શાહ અને આર. કે. શાહને સંયુક્ત રીતે સોંપવું. તે કામ માટે તેમને સંયુક્ત રીતે મૂળ અંગ્રેજી પુસ્તકના ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૬ના દરે મહેનતાણું આપવું."

(નોંધ.—મૂળ અંગ્રેજી પુસ્તકનાં પાનાં ૧૧૪૦ છે.

પ્રિન્ટિંગ, બાઇન્ડિંગ અને કાગળ તથા બ્લૉક્સ વગેરેનો ખર્ચ આશરે	...	રૂા.	૧૫,૬૧૪-૩૭
અનુવાદકોનું મહેનતાણું આશરે	...	રૂા.	૬,૮૪૦-૦૦
	કુલ...	રૂા.	૨૨,૭૫૪-૩૭

ઉપરાંત મૂળ પ્રકાશકોના કૉપીરાઇટ અંગેનું મહેનતાણું જુદું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પુસ્તકનો અનુવાદ સંયુક્ત રીતે તૈયાર કરવા માટે સર્વશ્રી [illegible]વે, આર. એચ. શાહ, અને આર. કે. શાહને જણાવવું, પણ તેમની સાથે હાલ કરાર કરવો નહિ.

૬૪. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૧૭-૧૧-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"*Organic Chemistry* by Fieser & Fleaser (છેલ્લી આવૃત્તિ) પુસ્તકના અનુવાદનું કામ સર્વશ્રી એન. એમ. શાહ (કન્વીનર), કે. એ. ઠાકર, જે. જે. ત્રિવેદી (ખંભાત) અને કે. સી. ક્ષત્રિયને સંયુક્ત રીતે સોંપવું. તે કામ માટે તેમને સંયુક્ત રીતે મૂળ અંગ્રેજી પુસ્તકના ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૬ના દરે મહેનતાણું આપવું."

(નોંધ.—મૂળ અંગ્રેજી પુસ્તકનાં પાનાં ૧૧૧૧ છે.

પ્રિન્ટિંગ, બાઇન્ડિંગ અને કાગળનો ખર્ચ આશરે	...	રૂા. ૧૬,૬૬૬-૦૦
બ્લોક અંગેનો ખર્ચ આશરે	...	રૂા. ૧,૭૦૦-૦૦
અનુવાદકનું મહેનતાણું આશરે	...	રૂા. ૬,૬૬૬-૦૦
	કુલ...	રૂા. ૨૫,૦૬૨-૦૦

ઉપરાંત મૂળ પ્રકાશકના કોપીરાઇટ અંગે જે ખર્ચ થાય તે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પુસ્તકનો અનુવાદ સંયુક્ત રીતે તૈયાર કરવા માટે સર્વશ્રી એન. એમ. શાહ (કન્વીનર), કે. એ. ઠાકર, જે. જે. ત્રિવેદી (ખંભાત) અને કે. સી. ક્ષત્રિયને જણાવવું પણ તેમની સાથે હાલ કરાર કરવો નહીં.

તે પછી તા. ૨૦-૪-૧૯૬૮ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું, અને બીજે દિવસે તા. ૨૧-૪-૧૯૬૮ના રોજ સવારે ૯-૦૦ કલાક પછી બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૬૫. તા. ૧૯-૨-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"કૉલેજોના વિદ્યાર્થીઓને વૈદકીય સારવાર કે સલાહસૂચના મળી રહે તથા તબીબી તપાસ અને તેનું 'ફોલો-અપ વર્ક' પણ સરળતાથી ચાલુ રહે તે આશયે નીચે પ્રમાણેની યોજના મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) કૉલેજોના વિદ્યાર્થીઓને વૈદકીય સારવાર કે સલાહસૂચન મળી રહે તે હેતુસર પ્રત્યેક કૉલેજમાં એક આરોગ્યકેન્દ્ર ખોલવા માટે દરેક કૉલેજને સૂચવવું અને જૂન ૧૯૬૮થી તે શરૂ થાય તે માટે ઘટતી કાર્યવાહી કરવા જણાવવું.

(૨) આરોગ્યકેન્દ્ર શરૂ કરવા માટે કૉલેજે તે માટે પૂરતી ઓરડા, ફર્નિચર વગેરે જરૂરી સગવડો તથા નીચે નં. ૩માં જણાવ્યા પ્રમાણે સેવાભાવી દાક્તરની સેવાઓ મેળવી શકે તે આપવી જોઈએ. તેટલી સગવડ પૂરી આપનાર પ્રત્યેક કૉલેજને યુનિવર્સિટી તરફથી વૈદકીય સાધનો અને આવશ્યક દવાઓ વસાવવા માટે પ્રત્યેક કૉલેજને ૧૯૬૮-૬૯ના વર્ષમાં રૂા. ૭૫૦ની અનાવર્તક સહાય આપવી.

(૩) આરોગ્યકેન્દ્ર ચલાવવા માટે સ્થાનિક સેવાભાવી દાક્તરની સેવાઓ કૉલેજે પોતા થકી મેળવવી આવશ્યક રહેશે અને આવા દાક્તરની હાજરી આરોગ્યકેન્દ્ર પર અઠવાડિયાના અમુક દિવસો મળી રહે તેમ ગોઠવવાની અને તે માટે જરૂર પડયે માનદ વેતન આપવાની જવાબદારી જે તે કૉલેજની રહેશે.

(૪) રૂા. ૭૫૦-૦૦ની અનાવર્તક આર્થિક સહાય, આવું કેન્દ્ર શરૂ થયેથી તથા તે માટે નં. ૩માં જણાવ્યા મુજબ સેવાભાવી દાક્તરની સેવાઓની વ્યવસ્થા થયેથી તે અંગે વસાવેલ ચીજોની યાદી તે ખરીદ કર્યાના પ્રમાણપત્ર સાથે કૉલેજો તરફથી મળે ત્યાર બાદ આપી શકાશે.

(૫) આ દાક્તરને આપવાના માનદ વેતનના ખર્ચ પેટે દરેક કૉલેજને તે તે ખર્ચના પચાસ ટકા અને વધુમાં વધુ રૂા. ૨૫૦-૦૦ની રકમની મર્યાદામાં રહીને આવર્તક આર્થિક મદદ યુનિવર્સિટી તરફથી પ્રત્યેક વર્ષે આપવી.

(૬) આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર કૉલેજને વિદ્યાર્થીઓને વિનામૂલ્યે તબીબી સહાય આપી શકે તે માટે દર વર્ષે વિદ્યાર્થી દીઠ રૂા. ૧-૦૦ની રકમ કૉલેજ-ફીની સાથે વિદ્યાર્થીઓ પાસેથી લેવાની છૂટ રહેશે.

(૭) પ્રી-યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની તબીબી તપાસ ૧૯૬૮ના વર્ષથી કૉલેજે શરૂ કરેલ આરોગ્ય-કેન્દ્રના તબીબ પાસે કરાવવી અને તે તપાસ અંગે વિદ્યાર્થી દીઠ આપવાની ફીની રકમ વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ રકમમાંથી દરેક કૉલેજે આપવાનું રાખવું અને તબીબી તપાસ પૂરી થયેથી તેનો હેવાલ યુનિવર્સિટીના સી. એમ. ઓ. ને મોકલી આપવો.

(નોંધ.— વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ પેટે યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી વિદ્યાર્થી દીઠ રૂા. ૧-૦૦ (રૂા. એક)ની આર્થિક મદદ ૧૯૬૮ના એપ્રિલથી બંધ કરવામાં આવશે તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(૮) જૂન ૧૯૬૮થી યુનિવર્સિટી સાથે જોડાયેલી પ્રત્યેક કૉલેજોમાં આરોગ્યકેન્દ્ર હોવું ફરજિયાત કરવું.

(૯) દરેક વિદ્યાર્થીની તબીબી તપાસનું એક કાર્ડ રાખવું અને જે વિદ્યાર્થીઓ ખામીવાળા જણાય તેનું 'ફૉલો-અપ' કાર્ય ચીવટથી થાય તે માટે આ કાર્ડનો ઉપયોગ કરવો અને વિદ્યાર્થી જ્યારે કૉલેજ બદલે ત્યારે આ કાર્ડ પણ બીજી કૉલેજમાં મોકલવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આરોગ્યકેન્દ્ર અંગે પ્રત્યેક કૉલેજને આર્થિક સહાય આપવા માટે ૧૯૬૮-૬૯ના વર્ષના અંદાજપત્રમાં રૂા. ૭૫,૦૦૦-૦૦ અનાવર્તક સહાય અને રૂા. ૨૫,૦૦૦ આવર્તક સહાય તરીકે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વિદ્યાર્થીઓને આરોગ્યમાં ખામીને લીધે તેને માટે જરૂરી પગલાં, જેવાં કે ચશ્માં આપવાં, કમળજન માટે જરૂરી મદદ, ઑપરેશન કે ઇન્જેકશન વગેરે લેવા માટે આર્થિક સહાયની જરૂર પડે તો તે યુનિવર્સિટીએ આપવા માટે મુકરર કરેલી વિદ્યાર્થીઓને આર્થિક સહાયની રકમમાંથી આપવાનું અને તે માટે ચીફ મેડિકલ ઑફિસરને સત્તા આપવાનું મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સમગ્ર દૃષ્ટિએ જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. જે. બી. હરિભક્તિ

૨. ડૉ. ઈ. એમ. બેસ્ટ

૩. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
૪. શ્રી. મણિશંકર પી. પંડ્યા
૫. શ્રી. હરિહર એમ. શુક્લ
૬. આચાર્ય વાય. જી. નાયક
૭. ડૉ. વાસુદેવ ત્રિપાઠી.

૬૬. મહારાષ્ટ્રમાં યોજનાર શ્રમ અને સંસ્કાર છાવણીમાં ભાગ લેવા માટે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મોકલી આપવા અંગેના તે સંસ્થાના સૂચન ઉપર તા. ૧૯મી ફેબ્રુઆરી ૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ૨૮મી બેઠકની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"(ક) આથી ઠરાવવામાં આવે છે કે શ્રમ અને સંસ્કાર છાવણીમાં મોકલવા માટે દરેક કૉલેજમાંથી વિદ્યાર્થીઓના પસંદગીના ક્રમમાં નામો મંગાવીને તેમાંથી કુલ ૩૦ થી ૪૦ વિદ્યાર્થીઓને પસંદ કરીને ત્યાં મોકલવાનું રાખવું અને આ વિદ્યાર્થીઓનું જવા-આવવાનું રેલવે ભાડાનું પચાસ ટકા ખર્ચ કૉલેજે આપવાનું રાખવું.

(ખ) આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આ શ્રમ અને સંસ્કાર છાવણીમાં મોકલવાના રેલવે ખર્ચના ૫૦ ટકા લેખે થતા ખર્ચ માટે આશરે રૂા. ૧,૦૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૬૭. આંતર-યુનિવર્સિટી બોર્ડની ભલામણ પ્રમાણે સાર્વત્રિક ધોરણે દાખલ કરેલ એન.સી.સી. પ્રવૃત્તિની સમાલોચના કરવા માટે નિયુક્ત થયેલ સમિતિએ રજૂ કરેલ અહેવાલની ભલામણ નં. ૩, ૫, ૭ અને ૧૩ પર સિન્ડિકેટની તા. ૫/૬–૮–૧૯૬૭ના રોજ મળેલ સભામાં ઠરાવ્યા અનુસાર મંગાવતાં આવેલાં કૉલેજોના આચાર્યોનાં મંતવ્યોના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૧૩ સાથે કરવાનું રાખવું.

૬૮. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી ઇન્દિરા એ. હાંડા તા. ૨–૪–૧૯૬૮ના રોજ રાજીનામું આપીને છૂટા થયેલ હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૩–૪–૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રીમતી હાંડા તા. ૧૭–૫–૧૯૬૧ના રોજ જોડાયાં હતાં અને તા. ૨–૪–૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ઇન્દિરા એ. હાંડાને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૬૯. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. સરવૈયા સુરુભા કાકુભા તા. ૫-૪-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ હોવાથી તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૫-૪-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. સરવૈયા તા. ૨૭-૪-૧૯૬૨ના રોજ જોડાયા હતા અને તા. ૫-૪-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સરવૈયા સુરુભા કાકુભાને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૭૦. સમાજવિદ્યા ભવનનાં રીડર ડૉ. તારાબહેન એન. પટેલની અભ્યાસ-રજાની મુદતમાં ૩ માસનો (તા. ૩૦-૯-૧૯૬૮ સુધી) વધારો કરી આપવા અંગેના તેઓના તા. ૨૬-૩-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં તેઓની મૂળ માસિક પગારથી એક વર્ષની અભ્યાસ-રજા મંજૂર કરી હતી જેની મુદત તા. ૨૮-૬-૧૯૬૮ના રોજ પૂરી થાય છે.

તેમની સાથે થયેલા કરારની કલમ ૩ નીચે પ્રમાણે છે:

'તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.')

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. તારાબહેન એન. પટેલની અભ્યાસ-રજાની મુદતમાં ત્રણ માસનો વધારો કરવો, તથા આ વધારેલી મુદતના ત્રણ માસ દરમિયાન તેમના વેતનનો પ્રશ્ન સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૭૧. દેખભાળ સમિતિની ભલામણો અન્વયે કૅાશન મની અંગેનાં ધારાધોરણો ઘડવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૯-૯-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો અને યુનિવર્સિટી વિદ્યાભવનોમાં દાખલ થતા વિદ્યાર્થીઓ માટે કૅાશન મની અંગે નીચે મુજબના નિયમો મંજૂર કરવા:

(1) Every student admitted to the affiliated college/University department will be required to pay caution money deposit of Rs. 10/- for library and a laboratory deposit of Rs. 20/-.

(2) Caution money deposit and laboratory deposit will be refunded to the student on application within one year of his leaving the affiliated college/University department. Caution money deposit and laboratory deposit not so claimed shall be forfeited.

(3) The caution money deposit account and laboratory deposit account shall be maintained separately by the affiliated college/University department.

(4) A fee of Re. 1/- will have to be paid by the student along with his application for admission to the affiliated college/University department.

(5) No separate admission fee should be charged to a student seeking admission to an affiliated college/University department.

૭૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દા	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એમ. વી. દેસાઈ	પટાવાળા	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
૨.	શ્રી. એસ. કે. શર્મા	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
૩.	શ્રી. કે. એસ. વાળંદ	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
૪.	શ્રી. પંડિત રામદાસ એસ.	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
૫.	શ્રી. ઉદેસિંગ ગુલાબસિંગ વાઘેલા	,,	૨૫-૪-૧૯૬૮	૨૬-૪-૧૯૬૮
૬.	શ્રી. કાનજી માલજી પરમાર	,,	૨૭-૪-૧૯૬૮	૨૮-૪-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સર્વશ્રી એમ. વી. દેસાઈ, એસ. કે. શર્મા, કે. એસ. વાળંદ, પંડિત રામદાસ એસ અને કાનજી માલજી પરમારને તેમના નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉદેસિંગ ગુલાબસિંગ વાઘેલાનો અજમાયશી સમય વધુ એક વર્ષ લંબાવવો અને તેમને જણાવવું કે લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહિ તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૭૩. યુનિવર્સિટી કાર્યાલયના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. કે. એ. શાહ તા. ૮-૪-૧૯૬૮ના રોજ નિવૃત્ત થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ અંગે તેમની તા. ૫-૪-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડૉ. શાહ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨-૧૨-૧૯૫૨ના રોજ જોડાયા હતા અને તા. ૮-૪-૧૯૬૮ના રોજ નિવૃત્ત થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એ શાહને તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૭૪. યુનિવર્સિટી કાર્યાલયના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. કે. એ. શાહ તા. ૮-૪-૧૯૬૮ના રોજ નિવૃત્ત થયા હોવાથી તેઓને સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેની તેમની તા. ૫-૪-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. શાહ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨-૧૨-૧૯૫૨ના રોજ જોડાયા હતા અને તા. ૮-૪-૧૯૬૮ના રોજ નિવૃત્ત થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એ. શાહને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૭૫. યુનિવર્સિટીના જુદા જુદા ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ઇનામો ઇત્યાદિ પ્રદાનો અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની જે ભલામણો સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં બાબત ક્રમાંક ૭૬થી મંજૂર રાખી તે અન્વયે પ્રદાનો અંગેના નિયમોના સુધારેલા પાઠ મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ઇનામો ઇત્યાદિ પ્રદાનો અંગે ઘડવામાં આવેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ આ સાથે પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૭૬. "લિટરસી હાઉસ", લખનૌ તરફથી તા. ૧-૫-૧૯૬૮થી તા. ૩૧-૭-૧૯૬૮ દરમ્યાન યોજવામાં આવનાર વિવિધ અભ્યાસક્રમો પૈકી કોઈ અભ્યાસક્રમ ખાસ કરીને યુનિવર્સિટીઓમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓ માટેનો અક્ષર-જ્ઞાન પ્રસારણનો અભ્યાસક્રમ (Course in literacy for enrolled University students) આ ઉનાળામાં આપણી યુનિવર્સિટીમાં તે સંસ્થા દ્વારા યોજવો કે કેમ તે વિષે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા સંસ્થા જે ઇન્સ્ટ્રક્ટરો મોકલે તેમનો રહેવા તથા જમવાનો ખર્ચ જે તે યજમાન સંસ્થાએ ભોગવવાનો રહેશે, જ્યારે ફક્ત ઇન્સ્ટ્રક્ટરોનો આ અંગેનો મુસાફરીનો ખર્ચ તેઓ આપશે.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ઉનાળાની રજાઓ દરમિયાન સદરહુ અભ્યાસક્રમ યોજવાનું સૂચન સ્વીકારી શકાય તેમ નથી.

૭૭. તા. ૨૬/૨૭ ફેબ્રુઆરી ૧૯૬૮ના રોજ દિલ્હી મુકામે મળેલ ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ૩૭મા અધિવેશને શિક્ષણના માધ્યમ અંગે પસાર કરેલ નીચેનો ઠરાવ :

"English should continue to be the medium of instruction in all the Dental institutions till such time a link language with adequate scientific terminology is developed and facilities for quick translation of the scientific world literature into the link language can be provided."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૫. આંતર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોને તેની તા. ૯/૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૮ની જયપુર ખાતેની સભામાં આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ માટે ભારતની યુનિવર્સિટીઓને સિલોન ભાગ લેવા જવાનું થાય ત્યારે અને સિલોનની યુનિવર્સિટીઓ આપણે ત્યાં ભાગ લેવા આવે ત્યારે ચલનનો પ્રશ્ન હળવો બને તે હેતુથી તેણે મંજૂર કરેલ નીચેની ભલામણ :

"A fixed policy be evolved in connection with the tournaments with Ceylon Universities. Free boarding and lodging arrangements be provided on reciprocal basis."

And passed the resolution given below :

"The Secretary was authorised to take up the matter with the concerned Universities and evolve a solution along the lines suggested in the item."

Since the question involves financial and policy implications, the matter was referred to the last annual meeting of the Inter-University Board held on 9/10 Feb. 1968 at Jaipur and the Board resolved that :—

The recommendation of the Sports Board be approved."

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની ઉપરની ભલામણ સ્વીકારવી.

૭૬. તા. ૩૦-૩-૧૯૬૮ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડને બહેનોની વૉલીબૉલની અને તે ન સ્વીકારાય તો ભાઈઓની બેડમિન્ટનની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ યોજવા માટેનું આમંત્રણ આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે જગા ન મળવાથી યુનિવર્સિટીની બેડમિન્ટનની ટુકડીના ચાર સભ્યોને બીજા વર્ગમાં મુસાફરી કરવાની ફરજ પડી તેથી થયેલ વધારાનો ખર્ચ રૂા. ૭૮-૮૦ પૈસા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) (ક) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સિન્ડરટ્રેકનાં અને અન્ય મેદાનો વ્યવસ્થિત રીતે નિભાવવા તથા એન.આર.એસ. સેન્ટરની પણ દેખભાળ થાય તે માટે બે વધુ માઉન્ડમેનોની જગા ઊભી કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(ખ) વધુમાં યુનિવર્સિટીના સિન્ડરટ્રેકના મેદાનમાં આવેલ પેવિલિયનને લંબાવવા તથા ટ્રેકને આજુબાજુ રેલિંગ કરાવવા તથા સિન્ડરટ્રેકની બાજુમાં અનુકૂળ જગાએ હૉકી, ફૂટબૉલ, ક્રિકેટ અને અન્ય રમતોનાં મેદાનો તાત્કાલિક બનાવવાનું મંજૂર કરવા તથા તે અંગેના ખર્ચને મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(ગ) વધુમાં યુનિવર્સિટી નોન-રેસિડેન્ટ સ્ટુડન્ટ્સ હૉલનો બેડમિન્ટન કોર્ટ તરીકે સારી રીતે ઉપયોગ કરી શકાય તથા આંતર-યુનિવર્સિટીની બેડમિન્ટનની હરીફાઈ યોજવા માટે આપેલ આમંત્રણને લક્ષમાં લઈને હૉલના વચ્ચેના ભાગના બેડમિન્ટનના કોર્ટને જરૂરી એટલું જ બેડમિન્ટનની રમતને અનુકૂળ લાકડાનું ફ્લોરિંગ કરાવવાનું તથા તે અંગેના થતા ખર્ચને મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૪) આથી ગુજરાત યુનિવર્સિટીની બધી ટુકડીઓના મૅનેજરોએ યુનિવર્સિટીની ટુકડી સાથેની લાંબી મુસાફરી દરમ્યાન તેઓને મુસાફરીના દિવસોનું ભથ્થું અપાતું ન હોઈ તેમને ફક્ત હરીફો જેટલું જ ભથ્થું મળે છે. તેથી તેઓને અપાતું મુસાફરી ભથ્થું અપૂરતું હોઈને તે અંગે પુનર્વિચારણા કરવા ભલામણ કરેલ છે તે જોતાં, તથા અન્ય યુનિવર્સિટીઓના મૅનેજરો જ્યારે પ્રથમ વર્ગમાં મુસાફરી કરતા હોય છે ત્યારે આપણી યુનિવર્સિટીના મૅનેજરોને ત્રીજા વર્ગમાં હરીફો સાથે મુસાફરી કરવાનું આપણે ફરજિયાત ઠરાવીને જે રેલવે ખર્ચ બચાવ્યું છે તે લક્ષમાં લેતાં ગુજરાત યુનિવર્સિટીની ટુકડીઓના મૅનેજરોને હાલમાં સરકારના પ્રથમ વર્ગના કર્મચારીઓના ધોરણનું પગાર પ્રમાણે મુસાફરી ભથ્થું અપાય છે તે ગણતરીમાં ઘણું જ ઓછું થાય છે. તેથી તે પ્રથા બંધ કરીને અગાઉ જેમ અપાતું હતું તેમ એક પ્રથમ વર્ગનું વધારાનું રેલવે ભાડું મુસાફરી ભથ્થાં તરીકે આવતી સાલથી આપવાનું મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૩) (૨) આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી.

(૩) (ક) આથી ઠરાવવામાં આવે છે કે વધુ બે ગ્રાઉન્ડ-મૅનોની જગ્યા ઊભી કરવા અંગેની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૩) (ખ) (ગ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેના આલેખો તથા ખર્ચની વિગતો તૈયાર કરવા માટે બાંધકામ સમિતિને જણાવવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૬માં જણાવેલી સમિતિની ભલામણો સાથે વિચારણા કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતા પરિસંવાદોમાં ભાગ લેવા માટે આવતા શિક્ષકો/પ્રતિનિધિઓને આપવાના મુસાફરી ભથ્થા તથા દૈનિક ભથ્થાના દર અંગેના નિયમો ઘડવાનો પ્રશ્ન પણ બાબત નં. ૧૬માં જણાવેલી ભલામણો સાથે વિચારવાનું રાખવું.

૮૦. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ સર્વશ્રી વિનોદ અધ્વર્યુ, રમેશભાઈ મ. ભટ્ટ, કે. કા. શાસ્ત્રી, સી. આર. નાયક, ડો. એચ. સુતરિયા અને એચ. સી. શુકલના નીચેના પ્રસ્તાવ અંગે આગળ વધતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૪ (પાન ૭થી ૯)માં દર્શાવેલ માહિતી ઉપરથી સૂચવાય છે કે પ્રતિવર્ષ કૉલેજો તેમ જ અધ્યાપકોની સંખ્યા વધતી જાય છે. આ સાથે અધ્યાપકો તેમ જ વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના અર્થઘટન, અમલ અને પાલન પરત્વે અનેક પ્રશ્ન ઉપસ્થિત થવાના

પ્રસંગો પણ વધવાનો સંભવ છે. તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ, યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૫(૧૫), ૨૫(૨૬) અને ૨૫(૨૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવાની, સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ખૂબ આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલા શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ અંગે આગળ વધતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩ (પાન ૭) પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષ કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓને લક્ષમાં રાખીને, સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોના આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સઘનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સક્ષમતા, અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી — આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપવી વખતે વધુ કડક, વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા, લાગતાંવળગતાં મંડળોને, ઉચ્ચ શિક્ષણનું યોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી, આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ સર્વશ્રી સી. આર. નાયક, વિનોદ અધ્વર્યુ, કે. કા. શાસ્ત્રી, રમેશભાઈ મ. ભટ્ટ, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુક્લના નીચેના પ્રસ્તાવ અંગે આગળ વધતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંની પાન ૪૮થી ૫૧ ઉપરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા, વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીના લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૧૪માંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓને ઑલ-ઇન્ડિયા રેડિયોના યુનિવર્સિટી બ્રોડકાસ્ટ જેવા મહત્ત્વના અને ઉપયોગી કાર્યક્રમો સાથે સીધો સંબંધ નથી. જ્યારે પ્રકરણ ૬ (ગુ. યુ. વાર્ષિક અહેવાલ, ૧૯૬૬-૬૭)માંના પાન ૪૧ ઉપરથી જણાય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં સારી એવી સંખ્યામાં એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તથા ઉત્તરોત્તર આ સંખ્યા વધતી જાય છે. તો આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં શીખવતા ઉત્તમ અધ્યાપકો તેમ જ અન્ય વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ આપી શકાય તે હેતુથી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ તેમ જ ઑલ-ઇન્ડિયા રેડિયોના સંપર્ક અને સહકાર દ્વારા રેડિયો જેવા વ્યાપક માધ્યમનો શિક્ષણના માધ્યમ તરીકે વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની યોજના કરવા માટે ત્વરિત પ્રવૃત્તિ આદરવાની લાગતાંવળગતાં મંડળોને, સેનેટની આ સભા ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. સેનેટે તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોની અને તદનુસાર અધ્યાપકોની વધતી જતી સંખ્યા જોતાં, અધ્યાપકોના પરસ્પર સંપર્ક વિચારવિનિમય તેમ જ અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિકાસની દૃષ્ટિએ વિવિધ વિષયોને અનુલક્ષીને વારંવાર સેમિનાર, શિબિરો, પરિષદો વગેરે યોજાય એ આવશ્યક છે એ દૃષ્ટિએ સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને આ બાબતમાં વિશેષ પ્રવૃત્તિ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે તથા તેની પ્રવૃત્તિઓ શક્ય બનાવવા માટે, અંદાજપત્રના પાન નં. ૯ ઉપર વર્ષ ૧૯૬૮-૬૯ માટે સૂચવાયેલી પરિસંવાદ વગેરે માટેની જોગવાઈનો રૂા. ૧૬,૦૦૦ની રકમને રૂા. ૨૦,૦૦૦ સુધી વધારવાની, અને તે પૂરી ઉપયોગમાં લેવાય તેવી પ્રવૃત્તિ કરવાની વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. વિજ્ઞાન વિદ્યાશાખાની નીચેની ભલામણો ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-'૬૮ની સભાએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"(1) For post-graduate examination there will be a Laboratory Supervisor.

(2) A student who has not taken Mathematics at F.Y.B.Sc. level can be permitted to take Physics as special subject at S.Y.B.Sc. provided he passes with F.Y.B.Sc. Papers in Mathematics before he is promoted to T.Y.B.Sc. class."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પ્રાયોગિક પરીક્ષા માટે નીચેના નિયમો મંજૂર કરવા :

For post-graduate practical examination there will be a Laboratory Supervisor.

(૨) એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સંબંધકર્તા નિયમોમાં નીચે મુજબ ઉમેરો કરવો :

A student who has not taken Mathematics at F.Y.B.Sc. level can be permitted to take Physics as a special subject at S.Y.B.Sc. provided he passes with F.Y.B.Sc. Papers in Mathematics before he is promoted to T.Y.B.Sc. class.

૮૬. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના ભવન કે જ્યાં અનુસ્નાતક શિક્ષણને લગતું કાર્ય થતું હોય તેમાં અગર અનુસ્નાતક પ્રાયોગિક કામ થતું હોય તેમાં ભાગ લેતા હોય અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર લેક્ચરર તરીકેની નિમણૂકને પાત્ર હોય તેવા ડેમોન્સ્ટ્રેટર-ટ્યૂટરને તે પૂરતી કક્ષાનો અનુભવ, ઑર્ડિ. ૬૫-એમ અનુસાર પૂરતા શૈક્ષણિક અનુભવ તરીકે ગણી મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે તથા તેને અનુલક્ષીને ઑર્ડિ. ૬૫-એમ હેઠળ, નીચે મુજબનો એક પ્રોવિઝો ઉમેરવા માટે એકેડેમિક કાઉન્સિલ મારફતે સિન્ડિકેટને ભલામણ કરવી :

'Notwithstanding anything contained in the above rules, the Demonstrators/Tutors possessing the necessary qualifications of a Lecturer and working at the Post-graduate level either at a University Department, or at a Post-graduate centre or at a recognised institution where the post-graduate centre is instituted and possessing the necessary teaching or the laboratory experience as laid down in O. 65-M shall be recognised as an Assistant to a Post-graduate teacher in the subject concerned.'"

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી. ડી. એન. શુકલ રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગારધોરણમાં રૂા. ૪૦૦ પગાર મેળવતા હોવાથી તા. ૧-૫-૧૯૬૮થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency bar) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગારધોરણમાં રૂા. ૪૦૦ પછી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે પરવાનગી આપવી.

૮૮. પ્રકાશન પ્રવૃત્તિ અંગે સેનેટમાં માર્ચ, ૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો સિન્ડિકેટે પ્રકાશન વહીવટી સમિતિની વિચારણા માટે મોકલેલાં હોઈ તે અંગે પ્રકાશન વહીવટી સમિતિએ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત :

સેનેટમાં સૂચન

(૧) સ્ટેન્ડર્ડ ગ્રંથોના બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

તા. ૧૮-૩-૧૯૬૮ની પ્રકાશન વહીવટી સમિતિનો ઠરાવ

(૧) આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં સ્ટાન્ડર્ડ ગ્રંથ તેમ જ પાઠ્યપુસ્તકોના અનુવાદ કરાવવાના પ્રયત્નો ચાલુ છે તેમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્વતંત્ર "રીડિંગ્ઝ" પદ્ધતિનાં પુસ્તકો અંગે આચાર્યશ્રી ગિરીશ પટેલનો અભિપ્રાય મેળવી ઘટતું કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષય પર પુસ્તિકાઓ તૈયાર કરાવવા માટેના પ્રયત્નો ચાલુ છે એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના રિપોર્ટની નોંધ લેવી.

૮૯. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-લેબર વેલ્ફેરની જગ્યા ઉપર સિન્ડિકેટે કરેલી નિમણૂકની બાબતમાં ભવનના વિદ્યાર્થી શ્રી. શ્યામકુમાર જીવણદાસે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ અરજી અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે સદરહુ બાબત અંગે તેઓશ્રીની સૂચનાથી યુનિવર્સિટી તરફથી શ્રી કુલસચિવે તા. ૫-૪-૧૯૬૮ના રોજ હાઈકોર્ટ સમક્ષ એફિડેવિટ કરેલ છે. સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી અને ઠરાવ્યું કે સદરહુ બાબત અંગે ભવિષ્યમાં જરૂર પડયે યુનિવર્સિટી તરફથી એફિડેવિટ કરવા માટે શ્રી કુલસચિવને સત્તા આપવી તથા સદરહુ બાબત અંગે જરૂરી ખર્ચ અને કાર્યવાહી કરવા માટે શ્રી કુલપતિને સત્તા આપવી.

૯૦. તા. ૫-૪-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો અપનાવતી ૧૪ કૉલેજોને ૧૫મી જૂન ૧૯૬૬થી યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ અપનાવવા માટે જણાવેલ, તેમ છતાં નીચેની કૉલેજોએ તેનો આજદિન સુધી અમલ કર્યો નથી તો તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ
૧.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ...	જવાબ નથી.
૨.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ ...	જવાબ નથી.
૩.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	... અત્યાર સુધી યુ.જી.સી.નું પગારધોરણ આપેલ છે, પણ હવેથી યુનિવર્સિટીના ૬ઠે જૂન ૧૯૬૬થી આપવાના છે.
૪.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	... રાજ્ય સરકાર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં નવાં પગારધોરણો સ્વીકારે અને વધારાના ૨૦% ખર્ચ ભોગવે તે શરતે આ નવાં પગારધોરણો અપનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.
૫.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... મંડળ સમક્ષ મૂકયું છે.
૬.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	... જવાબ નથી.
૭.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	... યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો અપનાવવાની આવશ્યકતા છે.
૮.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	... શરૂઆતના પગાર યુનિવર્સિટી પ્રમાણે અને વધારાઓ યુ.જી.સી. પ્રમાણે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત દેખભાળ સમિતિની વિચારણા માટે મોકલવી અને તે દરમ્યાન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પગારધોરણો અપનાવીને તેની જાણ કરવા જે તે કૉલેજોને કાર્યાલયે ફરીથી લખી જણાવવું.

૯૨. તા. ૧૮-૩-૧૯૬૮ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવ કરી નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:

(૧) લેખક/અનુવાદકને સોંપવામાં આવતા લખાણકામ માટે ૫૦ પાનાં દીઠ એક માસનો સમય આપવાનું રાખવું.

ઉપર જણાવ્યા પ્રમાણે નક્કી કરેલ સમયમર્યાદા ઉપરાંત કોઈ બાસ સંજોગોમાં વધુમાં વધુ ત્રણ ત્રણ માસના બે હપતાની સમયમર્યાદા વધારી આપવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭ પહેલાં જે લેખકો/અનુવાદકો સાથે કરાર કરવામાં આવ્યા છે તેમને ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં સંપૂર્ણ હસ્તપ્રત યુનિવર્સિટી કાર્યાલયને સોંપવા જણાવવું; પરંતુ અનુવાદ કે મૌલિક લખાણ ૫૦૦ પાનાંથી વધારે હોય તેવા કેસમાં લેખક/અનુવાદકને લખાણકામના $\frac{2}{3}$ ભાગની હસ્તપ્રત ૧૫મી જૂન ૧૯૬૮

સુધીમાં સોંપવા જણાવવું અને બાકીની ½ ભાગની હસ્તપ્રત ૧૫મી જૂન ૧૯૬૮થી ત્રણ માસ સુધીમાં સોંપવા જણાવવું. મુદ્રણકામ માટે સંપૂર્ણ હસ્તપ્રત મળ્યેથી જરૂરી પગલાં લેવાં.

જો ઉપર જણાવેલ હસ્તપ્રત સોંપવામાં કસૂર કરે તો લેખક/અનુવાદક સાથે કરાર રદ કરવાની તથા તે કામ અન્યને સોંપવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૨) કોઈ પણ લેખક/અનુવાદકને એકીસાથે એક કરતાં વધુ કામ સોંપવું નહિ.

(૩) હસ્તપ્રત મુદ્રણ અર્થે હાથ ધરાયા બાદ જે પ્રૂફ અંતિમ મંજૂરી માટે લેખક/અનુવાદકને પ્રૂફ મળ્યાની તારીખથી ½ ઉમી કદના બે ફરમાનું પ્રૂફ-વાચન પૂરું કરીને તે ત્રણ દિવસના પ્રમાણ મુજબ પરત કરવું આવશ્યક રહેશે એમ તેમને જણાવવું.

જે સંજોગોમાં ઉપર દર્શાવેલ સમય કરતાં વધુ સમય પ્રૂફ રોકી રાખે અને તે પ્રમાણે સતત ત્રણ પ્રસંગો બન્યાનું પ્રેસ વિભાગ તરફથી જણાવવામાં આવે તો જે તે લેખક/અનુવાદકની જગ્યાએ અન્ય કોઈ વિદ્વાનની નિમણૂક કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી તથા સદરહુ અંતિમ પ્રૂફવાચનના કામ અંગે પ્રૂફવાચકને ½ ઉમી કદના ફરમા દીઠ રૂા. ૪ના દરે મહેનતાણું આપવું. આ મહેનતાણું લેખક/અનુવાદકને આપવાના મહેનતાણામાંથી પેનલ્ટી રૂપે કાપીને ચૂકવવાનું રાખવું.

(નોંધ.—આ વ્યવસ્થા તમામ લેખકો/અનુવાદકોના ધ્યાન પર લાવવી.)

(૪) આ યુનિવર્સિટી તરફથી અનુવાદ કે મૌલિક લખાણ અંગે થયેલા કરાર મુજબ લેખક કે અનુવાદક પાસેથી હસ્તપ્રત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગને સોંપવામાં આવે તેનો પ્રકાશન માટે સ્વીકાર થયેથી જે તે લેખક કે અનુવાદકને તેમના અંદાજી મહેનતાણાની રકમ પેટે પ્રથમ હપતામાં ૫૦ ટકા જેટલાં નાણાં હિસાબે (on account) આપવાં. ત્યાર બાદ સદરહુ હસ્તપ્રતનું અડધું મુદ્રણકામ પૂરું થયેથી ૨૫ ટકા જેટલાં નાણાં મહેનતાણાના બીજા હપતા રૂપે હિસાબે (on account) આપવા તથા સદરહુ પ્રકાશન બહાર પડયેથી બાકીના મહેનતાણાનાં નાણાં ચૂકવવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૯૩. ભારત સરકાર તરફથી સર્વમાન્ય પુસ્તકોના અનુવાદ તથા મૌલિક ગ્રંથો પ્રાદેશિક ભાષામાં તૈયાર કરાવવા અંગેની યોજના હેઠળ યુનિવર્સિટીએ હાથ પર લીધેલાં કામો અંગે રૂા. ૨,૦૩,૩૭૩-૨૯ પૈસાની રકમ મળી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૪. ડૉ. પી. એચ. પ્રભુના કુટુંબને શૈક્ષણિક વર્ષ સુધી યુનિવર્સિટી ક્વાર્ટર્સમાં રહેવા માટે પરવાનગી આપવા અંગેના તેઓના તા. ૩૧-૩-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. એચ. પ્રભુના કુટુંબને તા. ૫-૫-૧૯૬૮ સુધી રહેવા માટે પરવાનગી આપવી અને તે માટે તેઓની પાસેથી માસિક રૂા. ૨૭૫ના દરે (સર્વિસ ટેક્સ અને શિક્ષણવેરો જુદો) ભાડું વસૂલ લેવું.

૯૫. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત:

નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એ. વાય. કુલકર્ણી	વિજ્ઞાન (કેમિસ્ટ્રી)	પીએચ.ડી.
૨.	શ્રી. કે. સી. અમીન	વિજ્ઞાન (કેમિસ્ટ્રી)	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૬. ભવન્સ કૉલેજ, ડાકોરમાં ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા માટે કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં નીમેલી સ્થાનિક તપાસસમિતિ પર કામ કરવા માટે ડૉ. એ. એમ. ત્રિવેદીએ અશક્તિ દર્શાવતાં તેમની જગ્યાએ ડૉ. જે. જે. ત્રિવેદીને નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૭. તા. ૧-૩-૧૯૬૬, તા. ૧-૧૦-૧૯૬૬, તા. ૧-૧-૧૯૬૭ અને તા. ૧-૩-૧૯૬૭થી અમલમાં આવેલ મોંઘવારી ભથ્થાંની પૂરેપૂરી ચુકવણી નીચેની કૉલેજોએ હજુ સુધી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	ચુકવણી અંગેની નોંધ
*૧.	એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	ચોક્કસ તારીખ આપી શકાય તેમ નથી.
૨.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	હપતેથી ચૂકવવા પ્રયત્ન કરશે.
૩.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	હપતેથી ચૂકવવામાં આવે છે.
*૪.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	ચૂકવી આપ્યું છે.
૫.	સાયન્સ કૉલેજ, કડી	માર્ચના પગારમાં ચૂકવી આપશે.

(નોંધ.—*આ કૉલેજોને ડી.ઓ. પત્ર લખ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત દેખભાળ સમિતિની વિચારણા માટે મોકલવી, અને તે દરમિયાન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર સદરહુ કૉલેજોના શિક્ષકોને મોંઘવારી ભથ્થાની પૂરેપૂરી ચુકવણી કરીને તેની ત્વરિત જાણ કરવા માટે જે તે કૉલેજોને કાર્યાલયે ફરીથી લખી જણાવવું.

૯૮. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિમણૂકોને માન્ય કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(માન્ય કરેલ શિક્ષકોની યાદી આ સાથે પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૯૯. ચોથી પંચવર્ષીય યોજનામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના સુધારાની યોજનાના અમલના સંદર્ભમાં ઊભા થતા પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સાથે સ્પષ્ટતા અને ચર્ચાવિચારણા માટે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં ડૉ. ય. ગુ. નાયકના નેતૃત્વ હેઠળ નિયુક્ત કરેલ પ્રતિનિધિમંડળના સભ્યોએ રાજ્ય સરકારને સુપરત કરેલ લેખિત આવેદનપત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(રાજ્ય સરકારને સુપરત કરવામાં આવેલ આવેદનપત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૧૦૦. ઑર્ડિ. ૬૨-ઈ (૧) અનુસાર નીચેના સભ્યોની મુદત પૂરી થયેલી હોઈ તેમની જગ્યાએ પ્રકાશન વહીવટી સમિતિ (The Administrative Committee for Publications) ઉપર ચાર વ્યક્તિઓની નિમણૂક કરવા બાબત:

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. ડૉ. વાય. જી. નાયક
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. આચાર્ય એમ. એસ. પંડિત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવી:

૧. ડૉ. વાય. જી. નાયક
૨. શ્રી. મણિશંકર પંડ્યા
૩. આચાર્ય એમ. એસ. પંડિત
૪. આચાર્ય એસ. આર. મહેતા.

૧૦૧. (૧) જૂન ૧૯૬૮થી નવી કૉલેજો માટે, (૨) કૉલેજોના વિભાગીકરણ માટે, (૩) કૉલેજોના વિભાગીકરણ અને વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે, (૪) વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે, અને (૫) કૉલેજોના સંયુક્તીકરણ માટે આવેલ નીચેની અરજીઓ પરત્વે સેનેટે તેના ખાસ અને વાર્ષિક સભામાં મૂકેલી શરતોના પરિપાલન અંગે ચકાસણી કરવા માટે ચકાસણી સમિતિઓ નીમવા બાબત:

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	મહુધા કેળવણી મંડળ, મહુધા	વિનયનની નવી કૉલેજ	૧. આચાર્ય એસ. આર. ભટ્ટ ૨. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૨.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, સરખેજ રોડ, અમદાવાદ-૭	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ	૧. આચાર્ય એસ. આર. મહેતા ૨. ડૉ. ઈ. એ. સોલોમન

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૩.	સાબરમતી એજ્યુકેશન સોસાયટી, સાબરમતી, અમદાવાદ	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ	૧. આચાર્ય એસ. આર. મહેતા ૨. આચાર્ય આર. એમ. શુકલ
૪.	જમાલપુર-રાયખડ સેવા સમાજ, વસંત-રજબ સ્મારક ભુવન, જમાલપુર, અમદાવાદ-૧	,,	૧. આચાર્ય એસ. આર. મહેતા ૨. આચાર્ય આર. એમ. શુકલ
૫.	વડનગર એજ્યુકેશન સોસાયટી, વડનગર	,,	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. આચાર્ય ય. પ્રા. શુકલ
૬.	વિદ્યોત્તેજક મંડળ, પાલડી, અમદાવાદ-૭	,,	૧. આચાર્ય કે. એમ. તલાટી ૨. આચાર્ય આઈ. જે. ધ્રુવ
૭.	નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, પાટણ	શિક્ષણની નવી કૉલેજ	૧. શ્રી. લા. ૨. દેસાઈ ૨. આચાર્ય જી. બી. પરીખ
૮.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ, અમદાવાદ-૧	,, (ખેડા)	૧. શ્રી. લા. ૨. દેસાઈ ૨. ડૉ. સી. એલ. ભટ્ટ
૯.	શ્રી. મથુરદાસ લાલજીભાઈ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા	,,	૧. શ્રી. લા. ૨. દેસાઈ ૨. ડૉ. સી. એલ. ભટ્ટ
૧૦.	ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત	,,	૧. શ્રી. લા. ૨. દેસાઈ ૨. ડૉ. સી. એલ. ભટ્ટ
૧૧.	વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ	વાણિજ્યની નવી કૉલેજ	૧. આચાર્ય એ. આર. દેસાઈ ૨. પ્રો. ડી. ડી. ત્રિવેદી
૧૨.	સર્વોદય હાયર એજ્યુકેશન, માણસા	,,	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. પ્રો. ડી. ડી. ત્રિવેદી
૧૩.	બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ કમિટી, પ્રાર્થના સમાજ, રાયખડ, અમદાવાદ	,,	૧. આચાર્ય એસ. આર. મહેતા ૨. આચાર્ય કે. એમ. તલાટી
૧૪.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, સરખેજ રોડ, અમદાવાદ	વાણિજ્ય અને કાયદાની નવી કૉલેજ	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. આચાર્ય એસ. આર. મહેતા
૧૫.	ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, મુંબઈ-૧	કેમિકલ એન્જિનિયરિંગની નવી કૉલેજ (નડિયાદ)	૧. ડૉ. ય. ગુ. નાયક ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી ૩. ડૉ. આર. ડી. દેસાઈ ૪. આચાર્ય ટી. એમ. પરીખ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧૬.	અધ્યક્ષ, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય, ન્યૂ સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ-૧૬	નર્સિંગની નવી કૉલેજ	૧. ડૉ. જે. બી. હરિભક્તિ ૨. ડૉ. એ. ગુપ્તા (દિલ્હી)
૧૭.	આચાર્યશ્રી, નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાનું વિભાગીકરણ	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. આચાર્ય કે. એમ. તલાટી
૧૮.	આચાર્યશ્રી, અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાનું વિભાગીકરણ	૧. આચાર્ય હરિહર શુક્લ ૨. આચાર્ય બી. એમ. પીરજાદા
૧૯.	આચાર્યશ્રી, સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓનું વિભાગીકરણ તથા વિનયન સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય જે. બી. સાણ્ડિલ્ય ૨. આચાર્ય એમ. સી. શાહ ૩. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૨૦.	મૅનેજર, ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર (કચ્છ), ગાંધીધામ	વિજ્ઞાનની નવી વિદ્યાશાખા	૧. ડૉ. ય. ગુ. નાયક ૨. ડૉ. જે. જે. ત્રિવેદી
૨૧.	પ્રમુખશ્રી, સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય એસ. આર મહેતા ૨. આચાર્ય પી. એમ. મજમુદાર
૨૨.	મંત્રીશ્રી, બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢ-બારિયા (જિ. પંચમહાલ)	વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. આચાર્ય એસ. આર. મહેતા
૨૩.	આચાર્યશ્રી, સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, માનવમંદિર રોડ, અમદાવાદ-૯	વિજ્ઞાનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. આચાર્ય એન. બી. જોષી

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૨૪.	આચાર્યશ્રી, મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ	કાયદાની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. આચાર્ય એસ. આર. મહેતા
૨૫.	મૅનેજિંગ ટ્રસ્ટી, સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા પ્રભુદાસ ઠક્કર કૉલેજ, પાલડી, અમદાવાદ–૭.	વિનયન સાથે વિજ્ઞાનનું એકીકરણ કરી એક કૉલેજ અંગેની અરજી	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. આચાર્ય આર. એમ. શુકલ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન જોઈ-તપાસીને જે તે કૉલેજના નામ સામે જણાવેલ સભ્યોને તાત્કાલિક તપાસ કરવા અને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે જણાવવું.

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	મહુધા કેળવણી મંડળ, મહુધા	વિનયનની નવી કૉલેજ	૧. આચાર્ય એસ. આર ભટ્ટ અથવા ૨. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૨.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, સરખેજ રોડ, અમદાવાદ–૭	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ	૧. આચાર્ય એસ. આર. મહેતા અથવા ૨. ડૉ. ઈ. એ. સોલોમન
૩.	સાબરમતી એજ્યુકેશન સોસાયટી, સાબરમતી, અમદાવાદ	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ	૧. આચાર્ય એસ. આર. મહેતા અથવા ૨. આચાર્ય આર. એમ. શુકલ
૪.	જમાલપુર–રાયખડ સેવા સમાજ, વસંત–રજબ સ્મારક ભુવન, જમાલપુર, અમદાવાદ–૧	,,	૧. આચાર્ય એસ. આર. મહેતા અથવા ૨. આચાર્ય આર. એમ. શુકલ
૫	વડનગર એજ્યુકેશન સોસાયટી, વડનગર	,,	૧. આચાર્ય એમ. સી. દેસાઈ અથવા ૨. આચાર્ય ય. પ્રા. શુકલ
૬.	વિદ્યોત્તેજક મંડળ, પાલડી, અમદાવાદ–૭	,,	૧. આચાર્ય કે. એમ. તલાટી અથવા ૨. આચાર્ય આઈ. જે. ધ્રુવ
૭.	નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, પાટણ	શિક્ષણની નવી કૉલેજ	૧. શ્રી. લા. ૨. દેસાઈ અથવા ૨. આચાર્ય જી. બી. પરીખ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૮.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ, અમદાવાદ-૧	શિક્ષણની નવી કૉલેજ	૧. શ્રી. લા. ૨. દેસાઈ અથવા ૨. રૉ. સી. એલ. ભટ્ટ
૯.	શ્રી. મથુરદાસ લાલજીભાઈ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા	,,	૧. શ્રી. લા. ૨. દેસાઈ અથવા ૨. રૉ. સી. એલ. ભટ્ટ
૧૦.	ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત	,,	૧. શ્રી. લા. ૨. દેસાઈ અથવા ૨. રૉ. સી. એલ. ભટ્ટ
૧૧.	વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ	વાણિજ્યની નવી કૉલેજ	પ્રો. ડી. ડી. ત્રિવેદી
૧૨.	સર્વોદય હાયર એજ્યુકેશન, માણસા	,,	૧. આચાર્ય એમ. સી. દેસાઈ અથવા ૨. પ્રો. ડી. ડી. ત્રિવેદી
૧૩.	બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ કમિટી પ્રાર્થના સમાજ, રાયખડ, અમદાવાદ	,,	૧. આચાર્ય એસ. આર. મહેતા અથવા ૨. આચાર્ય કે. એમ. તલાટી
૧૪.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, સરખેજ રોડ, અમદાવાદ	વાણિજ્ય અને કાયદાની નવી કૉલેજ	૧. આચાર્ય વી. આર. રણદીવે અથવા ૨. આચાર્ય એસ. આર. મહેતા
૧૫.	ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન અને ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, મુંબઈ-૧	કેમિકલ એન્જિનિયરિંગની નવી કૉલેજ	૧. ડૉ. ય. મુ. નાયક અને ૨. પ્રિન્સ. ટી. એમ પરીખ
૧૬.	અધ્યક્ષ, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય, ન્યૂ સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ-૧૬	નર્સિંગની નવી કૉલેજ	૧. ડૉ. જે. બી. હરિભક્તિ અથવા ૨. રૉ. એ. ગુપ્તા (દિલ્હી)
૧૭.	આચાર્યશ્રી, નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાનું વિભાગીકરણ	૧. આચાર્ય વી. આર. રણદીવે અથવા ૨. આચાર્ય કે. એમ. તલાટી
૧૮.	આચાર્યશ્રી, અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાનું વિભાગીકરણ	૧. આચાર્ય હરિહર શુકલ અથવા ૨. આચાર્ય બી. એમ. પીરજાદા

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	અરજીની વિગત	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧૯.	આચાર્ય શ્રી, સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓનું વિભાગીકરણ તથા વિનયન સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય જે. બી. સાણ્ડિલ્ય અથવા ૨. આચાર્ય એમ. સી. શાહ અથવા ૩. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૨૦.	મૅનેજર, ગાંધીધામ મંત્રી મંડળ, આદિપુર (કચ્છ), ગાંધીધામ	વિજ્ઞાનની નવી વિદ્યાશાખા	૧. ડૉ. મ. ગુ. નાયક અથવા ૨. ડૉ. જે. જે. ત્રિવેદી
૨૧.	પ્રમુખશ્રી, સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય એસ. આર. મહેતા અથવા ૨. આચાર્ય પી. એમ. મજમુદાર
૨૨.	મંત્રીશ્રી, ખારવા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢ-બારિયા (જિ. પંચમહાલ)	વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય એમ. સી. દેસાઈ અથવા ૨. આચાર્ય એસ. આર. મહેતા
૨૩.	આચાર્યશ્રી, સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, માનવમંદિર રોડ, અમદાવાદ-૯	વિજ્ઞાનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી અથવા ૨. આચાર્ય એન. બી. જોષી
૨૪.	આચાર્યશ્રી, મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ	કાયદાની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ	૧. આચાર્ય વી. આર. રણદીવે અથવા ૨. આચાર્ય એસ. આર. મહેતા
૨૫.	મૅનેજિંગ ટ્રસ્ટી, સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા પ્રભુદાસ હકકર કૉલેજ, પાલડી, અમદાવાદ-૭	વિનયન સાથે વિજ્ઞાનનું એકીકરણ કરી એક કૉલેજ અંગેની અરજી	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી અથવા ૨. આચાર્ય આર. એમ. શુક્લ

૧૦૨. ચાણસ્મા તાલુકા કેળવણી મંડળ, ચાણસ્મા દ્વારા ચાણસ્મા ખાતે જૂન ૧૯૬૮થી શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલ શરતોનું પાલન ચાલુ સાલે થઈ શકે તેમ નથી તેમ જણાવતા તથા તેને મુલતવી રાખવાની વિનંતી કરતા, સદરહુ મંડળ સંચાલિત શાળાના હેડમાસ્તર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો નોંધ લેવો.

૧. "શ્રીમતી ભલીબેન અરવિંદરાય ઝાલા મેમોરિયલ સુવર્ણચંદ્રક" આશરે રૂા. ૧૫૦ની કિંમતનો સુવર્ણચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાયેલ **એમ.એ.ની પહેલી પરીક્ષામાં** "હોમ સાયન્સ"નો ખાસ વિષય લઈ બેઠેલા ઉમેદવારોમાં **સૌથી વધારે** સરવાળે ગુણાંક (Grand Total) મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને આપવામાં આવશે.

ઉપર પ્રમાણે કોઈ વિદ્યાર્થિની સુવર્ણચંદ્રકને પાત્ર ન નીવડે તો માર્ચ-એપ્રિલની બી.એ.ની પરીક્ષામાં ગૃહવિજ્ઞાનનો ખાસ વિષય લઈ હોમ મેનેજમેન્ટના વિષયમાં ચાલુ અભ્યાસક્રમ મુજબ તથા ત્રિવાર્ષિક ડિગ્રી કોર્સ શરૂ થયેથી "ફેમિલી રિલેશનશિપ"ના પ્રશ્નપત્રમાં બેઠેલા ઉમેદવારોને સૌથી વધારે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને સદરહુ સુવર્ણચંદ્રક આપવામાં આવશે.

૨. ચંદ્રકની એક બાજુ પર તેના નામની નીચે દેવનાગરી લિપિમાં "**गृहिणी गृहमुच्यते**" એ પ્રમાણેનું લખાણ લખવામાં આવશે.

૩. ચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૪. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ આવશે નહીં.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. ઉપરનો ચંદ્રક આપતાં જે બચત રહે તે મૂળ દાનની રકમમાં ઉમેરવામાં આવશે.

૧૦. "કેશવલાલ તલકચંદ શેઠ પારિતોષિક"

(૧) દાતાનું નામ: શ્રી. ગુલાબચંદ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી. ગુલાબચંદ તલકચંદ શેઠ, જ્યોત, વલ્લભભદ્દાસ કન્યાવિદ્યાલય રોડ, મિલપરા, રાજકોટ.

(૨) દાનનો રકમ: રૂા. ૫,૦૦૦.

(૩) દાનનો પ્રકાર: એક રોકડ પારિતોષિક.

(૪) દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૪-૧૦-૧૯૬૪ની સભામાં ક્રમાંક ૫૮થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રી. કેશવલાલ તલકચંદ શેઠ પારિતોષિક" એ નામનું વાર્ષિક રૂા. ૨૩૦નું એક પારિતોષિક દરવર્ષે ગુજરાત યુનિવર્સિટીની **એમ.એ.ની પહેલી પરીક્ષામાં** "સમાજશાસ્ત્ર"નો સમગ્ર વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો સૌથી વધારે તથા સરખા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થીઓ હોય તો પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ જે તે પરીક્ષાનાં પરિણામ વખતે શક્ય હોય ત્યાં સુધી જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. આ દાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. દાનની વાર્ષિક આવકમાંથી બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

M.Sc.

1. "Nathiba Hargovandas Lakhmichand Gold Medal" Endowment :

(1) *The Name of the Donor* : Shri Indravadan Amritlal, C/o. Hargovandas Lakhmichand, Near M. J. Library, Ellis Bridge, Ahmedabad-6.

(2) *The amount of the Donation* : Government of India 3 per cent Conversion Loan of 1946 of the face value of Rs. 6,200/-.

(3) *Discription of the Award* : One Gold Medal.

(4) *Accepted under* : Syndicate Resolutions Nos. 30 and 80, dt. 4-2-1956 and 3-3-1956 respectively.

Rules

1. A Gold Medal in the name of "Nathiba Hargovandas Lakhmichand Gold Medal" of the value of about Rs. 175/- shall be awarded annually to a candidate who stands First in the First Class at *M.Sc. Degree Examination.*

2. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.

3. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.

2. "Nanubhai Maneklal Munshaw Gold Medal" Endowment :

(1) *Name of the Donor* : Shri Chinubhai Nanubhai Munshaw, C/o. Shri Vivekanand Mills Ltd., Rakhial Road, Gomatipur, Ahmedabad-10.

(2) *The amount of Donation* : Govt. of India 3 per cent Conversion Loan of 1946 of the face value of Rs. 6,700/-.

(3) *Description of Award* : One Gold Medal.

(4) *Accepted under* : Syndicate Resolution No. 35, dt. 2/3-3-1957.

Rules

1. A Gold Medal in the name of "Nanubhai Maneklal Munshaw" of the value of about Rs. 185/- shall be awarded annually to a candidate who stands First in First Class at *M.Sc. Degree Examination.*

2. If any year no candidate is eligible for the award of the medal, the income from interest so saved shall be added to the Principal amount.

3. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.

4. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.

M.COM.

14. "Hargovandas Laxmichand Gold Medal" Endowment :

(1) *The name of the Donor*	:	Shri Amritlal Hargovandas, C/o. The Ahmedabad Cotton Mfg. Co. Ltd. (The Bagicha Mills), O/s. Sarangpur Gate, Post Box No. 46, Ahmedabad.
(2) *The amount of the Donation*	:	Cash of Rs. 5,000/- invested in Government of India 3 per cent Conversion Loan of 1946 of the face value of Rs. 5,900/-
(3) *Description of the Award*	:	One Gold Medal.
(4) *Accepted under*	:	Syndicate Resolution No. 48, dt. 9/10-1-1954.

Rules

1. A Gold Medal in the name of "Hargovandas Laxmichand" of the value of Rs. 165/- shall be awarded annually to a candidate who stands First in First Class at *M.Com. Degree Examination.*

2. If any year no candidate is eligible for the award of the Medal, the income from interest so saved, shall be added to the Principal amount.

3. The Medal shall, as far as possible, be presented to the winner, at the Annual Convocation of the University.

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૬૮

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૧. શ્રી. એ. જી. શાહ	ગુજરાતીના ખંડ સમયના ટ્યૂટર	સિં.અખ્યા. ૮/૬૫૦૮૪		તા. ૧૮-૩-૧૯૬૮

સરકારી દંત મહાવિદ્યાલય અને રુગ્ણાલય, અમદાવાદ

૨. ડૉ. બી. કે. પટેલ	જનરલ ફાર્માકોલોજીના જુ. વ્યાખ્યાતા	,,	૬૫૦૮૫	,,
૩. ડૉ. ડી. બી. બલર	પૅથોલોજી અને બૅક્ટેરિયોલોજીના વ્યાખ્યાતા	,,	,,	,,
૪. ડૉ. એ. એ. સુથાર	જનરલ ઍનેાટોમીના જુ. વ્યાખ્યાતા	,,	,,	,,
૫. ડૉ. પી. જી. ઓઝા	જનરલ ફિઝિયોલોજીના જુ. વ્યાખ્યાતા	,,	,,	,,
૬. ડૉ. ગોપાલસિંહ ભારિયાના	ઑર્થોડોન્સિયાના જુ. વ્યાખ્યાતા	,,	,,	,,
૭. ડૉ. ડી. બી. પરીખ	ફિઝિયોલોજીના જુ. વ્યાખ્યાતા	,,	,,	,,

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

૮. શ્રી. એસ. એસ. ધ્રુવ	ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક	,,	૬૪૩૭૬	તા. ૭-૩-૧૯૬૮
૯. શ્રી. એસ. એસ. મજમુદાર	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૧૦૦૫	તા. ૧૨-૪-૧૯૬૮

(નોંધ:—યુનિવર્સિટીના નિયમો અનુસાર જગ્યા આપવાની શરતે)

એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર

૧૦. શ્રી. બી. કે. ભુખારી	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૬૪૩૭૭	તા. ૭-૩-૧૯૬૮

સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧૧.	શ્રીમતી એસ. એ. હાજી	ગુજરાતીના ટ્યૂટર	સિં. અખ્યા./૮/૧૦૦૭	તા. ૧૨-૪-૧૯૬૮

યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ

૧૨.	શ્રી. કે. જી. રાવલ	સંસ્કૃતના ટ્યૂટર	,, ૧૦૦૬	,,

સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર (ઉ. ગુ.)

૧૩.	શ્રી. એમ. બી. દવે	અર્થશાસ્ત્રના ટ્યૂટર	,, ૧૦૦૯	,,

બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર

૧૪.	શ્રી. જે. ડી. વાઘેલા	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	,, ૧૦૦૮	,,

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧૫.	ડૉ. બી. જે. કીનારીવાલા	બંડ સમયના જનરલ મેડિસિનના વ્યાખ્યાતા	,, ૧૦૧૦	,,
૧૬.	ડૉ. એચ. ડી. દવે	જનરલ સર્જરીના વ્યાખ્યાતા	,,	,,
૧૭.	ડૉ. એ. વી. શાહ	સાયકિયાટ્રીના માનદ વ્યાખ્યાતા	,,	,,

ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર

૧૮.	શ્રી. યુ. ડી. ભટ્ટ	તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તેમજ આચાર્ય	૦૧૭૧૬૯	તા. ૧-૮-૧૯૬૭

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૯૯

No. Syn./ 1968
Office of the Gujarat University,
Ahmedabad-9. Dtd. 13th April 1968.

The Education Minister,
Government of Gujarat,
Sachivalaya, Ahmedabad-6.

Reference.—Points to be discussed by the Deputation on behalf of the Gujarat University.

Sir,

The Syndicate of the Gujarat University appointed a Committee under its resolution No. 17, dated 28-12-1967 to examine the implications of the implementation of the Fourth Plan Pay-scales for the College Teachers. The Committee thereupon examined the scheme and reported back to the Syndicate some of the issues and problems that arise or are likely to arise in implementing the scheme.

On considering the report of the Committee, the Syndicate under its resolution No. 87, dated 17/18-2-1968 decided to send a deputation to the Government of Gujarat to seek some clarifications and suggest modifications in the scheme with a view to making it more equitable, attractive and acceptable. It may also enable the University to prescribe uniform pay-scales for all its affiliated colleges. The members of the deputation in three meetings have thoroughly analysed the scheme in the context of the situation obtaining in our State.

It is with this end in view that this deputation is waiting on you.

Please permit us at the outset to express our sincere appreciation of the decision of the Government of Gujarat to accept the Fourth Plan pay-scales and evolve a scheme for its speedy implementation. We welcome it as a move in the right direction of removing Inter-State and Intera-State variations in pay-scales. We also appreciate the fact that for the first time in the history of higher education in our country, a national pay-scale scheme comes into operation.

May we now proceed to place our considered views on the scheme point by point ? They are as under :

1. Financial Liability After 1971

Our main anxiety concerns the liability after 31–3–1971. The scheme, we are afraid, is not explicitly clear on this point. We should, therefore, like to have a categorical assurance from the Gujarat Government that even after March, 1971, when the partial grant from the Union Government ceases to arrive, the State Government will assume upon itself the full burden of maintaining the pay-scales, and continue the scheme by providing 100% grant on the calculated additional cost. We presume that such an assurance has already been given by the State Govt. to the Union Govt. while accepting the pay-scales. In that case, we should like to know the specific details in this behalf so that there may be no apprehensions in the minds of the managements of colleges in the State.

2. Migration and Grants

Though the scheme is being implemented from 1–4–1966 and the grant is to be made available for incumbents on posts as they existed on 30–9–1965, it is invitable that migration of teachers from one college to another will continue to take place. The Government should, therefore, take into account the posts existing in colleges as on 1–4–1966, and not their incumbents, and grants should be made available to the institutions affected by such migration, provided the post is continued and duly filled in.

3. New Posts and Promotions After 1–4–1966

In order to fulfill conditions of affiliation laid down by the University, Colleges are required to create new posts, Furthermore, with a view to providing normal academic development also, colleges are required to create additional posts. This has happened after 30–9–1965 and must of necessity happen even after that in a normally developing community. It would, therefore, prove great burden to the institutions, and we expect that the Government will undertake to sanction grants for the new additional posts after looking into the inevitability and/or desirability in each case.

4. Additional Grants for Colleges Established after 1966

The scheme is being implemented from 1-4-1966 with retrospective effect, and it does not make any provision for additional grants for colleges, which have come into existance after that date. We, therefore, submit that additional grants should be made available to those new colleges which have come into existence since April 1966 or will come into existence from June 1968. As most of the staff in these new colleges will be new, the burden of implementing the fourth plan scales will be far heavier if the University chooses to adopt these scales and make them compulsory for all affiliated colleges. It is difficult and even undesirable, to maintain a variety of scales for long, and in order to avoid jealousies, bickerings and unhealthy mobility of teachers, the State Government ought, in our humble opinion, to provide for such new colleges also. It will be appreciated by the Government that the new pay-scales are announced by the Government only recently and colleges affiliated upto June 1968 should have a legitimate claim on the proposed grant scheme.

An unprecedented rise in the Dearness Allowance paid to college teachers in the wake of successive revisions by the State Government of D. A payable to its employees has caused a serious strain on the extremely limited resources of the colleges, and this strain on the finances of the colleges has been left substantially unrelieved on account of their inability for a variety of reasons to increase the tuition fees of their students. This state of affairs combined with the need to increase the number of teachers on account of the introduction of the three-year degree course involving, as it does, the introduction of the tutorial system and internal evaluation of students' performance based on periodical tests and performance throughout the year, has made the financial position of colleges throughly precarious. The colleges will not, therefore, be able to bear this additional burden, unless they are liberally financed through 100% additional grants to cover the entire increase in their liability accruing from the implementation of this scheme.

5. P.-G. Colleges and Post-graduate Scales

It has been enjoined upon the Gujarat University by Section 39(i) of the Gujarat University Act that " Within the University Area, all

post-graduate instruction, teaching and training shall be conducted by University, or by such affiliated colleges or institutions and in such subjects as may be prescribed by the University statutes." In view therefore, of this statutory obligation enjoined upon the University, we have since 1956 introduced a co-ordinated scheme of post-graduate instruction, under which the University has set up 39 centres in 23 colleges for post-graduate instruction in various subjects in certain selected colleges or institutions so as to ensure efficient and diversified education as is possible within its resources, both financial and personnel. The University runs these centres entirely with the help of the recognised post-graduate teachers who are on the pay roll of various affiliated colleges. These teachers are doing this work in addition to their full-time work at the undergraduate level and they are paid honoraria per lecture given as fixed by the University from time to time. Thus it will be seen that in our regional Universities, there are recognised post-graduate teachers but no post-graduate colleges as such, as they are envisaged in the University Grants Commission scheme. In fact, the University has been able to impart post-graduate teaching at a very low cost, because it does not have to support fullfledged post-graduate teachers working at various post-graduate Centres established at certain selected colleges and institutions. Their co-operation in this fashion need not permanently condemn them as mere undergraduate colleges and hit their teaching staff adversely. A post-graduate college is a matter of definition and in the context obtaining at present in this University as shown above, a reasonable formula will have to be worked out. We have considered this position at great length and have reached unanimity in suggesting that any college having at least two post-graduate centres duly instituted by the University or having on its staff at least 15% of its total number of teachers, who are fully recognised post-graduate teachers, such teachers being only Professors or Lecturers, subject to a minimum of three such colleges should be deemed to be post-graduate colleges and their Principals and Teachers should be deemed eligible for pay-scales prescribed for Principals of post-graduate colleges and post-graduate teachers, as the case may be. Just because we have a special arrangement for post-praduate teaching, it should not deprive the Principals and teachers doing similar work of the benefits given to their counter-parts in other States. Indeed,

our better and more economically organised post-graduate teaching should not prove a disadvantage to our college teachers

6. Removal of Anomaly :

The present scheme has continued to discriminate between University teachers and college teachers permanently because old and established colleges are considered as undergraduate colleges. This desparity should considerably reduce in our State if the senior pay-scale to teachers and pcst-graduate colleges pay-scale to the Principals are incorporated in our scheme, as pointed out in paragraph No. 5 above.

7. Senior Lecturers :

Even after the post-graduate colleges are defined and determined, it will be necessary to make provision for Readers from among Lecturers (Senior Scale) in the scale of Rs. 700/- to Rs. 1,100/-. There are quite a number of Senior teachers in affiliated colleges of the University, who are qualified to be Readers and/or Professors at the Univetsity level. Their continuance at the college level should be encouraged with a view to upgrading the standard of education at the undergraduate level. This has already been done in the Maharashtra State Scheme, under their Govt. resolution, Education and Social Welfare Dept. No. USG. 1167/64605-U, dated the 14th July 1967 and under instructions through letter No. S/95/127-A Poona of Jan. 18, 1968.

8. No merger of D.A. in fixation :

In the recommendations of the U.G,C. and the Report of the Education Commission it has been clearly stated that these pay-scales are exclusive of all other allowances. Moreover, none of the State Governments, which have evolved a scheme to implement these pay-scales have, as far as we know, merged D.A. in fixing the pay-scales Nearer home, the State of Maharashtra at least has not D.A. in fixing the new pay-scales for college teachers.

9. Fixation for those who joined after 1-4-1966 :

The fixation in the new pay-scales of the college teachers who have joined on or after 1-4-1966 should also be done on the basis of the principles laid down in the scheme and modifications made in it.

10. Earned Increment :

As the scheme is to be implemented retrospectively, all the teachers lose their earned increment for the period between 15th June 1965 to 14th June 1966. This increment needs to be protected and should, therefore, be deemed as earned and added to the original basis pay before fixation. The Gujarat Government, we understand, has followed this precedent while fixing the payscales of school teachers. This has been consistently, done, whenever pay-scales have been revised. Therefore, any departure therefrom would adversely affect the teachers. Alternatively option of choosing the date of entering the new scheme should be extended to a suitable date; because the new scheme is not finalised and will have to be modified in future.

11. Equivalence to First Class Graduates :

The pay-scales given to the Demonstrators and Tutors with Master's Degree should also be made available to the Demonstrators and Tutors with graduate degree in the First Class.

12. Dichotomy Removed

The University is satisfied over the fact for the first time the Dichotomy in the designations and pay-scales between Government and private colleges is being removed. Having considered the views of the teachers in the Govt. colleges and their representation to the Government of Gujarat, we suggest that the present scheme with modifications as suggested above be implemented. It will, we hope, meet with most of their needs and demands.

13. Appointment of a Special Officer

We would also like to suggest that a special officer should be assigned the duty of looking after the problems and anomalies arising from the implementing of the pay-scales as envisaged in this scheme in the light of our various submissions contained hereinabove.

14. Conclusion

We wish to conclude this representation on a note of our grateful appreciation of the understanding and imagination with which the State

Government has often in the past looked upon the various problems of education, particularly higher education in this part of our country. We are sure, the State Government is fully alive to the urgent need to improve the standard of education in Universities and Colleges in Gujarat. We also know that the State Government considers the problem of salary and status of teachers as a matter of its supreme concern.

We thank you once again for sparing your valuable time in meeting the deputation and giving it a patient audience.

Yours faithfully,

Prin. Y. G. Naik
Shri R. G. Shastri
Shri M. P. Pandya
Prin. Y. P. Shukla
Dr. A. M. Trivedi
Shri R. M. Bhatt
Dr. P. C. Vaidya
Shri K. D. Desai
Shri V. B. Tophkhane
Prin. H. M. Shukla
Shri K. C. Parikh

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૧૦૫

(14) General Provisions

Admission to the University

Under Section 20 (xxiii) and Section 42

O. 69:

A student passing the Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination, Board of Gujarat State and eligible for admission to this University under the relevant statute shall apply through the Principal latest by 31st of August to the Registrar of this University for enrolment and shall at the same time pay a fee of Rs. 10/-. The Principal shall carefully scrutinise the enrolment application of each candidate before granting him admission subject to the approval of the University. Pending such approval the admission shall be at the cost and risk of the candidate concerned. ***The application for the Enrolment shall be accompanied by the original mark sheet and a true copy thereof duly certified by the Principal of the college which he has joined. The application for the Enrolment will not be acceptable if these documents are not supplied with it.****

If, for any reason, the application for enrolment be submitted by any candidate in time, the principal shall report to the University the name of such a candidate latest by 10th September of each year together with the information regarding the subjects offered by the candidate and the marks obtained by him therein at the S.S.C. or an equivalent examination, as the case may be.

Notwithstanding what is stated above, a student who has passed the Secondary School Certificate Examination conducted by the S.S.C. Examination Board, Bombay State, Poona, prior to the reorganisation of the old Bombay State and the creation of Gujarat State, shall also be required to apply for enrolment as stated above.

In the case of ineligible candidates, half of the enrolment fee is refundable.

In the event of any doubt or dispute arising in connection with the enrolment, the Vice-Chancellor's decision shall be final.

---

*Students who have passed the S.S.C. Examination in any of the years preceding the year he joining college, will be required to produce in addition to their marksheet, the original passing certificate and a true copy duly certified by the Principal of the College concerned.

(17) Transference Certificate

[Under Section 36 (ix)]

O. 88–A :

A student migrating from this University will be issued a Migration Certificate on applying in a prescribed form through the Principal of his/her college or institution last attended on paying a fee of Rs. 5/- which will in no case be refunded if the Migration Certificate applied for is issued in favour of the student concerned. The application for the Migration Certificate should be accompanied by the Transference Certificate from the College last attended and also the original marksheet or passing certificate (of the last examination) with a true copy of each duly certified by the Principal of the College concerned. In the case of External students, they should supply the original passing certificate or marksheet and copy of each duly certified by a (1) Government Gazetted Officer, (2) A Principal of an affiliated college of this University or (3) A Member of the Senate of this University for the time being, or (4) A Head Master of a full-fledged High School within the State of Gujarat. The application for the Migration Certificate shall not be entertained if there documents are not supplied.

Notwithstanding anything above, a student migrating from this University to another Statutory University in the Gujarat State will be required to pay a fee of only Rs. 2/- for the Migration Certificate.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૧૦૭

યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રમાં મળતી સારવાર માટેના નિયમો

(અ) વિદ્યાર્થીઓ

૧. ગુજરાત યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓને દવાખાનામાં સારવાર મફત મળશે.

૨. યુનિવર્સિટી છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને વિઝિટનો લાભ વિનામૂલ્યે મળશે.

૩. વિઝિટ માટે હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ અથવા રેક્ટરની ચિઠ્ઠી અને ઓળખપત્ર લાવવું જરૂરી છે.

૪. સંલગ્ન કૉલેજોના કૅમ્પસ પર આવેલાં છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે વિઝિટનો દર નીચે મુજબ રહેશે :

દિવસ દરમિયાન રૂા. ૨-૦૦; રાત્રિ દરમિયાન રૂા. ૪-૦૦ અને
ઇન્જેક્શન મૂકવાની ફી રૂા. ૦૦-૫૦ પૈસા.

(નોંધ.—સારવાર માટે આવતી વખતે દરેક વિદ્યાર્થીએ હમેશા ઓળખપત્ર સાથે રાખવું જરૂરી છે.)

(બ) અંધ વિદ્યાર્થીઓ (અંધજનમંડળ)

૧. દવાખાનામાં તમામ સારવાર મફત.

૨. વિઝિટ માટેનો દર (અ) (૩) પ્રમાણે રહેશે.

(નોંધ.—વર્ગ 'અ' અને 'બ' માટે માંદગી સિવાયના સર્ટિફિકેટ માટે રૂા. ૦૦-૫૦ પૈસાની ફી ભરવાની રહેશે.)

૩. ઘેર ડ્રેસિંગ કરાવવાની ફી રૂા. ૦૦-૫૦ પૈસા પડશે.

૪. યુનિવર્સિટી દાક્તરની સલાહ સિવાય બહારથી લખાયેલ ઇન્જેક્શન મૂકવાની ફી રૂા. ૦૦-૫૦ પૈસા રહેશે.

(ક) યુનિવર્સિટી કર્મચારીઓ, જેમનો માસિક કુલ પગાર રૂા. ૪૦૦થી વધુ હોય તથા તેમની સાથે કાયમી રહેતાં કુટુંબીજનો

દવાખાનામાં સારવારના દર

૧. એક દિવસનું મિક્ષ્ચર રૂા. ૦૦-૨૫ પૈસા.

૨. આંખ, કાન વગેરેની દવા ઘેર લઈ જવા અર્ધા ઔંસના રૂા. ૦૦-૨૫ પૈસા સિવાય મોંઘી દવા જેની પડતર કિંમત લેવામાં આવશે.

૩. દવા ઇન્જેકશનની કિંમત "No profit, no loss" મુજબ લેવામાં આવશે.

૪. એક્ષ-રે પ્લેઇટની કિંમત લેવામાં આવશે, તે સિવાયની લેબોરેટરી એક્ષ-રે તથા મફત તપાસ કરવામાં આવશે.

૫. વિઝિટનો દર :

દિવસ દરમિયાન રૂા. ૩–૦૦; રાત્રિ દરમિયાન રૂા. ૬–૦૦ અને ઇન્જેકશન મૂકવાની ફી રૂા. ૧–૦૦.

(૬) યુનિવર્સિટી કર્મચારીઓ, જેમનો માસિક કુલ પગાર રૂા. ૨૦૧થી ૪૦૦ વચ્ચેનો હોય તથા તેમની સાથે કાયમી રહેતાં કુટુંબીજનો :

૧. દવાખાનામાં મળતી સારવાર માટે જ્યાં પૈસા ભરવાના થાય ત્યાં એક દિવસના ૧૦ પૈસા.

૨. લેબોરેટરી એક્ષ-રે તપાસ મફત.

૩. વિઝિટનો દર :

દિવસ દરમિયાન રૂા. ૨–૦૦; રાત્રિ દરમિયાન રૂા. ૪–૦૦ અને ઇન્જેકશન મૂકવાની ફી રૂા. ૦૦–૫૦ પૈસા.

(૫) યુનિવર્સિટી કર્મચારીઓ, જેમનો માસિક કુલ પગાર રૂા. ૨૦૦ સુધી હોય તથા તેમની સાથે કાયમી રહેતાં કુટુંબીજનો.

૧. દવાખાનામાં તમામ સારવાર તથા લેબોરેટરી એક્ષ-રે તપાસ મફત.

૨. વિઝિટનો દર :

દિવસ દરમિયાન રૂા. ૧–૦૦; રાત્રિ દરમિયાન રૂા. ૨–૦૦ અને ઇન્જેકશન મૂકવાની ફી કાંઈ નહિ.

વર્ગ 'ક', 'ડ', 'ઇ' માટે :

૧. સાદું ડ્રેસિંગ મફત કરવામાં આવશે, ખર્ચાળ ડ્રેસિંગ માટે દાક્તર રૂા. ૨–૦૦ સુધી જે ફી નક્કી કરે તે ભરવાની રહેશે.

૨. ઘેર ડ્રેસિંગ કરવાની ફી રૂા. ૦૦–૫૦ પૈસા રહેશે.

૩. સર્ટિફિકેટ ફી રૂા. ૦૦–૫૦ પૈસા ભરવાની રહેશે.

૪. યુનિવર્સિટી દાક્તરની સલાહ સિવાય બહારથી લખાયેલ ઇન્જેકશન દવાખાનામાં મૂકવાની ફી રૂા. ૦૦–૫૦ પૈસા રહેશે.

[**નોંધ.**—(૧) સારવાર માટે આવતી વખતે દરેક કર્મચારી અથવા કુટુંબીજને ઓળખપત્ર સાથે રાખવું, ઓળખપત્રમાં જેનું નામ હશે તેને જ દવા મળશે.

(૨) કુટુંબીજનોમાં પતિ અગર પત્ની, પુત્ર–પુત્રી અને સ્વતંત્ર કમાણી ન કરતાં માતાપિતા, ભાઈબહેન ગણવાં. ઉપરાંત કર્મચારી સાથે કોઈ કાયમી રહેતું હોય અને આશ્રિત હોય તો તેને પણ આ વ્યાખ્યા પૂરતા કુટુંબના સભ્ય ગણવા.

(૩) યુનિવર્સિટીમાં રોજિંદા દરે કામ પર રાખવામાં આવેલી વ્યક્તિને તે કામ પર હોય તે દરમિયાન તેના માસિક વેતનના આધારે દર ગણીને તબીબી સારવાર મળશે.

રોજિંદા દરે કામ કરતા કર્મચારીઓએ સારવાર માટે આવતી વખતે "નોકરી પર છે" તેવી ચિઠ્ઠી લાગતાવળગતા અધિકારી પાસેથી લાવવાની રહેશે.

(૪) કેમ્પસ પર રહેતા કર્મચારીઓને જ નિયમ મુજબ વિઝિટનો લાભ મળશે.

(૫) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પ્રેસ પર નોકરી દરમિયાન અચાનક બીમારી સિવાય આરોગ્યકેન્દ્રનો લાભ મળી શકશે નહિ.

બીજી સારવાર માટે તેઓએ કામદાર વીમા યોજનાના દવાખાનાનો લાભ લેવો.]

(૬) કેમ્પસ પર રહેતા સંલગ્ન કૉલેજના કર્મચારીઓ તથા તેમનાં કુટુંબીજનો, અંધજનમંડળના કર્મચારીઓ અને તેમનાં કુટુંબીજનો (જે અંધ ન હોય), કેમ્પસ પર આવેલ રસોડાના નોકર અને ઘોબી, ઇતર સંસ્થાના વિદ્યાર્થીઓ, અટિરા, પી. આર. એલ.ના કર્મચારીઓ અને કુટુંબીજનો, યુનિવર્સિટી કર્મચારીઓના મહેમાન (જે કર્મચારી સાથે કાયમ ન રહેતા હોય તે) વગેરે.

સારવારના દર :

૧. એક દિવસની ફૅસ ફી રૂા. ૦૦-૨૫ પૈ.

૨. (૫) ૧થી ૩ મુજબ.

૩. દવાખાનામાં ઇન્જેક્શન મૂકવાની ફી મસલ્સમાં રૂા. ૧-૦૦ અને નસમાં રૂા. ૨-૦૦.

૪. લેબોરેટરી એક્સ-રે તપાસ :

લોહીની તપાસ એચ.બી., આર.બી.સી. રૂા. ૧-૦૦, ડી.સી. ડબ્લ્યુ. બી.સી. રૂા. ૧-૦૦, ઈ.એસ.આર. રૂા. ૧-૦૦

ઝાડો, પેશાબ, ગળફો, સ્મીયર રૂા. ૧-૦૦ દરેકનો.
બીડાલ ટેસ્ટ, મેરિયમ સ્વોમો, ગેસ્ટ્રિક એનેલિસિસ રૂા. ૩-૦૦ દરેકના.
સ્ક્રીનિંગ રૂા. ૧-૦૦.
એક્સ-રે પ્લેઇટ ૧૨" × ૧૫" રૂા. ૮-૦૦, ૧૦" × ૧૨" રૂા. ૬-૦૦, ૮" × ૧૦" રૂા. ૪-૦૦.

૫. વિઝિટના દર :
દિવસ દરમિયાન રૂા. ૩-૦૦ અને રાત્રિ દરમિયાન રૂા. ૬-૦૦.
ઇન્જેક્શન મૂકવાનો ચાર્જ મસલ્સમાં રૂા. ૧-૦૦ અને નસમાં રૂા. ૨-૦૦.

૬. ઘેર ડ્રેસિંગ કરાવવાની ફી રૂા. ૧-૦૦.

૭. સર્ટિફિકેટ ફી રૂા. ૧-૦૦.

૮. સાદું ડ્રેસિંગ મફત, ખર્ચાળ ડ્રેસિંગ માટે રૂા. ૨-૦૦ સુધી દાક્તર જે ફી નક્કી કરે તે ભરવાની રહેશે.

નોંધ.—જે તે સંસ્થાના માણસોએ લાગતાવળગતા અધિકારીઓનો દાખલો હમેશાં સાથે રાખવો જરૂરી ગણાશે.

(જ) યુનિવર્સિટીના મહેમાન અને સેમિનારના સભ્યોને તમામ સામાન્ય સારવાર અને તપાસનો લાભ વિનામૂલ્યે મળશે. સામાન્ય સારવાર કોને ગણવી તે ગુણદોષના આધારે દાક્તર નક્કી કરશે. કેમ્પસ પર રહેઠાણ આપવામાં આવ્યું હોય તો વિઝિટનો લાભ પણ વિનામૂલ્યે મળશે

સામાન્ય નિયમો

૧. દરેક દવા, ઇન્જેક્શન, એક્સ-રે પ્લેઇટ વગેરેની કિંમત પડતર કિંમત પરથી "No profit, no loss"ના સિદ્ધાંત મુજબ આ આંકડો વર્ષમાં એક વખત નક્કી કરવામાં આવશે અને કેસ ઉપર લેવાની થતી કુલ રકમ નજીકના પાંચ કે દસ આંક સુધી નક્કી કરી લેવામાં આવશે. કિંમતનું લિસ્ટ દાક્તર પાસે રહેશે.

૨. બે પૈસા સુધીની ગોળીઓની કિંમત લેવામાં આવશે નહિ.

૩. દરદીની શારીરિક અને આર્થિક સ્થિતિ જોતાં યોગ્ય લાગે તે તેને તદ્દન મફત સારવાર આપવા સુધીની સત્તા દાક્તરની રહેશે.

૪. હાલના નિયમ મુજબ 'અ', 'બ', 'ક'ની વિઝિટ અને ઘેર ઇન્જેક્શન મૂકવાની ફીની સમગ્ર આવક તથા 'ક', 'ડ', 'ઈ'ની વિઝિટ અને ઘેર ઇન્જેક્શન મૂકવાની ફીની ૫૦ ટકા આવક તથા ૫૦ ટકા યુનિવર્સિટી ને દાક્તરને મળવાનું ચાલુ રહેશે.

૫. ઘેર ડ્રેસિંગ કરવાની સમગ્ર રકમ ડ્રેસરને મળશે.

૬. તે સિવાયની દરેક ફી દરદીએ રોજરોજ કેસ પર જમા કરવાની હોય છે તેની ખાસ નોંધ લેવી.

૭. લેબોરેટરી કે એક્સ-રે તપાસની જરૂર છે કે નહિ તે દાક્તર નક્કી કરશે.

૮. સામાન્ય રીતે એક્સ-રે પ્લેઇટ કોઈને ઘેર લઈ જવા દેવામાં આવશે નહિ.

૯. સામાન્ય રીતે બહારથી લખાવી લાવેલ તપાસ દવાખાનામાં થઈ શકશે નહિ, તેમ જ તેવી રીતે લખાયેલ દવા પણ દવાખાનામાંથી મળશે નહિ.

૧૦. એકાએક માંદગીના ગંભીર કિસ્સાઓમાં ગુણદોષના આધારે વપરાયેલ દવા-ઇન્જેક્શનની ફી માફ કરવાની સત્તા દાક્તરની રહેશે.

તા. ૫-૪-૧૯૬૮. ચં. ૨. ત્રિવેદી

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૨૦૬

"શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ દ્વારકાદાસ પટેલ સ્મૃતિ શિષ્યવૃત્તિ":

દાતાનું નામ : "બાર્ધ હરિગંગા વિઠ્ઠલદાસ પટેલ" ટ્રસ્ટ વતી એડવોકેટ શ્રી. હરિશંકર એલ.ત્રિવેદી, ગરનાળા સ્ટ્રીટ, શાહપુર, અમદાવાદ.

ઉપલબ્ધ પ્રકાર : ચાર શિષ્યવૃત્તિઓ.

દાનની રકમ : રૂા. ૨૧,૦૦૦ રોકડા.

દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૦-૧૨-૧૯૬૭ની સભામાં ક્રમાંક ૨૨થી ઠરાવેલ છે.

નિયમો

૧. "શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ દ્વારકાદાસ પટેલ શિષ્યવૃત્તિ"એ નામની રૂા. ૨૬૦ની એક શિષ્યવૃત્તિ દર વર્ષે લેવાતી પ્રથમ એમ.બી., બી.એસ.ની માર્ચ-એપ્રિલ તથા સપ્ટેમ્બર-ઑક્ટોબરની પરીક્ષાઓનાં પરિણામો એકત્ર વિચારતાં જે વિદ્યાર્થી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને આગળ અભ્યાસ ચાલુ રાખવાની શરતે એક વર્ષ માટે બે હપતેથી આપવી અને જો તેમ કરતાં વધુ વિદ્યાર્થીઓ થતા હોય તો તે રકમ સરખા ભાગે વહેંચવાનું રાખવું.

૨. "શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ દ્વારકાદાસ પટેલ શિષ્યવૃત્તિ" એ નામની રૂા. ૨૬૦ની એક શિષ્યવૃત્તિ દર વર્ષે લેવાતી બીજી એમ.બી.,બી.એસ.ની માર્ચ-એપ્રિલ અને સપ્ટેમ્બર-ઑક્ટોબરની પરીક્ષાઓનાં પરિણામો એકત્ર વિચારતાં જે વિદ્યાર્થી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને આગળ અભ્યાસ ચાલુ રાખવાની શરતે એક વર્ષ માટે બે હપતેથી આપવા અને જો તેમ કરતાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓ થતા હોય તો તે પૈકી જે વિદ્યાર્થીના મેડિસિનના વિષયમાં વધારે ગુણ આવ્યા હોય તેને આપવી.

૩. "શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ દ્વારકાદાસ પટેલ શિષ્યવૃત્તિ" એ નામની રૂા. ૨૬૦ની એક શિષ્યવૃત્તિ દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એડ.ની એ પરીક્ષામાં જે વિદ્યાર્થી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને આપવી અને તે પ્રમાણે જો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો બી.એડ.ની આગળની યુનિવર્સિટી સ્નાતકની પરીક્ષામાં તે પૈકીના જે વિદ્યાર્થીના સૌથી વધુ ગુણાંક હોય તેને આપવી.

૪. "શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ દ્વારકાદાસ પટેલ શિષ્યવૃત્તિ" એ નામની રૂા. ૨૬૦ની એક શિષ્યવૃત્તિ દર વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એ. પરીક્ષામાં ભરજિયાત સંસ્કૃત વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવી અને તે મુજબ જો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો જે વિદ્યાર્થીના સંસ્કૃત તથા ફરજિયાત અંગ્રેજી વિષય જોગા ગણતાં જેના વધારે ગુણાંક આવ્યા હોય તેને આપવી.

૫. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ શક્ય હશે તો જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૬. શિષ્યવૃત્તિ આપવામાં વિજેતાની જાત, નાત, ધર્મ કે વર્ગનો બાધ આવશે નહિ.

૭. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "મ"
કામકાજ ક્રમાંક ૧૩૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૭-૪-૧૯૬૮ ને બુધવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. પ્રમુખશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. રણજિત શાસ્ત્રી	ગેરહાજર
૫. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૮ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. આરોગ્ય કેન્દ્રની પાસે લેબોરેટરી ટેક્નિશિયન માટે એક રહેઠાણ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આરોગ્યકેન્દ્રના કર્મચારીઓ માટે ત્રણ રહેઠાણોનું બાંધકામ હાલ ચાલે છે અને કંપાઉન્ડર માટે એક રહેઠાણ બાંધવાનું તા. ૧-૧-૧૯૬૮ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર કરવામાં આવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રની પાસે લેબોરેટરી ટેક્નિશિયન માટે એક રહેઠાણ બાંધવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ મકાનનો સાઇટ પ્લાન આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૩. સ્થપતિના મહેનતાણા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પરિપત્ર નં. એફ:૩૩-૬-૬૪ (સી.ડી.), તા. ૪-૩-૧૯૬૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિપત્રની નોંધ લેવી.

૪. ચોથી યોજનામાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર થયેલાં કામો હાથ પર લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટેની, મૅથેમેટિક્સ વિભાગનાં મકાનોનાં કામ અંગે તે મકાનના સ્થપતિ શ્રી. બાલકૃષ્ણ વી. દોશીને સભાગૃહ વખતે બોલાવવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઝૂલોજી વિભાગમાં મકાન માટે તે જ મકાનના સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલને આ કામ અંગે આગામી સભાગૃહ વખતે બોલાવવા. વિદ્યાર્થિનીઓના છાત્રાલયનો બીજો માળ બાંધવાના કામ અંગે તે જ મકાનના સ્થપતિ શ્રી. બાલકૃષ્ણ વી. દોશીને આગામી સભાગૃહ વખતે બોલાવવાનું ઠરાવવામાં આવ્યું. સમાજવિદ્યા ભવનના બીજે માળે બંને બાજુ એ ઓરડાના બાંધકામ બાબત ઠરાવવામાં આવ્યું કે આ બાંધકામને ક્રમાનુસાર બીજું (Second priority) ગણવું, અને તે બાંધકામનું કામ સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાને સોંપવું.

નીચે જણાવેલ મકાનો બાબત ઠરાવવામાં આવ્યું છે કે આ મકાનોના સ્કેચ પ્લાન યુનિવર્સિટીની પેનલના સર્વે સ્થપતિ, પાસેથી કોઈ પણ જાતનું મહેનતાણું આપ્યા વગર (without objection) મેળવીને, સભાગૃહ સમક્ષ રજૂ કરવા :

			મકાનની કિંમત	
ગાંધી ભવન	...	રૂ.	૧,૦૦,૦૦૦	
મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન તથા શિક્ષણશાસ્ત્ર ભવનનું મકાન	...	રૂ.	૪,૫૦,૦૦૦	
વિદ્યાર્થિનીઓના છાત્રાલયનું મકાન	...	રૂ.	૫,૦૦,૦૦૦	
સ્ટાફ ક્વાર્ટર્સ	...	રૂ.	૬,૦૦,૦૦૦	
રીડરનાં મકાનો...૧૦ ક્વાર્ટર્સ	...	રૂ.	૨૫,૦૦૦ (એકના)	કુલ રૂ. ૬,૦૦,૦૦૦
લેક્ચરરનાં મકાનો...૨૦	...	રૂ.	૧૭,૫૦૦ (એકના)	

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પેનલના બધા સ્થપતિઓને આગામી સભાગૃહના સમયે કાર્યાલયમાં બોલાવવા.

મકાનોના બાંધકામ બાબત ઠરાવવામાં આવ્યું કે કૉન્ટ્રેક્ટ માટેનું ડ્રાફ્ટ ટેન્ડર સમગ્ર વિગતો જોઈ તપાસીને તૈયાર કરવું અને સભાગૃહ સમક્ષ રજૂ કરવું.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે ડિસ્ટિલ્ડ વૉટર રૂમ તથા પેટ્રોલ રૂમ અને બોટેની ડિપાર્ટ માટે ટૂલ રૂમના સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ બનાવેલ ડિટેઇલ્ડ પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે ડિસ્ટિલ્ડ વૉટર રૂમ તથા પેટ્રોલ રૂમ અને બોટેની ડિપાર્ટમેન્ટ માટે ટૂલ રૂમના સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ બનાવેલા ડિટેઇલ્ડ પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. લાઇબ્રેરીના મકાનના કૉન્ટ્રાક્ટર મે. વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિ. કં.ના બિલમાંથી સીડીની રેલિંગ માટે તથા એલ્યુમિનિયમના ફિટિંગો માટેની વધારાની રકમ કાપવામાં આવી છે તેની સામે સદરહુ કૉન્ટ્રાક્ટરના તા. ૧૪-૩-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સીડીની રેલિંગમાં ફેરફાર કયા સંજોગોમાં શા માટે થયો તથા તેની કિંમતના ઘટાડા અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશીને પૂછવું તથા આગામી સભાગૃહમાં આ અંગે સ્થપતિ સાથે ચર્ચા કરીને યોગ્ય નિર્ણય કરવો.

૭. કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીના બંગલા, અધ્યક્ષશ્રીના બંગલા, અતિથિગૃહ, વિદ્યાર્થીઓનાં છાત્રાલય તથા સ્ટાફ ક્વાર્ટર્સ માટે ડ્રેનેજ લાઇનના કામમાં નીચેનાં કારણોને લીધે રૂા. ૨,૫૦૦ના વધારાના ખર્ચ અંગે વિચારણા કરવા બાબત :

(૧) મ્યુનિસિપલ કૉર્પોરેશનની તેમ જ આપણી બધી જ લાઇનોની શક્ય એટલી વધુમાં વધુ ઊંડાઈ લેવા છતાં મહિલા છાત્રાલયના રસોડાની લાઇન ઊંડી હોવાને કારણે જોડાણ મળતું નથી. આને માટે રસોડાની લાઇનો નવેસરથી નાખવી તથા જૂની લાઇનો કાઢવાનો ખર્ચ, ખોદાણ, મેનહૉલ ઊંચા કરવાનો ખર્ચ, ગલી ટ્રેપો ઊંચા કરવાનો ખર્ચ, વગેરે ખર્ચ થશે.

(૨) 'બી' ટાઇપ ક્વાર્ટર્સમાં મૂળ લાઇનમાં વધારાનું મેનહૉલ લાઇન ભરાઈ જવાને કારણે કરવું પડે છે.

(૩) અધ્યક્ષશ્રીના બંગલાના ખાળકૂવાની આજુબાજુ જમીન આસપાસ પાણી પ્રસરી ગયું હોવાથી તેમ જ છેલ્લું મેનહૉલ બંગલાથી ઘણે જ દૂર હોવાથી લાંબી લાઇન નાંખતા બે મેનહૉલ બહાર કરવાની જરૂર રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીના બંગલા માટે, અધ્યક્ષશ્રીના ત્રણ બંગલા માટે, અતિથિગૃહ, વિદ્યાર્થી છાત્રાલય, ટીચર્સ હૉસ્ટેલ તથા સ્ટાફ ક્વાર્ટર્સ 'બી', 'સી' અને 'ડી' ટાઇપ માટે ડ્રેનેજ લાઇનના કામમાં રૂા. ૨,૫૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૮. મે. મિસ્ત્રી ઍસોસિયેટ્સ આર્કિટેક્ટ ઍન્ડ એન્જિનિયર્સ તરફથી તેઓને સ્થપતિની પેનલમાં સમાવેશ કરવા અંગેના તેઓના તા. ૧૨-૨-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. મિસ્ત્રી ઍસોસિયેટ્સ આર્કિટેક્ટ ઍન્ડ એન્જિનિયર્સને યુનિવર્સિટીની સ્થપતિની પેનલમાં સમાવેશ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ય"
કામકાજ ક્રમાંક ૧૩૨

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૮-૪-૧૯૬૮ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૩.	શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૪.	પ્રા. એમ. પી. પંડ્યા	ગેરહાજર

૧. આ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૭ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાળક્રીડાંગણ અંગેનાં સાધનો ખરીદવાના ખર્ચ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેનાં સાધનો અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશન પાસેથી તેની સામે જણાવેલ કિંમતે બાળક્રીડાંગણ માટે ખરીદવાં :

	સાધનનું નામ	નંગ	રકમ
૧.	સ્લાઇડિંગ સ્યુટ—સિનિયર સાઇઝ	૧	૪૫૦-૦૦
૨.	સ્લાઇડિંગ સ્યુટ—જૂનિયર સાઇઝ	૧	૩૬૦-૦૦
૩.	ક્લાઇમ્બિંગ સાઇડ	૧	૨૮૨-૦૦
૪.	ઓસનવેલ	૧	૮૨૨-૦૦
૫.	ફોર-સીટેડ સ્વિંગ	૧	૮૫૪-૪૦
૬.	પેરેલલ બાર (પેર)	૧	૧૫૬-૦૦
			૨,૯૨૪-૪૦
	સુપરવિઝન ચાર્જ ૨૦ ટકા		૫૮૪-૮૮
			૩,૫૦૯-૨૮
	જનરલ ટેક્ષ તથા સેલ્સ ટેક્ષ		૩૫૦-૯૨
		રૂા.	૩,૮૬૦-૨૦ પૈસા

૩. આથી સિન્ડિકેટને લક્ષમાણુ કરવામાં આવે છે કે યુનિ. કૅન્ટીન એક વર્ષ માટે ચલાવવા માટે શ્રી. ટી. એસ. મૂર્તિને આ સાથેના પત્રક પરિશિષ્ટ "ગ"માં જણાવેલ ભાવે કામ આપવું. જો તેઓ તે ભાવે ચલાવવા તૈયાર ન હોય તો બ્લ્યૂરૂમ રેસ્ટોરન્ટને તેઓએ આપેલા ભાવ અને શ્રી. ટી. એસ. મૂર્તિ માટે નક્કી કરેલા ભાવ એમાંથી જે ઓછા હોય તે ભાવે આપવું. ઉપરાંત કૅન્ટીન ચલાવવા માટે નીચેની વધુ શરતો રાખવી :

(૧) કૅન્ટીનની લાદી દિવસમાં બે વખત સોડાથી ધોવાની રાખવી.

(૨) વધારાનો કચરો નાખવા માટે અલગ વ્યવસ્થા કરવી.

(૩) ખાવાની કોઈ પણ ચીજવસ્તુઓ ખુલ્લી રાખવી નહિ.

(૪) ફરિયાદો માટે એક ફરિયાદપુસ્તક રાખવી.

(૫) યુનિવર્સિટીના અધિકારીઓ, સિન્ડિકેટના સભ્યો તથા ડીનને કોઈ પણ સમયે કૅન્ટીન તપાસવા માટે ખુલ્લી રાખવી.

૪. કુલપતિશ્રીનાં નીચેના કાર્યોની નોંધ લેવા બાબત :

૧. લોકમત પ્રિ. પ્રેસ, નડિયાદમાં પ્રશ્નપત્ર છાપવા માટે દરેક વધારાના કેન્દ્ર દીઠ પાંચ ટકા અને વધુમાં વધુ ૨૫ ટકા આપવાનું ઠરાવ્યું હતું તેને બદલે દરેક કેન્દ્ર દીઠ પાંચ ટકા આપવાનું મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

૨. નવસારી કેન્દ્ર ઉપર પ્રશ્નપત્ર સાઇક્લોસ્ટાઈલ કરવાનું નક્કી કરેલ, પરંતુ પત્રવ્યવહાર કરતાં કુલપતિશ્રીએ શ્રી મણિ મુદ્રણાલય. નવસારીને, નવસારી તેમ જ બીલીમોરા કેન્દ્રનાં પ્રશ્નપત્ર તેઓના તા. ૫-૨-૧૯૬૮ના પત્ર પ્રમાણે મંજૂર કર્યા તેની નોંધ લેવા બાબત.

૩. માંડવી કેન્દ્ર ઉપર ભૂજથી પ્રશ્નપત્રો મોકલવાનાં હતાં તેને બદલે શ્રી લક્ષ્મી પ્રિન્ટરી, માંડવી પાસે નીચેના ભાવે પ્રશ્નપત્રો છાપવા નક્કી કર્યું તેની નોંધ લેવા બાબત.

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંનો ભાવ	ત્રણ પાનાંનો ભાવ
૧૦૦	રૂા. ૨૦-૨૫	રૂા. ૩૬-૫૦	રૂા. ૫૩-૭૫

૪. શ્રી કુષ્ણ પ્રિન્ટરી, રાજપીપળાને તેમના તા. ૫-૨-૧૯૬૮ના પત્ર મુજબ પ્રશ્નપત્ર છાપવા અંગે મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૫. શ્રી આશા પ્રિન્ટરી, ભરૂચને ભરૂચ કેન્દ્રનાં પ્રશ્નપત્રો છાપવા માટે તેમના તા. ૨-૩-૧૯૬૮ના પત્ર મુજબ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૬. મિયાંગામ-કરજણ કેન્દ્ર ઉપર કોઈ પ્રેસ પ્રશ્નપત્રો છાપી શકે તેમ ન હોવાથી સાઇક્લોસ્ટાઈલ કરવા આદેશ આપ્યો તેની જાણ થવા બાબત.

૭. પાટણ, શ્રી પટેલ પ્રિન્ટિંગ પ્રેસને ગયા વર્ષના ભાવે એસ.વાય. અને ટી.વાય.બી.એ., બી.એસસી.નાં પ્રશ્નપત્રો તથા એફ.વાય.આર્ટ્સના તા. ૩૦-૩-૧૯૬૮ની પછીની પરીક્ષાનાં પ્રશ્નપત્રો છાપવા માટે મંજૂરી આપી તેની જાણ થવા બાબત.

૮. શ્રી. ફતેહ વિજય પ્રિ. પ્રેસ, ઉદયપુરને તેમના તા. ૧૭-૧-૧૯૬૮ના પત્ર મુજબના ભાવે મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૯. કચ્છમિત્ર પ્રેસ, ભૂજને ભૂજ કેન્દ્રનાં પ્રશ્નપત્રો છાપવા માટે તેમના તા. ૨૩-૧-૧૯૬૮ના પત્રમાં જણાવ્યા મુજબના ભાવ મંજૂર કર્યા તેની નોંધ લેવા બાબત.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૨૯-૩-૧૯૬૮ની સભામાં બાબત નં. ૭૫થી કુલપતિશ્રીને એક રોટાપ્રિન્ટ મશીન ખરીદવા અંગે મંજૂરી આપી હતી. કુલપતિશ્રીએ મહાવીર એન્ડ કંપનીં પ્રા. લિ. પાસેથી એક રોમેયર રોટા મશીન રૂા. ૩૭,૬૭૦-૯૭ પૈસા તથા તે અંગેની ૧૦૦૦ પ્લેટ ખરીદવાના રૂા. ૩૦૦૦ ટેક્ષ, વીમો, રવાનગી ખર્ચ જુદો ગણીને મંગાવવા મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલી ઉપરની બાબતોની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
કુલસચિવ વતી.

परिशिष्ट "८"

કેન્ટીન કોન્ટ્રાક્ટર શ્રી ટી. એસ. મૂર્તિને નીચેના ભાવે એક વર્ષ માટે કેન્ટીન ચલાવવા આપવી :

	વસ્તુનું નામ	ભાવ રૂા. પૈસા
૧.	ચા એક કપ (૭ ઔંસ)	૦૦-૨૫
૨.	કોફી એક કપ (૭ ઔંસ)	૦૦-૩૦
૩.	ચા (સર્વિસ)	૦૦-૩૫
૪.	કોફી (સર્વિસ)	૦૦-૪૦
૫.	દૂધ એક કપ (૭ ઔંસ)	૦૦-૩૦
૬.	કોકોકા એક કપ (૭ ઔંસ)	૦૦-૬૦
૭.	બોર્નવિટા એક કપ (૭ ઔંસ)	૦૦-૬૦
	ઠંડાં પીણાં	
૮.	ઓરેન્જ	૦૦-૪૦
૯.	કોકાકોલા	૦૦-૪૦
૧૦.	ફેન્ટા ઓરેન્જ	૦૦-૪૦
૧૧.	ફેન્ટા સોડા	૦૦-૨૫
૧૨.	પાર્લે સોડા	૦૦-૨૫
૧૩.	ગોલ્ડસ્પોટ	૦૦-૪૦

	વસ્તુનું નામ	ભાવ
૧૪.	વીટા-૪	૦૦-૪૦
૧૫.	લેમન	૦૦-૩૦
૧૬.	જિંજર	૦૦-૩૦
૧૭.	ફેમિના	૦૦-૪૦
૧૮.	શરબત (આખો ગ્લાસ)	૮૦-૩૦
૧૯.	શરબત (અધોં ગ્લાસ)	૦૦-૨૦
૨૦.	કોલ્ડ કોફી	૦૦-૬૦
૨૧.	મીઠી લસ્સી (આખો ગ્લાસ)	૦૦-૫૦
૨૨.	મીઠી લસ્સી (અડધો ગ્લાસ)	૦૦-૩૦
૨૩.	ખારી લસ્સી (આખો ગ્લાસ)	૦૦-૩૫
૨૪.	બિસ્કિટ મીઠાં (નંગ ૫)	૦૦-૩૦
૨૫.	બ્રેડ-બટર (બે સ્લાઈસ)	૦૦-૪૦
૨૬.	ટોસ્ટ (ચાર સ્લાઈસ)	૦૦-૫૦
૨૭.	વેજિટેબલ કટલેસ (નંગ બે)	૦૦-૫૦
૨૮.	વેજિટેબલ પેટીસ (નંગ બે)	૦૦-૪૦
૨૯.	સમોસા (મોટી સાઇઝ-નંગ બે)	૦૦-૪૦
૩૦.	સમોસા (નાની સાઇઝ-નંગ ચાર)	૦૦-૪૦
૩૧.	સેન્ડવીચીઝ (નંગ બાર)	૧-૫૦
૩૨.	કચોરી (નંગ બે)	૦૦-૪૦
૩૩.	સેવઉસળ તમામ (મસાલા સાથે)	૦૦-૩૦
૩૪.	ઈડલી (નંગ બે)	૦૦-૫૦
૩૫.	મદ્રાસી ઢોંસા (સાદા)	૦૦-૪૫
૩૬.	મદ્રાસી ઢોંસા (મસાલા)	૦૦-૬૦
૩૭.	ભજિયાં (પચાસ ગ્રામ મિક્ષ)	૦૦-૫૦
૩૮.	ચેવડો (પચાસ ગ્રામ)	૦૦-૩૦
૩૯.	સેવ-ગાંઠિયા (પચાસ ગ્રામ)	૦૦-૩૦
૪૦.	વેફર્સ (પચાસ ગ્રામ)	૦૦-૪૦
૪૧.	પાપડી (પંચોતેર ગ્રામ)	૦૦-૩૦
૪૨.	ફૂલવડી (પચાસ ગ્રામ)	૦૦-૩૦
૪૩.	ફાફડા (પચાસ ગ્રામ)	૦૦-૩૦
૪૪.	બટાટાવડા (પચાસ ગ્રામ)	૦૦-૩૦
૪૫.	પોટેટો-ચીપ્સ (પચાસ ગ્રામ)	૦૦-૫૦
૪૬.	બટાટા-પૌંઆ (પચાસ ગ્રામ)	૦૦-૪૦
૪૭.	સૂકી ભાજી (પચાસ ગ્રામ)	૦૦-૩૦
૪૮.	દહીંવડાં (નંગ ૨)	૦૦-૪૦

	વસ્તુનું નામ	ભાવ
૪૯.	ઊંધિયું	૦૦-૪૦
૫૦.	પૂરી-શાક (૧૨૫ ગ્રામ, નંગ ૮— પૂરી, શાક તથા કાંદાની કચુંબર સાથે)	૦૦-૫૦
૫૧.	ઉપમા	૦૦-૪૦
૫૨.	ખારી બિસ્કિટ (નંગ બે)	૦૦-૨૦
૫૩.	ક્રીમરોલ	૦૦-૨૦
૫૪.	બિસ્કિટ, ખારા (નંગ ૭)	૦૦-૩૫
૫૫.	ભેળ	૦૦-૩૦
૫૬.	વેજિટેબલ આમલેટ	૦૦-૫૦
૫૭.	ઉત્તપમ	૦૦-૫૦
૫૮.	કાંદાવડાં	૦૦-૪૦
૫૯.	કાજુવડાં	૦૦-૪૦

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G,U,P, 123-350-6-68

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની મે માસની સભા શુક્રવાર, તા. ૧૭–૫–૧૯૬૮ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭–૫–૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	હાજર
૧૫.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર
૧૬.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

કાર્યવાહી પર જણાવવામાં આવેલું સભાગૃહનું કામકાજ શરૂ થયું તે પહેલાં ડૉ. ય. ગુ. નાયકે સૌ સભ્યોની વતી કુલપતિશ્રી પ્રો. ઉમાશંકર જોશીને તેમના કાવ્યસંગ્રહ 'નિશીથ' માટે ભારતીય જ્ઞાનપીઠનું દેશનું સર્વોત્તમ સાહિત્યિક પારિતોષિક અર્પણ થયું તે માટે પ્રો. ઉમાશંકર જોશીને હાર્દિક અભિનંદન આપ્યાં અને પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી. પ્રો. ઉમાશંકર જોશીએ તે બદલ સૌ સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

તે પછી સભાગૃહનું કામકાજ શરૂ થયું.

૧. તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર વેલ્ફેરના રીડર તરીકે ડૉ. પરેશ એમ. મજમુદારની નિમણૂક અંગે શ્રી. શ્યામકુમાર જીવણદાસે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજી (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૯૨/૧૯૬૮)ની બાબતમાં હાઈકોર્ટના તા. ૧/૨-૫-૧૯૬૮ના ચુકાદા અન્વયે આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવી જોઈએ એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે, તેમ છતાં તે અંગે જે તે અંતિમ નિર્ણય લેવા માટે તથા તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી; અને

(૨) સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં શ્રી. રમણભાઈ ગણપતરામ ભટ્ટની રીડર-ઈન-એન્જ્યુકેશનની જગ્યા પર કરવામાં આવેલી નિમણૂકના પ્રશ્ન પર પણ ચર્ચાવિચારણા કરવામાં આવી અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટનો નવો હુકમ થતાં સુધી શ્રી. રમણભાઈ ગણપતરામ ભટ્ટની સદરહુ નિમણૂકનો અમલ મોકૂફ (abeyanceમાં) રાખવો.

(ઉપરના બેઉ ઠરાવો સિન્ડિકેટે વધુમતીથી પસાર કર્યા હતા.)

૩. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ સર્વશ્રી વિનોદ અધ્વર્યુ, રમેશભાઈ મ. ભટ્ટ, કે. કા. શાસ્ત્રી, સી. આર. નાયક, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુકલના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૪ (પાનાં ૭ થી ૯)માં દર્શાવેલ માહિતી ઉપરથી સૂચવાય છે કે પ્રતિવર્ષ કૉલેજો તેમ જ અધ્યાપકોની સંખ્યા વધતી જાય છે. આ સાથે અધ્યાપકો તેમ જ વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના અર્થઘટન, અમલ અને પાલન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થવાના પ્રસંગો પણ વધવાનો સંભવ છે. તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ, યુનિવર્સિટીને ગુજરાત યુનિ. ઍક્ટના સેક્શન ૨૦ (૧૫), ૨૦ (૧૬) અને ૨૦ (૧૭) અન્વયે

મળેલી સત્તા અનુસાર કૉર્ડ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવાની, સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ખૂબ આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩-પાન ૭ પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષ કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને, સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સધનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સધ્ધરતા અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી, આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપતી વખતે વધુ કડક વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા, લાગતાંવળગતાં મંડળોને, ઉચ્ચ શિક્ષણનું ચોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી, આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ સર્વશ્રી સી. આર. નાયક, વિનોદ અધ્વર્યુ, કે. કા. શાસ્ત્રી, રમેશભાઈ મ. ભટ્ટ, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુકલના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માની પાન ૪૮થી ૫૧ પરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા, વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૧૪માંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓને ઑલ-ઇન્ડિયા રેડિયોના

યુનિવર્સિટી બ્રોડકાસ્ટ જેવા મહત્ત્વના અને ઉપયોગી કાર્યક્રમો સાથે સીધો સંબંધ નથી, જ્યારે પ્રકરણ ૬ (ગુ. યુનિ. વાર્ષિક અહેવાલ —૧૯૬૬-૬૭)માંના પાન ૪૧ ઉપરથી જણાય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં સારી એવી સંખ્યામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તથા ઉત્તરોત્તર આ સંખ્યા વધતી જાય છે. તો આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં શીખવતા ઉત્તમ અધ્યાપકો તેમ જ અન્ય વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ આપી શકાય તે હેતુથી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ તેમ જ ઑલ-ઇન્ડિયા રેડિયોના સંપર્ક અને સહકાર દ્વારા રેડિયો જેવા વ્યાપક માધ્યમનો શિક્ષણના માધ્યમ તરીકે વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની યોજના કરવા માટે ત્વરિત પ્રવૃત્તિ આદરવાની લાગતાંવળગતાં મંડળોને, સેનેટની આ સભા ભારપૂર્વક ભલામણ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ અંગે આગળ વધતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોની અને તદનુસાર અધ્યાપકોની વધતી જતી સંખ્યા જોતાં, અધ્યાપકોના પરસ્પર સંપર્ક, વિચારવિનિમય તેમ જ અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિકાસની દૃષ્ટિએ વિવિધ વિષયોને અનુલક્ષીને વારંવાર સેમિનાર, શિબિરો, પરિષદો વગેરે યોજાય એ આવશ્યક છે એ દૃષ્ટિએ સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને આ બાબતમાં વિશેષ પ્રવૃત્તિ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે તથા તેવી પ્રવૃત્તિઓ શક્ય બનાવવા માટે, અંદાજપત્રના પાન નં. ૯ ઉપર વર્ષ ૧૯૬૮-૬૯ માટે સૂચવાયેલી પરિસંવાદ વગેરે માટેની જોગવાઈની રૂા. ૧૬,૦૦૦ની રકમને રૂા. ૨૦,૦૦૦ સુધી વધારવાની, અને તે પૂરી ઉપયોગમાં લેવાય તેવા પ્રવૃત્તિ કરવાની વિનંતી કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની તા. ૧૦/૧૧-૨-૧૯૬૮ના રોજ મળેલ વાર્ષિક સભાના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that as an instrument of national integration Universities must function as far as possible on an All-India basis and as autonomous bodies. A fundamental basis of this autonomy is that a University must be the effective authority to decide admission to the same free from any interference directly or indirectly from any outside body or authority.

Wherever in the working of Government or quasi-Government institutions of higher education any provisions which conflict with the basic principle of admissions primarily on the basis of merit

open to students from all over the country, the matter should be taken up by the University or Universities concerned in an appropriate manner to get such provisions removed."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ક-ડેન્ટ્સ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં ઇન્ટર્નલ એસેસ્મેન્ટ પહેલી પરીક્ષા માટે એક સત્રના અંતે, બીજી પરીક્ષા માટે એક સત્રના અંતે તથા ત્રીજી પરીક્ષા માટે બે સત્રના અંતે કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૦. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૫૬ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને સુધારેલ ઑર્ડિ. ૨૫૬ને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલ ઑર્ડિ. ૨૫૬ની નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૧. તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર, એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષા માટે મિલિટરી હૉસ્પિટલોમાં કરેલું કામ માન્ય રાખવા અંગેના ઑર્ડિ. ૨૮૨ (૪) તથા ઑર્ડિ. ૨૯૫ (૪)માં નીચેની હૉસ્પિટલોનાં નામ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(1) I. N. H. Ashvaini Hospital, Bombay
(2) Air Force Hospital, Secunderabad
(3) Military Hospital, Bangalore
(4) Military Hospital, Calcutta
(5) Military Hospital, Namkum (Ranchi).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૨૮૨(૪) તથા ઑર્ડિ. ૨૯૫(૪)માં ઉપર જણાવેલ હૉસ્પિટલોનાં નામ ઉમેરવાં.

૧૨. "નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીઝ ઑફ ઇન્ડિયા"ના ઉપક્રમે ઑક્ટોબર ૧૮ થી ૨૦, ૧૯૬૮ દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે "હિસ્ટરી ઑફ સાયન્સીઝ ઑફ ઇન્ડિયા" પર યોજાનાર પરિસંવાદમાં પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના માનદ મંત્રીશ્રીના તા. ૧૯-૪-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૩. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખાએ નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી તેમાં કેટલાક સુધારા-વધારા કરી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોનું મહેનતાણું, નર્સ-નોકરોની સંખ્યા વગેરેની વિગતો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સ્વીકારવા ભલામણ કરવી "

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૪. ઇન્ડિયન સોશિયોલોજિકલ સોસાયટીના ઉપક્રમે તા. ૧ થી ૩ સપ્ટેંબર, ૧૯૬૮ના સમય દરમિયાન આગ્રા મુકામે "ઓલ-ઇન્ડિયા સોશિયોલોજિકલ કોન્ફરન્સ "નું ૮મું અધિવેશન યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના પ્રમુખશ્રીના તા. ૨૫-૩-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૫. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી સઇજ (તા. કલોલ) ગામે તા. ૧૯-૪-૧૯૬૮થી તા. ૯-૫-૧૯૬૮ સુધી "શ્રમ અને સેવા શિબિર" યોજાયો હતો. આ શિબિર માટે આર્થિક સહાય મેળવવા અંગે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૬. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓની સભામાં હાજર રહેવા માટે મુસાફરીભથ્થાં વગેરેના હાલના નિયમો જોઈ-તપાસી સૂચનો કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૦-૯-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૭. સી. એસ. આઈ. આર., ન્યૂ દિલ્હી તરફથી તા. ૧૯-૪-૧૯૬૮ના પત્રાંક ૧૦(૧૧)/૬૫ GAU-II થી ડૉ. એમ. એન. દેસાઈની "Studies on corrosion copper and its alloys" યોજના માટે સને ૧૯૬૮-૬૯ના વર્ષની કુલ રૂા. ૭,૮૬૩ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબતની નોંધ લેવી.

૧૮. ગુજરાત યુનિવર્સિટીમાં પત્રવ્યવહાર દ્વારા ચાલતા અભ્યાસક્રમો (Correspondence Courses) દાખલ કરવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સૂચન ઉપર વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨-૧૨-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૪-૪-૧૯૬૮ના રોજ મળેલી સભાએ કરેલા રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૯. તા. ૫-૪-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૪-૧૯૬૮ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫-૪-૧૯૬૮ની કાર્યવાહીની નોંધ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૨૦. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને સન ૧૯૬૮ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગે સદરહુ ક્લબના સામાન્ય મંત્રીના તા. ૧૬-૪-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ક્રમાંક ૨૨થી સદરહુ ક્લબને સન ૧૯૬૭ના વર્ષ માટે રૂા. ૧,૫૦૦ તથા તા. ૬/૧૦-૩-૧૯૬૮ની સભામાં વધારાના રૂા. ૫૦૦ આપવાનું ઠરાવેલું હતું. આથી ૧૯૬૭ના વર્ષ માટે ક્લબને કુલ રૂા. ૨,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવી હતી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૧. પ્રાધ્યાપકો, પરીક્ષકો, સુપરવાઇઝરો તથા કૉલેજ સ્ટાફને મળતા પરીક્ષાનાં મહેનતાણાંના દરોની ફેરવિચારણા કરવા માટે રો. વાય. જી. નાયકે તેમના તા. ૧૫-૪-૧૯૬૮ના પત્રમાં કરેલ નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત:

"આપણી યુનિવર્સિટીની પરીક્ષાનાં તેમ જ બીજાં મહેનતાણાંના દરો પ્રમાણમાં ઘણા ઓછા છે અને તે અંગે કૉલેજોના કર્મચારીઓ અને પરીક્ષકો, સુપરવાઇઝરો વગેરેમાં ઘણો અસંતોષ પ્રવર્તે છે. આ પ્રશ્નની સમગ્ર ફેરવિચારણા કરી આ અંગે જે વાજબી સુધારા કરવા યોગ્ય લાગે તો તે કરવા. આ માટે આવતી સિન્ડિકેટની તા. ૨૦-૪-૧૯૬૮ની સભામાં એક નાની સમિતિની નિમણૂક કરીને આ પ્રશ્નને તાત્કાલિક હાથ ઉપર લેવા આ બાબત સિન્ડિકેટના એજન્ડા ઉપર મૂકવા ભલામણ છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૨. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના અંદાજપત્રમાં તે ભવન માટે ફર્નિચર ખાતે રૂા. ૪,૮૦૦(અંકે રૂપિયા ચાર હજાર)ની વધુ જોગવાઈ કરવા બાબત.

(નોંધ.—સને ૧૯૬૮-૬૯ના બજેટમાં હાલ રૂા. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર)ની જોગવાઈ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. પી. એન. મકવાણાનો અજમાયશી સમય તા. ૧૦-૬-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૧-૬-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. પી. એન. મકવાણાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તે જગ્યા પર તા. ૧૧-૭-૧૯૬૮થી કાયમ કરવા.

૨૪. સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. ડી. વાઘેલાનો અજમાયશી સમય તા. ૨૧-૭-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૨-૭-૧૯૬૮ના રોજ કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. કે. ડી. વાઘેલાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તે જગ્યા પર તા. ૨૨-૭-૧૯૬૮થી કાયમ કરવા.

૨૫. મનોવિજ્ઞાન ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. ટી. એ. વારિયડનો અજમાયશી સમય તા. ૨૧-૭-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૨-૭-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

મનોવિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેનોગ્રાફર શ્રી. ટી. એ. વારિયડની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તે જગ્યા પર તા. ૨૨-૭-૧૯૬૮થી કાયમ કરવા.

૨૬. સમાજવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતાં ડૉ. તારાબહેન પટેલને સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં તા. ૨૯-૬-૧૯૬૮થી તા. ૨૮-૯-૧૯૬૮ની વધુ ત્રણ માસની અભ્યાસ-રજા લંબાવવાનું મંજૂર કર્યું છે, અને વધુમાં ઠરાવ્યું છે કે આ વધારાની મુદતના ત્રણ માસ દરમિયાન તેમના વેતનનો પ્રશ્ન સિન્ડિકેટની હવે પછીની સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું, તો તે સમય દરમિયાન તેમના વેતન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રણ માસ દરમિયાન ડૉ. તારાબહેન પટેલને માસિક રૂા. ૨૫૦નું માનદ વેતન આપવું.

૨૭. મનોવિજ્ઞાન ભવનના પ્રાધ્યાપક ડૉ. પી. એચ. પ્રભુ તા. ૬-૯-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-અ પ્રમાણે તેમને ગ્રેચ્યુઇટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ડૉ. પ્રભુ ભવનમાં તા. ૮-૧૨-૧૯૫૮થી જોડાયા હતા અને તા. ૬-૯-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. એચ. પ્રભુને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૨૮. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કુ. લવંગિકા આર. જોશીપુરા તા ૨-૫-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોઈ તેમના ખાતે નીકળતી

પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેની તેમની તા. ૮-૪-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુ. લવંગિકા આર. જોશીપુરા તા. ૨૯-૬-૧૯૬૭થી કાર્યાલયમાં જોડાયાં હતાં અને તા. ૨-૫-૧૯૬૮થી રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. લવંગિકા આર. જોશીપુરાને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત આપવી.

૨૯. ગણિતશાસ્ત્ર વિભાગના પટાવાળા શ્રી. બી. જે. પરમારે ગણિતશાસ્ત્રની વર્કશોપમાં મે ૧૯૬૮માં દસ દિવસ માટે સવારના ૮-૩૦થી ૧૨-૩૦ સુધી કામ કર્યું તે બદલ ગણિત-શાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. પી. સી. વૈદ્યની ભલામણ ઉપરથી શ્રી. પરમારને રૂા. ૧૦(અંકે રૂપિયા દસ પૂરા)નું વધુ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૦. ટીચર્સ હૉસ્ટેલમાં રિસર્ચ ફેલોને ક્વાર્ટર્સ આપવાની બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૭-૨-૧૯૬૮ના પત્ર નં. એફ-૪૧-૨૯-૬૪-સી.યુ. પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૧. ભારતીય યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણ—રમતગમત સહિત—અંગેનો અભ્યાસ કરી તેના વિકાસ માટે જરૂરી અહેવાલ રજૂ કરવા માટે યુ.જી.સી.એ ડૉ. સી. ડી. દેશમુખના અધ્યક્ષપણા નીચે નિયુક્ત કરેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તેનાં તમામ પાસાં પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. વાય. જી. નાયક
૨. પ્રિ. એમ. સી. દેસાઈ
૩. પ્રો. કે. જે. ભટ્ટ
૪. પ્રિ. એસ. આર. ભટ્ટ
૫. પ્રિ. હરિહર શુકલ.

૩૨. બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે જણાવ્યા મુજબ લેબોરેટરી સ્ટાફની નિમણૂક કરવાનું ધોરણ માન્ય રાખવા વિચારણા કરવા બાબત:

B.Lib. Science Examination (Practical)

Days of Preparation	*Days for Clean up*	*Examination Days*
1	1	2 (2 session per day)
1 Expert Asst.	1 Expert Asst.	1 Expert Asst.
2 Hamals	1 Hamal	1 Hamal.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂક અંગે ઉપરનું ધોરણ માન્ય રાખવું.

૩૩. **શ્રી. એમ. બી. કણિંકના "Educational Development in the State of Gujarat during the period 1951-61 in the light of the economic growth of the State" એ શીર્ષક નીચેના શિક્ષણશાસ્ત્ર વિષય પરના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર આવેલા ત્રણ રેફરીઓના અહેવાલો પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ.—ઑર્ડિ ૩૨૧ મુજબ સિન્ડિકેટ ચોથા રેફરીની નિમણૂક કરી શકે. તા. ૫/૬-૮-૧૯૬૭ની સિન્ડિકેટે વધારાના રેફરી તરીકે શ્રી. મધુરીબહેનની નિમણૂક કરેલી છે.**)**

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૪. **ગુજરાત સરકારે તેના ઠરાવ નં. સી.પા.એ. ૧૦૬૩-૩૬૭૭-જે. એસ. પી. એલ., તા. ૨-૧૧-૧૯૬૩ના ઠરાવથી રૂા. ૨૫૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પગારના ૬ ટકા પ્રમાણે લોકલ કોમ્પેન્સેટરી એલાવન્સ (વધુમાં વધુ રૂા. ૫૦) અને રૂા. ૧,૦૦૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને કોઈ ભથ્થું નહીં તેમ ઠરાવ્યું હતું. જે પાછળથી સરકારે તેના ઠરાવ નં. સી.પી.એ. ૧૦૬૩-[illegible]-સી.એમ.પી., તા. ૨૦-૨-૧૯૬૪થી રૂા. ૨૫૦ અને તે ઉપરના પગાર મેળવતા બધા જ કર્મચારીઓને ૬ ટકા અને વધુમાં વધુ રૂા. ૫૦ આપવાનું તા. ૧-૧-૧૯૬૪થી ઠરાવ્યું હોવાથી તે પ્રમાણે આ ભથ્થું આપવા બાબત.**

(નોંધ.—યુનિવર્સિટીના કર્મચારીઓને પહેલેથી આ ભથ્થું રાજ્ય સરકારના નિયમો પ્રમાણે અપાય છે, પરંતુ પાછળથી થયેલા ઠરાવની જાણ આ કાર્યાલયને ન હોવાથી રૂા. ૬૫૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને હવે આ ભથ્થાની રકમ આપવાની થશે.**)**

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૫. **ઓસ.એસ.સી. પરીક્ષામાં (અંગ્રેજી સાથે) પાસ ન થયા હોવા છતાં ૧૯૬૬-૬૭ના વર્ષમાં અને ૧૯૬૭-૬૮ના વર્ષમાં કેટલાક વિદ્યાર્થીઓએ ખોટી રીતે કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો તેની ફરિયાદના સંદર્ભમાં કાર્યાલયે કરેલી ચકાસણીના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ અહેવાલની નોંધ લેવી.

(૨) નીચે જણાવેલા વિદ્યાર્થીઓના કેસો પણ સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવા :

૧. શ્રી. બરાડ ભગવાનભાઈ અગુભાઈ
૨. શ્રી. પટેલ કાન્તિભાઈ સોમાભાઈ
૩. શ્રી. વ્યાસ કિરીટકુમાર કાન્તિલાલ
૪. શ્રી. ડોડિયા અરજનસિંહ ડી.

૫. શ્રી. પટેલ હસમુખભાઈ ગણપતભાઈ
૬. કુ. મોદી ઉષા કાળિદાસ
૭. શ્રી. દલાલ યોગેશ કાન્તિલાલ
૮. શ્રી. સગર મહોબતસિંહ મનુભાઈ

(**નોંધ.**—નીચેના ત્રણ વિદ્યાર્થીઓના કેસો સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલેલા છે :

૧. શ્રી. દિલીપકુમાર મણિલાલ શાહ
૨. શ્રી. જિતેન્દ્ર ઝવેરચંદ શાહ
૩. કુ. ઊર્મિલાકુમારી રામઅવતારસિંહ.)

૩૬. અનુસ્નાતક અભ્યાસના વિકાસ માટે અનુસ્નાતક કેન્દ્રની બચત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટની સામે મેચિંગ શેર તરીકે ઉપયોગમાં લેવા અંગે શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨-૫-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતને તેના રસાયણવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્ર ખાતે થયેલી બચતમાંથી રૂા. ૧૨,૮૮૨-૪૪ની રકમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટની સામે મેચિંગ શેર તરીકે ઉપયોગમાં લેવા માટે તેમની વિનંતી મુજબ પરવાનગી આપવી.

૩૭. સિન્ડિકેટે તેની તા. ૬-૪-૧૯૬૨ની સભામાં બાબત નં. ૪૧થી પ્રોફેસર-ઑફ સોશિયોલોજીની જગ્યા રીડર-ઇન-સોશિયોલોજીમાં ફેરવવાનું ઠરાવ્યું હતું, તો ચોથી પંચવર્ષીય યોજનામાં મંજૂર થયેલી જગ્યાને અનુલક્ષીને તે રીડરની જગ્યાને પ્રોફેસરની જગ્યામાં ફેરવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૬-૪-૧૯૬૨ની સભામાં બાબત નં. ૪૧થી પ્રોફેસર ઑફ સોશિયોલોજીની જગ્યાને રીડર-ઇન-સોશિયોલોજીની જગ્યામા ફેરવવાનું ઠરાવ્યું હતું તે ઠરાવ રદ કરીને સદરહુ જગ્યાને પાછી પ્રોફેસર ઑફ સોશિયોલોજીની જગ્યામાં ફેરવવી.

૩૮. સિન્ડિકેટે તેની તા. ૧૩-૩-૧૯૬૪ની સભામાં બાબત ક્રમાંક ૮૦થી પ્રોફેસર ઑફ ઝૂલોજીની જગ્યા રીડરમાં ફેરવવાનું ઠરાવ્યું હતું, તો ચોથી પંચવર્ષીય યોજનામાં મંજૂર થયેલી જગ્યાને અનુલક્ષીને તે જગ્યાને પાછી પ્રોફેસરની જગ્યામાં ફેરવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૧૩-૩-૧૯૬૪ની સભામાં બાબત નં. ૮૦થી પ્રોફેસર ઑફ ઝૂલોજીની જગ્યાને રીડર-ઇન-ઝૂલોજીની જગ્યામાં ફેરવવાનું ઠરાવ્યું હતું તે ઠરાવ રદ કરીને સદરહુ જગ્યાને પાછી પ્રોફેસર ઑફ ઝૂલોજીની જગ્યામાં ફેરવવી.

૩૯. રીડર-ઇન-ઇકોનોમિકસની વરણીસમિતિ ઉપર સિન્ડિકેટે સર્વશ્રી એચ. સી. મલકાણી અને જગદીશ ભગવતીની નિમણૂક કરી હતી, પરંતુ સદરહુ બન્ને સભ્યોએ

વરણીસમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેઓની જગ્યાએ બીજા બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક શ્રી. એન. સી. જોશીની દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં હેડકલાર્ક તરીકે નિમણૂક થતાં તેમને આ યુનિવર્સિટીમાં તેમની જગ્યા પર બની શકે તો બે વર્ષ, નહીં તો એક વર્ષ, પદાધિકાર (lien) રાખવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન "અન-એસાઈન્ડ" ગ્રાન્ટ માટે વાર્ષિક રૂા. ૨૭,૦૦૦ની મંજૂર કરેલ ગ્રાન્ટમાંથી સને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન નીચે પ્રમાણે થયેલ ખર્ચ મુજબ હિસાબના હવાલા મંજૂર કરવા બાબત:

Scheme	*Amount*
1. Travel grant to teachers in Universities for attending international conference abroad ..	Nil
2. (*a*) Travel grant to Scholars and Teachers for visiting Centres of Research, Academic Conference, etc. ..	Rs. 3,933·10
(*b*) T.A. D.A. payable for attending Conference/Seminars arranged by other Universities and Non-University organisations ..	Rs. 6,599·59
3. Exchange of Teachers ..	Rs. 1,300·70
4. U.G.C. Unit ..	Rs. 6,000·00
5. Employment of N.I.S. Patiala Trained Coaches in Athletics ..	Rs. 2,644·53
6. Extension work by University Teachers ..	Rs. 2,488·80
7. New programme for arranging short-term training course on "Physics and Technology of Vacuum" by Shri P. D. Pathak ..	Rs. 1,814·80
Total ..	Rs. 24,781·52

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન અન-એસાઈન્ડ ગ્રાન્ટ પેટે ઉપર પ્રમાણે થયેલ ખર્ચ મુજબ હિસાબના હવાલા મંજૂર કરવા.

૪૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન "અન-એસાઈન્ડ" ગ્રાન્ટ માટે વાર્ષિક રૂા. ૨૭,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરેલ તે માટે સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટેનો અંદાજી ખર્ચ નીચે પ્રમાણે મંજૂર કરવા બાબત :

Scheme		*Amount*
1. Travel grant to teachers in Universities for attending international conference abroad	..	Nil
2. (*a*) Travel grant to Scholars and Teachers for visiting Centres of Research, Academic Conference, etc.	..	Rs. 4,000/-
(*b*) T.A., D.A. payable for attending Conference/Seminars arranged by other Universities and Non-University organisations	..	Rs. 7,000/-
3. Exchange of Teachers	..	Rs. 2,000/-
4. U.G.C. Unit	..	Rs. 6,000/-
5. Employment of N.I.S. Patiala Trained Coaches in Athletics	..	Rs. 6,000/-
6. Extension work by University Teachers	..	Rs. 2,000/-
	Total..	Rs. 27,000/-

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર કરવામાં આવેલા રૂા. ૨૭,૦૦૦ની ગ્રાન્ટનું ઉપર મુજબ અંદાજપત્ર મંજૂર કરવું અને જરૂર જણાય તો તેમાં ફેરફાર (re-appropriation) કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. "નેશનલ સાયન્સ ટેલેન્ટ સ્કીમ" હેઠળ નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ, નવી દિલ્હી દ્વારા વિજ્ઞાન વિદ્યાભવનના બેઠેની ખાતામાં "એસોસિયેટેડ નેશનલ સાયન્સ ટેલન્ટ સર્ચ સેન્ટર" સ્થાપવા માટે પ્રો. જે. જે. ચિનોયનું નામ સૂચવવામાં આવ્યું છે. તેથી તેમને તે કામ અંગે રૂા. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર)નું માનદ વેતન સ્વીકારવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજનામાં ગ્રંથાલય માટેનાં ફર્નિચર અને સાધનો (Equipment) માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂા. ૭૫,૦૦૦ અગાઉ મંજૂર કર્યા તે બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને યુનિવર્સિટીના હિસ્સો અનુક્રમે ½ : ½

રહેશે, તેમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના આવેલ તા. ૨-૫-૧૯૬૮ના પત્રાંક એફ. ૯-૧(૩૫)/૬૬(સીડી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ થર્ડ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. જોરાવરસિંહ તખતસિંહ ઝાલાને તા. ૩૧-૧૨-૧૯૬૯ સુધી (ત્રણ વર્ષ માટે) ડિબાર્ડ કરવામાં આવેલ, તે અંગે વિદ્યાર્થીએ ગુજરાત હાઇકોર્ટમાં કરેલ રિટ અરજી બાબતમાં હાઇકોર્ટે કરેલા હુકમની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૬. શ્રી. વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજના જોડાણ માટે કેવળ આચાર્ય જે. બી. સાણ્ડલના એક સભ્યની બનેલી તપાસસમિતિની નિમણૂક કર્યાના રાજ્ય સરકારના શિક્ષણ અને શ્રમ ખાતાના તા. ૧૩-૫-૧૯૬૮ના હુકમ ક્રમાંક યુ.જી.એફ. ૧૧૬૮-સી-૧૭૯૬-ખ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને સંપૂર્ણ સહકાર આપવા માટે પ્રિ. વી. આર. રણદીવે અને પ્રો. ડી. ડી. ત્રિવેદીને વિનંતી કરવી.

(૨) સદરહુ કોલેજના આચાર્યશ્રી તરફથી આવેલી ફરિયાદના તા. ૨૩-૩-૧૯૬૮ના પત્ર પરથી સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં તે અંગે તપાસ કરવા માટે જે સમિતિ નીમી હતી તે સમિતિ તરફથી તેનો અહેવાલ પ્રિ. વી. આર. રણદીવેએ તા. ૧૭-૫-૧૯૬૮ના રોજ આપ્યો તે પ્રમુખશ્રીની પરવાનગીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. શ્રી. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, થળતેજનું સ્થળાંતર તા. ૧૫મી જૂન ૧૯૬૮થી આશ્રમ રોડ, ગુજરાત વિદ્યાપીઠ નજીક કરવા માટે પરવાનગી માગતા સદરહુ કોલેજના આચાર્યના તા. ૧૫મી મે ૧૯૬૮ના પત્રાંક ૬૫૮૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિને સ્થાનિક તપાસ કરીને તેને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે જણાવવું :

૧. ડૉ. જે. જે. ત્રિવેદી
૨. આચાર્ય કે. એમ. તલાટી.

૪૮. તા. ૨૯-૪-૧૯૬૮ના રોજ મળેલી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૪૯મી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૯-૪-'૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૯-૪-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	કુ. એ. પી. આચાર્ય	વિનયન–સંસ્કૃત	પીએચ.ડી.
૨.	શ્રી. આર. એસ. પરમાર	વિજ્ઞાન–રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા તથા સદરહુ ઠરાવ અન્વયે માર્ચ–એપ્રિલ ૧૯૬૮ની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પ્રત્યેક પરીક્ષાના અને પ્રી-યુનિ. સાયન્સની પરીક્ષાના ગુણપત્રકની પાછળના ભાગમાં આપવામાં આવતા રેગ્યુલેશન નં. આર્ટ્સ–૪, ૯, ૧૪, રે. પ્રી-આર્ટ્સ–૪, રે. સાયન્સ–૫, ૧૦ અને ૧૬, રે. કૉમ.–૫, ૧૦ અને ૧૫માંથી 'class' શબ્દ રદ કર્યાના;

"વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પરીક્ષાઓના રેગ્યુલેશનો રે. આર્ટ્સ–૩, ૮ અને ૧૩, રે. પ્રી-સાયન્સ–૩, રે. સાયન્સ–૩, ૯ અને ૧૫, રે. કૉમ.–૪, ૯ અને ૧૪માં મુક્તિ રાખી બેસનાર વિદ્યાર્થીને વર્ગ મળી શકે તેવો નિર્દેશ મજકૂર રેગ્યુલેશનોમાં કરેલ છે; જ્યારે તે જ પરીક્ષાઓના રે. આર્ટ્સ–૪, ૯ અને ૧૪, રે. પ્રી-સાયન્સ–૪, રે. સાયન્સ–૫, ૧૦ અને ૧૬, રે. કૉમ.–૫, ૧૦ અને ૧૫–રેગ્યુલેશનોમાં મુક્તિ રાખી બેસનારને વર્ગ મળી શકે નહિ, એવો નિર્દેશ કરેલો છે. જેથી રે. આર્ટ્સ–૪, ૯ અને ૧૪, રે. પ્રી-સાયન્સ–૪, રે. સાયન્સ–૫, ૧૦ અને ૧૬, રે. કૉમ.–૫, ૧૦ અને ૧૫માંથી 'ક્લાસ' શબ્દ રદ કરી સદરહુ રેગ્યુલેશનોમાં સુધારા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રેગ્યુલેશનોમાંથી 'ક્લાસ' શબ્દ રદ કરીને તે સુધારવા અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા."

(૩) પ્રી-યુનિ. વિનયનના વર્ગો માટે પર્શિયન તથા અર્ધમાગધી વિષયો અંગે આ યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલ પર્શિયન અને અર્ધમાગધી વિષયોના ગદ્યપદ્યસંગ્રહો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને તેમની પ્રી-યુનિવર્સિટી વિનયનની ૧૯૬૯માં લેવાનાર પરીક્ષા માટે નિયત કરવાની બાબતમાં તે યુનિવર્સિટીને પરવાનગી આપ્યાના;

(૪) સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. સોમાલાલ કસ્તૂરદાસ શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના નામમાં આચાર્યશ્રીની વિનંતી પ્રમાણે નીચે મુજબ ફેરફાર કર્યાના :

૧. સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ સાયન્સ કૉલેજ, મોડાસા

૨. શ્રી. સોમાલાલ કસ્તૂરદાસ શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. હીરાલાલ શિવલાલ શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા;

(૫) નીચેની સંલગ્ન કૉલેજોએ સેનેટે મૂકેલી જોડાણ શરતોના પરિપાલનના હેવાલને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે જાહેરનામું બહાર પાડવા ભલામણ કર્યાના :

૧. શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ
૫. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી યુનિવર્સિટીના ઉપક્રમે ભાષા-સાહિત્ય ભવન મારફતે પ્રો. ચંદ્રશેખરનના સંચાલન હેઠળ તા. ૨૨-૪-૧૯૬૮થી તા. ૩૧-૫-૧૯૬૮ સુધી અંગ્રેજીના વિષય માટેના ગ્રીષ્મ વર્ગમાં, નીચે જણાવેલ યુનિવર્સિટી કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા તથા તે માટેનું વેતન સ્વીકારવા અંગેના પ્રો. ચંદ્રશેખરનના તા. ૧૬-૫-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	વેતનની રકમ
			રૂ.
૧.	પ્રોફેસર કે. આર. ચંદ્રશેખરન	પ્રોફેસર-ઇન-ઇંગ્લિશ	૮૦૦-૦૦
૨.	શ્રી. કે. એલ. મહેતા	જુનિ. ક્લાર્ક (ભાષા-સાહિત્ય ભવન)	૨૦૦-૦૦
૩.	શ્રી. એન. એસ. ઠાકોર	સ્ટેનોગ્રાફર (ભાષા-સાહિત્ય ભવન)	૨૦૦-૦૦
૪.	શ્રી. એમ. એસ. શાહ	જુનિ. ક્લાર્ક (ભાષા-સાહિત્ય ભવન)	૧૦૦-૦૦
૫.	શ્રી. સી. એમ. પટેલ	હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ	૫૦-૦૦
૬.	શ્રી. બી. કે. ઝાલા	જુનિયર ક્લાર્ક (હિસાબ વિભાગ)	૫૦-૦૦
૭.	શ્રી. જીવણ વાઘેલા	પ્યૂન (ભાષા-સાહિત્ય ભવન)	૫૦-૦૦
૮.	શ્રી. ચીમન પરમાર	પ્યૂન (ભાષા-સાહિત્ય ભવન)	૫૦-૦૦
૯.	શ્રી. ચંદન ચૌહાણ	પ્યૂન (ભાષા-સાહિત્ય ભવન)	૨૦-૦૦
૧૦.	શ્રી. પી. એમ. મકવાણા	સ્ટેનો. મશીન ઓપરેટર	૨૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રીષ્મ વર્ગ અંગે ઉપર જણાવેલા યુનિવર્સિટી કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૧. (૧) વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. મિશ્રને સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં અમુક શરતોએ એક વર્ષની (તા. ૨૭-૯-૧૯૬૮ સુધીની) બિનપગારની અભ્યાસ-રજા આપવાનું મંજૂર કરેલ છે. તેઓને "સ્કૂલ ઑફ થિયોરેટિકલ ફિઝિક્સ, ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ", ડબ્લિન (આયર્લૅન્ડ)માં

આસિ. પ્રોફેસરની જગ્યા પર સવેતન બે વર્ષ માટેની નિમણૂકની "ઑફર" મળી છે તે અંગે તેમના રૉ. પી. સી. વૈદ્ય ઉપરના તા. ૧૭-૪-૧૯૬૮ના પત્રને અરજી તરીકે ગણી તેમને વધુ એક વર્ષની તા. ૨૮-૯-૧૯૬૮થી તા. ૨૭-૯-૧૯૬૯ સુધીની) બિનપગારી રજા મંજૂર કરવા અંગે અધ્યક્ષશ્રીની તા. ૨૫-૪-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૨) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની એક જગા હાલ હંગામી ધોરણે મંજૂર કરવા અને તે પર નિમણૂક કરવાની અધ્યક્ષશ્રીની તા. ૨૫-૪-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ના ઠરાવથી રૉ. મિશ્રની રજાઓ તા. ૧-૧૦-૧૯૬૭થી નીચેની શરતોએ મંજૂર કરેલી છે:

૧. એક વર્ષની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તે જગ્યા પર તેમની હાલની શરતોએ કામ કરે;

૨. તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

૩. ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમણે ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરવી;

૪. ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા રૉ. એમ. મિશ્રને નીચેની શરતોએ તા. ૨૮-૯-૧૯૬૮થી તા. ૨૭-૯-૧૯૬૯ સુધી બિનપગારી રજા મંજૂર કરવી:

૧. એક વર્ષની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની શરતોએ કામ કરે;

૨. તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

૩. ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨નું પાલન તેઓ કરી શકે નહિ તો તેમણે ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરવી; અને

૪. ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે રૉ. એમ. મિશ્રની બિનપગારી રજા દરમિયાન તા. ૨૭-૯-૧૯૬૯ સુધીનાં મુદત માટે હંગામી ધોરણે ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા પૂરવાનો વિજ્ઞાન વિદ્યાભવનનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૫૨. મહારાષ્ટ્ર રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની સંયુક્ત સભાએ બિનધંધાકીય કૉલેજોમાં શૈક્ષણિક સત્રોની વ્યવસ્થા અંગે ફરેલ નીચેના ઠરાવ અને એ અંગે શિક્ષણપંચની ભલામણને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવા માટે ભારત સરકારના શિક્ષણ ખાતાના તા. ૨-૪-૧૯૬૮ના પત્રાંક એફ. ૨૧-૨-૬૮-યુ-૧ ઉપર વિચારણા કરવા બાબત :

"Resolved that on consideration of the recommendations of the subcommittee appointed under the chairmanship of Prof. Parikh in respect of a uniform calendar for universities be recommended to all universities that so far as non-professional colleges, i.e., the colleges in the Faculties of Arts, Social Sciences, Science and Commerce are concerned, the academic terms should be uniformly adopted as under :

I term : 15th June to 15th October.
Winter Vacation : 16th October to 14th November.

II term : 15th November to 15th March.
Summer Vacation : 16th March to 14th June.

Resolved further that the universities should observe in common the two national holidays on the 15th August and 26th January and in addition, a University may declare at its discretion additional holidays not exceeding five in the whole academic year.

Resolved further that the minimum of attendance of students should be 75% of the working days in each term."

[નોંધ. — આપણી યુનિવર્સિટીમાં ઑર્ડિ. ૭૫ હેઠળ બિનધંધાકીય કૉલેજોમાં સત્ર-વ્યવસ્થા નીચે પ્રમાણે છે :

પ્રથમ સત્ર : ૧૫મી જૂનથી ૧૫મી ઑક્ટોબર.

દ્વિતીય સત્ર : ૧૬મી નવેંબરથી ૧૫મી માર્ચ (તા. ૨૫ ડિસે.થી ૧ જા.યુ.ની રજાઓ સહિત).

(૨) ઑર્ડિ. ૭૮ અનુસાર ૭૫ ટકાની હાજરી આવશ્યક લેખી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૩. સંલગ્ન કૉલેજોના આચાર્યોને પોતાનું મકાન હોય તો કૉલેજ તરફથી ઘરભાડા-ભથ્થા પેટે મળનારી રકમ માટે સિન્ડિકેટની તા. ૧૭-૨-૧૯૬૮ની સભામાં થયેલ સ્પષ્ટતાને કારણે કેટલીક સંદિગ્ધતા ઊભી થવાની શક્યતા હોવાથી તે અંગે પુનર્વિચારણા કરવાના આચાર્યશ્રી એમ. સી. દેસાઈના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૪. રાષ્ટ્રીય ઐક્ય અંગે ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી યોજવામાં આવેલ યુનિવર્સિટીઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓના શિબિરમાં સહપુરસ્કર્તા તરીકે જોડાવાનું તેનું નિમંત્રણ સ્વીકારવા બાબત તથા તે અંગે આર્થિક મદદ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય ઐક્ય અંગે ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી યોજવામાં આવેલ યુનિવર્સિટીઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓના શિબિરમાં સહપુરસ્કર્તા (co-sponsor) તરીકે જોડાવા માટેનું નિમંત્રણ સ્વીકારવું અને તે અંગે ખર્ચમાં જરૂરી હિસ્સો આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. યુનિવર્સિટીની ડિપોઝિટો બેન્કોમાં મૂકવામાં આવે છે તે ઉપર બ્રોકરેજ અંગે સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં ઉલ્લેખ થયો હતો તેને અનુલક્ષીને કુલપતિશ્રીએ ખાનગી રાહે તપાસ કરીને તા ૨૯-૪-૧૯૬૮ના રોજ જે અખબારી નિવેદન બહાર પાડયું છે તે નિવેદનની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કુલપતિશ્રીએ તેમના પર આવેલા નનામા પત્રો અંગે સભાગૃહને વાત કરી. તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ અખબારી નિવેદનની નોંધ લેવી અને સદરહુ નનામા પત્રો દફતરે કરવા.

(સદરહુ નિવેદનની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૧૦૯૪૮/૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૩૧, ૧૯૬૮,
જ્યેષ્ઠ ૧૦, ૧૮૯૦ (શક).

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૦

O. 256 :

Up to 31st December 1970 holders of the L.C.P.S. or L.M.P. Diploma of the old Bombay State or holders of L.M.P. (Gujarat Diploma) will be permitted to appear for the First, Second and Third M.B.,B.S. Examinations one after another in the following manner.

A student can appear under this Ordinance at the First M.B.,B S. Examination on his producing a certificate that he has pursued at an affiliated college to the satisfaction of its Head for one term courses specially organised thereat for such students. After passing the First M.B.,B.S. Examination, a student can appear at the Second M B.,B.S. Examination after completing the prescribed course and after completing one term. After passing the First M.B.,B.S. Examination, a student would be required to spend three terms in a continuous study of clinical group of subjects and pass the Second M.B.,B.S. Examination before appearing at the Third M.B.,B.S. Examination. A student under this Ordinance can appear at the Final M.B.,B.S Examination after spending three terms in a continuous study of clinical group of subjects after passing First M.B., B.S. Examination and also must have passed Second M.B.,B.S. Examination, one term before appearing at the Final M.B.,B.S. Examination, provided always that such students must have passed the Matriculation examination or an examination recognised as equivalent thereto in the following subjects:

(1) English (Language or Literature)
(2) Mathematics (Elementary or Additional)
(3) A language other than English
(4) Any other subject (except religions' knowledge)

and must further have passed the First B.Sc. Examination with Chemistry, Physics and Biology in the written part and the practical

of this University or an equivalent examination of another recognised University in the subjects of Physics, Chemistry and Biology. The subject of Chemistry should include Organic Chemistry, both theoretical and practical, as a part of the syllabus for the said examination, provided, however, that in the case of those who have held Commissions as Medical Officers in Armed Forces and apply for admissions at the M.B.,B.S. Courses within three years after demobilization, the requirement regarding the preliminary qualifications be waived if the Preliminary Examination in General Education passed by them before commencing the study of Medicine for the acquisitions of the qualifications entitling them to registration with the Gujarat Medical Council included an examination in Mathematics (Arithmetic, Algebra and Geometry). The Degree of M.B.,B.S. shall not be conferred upon a candidate, unless he undergoes Compulsory Rotating Housemanship for a period of one year in the manner prescribed in O. 272 subsequent to his passing the final examination, if required under the Indian Medical Council requirements for such candidates.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૬

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૫-૪-૧૯૬૮ના રોજ ૪-૦૦ વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. ડૉ. ય. ગુ. નાયક	ગેરહાજર
૪. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૫. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૬. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે તથા યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક ટાઈપિસ્ટોએ એકસ્ટ્રાઅુરલ પ્રવૃત્તિનાં કામ કરવા અંગે મહેનતાણું આપવા અંગે કરેલ તા. ૨૭-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત :

"શ્રી. જી. એ. દેસાઈને બોર્ડના મંત્રી તરીકેનું કામ સોંપેલું હતું. તેઓ તા. ૭-૧૦-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એકસ્ટ્રાઅુરલ સ્ટડીઝ પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતાં ભથ્થાંની બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે સદરહુ સમિતિને જણાવવું."

અને

૨. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની મહેનતાણા હિસાબનીશની જગ્યાની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગોના કામકાજના ભારણની નિષ્ણાત સમિતિ પાસે તપાસ કરાવવી અને સાર બાદ આ અંગેની વિચારણા કરવાનું રાખવું.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૫-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૩-૧૮-૬૪ (સી.ડી.એન.) દ્વારા યુનિવર્સિટી અને કૉલેજના અધ્યાપકોની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષ રાખવાની અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે અને ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો વધુ બે વર્ષ માટે વધારી આપવાની ભલામણ કરવાના કરેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત."

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયના ડિરેક્ટર ઑફ ટેક્નિકલ એજ્યુકેશન વિભાગમાં એક હેડકલાર્કની જગ્યા ઊભી કરવા અંગે ડિરેક્ટર ઑફ ટેક્નિકલ એજ્યુકેશનના તા. ૭-૧૨-૧૯૬૭ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા ઉપરોક્ત ઠરાવ નં. ૧ અને ૨માં જણાવેલી સમિતિને સોંપવી.

૫. સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિને મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાના ધોરણે મૂળ પગારમાં મેળવવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત. "

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમિયાન આ અંગેનો જરૂરી માહિતી સમિતિની આગામી સભા સમક્ષ મૂકવી.

૬. એસ્ટેટ વિભાગના વધતા જતા નિભાવનાં કામો, રિપેર્સ તથા મકાનના ફેરફારો અંગેનાં કામો, ડ્રેનેજ લાઈન, રસ્તાના નિભાવ અને મકાનનાં અન્ય કામો ઉપર દેખરેખ રાખવા માટે એક કાયમી બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા ઊભી કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૧-૩-૧૯૬૮ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા ઉપરોક્ત ઠરાવ નં. ૧ અને ૨માં જણાવેલ સમિતિને સોંપવી.

૭. પ્યૂન-કમ-એટેન્ડન્ટ રજા ઉપર જાય ત્યારે પટાવાળા તેમનું કામ સંભાળે તેમને દૈનિક ૦૦-૨૫નું ભથ્થું આપવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૧-૩-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગ્રંથપાલશ્રીની ભલામણ પ્રમાણે ગ્રંથાલય વિભાગમાં કોઈ પ્યૂન-કમ-એટેન્ડન્ટ કેજ્યુઅલ કે બીજી કોઈ ટૂંકી રજા ઉપર હોય તો તેનું કામ પટાવાળાને સોંપવું અને તેઓને ૦૦-૨૫ પૈસાનું દૈનિક ભથ્થું આપવું.

૮. યુનિવર્સિટી કાર્યાલયમાં હંગામી મદદનીશ રજિસ્ટ્રાર તરીકે કામ કરતા શ્રી. બી. એમ. વૈશ્નની તા. ૧૦-૨-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હંગામી મદદનીશ રજિસ્ટ્રાર શ્રી. બી. એમ. વૈશ્યની તા. ૧૦-૨-૧૯૬૮ની તેમને અગાઉની જગ્યા ઉપર મળતું ભથ્થું મદદનીશ રજિસ્ટ્રારની જગ્યાના શરૂઆતના પગારમાં ઉમેરી આપવાની વિનંતી નામંજૂર કરવી.

૯. સિનિયર ઓપરેટર શ્રી. એન. એ. પંચાલની જુનિયર ઓપરેટરમાંથી સિનિયર ઓપરેટરમાં બઢતી મળતાં તેઓની પગારવધારાની જૂની તારીખમાં ફેરફાર થયો છે; તો જૂની પગારવધારાની તારીખ ચાલુ રાખવા અંગે તેઓની તા. ૧૦-૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિનિયર ઓપરેટર શ્રી. એન. એ. પંચાલની જુનિયર ઓપરેટરમાંથી સિનિયર ઓપરેટરમાં બઢતી આપવામાં આવી ત્યારે જૂની પગારવધારાની તારીખ ચાલુ રાખવા અંગે તેઓની તા. ૧૦-૧-૧૯૬૮ની વિનંતી નામંજૂર કરવી.

૧૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા ટાઇપિસ્ટ શ્રી. પી. સી. શાહને બીજા ટાઇપિસ્ટોના કામની વહેંચણી અને તે અંગેનાં દેખરેખ રાખવા અંગે હેડ ટાઇપિસ્ટ એલાવન્સ આપવા અંગેની તેમની તા. ૧૪-૩-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાંની એક ટાઇપિસ્ટની જગ્યાને સિનિયર ટાઇપિસ્ટની જગ્યામાં રૂા. ૧૩૦-૮-૧૭૦ ઈ બી. ૧૨-૨૯૦-૧૫-૩૫૦ના પગારધોરણમાં ફેરવવી.

૧૧. સિન્ડિકેટે તેની તા ૯-૩-૧૯૬૮ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"The employees of the University are being paid Cycle Allowance of Rs. 5/- p.m. as per item 6 of the resolution of the Syndicate dated 5-3-1951 on the ground that the University was situated far away from the City since the University employees are also paid monthly the compensatory local allowance as per the Scale laid down by the Government of Gujarat from time to time. It is a point for consideration whether the grant of Cycle Allowance in addition is justified particularly when recognised principle is that the pay of an employee is supposed to include also the element of transport for attending the place of duty. This may therefore be placed before the Syndicate for reconsideration particularly when since 1951, the City of Ahmedabad has expanded considerably and the conditions pertaining in the year 1951 do not prevail now."

સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૯-૩-૧૯૬૮ની સભામાં ઑડિટ ઑફ એકાઉન્ટ્સની નીચેની ભલામણ સિન્ડિકેટે આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે મૂકવો."

સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

યુનિવર્સિટી કાર્યાલયમાં હાલમાં વૉચમૅન તથા સફાઈ કામદારની જગ્યાઓ છે તે પૈકી એક વૉચમૅન અને એક સફાઈ કામદારની જગ્યાને "upgrade" કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૧૮-૩-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૮

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૪૯મી સભા યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૨૯-૪-૧૯૬૮ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોના હાજરી નીચે મુજબ હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. ય. પ્રા. શુક્લ	હાજર
૩.	શ્રી. કે. એન. શાહ	હાજર
૪.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૫.	શ્રી. જી. સી. પટેલ	હાજર
૬.	ડૉ. ઈ. એમ. એસ્ટ	હાજર
૭.	શ્રી. એન. બી. જોશી	હાજર
૮.	શ્રી. વી. આર. ત્રિવેદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર
૧૨.	શ્રી. જે. જે. ત્રિનોય	ગેરહાજર
૧૩.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૪.	શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૧૫.	ડૉ. પી. એલ. શાહ	હાજર
૧૬.	શ્રી. એસ. આર. મહેતા	હાજર
૧૭.	શ્રી. એ. કે. ઝવેરી	હાજર.

૧. (૧) બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની ૪૮મી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ના રોજ મળેલી ૪૮મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની સભાની બાબત નં. ૩૨માં મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ૩૨૧માં જણાવ્યા પ્રમાણે રેફરીઓના અભિપ્રાયો જુદા પડે અને મડાગાંઠ (tie) પડે તો તેના ઉકેલ માટે મુંબઈ, કલકત્તા, દિલ્હી અને મદ્રાસ યુનિવર્સિટીઓના નિયમોમાં શી જોગવાઈ કરવામાં આવેલી છે તે વિષે જે તે યુનિવર્સિટી પાસેથી માહિતી મેળવી આ બોર્ડની સભા સમક્ષ રજૂ કરવી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થામાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(૧) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદના શ્રી. કેશવલાલ અંબાલાલ ઠક્કરની મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટેની અરજી મંજૂર કરવી નહિ.

(૨) શ્રી. સી. બી પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના શ્રી. પંડ્યા રામચંદ્ર નારાયણજીનાં સંશોધનપત્રો મગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણનાં (of recognised merit) છે કે કેમ અને તેના આધારે તેમને ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી શકાય કે કેમ તે અંગે શ્રી. રામપ્રસાદ બક્ષીનો અભિપ્રાય મેળવીને માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. ડૉ. નિરંજનપ્રકાશ ભટનાગરની એમ.ડી. (ધારા ૮) ફિઝિયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલ અરજીના સંદર્ભમાં તેમના નીચેના અનુભવને ધ્યાનમાં લઈ માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

શૈક્ષણિક અનુભવ

(૧)	ડેમોન્સ્ટ્રેટર (જુનિયર લેક્ચરર)	તા. ૨૦-૧૦-૧૯૫૯થી તા. ૧૦-૧૨-૧૯૬૨ (આશરે ૩ વર્ષ)
(૨)	લેક્ચરર (સિનિયર-ઇન-ફિઝિયોલોજી)	તા. ૧૦-૧૨-૧૯૬૨થી તા. ૩૧-૫-૧૯૬૩ (આશરે ૬ માસ)
(૩)	આસિસ્ટન્ટ પ્રોફેસર-ઇન-ફિઝિયોલોજી	તા. ૧-૬-૧૯૬૩થી તા. ૫-૧૦-૧૯૬૪ (આશરે ૧ વર્ષ ચાર માસ)
(૪)	સિનિયર લેક્ચરર-ઇન-ફિઝિયોલોજી	તા. ૯-૧૦-૧૯૬૪થી અત્યાર સુધી (આશરે ૩ વર્ષ ૧ માસ).

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. નિરંજનપ્રકાશ ભટનાગરના સિનિયર લેક્ચરર તરીકેના અનુભવને આસિ પ્રોફેસરની સમકક્ષ ગણી જૂન ૧૯૬૮થી તા. ૧૪ જૂન ૧૯૬૯ સુધી એક વર્ષ માટે એમ.ડી.(ધા. ૮) ફિઝિયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તેમને માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. આર. એમ. વૈદ્ય જેઓ એમ.ડી.(ધા. ૮) ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે તથા એમ.એસસી.(મેડ.) બાયોકેમિસ્ટ્રીમાં મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે તે વિષયો ઉપરાંત એમ.એસસી.(મેડ.) ફિઝિયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા આવેલ તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

એમ.એસસી.(મેડ.) ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે તેમને માન્યતા આપવામાં આવે તો બાયોકેમિસ્ટ્રી વિષયમાં મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ચાલુ રાખવી કે રદ કરવી તે અંગે પણ વિચારણા કરવાની રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને પુછાવવું કે રૉ. વૈદ જે શૈક્ષણિક લાયકાત ધરાવે છે તેને આધારે તેમને એમ.ડી. ફિઝિયોલોજી કે એમ.એસસી.(મેડ.) ફિઝિયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી શકાય કે કેમ અને તે અંગેની માહિતી આવ્યેથી તે સાથે આ બાબત બોર્ડ સમક્ષ વિચારણા માટે મૂકવી.

૫. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં હિંદી વિષયમાં શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં હિન્દી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોનું તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં પાલન થાય તે શરતે તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય શ્રી. એચ. એમ. શુકલને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી:

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. પુસ્તકાલયના હિંદી વિભાગમાં ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦ની કિંમતનાં અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો વસાવેલાં હોવાં જોઈશે.

૩. ઓછામાં ઓછા વાર્ષિક રૂા. ૧,૦૦૦ના ખર્ચે દસેક જેટલાં ભાષા-સાહિત્ય વિષયનાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકો કૉલેજમાં આવતાં હોવાં જોઈશે.

૪. ઑર્ડિ. ૬૫-એસ અનુસાર અનુસ્નાતક કેન્દ્રમાં ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ હોવા જોઈશે; પણ કોઈ પણ સંજોગોમાં કોઈ એક પણ વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦થી વધવી જોઈશે નહિ.

૫. જરૂર પડયે ૨૫ જેટલા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે કૉલેજે છાત્રાલયની સગવડ કરવી આવશ્યક રહેશે.

૬. અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) જૂન ૧૯૬૯થી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે પરવાનગી આપી શકાશે.

૭. જો કોઈ પણ સંજોગોમાં અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ થશે, તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાત્કાલિક કરવામાં આવે અને યોગ્ય સમયમાં તે ઊણપ દૂર કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું સંપૂર્ણ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિને મોકલી ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૬. એમ. એન. કૉલેજ, વીસનગરમાં ફિઝિકસ વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરમાં ભૌતિકશાસ્ત્ર વિષયનું કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોનું તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યથાર્થ પરિપાલન થાય તે શરતે તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા માટે તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. સી. જે. પંડ્યાને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. એમ.એસસી. પાર્ટ ૧ની પ્રયોગશાળા માટે રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં વધારાનાં પ્રાયોગિક સાધનો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૩. એમ.એસસી. પાર્ટ ૨ માટે ઇલેકટ્રોનિકસ અને રેડિયોફિઝિકસના વિષયની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નાં પ્રાયોગિક સાધનો વસાવેલાં હોવાં જોઈશે.

૪. રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં ભૌતિકશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો વસાવેલાં હોવાં જોઈશે, તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં તે વિષયનાં સભ્યપ્રતિક સામયિકો કૉલેજમાં આવતાં હોવાં જોઈશે.

૫. એમ.એસસી.ની પ્રયોગશાળા માટે અલાયદો ખંડ તથા નાના ડાર્કરૂમની વ્યવસ્થા કરવામાં આવી હોવી જોઈશે.

૬. એમ.એસસી. પાર્ટ ૧માં ફકત દસ જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૭. અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) જૂન ૧૯૬૯થી પાર્ટ ૨નો અભ્યાસ શરૂ કરવા માટે પરવાનગી આપી શકાશે.

૮. કોઈ પણ સંજોગોમાં અનુસ્નાતક કેન્દ્ર માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ થશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાત્કાલિક કરવામાં આવશે, અને યોગ્ય સમયમાં તે ઊણપ દૂર કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય તેવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૭. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં ફિઝિકસ વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં ભૌતિકશાસ્ત્ર વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોનું તા. ૧૫મી જૂન, ૧૯૬૮ સુધીમાં યથાર્થ પરિપાલન થાય તે શરતે તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન, ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. વા. બી. ગોહેલને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન, ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલ હોવી જોઈશે.

૨. એમ.એસસી. પાર્ટ ૧ માટેની પ્રયોગશાળા માટે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં વધારાનાં પ્રાયોગિક સાધનો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૩. એમ.એસસી. પાર્ટ ૨ માટે એડવાન્સ કૉન્ટમ મિકેનિકસના અભ્યાસક્રમના દર્શાવેલા પ્રયોગો કરવા માટે રૂા. ૩૦,૦૦૦ની કિંમતનાં પ્રાયોગિક સાધનો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૪. રૂા. ૬,૦૦૦ની કિંમતનાં તે વિષયના અનુસ્નાતક અભ્યાસને લગતાં વધારાનાં પુસ્તકો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે, તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકો કૉલેજમાં આવતાં હોવાં જોઈશે.

૫. એમ.એસસી.ની પ્રયોગશાળા તથા ડાર્કરૂમ માટે અલાયદા ખંડોની વ્યવસ્થા કૉલેજે કરવાની રહેશે.

૬. એમ.એસસી પાર્ટ ૧ના અભ્યાસ માટે ફક્ત ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૭. અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું સંપૂર્ણ પાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) વર્ષ ૧૯૬૯ના જૂનથી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શીખવવા માટે પરવાનગી આપી શકાશે.

૮. જો કોઈ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ જણાશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાકીદે કરવામાં આવશે અને થયેલી ઊણપ દૂર કરવા માટે તાત્કાલિક પગલાં ભરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૮. સર પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, મોડાસામાં એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર પી. ટી. સાયન્સ એન્ડ એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોએ તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન, ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એન. એમ. શાહને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન, ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. ઓછામાં ઓછા રૂા. ૨૦,૦૦૦ની કિંમતનાં જરૂરી વૈજ્ઞાનિક સાધનો જેવાં કે, P. H. Meter, Conductivity Apparatus, Potentiometer, Orsat-gas analysis apparatus, calorimeter વગેરે કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૩. કૉલેજ પાસે હાલ સ્ટૉકમાં છે તે ઉપરાંત ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં કેમિકલ્સ અને કાચનાં સાધનો વસાવવામાં આવે. પ્રાયોગિક કામ માટે ઑર્ગેનિક અને ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની ૩૦' × ૪૫'નું ક્ષેત્રફળ ધરાવતી તથા ફિઝિકલ કેમિસ્ટ્રીની ૧૬' × ૨૪'નું ક્ષેત્રફળ ધરાવતી પ્રયોગશાળાઓ તા. ૧૫મી જૂન, ૧૯૬૮ સુધીમાં કૉલેજે ઉપલબ્ધ કરવી જોઈશે.

૪. ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં આ વિષયના અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે, તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકો તે કૉલેજમાં આવતાં હોવાં જોઈશે.

૫. એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રીના પાર્ટ ૧ના અભ્યાસ માટે વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૬. અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલ શરતોનું સંપૂર્ણ પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) જૂન ૧૯૬૯થી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શીખવવા માટે પરવાનગી આપી શકાશે.

૭. જો કોઈ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ ઊભી થશે તો તે અંગેનો નવો યુનિવર્સિટીને કરવાનો રહેશે, અને થયેલી ઊણપ તાત્કાલિક દૂર કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી, અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૯. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરીને નીચેની શરતોએ તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન, ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય શ્રી. સી. સી. શાહને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧ તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. પ્રયોગશાળા માટે ઓછામાં ઓછા રૂા. ૨૦,૦૦૦ની કિંમતનાં પ્રાયોગિક સાધનો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૩. વિદ્યાર્થીઓના પ્રાયોગિક કામ માટે અલાયદી પ્રયોગશાળા હોવી જોઈશે.

૪. ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં આ વિષયના અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે, તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકો કૉલેજમાં આવતાં હોવાં જોઈશે.

૫. એમ.એસસી. પાર્ટ ૧ના અભ્યાસ માટે ફક્ત વીસ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે.

૬. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષણગણમાં ફેરફાર થાય અગર તેમાં ઊણપ ઊભી થાય તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાત્કાલિક કરવામાં આવે અને થયેલી ઊણપ સમયસર દૂર કરવા માટે પગલાં લેવામાં આવે.

૭. અનુસ્નાતક કેન્દ્રને માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) ૧૯૬૯ના જૂનથી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શીખવવા માટે પરવાનગી આપી શકાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૧૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. (ઘા. ૮) ફિઝિયોલોજી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. ઘા. ૮ (ફિઝિયોલોજી) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૩. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થાય અગર તેમાં ખોટ પડે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાત્કાલિક કરવામાં આવે અને થયેલી તે ખોટ દૂર કરવા માટે યોગ્ય પગલાં લેવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય તેવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૧૧. ડિઝર્ટેશનના પ્રશ્ન અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૬-૧૯૬૭ની સભાની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણ અનુસાર નીચેનો અનુસ્નાતક નિયમ નં. ૩૭-એ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક નિયમ નં. ૩૭-એ નીચે મુજબ રહેશે :

The recognised post-graduate teacher guiding students for the subject or subjects of Master of Arts or the Master of Science Examination or in the subjects comprised under the Faculty of Medicine, as the case may be, shall be paid as honorarium of Rs. 50/- per dissertation submitted and accepted subject to a maximum of Rs. 200/- in all in any particular year.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના રિપોર્ટની ભલામણો સિન્ડિકેટે તેની તા. ૧-૭-૧૯૬૭ની સભાના ઠરાવથી મજકૂર બોર્ડ સમક્ષ મોકલી હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૩. અનુસ્નાતક કેન્દ્રો અંગે આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રીએ તેમના તા. ૩-૧-૧૯૬૮ના પત્ર નં. આર. આર. એલ. ૨૬ / ૬૮માં કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૪. એમ.ડી. ખાન્ચ ૬ અને ૧૦(૧) રેડિયો ડાયાગ્નોસિસ, અને (૨) રેડિયોથેરાપી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે નીચે મુજબનો નિયમ ઑર્ડિ. ૬૫-કે(બી) ક્લિનિકલ સબ્જેક્ટ્સ હેઠળ (૬)(સી) તરીકે ઉમેરવાના તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

6 (c):

"A teacher with a post-graduate qualification of D.M.R.E., D.M.R.D., D.M.R.T. or M.D. Radiology or one equivalent thereto

will be recognised as a post-graduate teacher if he has at least five years' teaching experience in the subject of Radiology at the under-graduate level or two years' teaching experience as a post-graduate teacher or three years' teaching experience as an Assistant to a post-graduate teacher or seven years' standing after having obtained the qualification of D.M.R.E., D.M.R.D. or D.M.R.T. or M.D. Radiology or its equivalent Degree."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અભિપ્રાય માટે તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૫. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓ જ્યાં જુદા જુદા વિષય અને પદવીનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવેલાં છે તે અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જના હોદ્દાની મુદત તા. ૧૪-૬-૧૯૬૮ના રોજ પૂરી થતી હોઈ જે તે કૉલેજ/સંસ્થાના આચાર્યશ્રીએ/અધ્યક્ષશ્રીએ અનુસ્નાતક નિયમ નં. ૨૪-એ અનુસાર તે તે વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) સાથેની યાદીમાં પરિશિષ્ટ "ક"માં દર્શાવેલ અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ પૈકી જેઓ હાલ ચાલુ હોય તેમના હોદ્દાની મુદત તા. ૧૪-૬-૧૯૬૮થી બે વર્ષ માટે લંબાવી આપવી.

(૨) જો અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની ઉપરોક્ત યાદીમાં જણાવેલ શિક્ષકો પૈકી કોઈ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ચાલુ ન હોય તો યુનિવર્સિટીની મંજૂરી મેળવી બીજા પ્રોફેસર-ઇન-ચાર્જ નિમાય નહિ ત્યાં સુધી વિદ્યાર્થીઓને નોંધવા નહિ.

(૩) ચાલુ અથવા નવા અનુસ્નાતક કેન્દ્રમાં ઑર્ડિ. ૬૫-પી(૪) (૨) અનુસાર પૂરતો સ્થાનિક શિક્ષકગણ ન હોય તો નવા વિદ્યાર્થીઓ અનુસ્નાતક કેન્દ્રમાં નોંધવા નહિ.

(૪) વધુમાં ઠરાવવામાં આવ્યું કે મજકૂર યાદીમાં ક્રમાંક ૧૩ સામે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ૧૭ જેટલાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ એક જ છે તે યોગ્ય નથી. ઓછામાં ઓછું જે જે વિષયોની અભ્યાસસમિતિઓ (Board of Studies) રચાઈ છે તે દરેક વિષય દીઠ જુદા પ્રોફેસર-ઇન-ચાર્જ હોવા જોઈએ.

(૫) વધુમાં ઠરાવવામાં આવ્યું કે મજકૂર યાદીમાં ક્રમાંક ૨૦ સામે પીલવાઈ કૉલેજમાં ફિઝિકલ કેમિસ્ટ્રી અને ઑર્ગેનિક કેમિસ્ટ્રી માટે કેન્દ્ર અપાયું છે તેને માટે અધ્યાપકગણ એક જ વિષય પૂરતો છે તે બરોબર નથી. અભ્યાસક્રમના બીજા વર્ષથી ફિઝિકલ કેમિસ્ટ્રી અને ઑર્ગેનિક કેમિસ્ટ્રી એ બંનેને અલગ અલગ વિષયો ગણી એ દરેકને માટે અલગ અલગ સ્થાનિક અધ્યાપકગણ હોવો જરૂરી રહેશે.

૧૬. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને જુદા જુદા વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ અનુસ્નાતક શિક્ષકો તરીકેની માન્યતાની મુદત

તા. ૧૪-૬-૧૯૬૮માં પૂરી થતી હોવાથી ઑર્ડિ. ૬૫-એન(૨) મુજબ તેમની પાસેથી મંગાવેલા રિપોર્ટ પર વિચારણા કરી માન્યતા લંબાવી આપવાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સામેની યાદીમાં પરિશિષ્ટ "ખ"માં જણાવ્યા મુજબ જે તે વિષય અને પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષકોની માન્યતાની મુદત તા.૧૪મી જૂન ૧૯૬૯ સુધી લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે દરમિયાનમાં મુંબઈ, પૂના, દિલ્હી, મદ્રાસ અને કલકત્તા યુનિવર્સિટીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા માટે અપનાવેલાં લાયકાતનાં ધોરણો અંગે માહિતી મંગાવવી અને તે આવ્યેથી અનુસ્નાતક નિયમો અંગે વિચારણા કરવા માટે જે સમિતિ નિમાઈ છે તે સમિતિએ તે પરત્વે વિચારણા કરી નિયમો ઘડી જુલાઈ માસ સુધીમાં પોતાની ભલામણો કરવી.

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખેલી હોવાથી તેને અનુલક્ષીને ઘડવામાં આવેલી અનુસ્નાતક નિયમ નં. ૧ની પેટાકલમ (*iii*) તથા અનુસ્નાતક નિયમ નંબર ૩૬ હેઠળ (ઈ) પછી (એફ) તરીકે નીચે મુજબ નવી કલમ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી સત્ર ફીની રકમ યુનિવર્સિટીમાં કેન્દ્રે જમા કરાવ્યેથી અને વર્ષની શરૂઆતમાં અનુસ્નાતક નિયમ નં. ૩૬(ડી) અનુસાર તૈયાર કરેલું અંદાજી આવક-જાવકનું પત્રક અનુસ્નાતક નિયમ નં. ૩૬(સી) અનુસાર યુનિવર્સિટીને મોકલી આપ્યેથી અંદાજી ખર્ચના ૭૫ ટકા જેટલી રકમ એડવાન્સ રકમ તરીકે પ્રત્યેક ૨૫-૨૫ ટકાના એવા ત્રણ હપતેથી જે તે અનુસ્નાતક કેન્દ્ર તરફથી હિસાબ આવ્યેથી અને બાકીની જે કાંઈ ચૂકવવાની થાય તે રકમ અનુસ્નાતક કેન્દ્ર/કેન્દ્રોના વર્ષને અંતે આવતા હિસાબો મેળવ્યેથી (ફાઇનલ થયેથી) ચૂકવવામાં આવશે એ મુજબનો એક અનુસ્નાતક નિયમ ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સુધારેલો અનુ. નિયમ નં. ૧(*iii*) તથા અનુ. નિયમ નં. ૩૬(એફ) નીચે મુજબ વંચાશે:

અનુ. નિયમ ૧ (*iii*)

Apply to the University in the prescribed form for registration as a post-graduate students of the University. The institution which the student join shall collect the registration fee and the tuition fees at the time of admission and shall forward the registration fees of Rs. 10/- or Rs. 20/-, as the case may be, and also the tuition fee and the counterfoils of the receipts of the tuition fees for the first term together with the application (in the prescribed form) for registration as post-graduate students, to the University within one month from the date of commencement thereof.

While in the case of registration for the post-graduate Medical Degrees and Diplomas, the last date for forwarding the applications (in the prescribed forms) for registration as post-graduate students. Registration fees and counterfoils of the tuition fees receipts shall be as mentioned in the Post-graduate Rule 1(*b*).

અનુ. નિયમ નં. ૩૬ હેઠળ નીચેનો નવો ઉમેરવામાં આવનાર (એફ) તરીકેનો પાઠ નીચે મુજબ રહેશે:

અનુ. નિયમ ૩૬ (એફ):

"It shall be competent for the Vice-Chancellor to sanction to the post-graduate centre concerned or "On Account" advance not exceeding 75 per cent of the total estimated expenditure in three equal instalments. On receipt of the total amount of tuition fees and registration fees collected by the post-graduate centre together with a statement of estimated income and expenditure for the year prepared by the post-graduate centre concerned under provisions of Post-graduate Rule 36 (*d*) and 36 (*e*) respectively."

આથી ઠરાવવામાં આવે છે કે અનુ. નિયમ નં. ૧ની પેટાકલમ (*iii*) નીચે મુજબ સુધારવા તથા અનુ. નિયમ નં. ૩૬ હેઠળ (ઈ) પછી (એફ) તરીકે નીચેની નવી કલમ ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

સુધારેલો અનુ. નિયમ નં. ૧ (*iii*) તથા અનુ. નિયમ ૩૬ (એફ) નીચે મુજબ વંચાશે:

અનુ. નિયમ ૧ (*iii*)

Apply to the University in the prescribed form for registration as a post-graduate student of the University. The Institution which the students join shall collect the registration fee and the tuition fees at the time of admission and shall forward the registration fees of Rs. 10/- or Rs. 20/-, as the case may be, and also the tuition fees and the counterfoils of the receipts of the tuition fees for the first term together with the application (in the prescribed form) for registration as post-graduate students, to the University within one month from the date of commencement thereof.

While in the case of registration for the post-graduate Medical Degrees and Diplomas, the last date for forwarding the applications (in the prescribed forms) for registration as post-graduate students.

Registration fees and counter-foils of the tuition fees receipts shall be as mentioned in the Post-graduate Rule 1(*b*).

અનુ. નિયમ નં. ૩૬ હેઠળ નીચેનો નવો ઉમેરવામાં આવનાર (એફ) તરીકેનો પાઠ નીચે મુજબ રહેશે :

અનુ. નિયમ ૩૬ (એફ) :

"It shall be competent for the Vice-Chancellor to sanction to the post-graduate centres concerned or 'On Account' advance not exceeding 75% of the total estimated expenditure in three equal instalments. On receipt of the total amount of tuition fees and registration fees collected by the post-graduate centre together with a statement of estimated income and expenditure for the year prepared by the post-graduate centre concerned under provisions of Post-graduate Rule 36(*d*) and 36(*e*) respectively."

૨૮. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થામાં કામ કરતા (સાથેની યાદી ૨માં **પરિશિષ્ટ "ગ"**માં જણાવેલા) શિક્ષકોને, તેઓ ધારાધોરણ અનુસાર જરૂરી પાત્રતા ધરાવતા હોવાથી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થામાં કામ કરતા (સાથેની યાદી ૨માં **પરિશિષ્ટ "ગ"**માં જણાવેલા) શિક્ષકોને ધારાધોરણ અનુસાર જરૂરી પાત્રતા ધરાવતા ન હોવાથી તેમને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેનો માન્યતા ન આપ્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થામાં કામ કરતા (સાથેની યાદી ૩માં **પરિશિષ્ટ "ગ"**મા જણાવેલા) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થામાં કામ કરતા (સાથેની યાદી ૪માં **પરિશિષ્ટ "ગ"** જણાવેલા) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના;

(૫) શ્રી. ડોલરરાય માંકડના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર્ડ થયેલ વિદ્યાર્થી શ્રી. એન. એસ. યાજ્ઞિકને ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન અમદાવાદના માન્ય શિક્ષક શ્રી. એચ. જી. શાસ્ત્રી હેઠળ શિક્ષક બદલી સંશોધન કાર્ય કરવાની મંજૂરી આપ્યાના;

(૬) અનુસ્નાતક કેન્દ્રો ચલાવતી કેટલીક કૉલેજોને વર્ષ ૧૯૬૭-૬૮ની અંદાજી બચતમાંથી પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના. (જે કૉલેજોને મંજૂરી આપી છે તે કૉલેજોનાં નામ તથા મંજૂર કરવામાં આવેલી રકમ, સાથેની યાદીમાં **પરિશિષ્ટ "ગ"**માં દર્શાવેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી જ્યારે પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવામાં આવે ત્યારે તે રકમમાંથી અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો કેન્દ્રે ખરીદ્યાં છે કે કેમ તેની તપાસસમિતિ દ્વારા ખાતરી કરાવવી.

૧૯. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૮/૧૯-૧-'૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

બાબત

તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ માટે જરૂરી સાધન-સગવડો અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ નીચે જણાવેલી ભલામણો કરી છે. આપણી યુનિવર્સિટીમાં તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ અંગે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં જે સ્થાનિક તપાસ-સમિતિ નીમવામાં આવે છે તે સમિતિને સદરહુ ભલામણોના અનુસંધાનમાં સૂચનાઓ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ભલામણ

તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ અંગે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં જે સ્થાનિક તપાસસમિતિ નીમવામાં આવે છે તે સમિતિને આ સાથે જોડેલી મેડિકલ કાઉન્સિલે સૂચવેલી વિગતો ધ્યાનમાં લેવા ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક શિક્ષણને માટે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે સ્થાનિક તપાસસમિતિ નીમવામાં આવે તે સમિતિને આપવાની સૂચનાઓ આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ સૂચનાઓની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૭ની સભામાં અનુસ્નાતક નિયમો તથા માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના નિયમો વગેરેમાં જ્યાં જરૂર જણાય ત્યાં ફેરફાર સૂચવવાની નીમેલી સમિતિએ તેની તા. ૧૭-૭-૧૯૬૭ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૧. ભવન્સ કૉલેજ, ડાકોરમાં અનુસ્નાતક શિક્ષણ માટે સંસ્કૃત વિષયનું કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોરમાં સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોએ તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. ટી. વ્યાસને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. રૂા ૫,૦૦૦ની કિંમતનાં આ વિષયના અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં ભાષાસાહિત્યને લગતાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકો આવતાં હોવાં જોઈશે.

૩. ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ હોવા જોઈશે.

૪. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ થશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને કરવામાં આવે અને યોગ્ય સમયમાં તે ઊણપ દૂર કરવામાં આવે.

૫. અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલાં શરતોનું પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) જૂન ૧૯૬૯થી પાર્ટ-૨નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે પરવાનગી આપી શકાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું સંપૂર્ણ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિને મોકલીને ખાતરી કરવી. અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૨૨. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં અનુસ્નાતક શિક્ષણ માટે અંગ્રેજી વિષયમાં કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં એમ.એ.ના અભ્યાસક્રમ માટે અંગ્રેજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી સ્થાપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં મનોવિજ્ઞાન વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા અંગે કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સિન્ડિકેટે નીમેલ તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં મનોવિજ્ઞાન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોનું તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં પરિપાલન થાય તે શરતે તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. સી. બી. દવેને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. પ્રથમ વર્ષે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં તે વિષયના અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં મજકૂર વિષયને લગતાં સામયિકો તથા બીજે વર્ષે પણ તેટલી જ રકમનાં પુસ્તકો અને સામયિકો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૩. પ્રથમ વર્ષની શરૂઆતમાં રૂા. ૫,૦૦૦ની કિંમતનાં, બીજા વર્ષની શરૂઆતમાં રૂા. ૩,૦૦૦ની કિંમતના અને ત્યાર પછી પ્રત્યેક વર્ષે ૩ વર્ષ સુધી રૂા. ૨,૦૦૦નાં કિંમતનાં "એપેરેટસ" અને "એસેસરીઝ" કૉલેજે ખરીદેલાં હોવાં જોઈશે.

૪. અનુસ્નાતક કેન્દ્ર સ્થપાયા પછી બીજે વર્ષે એટલે કે વર્ષ ૧૯૬૯ની શરૂઆતમાં રૂા. ૪,૦૦૦ની કિંમતના અને તે પછી ૩ વર્ષ સુધી પ્રત્યેક વર્ષે રૂા. ૨,૦૦૦ લેખે ટેસ્ટ ઍન્ડ ટેસ્ટ મટિરિયલ્સ પાછળ કૉલેજે ખર્ચ કરેલ હોવો જોઈશે.

૫. "ઑડિયો-વિઝ્યુઅલ" સાધનો જેવાં કે "એપિડાયસ્કોપ", ફિલ્મ પ્રોજેક્ટર પોલિગ્રાફ સ્લાઈડ્સ, ટેપરેકોર્ડર વગેરે કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૬. મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પાર્ટ ૧ના અભ્યાસક્રમમાં ફક્ત ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૭. મજકૂર વિષયનું અનુસ્નાતક કેન્દ્ર અઠવાડિયાના દરેક દિવસે અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરશે.

૮. બીજે વર્ષે પાર્ટ ૨નો અભ્યાસ શીખવવાનો થાય ત્યારે સમિતિએ મૂકેલી શરતોનું પરિપાલન કૉલેજે કર્યું છે કે નહિ તે અંગેનો હેવાલ હાલમાં નિમાયેલી સ્થાનિક તપાસસમિતિ તરફથી આવ્યેથી અને યુનિવર્સિટી તરફથી મંજૂરી મળ્યેથી નવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે.

૯. પાંચમા વર્ષ પછી પ્રત્યેક વર્ષે કૉલેજ રૂા. ૫૦૦ની કિંમતનાં જર્નલ્સ વસાવશે.

૧૦. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અથવા તેમાં ઊણપ વર્તાશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાત્કાલિક કરવામાં આવશે અને તે ઊણપ દૂર કરવા પગલાં લેવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ, જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય તેવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૨૪. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીમાં સ્વ. રો. એમ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ માઇક્રોબાયોલોજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર્ડ થયેલ શ્રી. એ. બી. ગાંધીને તેમનો મહાનિબંધ એગ્રિકલ્ચર કૉલેજ, આણંદના શિક્ષક રો. એમ. વી. દેસાઈ મારફત રજૂ કરવાની પરવાનગી આપવાની તેમની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ બી. ગાંધીને તેમનો મહાનિબંધ એગ્રિકલ્ચર કૉલેજ, આણંદના રો. એ. બી. દેસાઈની મારફતે રજૂ કરવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૫. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ કે જેને એલએલ.એમ. માટે અનુસ્નાતક શિક્ષણનું કેન્દ્ર આપવામાં આવેલું છે તેને જૂન ૧૯૬૮થી એલએલ.એમ., પાર્ટ ૨ માટે અનુસ્નાતક શિક્ષણનું કેન્દ્ર શરૂ કરવા માટે પરવાનગી આપવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કૉલેજે એલએલ.એમ.ના અનુસ્નાતક અભ્યાસને લગતા રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો તથા રૂ. ૧,૦૦૦ની કિંમતનાં સામયિકો વસાવવાનાં રહેશે.

૨૬. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ભૂગોળના અનુસ્નાતક કેન્દ્રની ૧૯૬૬-૬૭ના વર્ષના આખરે રૂા. ૮૯૨-૬૩નો બચત રકમ ગ્રંથાલય માટે પુસ્તકો તથા પ્રયોગશાળા માટે સાધનો ખરીદવા માટે ગ્રાન્ટ તરીકે આપવાની આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

બચતની મજકૂર રકમ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવામાં આવેલી છે.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને ભૂગોળના અનુસ્નાતક કેન્દ્ર માટે ૧૯૬૬-૬૭ના વર્ષની રૂા. ૮૯૨-૬૩ની બચતમાંથી રૂા. ૮૦૦નો રકમ પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. ભવન્સ કૉલેજ, ડાકોરમાં ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા માટે કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોરમાં એમ.એસસી. ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરી નીચેની શરતોનું તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં પરિપાલન થાય તે શરતે તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ આચાર્ય શ્રી. એલ. ડી. દવેને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકમંડળની નિમણૂક કરવામાં આવી હોવી જોઈશે.

૨. ઓછામાં ઓછા રૂા. ૨૦,૦૦૦ની કિંમતનાં જરૂરી વૈજ્ઞાનિક સાધનો જેવાં કે પી.એચ. મીટર (P.H. meter), કન્ડક્ટિવિટી એપરેટસ (Conductivity Apparatus), Potentiometer, orsal/ gas analysis apparatus, calorimeter વગેરે વસાવ્યાં હોવાં જોઈશે.

૩. ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં આ વિષયના અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકો કૉલેજમાં આવતાં હોવાં જોઈશે.

૪. કૉલેજ પાસે હાલ સ્ટૉકમાં છે તે ઉપરાંત ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં કેમિકલ્સ અને કાચનાં સાધનો વસાવવામાં આવશે. પ્રાયોગિક કામ માટે ઑર્ગેનિક અને ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની ૩૦' × ૪૫'નું ક્ષેત્રફળ ધરાવતી અને ફિઝિકલ કેમિસ્ટ્રીની ૧૬' × ૨૪'નું ક્ષેત્રફળ ધરાવતી પ્રયોગશાળાઓ ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં કૉલેજે ઉપલબ્ધ કરવી જોઈશે.

૫. એમ.એસસી. ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીના પાર્ટ ૧ના અભ્યાસ માટે વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૬. અનુસ્નાતક કેન્દ્રને માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) વર્ષ ૧૯૬૯ના જૂનથી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શરૂ કરી શકાશે.

૭. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ જણાશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાત્કાલિક કરવામાં આવશે અને થયેલી ઊણપ દૂર કરવા માટે પગલાં લેવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૨૮. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એસ.એસ.સી. (મેડ.) એનેટોમી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૬૬-૬૭ તથા ૧૯૬૭-૬૮નાં શૈક્ષણિક વર્ષો દરમિયાન અનુક્રમે રૂા. ૧,૯૩૩ તથા રૂા. ૯૧૬-૫૦ પૈસાની ખાધ આવેલી હોઈ તે ભરપાઈ કરી આપવાની સદરહુ કૉલેજના ડીનશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. (મેડ.) એનેટોમી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૬૬-૬૭ તથા ૧૯૬૭-૬૮નાં શૈક્ષણિક વર્ષો દરમિયાન અનુક્રમે રૂા. ૧,૯૩૩ તથા રૂા. ૯૧૬-૫૦ પૈસાની ખાધ ભરપાઈ કરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પૂરતા વિદ્યાર્થીઓ દાખલ થતા ન હોવાથી તથા આ વિષયનું એક અનુસ્નાતક કેન્દ્ર બી. જે. મેડિકલ કૉલેજમાં હોવાથી આ કેન્દ્ર જૂન ૧૯૬૮થી બંધ કરવા તથા તબીબી વિદ્યાશાખાના વિષયોમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાય તે અંગેની બાબત અનુસ્નાતક નિયમો વગેરે અંગેની જે સમિતિ નીમી છે તે સમિતિ તરફ મોકલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદ માંએમ.ડી.એસ. ઓરલ પેથોલોજી ઍન્ડ બૅક્ટેરિયોલોજી વિષયમાં આપવામાં આવેલું અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણને અભાવે બંધ પડેલ છે. પરંતુ તે કેન્દ્રની જરૂરિયાત જોતાં તેને તદર્થ ધોરણે (ad-hoc) ચાલુ રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદમાં એમ.ડી.એસ. ઓરલ પેથોલોજી ઍન્ડ બૅક્ટેરિયોલોજી વિષયમાં આપવામાં આવેલું અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણને અભાવે બંધ પડેલ તે કેન્દ્રને બે વર્ષ માટે તદર્થ (ad-hoc) કેન્દ્ર તરીકે ચાલુ રાખવા પરવાનગી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદના શ્રી. જોગેન્દ્રચંદ્ર સિકદરને ભારતીય સંસ્કૃતિ વિષયમાં એમ.એ. ડિગ્રી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તથા પીએચ.ડી. માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે આવેલાં અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદના શ્રી. જોગેન્દ્રચંદ્ર સિકરદને ભારતીય સંસ્કૃતિ વિષયમાં એમ.એ. ડિગ્રી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૯ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. સિકદરની પીએચ.ડી.ની પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની અરજી સંબંધમાં તેમનાં સંશોધનપત્રો ઑ. ૬૫–એચ.(બી) અનુસાર "રેકગ્નાઈઝ્ડ મેરિટ્સ"નાં છે કે કેમ તથા તેને આધારે તેમણે માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મેળવવા તેમનાં સંશોધનપત્રો ભો. જે. વિદ્યાભવન, અમદાવાદના શ્રી. રસિકલાલ છો. પરીખને મોકલી આપવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. મુકુંદ નૌતમલાલ છત્રપતિની એમ.એસસી. (મેડ.) ડિગ્રીના શિક્ષણ માટે ઍનેટોમી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. મુકુંદ નૌતમલાલ છત્રપતિને તેમના સિનિયર લેક્ચરર તરીકેના અનુભવને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેના અનુભવને સમકક્ષ ગણી એમ.એસસી. (મેડ.) ઍનેટોમી વિષયમાં તા. ૧૪–૬–૧૯૬૯ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. વ્યાસ પ્રવીણ નટવરલાલની એમ.એસ. (બ્રાન્ચ ૧) જનરલ સર્જરી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. વ્યાસ પ્રવીણ નટવરલાલને તેમના લેક્ચરર તરીકેના અનુભવને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેના અનુભવને સમકક્ષ ગણી એમ.એસ. (બ્રાન્ચ ૧) જનરલ સર્જરી વિષયમાં તા, ૧૪–૬–૧૯૬૯ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૩. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં ફિઝિકસ વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં ભૌતિકશાસ્ત્રનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરી નીચેની શરતોનું પરિપાલન થાય તે શરતે તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્યશ્રી આઈ. એમ. પટેલને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવી હોવી જોઈશે.

૨. એમ.એસસી., પાર્ટ ૧ના વિદ્યાર્થીઓના પ્રાયોગિક કામ માટે રૂા. ૨૦,૦૦૦ની કિંમતનાં પ્રયોગશાળાનાં સાધનો તથા પાર્ટ ૨ના શિક્ષણ માટે કૉલેજ ઇલેકટ્રોનિકસના વિષય માટે રૂા. ૨૫,૦૦૦ની કિંમતનાં પ્રયોગશાળાનાં સાધનો કૉલેજે વસાવેલાં હોવાં જોઈશે.

૩. વિદ્યાર્થીઓના પ્રાયોગિક કામ માટે પ્રયોગશાળા અને ડાર્કરૂમની અલાયદી સગવડ કૉલેજે કરવાની રહેશે.

૪. રૂા. ૨૦,૦૦૦ની કિંમતનાં તે વિષયનાં અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો વસાવેલાં હોવાં જોઈશે તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં સામયિકો આવતાં હોવાં જોઈશે.

૫. એમ.એસસી. પાર્ટ ૧ના અભ્યાસ માટે ફક્ત ૧૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપી શકાશે.

૬. અનુસ્નાતક કેન્દ્રને માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) વર્ષ ૧૯૬૯ના જૂનથી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે પરવાનગી આપી શકાશે.

૭. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષણગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ જણાશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાકીદે કરવાની રહેશે અને તે ઊણપ દૂર કરવા તાત્કાલિક પગલાં ભરવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૪૪. રસાયણવિજ્ઞાનના વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં જૂન ૧૯૬૮થી કેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવા તે મુદ્દો તપાસી રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તા. ૨૯-૧૨-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિના હેવાલ તથા તે ઉપરાંત નીચેના કેટલાક મુદ્દાઓ સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભાના ઠરાવથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલેલ હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓની સંખ્યાનું નિયંત્રણ.

(૨) અમદાવાદમાં ભવનો ઉપરાંત અન્યત્ર એક કે વધુ અનુસ્નાતક કેન્દ્રો આપી શકાય કે કેમ અને આપી શકાય તેમ હોય તો તે અંગેના નિયમો ઘડવા બાબત.

(૩) પાર્ટ ૧ અને પાર્ટ ૨ના વર્ગો એકસાથે યોજી શકાય કે કેમ તે તપાસીને તે દૃષ્ટિએ પરીક્ષા અંગેની પુનઃવ્યવસ્થા કરવા બાબત.

(૪) અનુસ્નાતક વિદ્યાભવનોને અને અનુસ્નાતક કેન્દ્રોના વિદ્યાર્થીઓના પ્રવેશ, સમયપત્રક ઇત્યાદિ બાબતોનું સંયોજન કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત માન્ય અનુસ્નાતક શિક્ષક/માર્ગદર્શક શિક્ષકને માન્યતા આપવાના નિયમો/અનુસ્નાતક શિક્ષકને લગતા વિવિધ પ્રશ્નો અંગે વિચારણા કરવા માટે જે સમિતિ નીમી છે તે સમિતિ તરફ આ સભાનાં નીચેનાં સૂચનો સાથે મોકલવી :

સૂચન નં. ૧ પરત્વેનાં બોર્ડનાં સૂચનો

૧. પ્રવેશ માટેનાં ઓછાંમાં ઓછાં ધોરણો (Objective Norms) તૈયાર કરી દરેક કેન્દ્ર પોતાના નોટિસ બોર્ડ પર તેની જાહેરાત કરે.

૨. અનુસ્નાતક ભવનો તથા કેન્દ્રોના વિદ્યાર્થીઓને પ્રવેશ ગુણવત્તાના ધોરણે અપાય. આ રીતે જ પ્રવેશ આપવામાં આવ્યો છે તેની ચકાસણી માટે પ્રવેશ માટે અરજી કરનાર દરેક વિદ્યાર્થીના ગુણ દર્શાવતી તથા તેમાંથી જેમને પ્રવેશ આપવામાં આવ્યો હોય તે વિદ્યાર્થીઓની યાદી દરેક કૉલેજ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવાનું રાખે.

સૂચન નં. ૨ પરત્વે બોર્ડનાં સૂચનો

૧. અમદાવાદમાં વિજ્ઞાનના વિષયોમાં પ્રયોગશાળાઓની સગવડો કેટલીક સ્થાનિક કૉલેજોમાં ઉપલબ્ધ થઈ શકે છે એ ધ્યાનમાં રાખી પ્રાયોગિક કામ માટે કૉલેજોની આ પ્રયોગશાળાઓનો ઉપયોગ થાય અને વ્યાખ્યાનો યુનિવર્સિટીનાં ભવનોમાં યોજાય તે રીતે વિજ્ઞાનભવનમાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની વ્યવસ્થા વિચારી શકાય કે કેમ.

૨. બીજી વિદ્યાશાખાઓમાં ભવનોના વધારે વર્ગો ખોલીને પણ વધુ વિદ્યાર્થીઓને સમાવી શકાય કે કેમ તે પણ વિચારવું.

૩. આ સૂચનોનો અમલ જૂન ૧૯૬૮થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી થઈ શકે કે કેમ તે પણ વિચારવું.

૩૫. પારેખ ધ્રુવર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં સ્થાપવામાં આવેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ શ્રી. એન. એમ. શાહ રાજીનામું આપીને છૂટા થતા હોવાથી આગામી જૂન માસથી તેમની જગ્યાએ તે કૉલેજમાં જોડાનાર પ્રો. વી. ટી. સોનીની પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પારેખ ધ્રુવર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં સ્થાપવામાં આવેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. વી. ટી. સોનીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૬. શ્રી. રઘુનાથ રામભરોસા ભટ્ટની એમ.એ. હિન્દી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર તેમની "વિશારદ" અને "રાષ્ટ્રભાષા રત્ન"ની લાયકાતો ધ્યાનમાં લઈને માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રઘુનાથ રામભરોસા ભટ્ટની એમ.એ. પદવીના હિંદી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૭. (૧) સી. એન. આર્ટ્સ એન્ડ શ્રી. ડી. કૉમર્સ કૉલેજ, કડી, અને (૨) સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં એમ.કૉમ. વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સી. એન. આર્ટ્સ એન્ડ શ્રી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં એમ.કૉમ.નો કૉસ્ટિંગ વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરીને નીચે જણાવેલ શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવા

પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્યશ્રી એન. બી. જોશીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. કૉલેજને પાર્ટ ૧ના ફરજિયાત વિષયો અને વૈકલ્પિક વિષયોમાં ફક્ત કૉરિસ્પૉંડન્સ માટે પરવાનગી આપવી.

૩. રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો વસાવેલાં હોવાં જોઈશે તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં સામયિકો આવતાં હોવાં જોઈશે.

૪. ગ્રંથાલય માટે ગ્રંથપાલની નિમણૂક કૉલેજે કરવાની રહેશે.

ઉપર જણાવેલ શરતો ઉપરાંત નીચેની શરતો પણ ઉપરોક્ત કૉલેજ માટે રહેશે :

૧. એ. ૬૫–એસ અનુસાર અનુસ્નાતક કેન્દ્રમાં ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે.

૨. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ જણાશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાકીદે કરવામાં આવે અને તે ઊણપ દૂર કરવા તાત્કાલિક પગલાં લેવામાં આવે.

૩. અનુસ્નાતક કેન્દ્રને માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) વર્ષ ૧૯૬૯ના જૂનથી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શીખવવાની પરવાનગી આપી શકાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય એવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

(૨) સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં એમ.કૉમ.માં કૉરિસ્પૉંડન્સ વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરીને નીચેની શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે સ્થાપવા પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય શ્રી. એચ. કે. બુખારીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

૧. તા. ૧૫મી જૂન ૧૯૬૮ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા જરૂરી પ્રાધ્યાપકગણની નિમણૂક કરવામાં આવેલી હોવી જોઈશે.

૨. કૉલેજને પાર્ટ ૧ના ફરજિયાત વિષયો અને વૈકલ્પિક વિષયોમાં ફક્ત કૉરિસ્પૉંડન્સ માટે પરવાનગી આપવી.

૩. રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં અનુસ્નાતક અભ્યાસને લગતાં પુસ્તકો વસાવેલાં હોવાં જોઈશે તથા વાર્ષિક રૂા. ૧,૦૦૦ની કિંમતનાં સામયિકો આવતાં હોવાં જોઈશે.

૪. ગ્રંથાલય માટે ગ્રંથપાલની નિમણૂક કરવાની રહેશે.

ઉપર જણાવેલ શરતો ઉપરાંત નીચેની શરતો પણ ઉપરોક્ત કૉલેજ માટે રહેશે :

૧. ઑર્ડિ. ૬૫-એસ અનુસાર અનુસ્નાતક કેન્દ્રમાં ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે.

૨. જો કોઈ પણ કારણસર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણમાં ફેરફાર થશે અગર તેમાં ઊણપ જણાશે તો તે અંગેની જાણ યુનિવર્સિટીને તાકીદે કરવામાં આવે અને તે ઊણપ દૂર કરવા તાત્કાલિક પગલાં લેવામાં આવે.

૩. અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) વર્ષ ૧૯૬૯ના જૂનથી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શીખવવાની પરવાનગી આપી શકાશે.

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની કુલપતિશ્રીએ જેમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય હોય તેવી એક સમિતિ મોકલીને ખાતરી કરવી અને શરતોનું સંતોષકારક રીતે પરિપાલન થયું હોય તો જ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૩૮. બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૭ની સભાના ઠરાવ મુજબ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની નીચેની ભલામણ તબીબી વિદ્યાશાખાની તા. ૧૯-૩-૧૯૬૮ની સભા સમક્ષ વિચારણા માટે મૂકી હતી જે પર તબીબી વિદ્યાશાખાની સભાનો ઠરાવ થયો હતો કે મજકૂર બાબત અંગે કંઈ કરવાનું રહેતું નથી તે ઠરાવ પ્રત્યે વિચારણા કરવા બાબત :

મેડિકલ કાઉન્સિલની ભલામણ

"For the proper training of the post-graduate students there should be a limit to the number of students admitted per year. For this purpose every unit (each post-graduate unit shall consist of Professor, Associate Professor and Assistant Professor or Reader and may admit not more than three students every year and if the number of teachers are less than the number of students be lessened proportionately i.e., 1 per teacher) should consist of at least 3 full-time post-graduate teachers and can admit not more than 3 students for post-graduate training per year. If the number of post-graduate teachers in the unit is more than three than the number of students can be increased proportionately. For this purpose one student should be associated with one post-graduate teacher.

Where the number of post-graduate teachers is less than 3 per unit than the number of students should be reduced so as to keep to the ratio to one student per teacher per year.

In the organisation of post-graduate department, it is necessary that all the ancillary departments should be available for co-ordination of training.

Where there are part-time or honorary teachers their work in the department may be considered as half time and so the work of two honoraries can be considered as work done by one full-time teacher.

Minimum requirements for a Post-graduate teaching centre

Every post-graduate teaching Centre should fully satisfy the minimum requirements for under-graduate training as prescribed by the Medical Council of India and in addition to the department where the post-graduate training is to be imparted should have the additional requirements depending upon the type of work being carried out in the department."

(નોંધ.—તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે પ્રવેશસંખ્યા પર મર્યાદા મૂકતો નીચેનો ઠરાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૨૭-૪-૧૯૬૭ની સભાના મેડિકલ કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરીને કર્યો છે :

મેડિકલ કાઉન્સિલની ભલામણ

"The Executive Committee resolves that the maximum number of students that can be admitted to post-graduate diploma courses per teacher can be three subjects to a maximum of six students per unit.")

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ઉપરની ભલામણ સ્વીકારવા તથા તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાનાં અનુસ્નાતક કેન્દ્રોમાં તે અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેવો નિયમ ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલમાં તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાના અનુસ્નાતક કેન્દ્રમાં જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે તે વિદ્યાર્થીઓને સત્રો પૂરાં કરવા અને પરીક્ષામાં બેસવા પરવાનગી આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની નીચેની ભલામણ સ્વીકારવા તથા તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પદવી અભ્યાસક્રમમાં તે ભલામણમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને

પ્રવેશ આપવા નિયમ ઘડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

મેડિકલ કાઉન્સિલની ભલામણ

"For the proper training of the post-graduate students there should be a limit to the number of students admitted per year. For this purpose every unit (each post-graduate unit shall consist of Professor, Associate Professor and Assistant Professor or Reader and may admit not more than three students every year and if the number of teachers are less than the number of students be lessened proportionately i.e., 1 per teacher) should consist of at least 3 full time post-graduate teachers and can admit not more than 3 students for post-graduate training per year. If the number of post-graduate teachers in the unit is more than three then the number of students can be increased proportionately. For this purpose one student should be associated with one post-graduate teacher.

Where the number of post-graduate teachers is less than 3 per unit then the number of students should be reduced so as to keep to the ratio to one student per teacher per year.

In the organisation of post-graduate department, it is necessary that all the ancillary departments should be available for co-ordination of training.

Where there are part-time or honorary teachers their work in the department may be considered as half time and so the work of two honoraries can be considered as work done by one full-time teacher.

Minimum requirements for a Post-graduate teaching centre

Every post-graduate teaching Centre should fully satisfy the minimum requirements for under-graduate training as prescribed by the Medical Council of India and in addition to the department where the post-graduate training is to be imparted should have the additional requirements depending upon the type of work being carried out in the department."

૩૯. નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષયો અને પદવી માટેનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલ અરજીઓ ઉપરથી નીમવામાં આવેલી તપાસસમિતિના હેવાલ હજુ સુધી આવેલ

નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય અને પદવી	તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી	એમ.કૉમ.ના વિષયો	(૧) આચાર્યશ્રી એમ. સી. શાહ (૨) પ્રો. ડી. ડી. ત્રિવેદી
૨.	સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	એમ.કૉમ.	(૧) આચાર્યશ્રી એમ. સી. શાહ (૨) પ્રો. ડી. ડી. ત્રિવેદી
૩.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	ડી.બી.એમ.ડિપ્લોમા-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટ	(૧) શ્રી. બી. જી. શાહ (૨) શ્રી. એચ. એન. પાઠક
૪.	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	,, ,,	,,

૧. આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી તથા સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં એમ.કૉમ. પદવીના કાસ્ટિંગ વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવાની બાબત નં. ૩૭થી વિચારવામાં આવી હોવાથી કાંઈ કરવાનું રહેતું નથી.

૨. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તથા નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટ (ડી.બી.એમ.)ના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સ્થાનિક તપાસસમિતિ નીમવામાં આવી છે તે તપાસસમિતિ તરફથી રિપોર્ટ આવ્યેથી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૦. પ્રમુખશ્રીની પરવાનગીથી ધારાશાસ્ત્રની વિદ્યાશાખાના ડીન શ્રી. ગિરીશભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે શ્રી. એન. એમ. મિયાંભાઈને ખ્યાતનામ (eminent) વ્યક્તિ તરીકે ઑર્ડિ. ૬૫-આઈ હેઠળ એલએલ. એમ. ગ્રુપ ૧ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવી.

તે અંગે ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. એમ. મિયાંભાઈને ખ્યાતનામ(eminent) વ્યક્તિ તરીકે એલએલ.એમ. ગ્રુપ ૧ માટે ઑર્ડિ. ૬૫-આઈ મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

परिशिष्ट "क"

List of the Post-graduate Centres and the Name f Professors in charge of the Post-graduate Centres (Under O-65)

AHMEDABAD ZONE

(It will comprise of Colleges and Institutions in Ahmedabad Dist.)

Sr.No.	*College/Institution*	*Degree*	*Subject*	*Name of Professor in charge*
1	2	3	4	5
1.	Gujarat College, Ahmedabad	1. M.A.	Urdu	Prof. M. A. Faruqui, M.A., Ph.D.
2.	M. G. Sci. Inst., Ahmedabad	1. M.Sc.	Geology	Prof. S. Mukharji, M.Sc.
3.	B. J. Insti. of Learning and Research, Ahmedabad	1. M.A.	Anc. Indian Cult.	Dr. H. G. Shastri, M.A., Ph.D.
4.	L. D. College of Engineering, Ahmedabad	1. M.E. (Elect.)	Elect. Machine Design, etc. and Elect. power	Prof. H. S. Jain
		2. M.E. (Mech.)	Mechanical	Prof. K. J. Bhatt
*5.	B. D. College, Ahmedabad	1. M.A.	Home Science	*Kum. J. V. Parghi*, M.Sc.
*6.	L. A. Shah Law College, Ahmedabad	LL.M. Br.IV	LL.M. Br.IV	Prin. M. S. Pandit, B.A., LL.B.
7.	New Law College, Ahmedabad	LL.M. Br.I		Shri G. C. Patel
8.	H. L. College of Commerce, Ahmedabad	M.Com.	M.Com.	Prin. S. V. Desai, M.S. (Columbia)

1	2	3	4	5
9.	H. A. College of Commerce, Ahmedabad	M.Com.	M.Com.	Shri M. C. Desai, M.A., LL.B.
10.	H. K. Arts College Ahmedabad	M.A.	Geography	Shri A. T. Desai
11.	L. M. College of Pharmacy, Ahmedabad	M.Pharm.	Pharmacy (M.Pharm subject)	Dr. C. S. Shah, B.Sc., D.Sc.
12.	Sheth K. M. School of P.G. Medicine and Research, Ellis-Bridge, Ahmedabad	1. Medicine & M.D. Br.I Therapeutics 2. Pathology & M.D. Br. II. Bacteriology 3. Obstetrics & M.D. Br. III. Gynaecology 4. Anaesthesia M.D. Br. IV 5. Gen. Surgery M.S. Br. I 6. Orthopedic Surgery M.S. Br. III 7. Dip. in Anaesthesia (D.A.) 8. Dip. in Gyanaecology & Obstetrics (D.G.O.) 9. Diploma in Opthalmology 10. Diploma in Veneriology & Dermatology D.V. & D. 11. D.Ped. Pediatrics 12. D.L.O. (E.N.T.) 13. D.M.R.E. (Radiology) 14. Pediatrics (M.D.)	Dr. S. C. Pandya, M.D. " " " " " "

1	2	3	4	5
13.	B. J. Medical College, Ahmedabad	1. M.D. Br. I	Medicine & Therapeutics	Dr. E. M. Best
		2. M D. Br. II	Pathology & Bacteriology	
		3. M.D. Br. III	Gynaecology & Obstetrics	
		4. M.D. Br. IV	Pharmacology	
		5. M.D. Br. V	Pediatrics	
		6. M.D. Br. VI	Anaesthesia	
		7. M.S. Br. I	General Surgery	
		8. M.S. Br. III	Orthopedic Surgery	
		9. M.Sc. Br. IV	Opthalmology	
		10. M.Sc. (Med.)	1. Human Anatomy M.Sc. (Med.)	
			2. Human Physiology M.Sc. M.Ed.	
			3. Pharmacology Br. IV	
			4. Pathology	

1	2	3	4	5
		11. D.O.	Dip. in Opthalmology	
		12. D.A.	Dip. in Anaesthesia	
		13. D.G.O.	Dip. in Gynaecology	
		14. D.Ped.	Dip. in Pediatrics	
		15. D.L.O.	Dip. in Laryngology & Otology	
		16. D.M.-R.E.	Dip. in Radiology	
		17. M.D. Br. VII	Preventive & Social Medicine	
*14.	Municipal Medical College, Ahmedabad	M.Sc. (Med.)	1. Physiology	Dr. Hrishikesh
			2. Anatomy	Dr. F. G. Mehra
15.	Govt. Dental College and Hospital, Ahmedabad	M.D.S.	1. Prosthetic Dentistry	Dr. A. M. Malaoowala
			2. Periodontia	
			3. Orthodontia	
			4. Oral Surgery & Maxillofacial Plastic Surgery	
			5. Oral Diagnosis & Dental Radiology	

1	2	3	4	5
			6. Pedodontia & Preventive Dentistry M.Com.	
16.	Navgujarat Commerce & Law College, Ahmedabad	M.Com.	Subjects	Shri M. C. Shah
	NORTH ZONE			
	(It will comprise of Colleges and Institutions in Sabarkantha, Mehsana and Banaskantha Districts)			
*17.	M. N. College, Visnagar	1. M.A.	Gujarati	Prof J. A. Dave
		2. M.A./M.Sc.	Mathematics (Grs. "A" & "B")	Shri S. J. Trivedi
		3. M.Sc.	Inorganic Chemistry	Shri V. T. Oza, M.Sc.
		4. M.A.	History-Economics (Grs. "A" & "C")	Shri N. B. Naik
		5. M.A.	Hindi	Shri P C. Sharma
*18.	Sir P. T. Science and Shri S. K. Shah and Shrikrishna O. M. Arts College, Modasa	1. M.A.	Gujarati	Shri D. P. Thaker, M.A., Ph.D.
		2. M.A./M.Sc.	Mathematics Gr. "B"	Shri S. S. Dave
19.	Sheth M. N. Science College and Shri & Smt. P. K. Kotawala Arts College, Patan		1. English	Shri H. C. Trivedi
			2. Sanskrit	Shri B M. Upadhyaya
			3. Psychology	Shri R. H. Trivedi
			4. Maths. Gr. "A"	Shri N. P. Bhamore
20.	U. P. Arts & Sarvodaya Science College, Pilvai	M.Sc.	Physical Chemistry & Organic Chemistry	Shri J. D. Talati
21.	Sheth H. P. Arts & S. M. Science College, Talod	M.A.	Gujarati	Shri M. M. Naik

1	2	3	4	5	6
		SOUTH ZONE			
		(It will comprise of Colleges and institutions in Kaira, Panchmahals, Baroda & Daman Districts)			
22.	C. B. Patel Arts Inst., Nadiad	1. M.A.	Gujarati	Prof. R. N. Pandya, M.A.	
		2. M.A.	Economics	Prof. M. J. Pathakji, M.A.,LL.B.	
			Sociology (Grs. "C" & "E")		
		3. M.A.	Hindi	Shri R. H. Gandhi, M.A.	
23.	J. & J. College of Sc., Nadiad	1. M.Sc.	Physics	Shri V. P. Bhatt	
		2. M.Sc.	Organic Chemistry	Shri K. N. Chokshi, M.Sc., B.T.	
		3. M.Sc.	Mathema-tics(Gr."A")	Shri S. B. Shah, M.Sc.	
24.	Shri I. V. Patel College of Com., Nadiad	M.Com.	M.Com. Subject	Shri S. R. Mehta	
25.	Smt. B. C. Jalundhwala Science College, Cambay	M.Sc.	Organic Chemistry	Shri J. J. Trived,	B.Sc., Ph.D.
26.	Shri Rajni Parekh Arts & Commerce College, Cambay	M.A.	Gurarati	Shri R. M. Shukla, M.A.	
*27.	P. B. Science & S. K. Arts College, Kapadwanj	M.Sc.	Organic Chemistry	Dr. N. M. Shah, M.Sc., Ph.D.	
		M.A.	Gujarati	Shri K. D. Patel, M.A.	
§28.	P. T. Arts & Science College, Godhra	§M.A./ M.Sc.	Mathema-tics Gr. "B"		
		M.Sc.	Organic Chemistry	Dr. T. N. Mehta, B.A.. B.Sc., D.I C , Ph.D., A.R I.C., M.I.I. Chemi. E.	
29.	Arts & Science College, Dabhoi	M.A.	Economics Grs. "C"&"D"	Shri S. L. Patel, M.A.	

* જે કૉલેજો તરફથી હજુ સુધી પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક બાબતમાં જલામણરૂપે માહિતી આવી નથી તે કૉલેજોનાં નામ સામે પ્રોફેસર-ઇન-ચાર્જનાં નામ અગાઉ પ્રમાણે જ દર્શાવ્યાં છે.

§ તે કૉલેજમાં આ વર્ષે કેન્દ્ર શિક્ષકગણને અભાવે શરૂ થયું નથી. ત્યાં જૂન ૧૯૬૮થી સ્થાનિક શિક્ષકગણ નીમી શરૂ કરવા માગે છે કે કેમ તે અંગે આચાર્યને પુછાવ્યું છે.

1	2	3	4	5
		KUTCH ZONE		
		(It will comprise of College in Kutch District)		
	R. R. Lalan College, Bhuj	1. M.A.	Gujarati	Shri C. A. Shukla, M.A.
		2. M.A.	Hist.-Econ. Gr."A"&"C"	Shri I. J. Dhruve, M.A.
		3. M Sc.	Organic Chemistry	Shri N. Z. Patel, M.Sc., Ph.D.

परिशिष्ट "ख"

List of Recognised Post-graduate Teachers and Assistant Teachers corrected up to Dt. 30-4-1968

Sr. No.	*Name of the Teachers with qualifications*	*College or Institution*	*Teaching*	*Research*
1	2	3	4	5
		GUJARATI		
Teachers				
1.	Shri Acharya K. M., M.A.	Swaminarayan Arts College, Ahmedabad	T	—
2.	Shri Adhvaryu V. B., M.A.	B.D. College, Ahmedabad	T	—
3.	Shri Bhatt C. P., M.A.,	City Arts College, Ahmedabad	T	—
4.	Shri Bhatt I. J., M.A.,Ph.D.	Navgujarat College Ahmedabad.	T	—
5	Shri Bhatt P. H., M.A.	M. B. College of Com. & G. M. N. Arts College, Dehgam	T	—
6.	Shri Dave V. N., M.A.	S. V. Arts College, Ahmedabad	T	—
7.	Shri Dave J. A., M.A.	M. N. College, Visnagar	T	—
8.	Shri Dave M. A., M.A.	Gujarat College, Ahmedabad	T	—
9.	Shri Jani R. U., M.A.	L. D. Arts College, Ahmedabad	T	—

1	2	3	4	5
10.	Shri Jesalpura S. T., M.A., Ph.D.	D. C. M. College, Viramgam	T	Ph.D.
11.	Shri Joshi N. U., M.A.	Rajani Parekh Arts & Commerce College, Cambay	T	—
12.	Shri Joshi R. J., Ph.D.	University School of Languages, Ahmedabad	T	Ph.D.
13.	Shri Joshi U. J., M.A.	-do-	T	Ph.D.
14.	Shri Kothari B. P., M.A.	Arts & Commerce College, Dholka	T	—
15.	Shri Kothari J. S., M.A.	G. L. S. Arts College for Girls, Ahmedabad	T	—
16	Shri Master D. M., M.A.	C. B. Patel Arts Inst., Nadiad	T	Ph.D.
17.	Shri Modh J. D., M.A	R. R. Lalan College, Bhuj	T	—
18.	Smt. Medh S. P. B.A.,Ph.D.	Navgujarat Arts College Ahmedabad	T	—
19.	Shri Mehta R. L., M.A.,	R. R. L. College, Bhuj	T	—
20.	Shri Naik M. M., M.A.,	H. P. Arts & S. M. S. P. Science College, Talod	T	—
21.	Shri Naik R. S., M.A.	R. A. College of Arts & Sc., Ahmedabad	T	—
22.	Shri Pandya R. N., M.A.	C. B. Patel Arts Inst., Nadiad	T	—
23.	Shri Parekh N. N.	Shri H. K. Arts College, Ahmedabad	T	—
24.	Shri Parekh M. H., M.A., Ph.D.	-do-	T	—
25.	Shri Patel B. R., M.A.,Ph.D.	Arts & Science College, Talod	T	—
26.	Shri Patel K. D., M.A.	Arts & Science College, Kapadwanj	T	—
27.	Shri Rali S. G., M.A.	Ahmedabad Arts College, Ahmedabad	T	—

1	2	3	4	5
28.	Shri Shah N. C., M.A.	Patan Arts & Science College, Patan	T	—
29.	Shri Shastri K. K.	B. J. Inst. of Learning & Research, Ahmedabad	T	Ph.D.
30.	Shri Shukla Y. P., M.A.	H. K. Arts College, Ahmedabad	T	Ph.D.
31.	Shri Shukla R. M., M.A.	Rajani Parekh Arts College, Cambay	T	—
32	Shri Shukla C. A., M.A.	R. R. L. College, Bhuj	T	—
33.	Shri Shukla T. R., M.A.	Sir P. T. Arts & Science College, Modasa	T	—
34.	Shri Thaker D. P., M.A., Ph.D.	-do-	T	Ph.D.
35.	Shri Trivedi C. S., M.A.,	St. Xavier's College, Ahmedabad	T	—
36.	Shri Upadhyay V. G., M.A.	Arts College, Sankheda	T	—
37.	Shri Dave J. J., M.A.	Muni. Arts & Commerce College, Mehsana	T	—
38.	Kum. Kavi A. A., M.A.	M. N. College, Visnagar	T	—
39.	Shri K. S. Patel, M.A.	L. H. Science & S. D. Arts College, Mansa	T	—
40.	Smt. Fadia P. J., M.A., Ph.D. (S.N.D.T.)	Saraspur Arts College, Ahmedabad	T	—
41.	Shri Jhaveri B. J., M.A., Ph.D.	Gujarat College, Ahmedabad	T	Ph.D.
42.	Shri Dave, S. M., M.A., Ph.D.	P. T. Arts & Science College, Godhra	T	—
*43.	Shri Darji P. S., M.A.,	Lunawada Arts & Science College, Lunawada	T	—
*44.	Shri Pandya B. M., M.A.,	K. K. Arts & Commerce, College, Dhandhuka	T	—

1	2	3	4	5
		GUJARATI		
Assistant				
1.	Shri Bhatt R.M., M.A.	H. K. Arts College, Ahmedabad	—	—
2.	Shri Bhatt U. R., M.A.,Ph.D.	L. D. Arts College, Ahmedabad	—	—
3.	Shri Barot R. H., M.A.	M. N. College, Visnagar	—	—
4.	Shri Dave, J. C., M.A.	Arts & Science College, Modasa	—	—
5.	Shri Desai D. C., M.A.	H. L. College of Commerce, Ahmedabad	—	—
6.	Shri Desai R. M., M.A.	Arts & Commerce College, Borsad	—	—
7.	Shri Dholakia M. S., M.A.	Gujarat College, A'bad	—	—
8.	Shri Mistry B. R., M.A.	Arts & Science College, Dabhoi	—	—
9.	Shri Patel C. V., M.A.	S. V. Commerce College, Ahmedabad	—	—
10.	Shri Pandit B. M., M.A.	Arts & Commerce College, Kaira	—	—
11.	Shri Pandya V. A., M.A.	Petlad College, Petlad	—	—
12.	Shri Parmar J. N., M.A.	Bhavan's College, Dakor	—	—
13.	Shri Patel C. A., M.A.	H. A. College of Com. Ahmedabad	—	—
૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. સામંતસિંગ માવસિંહને તા. ૧૮-૧૧-૧૯૬૭થી છૂટા કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૨૪-૫-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ—શ્રી. સામંતસિંગ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૯-૧૧-૧૯૬૬થી જોડાયા હતા અને તા. ૧૮-૧૧-૧૯૬૭થી તેમને છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સામતસીંગ માવસિંહને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૭. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. અનિલ એચ. શાહને તા. ૨૩-૫-૧૯૬૮થી છૂટા કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૨૫-૫-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ—શ્રી. શાહ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૪-૫-૧૯૬૬થી જોડાયા હતા અને તા. ૨૩-૫-૧૯૬૮થી તેમને છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અનિલ એચ. શાહને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૮. શ્રી. વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રી તરફથી આવેલી ફરિયાદના તા. ૨૩-૬-૧૯૬૮ના પત્ર પરથી સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિ તરફથી આવેલ અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી.

(સદરહુ અહેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૯. તબીબી કૉલેજોમાં પ્રવેશ માટેની મર્યાદા રદ કરવા અંગેના રે. જે. બી. હરિભક્તિના તા. ૨૪-૫-૧૯૬૮ના પત્ર દ્વારા આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"As age limit for entrance to the Pre-Uni. Class has been removed by a resolution of the Syndicate it automatically follows that there shall be no age restriction to admission to any of the courses viz. Medical or Engineering, etc. of our University.

This clarification should be given due publicity in the Press and Medical and such colleges should be instructed accordingly."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી. તે દરમિયાન ચાલુ વર્ષે તબીબી કૉલેજમાં પ્રવેશના સંદર્ભમાં વયમર્યાદા અંગેના કોઈ કેસ આવે તો તેવા કેસોમાં એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના આખરી નિર્ણયને આધીન કામચલાઉ ધોરણે પ્રવેશ આપવા માટે તબીબી કૉલેજોને જણાવવું.

૩૦. ૧૯૬૬-૬૭ના વર્ષમાં શ્રી. પુરુષોત્તમદાસ મોહનલાલ પટેલે બી.એડ. અને પ્રથમ એલએલ.બી.ના બે પૂર્વસ્નાતક અભ્યાસક્રમો અનુક્રમે પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદમાં અને ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં વર્ગોમાં નિયમિત હાજરી આપી એક-સાથે કર્યા અંગેની બાબત પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ મુજબ બે પૂર્વસ્નાતક અભ્યાસક્રમો એકસાથે થઈ શકે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) શ્રી. પુરુષોત્તમદાસ મોહનલાલ પટેલે બી.એડ. અને પ્રથમ એલએલ.બી.નાં સત્રો એક સાથે ભર્યાં છે તે આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે મંજૂર રાખવા.

(૨) બે પૂર્વસ્નાતક કે બે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં કોઈ પણ વિદ્યાર્થી એકસાથે સત્રો ભરી શકે નહિ તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ અંગેનાં ધારાધોરણોમાં ઘટતો સુધારો સૂચવવા માટે કાર્યાલયને જણાવવું.

૩૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નોકરીના નિયમો માટે સેનેટ-સભ્ય શ્રી. રમેશ ભટ્ટ તરફથી આવેલા "મૉડેલ રૂલ્સ" બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા સારુ તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલી સમિતિની તા. ૨૨-૫-૧૯૬૮ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૫-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૫-૧૯૬૮ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૩. પ્રી-યુનિવર્સિટી વિનયનમાં પ્રશિષ્ટ ભાષા તરીકે ફ્રેન્ચ રાખી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિની કુ. ગાર્ગી એ. શેઠને સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ફર્સ્ટ બી.એ.માં સ્ટેટિસ્ટિક્સ (મુખ્ય) અને ગણિતશાસ્ત્ર (ગૌણ) વિષય રાખીને પાસ થયેથી સેકન્ડ બી.એ.માં તેમના વિષયોના જૂથને કારણે અન્ય કૉલેજમાં જોડાવા ઇચ્છતાં હોઈ તેમને પ્રશિષ્ટ ભાષા ફ્રેન્ચ ખાનગી રાહે શીખવા માટે મંજૂરી આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બહેન જે વિષયો સેકન્ડ બી.એ.માં રાખવા ઇચ્છે છે તે વિષયોના શિક્ષણની જોગવાઈ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં નથી, જ્યારે પ્રશિષ્ટ ભાષા તરીકે ફ્રેન્ચ ભાષાના શિક્ષણની જોગવાઈ અન્ય કૉલેજમાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. ગાર્ગી એ. શેઠના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં સ્ટેટિસ્ટિક્સ (મુખ્ય) અને ગણિતશાસ્ત્ર (ગૌણ) વિષયો બીજી જે કૉલેજમાં શીખવાતા હોય તે કૉલેજમાં પ્રવેશ લેવા માટે તથા ફ્રેંચ વિષયનો અભ્યાસ ખાનગી રાહે કરવા માટે તેમને પરવાનગી આપવી.

(નોંધ.—ફ્રેંચ વિષયમાં આંતરિક ગુણાંકન માટે જરૂરી કસોટીઓ યોજવા માટે તેમની કૉલેજે ઘટતી વ્યવસ્થા કરવી આવશ્યક રહેશે.)

બાબત નં. ૩૪, ૫૫ અને ૬૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૪. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. આર. શેનોય તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ અંગે તેઓની તા. ૨૬-૩-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શેનોય સમાજવિદ્યા ભવનમાં તા. ૨૧-૬-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

અને

૫૫. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. આર. શેનોય તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-અ પ્રમાણે

તેમને ચેરસુધી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શેનોય તા. ૨૬-૬-૧૯૫૪થી જોડાયા હતા અને તા. ૬૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

અને

૬૬. બાયોનોમિક્સ રિસર્ચ સેન્ટર તરફથી "મોનેટરી પ્રોજેક્ટ ઑફ પી.એલ.-૪૮૦ ફન્ડનાન્સ" ઉપર દિલ્હી મુકામે તા. ૧૧-૧૧-૧૯૬૭થી તા. ૧૫-૧૧-૧૯૬૭ સુધી યોજવામાં આવેલા પરિસંવાદમાં સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી પ્રો. બી. આર. શેનોયે સદરહુ સેન્ટરના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીની પરવાનગી વિના કામ કર્યું છે એમ જણાતાં કુલપતિશ્રીના આદેશથી તે અંગે તેમની પાસેથી તા. ૨૭-૧૨-૧૯૬૭ના પત્રથી અને તે પછી તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સિન્ડિકેટના ઠરાવ અન્વયે તા. ૧૬-૫-૧૯૬૮ના પત્રથી સ્પષ્ટતા માગવામાં આવેલી છે, પણ હજુ સુધી કાર્યાલયને તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી તેથી તે અંગે વિચારણા કરવા બાબત.

તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) બાબત નં. ૩૪ અને ૫૫ની વિચારણા મોકૂફ રાખવી.

(૨) સદરહુ બાબત અંગે પ્રો. બી. આર. શેનોયનો જવાબ હજુ સુધી આવ્યો નથી તો તે મોકલી આપવા માટે તેમને ફરીથી લખી જણાવવું.

૩૫. યુનિવર્સિટીના કુલપતિની નિવૃત્તિવય મર્યાદા ૬૫ વર્ષની નિયત કરવાનું સૂચવતા તથા તે માટે યુનિવર્સિટીનો અભિપ્રાય મેળવવા અને તે મુજબ ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઘટતાં પગલાં લેવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૪-૫-૧૯૬૮ના પત્રાંક યુ.એસ. ૧૩૬૭-૩૩૬૯૫-કે.એચ. ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફારો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૬. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વીરમગામનું સંચાલન શેઠ એમ. જે. હાઈસ્કૂલ બોર્ડ, વીરમગામ પાસે છે તેને બદલે વીરમગામ કૉલેજ કેળવણી મંડળને સંચાલન સોંપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—એમ. જે. હાઈસ્કૂલ બોર્ડનો, સદરહુ કૉલેજનું સંચાલન સોંપવા તથા વીરમગામ કૉલેજ કેળવણી મંડળનો, સદરહુ કૉલેજનું સંચાલન સ્વીકારવા ઠરાવો આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું સંચાલન શેઠ એમ. જે. હાઈસ્કૂલ બોર્ડ, વીરમગામ પાસેથી વીરમગામ કૉલેજ કેળવણી મંડળ સંભાળે તેમાં આ યુનિવર્સિટીને કશો વાંધો નથી એમ તે બોર્ડ તથા મંડળને જણાવવું.

૩૭. અધ્યાપનની કૉલેજોમાં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, ઇતિહાસ અને ભૂગોળ એમ પ્રત્યેક વિષયના "કન્ટેન્ટ કોર્સ" માટે તે વિષયમાં અનુસ્નાતક પદવી ધરાવતા વ્યાખ્યાતાની આવશ્યકતા ગણવા તથા સદરહુ શિક્ષકને સપ્તાહમાં એક

તાસનું કાર્યભાર સોંપવા તથા જરૂર પડયે અન્ય કૉલેજમાંથી તે માટેની સહાય લેવા અને તે માટેનું યોગ્ય મહેનતાણું નક્કી કરવા અંગેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એકજ મૅનેજમેન્ટ હેઠળ ચાલતી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને, ઑર્ડિ. ૧૨૦-એ અન્વયે નિયત કરેલ કાર્યબોજની મર્યાદાને આધીન, સદરહુ વિષયોના "કન્ટેન્ટ કોર્સ" માટેનું શિક્ષણકામ સોંપવામાં આવે તો તે સ્વીકાર્ય ગણાશે, અને તે માટે સંબંધકર્તા શિક્ષકને કશું વધારાનું વેતન આપવાનું આવશ્યક ગણાશે નહિ.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે બીજી મૅનેજમેન્ટ હેઠળ ચાલતી કૉલેજમાંથી કોઈ શિક્ષકને સદરહુ વિષયના "કન્ટેન્ટ કોર્સ"ના શિક્ષણકામ માટે બોલાવવામાં આવે તો તેમને વ્યાખ્યાન દીઠ રૂા. ૧૦ન વેતન આપવાનું આવશ્યક ગણાશે.

૩૮. ડીસા નગર પંચાયત, ડીસા તરફથી ડીસા ખાતે જૂન, ૧૯૬૯થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા અંગે આવેલી જોડાણઅરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

૩૯. સંલગ્ન કૉલેજો તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રવેશ માટે અનામત રકમ લેવા અંગેના નિયમો જે સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલા તે નિયમો પૈકી રૂા. ૧૦ની કૉશન મની ડિપૉઝિટ કેવળ ગ્રંથાલય માટે ન રાખતાં અન્ય સર્વ માટે રાખવી એવા ભવન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીએ ઘડેલા નિયમમાં કશો ફેરફાર કરવો નહિ.

૪૦. ૧૯૬૭-૬૮થી શરૂ થતા ત્રણ વર્ષના સમય માટે બ્લૉક ગ્રાન્ટ મંજૂર કરવાનો પ્રશ્ન રાજ્ય સરકારની વિચારણા હેઠળ હોઈ વચગાળાના સમય માટે રાજ્ય સરકારે તેમના તા. ૨૦-૪-૧૯૬૮ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૮થી સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટેના પ્રથમ હપ્તાની ગ્રાન્ટ અગાઉના ધોરણે રૂા. ૧,૩૪,૫૦૬-૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. પશ્ચિમ જર્મનીના પ્રોફેસર રાવરના સહયોગથી યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યા-ભવનના ભૌતિકશાસ્ત્રના રીડર ડૉ. કે. એમ. કોટડિયાએ "Electron density distribution in the Ionosphere with the help of probes sent up in Rocket" પર હાથ ધરેલ પ્રોજેક્ટ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂા. ૧૧,૩૦૦ની આર્થિક

સહાય મંજૂર કર્યા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના તા. ૨૦-૫-૧૯૬૮ના પત્રાંક એફ. ૨૯ સી. ૬૮ (એસ. ૧)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૮ની પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો માટેની યાદી સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં બાબત ક્રમાંક ૭૬થી મંજૂર કરી હતી તે પૈકી જરૂરી સંખ્યામાં નિરીક્ષકોની નિમણૂકો અને અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૪-૧૯૬૮ની સભાની ભલામણ પરથી તબીબી વિદ્યાશાખાની પદવી પરીક્ષાના અભ્યાસક્રમોમાં યુનિટ દીઠ વિદ્યાર્થીની પ્રવેશસંખ્યા અંગે અનુસ્નાતક નિયમ ઘડવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૪-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની નીચેની ભલામણ સ્વીકારવા તથા તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પદવી અભ્યાસક્રમમાં તે ભલામણમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે નિયમ ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી:

મેડિકલ કાઉન્સિલની ભલામણ

"For the proper training of the Post-graduate students there should be a limit to the number of students admitted per year. For this purpose every unit (Each post-graduate unit shall consist of Professor, Associate Professor and Assistant Professor or Reader and may admit not more than three students every year and if the number of teachers are less than the number of students be lessened proportionately, i.e., 1 per teacher) should consist of at least 3 full-time post-graduate teachers and can admit not more than 3 students for post-graduate training per year.

If the number of post-graduate teachers in the unit is more than three the number of students can be increased proportionately. For this purpose one student should be associated with one post-graduate teacher.

Where the number of post-graduate teachers is less than 3 per unit then the number of students should be reduced so as to keep to the ratio to one student per teacher per year.

In the organisation of post-graduate department, it is necessary that all the ancillary departments should be available for co-ordination of training.

Where there are part-time or honorary teachers their work in the department may be considered as half time and so the

work of two honoraries can be considered as work done by one full-time teacher.

Minimum requirements for a Post-graduate Teaching Centre

Every post-graduate teaching centre should fully satisfy the minimum requirements for undergraduate training as prescribed by the Medical Council of India and in addition to the department where the post-graduate training is to be imparted should have the additional requirements depending upon the type of work being carried out in the department."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૪૪. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં કામકાજ ક્રમાંક ૫૮થી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેના પરીક્ષકોની પેનલ તયાર કરવા અંગે નીમેલ સમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૭ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષકો/પ્રાશ્નિકોની પેનલ તૈયાર કરવા માટે તેમના અંગેની માહિતી માટે જે પ્રોફોર્મા તૈયાર કરવાનું છે તે પ્રોફોર્માની વિગતો નક્કી કરવા માટે શ્રી. વી. એચ. ભણોત અને શ્રી. કુલસચિવને સત્તા આપવી.

(નોંધ.—તબીબી વિદ્યાશાખા માટેનું પ્રોફોર્મા જુદું તૈયાર કર્યું છે તે પણ જોઈ જવા માટે શ્રી. વી. એચ. ભણોત અને શ્રી. કુલસચિવને જણાવવું.)

(સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૫. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો તથા અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ માટેની ટ્યૂશન ફીના ધોરણ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો તથા અનુસ્નાતક કેન્દ્રોમાં ટ્યૂશન ફી અંગેના નિયમો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા :

1. The following shall be the tuition fees for Post-graduate students for the Master's degree in the University and it shall be collected by the Post-graduate centres :

(*i*) **Faculty of Arts including Education**

Rs. 125/- per term for all the subjects comprised under the Faculty of Arts iucluding Education, other than the subjects of Home Science, Archaeology and Statistics for which the tuition fees per term shall be Rs. 150/-.

(*ii*) **Faculty of Science**

Rs. 200/- per term for all subjects comprised under the Faculty of Science other than the subjects of Mathematics and Statistics for which the tuition fees per term shall be Rs. 125/- and Rs. 150/- respectively.

(*iii*) **Faculty of Technology including Engineering**
Rs. 200/- per term for the courses comprised under the Faculty.

(*iv*) **Faculty of Agriculture**
Rs. 200/- per term for the courses comprised under the Faculty.

(*v*) **Faculty of Law**
Rs. 125/- per term for the courses comprised under the Faculty of Law, i.e., for LL.M. degree.

(*vi*) **Faculty of Medicine**
Rs. 150/- per term for all the courses comprised under the Faculty of Medicine.

(*vii*) **Faculty of Commerce**
Rs. 125/- per term for all the subjects comprised under the Faculty.

(*viii*) **Faculty of Ayurvedic Medicine**
Rs. 150/- per term for all subjects comprised under the Faculty.

2. The fees shall be collected by the centres and they shall be in addition to such fees, not exceeding Rs. 15/- in the aggregate per term as the centre may charge for gymkhana, library and other services.

3. Tuition fees for post-graduate guidance for Ph.D. degree shall be the same as fees for the Master's degree in the faculty concerned as mentioned in (1) above. This fee shall be paid to the University through the college, institutions or the University department, as the case may be, within 30 days from the receipt of the tuition fees.

Students for the Ph.D. degree or for the Master's degree by Research shall pay their tuition fees to the University.

૬૬. ગુજરાત સરકારે તેના ઠરાવ નં. સી. પી. એ. ૧૦૬૩-૩૬૭૭-જે (એસ.પી.એલ.) તા. ૨-૧૧-૧૯૬૩ના ઠરાવથી રૂા. ૨૫૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પગારના ૬ ટકા પ્રમાણે લોકલ કોમ્પેનસેટરી એલાઉન્સ (વધુમાં વધુ રૂા. ૫૦) અને રૂા. ૧,૦૦૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને કોઈ ભથ્થું નહિ તેમ ઠરાવ્યું હતું, જે પાછળથી સરકારે તેના ઠરાવ નં. સી. પી. એ. ૧૦૬૩-૧-સી. એમ.પી. તા. ૧૦-૨-૧૯૬૪થી રૂા. ૨૫૦ અને તે ઉપરના પગાર મેળવતા બધા જ કર્મચારીઓને ૬ ટકા અને વધુમાં વધુ રૂા. ૫૦ આપવાનું તા. ૧-૧-૧૯૬૪થી ઠરાવ્યું હોવાથી તે પ્રમાણે આ ભથ્થું આપવા બાબત.

(યુનિવર્સિટી કર્મચારીઓને પહેલેથી આ ભથ્થું રાજ્ય સરકારના નિયમો પ્રમાણે અપાય છે, પરંતુ પાછળથી થયેલા ઠરાવની જાણ કાર્યાલયને ન હોવાથી રૂા. ૯૫૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને હવે આ ભથ્થાની રકમ આપવાની થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓને માસિક રૂા. ૨૫૦ કે તેથી વધુ પગાર મળતો હોય તેમને ૬% પણ રૂા. ૫૦ થી વધે નહિ તેટલું માસિક લોકલ કોમ્પેન્સેટરી એલાવન્સ આપવું અને આ ઠરાવનો અમલ તા. ૧-૧-૧૯૬૪થી કરવાનું રાખવું.

૪૭. જૂન ૧૯૬૮થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ નીચેની જોડાણ-અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન હજુ સુધી થયું ન હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૧.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) ભૂગોળના ડેમોન્સ્ટ્રેટર અને સમાજશાસ્ત્રના ટ્યૂટરની નિમણૂક હજુ કરવામાં આવેલી નથી. (૨) યુનિવર્સિટીનાં પગારધોરણ અમલમાં મુકાયાં નથી. નવી નિમણૂક વખતે તે ધ્યાનમાં લેવામાં આવશે તેમ જણાવે છે. (૩) મોંઘવારી ભથ્થાની સુધારેલા દરોની ચુકવણી અંગે જવાબ નથી.
૨.	જી. એલ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	મોંઘવારી ભથ્થું સુધારેલા દરો મુજબ ચૂકવાયું નથી.
૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	શરતોના પરિપાલનનો અહેવાલ હજુ આવ્યો નથી.
૪.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ હજુ અપનાવવામાં આવ્યું નથી.
૫.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક હજુ કરવામાં આવી નથી.
૬.	એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	(૧) પુસ્તકોની ખરીદીની પાછલી ઊણપ પેટે રૂા. ૧૬,૦૦૦નો ખર્ચ કરવા અંગે સ્પષ્ટતા નથી. (૨) સુધારેલા દરોની ચુકવણી હજુ થઈ નથી.
૭.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	(૧) કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક અને ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક હજુ કરવામાં આવી નથી. કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક માટે કરેલી મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા વધુ એક વર્ષ માટે ચલાવી લેવા મંજૂરી માગી છે. (૨) મોંઘવારી ભથ્થાની ચુકવણી બાકી છે.
૮.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	મોંઘવારી ભથ્થાની ચુકવણી બાકી છે. (માર્ચ ૧૯૬૯ સુધીમાં ચૂકવશે તેમ જણાવે છે.)
૯.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	(૧) જોડાણની શરત પ્રમાણે નીમવાના શિક્ષકો અંગે સ્પષ્ટતા ન હોઈ તે માટે પુછાવ્યું છે. તેનો જવાબ નથી. (૨) પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ તથા રિફ્લેક્ટોમીટર અને પોલ્રિમીટર અંગે સ્પષ્ટતા નથી.

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
		(૩) પ્રૉવિડન્ટ ફંડનો લાભ અપાય છે. માન્યતા અંગે પુછાવ્યું છે. તેનો જવાબ નથી.
		(૪) છેલ્લા સુધારેલા મોંઘવારી ભથ્થાના દરોની ચુકવણી અંગે જવાબ નથી.
૧૦.	એમ. એન. કૉલેજ, વીસનગર	શરતોના પરિપાલનનો અહેવાલ હજુ આવ્યો નથી.
૧૧.	શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	શરતોના પરિપાલનનો અહેવાલ હજુ આવ્યો નથી.
૧૨.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	(૧) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવી નથી.
		(૨) પ્રૉવિડન્ટ ફંડ અમલમાં છે, પરંતુ માન્યતા અંગે સ્પષ્ટતા નથી.
		(૩) સુધારેલા દરો મુજબની મોંઘવારી ભથ્થાની ચુકવણી સરકાર લોન આપે તો કરશે તેમ જણાવે છે.
૧૩.	કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	(૧) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવી નથી.
		(૨) પ્રૉવિડન્ટ ફંડ અમલમાં છે, પરંતુ માન્યતા અંગે સ્પષ્ટતા નથી.
૧૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	(૧) ગુજરાતીના વિષયના કાર્યભારની વિગત નથી.
		(૨) પ્રૉવિડન્ટ ફંડનો લાભ અપાય છે, પરંતુ માન્યતા અંગે સ્પષ્ટતા નથી.
૧૫.	પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક હજુ કરવામાં આવી નથી.
૧૬.	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	શરતોનું પરિપાલન થયું છે, પરંતુ અગાઉની શરત મુજબ કૉલેજનું પોતાનું મકાન થયું નથી.
૧૭.	એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર	(૧) વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક હજુ કરવામાં આવી નથી.
		(૨) કૉલેજનું પોતાનું મકાન તૈયાર થવાની ચોક્કસ તારીખ જણાવી નથી.
૧૮.	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમસ કૉલેજ, માંડવી	(૧) નવી નિમણૂકો અને કાર્યભારની વિગતો આવી નથી.
		(૨) પુસ્તકાલય અને વાચનાલય માટે વિશાળ ખંડની જોગવાઈ કરી નથી.

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
		(૩) પુસ્તકની ખરીદી અંગે અગાઉની ઊણપ અંગે સ્પષ્ટતા નથી.
		(૪) છાત્રાલયના ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવ્યું નથી.
		(૫) અગાઉની મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાની બાકી છે.
૧૯.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	શરતોનું પરિપાલન થયું છે, પરંતુ કન્ટેન્ટ કોર્સના શિક્ષણ અંગે શિક્ષકોની નિમણૂકો અને તેમના વેતનની બાબત સિન્ડિકેટનો નિર્ણય થયેથી ચકાસાશે.
૨૦.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	(૧) કીટાણુવિજ્ઞાનના પૂરા સમયના પ્રાધ્યાપક હજુ નીમવામાં આવ્યા નથી.
		(૨) યુનિવર્સિટી નિયત પગારધોરણ અપનાવવામાં આવ્યું નથી.
		(૩) સુધારેલા દરે મોંઘવારી ભથ્થું ચૂકવાયું નથી.
૨૧.	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	સાયન્સ માટેની શરતોના પરિપાલનનો અહેવાલ નથી. કાયદાની વિદ્યાશાખા માટે સરકાર તરફથી વધુ તપાસ માટે પ્રિન્સિ. સાણ્ડિલને નીમ્યા છે. કાર્યવાહી ચાલુ છે.
૨૨.	યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	સુધારેલા ભથ્થાના દરો પ્રમાણે 'એરિયર્સ'ની ચુકવણી બાકી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણ અંગેની જે શરતોનું પરિપાલન હજી સુધી યથાર્થ રીતે થયું નથી તે શરતોના પરિપાલન અંગે કાર્યાલયે ઘટતો પત્ર લખીને તે શરતોનું પરિપાલન કરવા માટે આગ્રહ રાખવો.

૪૮. (૧) જૂન ૧૯૬૮થી નવી કૉલેજો માટે, (૨) કૉલેજોના વિભાગીકરણ માટે, (૩) કૉલેજોના વિભાગીકરણ અને વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે, (૪) વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે, અને (૫) કૉલેજોના સંયુક્તીકરણ માટે આવેલ નીચેની અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોના યથાર્થ પરિપાલન અંગે પ્રવર્તતી પરિસ્થિતિના સંદર્ભમાં તે પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કાર્યાલયની નોંધ
૧	૨	૩
૧.	મહુધા કેળવણી મંડળ, મહુધા (વિનયનની નવી કૉલેજ માટે)	(૧) લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક બાકી છે.
		(૨) ચકાસણીસમિતિનો અહેવાલ આવેલ નથી.

૧	૨	૩
૨.	વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ (વાણિજ્યની નવી કૉલેજ માટે)	અંગ્રેજીના શિક્ષણ અંગે શિક્ષકના કાર્યભારની ચકાસણી કરવાની રહે છે.
૩.	સર્વોદય હાયર એજ્યુકેશન, માણસા (વાણિજ્યની નવી કૉલેજ માટે)	(૧) ફક્ત પ્રી-યુનિવર્સિટીના વર્ગો શરૂ કરવા માંગે છે. (૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી નથી. (૩) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટર નીમ્યા છે. (૪) ગ્રંથપાલ જરૂરી લાયકાત ધરાવતા નથી. (૫) પાણી માટેનો ખંડ નથી.
૪.	જમાલપુર–રાયખડ સેવાસંઘ, અમદાવાદ (વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ માટે)	ચકાસણીસમિતિના અહેવાલમાં ગ્રંથપાલ તરીકે કુ. વી. બી. પટેલની નિમણૂક કર્યાનો ઉલ્લેખ છે, પરંતુ વિગતો નથી.
૫.	વડનગર એજ્યુકેશન સોસાયટી, વડનગર (વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ માટે)	(૧) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી. (૨) ઇતિહાસ અને રાજ્યબંધારણના વ્યાખ્યાતાઓ નામ્યા છે, પરંતુ વિગતો નથી.
૬.	વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ (વિનયન અને વાણિજ્યના નવી કૉલેજ માટે)	યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી.
૭.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ (ખેડા ખાતે શિક્ષણની નવી કૉલેજ માટે)	(૧) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવી નથી. (૨) કન્ટેન્ટ કોર્સ માટે નિમાયેલ શિક્ષકોની નિમણૂક, વેતન ઇત્યાદિ અંગેની બાબત પર સિન્ડિકેટના નિર્ણય પ્રમાણે ચાલવાનું રહેશે.
૮.	મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા (શિક્ષણની નવી કૉલેજ માટે)	(૧) ચકાસણી સમિતિના અહેવાલમાં કેન્દ્રીય ગ્રંથાલયનો ઉલ્લેખ છે. (૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવી નથી. (૩) કન્ટેન્ટ કોર્સ માટે નિમાયેલ શિક્ષકોની નિમણૂક, વેતન ઇત્યાદિ અંગેની બાબતોમાં સિન્ડિકેટના નિર્ણય પ્રમાણે ચાલવાનું રહેશે.
૯.	ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત (શિક્ષણની નવી કૉલેજ માટે)	(૧) ચકાસણીસમિતિના અહેવાલમાં કેન્દ્રીય ગ્રંથાલયનો ઉલ્લેખ છે. (૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી.

૧	૨	૩
		(૩) કન્ટેન્ટ કોર્સ માટે નિમાયેલ શિક્ષકોની નિમણૂક, વેતન ઇત્યાદિ અંગેનાં બાબતમાં સિન્ડિકેટનો નિર્ણય થયેથી આપવાનું રહેશે.
૧૦.	નૉર્થ ગુજરાત કેળવણી મંડળ, મુંબઈ (પાટણ ખાતે શિક્ષણની નવી કૉલેજ માટે)	(૧) કૉલેજના કાર્યાલય માટે તથા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે અલગ અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવી નથી. (૨) દૃશ્ય-શ્રાવ્ય માટેના કાયમી અલગ ખંડની જોગવાઈ કરવી જોઈએ તેને બદલે કામચલાઉ ખંડની વ્યવસ્થા કરી છે. (૩) પુસ્તકો અને સામયિકો માટે ખર્ચવાના રૂા. ૭,૦૦૦ પૈકી ફક્ત રૂા. ૨,૨૦૦નાં પુસ્તકો ખરીદાયાં છે. (૪) શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય સાધનો માટે રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવાનો હતો. હજુ ટેન્ડર મંગાવ્યાં છે. આવતા બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.
૧૧.	ડિરેક્ટર ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ, અમદાવાદ (નર્સિંગની કૉલેજ માટે)	(૧) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામશિક્ષક અને ગ્રંથપાલની નિમણૂકો કરવામાં આવી નથી. (૨) લેબોરેટરી આસિ. અને ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકો હજુ કરવામાં આવી નથી.
૧૨.	સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદ (વાણિજ્યની વિદ્યાશાખા વધારવા માટે)	(૧) કૉલેજ તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ હજુ આવ્યો નથી (૨) ચકાસણીસમિતના અહેવાલ મુજબ ફક્ત પ્રી-યુનિ.ના વર્ગો ચલાવવા માગે છે.
૧૩.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ (એફીલિએશન માટે)	(૧) ચકાસણીસમિતિએ શરતોનું પરિપાલન થયાનો ઉલ્લેખ કર્યો છે, છતાં આચાર્યને વરભાડું અને પુસ્તકોની ગોઠવણી અંગે ધ્યાન ખેંચ્યું છે. (૨) મોંઘવારી ભથ્થાની 'એરિયર્સ' સાથે ચુકવણી થઈ નથી.
૧૪.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ (વિભાગીકરણ માટે)	(૧) એકાઉન્ટન્સીના બીજા ખંડ સમયના વ્યાખ્યાતાનો કાર્યભાર તેમ જ બીજા કૉલેજના તેમના પૂરતા સમયની વિગતો નથી. (૨) ચકાસણીસમિતિના અહેવાલમાં નીચેના વર્ગો રાખવાની શરતે જોડાણની ભલામણ કરી, બાકીની

૧	૨	૩

શરતોનું પરિપાલન થયાનો ઉલ્લેખ છે:

		પ્રી-યુનિ.	પ્રથમ વર્ષ	દ્વિતીય વર્ષ	તૃતીય વર્ષ
વિનયન	:	૨	૧	૧	૨
વાણિજ્ય	:	૫	૩	૨	૨

૧૫. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ (કેમિકલ એન્જિનિયરિંગની કૉલેજ માટે)	(૧) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામશિક્ષકની નિમણૂક કરવામાં આવી નથી. (૨) વર્કશૉપ સુપરિન્ટેન્ડન્ટ જરૂરી લાયકાત ધરાવતા નથી, પરંતુ લાંબો અનુભવ ધરાવતા હોઈ નિમણૂક માન્ય કરવા ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણ અંગે જે શરતોનું પરિપાલન હજી સુધી યથાર્થ રીતે થયું નથી તે શરતોના પરિપાલન અંગે કાર્યાલયે ઘટતો પત્ર લખીને તે શરતોનું પરિપાલન કરવા માટે આગ્રહ રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદની બાબતમાં વર્કશૉપ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટેની જરૂરી લાયકાતમાં કશી છૂટછાટ મૂકી શકાશે નહિ તેમ તેના આચાર્યને જણાવવું.

૪૯. (૧) જૂન ૧૯૬૮થી નવી કૉલેજો માટે, (૨) કૉલેજોના વિભાગીકરણ માટે, (૩) કૉલેજોના વિભાગીકરણ અને વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે, (૪) વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે, અને (૫) કૉલેજોના સંયુક્તીકરણ માટે આવેલ અરજીઓ પૈકી નીચે (અ)માં બતાવેલ સંસ્થાઓ તરફથી સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન થયું હોઈ જાહેરનામું બહાર પાડવા રાજ્ય સરકારને ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની બાબત તથા નીચે (બ)માં બતાવેલ કૉલેજો/સંસ્થાઓ તરફથી શરતોના પરિપાલનના હેવાલો પર વિચારણા કરીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત:

(અ) ૧. બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨. સાબરમતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૩. સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

(બ) ૧. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ સંચાલિત વિવેકાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ સંચાલિત વિવેકાનંદ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ

૩. સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રી કૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા (વિભાગીકરણ અને વાણિજ્યની વધારાની વિદ્યાશાખાનું જોડાણ)

૪. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ (વિભાગીકરણ)

૫. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ (વાણિજ્ય વિદ્યાશાખાનું જોડાણ).

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ઉપર (અ)માં દર્શાવેલ કૉલેજો અંગે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૦. અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના પ્રાધ્યાપક ન મળવાથી ચાલુ સાલે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે ડૉ. પરેશ મજમુદારની સેવાઓ લઈને શિક્ષણકાર્ય કરવા દેવાની મંજૂરી આપવા માટેના ભવન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રીના તા. ૧૦-૬-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયે વર્ષે મુલાકાતી પ્રાધ્યાપકની કૉલેજે કરેલ વ્યવસ્થા એક વર્ષ પૂરતી માન્ય રાખી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોરને ફક્ત ચાલુ વર્ષ માટે ડૉ. પરેશ મજમુદારની સેવાઓ અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે લેવા માટે નીચેના શરતોએ પરવાનગી આપવી:

(૧) મુલાકાતી પ્રાધ્યાપકને પોતાની કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ હેઠળ આપી શકાય તે કાર્યભોજ ઉપરાંત વધુ બે વ્યાખ્યાનો મુલાકાત માટે બોલાવનારી કૉલેજમાં આપી શકાશે.

(૨) સદરહુ વિષય માટે ઓછામાં ઓછાં ચાર વ્યાખ્યાનો મુલાકાતી પ્રાધ્યાપકો કે પ્રાધ્યાપકો દ્વારા યોજવાનાં રહેશે અને મુલાકાત પ્રાધ્યાપકને બોલાવવાની વ્યવસ્થા પ્રાધ્યાપકની મૂળ કૉલેજના આચાર્યની સંમતિ વિના કરી શકાશે નહિ.

(૩) મુલાકાતી પ્રાધ્યાપક જે કૉલેજમાં મુલાકાતી વ્યાખ્યાનો આપવા માટે જાય તે કૉલેજમાં એક જ વર્ગમાં કોઈ પણ એક જ દિવસે બેથી વધુ વ્યાખ્યાનો લઈ શકશે નહિ.

(૪) મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા બીજા કોઈ પણ વિષય માટે મંજૂર કરવામાં આવશે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની સાથે જોડાયેલી કૉલેજોમાં કોઈ પણ વિષયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષક મળી શકે તેમ ન હોય તો તે કૉલેજને યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યૂરોની મદદ લેવા માટે જણાવવું અને યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યૂરોને પણ તેવી મદદ પૂરી પાડવા માટે ઘટતી કાર્યવાહી કરવા માટે જણાવવું.

૫૧. યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો વર્ષ ૧૯૬૭-૬૮માં ચાલતાં હતાં તે કેન્દ્રોમાં તે વર્ષને અંતે રહેલી બચત અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બાબત તા. ૧૭-૫-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં રજૂ કરવામાં આવેલી અને તેમાં નીચે પ્રમાણે ઠરાવ થયેલો છે:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની પહેલા સત્રની ટ્યૂશન ફી તેમની રજિસ્ટ્રેશનની અરજીની સાથે જ મોકલી આપવા કેન્દ્રોને જણાવવું અને તે પછીનાં સત્રોની ટ્યૂશન ફી સત્રના પ્રારંભ થયેથી એક માસની અંદર યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા કેન્દ્રોને જણાવવું."

ઉપરોક્ત ઠરાવમાં ૧૯૬૭-૬૮ના વર્ષની બચત વિશે શું કરવું તેનો ઉલ્લેખ ન હતો તેથી આ બાબત વિચારવાની થતી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ૧૯૬૭-૬૮ના વર્ષમાં કે તે પહેલાંનાં વર્ષોમાં જે બચત વધવા પામી હોય તે બચતનાં નાણાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા માટે જણાવવું.

૫૨. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્ર જૂથ "એ" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પ્રો. એન. પી. ભામોર, તા. ૧૦-૬-૧૯૬૮થી મજકૂર કૉલેજમાંથી રાજીનામું આપી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બારડોલી આર્ટ્સ-સાયન્સ કૉલેજમાં જોડાયા હોવાથી તેમની જગ્યાએ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાંથી માન્ય અનુસ્નાતક શિક્ષક શ્રી. કે. આર. દવેને નીમ્યા હોવાથી પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તેમની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. એન. પી. ભામોરની જગ્યા પર શ્રી. કે. આર. દવેને નીમવા.

૫૩. નાયબ કુલસચિવ શ્રી. જે. એમ. મહેતાની સેવાઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલસચિવ તરીકે બે વર્ષ માટે ઉછીની લેવામાં આવી હતી તે મુદતમાં તા. ૫-૯-૧૯૬૯ સુધી એક વર્ષનો વધારો કરવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રીના તા. ૩૦-૫-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. મહેતાની ઉછીની સેવાઓ અંગે સિન્ડિકેટે અગાઉ તેની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં ઠરાવેલ કે શ્રી. મહેતાની સેવાઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરીકે વધુમાં વધુ બે વર્ષ માટે ઉછીની આપવી.)

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે નાયબ કુલસચિવ શ્રી. જે. એમ. મહેતાની સેવાઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ તરીકે કામ કરવા માટે તા. ૫-૯-૧૯૬૮ સુધી ઉછીની આપવામાં આવી છે તે મુદતમાં કશો વધારો કરવો નહિ.

૫૪. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. કલાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. કે. દવેને તેમનો પ્રોબેશન સમય પૂરો થયેથી તા. ૨૩-૫-૧૯૬૮થી છૂટા કરવામાં આવ્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૮-૬-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. દવે યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૧-૫-૧૯૬૬થી જોડાયા હતા અને તેઓને તા. ૨૩-૫-૧૯૬૮થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. કે. દવેને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૫૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૪ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૫૬. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની જગ્યાઓ માટે ઑર્ડિનન્સ ૬૬ પ્રમાણે સિન્ડિકેટ તરફથી ફરેક જગ્યા માટે વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ
૨. પ્રોફેસર ઑફ સોશિયોલોજી
૩. પ્રોફેસર ઑફ ઝૂલોજી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. ઑક્ટોબર ૧૯૬૭માં તેમ જ માર્ચ/એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ધલાઓ અંગેના કેસો પર તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૮-૫-૧૯૬૮ તથા તા. ૭-૬-૧૯૬૮ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૫-૧૯૬૮ તથા તા. ૭-૬-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ.—સદરહુ સમિતિની તા. ૨૮-૫-૧૯૬૮ તથા તા. ૭-૬-૧૯૬૮ની સભાઓની નોંધની નકલ સામેલ કરવામાં આવેલી નથી.)

૫૮. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તબીબી તપાસની યોજના પર વિચારણા કરવા સિન્ડિકેટે તા. ૨૦/૧૧-૪-૧૯૬૮ની સભામાં નિયુક્ત કરેલ સમિતિએ કૉલેજોમાં આરોગ્યકેન્દ્રો શરૂ કરવાની બાબતમાં, તે માટે જરૂરી આર્થિક સહાય આપવા બાબતમાં, તબીબી તપાસ અને તેનું ફૉલોઅપ કાર્ય ચીવટપૂર્વક થાય તે બાબતમાં તથા ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા ચાલુ રાખવા બાબતમાં અને યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો ઉપયોગ વિસ્તૃત કરવા અંગેની બાબતમાં, વગેરે અંગેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. ધી પી. ઈ. એન.ના ઉપક્રમે અમદાવાદમાં "ઑલ-ઇન્ડિયા રાઇટર્સ કૉન્ફરન્સ" યોજવા અંગે ઑલ-ઇન્ડિયા સેન્ટર, મુંબઈના માનદ મંત્રીના તા. ૨૪-૫-૧૯૬૮ના તથા પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૩૧-૫-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી ડિસેમ્બર માસમાં 'ઑલ ઇન્ડિયા રાઇટર્સ કૉન્ફરન્સ'નું અધિવેશન અમદાવાદ ખાતે આ યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા સંમતિ આપવી અને તે માટે રૂા. ૫,૦૦૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬૦. શ્રીમતી હીરાબહેન રામનારાયણ પાઠક તરફથી "શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવાંવેષા ગ્રંથ પ્રકાશન ફંડ" અંગે રૂા. ૬૦,૦૦૦-૦૦ રોકડા તથા બાકીના રૂા. ૧૫,૦૦૦-૦૦ એક વર્ષ સુધીમાં એમ કુલ રૂા. ૬૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગે

સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં મંજૂર કર્યું હતું. સદરહુ દાન અંગે શ્રીમતી હીરાબહેન પાઠક તરફથી આવેલ તા. ૪-૬-૧૯૬૮નો પત્ર તથા સદરહુ દાન પેટે રૂા. ૧૦,૦૦૦-૦૦ની રકમનો પહેલો હપતો મળ્યાની નોંધ લેવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૨) સદરહુ બાબતના સંદર્ભમાં 'શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન ફંડ'ની યોજના હેઠળ પ્રકાશનો હાથ ધરવા માટે જે સલાહકાર સમિતિ રચવાની જોગવાઈ છે તે સલાહકાર સમિતિની રચના નીચે મુજબ કરવી :

૧. કુલપતિ
૨. ગુજરાતીના અભ્યાસસમિતિના અધ્યક્ષ
૩. ભાષા ભવનના અધ્યક્ષ
૪. ભાષા-વિજ્ઞાનના પ્રાધ્યાપક
૫. શ્રી. ડોલરરાય માંકડ
૬. શ્રી. ગૌરીપ્રસાદ ઝાલા.

સદરહુ સમિતિ ઉપર સિન્ડિકેટ નિયુક્ત સભ્યોના સભ્યપદની મુદત ત્રણ વર્ષની રહેશે.

બાબત નં. ૬૧ અને ૭૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૬૧. જૂના અભ્યાસક્રમ મુજબની એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષાઓમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને વધુ તક આપવી કે કેમ તે અંગે વિદ્યાર્થીઓની ઘણી અરજીઓ આવેલ હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.નો જૂના અભ્યાસક્રમની પરીક્ષા ૧૯૬૯ સુધી લેવાનું ઠરાવેલ, પરંતુ ઑક્ટોબર ૧૯૬૭ અને એપ્રિલ ૧૯૬૮માં બે ટ્રાયલથી પરીક્ષા લીધી હોવાથી ૧૯૬૯માં પરીક્ષા લેવાશે નહિ તેમ જાહેર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓ વધુ બે વખત ઑક્ટોબર ૧૯૬૮ અને માર્ચ ૧૯૬૯માં લેવાનું રાખવું.

૭૧. એમ.એ., પાર્ટ ૨ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ તરફથી આવેલ નીચેની માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ૪૨ ટકા મેળવનારને પાસ વર્ગમાં ઉત્તીર્ણ કરવા અથવા ૪૫ ટકા મેળવનારને બીજા વર્ગ માટે પાત્ર ગણી બીજા વર્ગમાં ઉત્તીર્ણ કરવા;

(૨) જે તે પ્રશ્નપત્રમાં ૪૮ ટકા ગુણ મેળવનારને તે તે પ્રશ્નપત્રમાં મુક્તિ આપવી; અને

(૩) એમ.એ., પાર્ટ ૨ની પરીક્ષા ઑક્ટોબરમાં લેવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માંગણીઓ મંજૂર કરવી નહિ.

૬૨. સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું સ્થળ, થલતેજથી આશ્રમ માર્ગ પર ફેરવવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની તા. ૧૫મી મે, ૧૯૬૮ની અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૭-૫-૧૯૬૮ની સભામાં, સદરહુ નવા સ્થળે જરૂરી સવલતો ઇત્યાદિ જોઈ તપાસી અહેવાલ આપવા નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને તેનું સ્થળ થલતેજથી બદલીને આશ્રમ માર્ગ પર ફેરવવા માટે પરવાનગી આપવી.

૬૩. વારાણસી સંસ્કૃત વિશ્વવિદ્યાલયના ઉપક્રમે ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સનું ૨૪મું અધિવેશન વારાણસી મુકામે તા. ૧૨થી ૧૪ ઑક્ટોબર ૧૯૬૮ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર પરિષદના સામાન્ય મંત્રી તેમ જ સંયુક્ત સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૫મી મે ૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય સી. એલ. શાસ્ત્રી અને પ્રો. કે. કા. શાસ્ત્રીને મોકલવા.

૬૪. ગુજરાત રાજ્યના એન.સી.સી.ના ડિરેક્ટર તરફથી સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં એન.સી.સી. સાર્વત્રિક ધોરણે ચાલુ રહેવા દેવા ભલામણ કરતા આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં એન.સી.સી.ની તાલીમ મરજિયાત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં પોતાનો જે અભિપ્રાય દર્શાવ્યો છે તેમાં કશો ફેરફાર કરવો નહિ.

૬૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. નીચેની સંલગ્ન કૉલેજોએ સેનેટે મૂકેલી જોડાણ શરતોના પરિપાલન અંગે મોકલેલ અહેવાલને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે જાહેરનામું બહાર પાડવા ભલામણ કર્યાના :

(૧) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
(૩) મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૪) પેટલાદ કૉલેજ, પેટલાદ
(૫) બી. ડી. કૉલેજ, અમદાવાદ
(૬) ભવન્સ કૉલેજ, ડાકોર
(૭) ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૮) દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૯) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૦) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૧) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
(૧૨) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ;

૨. સિન્ડિકેટે તેની તા. ૨-૧૨-૧૯૬૧ની સભામાં બાબત ક્રમાંક ૪થી મંજૂર કરેલ કાનૂન-વિષયક સ્થાયી સમિતિની તા. ૬-૧૧-૧૯૬૧ની બેઠકમાં નાગપુર જૂથ હેઠળ નં. ૩૯૫૫ને બદલે ૩૮૯૯ છપાયાની છાપભૂલ સુધારીના;

૩. ગવર્મેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદમાં એચ.ડી.એસ. ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર, પૂરતો સ્થાનિક શિક્ષકવર્ગ થતો હોવાથી ચાલુ કરવાની કુલપતિશ્રીએ પરવાનગી આપ્યાના;

૪. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. વામ. એસ. દવે	વિજ્ઞાન—વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એ. એ. હીમીશા	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૩.	શ્રી. એસ. જી. દેસાઈ	વિજ્ઞાન—જીવાણુવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૬૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૪ અને ૫૫ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજનાઓ મંજૂર કરી તે અંગેના કુલ અંદાજી ખર્ચના ૭૦ ટકા પ્રમાણેની ગ્રાન્ટ આપવાનું મંજૂર કરી યોજના બે તબક્કામાં અમલમાં મૂકવા માટેનો પ્રસ્તાવ કમિશનને મોકલી આપવા જણાવેલું તે બાબતમાં સિન્ડિકેટના તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં ઠરાવ થયા મુજબ યોજના બે તબક્કામાં મૂકવા માટે પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા અપાયેલ છે. આ બાબતમાં પાછલી યોજનાઓના અનુભવ પરથી જણાયું છે કે જુદાં જુદાં કારણોસર હાથ પર લીધેલ યોજનાઓના લક્ષ્યાંકો પૂરા કરી શકાયા નથી તેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી તમામ યોજનાઓ એકીસાથે જ હાથ પર લેવી અને ૭૦ ટકા કરતાં તે અંગે વધુ ખર્ચ થશે તો (બાકીનો ૩૦ ટકા પ્રમાણેનો કાપ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાછો નહિ ખેંચે તો) યુનિવર્સિટી ભોગવશે તેમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી જણાવવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું અને તે પ્રમાણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી તમામ યોજનાઓ એકીસાથે હાથ ધરવી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી જણાવવું કે તે યોજનાઓનો અમલ થતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને માટે તે યોજનાઓના કુલ ખર્ચના ૭૦ % કરતાં વધુ ખર્ચને મંજૂરી આપવાનું બની શકશે નહિ તો તે ૭૦% કરતાં જે વધારાનું ખર્ચ થશે તે યુનિવર્સિટી પોતે ભોગવશે.

૬૮. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ તરફથી ખેડા ખાતે શરૂ થતી શિક્ષણની કૉલેજમાં ૨૦ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૧૧-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કૉલેજને ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તે કૉલેજના જોડાણ અંગે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના સભ્ય શ્રી. લાલભાઈ ૨. દેસાઈની સલાહ પૂછીને તે બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ થર્ડ બી.કૉમ. પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "શ્રી. ડાહ્યાભાઈ રવચંદ સુવર્ણચંદ્રક" એનાયત કરવા બાબતમાં વિદ્યાર્થી નં. ૧૯૦ અને ૨૨૪૦ને કુલ ગુણાંક સરખા મળતા હોઈ, સદરહુ સુવર્ણચંદ્રક આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં કામકાજ નં. ૭૬થી ઠરાવેલ છે કે નિયમ ૧ (૬) મુજબ એક કરતાં વધુ વિદ્યાર્થીઓને ચંદ્રક આપવાનો પ્રશ્ન ઊભો થાય તો તેવી પરિસ્થિતિમાં એક કે વધુ ચંદ્રક આપવા કે કેમ અને તે કોને આપવો કે કોને આપવા તે નક્કી કરવાનો પ્રશ્ન સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૦. આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિમાતા પ્રાશ્નિક/પરીક્ષકોને અપાતા મહેનતાણાની મર્યાદા દૂર કરવા અંગે સેનેટ-સભ્ય શ્રી. ડી. એચ. સુતરિયાના તા. ૪-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬૧ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૨. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા જુલાઈ ૧૯૬૮માં લેવા અંગે વિદ્યાર્થીઓ તરફથી થયેલ માગણી અને તે અંગે મેડિકલ ફૅકલ્ટીના ડીન તરફથી આવેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—તા. ૨-૧૨-૧૯૬૭ની સિન્ડિકેટે ત્રીજી એમ.બી.,બી.એસ.ની વર્ષારાની પરીક્ષા રાષ્ટ્રીય કટોકટી હાલ સત્તાવાર ચાલુ છે તે ધ્યાનમાં લઈ જાન્યુઆરી ૧૯૬૮માં લેવાનું ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજી એમ.બી.,બી.એસ.ની એક વર્ષારાની પરીક્ષા અપવાદ તરીકે જુલાઈ ૧૯૬૮માં લેવાનું રાખવું અને તે પછી માર્ચ/એપ્રિલ અને ઑક્ટોબરની રાબેતા મુજબની બે પરીક્ષાઓ ત્રીજી એમ.બી.,બી.એસ. સિવાય વર્ષારાની કોઈ પરીક્ષા લેવામાં આવશે નહિ તેમ તબીબી કૉલેજોને જણાવવું.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૩૦૬૫૧/૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જુલાઈ ૪, ૧૯૬૮.
અષાઢ ૧૩, ૧૮૯૦ (શક).

કુ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ઠરાવઠરાવ ક્રમાંક ૨૮

Nadiad.
May 16, 1968.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Sub.— Report of V. M. Parekh Commerce College Inquiry Committee.

Ref.— Your No. 81119-21/1968, dated 3rd May, 1968.

Sir,

In response to your above letter myself and Prof. D. D. Trivedi visited above College to-day morning and conducted the inquiry entrusted to us.

We interviewed Vice-President of Education Society Shri Shankerlal H. Shah and Secretary Shri Ratilal Shankerlal Shah for the management and Principal P. R. Shah, Shri C. H. Shah, Lecturer and Physical Instructor Shri M. H. Patel staff members. We interviewed them separately and allowed every one to have their say in the matter.

One complaint of Principal Shah in his letter to the Vice-Chancellor is that teaching staff members are being relieved arbitrarily. With regard to that complaint following facts were disclosed in our inquiry. In the application for continuance of affiliation Principal has shown twelve members as teaching staff of the College. That application is dated 11th November, 1967. On being asked how many of those members continue

as staff members to-day, we were told by Shri Shankerlal that out of twelve members, Shri P. R. Shah and Smt. R. S. Kanawala have resigned and Shri C. H. Shah and Shri G. D. Tapodhan have been given notice for retrenchment and Shri H. A. Gandhi has been given notice because of incompetency. We are further told that notice against Shri G. D. Tapodhan has been withdrawn and he is continued. Shri S. L. Dave has been transferred to this college in the place of Shri C. H. Shah. That means out of 12 members, nine members are still on staff. The statement of the managements is supported by the pay bill for the month of April, 1968 and the copies of the resignation of the above staff members, No. 11 and 12 shown in the application of the affiliation are not included in this pay bill as they are on the staff of Arts and Science College.

Principal Shah when interviewed stressed the point that he had to give the resignation because of the behaviour of the management. He does not mention anything about this in his letter to Vice-Chancellor. He complained that Shri C. H. Shah and Shri H. A. Gandhi are good and competent staff members and nothing is stated in the notices why they were relieved and he further stated that there was no need for the management to effect retrenchment. He also told us that he was not appointed on the Committee to effect retrenchment. He admitted that he got the invitations to attend the meetings of the Governing Body. We were told that decisions with regard to retrenchment were taken in a meeting convened on 26-2-1968. Principal Shah did not attend that meeting. The management admitted that they did not circulate the minutes of the meetings. They also stated that Principal Shah never asked for the minutes and they never refused. This fact is admitted by Principal Shah. That means complaint of Principal Shah that the proceeding were kept secret cannot be accepted. It is the right of the management to relieve any person if he is found incompetent.

One complaint against the management is that they are taking back the money paid to the staff by way of donation to the Society. Two such cases of Shri J. C. Amin and Shri Ratilal Shah, Secretary were admitted by the management. Though the donations taken seem to be made voluntarily, we think that such a practice is not desirable.

Another complaint against the management is that the D.A. is not paid in cash, but loan receipts are passed by the management. The management has undertaken to return the loans at 6% interest. According to the statement of the management the total such loans amount to Rs. 22,000/- and the Commerce college loans amount to Rs. 1,851/-. The management has also paid back the loans to the members of the staff who were relieved. It seems that the management has adopted this procedure for want of funds. They say that their total monthly pay bills amount to Rs. 50,000/- per month and they intend to pay back the loans in next academic year. As the management has issued stamped money receipt, their bonafides cannot be doubted.

It can be said from this that there was need for retrenchment.

One another complaint against the management is that they have secured the resignation of Shri M. H. Patel, the Physical Instructor, under doubtful circumstances. In this connection, it is stated on behalf of the management that certain articles were missing from his custody and inquiry was made against him. They say it was noticed that he had tampered certain record and that they have decided to start criminal proceedings against him. They say at that stage certain persons intervened on his behalf and he voluntarily gave the resignation. The copy of the resignation is enclosed. Shri Patel has given up his right for vacation pay. The management accepted his resignation on his paying Rs. 250/- for the reimbursement of the articles. Also it is admitted by the management that he had paid Rs. 50/- for three months as donation, but that was in the beginning of his service. Shri M. H. Patel was also interviewed by us. He stated that his resignation was taken from him under duress. Shri Patel admits that certain articles were lost from his custody and that inquiry was held against him. The tampered record was also shown to us. One Dhirubhai also stated before us that he intervened at the instance of the uncle of Shri Patel. It seems from the above facts that Shri Patel has given the resignation to get out of the mess and now has turned round. However, the management seems to have overlooked the fact that he was entitled for vacation pay.

We have not been asked to report on the matter of disallowing of affiliation by the Senate. However, the management has given us their

progress report about the implementation of the conditions imposed by the Syndicate. They accept the L.I.C. report and state that they have provided for the deficiencies mentioned in the L.I.C. Report. They showed us the new construction of four rooms. They state they are also providing for the reading room, library, etc. We can only say that report submitted by the management is factually correct. They have also submitted the copies of the advertisement given by them for the recruitment of Professor of Economics and Librarian.

We would like to refer to the letter of Prof. Ramesh Bhatt forwarded by you to us. Most of the complaints mentioned by him are covered in the above report by us. We have not inquired about his complaints regarding Arts and Science College as that matter was not entrusted to us.

We further mention that a group of students met us and told us that they wish that their college affiliation should be continued. They did not say anything against the management or against the teachers.

Yours faithfully,

V. R. Ranadive

D. D. Trivedi

Members of the Inquiry Committee.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૩૨

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલી સમિતિની એક સભા તા. ૨૨-૫-૧૯૬૮ને બુધવારના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. વાય. જી. નાયક	હાજર
૨. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વાય. જી. નાયકે સંભાળ્યું હતું.

સદરહુ સમિતિ સમક્ષ કુલ ચાર કેસો રજૂ કરવામાં આવ્યા હતા અને તે અંગેની ચર્ચાવિચારણાને અંતે સમિતિએ નીચે મુજબ ભલામણ કરેલ છે :

૧. અમદાવાદથી આશરે ૭૦ માઈલ દૂર આવેલ ખડોળ ગામની નવજીવન ખડોળ ગ્રુપ માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા શ્રી. પ્રહ્લાદભાઈ બબલદાસ પટેલ તે જ સમય દરમિયાન અમદાવાદમાં આવેલ ન્યૂ લૉ કૉલેજમાં પ્રથમ વર્ષ એલએલ.બી.ના વર્ગમાં અભ્યાસ કરતા હતા તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી કૉલેજમાં ખોટી હાજરી પુરાવી હતી તે અંગેની આવેલ અરજી પર કૉલેજના આચાર્યશ્રી તથા શાળાના સંચાલકશ્રી તથા વિદ્યાર્થી તરફથી આવેલ જવાબો અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીની ઑક્ટોબર ૧૯૬૬ની પ્રથમ એલએલ.બી. પરીક્ષાના પ્રત્યેક પ્રશ્નપત્રની ઉત્તરવહીઓમાંના હસ્તાક્ષરો તેના સદરહુ પરીક્ષાના ફૉર્મના હસ્તાક્ષરો સાથે સરખાવતાં તેમાં સામ્ય જણાય છે, જેથી તા. ૨૯-૧૦-૧૯૬૬ના રોજ તેને બદલે બીજી કોઈ વ્યક્તિએ પરીક્ષા આપી છે તે ફરિયાદમાં કાંઈ તથ્ય નથી.

(૨) અમદાવાદથી આશરે ૭૦ માઈલ દૂર આવેલ ખડોળ ગામમાં શાળામાં નોકરી કરતાં કરતાં વિદ્યાર્થીએ ન્યૂ લૉ કૉલેજમાં પ્રથમ વર્ષ એલએલ.બી.ના વર્ગમાં સત્રો રાખેલ છે, પરંતુ કૉલેજ તરફથી પ્રથમ વર્ષ એલએલ.બી.નાં સત્રોની હાજરીની માહિતી આવેલ નથી. તો હાજરીની વિગત તથા કૉલેજના વર્ગનો સમય પુછાવવો, અને કૉલેજ તરફથી તે માહિતી આવ્યેથી આ કેસ આગામી સમિતિ સમક્ષ ફરી રજૂ કરવો.

(૩) ખડોળથી અમદાવાદ આવવા માટે સાંજના ૪-૧૫ વાગ્યાની બસ મળી શકતી હતી અને સાંજે ૬-૧૫ વાગ્યે પોતે અમદાવાદ આવતો હતો તેમ વિદ્યાર્થીએ તેના ખુલાસામાં જણાવેલ છે. સદરહુ બાબત અંગે એસ. ટી. સત્તાવાળાઓને પત્ર લખી ખડોળથી અમદાવાદ આવવા માટે સાંજે ૪ વાગ્યા આસપાસના બસના કેટલા સમય અનુકૂળ છે, ખડોળથી અમદાવાદનું અંતર, સદરહુ બસને અમદાવાદ આવતાં કેટલો સમય લાગે અને અમદાવાદ કયા સમયે આવી પહોંચતી તે અંગેની માહિતી પુછાવવી.

૨. માર્ચ/એપ્રિલ, ૧૯૬૮માં લેવાયેલ બી.એડ. પરીક્ષામાં બેઠક નં. ૪૩૭થી બેઠેલ વિદ્યાર્થી શ્રી. જયંતિલાલ ડી. ભટ્ટે ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન માલપુરની પી. જી. મહેતા હાઈસ્કૂલમાં નોકરી કરતાં કરતાં મોડાસાની શેઠ પી. ટી. આર્ટ્સ કૉલેજમાંથી બી.એ.ની પરીક્ષા સત્રોની હાજરી ખોટી રીતે પુરાવીને પસાર કર્યાના આક્ષેપની બાબત પર સદરહુ વિદ્યાર્થીના તા. ૭-૨-૧૯૬૮ના ખુલાસા પર તથા પી. જી. મહેતા હાઈસ્કૂલના આચાર્યના તા. ૧-૧૨-૧૯૬૭ અને શ્રી. માલપુર મહાલ કેળવણી મંડળના માનદ મંત્રીના તા. ૬-૩-૧૯૬૮ના પત્રના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—શાળામાં નોકરીનો સમય સવારના ૧૦-૩૫થી ૪-૫૫ હતો, જ્યારે કૉલેજમાં અભ્યાસનો સમય સોમવારથી શુક્રવાર સવારના ૧૧-૨૦થી ૧૨-૧૦ અને શનિવારે ૮-૦૦ થી ૮-૫૦ હતો, તેમ જ વધુમાં શુક્રવારે ૧૨-૧૦થી ૧-૦૦, સોમવારે ૧-૦૦થી ૧-૪૫ અને બુધવારે ૩-૦૦ થી ૩-૪૫નો હતો. માલપુરથી મોડાસા ૧૭ માઈલ દૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શાળાના આચાર્યશ્રીનો ખુલાસો જોતાં કૉલેજ તથા શાળાના સ્થળનું અંતર જોતાં અને વિદ્યાર્થીને શાળાના કેળવણી મંડળ તરફથી અભ્યાસ કરવાની પરવાનગી આપી હોઈ, તેમ જ સદરહુ કેસના તમામ પેપરો જોતાં આ વિદ્યાર્થીએ ખોટી હાજરી પુરાવી છે તે ફરિયાદમાં કાંઈ વજૂદ જણાતું નથી, તેથી આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ, અને આ વિદ્યાર્થીનું બી.એડ. પરીક્ષાનું અટકાવેલ પરિણામ જાહેર કરવું.

૩. એપ્રિલ, ૧૯૬૭માં લેવાયેલ સેકન્ડ એલએલ.બી. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થિની નં. ૨૦૬ કુ. શર્મિષ્ઠા પ્રભુદાસ પટેલે વીસનગરની પરીખ દિવાળીબા ડોસાભાઈ કન્યાવિદ્યાલયમાં નોકરી કરતાં કરતાં સત્રો રાખી ખોટી હાજરી પુરાવ્યાના આક્ષેપ અંગેની બાબત પર સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભાએ ઠરાવ્યા અનુસાર મજકૂર વિદ્યાર્થિનીના આવેલ ખુલાસા તથા તેના અનુસંધાનમાં વીસનગરની મજકૂર શાળાના આચાર્ય તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—શાળામાં નોકરીનો સમય ૧૧-૦૫ થી ૫-૦૫નો હતો. શાળાના આચાર્યે તા. ૬-૧૨-૧૯૬૭ના પત્રથી સદરહુ બહેન ચાર વાગતામાં પાંચ-દશ મિનિટ વહેલાં-મોડાં જતાં હતાં તેમ જણાવેલ છે; જ્યારે તા. ૨૨-૩-૧૯૬૮ના પત્રમાં આ બહેન ૫-૦૫ મિનિટે શાળા છોડતાં અને ક્યારેક ૫ મિનિટ વહેલાં જતાં હતાં તેમ જણાવેલ છે. એટલે આચાર્યના બન્ને પત્રોના વિધાનમાં વિસંવાદિતા છે. લૉ કૉલેજનો સમય સાંજના ૬-૩૦થી ૮-૫૫નો હતો. વીસનગર અને અમદાવાદ આશરે ૫૫થી ૬૦ માઈલ દૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે (૧) શાણાના આચાર્યશ્રીએ તા. ૧૪-૬-૧૯૬૭ અને તા. ૬-૧૨-૧૯૬૭ના પત્રોથી જે માહિતી આપેલ છે તે તેમના તા. ૨૨-૩-૧૯૬૮ના પત્રમાં આપી છે તે માહિતી કરતાં જુદી માલૂમ પડે છે. તેથી તે માટે શાણાના આચાર્યશ્રીને હવે પછી મળનાર સદરહુ સમિતિની સભા સમક્ષ આ અંગેની માહિતીના જરૂરી રેકર્ડ સાથે, શ્રી. કુલપતિની મંજૂરી મેળવી હાજર રહેવા જણાવવું; (૨) સદરહુ વિદ્યાર્થિનીએ જણાવેલ છે કે તે તેના પિતાશ્રીની કારમાં અમદાવાદ આવતી હતી અથવા મહેસાણાથી ૪-૦૦ વાગ્યે ઊપડતી ટ્રેનમાં અમદાવાદ આવતી હતી. આ અંગે રેલવેના માહિતી ખાતાને પત્ર લખી ૪-૦૦ વાગ્યે અથવા તે સમય આસપાસ કોઈ ટ્રેઈન મહેસાણાથી અમદાવાદ કેટલા વાગ્યે આવતી હતી તેમજ વીસનગરથી અમદાવાદનું અંતર, વીસનગરથી મહેસાણાનું અંતર અને મહેસાણાથી અમદાવાદનું અંતર કેટલું છે તે માહિતી પણ પુછાવવી.

૪. ગોધરાની શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં ડેમોન્સ્ટ્રેટર, ટેપો. આસિ. અને કારકુન તરીકે નોકરી કરતા શ્રી. સુભાષ આર. શાહ, શ્રી. એસ. વાય. દેસાઈ અને શ્રી. એ. સી. કર્ણિક નોકરી કરતાં જ સદરહુ કૉલેજમાં અનુક્રમે ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮નાં વર્ષોમાં એમ.એસસી., પાર્ટ ૧ અને ૨ના ૧૯૬૫-૬૬ અને ૧૯૬૬-૬૭નાં વર્ષોમાં સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.ના અને ૧૯૬૫-૬૬, ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮નાં વર્ષોમાં ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એનાં સત્રો રાખી ખોટી રીતે હાજરી પુરાવી છે તે અંગેની આવેલ ફરિયાદ પર ગોધરા કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ ખુલાસાઓ પર તેમજ ઉપરોક્ત ત્રણેય વિદ્યાર્થીઓ તરફથી આવેલ ખુલાસાઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના કાગળો જોતાં કૉલેજ તેમજ નોકરીનું સ્થળ એક જ છે અને કૉલેજના તે સમયના આચાર્યશ્રીએ સદરહુ વિદ્યાર્થીઓનાં સત્રો માન્ય કર્યાં છે, જેથી આ વિદ્યાર્થીઓની સામે કોઈ પગલાં લેવાં નહિ.

પરિશિષ્ટ "ગ"
ઠરાવ કમાંક ૪૪

યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેના પરીક્ષકોના પેનલ તૈયાર કરવા અંગે ડૉ. જે. બી. હરિભક્તિ તથા ડૉ. એ. એમ. ત્રિવેદી અને પ્રિ. એમ. સી. દેસાઈ તરફથી આવેલાં સૂચનો જોઈ-તપાસીને રિપોર્ટ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની સભા મંગળવાર, તા. ૨૮-૧૧-૧૯૬૭ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સમિતિ પરના તમામ સભ્યો હાજર હતા.

૧. સમિતિનું પ્રમુખસ્થાન ડૉ. વાય. જી. નાયકે સંભાળ્યું હતું. સર્વશ્રી એ. એમ. ત્રિવેદી અને પ્રિ. એમ. સી. દેસાઈનાં સૂચનો પર ચર્ચાવિચારણા કરીને ઠરાવ્યું કે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની પરીક્ષાઓ માટે યુનિવર્સિટી કાર્યાલયે આ સાથેના કોઠામાં જણાવ્યા પ્રમાણે શિક્ષકોની યાદી તૈયાર કરવી.

(૨) પ્રી-યુનિ. સ્ટેજ અને ફર્સ્ટ ઇયર સ્ટેજની પરીક્ષાઓના પ્રાશ્નિક તેમ જ મોડરેટર માટે હાલની પેનલ પ્રથા ચાલુ રાખવા અને મોડરેટરનું કામ સૌથી સિનિયર વ્યક્તિઓને—પછી ભલે તે સિન્ડિકેટ કે ઍકેડેમિક કાઉન્સિલના સભ્ય હોય તોપણ—સોંપવું (irrespective of that they are members of Academic Council or Syndicate) અને યુનિવર્સિટી વિસ્તારના જે તે વિષયના શ્રેષ્ઠ સિનિયર શિક્ષકોને ચીફ મોડરેટર તરીકે નીમવા.

(૩) વિજ્ઞાન અને ઇજનેરી વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષામાં બહારના પરીક્ષકો ન નીમવા બાબતના સૂચનની તરફેણમાં આ સમિતિ નથી. હાલની પ્રથા ચાલુ રાખવી જોઈએ.

૨. ડૉ. હરિભક્તિનાં સૂચનો પર ઠરાવ્યું કે :

(૧) પડોશની યુનિવર્સિટીઓમાંથી પરીક્ષકોનાં નામ, તેમની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ વગેરે માહિતી મંગાવવી.

(૨) અગાઉ જણાવેલ કોઠા મુજબ માહિતી તૈયાર કરવી.

(૩) દર વર્ષે યાદી નવેસરથી uptodate બનાવવી.

૩. વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે ઉપરની ભલામણોને આનુષંગિક યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જે કાંઈ ફેરફાર કરવાના થાય તે કરવા.

[redacted]

૪. પ્રમુખશ્રીની મંજૂરીથી નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી :

(૧) અનુસ્નાતક પરીક્ષાઓ માટે દરેક પેપર દીઠ એક પ્રાશ્નિક નીમવો તેમ જ ૧૯૬૯ના એપ્રિલથી શરૂ થતી પરીક્ષાઓ માટે ઓછામાં ઓછા છ માસ પહેલાં એટલે કે ૩૧મી ઑક્ટોબર પહેલાં પ્રાશ્નિકોની નિમણૂક કરવી.

(૨) તબીબી વિદ્યાશાખાની અનુસ્નાતક પરીક્ષાઓ માટે પરીક્ષા શરૂ થવાના ત્રણ માસ પહેલાં વિદ્યાર્થીઓ પાસેથી લઘુનિબંધ (dissertation) મંગાવવા અને પરીક્ષકોને વહેલો તકે મોકલી આપવા, તેમ જ લેખિત અને પ્રાયોગિક પરીક્ષા વચ્ચે બે અઠવાડિયાંનો ગાળો રાખવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

Name	Qualifications with Class Ph.D./P.G., Graduate	Date of first Appointment experience in years : Tutor/ Demonstrator/ Lecturer/ Professor	Appointment as Examiner in this University			
			Year of eligibility		Subject	P.G.	Year of first appointment
			Pre-Uni.	F.Y.B.Sc. Degree			

Total Total experience :

Present Address :

College :

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 338-350-8-68

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જુલાઈ માસની સભા શનિવાર, તા. ૬-૭-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૭-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

કામકાજની યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં સભાગૃહે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રીની ગેરહાજરીમાં આ સભાગૃહના એક સભ્ય શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈને ગુજરાત રાજ્યની સરકારનું સુકાન સોંપવામાં આવ્યું છે તે બદલ હર્ષ વ્યક્ત કરીને તેમને અભિનંદન આપ્યાં. શ્રી. ઠાકોરભાઈ દેસાઈએ તે માટે સભાગૃહનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

તે પછી કામકાજની યાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૧૬-૬-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૬-૬-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ સર્વશ્રી વિનોદ અધ્વર્યુ, રમેશભાઈ મ. ભટ્ટ, કે. કા. શાસ્ત્રી, સી. આર. નાયક, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુક્લના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ(સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩ (પાન ૭થી ૯)માં દર્શાવેલ માહિતી ઉપરથી સૂચવાય છે કે પ્રતિવર્ષે કૉલેજો તેમ જ અધ્યાપકોની સંખ્યા વધતી જાય છે. આ સાથે અધ્યાપકો તેમ જ વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના અર્થઘટન, અમલ અને પાલન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થવાના પ્રસંગો પણ વધવાનો સંભવ છે. તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૦(૧૫), ૨૦(૧૬) અને ૨૦(૧૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવાની સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ખૂબ આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્નમાં અભિપ્રેત છે તેવા પ્રશ્નોને હલ કરવા માટે યુનિવર્સિટીનું હાલનું તંત્ર પર્યાપ્ત જણાય છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ(સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩ (પાન ૭) પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષે કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સાવધનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓનો સાધ્યરતા અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી — આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપતી વખતે વધુ કડક, વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ

જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વક કનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા લાગતાંવળગતાં મંડળોને ઉચ્ચ શિક્ષણનું ચોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની નોંધ લેવી અને તે એકેડેમિક કાઉન્સિલને તેની જાણ અને ઘટતું કરવા માટે મોકલી આપવો.

૪. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ સર્વશ્રી સી. આર. નાયક, વિનોદ અધ્વર્યુ, કે. કા. શાસ્ત્રી, રમેશભાઈ મ. ભટ્ટ, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુકલના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંનાં પાન ૪૮થી ૫૧ પરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા, વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની નોંધ લઈને તે, પ્રકાશન વહીવટી સમિતિને તેની જાણ અને ઘટતું કરવા માટે મોકલી આપવો.

૫. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૧૩માંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓને ઑલ-ઇન્ડિયા રેડિયોના યુનિવર્સિટી બ્રૉડકાસ્ટ જેવા મહત્ત્વના અને ઉપયોગી કાર્યક્રમો સાથે સીધો સંબંધ નથી, જ્યારે પ્રકરણ ૬-(ગુ. યુનિ. વાર્ષિક અહેવાલ--૧૯૬૬-૬૭)માંના પાન ૪૧ ઉપરથી જણાય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં સારી એવી સંખ્યામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તથા ઉત્તરોત્તર આ સંખ્યા વધતી જાય છે. તો આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં શીખવતા ઉત્તમ અધ્યાપકો તેમ જ અન્ય વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ આપી શકાય તે હેતુથી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ તેમ જ ઑલ-ઇન્ડિયા રેડિયોના સંપર્ક અને સહકાર દ્વારા રેડિયો જેવા વ્યાપક માધ્યમનો શિક્ષણના માધ્યમ તરીકે વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની યોજના કરવા માટે ત્વરિત પ્રવૃત્તિ આદરવાની લાગતાંવળગતાં મંડળોને સેનેટની આ સભા ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ ઑલ ઇન્ડિયા રેડિયોના સત્તાવાળાઓને મોકલીને જણાવવું કે શિક્ષણના માધ્યમ તરીકે બ્રૉડકાસ્ટનો વધુ વ્યાપક અને વધુ અસરકારક ઉપયોગ કરવાની કોઈ પણ યોજના ઘડવામાં અને તેનો અમલ કરવામાં આ યુનિવર્સિટી શક્ય તેટલો તમામ સહકાર આપશે.

૬. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ અંગે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોની અને તદનુસાર અધ્યાપકોની વધતી જતી સંખ્યા જોતાં અધ્યાપકોના પરસ્પર સંપર્ક, વિચારવિનિમય તેમ જ અધ્યયન, અધ્યાપન અને સંશોધનના વિકાસની દૃષ્ટિએ વિવિધ વિષયોને અનુલક્ષીને વારંવાર સેમિનાર, શિબિરો, પરિષદો વગેરે યોજાય એ આવશ્યક છે એ દૃષ્ટિએ સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને આ બાબતમાં વિશેષ પ્રવૃત્તિ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે તથા તેવી પ્રવૃત્તિઓ શક્ય બનાવવા માટે અંદાજપત્રના પાન નં. ૯ ઉપર વર્ષ ૧૯૬૮-૬૯ માટે સૂચવાયેલી પરિસંવાદ વગેરે માટેની જોગવાઈનો રૂા. ૧૬,૦૦૦ની રકમને રૂા. ૨૦,૦૦૦ સુધી વધારવાની અને તે પૂરી ઉપયોગમાં લેવાય તેવી પ્રવૃત્તિ કરવાની વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં પરિસંવાદ વગેરે માટે અંદાજપત્રમાં રૂા. ૧૬,૦૦૦ની જે જોગવાઈ કરવામાં આવી છે તે પૂરતી જણાય છે. તેમ છતાં જરૂર જણાશે તો અને ત્યારે વધુ રૂા. ૪,૦૦૦ની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટ અવશ્ય વિચારણા કરશે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો તથા કૉલેજ સ્ટાફને મળતાં પરીક્ષા-મહેનતાણાંના દરોની ફેરવિચારણા કરવા માટે રો. વાય. જી. નાયકે તેમના તા. ૧૫-૪-૧૯૬૮ના પત્રમાં કરેલ નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"આપણી યુનિવર્સિટીની પરીક્ષાનાં તેમ જ બીજાં મહેનતાણાંના દરો પ્રમાણમાં ઘણા ઓછા છે અને તે અંગે કૉલેજોના કર્મચારીઓ અને પરીક્ષકો, સુપરવાઇઝરો વગેરેમાં ઘણો અસંતોષ પ્રવર્તે છે. આ પ્રશ્નની સમગ્ર ફેરવિચારણા કરી આ અંગે જે વાજબી સુધારા કરવા યોગ્ય લાગે તો તે કરવા. આ માટે આવતી સિન્ડિકેટની તા. ૨૦-૪-૧૯૬૮ની સભામાં એક નાની સમિતિની નિમણૂક કરીને આ પ્રશ્નને તાત્કાલિક હાથ પર લેવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો તથા કૉલેજ સ્ટાફને મળતા પરીક્ષા-કામના મહેનતાણાના દરોમાં હાલ કશો ફેરફાર કરવો નહિ.

૮. આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિમાતા પ્રાશ્નિક-પરીક્ષકોને અપાતા મહેનતાણાની મર્યાદા દૂર કરવા અંગે સેનેટ-સભ્ય શ્રી. ડી. એચ. સુતરિયાના તા. ૪-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિમાતા પરીક્ષકો/પ્રાશ્નિકોને અપાતા મહેનતાણાની જે મર્યાદા મૂકવામાં આવેલા છે તે ચાલુ રાખવી.

૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ થર્ડ બી.કૉમ. પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "શ્રી. ડાહ્યાભાઈ રવચંદ સુવર્ણચંદ્રક" એનાયત કરવા બાબતમાં વિદ્યાર્થી નં. ૧૯૦ અને ૨૨૪૭ને કુલ ગુણાંક સરખા મળતા હોઈ, સદરહુ સુવર્ણચંદ્રક આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં કામકાજ નં. ૭૬થી ઠરાવેલ છે કે નિયમ ૧(ક) મુજબ એક કરતાં વધુ વિદ્યાર્થીઓને ચંદ્રક આપવાનો પ્રશ્ન ઊભો થાય તો તેવી પરિસ્થિતિમાં એક કે વધુ ચંદ્રક આપવા કે કેમ અને તે કોને આપવો કે કોને આપવા તે નક્કી કરવાનો પ્રશ્ન સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ સુવર્ણચંદ્રક** માટે ૧૯૬૮ના વર્ષમાં ફક્ત બે વિદ્યાર્થીઓ પાત્ર હોઈ તે બેઉ વિદ્યાર્થીઓને, તે સુવર્ણચંદ્રકો, શક્ય હોય તેટલો તેની કિંમતમાં ઘટાડો કરીને આપવા, અને **સદરહુ સુવર્ણચંદ્રક** બેઉ વિદ્યાર્થીઓની વચ્ચે વહેંચાયો છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરવો.

૧૦. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની જગ્યાઓ માટે ઑર્ડિનન્સ ૬૬ પ્રમાણે સિન્ડિકેટ તરફથી દરેક જગ્યા માટે વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ

(૨) પ્રોફેસર ઑફ સોશિયોલોજી

(૩) પ્રોફેસર ઑફ ઝૂલોજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નોકરીના નિયમો માટે સેનેટ-સભ્ય શ્રી. રમેશ ભટ્ટ તરફથી આવેલા "મૉડેલ રૂલ્સ" બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાની શરતો અંગે વિચારણા કરીને રિપોર્ટ આપવા માટે નીચેની સમિતિની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સેનેટ-સભ્ય શ્રી. રમેશ ભટ્ટના જે પત્રો સદરહુ બાબતના સંદર્ભમાં આવેલ છે તે પણ સદરહુ સમિતિ સમક્ષ રજૂ કરવા.

૧૨. ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી અંગેનું વધારાનું કામ કરવા તથા તે માટેનું મહેનતાણું માસિક રૂા. ૫૦ના દરથી તા. ૧-૫-૧૯૬૮થી સોસાયટી તરફથી સ્વીકારવા માટે ગણિતવિભાગના જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. એમ. પટેલને પરવાનગી આપવા બાબતના પ્રો. પી. સી. વૈદ્ય તરફથી તા. ૭-૬-૧૯૬૮નો પત્ર ભવનના અધ્યક્ષશ્રી મારફતે આવેલ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી અંગેનું વધારાનું કામકાજ એક વર્ષ માટે કરવા માટે તથા તે માટે પોતાના મૂળ પગારના ૩૦ %થી વધે નહિ તેટલું વેતન સદરહુ સોસાયટી પાસેથી એક વર્ષ માટે, તે કામકાજ યુનિવર્સિટીના તેમના કામકાજના સમય બાદ કરવામાં આવે તે શરતે, સ્વીકારવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના જુનિયર ક્લાર્ક શ્રી. એમ. એમ. પટેલને પરવાનગી આપવી.

૧૩. સ્થાયી સમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૭-૫-૧૯૬૮ની સભામાં મંજૂર કરી હોઈ તે અંગે આગળ પગલાં લેવા માટે વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગોના કામકાજના ભારણની નિષ્ણાત સમિતિ પાસે તપાસ કરાવવી અને ત્યાર બાદ આ અંગેની વિચારણા કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો અને ભવનોના કામકાજના ભારણ અંગે નિષ્ણાત વેપારી પેઢીઓ પાસેથી અંદાજી ખર્ચની માહિતી મેળવવા માટે કાર્યાલયને જણાવવું.

૧૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના પત્રાંક એફ. ૯૧-૩૫-૬૬(સી. ડી.), તા. ૨૮-૨-૧૯૬૮થી જે વધારાની જગ્યાઓ મંજૂર કરી છે તે જગ્યાઓ પૈકી નીચેની જગ્યાઓ ઊભી કરવા, તેનાં પગારધોરણ તથા રિસર્ચ આસિસ્ટન્ટની જગ્યા સિવાયની જગ્યાનાં લાયકાતનાં ધોરણો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	ભવનનું નામ	જગ્યાનું નામ	સંખ્યા
૧.	સમાજવિદ્યા ભવન	ફીલ્ડ વર્ક સુપરવાઇઝર (લેક્ચરરની ગ્રેડમાં)	એક જગ્યા
૨.	સમાજવિદ્યા ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન ઇકોનોમિક્સ	એક જગ્યા
૩.	મનોવિજ્ઞાન ભવન	ટ્રેઇન્ડ સોશિયલ વર્કર	એક જગ્યા
૪.	મનોવિજ્ઞાન ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન એજ્યુકેશન	બે જગ્યા
૫.	મનોવિજ્ઞાન ભવન	ડેમોન્સ્ટ્રેટર ઇન એજ્યુકેશન	એક જગ્યા
૬.	ભાષા-સાહિત્ય ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન ઇંગ્લિશ	એક જગ્યા
૭.	ભાષા-સાહિત્ય ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન પર્શિયન	એક જગ્યા
૮.	ભાષા-સાહિત્ય ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન સંસ્કૃત	એક જગ્યા
૯.	વિજ્ઞાન વિદ્યાભવન (સેન્ટ્રલ વર્કશોપ માટે)	સિનિયર ટેકનિશિયન	એક જગ્યા
		જુનિયર ટેકનિશિયન	બે જગ્યા
		ગ્લાસ બ્લોઅર	એક જગ્યા

[**નોંધ.**—ડેમોન્સ્ટ્રેટરની જગ્યા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૪ની સભામાં બાબત નં. ૬૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં હવે પછી ડેમોન્સ્ટ્રેટરની કોઈ પણ નવી જગ્યા ઊભી કરવી નહિ તથા હાલની કોઈ જગ્યા ખાલી પડે તો તે પર ડેમોન્સ્ટ્રેટરની નવી નિમણૂક કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ ડેમોન્સ્ટ્રેટરનું કામ પણ ભવનના શિક્ષકોએ કરવું જોઈશે."]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં ચોથી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલાં નીચેની જગ્યાઓ ઊભી કરવી:

ક્રમાંક	ભવનનું નામ	જગ્યાનું નામ	સંખ્યા
૧.	સમાજવિદ્યા ભવન	ફીલ્ડ વર્કર સુપરવાઇઝર (લેક્ચરરની ગ્રેડમાં)	એક જગ્યા
૨.	સમાજવિદ્યા ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન ઇકોનોમિક્સ	એક જગ્યા
૩.	મનોવિજ્ઞાન વિદ્યાભવન	ટ્રેઇન્ડ સોશિયલ વર્કર	એક જગ્યા
૪.	મનોવિજ્ઞાન વિદ્યાભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન એજ્યુકેશન	બે જગ્યા
૫.	ભાષા-સાહિત્ય ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન ઇંગ્લિશ	એક જગ્યા
૬.	ભાષા-સાહિત્ય ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન પર્શિયન	એક જગ્યા
૭.	ભાષા-સાહિત્ય ભવન	રિસર્ચ આસિસ્ટન્ટ ઇન સંસ્કૃત	એક જગ્યા
૮.	વિજ્ઞાન વિદ્યાભવન (સેન્ટ્રલ વર્કશોપ માટે)	સિનિયર ટેકનિશિયન	એક જગ્યા
		જુનિયર ટેકનિશિયન	બે જગ્યા
		ગ્લાસ બ્લોઅર	એક જગ્યા

વધુમાં ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર ઇન એજ્યુકેશનની જગ્યાને ટેકનિકલ આસિસ્ટન્ટ ઇન એજ્યુકેશનની જગ્યામાં ફેરવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો તથા પગારધોરણો સૂચવવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. ડૉ. વાય. જી. નાયક
૨. ડૉ. જે. જે. ચિનોય
૩. પ્રો. કે. આર ચન્દ્રશેખરન્
૪. પ્રો. ડી. એન. પાઠક.

૧૫. ઓર્ડિનન્સ ૧૮૫ અનુસાર નીચેની હાઇસ્કૂલોને પ્રેક્ટિસિંગ સ્કૂલો તરીકે માન્યતા આપવાના શિક્ષણ કૉલેજ, મોડાસાના આચાર્યના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

૧. મોડાસા હાઇસ્કૂલ, મોડાસા
૨. સર્વોદય હાઇસ્કૂલ, મોડાસા
૩. મખદુમ હાઇસ્કૂલ, મોડાસા
૪. તક્ષશિલા કન્યા વિદ્યાલય, મોડાસા
૫. સાયરા હાઇસ્કૂલ, સાયરા
૬. શેઠ એલ. પી. હાઇસ્કૂલ, શિણોલ
૭. શ્રી. પી. એમ. કોઠારી હાઇસ્કૂલ, ટિંટોઇ
૮. શ્રી. જે. એસ. મહેતા હાઇસ્કૂલ, ધનસુરા
૯. શ્રી. રાવસાહેબ વી. જી. પટેલ ગર્લ્સ હાઇસ્કૂલ, ધનસુરા
૧૦. શ્રી. પી. જી. મહેતા હાઇસ્કૂલ, માલપુર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શાળાઓને "પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ" તરીકે માન્ય કરવી.

૧૬. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં સ્થાપવામાં આવેલ ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ આચાર્યશ્રી એમ. એમ. નાયક રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ તે કૉલેજમાં આચાર્ય તરીકે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ગુજરાતી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શ્રી. એન. આર. પટેલની નિમણૂક થઈ હોવાથી તેમને પ્રોફેસર ઇન ચાર્જ તરીકે નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એન.આર. પટેલને નીમવા.

૧૭. ફેબ્રુઆરી ૩થી ૧૦, ૧૯૬૯ના સમય દરમિયાન અમદાવાદ મુકામે થનાર 3rd International Symposium on Equatorial Aeronomyના પરિસંવાદમાં યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો પૈકી પ્રતિનિધિઓને મોકલવા અંગે સદરહુ પરિસંવાદની આયોજક સમિતિના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. વાય. જી. નાયક અને પ્રો. પી. ડી. પાઠકને મોકલવા.

સદરહુ બાબતના સંદર્ભમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના અધ્યક્ષનો તા. ૪-૭-૧૯૬૮નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પરિસંવાદ અંગે એક યજમાન સંસ્થા તરીકે જોડાવા માટે આ યુનિવર્સિટીને આપેલું નિમંત્રણ સ્વીકારવું.

૧૮. નીચે જણાવેલ અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ ફેકલ્ટીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે જણાવેલ ફેકલ્ટીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧. ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ

Name	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri S. P. Acharya	*Linguistics :* Linguistic study of Halari dialect	Prof. P. B. Pandit, University of Delhi, 4, Lucknow Rd., Delhi-7	1. Dr. T. N. Dave, Muli, Saurashtra. 2. Prof. B. J. Sandesara, Baroda. 3. Dr. Sunitikumar Chaterjee, Calcutta.

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			4. Dr. S. M. Katre, Poona.
			For viva-voce
			1. Dr. T. N. Dave. Muli, (Saurashtra)

૨. સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ

Name of the candidate	*Subject*	*Degree*	*Internal Referee*	*External Referees*
1. Shri V. G. Parikh	*Sanskrit :* "Editing with the critical study of Tarka Tarangini (17th Century A.D.) A hither to unpublished comentary on Prakasika of Goverdhan"	Ph.D.	Dr. J. S. Jetly, Institute of Indology, Dwarka	1. Dr. Satkari Mookerjee, Vill Ratma, Dakshinagram, West Bengal (Birbhum).
				2. Dr. Nathmal Tatia, Research Institute of Prakrit & Jainology, Vaishali (Bihar).
				3. Dr. Dharmendra Nath Shastri, Institute of Indian Studies,

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			Kurukshetra University, Kurukshetra. 4. Professor Anantlal Thakur, Research Institute of Prakrit & Jainology, Vaishali (Bihar).
			*For viva-voce**

*(નોંધ.—મૌખિક પરીક્ષા માટે ક્રમાંક ૨, ૩ અને ૪માંથી જે મળી શકે તે મૂકવા એમ અધ્યક્ષશ્રીનું સૂચન છે.)

2. Smt. B. K. Thakar	*Sanskrit* : "An investigation into the chronological systems reflected in the epigraphic and literary records of Gujarat from early times up to 1300 A.D."	Dr. H. G. Shastri, B. J. Institute of Learning and Research, Ahmedabad–9	1. Dr. V. V. Mirasi, Dharm Peth, Nagpur. 2. Dr. Rajbali Pandey, Banaras Hindu University, Varanasi (U.P.). 3. Dr. K. V. Abhayankar, 927, Sadashiv Peth, Poona. *For viva-voce**

*(નોંધ.—મૌખિક પરીક્ષા માટે પહેલા બેમાંથી અથવા ત્રણમાંથી જે મળી શકે તે મૂકવા એમ અધ્યક્ષશ્રીનું સૂચન છે.)

૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referees*
1. Shri S. N. Rao	*Physics* : "A study on thin films of Binary System of Alloys."	Prin. Y. G. Naik	1. Prof. M. P. Givens, Institute of Optics, University of Rochester, Rochester, New York. *or* 2. Prof. F. P. Mertins, Division of Chemistry, Worchester Polytechnique Institute, Worchester. *or* 3. Prof. S. T. Tolanski, Professor of Physics, Royal Holloway College, University of London, London. *Viva-voce* 1. Dr. V. G. Bhide, National Physical

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			Laboratory, Delhi. *or* 2. Dr. A. R. Patel, Sardar Patel University, Vallabh Vidyanagar.
2. Shri A. R. Vamdatt	"Ellipsometric determination of the optical constant of thin metallic films"	Prin. Y. G. Naik	1. Professor Rustgi, O. P. Northrop Space Laboratories, Howthorne, California, 90250, U.S.A. *or* 2. Professor G. D. Scott, Department of Physics, University of Toronto, Toronto, Canada. *or* 3. Professor Archer, R. J., Bell Telephone Laboratories., Inc.,

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			Murry Hill, New Jersey U.S.A. *Viva-voce* 1. Dr. V. V. Shah, National Physical Laboratory, Delhi *or* 2. Dr. R. S. Sharma, Prof. of Physics, Banaras Hindu University, Banaras.
1. Shri N. B. Trivedi	*Physics :* "Studies of the Geomagnetic field in low latitudes"	Dr. K. R. Ramnathan	1. Professor A. N. Hunter, Dept. of Physics, University College, P. O. Box 30197, Nairobi, Kenya. 2. Dr. E. J. Chernosky, Air-Force

સિન્ડિકેટ (જુલાઈ)

તા. ૬-૭-'૬૮

Name of the candidate	***Subject***	***Internal Referee***	***External Referee***
			Cambridge Research Laboratories, Bedford-Mass, 01731, U.S.A.
			For viva-voce
			1. Dr. P. V. Sankaranarayan, Asst. Director, National Geophysical Research Institute, Hyderabad–7
			2. Prof. S. N. Ghosh, J. K. Institute of Applied Physics, University of Allahabad, Allahabad.
2. Shri R. V. Mehta	"Optical Transmission and Birefringence of certain colloids and Suspensions in an External Magnetic field	Prin. Y. G. Naik	1. Milton Kerker, Clarkson College of Technology Postdam, New York.
			or

Name	*Subject*	*Internal Referee*	*External Referees*
			2. Wilfried Heller, Dept. of Chemistry, Wayne State University, Detroit 2, Michigan.
			or
			3. C.T.O. Konski, Dept. of Chemistry, University of California, California
			or
			4. R. H. Otewill, Dept. of Colloid Science, Uni. of Cambridge, Cambridge, England
			For viva-voce
			1. Dr. K. Suryanara-yan Rao, Head of Physics Department,

Name	*Subject*	*Internal Referee*	*External Referees*
			Karnatak University, Dharwar *or* 2. Dr. N. R. Tawde, Marathwad University, Aurangabad.

૪. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Name	*Subject*	*Internal Referee*	*External Referee*
1. Shri P. H. V. Vasudeva-rao	*Botany :* "Morphohisto-genic studies in axillary buds of certain dicotyledons"	Dr. J. J. Shah, Department of Botany, Sardar Patel Univer-sity, Vallabh Vidyanagar	1. Foster A. S., Department of Botany, Uni. of California, Berkeley-4, California, U.S.A 2. Bailey I. W. Emeritus, Prof. of Plant Ana-tomy, Harward University, Herbarium 22, Divinity Avenue, Cambridge, Mass, U.S.A. 3. Clowes, F.A.L., Department of Botany, Univer-sity of Oxford, Oxford.

Name	*Subject*		*Internal Referee*	*External Referee*
				For Viva-voce 4. Swamy B. G. L., Principal, Presidency College, Madras–5. 5. Kundu B. C., Joint Director, Bose Institute, 93/1, Acharya Prafullachandra Road, Calcutta–9.
2. Smt. U. H. Acharya	*Botany :* "Resistance physiology of some plants of Gujarat"	Ph.D.	Dr. J. J. Chinoy	1. Prof. Jacob Levitt, Botany Department, University of Missouri, Columbia, Missouri. *or* Dr. David Reid, Research Agronomist, Barley Investigations Cereal Crops Research Branch, Crops Research Division–A.R.S. Plant Industry Station, Beltsville, Maryland–20705. *For viva-voce* 2. Prof. I. M. Rao, Professor of Botany, S. V.

Name	*Subject*	*Internal Referee*	*External Referee*
			University, Tirupati (A.P.) *or* Dr. G. S. Sirohi, Plant Physiologist, Division of Plant Physiology and Phytotrons, Indian Agriculture Research Institute, Pusa-5, New Delhi-12.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધો અંગે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની નિમણૂક ક્રમાનુવર્તી ધોરણે કરવી.

૧૯. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૧-૧૨-૧૯૬૬ની અને તા. ૮-૬-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ (૧) સમિતિની તા. ૨૧-૧૨-૧૯૬૬ની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણો, તથા (૨) સમિતિની તા. ૮-૬-૧૯૬૮ની સભાની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાની ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૦. ફાર્મસીના ડિગ્રી અભ્યાસક્રમના સુધારેલા નીચેના ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનો મંજૂર કર્યાના અને પહેલા તથા બીજા વર્ષના અભ્યાસક્રમોના ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનો જૂન ૧૯૬૮થી એકીસાથે અમલમાં મૂકયાના તથા ત્રીજા અને ચોથા વર્ષના અભ્યાસક્રમોના ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનો અનુક્રમે જૂન ૧૯૬૯ તથા જૂન ૧૯૭૦થી અમલમાં મૂકયાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ઓ. ફાર્મ. ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૨-એ, ૧૩, ૧૪, ૧૫, ૧૫-એ, ૧૫-બી, ૧૫-સી;
રેગ્યુ. ફાર્મ. ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૮-એ, ૩૮-બી, ૩૮-સી, ૩૮-ડી, ૩૮-ઈ, ૩૮-એફ, ૩૮-જી, ૩૮-એચ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

(સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોનો સંબંધકર્તા ભાગ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૧. રાજ્ય સરકારના નાણાખાતાના મકાનભાડા અંગેના તા. ૬-૨-૧૯૬૮ના ઠરાવ નં. વલભ-૧૨૬૭-૧૫૩-ચ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આપણે રાજ્ય સરકારના ઘરભાડા ભથ્થાં, મોંઘવારી ભથ્થાં તથા સ્થાનિક ભથ્થાંના નિયમો આપણા કર્મચારીઓ માટે અપનાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મકાન ભાડાભથ્થા અંગેના રાજ્ય સરકારના ઠરાવ નં. વલભ-૧૨૬૭-૧૫૩-ચ, તા. ૬-૨-૧૯૬૮ની નોંધ લેવી તથા તેમાં જણાવેલ સિદ્ધાંત યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતાં ભાડાભથ્થાં અંગે સ્વીકારીને તેનો તે તારીખથી અમલ કરવો.

૨૨. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તબીબી તપાસની યોજના પર વિચારણા કરવા સિન્ડિકેટે તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં નિયુક્ત કરેલ સમિતિએ કૉલેજોમાં આરોગ્યકેન્દ્રો શરૂ કરવાની બાબતમાં તે માટે જરૂરી આર્થિક સહાય આપવા બાબતમાં તબીબી તપાસ અને તેનું ફૉલોઅપ કાર્ય ચીવટપૂર્વક થાય તે બાબતમાં તથા ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા ચાલુ રાખવા બાબતમાં અને યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો ઉપયોગ વિસ્તૃત કરવા અંગેની બાબત વગેરે અંગેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિએ ઘડેલી યોજના સભામાં સૂચવવામાં આવેલા ફેરફારો સાથે મંજૂર કરવી.

(સુધારેલ ભલામણોની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૩. તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સિન્ડિકેટની સભાએ બાબત નં. ૮૫થી લેબોરેટરી સુપરવાઇઝરની નિમણૂક અંગે કરેલ ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવા બાબત :

બાબત નં. ૮૫થી મંજૂર કરેલ ઠરાવ :

"for post-graduate practical examination there will be a Laboratory Supervisor."

સુધારો કર્યા મુજબનો ઠરાવ :

Notwithstanding anything contained above Laboratory Supervisor may, if found necessary, be appointed at the post-graduate practical examination in the Faculty of Science."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ઉપર મુજબ સુધારેલો ઠરાવ મંજૂર કરવો.

૨૪. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખાએ નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી તેમાં કેટલાક સુધારા-વધારા કરી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોનું મહેનતાણું, નર્સ-નોકરોની સંખ્યા વગેરેની વિગતો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સ્વીકારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-લેબર વેલ્ફેરની જગ્યા પર નિમાયેલા રો. પરેશ મજમુદારની નિમણૂક અંગેના હાઈ કોર્ટના ચુકાદા પર અપીલ કરવાની રજા અને સ્ટે. ઓર્ડરની બાબતમાં સુપ્રીમ કોર્ટે આપેલા તા. ૧૮-૬-૧૯૬૮ના ઑર્ડર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(સુપ્રીમ કોર્ટના સદરહુ ઑર્ડરની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૬. સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં શ્રી. આર. જી. ભટ્ટની રીડર-ઇન-એજ્યુકેશનની જગ્યા ઉપર નિમણૂક કરવા ઠરાવ્યું હતું, પરંતુ રીડર-ઇન-લેબર વેલ્ફેરની જગ્યા અંગે હાઈ કોર્ટે આપેલા ચુકાદાને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૨૭-૫-૧૯૬૮ની સભામાં આ નિમણૂકનો અમલ હાલ મોકૂફ રાખવા ઠરાવ્યું હતું. હવે સુપ્રીમ કોર્ટે આ ચુકાદા ઉપર તા. ૧૮-૬-૧૯૬૮ના રોજ આપેલા સ્ટે. ઑર્ડરને અનુલક્ષીને શ્રી. આર. જી. ભટ્ટ હવે રીડરની જગ્યા પર જોડાઈ શકે છે તેમ જણાવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૭. બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમ માટે શિક્ષકોની લઘુતમ શૈક્ષણિક લાયકાતનાં ધોરણો મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સદરહુ અભ્યાસક્રમ માટે શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગે મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૮. યુનિવર્સિટીના પ્રેસના કાગળો "વૉટરમાર્ક" કરાવીને ખરીદવા અંગે મગાવેલાં ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી.

૨૯. સને ૧૯૬૮ના બીજા છ માસમાં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની ઑ. ૧૨૯ મુજબ આવતી તારીખોમાં ફેરફાર કરીને કાર્યાલયે સૂચવેલ તારીખોએ પરીક્ષાઓ શરૂ કરવા માટેના સમયપત્રક પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮ના ઉતરાર્ધમાં લેવાનારી આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવા માટે કાર્યાલયે સૂચવેલ સમયપત્રક મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલ સમયપત્રકની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૦. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. આર. શેનોય તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ અંગે તેઓની તા. ૨૬-૩-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રો. શેનોય સમાજવિદ્યા ભવનમાં તા. ૨૧-૬-૧૯૫૪થી જોડાયા હતા અને તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

અને

૩૧. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. આર. શેનોય તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-અ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— પ્રો. શેનોય સમાજવિદ્યા ભવનમાં તા. ૧૫-૬-૧૯૫૪થી જોડાયા હતા અને તા. ૧૫-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

અને

૩૨. ઇકોનોમિક્સ રિસર્ચ સેન્ટર તરફથી "મોનેટરી ઇમ્પેક્ટ ઑફ પી.એલ.-૪૮૦ ફાઇનાન્સ" ઉપર દિલ્હી મુકામે તા. ૨૧-૧૧-૧૯૬૭થી તા. ૧૫-૧૨-૧૯૬૭ સુધી યોજવામાં આવેલા પરિસંવાદમાં સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ શ્રી. બી. આર. શેનોયે સદરહુ સેન્ટરના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીની પરવાનગી વિના કામ કર્યું છે એમ જણાતાં કુલપતિશ્રીના આદેશથી તે અંગે તેમની પાસેથી તા. ૨૬-૧૨-૧૯૬૭ના પત્રથી અને તે પછી તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સિન્ડિકેટના ઠરાવ અન્વયે તા. ૧૬-૫-૧૯૬૮ના પત્રથી સ્પષ્ટતા માગવામાં આવેલી છે. હજુ સુધી કાર્યાલયને તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી તેથી તે અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૦, ૩૧ અને ૩૨ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી પ્રો. શેનોય યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ થયા છે તે હકીકત લક્ષમાં લઈને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) પ્રો. બી આર. શેનોય આ યુનિવર્સિટીમાં સેવામાં ચાલુ હતા તે દરમિયાન તેમણે ઇકોનોમિક્સ રિસર્ચ સેન્ટરના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના સત્તાવાળાઓની પરવાનગી વિના કામ કર્યું તે બાબતમાં તેમની પાસે ખુલાસો માગ્યો તેના અનેક સ્મૃતિપત્રો લખવા છતાં તેમણે જવાબ પણ આપ્યો નથી તેની ઊંડા ખેદ સાથે નોંધ લેવી, અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને (૨) પ્રોવિડન્ટ ફંડ, અને (૩) ગ્રેચ્યુઇટીનાં નાણાં ચૂકવી આપવાં.

૩૩. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. એમ. એસ. ત્રિવેદીને તા. ૧૫-૮-૧૯૬૮થી તા. ૧૪-૮-૧૯૬૯ સુધી University of Essex (U.K.)માં M.A. (Economics)ના અભ્યાસ માટે એક વર્ષની અભ્યાસ-રજા આપવા અંગે સમાજવિદ્યા ભવનના તા. ૨૨-૬-૧૯૬૮ના પત્રાંક ૪૯૬ ઉપર વિચારણા બાબત.

(નોંધ.—શ્રી. ત્રિવેદીનો મૂળ માસિક પગાર રૂા. ૪૬૦ છે અને તેઓ તા. ૧૫-૬-૧૯૬૬થી આપણા ભવનમાં કાયમી જગ્યા પર કામ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. એમ. એસ. ત્રિવેદીને University of Essex (U.K.)માં M.A. (Economics)નો અભ્યાસ કરવા માટે

એક વર્ષની વગર-પગારની અભ્યાસ-રજા નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) એક વર્ષની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ આ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૨) એક વર્ષની તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૩) ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમણે ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરવી; અને

(૪) ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેમણે આપવાની રહેશે.

૩૪. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ હિસાબનીશ તરીકે કામ કરતા શ્રી. એચ. સી. દોશીના એક વર્ષના અજમાયશી સમય તા. ૧૬-૮-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૭-૮-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એચ. સી. દોશીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એચ. સી. દોશીને મદદનીશ હિસાબનીશની જગ્યા પર તા. ૧૭-૮-૧૯૬૮થી કાયમ કરવા.

૩૫. યુ. પી. એસ. સી. તરફથી પરદેશમાં ઉમેદવારોની મુલાકાત લેવા અંગેની વ્યવસ્થા કરેલ હોઈ લાયક ઉમેદવારોનાં નામોની યાદી આપણને મોકલી આપે તો આપણે ત્યાં ખાલી પડેલ જગ્યા ઉપર નિમણૂક કરવા અંગે વિચારી શકીએ કે કેમ તેની માહિતી માગતા યુનિવર્સિટી માન્યૂસ કમિશનના તા. ૨૬-૫-૧૯૬૮ના પત્રાંક એફ. ૨-૬-૬૭ (સીડીએન), ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૬. The Association of Physiologists and Pharmacologists of Indiaની ૧૪મી વાર્ષિક સભા ડિસેંબર તા. ૨૭થી ૨૯, ૧૯૬૮ના સમય દરમિયાન મેડિકલ કૉલેજ, વડોદરા મુકામે યોજાનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૬-૬-૧૯૬૮ના પત્રાંક ૭૮-૬૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનની આગામી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓને મોકલવી :

૧. ડૉ. એમ. જી. અમીન
૨. ડૉ. એચ. આર. દેરાસરી અને
૩. ડૉ. હરિકૃષ્ણ જાની.

૩૭. "આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ", ભિયાગામ-કરજણનું હાલનું નામ બદલીને "શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કન્ડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ" રાખવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૭-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભિયાગામ-કરજણનું હાલનું તે નામ બદલીને "શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કન્ડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ" રાખવા માટેની સદરહુ વિનંતી મંજૂર કરવી અને જોડાણના જાહેરનામામાં ફેરફાર થયેથી આ ઠરાવનો અમલ કરવો.

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સ શ્રી. સી. જી. ખત્રીને (જેઓની સેવાઓ એક વર્ષ માટે રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સ્કૂલ, ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તાને ઉછીની આપેલી છે) તેઓના તા. ૩૧-૫-૧૯૬૮ના પત્રમાં જણાવ્યા પ્રમાણે "An International Symposium on Multivariate Analysis at U.S.A."માં હાજર રહેવાની મુદતમાં તા. ૧-૭-૧૯૬૮થી તા. ૭-૭-૧૯૬૮ સુધી વધારો કર્યાના;

(૨) ડૉ. વાય. જી. નાયક (પ્રિન્સિપાલ, સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ)ને પોસ્ટ-ગ્રેજ્યુએટ ફિઝિકસના સેન્ટરની શરતોના પરિપાલન અંગે અગત્યનું અને તાત્કાલિક કામ કરવાનું હોવાથી તથા બે સ્થળોની મુલાકાત એક જ દિવસમાં લઈ શકાય તે દૃષ્ટિએ તેમણે પાટણ અને વીસનગર તેમની મોટરમાં મુસાફરી કરવાની પરવાનગી આપ્યાના.

(નોંધ.—આપણા હાલના નિયમો મુજબ તેઓને આ મુસાફરી માટે પહેલા વર્ગનું રેલવે-ભાડું મળી શકે. મોટરકારના દરે ભથ્થું આપી શકાય નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩૯. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર દ્વિતીય વર્ષ બી.એ.ના પ્રાકૃત વિષયના પ્રશ્નપત્ર ૫ અંગેનો રેગ્યુ. આર્ટ્સ-૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. Arts. 7 (9) Prakrit

1. Translation from Unseen Prakrit.. .. ..30 marks
2. Translation into Prakrit .. ..15 marks
3. Grammar—(Prakrit Apabhramsha) Swar-Vyanjan, Vikar, Nam Rup-Dhaturup.. .. .. ..25 marks

(૧) આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. આર્ટ્સ-૭ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ભાષાના વિષયોમાં જુદા જુદા વિષયોનાં પ્રશ્નપત્રોમાં ગુણના વિભાગીકરણની બાબતમાં શક્ય હોય ત્યાં સુધી એકસૂત્રતા રાખવા અંગે ઘટતી વિચારણા કરવા સૂચિત સુધારા સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભામાં બાબત નં. ૨૩ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૦. ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર ફાર્મ. ઓર્ડિ. ૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલી બનાવવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"A candidate who has passed the First B.Sc. Examination of this University or of any other University recognised as equivalent thereto, shall be exempted from the prescribed courses and examination of the First Year in Pharmacy (Diploma) in Modern Indian Language and/or Additional English and in those subjects in which he has passed the First B.Sc. Examination provided further that such a student shall be permitted to join the Intermediate courses in Pharmacy and shall be eligible to appear at the Examination if he has passed the Intermediate Examination and also the Examination in those subjects of F.Y.Pharmacy (Diploma) in which he is not exempted except Additional English or Modern Indian Language."

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મ. ઓર્ડિ. ૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

૪૧. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, નડિયાદે તેની જોડાણ-અરજીમાં ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે નિર્દેશ કર્યો હતો. હવે તેઓ ૧૦૦ વિદ્યાર્થીઓ અને ઓ. ૧૨૦-બી અન્વયે ૧૦ ટકા વધુ એટલે કે કુલ્લે ૧૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા દેવાની પરવાનગી માગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક તપાસસમિતિના શ્રેયાત સભ્ય ડૉ. વાય. જી. નાયકે આ મંજૂરી આપી શકાય તેવો મત દર્શાવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. ય. ગુ. નાયક
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. આચાર્ય ટી. એમ. પરીખ
૪. પ્રો. કે. જે. ભટ્ટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિને પોતાની તપાસમાં નીચેની બાબતોને સ્પષ્ટ રીતે આવરી લેવા જણાવવું :

૧. વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સુવિધા છે;
પ્રથમ બી.ઈ. (કેમિ.)ના વર્ગમાં
૨. સંસ્થાએ મુકરર કરેલી ફીના ધોરણની યથાર્થતા;
૩. જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન;
૪. પ્રયોગશાળાની સુવિધા;
૫. પ્રવેશપદ્ધતિ અંગેની યથાર્થતા; અને
૬. યુનિવર્સિટીના અભ્યાસક્રમો માટે નિમાયેલ શિક્ષકો, બંધાયેલ મકાન, વર્કશોપ, ઇત્યાદિનો ડિપ્લોમા અભ્યાસક્રમ માટે થતો ઉપયોગ.

૪૨. જૂન ૧૯૬૯થી ચાલુ વધારાના જોડાણ માટે આવેલ નીચે જણાવેલ અરજીઓ (જરૂરી ફી સાથે) ઓ. ૧૨૦ પ્રમાણે સમય બહાર આવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અરજી આવ્યા તારીખ	અનામત આવ્યા તારીખ	અભ્યાસક્રમ
(૧)	શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા	૧-૭-૧૯૬૮	૩-૭-૧૯૬૮	બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃતનું વધારાનું જોડાણ.
(૨)	શ્રી. સહજાનંદ કૉલેજ, અમદાવાદ	૨-૭-૧૯૬૮	૨-૭-૧૯૬૮	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, અને ગણિતશાસ્ત્ર; બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગનું ચાલુ જોડાણ.
(૩)	યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	૨-૭-૧૯૬૮	૨-૭-૧૯૬૮	બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અરજી આવ્યા તારીખ	અનામત આવ્યા તારીખ	અભ્યાસક્રમ
(૪)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	૨૮-૬-૧૯૬૮	અનામત આવી નથી.	બી.એ. (પ્રિન્સિ.) માં અંગ્રેજી, ગણિત, તથા બી.એસસી.(રૂપે.)માં ગણિત-શાસ્ત્રનું ચાલુ જોડાણ કાયમી ધોરણે ચાલુ રાખવા.
(૫)	એમ. એન. કૉલેજ, વીસનગર	૨૭-૬-૧૯૬૮	અનામત આવી નથી.	બી.એ.(પ્રિન્સિ)માં તત્ત્વ-જ્ઞાન; તથા બી.એ.(સબો.)-માં આંકડાપદ્ધતિનું ચાલુ જોડાણ કાયમી ધોરણે ચાલુ રાખવા.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ માટે સમયસર અરજી ન કરવા માટે સખત ઠપકો આપવો, અને ચાલુ વર્ષે અપવાદ તરીકે તેમની અરજીઓ સ્વીકારવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોની જોડાણઅરજીઓની બાબતમાં તથા ચાલુ કે વધારાના જોડાણ માટેની અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. જૂન ૧૯૬૯થી નવી કૉલેજો માટે (૧) વિભાગીકરણ માટે, (૨) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખા માટે, તથા (૩) ફક્ત વધારાની વિદ્યાશાખા માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

(૧) નવી કૉલેજના જોડાણ માટે આવેલ અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થાન	વિદ્યાશાખા
(૧)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને શિક્ષણ
(૨)	ટ્રસ્ટી, લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર, જિ. મહેસાણા	વીસનગર	શિક્ષણ
(૩)	ટ્રસ્ટી, શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ, ટાગોર પાર્ક, અમદાવાદ-૬	અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
(૪)	પ્રમુખ, બયતુલમાલ, કાળુપુર ચકલા, અમદાવાદ-૧	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
(૫)	પ્રમુખ, બયતુલમાલ, કાળુપુર ચકલા, અમદાવાદ-૧	અમદાવાદ (કેવળ મહિલાઓ માટે)	વિનયન અને વાણિજ્ય

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થાન	વિદ્યાશાખા
(૬)	ટ્રસ્ટી, "સંત પુનિત" એજ્યુકેશન ટ્રસ્ટ, ૫-એ, હરિનગર, શાહઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
(૭)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૧	ઈડર, (જિ. સાબરકાંઠા)	વિનયન અને વાણિજ્ય
(૮)	મંત્રીશ્રી, બાલાશિનોર વિદ્યામંડળ, ગોલવાડ શેરી, બાલાશિનોર, જિ. ખેડા	બાલાશિનોર	વિનયન અને વાણિજ્ય
(૯)	ટ્રસ્ટી, શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	શિક્ષણ અને વાણિજ્ય
(૧૦)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૧	અમદાવાદ	વાણિજ્ય અને વિજ્ઞાન
(૧૧)	મંત્રી, પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય અને વિજ્ઞાન
(૧૨)	પ્રમુખ, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર	વીસનગર	વાણિજ્ય અને કાયદો
(૧૩)	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, હાજા પટેલની પોળ, કાળુપુર, અમદાવાદ-૧	અમદાવાદ	વાણિજ્ય
(૧૪)	મંત્રી, શ્રી કચ્છ એજ્યુકેશન સોસાયટી, ભીડબજાર, ભૂજ (કચ્છ)	ભૂજ	કાયદો
(૧૫)	મંત્રી, શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા	ઊંઝા	કાયદો
(૧૬)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૧	મહેસાણા	કાયદો અને શિક્ષણ

(૨) વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખા માટે

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	શા માટે
(૧)	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વિભાગીકરણ તથા વાણિજ્યની વિદ્યાશાખા સાથે કાયદાની વિદ્યાશાખાના જોડાણ માટે
(૨)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	વિભાગીકરણ તથા વિનયનની વિદ્યાશાખાના વાણિજ્યની કૉલેજ સાથે સંયોજન માટે

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	શા માટે
(૩)	એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	વિભાગીકરણ તથા વિનયન વિદ્યાશાખાના વાણિજ્યની કૉલેજ સાથે સંયોજન માટે
(૪)	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ	વિભાગીકરણ તથા ડિપ્લોમા અભ્યાસક્રમોના વધારાના જોડાણ માટે

(૩) વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલ અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	વિદ્યાશાખા
(૧)	મૅનેજર, ગાંધીધામ મૈત્રીમંડળ, આદિપુર	વિનયન માટે કાયમી જોડાણ તથા વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા
(૨)	બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા, જિ. પંચમહાલ	વાણિજ્યની વધારાની વિદ્યાશાખા
(૩)	આચાર્ય, આર્ટ્સ કૉલેજ, મહુવા	વિનયનના અભ્યાસક્રમો માટે ચાલુ તથા વધારાનું જોડાણ
(૪)	આચાર્ય, શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	વાણિજ્યની વધારાની વિદ્યાશાખા
(૫)	આચાર્ય, નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	કાયદાના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તેમજ વાણિજ્યની વધારાની વિદ્યાશાખા.

આથી ઠરાવવામાં આવે છે કે નવી કૉલેજો માટેની જોડાણઅરજીઓના સંદર્ભમાં જોડાણ માટેની આવશ્યક પૂર્વતૈયારીરૂપે જરૂરિયાતોના સર્વસામાન્ય ધોરણનું નિર્માણ કરવા માટે તે અંગેના આપણા પ્રશ્નો જોઈતપાસીને પોતાનો રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, અધ્યક્ષ
૨. આચાર્ય જે. બી. સાવિડલ
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૪. આચાર્ય વાય. પી. શુકલ
૫. પ્રો. મણિશંકર પી. પંડ્યા
૬. આચાર્ય એસ. આર. મહેતા
૭. આચાર્ય બી. એમ. પીરઝાદા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે દેશની બીજી યુનિવર્સિટીઓમાં ડિપૉઝિટ કે અન્ય શરતોની બાબતમાં સામાન્ય ધોરણ શું પ્રવર્તે છે તે અંગેની માહિતી કાર્યાલયે મગાવીને સદરહુ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

સદરહુ સમિતિનો રિપોર્ટ સિન્ડિકેટની આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું અને તે આવ્યેથી નવી કૉલેજોના જોડાણની અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવાનું રાખવું.

૪૪. (૧) યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષ આપવામાં આવતી "રા. આર. કે. યાજ્ઞિક શિષ્યવૃત્તિ"ના પ્રદાનની રકમ તેની હાલની શરતો સહિત જો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્વીકારવા કબૂલ હોય તો તેને સોંપવા સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં કરેલ ઠરાવ અન્વયે સદરહુ શરતો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સ્વીકાર્ય હોવાનું જણાવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૫-૪-૧૯૬૮ના પત્રાંક ૬૪૭ની નોંધ લેવા બાબત; અને (૨) જૂન ૧૯૬૭થી શરૂ થયેલા શૈક્ષણિક વર્ષ માટેની સદરહુ શિષ્યવૃત્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. — સદરહુ શિષ્યવૃત્તિ અંગેનો નિયમ નં. ૧ નીચે મુજબ છે :

Rule 1 :

Every year, a scholarship of Rs. 25/- in cash per month in the name of 'Dr. R. K. Yagnik' shall be awarded to a candidate who has appeard at the S.S.C. Examination of the Gujarat State from centres in Saurashtra only and who has joined a college affiliated to this University and who has secured the highest percentage of marks amongst such students.']

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી શરૂ થયેલા શૈક્ષણિક વર્ષ માટે સદરહુ શિષ્યવૃત્તિ ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોઈ પણ કૉલેજમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષામાં સૌરાષ્ટ્રનાં કોઈ પણ કેન્દ્રોએથી બેસીને વધુમાં વધુ ગુણાંક લાવનાર વિદ્યાર્થીઓને આપવાનું રાખવું.

૪૫. ઑક્ટોબર ૧૯૬૭માં તેમ જ માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ધલાજો અંગેના કેસો પર તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૪-૬-૧૯૬૮ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૬-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૬-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ આ સાથે જોડવામાં આવી નથી.)

૪૬. એપ્રિલ ૧૯૬૮માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી ત્રીજી બી.એ.,એમ.એસ.ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી ઑક્ટોબરમાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે કે એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ ત્રીજી બી.એ.એમ.એસ.ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે આગામી ઑક્ટોબર ૧૯૬૮માં એક વધુ પરીક્ષા લેવાનું રાખવું અને

તે પરીક્ષામાં બેસવા માટે શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતમાં જૂન ૧૯૬૮થી ઑક્ટોબર ૧૯૬૮ સુધીનું સત્ર રાખવામાં આવેલું હોય તો તેને અપવાદ તરીકે પર્યાપ્ત ગણવું.

૪૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન મૅથેમેટિક્સની એક હંગામી જગ્યા માટે તા. ૬-૭-૧૯૬૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૬-૭-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. આઈ. એચ. શેઠને વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન મૅથેમેટિક્સની હંગામી જગ્યા પર તા. ૨૭-૯-૧૯૬૯ સુધી રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં માસિક પગાર રૂા. ૪૩૦થી નીમવા.

(સદરહુ વરણીસમિતિની સભાની ભલામણનો નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના પત્રાંક એફ. ૩-૪૨-૬૮ (એસઆઇ) તા. ૧૪-૫-૧૯૬૮થી વાણિજ્ય શિક્ષણનો પરિસંવાદ યોજવાના ખર્ચ અંગે રૂા. ૨,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૯. માધ્યમિક શાળાઓના શિક્ષકોના મતદાર વિભાગમાંથી સેનેટ પર ખાલી પડેલ એક બેઠક માટે તા. ૮-૯-૧૯૬૮ના રોજ યોજેલ પેટાચૂંટણી માટે મતદાન મથકો નક્કી કરવા તેમ જ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેટાચૂંટણી માટે કાર્યાલયે સૂચવેલ મતદાન-મથકો અને ચૂંટણી અધિકારીઓની નિમણૂકો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં મતદાન-મથકો અને ચૂંટણી અધિકારીઓની યાદી પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિક / પરીક્ષકોની નિમણૂકોમાં જરૂર પડયે સુધારાવધારા કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૧. તા. ૨૩-૧૧-૧૯૬૭ના રોજ કુલપતિશ્રીની સૂચનાથી સંલગ્ન કૉલેજોના, માન્ય સંસ્થાઓના અને યુનિવર્સિટી ભવનોનાં વિદ્યાર્થીમંડળોના વરિષ્ઠ હોદ્દેદારોની બોલાવેલ અવિધિસરની સભામાં થયેલાં સૂચનો (જાણ સારુ).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. એન.સી.સી. ફરજિયાત કરવા તથા તેના વિકલ્પે શારીરિક તાલીમ (પી.ટી.) તથા રાષ્ટ્રીય સેવા યોજના (નેશનલ સર્વિસ સ્કીમ) રાખવા તથા તે પ્રમાણે ઑર્ડિ. ૧૩૫-એ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ ઑર્ડિ. ૧૩૫–એ મંજૂર કરવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં આવેલો ગણવો.

(સુધારેલ ઑર્ડિ. ૧૩૫–એ ની નકલ આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૫૩. સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની પેનલ તૈયાર કરવા અંગે મંજૂર રાખેલ ભલામણોની બાબતમાં કાર્યાલયે કરેલ કેટલાંક સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રાધ્યિકો અને પરીક્ષકોની નિમણૂકો માટે વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને અરજીઓ મગાવવી તથા આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોની અરજીઓ પરિપત્ર દ્વારા કૉલેજોના આચાર્યોની મારફતે મંગાવવી અને પોતાની કૉલેજોના શિક્ષકોએ કરેલી અરજીઓમાં તેમણે આપેલી વિગતોની ચકાસણી કરીને અરજીઓ મોકલવા માટે કૉલેજોના આચાર્યોને જણાવવું.

વધુમાં ખોટી કે ભૂલભરેલી વિગતો આપનાર શિક્ષકોને પરીક્ષા અંગેનું કોઈ કામ સોંપવામાં આવશે નહિ એમ પણ તેમાં સ્પષ્ટ જણાવવું.

(૨) જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિષયવાર પરીક્ષકોની નિમણૂકો માટે કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષો પાસેથી પ્રો-ફોર્મા તૈયાર કરીને તેમના શિક્ષકો અંગેની વિગતો આચાર્યો/અધ્યક્ષો પાસેથી પણ કાર્યાલયે સ્વતંત્ર રીતે મંગાવીને તે માહિતીની ચકાસણી કરવાનું રાખવું.

૫૪. કુ. જસાણી પી. પી.એ જાન્યુઆરી ૧૯૬૭માં થર્ડ એમ.બી.,બી.એસ. પરીક્ષા પસાર કરીને ૭ માસની ઇન્ટર્નશિપ પૈકી તા. ૧૫-૨-૧૯૬૭થી તા. ૧૯-૬-૧૯૬૭ સુધી ઇન્ટર્નશિપ (હાઉસમેનશિપ) ટ્રેનિંગ લીધી છે. બાકીના સમયની ખૂટતી ટ્રેનિંગ તેઓ ટાન્ઝાનિયા (આફ્રિકા)માં માન્ય હૉસ્પિટલમાં પૂરી કરવા માટે કામચલાઉ હાઉસમેનશિપ ટ્રેનિંગ કમ્પ્લીશન સર્ટિફિકેટની માગણી કરે છે, જેના આધારે ત્યાં રજિસ્ટ્રેશન કરાવી તે તાલીમનો સમય પૂરો કરી શકે, તો આ બાબતમાં વિચારણા કરવા બાબત.

૫૫. કુ. ભાનુ ગાંધીએ જાન્યુઆરી ૧૯૬૮માં ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પસાર કરીને ત્રણ માસની ઇન્ટર્નશિપ પૂરી કરી છે અને બીજા ત્રણ માસની ઇન્ટર્નશિપ હાલ અલિયાબાડામાં કરી રહેલ છે. બાકીના ૬ માસની ઇન્ટર્નશિપ પૂર્વ આફ્રિકામાં દારેસલામ શહેરની માન્ય હૉસ્પિટલમાં પૂરી કરવા માટે પરવાનગી માગે છે, તો આ બાબતમાં વિચારણા કરવા બાબત.

બાબત નં. ૫૪ અને ૫૫ની વિચારણા સાથે કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ કેસોની વિગતો જોતાં કુ. પી. પી. જસાણી અને કુ. ભાનુ ગાંધી જો તેમની ઇન્ટર્નશિપનો બાકી રહેલો સમય પૂર્વ આફ્રિકાની કોઈ સામાન્ય હૉસ્પિટલમાં પૂરો કરે તો તેમને એમ.બી.,બી.એસ.ની પદવીને પાત્ર ગણવા.

૫૬. સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલની નિમણૂક તથા કેન્દ્રીય ગ્રંથાલયના નિયમો અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

ગ્રંથપાલની નિમણૂક અંગેની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં ગ્રંથપાલોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(1) Every college shall have at least one qualified Librarian holding a Bachelor's degree in Library Science of this University or of any other University or a degree or diploma recognised as equivalent thereto; or that a person whose age is 45 and above and who has worked at least for a period of 15 years as a Librarian shall not be required; provided that a person already appointed as a Librarian in any of the affiliated colleges before 15th June 1968 who does not hold the qualifications mentioned above shall be permitted to continue to work as a Librarian provided in that college for not more than three years on condition that he shall acquire a Bachelor's degree in Library Science of this University or of any other University or a Diploma in Library Science recognised as equivalent thereto within that period."

કેન્દ્રીય ગ્રંથાલયના નિયમો અંગેની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એક જ સંચાલકમંડળ હેઠળ ચાલતી અને એક જ કૅમ્પસ પર આવેલી કૉલેજોમાં પ્રત્યેક કૉલેજનાં અલગ અલગ ગ્રંથાલયોને બદલે જો તેઓ એક કેન્દ્રીય ગ્રંથાલય રાખવા ઇચ્છતી હોય તો તેમાં નીચેના નિયમો મુજબ કેન્દ્રીય ગ્રંથાલય રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) એક જ સંસ્થા હેઠળની બે કે વધુ કૉલેજો પોતાના અલગ અલગ ગ્રંથાલયને બદલે એક જ કેન્દ્રીય ગ્રંથાલય રાખી શકશે.

(૨) સદરહુ કૉલેજો એક જ કૅમ્પસમાં આવેલી હોવી જોઈએ.

(૩) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા ઓછામાં ઓછા બે ગ્રંથપાલો અને તે કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી વધુ હોય તો તેવા વધારાના પ્રત્યેક ૧,૦૦૦વિદ્યાર્થી દીઠ જરૂરી લાયકાત ધરાવતા વધુ એક ગ્રંથપાલ, પણ કૉલેજોની કુલ સંખ્યાથી વધુ નહિ તેટલા ગ્રંથપાલો નીમવા જોઈશે. આ ગ્રંથપાલો પૈકી એકને મુખ્ય ગ્રંથપાલ અને બાકીનાને સહગ્રંથપાલ તરીકે કામ સોંપવું જોઈશે.

(૪) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં, એક સમયે ચાલતી કૉલેજોમાં અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસી વાંચી શકે તેવા, પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૮ સમચોરસ ફૂટની જગ્યાવાળા અને પૂરતી સુવિધા ધરાવતા સુસજ્જ વાંચનખંડ કે વાચનખંડો હોવા જોઈશે.

(**નોંધ.**—પ્રત્યેક કૉલેજ દીઠ ૮ સમચોરસ ફૂટની જે જગ્યા નિયત કરવામાં આવી છે તે જગ્યા પુસ્તકોનાં કબાટો રોકે તે જગ્યા બાદ કરીને ગણવાની રહેશે.

(૫) ગ્રંથાલયમાં બધી કૉલેજોના જોડાણ અંગેની વખતોવખત મુકાયેલી શરતો પ્રમાણે કુલ રકમ થતી હોય તે કિંમતનાં પુસ્તકો હોવાં જોઈશે.

(૬) સંબંધક બધી કૉલેજોમાં જે જે વિદ્યાશાખાઓનું શિક્ષણ ચાલતું હોય તે વિદ્યાશાખા અને જે તે વિષયોને અનુરૂપ સામયિકો પણ પૂરતા પ્રમાણમાં હોવા જોઈશે.

(૭) પૂરતી સેનિટરી વ્યવસ્થા હોવી જોઈએ.

(૮) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલય ઓછામાં ઓછું ૧૨ કલાક પણ કૉલેજો ચાલતી હોય તેટલા સમય પૂરતું ખુલ્લું રખાવું જોઈએ અને તે બધો સમય દરમિયાન ગ્રંથપાલ કે સહગ્રંથપાલની સેવાઓ ત્યાં ઉપલબ્ધ હોવી જોઈએ.

૧. આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ગ્રંથપાલની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નિયત કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણની વિચારણા મોકૂફ રાખવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે કેન્દ્રીય ગ્રંથાલય માટે નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) એક જ સંસ્થા હેઠળની બે કે વધુ કૉલેજો પોતાનાં અલગ અલગ ગ્રંથાલયને બદલે એક જ કેન્દ્રીય ગ્રંથાલય રાખી શકશે.

(૨) સદરહુ કૉલેજો એક જ કેમ્પસમાં આવેલી હોવી જોઈએ.

(૩) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા ઓછામાં ઓછા બે ગ્રંથપાલો, અને તે કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી વધુ હોય તો તેવા વધારાના પ્રત્યેક ૧૦૦૦ વિદ્યાર્થી દીઠ જરૂરી લાયકાત ધરાવતા વધુ એક ગ્રંથપાલ, પણ કૉલેજોની કુલ સંખ્યાથી વધુ નહિ તેટલા ગ્રંથપાલો નીમવા જોઈશે. આ ગ્રંથપાલો પૈકી એકને મુખ્ય ગ્રંથપાલ અને બાકીનાને સહગ્રંથપાલ તરીકે કામ સોંપવું જોઈશે.

(૪) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં, એક સમયે ચાલતી કૉલેજોમાં અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૧૦% જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસી વાંચી શકે તેવા, પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૮ સમચોરસ ફૂટની જગ્યાવાળા અને પૂરતી સુવિધા ધરાવતા સુસજ્જ વાચન-ખંડ કે વાચન-ખંડો હોવા જોઈશે.

(**નોંધ.**—પ્રત્યેક કૉલેજ દીઠ ૮ સમચોરસ ફૂટની જે જગ્યા નિયત કરવામાં આવી છે તે જગ્યા, પુસ્તકોનાં કબાટો રોકે તે જગ્યા બાદ કરીને, ગણવાની રહેશે)

(૫) ગ્રંથાલયમાં બધી કૉલેજોની જોડાણ અંગેની વખતોવખત મુકાયેલી શરતો પ્રમાણે કુલ રકમ થતી હોય તેટલી કિંમતનાં પુસ્તકો ઓછામાં ઓછાં હોવાં જોઈશે.

(૬) સંબંધક બધી કૉલેજોમાં જે જે વિદ્યાશાખાનું શિક્ષણ ચાલતું હોય તે વિદ્યાશાખા અને જે તે વિષયોને અનુરૂપ સામયિકો પણ પૂરતા પ્રમાણમાં હોવાં જોઈશે.

(૭) પૂરતી હવાઉજાસ અને સ્વચ્છતા માટેની 'સેનિટરી' વ્યવસ્થા હોવી જોઈશે, અને

(૮) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલય ઓછામાં ઓછું ૧૨ કલાક, પણ કૉલેજો ચાલતી હોય તેટલા સમય પૂરતું, ખુલ્લું રખાવું જોઈએ, અને તે બધો સમય ગ્રંથપાલ કે સહગ્રંથપાલની સેવાઓ ત્યાં ઉપલબ્ધ હોવી જોઈએ.

૫૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી વર્ષ ૧૯૬૮-૬૯ માટે આ યુનિવર્સિટીને પીએચ.ડી.ના સંશોધન માટે પ્રત્યેક રૂા. ૨૫૦ની એક એવી ૭ શિષ્યવૃત્તિઓ ફાળવવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૮. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન ઇકોનોમિક્સ તરીકે કામ કરતા ડૉ. રાજેન્દ્રકુમાર તા. ૩૦-૬-૧૯૬૮થી ભવનના સમય માટે રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડ અંગેની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૧૦-૬-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. રાજેન્દ્રકુમાર ભવનમાં તા. ૧૫-૬-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૩૦-૬-૧૯૬૮થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. રાજેન્દ્રકુમારને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૮-૨-૧૯૬૮ના પત્રાંક એફ.-૯-૧-૩૫-૬૬ (સી.ડી.)થી જે વધારાની જગ્યાઓ મંજૂર કરેલી તે પૈકી નીચેની જે જગ્યાઓ ઊભી કરવાની બાકી છે તે ઊભી કરવા તથા રીડર-ઇન-ગુજરાતી અને લેક્ચરર-ઇન-પ્રાકૃતની જગ્યાઓ ઊભી કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં નીચે મુજબના શિક્ષકોની વધારાની જગ્યાઓ મંજૂર કરવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

(અ) ભાષા-સાહિત્ય ભવન

૧.	રીડર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૨.	લેક્ચરર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૩.	રીડર ઇન હિન્દી	... એક જગ્યા

૪. લેક્ચરર ઇન હિન્દી ... એક જગ્યા
૫. રીડર ઇન ગુજરાતી ... એક જગ્યા
૬. લેક્ચરર ઇન ગુજરાતી ... એક જગ્યા
૭. રીડર ઇન સંસ્કૃત ... એક જગ્યા
૮. લેક્ચરર ઇન સંસ્કૃત... ... એક જગ્યા
૯. લેક્ચરર ઇન પ્રાકૃત ... એક જગ્યા
૧૦. લેક્ચરર ઇન મોડર્ન યુરોપિયન લેંગ્વેજ ... બે જગ્યા

(ખ) સમાજવિદ્યા ભવન

૧. લેક્ચરર ઇન સોશિયોલોજી ... બે જગ્યા
૨. રીડર ઇન પોલિટિકલ સાયન્સ ... બે જગ્યા
૩. લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ ... બે જગ્યા
૪. પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેર ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન લેબર વેલ્ફેર ... એક જગ્યા
૬. પ્રોફેસર ઑફ હિસ્ટરી ... એક જગ્યા
૭. લેક્ચરર ઇન હિસ્ટરી ... એક જગ્યા

(ક) મનોવિજ્ઞાન વિદ્યાભવન

૧. રીડર ઇન સાયકોલોજી ... એક જગ્યા
૨. પ્રોફેસર ઑફ ફિલોસોફી ... એક જગ્યા
૩. લેક્ચરર ઇન ફિલોસોફી ... બે જગ્યા
૪. પ્રોફેસર ઑફ એજ્યુકેશન ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન એજ્યુકેશન ... એક જગ્યા

(ઙ) વિજ્ઞાન વિદ્યાભવન

૧. રીડર ઇન કેમિસ્ટ્રી (પેટ્રોલિયમ કેમિકલ્સ) ... એક જગ્યા
૨. રીડર ઇન કેમિસ્ટ્રી (ફિઝિકલ) ... એક જગ્યા
૩. લેક્ચરર ઇન કેમિસ્ટ્રી ... ત્રણ જગ્યા
૪. રીડર ઇન ફિઝિક્સ ... એક જગ્યા
૫. લેક્ચરર ઇન ફિઝિક્સ ... એક જગ્યા
૬. રીડર ઇન બોટાની (ફિઝિયોલોજી) ... એક જગ્યા
૭. લેક્ચરર ઇન બોટાની ... એક જગ્યા
૮. રીડર ઇન મૅથેમેટિક્સ ... એક જગ્યા
૯. લેક્ચરર ઇન મૅથેમેટિક્સ ... એક જગ્યા
૧૦. લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ ... એક જગ્યા

૬૦. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ અને શાહુ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપકની કરેલ વ્યવસ્થા અંગે કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કૉલેજમાં આ વિષયમાં છેલ્લાં બે વર્ષથી મુલાકાતી પ્રાધ્યાપકથી શૈક્ષણિક કાર્ય ચલાવવાની પરવાનગી આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ફક્ત ચાલુ વર્ષ માટે અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા, નીચેની શરતોએ, કરવા માટે પરવાનગી આપવી અને જણાવવું કે જૂન ૧૯૬૯થી યોગ્ય લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક પ્રોફેસરની નિમણૂક કરવી આવશ્યક રહેશે:

(૧) મુલાકાતી પ્રાધ્યાપકને પોતાની કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ હેઠળ આપી શકાય તે કાર્યભોજ ઉપરાંત વધુ બે વ્યાખ્યાનો મુલાકાત માટે બોલાવનારી કૉલેજમાં આપી શકાશે.

(૨) સદરહુ વિષય માટે ઓછાંમાં ઓછાં ચાર વ્યાખ્યાનો મુલાકાતી પ્રાધ્યાપકો કે પ્રાધ્યાપકો દ્વારા યોજવાનાં રહેશે અને મુલાકાતી પ્રાધ્યાપકને બોલાવવાની વ્યવસ્થા પ્રાધ્યાપકની મૂળ કૉલેજના આચાર્યની સંમતિ વિના કરી શકાશે નહિ.

(૩) મુલાકાતી પ્રાધ્યાપક જે કૉલેજમાં મુલાકાતી વ્યાખ્યાનો આપવા માટે જાય તે કૉલેજમાં એક જ વર્ગમાં કોઈ પણ એક જ દિવસે બેથી વધુ વ્યાખ્યાનો લઈ શકશે નહિ, અને

(૪) મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા બીજા કોઈ પણ વિષય માટે મંજૂર કરવામાં આવશે નહિ.

૬૧. કાયદાની વિદ્યાશાખાની તા. ૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર બીજી એલએલ.બી.ના નવા અભ્યાસક્રમના લેબર લૉઝ એન્ડ ટેક્સેશન લૉઝ શીખવવા નીચે મુજબ લાયકાતનાં ધોરણો રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Taxation Laws (2nd LL.B. New Course)

Lecturer :

(1) Those who are qualified to teach law coures are eligible to teach Labour and Taxation Laws at Second LL.B. under New Course.

(2) Chartered Accountant with LL.B. Degree and three years' practice as C.A.

or

(3) Chartered Accountant with five years' practice as C.A.

or

(4) I. R. S. of five years' service in Income-tax Department for Labour Laws (Second LL.B. New Course). Same as in Law Subjects.

Professor :

(1) Those who are qualified to teach Law Course are eligible to teach Labour and Taxation Laws at Second LL.B. under New Course.

(2) Chartered Accountant with LL.B. Degree and five years' practice as C.A.

or

(3) Chartered Accountant with seven years' practice as C.A.

or

(4) I. R. S. of five years service in Income-tax Department.

Labour Laws (2nd LL.B. New Course)

Same as in Law subjects.

આથી ઠરાવવામાં આવે છે કે બીજી એલએલ.બી.ના નવા અભ્યાસક્રમના લેબર લૉઝ એન્ડ ટેક્સેશન લૉઝના વિષયો શીખવવા માટે શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ઉપર જણાવેલાં ધોરણો મંજૂર કરવાં.

૬૨. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ અને શ્રી ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, કહેગામને વાણિજ્યના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી સદરહુ વિષય માટે પદવી અભ્યાસક્રમના ત્રીજા વર્ષમાં મુલાકાતી પ્રાધ્યાપકથી શૈક્ષણિક કાર્ય ચલાવવાની પરવાનગી આપવાની વિનંતી કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૭-૬-૧૯૬૮ના પત્રાંક ૫૨૪૬ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગયા વર્ષે વાણિજ્યના વિષય માટે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર કરવામાં આવેલી.

(૨) સુધારેલા ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર મુલાકાતી પ્રાધ્યાપક નીમવાની વ્યવસ્થા પદવી અભ્યાસક્રમના બીજા વર્ષ સુધી જ મર્યાદિત છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ફક્ત ચાલુ વર્ષ માટે વાણિજ્યના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા નીચેની શરતોએ કરવા માટે પરવાનગી આપવી અને જણાવવું કે જૂન ૧૯૬૯થી યોગ્ય લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક પ્રોફેસરની નિમણૂક કરવી આવશ્યક રહેશે :

(૧) મુલાકાતી પ્રાધ્યાપકને પોતાની કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ હેઠળ આપી શકાય તે કાર્યબોજ ઉપરાંત વધુ બે વ્યાખ્યાનો મુલાકાત માટે બોલાવનારી કૉલેજમાં આપી શકાશે.

(૨) સદરહુ વિષય માટે ઓછામાં ઓછાં ચાર વ્યાખ્યાનો મુલાકાતી પ્રાધ્યાપકો કે પ્રાધ્યાપકો દ્વારા યોજવાનાં રહેશે અને મુલાકાતી પ્રાધ્યાપકને બોલાવવાની વ્યવસ્થા પ્રાધ્યાપકની મૂળ કૉલેજના આચાર્યની સંમતિ વિના કરી શકાશે નહિ.

(૩) મુલાકાતી પ્રાધ્યાપક જે કૉલેજમાં મુલાકાતી વ્યાખ્યાનો આપવા માટે જાય તે કૉલેજમાં એક જ વર્ગમાં કોઈ પણ એક જ દિવસે બેથી વધુ વ્યાખ્યાનો લઈ શકશે નહિ, અને

(૪) મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા બીજા કોઈ પણ વિષય માટે મંજૂર કરવામાં આવશે નહિ.

૬૩. શ્રી. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજનું જૂન ૧૯૬૮થી બે વર્ષ માટે ચાલુ જોડાણ મંજૂર રાખતા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૧૫-૬-૧૯૬૮ના પત્રાંક યુ.જી.એફ. ૧૧૬૮-બ-૨૪૧૫-બની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી

૬૪. મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થિની કુ. શોભના વી. અમીનને વર્ષ ૧૯૬૫-૬૬ તથા વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન આપવામાં આવેલી યુનિવર્સિટીની રૂા. ૨૦૦ની એક સંશોધન શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન લંબાવી આપવામાં આવેલી, પરંતુ કુ. અમીને તા. ૧૫-૬-૧૯૬૮થી કૉલેજમાં નોકરી સ્વીકારેલી હોવાથી તે તારીખથી તેમને તે શિષ્યવૃત્તિ આપવી બંધ કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

[નોંધ—(૧) કુ. અમીનને અપાયેલી સ્કૉલરશિપનો સમય તા. ૩૦મી જૂન ૧૯૬૮ સુધીનો હતો.

(૨) વિદ્યાર્થિનીએ નિયમ પ્રમાણે પીએચ.ડી. માટેનો મહાનિબંધ રજૂ કરવાનો રહેશે અને તેમ નહીં કરે તો તેમને અપાયેલી શિષ્યવૃત્તિની તમામ રકમ પરત કરવાની રહેશે એમ તેમને લેખિત જાણ કરવામાં આવેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) લૉ ઑફ કાઈન્સ ઇત્યાદિની, જુરિસપ્રુડન્સ ઇત્યાદિની તથા લૉ ઑફ પ્રોપર્ટી ઇત્યાદિની અભ્યાસસમિતિની સંયુક્ત સભાની ભલામણ અનુસાર એલએલ.બી. જનરલ અને રૂપે.ના અભ્યાસક્રમના ૩ વર્ષના અભ્યાસક્રમના પહેલા અને બીજા વર્ષના રેગ્યુ. લૉ. આર. ૧ ન્યૂ, લૉ આર. ૩ ન્યૂ, લૉ આર. ૩—એ ન્યૂ, લૉ આર. ૩—બી ન્યૂ, લૉ આર. ૩—સી ન્યૂ, લૉ આર. ૪ ન્યૂ, લૉ આર. ૫ ન્યૂ, લૉ આર. ૬ ન્યૂ સુધારાના તથા પહેલી અને બીજી એલએલ.બી. જનરલ અને રૂપે.ના અભ્યાસક્રમો અને તેની લગતા રેગ્યુ. એકસાથે જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાના;

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રૂા. ૨૫૦ની એક શિષ્યવૃત્તિ વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન રાજકોટના વિદ્યાર્થી શ્રી. હિમાંશુ ભટ્ટને આપવામાં આવી હતી, પરંતુ વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન સ્કૉલરશિપ સમિતિની ભલામણ અનુસાર શ્રી. ભટ્ટ તેમના સંશોધન માટે આ યુનિવર્સિટીના શિક્ષક હેઠળ નામ નોંધાવે તો તેમની તે શિષ્યવૃત્તિ વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન ચાલુ રાખવી એમ ઠરાવેલ તેના સંદર્ભમાં કુલપતિશ્રીએ તેમના નિવૃત્ત શિક્ષક શ્રી. કે. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ શ્રી. ભટ્ટનું અધૂરું રહેલું સંશોધન કામ પૂરું કરવાની પરવાનગી આપેલી હોવાથી તેમની વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાનની સ્કૉલરશિપ ચાલુ કરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના ફાર્મની નોંધ લેવી.

(સદરહુ રેગ્યુલેશનોની નકલ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૬૬. બાંધકામ સમિતિની તા. ૫-૭-૧૯૬૮ના રોજ મળેલી સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૭-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫-૭-૧૯૬૮ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૬૭. યુનિવર્સિટીનાં લાયબ્રેરી-લેબોરેટરી તથા અન્ય મકાનોનો વીમો લેવા અંગે લેના પત્રાંક એફ. ૧. ૮૪-૬૬ સીડી તા. ૩૧-૫-૧૯૬૮ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સિન્ડિકેટે તેની તા. ૯-૨-૧૯૫૭ની સભામાં ઠરાવ્યા પ્રમાણે આપણી યુનિવર્સિટીનાં મકાનો, ફર્નિચર, પ્લાંટ એન્ડ મશીનરી, પુસ્તકો વગેરે માટે આગનો વીમો કોઈ પણ વીમા કંપની પાસે લેતા નથી પણ રૂા. ૧૦૦એ ૨ આના પ્રમાણે જે રકમ થતી હોય તેની વીમાદંડની ભરવાઈ કરવામાં આવે છે.

(૨) યુનિવર્સિટી પ્રેસના ફર્નિચર, ટાઈપ, ફિક્સ્ચર માટે રૂા. ૫૦,૦૦૦, બાઈડિંગ અને પ્રિન્ટિંગ મશીનરી માટે રૂા. ૬,૧૦,૦૦૦ તથા મર્ચન્ડાઇઝ અને મર્ચન્ડાઇઝ ઇન-કોર્સ્ડ માટે રૂા. ૮૦,૦૦૦ એમ કુલ્લે રૂા ૨,૪૦,૦૦૦નો આગનો વીમો લેવામાં આવે છે. પ્રેસના બિલ્ડિંગનો આગનો વીમો જુદો લેવામાં આવતો નથી.

(૩) વિજ્ઞાન વિદ્યાભવનના મકાનમાં રાખવામાં આવેલ સ્ટોક ઇન ટ્રેડ, ફિક્સ્ચર ફિટિંગ, તાળું મારેલ તિજોરીની કેશ, લેબોરેટરી એક્વિપમેન્ટ, રસાયણો, સાધનો, પુસ્તકો, ટાઇપરાઇટરો, ટેબ્યુલેટિંગ મશીનો વગેરેનો ચોરીનો વીમો રૂા. ૧૦,૦૦,૦૦૦ની રકમનો લેવામાં આવે છે.

(૪) યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવેલ ફર્નિચર અને ઑફિસ એક્વિપમેન્ટનો રૂા. ૬,૦૦,૦૦૦ની રકમનો ચોરી અંગેનો વીમો લેવામાં આવ્યો છે.]
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૮. ફાઇનાન્સ કમિટીની તા. ૫-૭-૧૯૬૮ના રોજ મળેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૭-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

૬૯. સ્થાનિક વિજ્ઞાનની કૉલેજોના આચાર્યો, તેના રસાયણ વિભાગોના વડાઓ તથા યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી, રસાયણ વિભાગના પ્રાધ્યાપક તથા અધ્યાપકોની

તા. ૫-૭-૧૯૬૮ના રોજ મળેલી અવિધિસરની સભાની વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગમાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકે તે હેતુથી હાલ ૮૦ વિદ્યાર્થીઓ માટે સગવડ છે તે ઉપરાંત વધુ ૮૦ વિદ્યાર્થીઓ માટે પાળી શરૂ કરવાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે નીમેલી સમિતિને પ્રયોગશાળાઓની સગવડો કેટલીક સ્થાનિક કૉલેજોમાં ઉપલબ્ધ થઈ શકે છે એ ધ્યાનમાં રાખી પ્રાયોગિક કામ માટે આ પ્રયોગશાળાઓનો ઉપયોગ થાય અને વ્યાખ્યાનો વિજ્ઞાન વિદ્યાભવનમાં યોજાય તે રીતે વિજ્ઞાન વિદ્યાભવનમાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય કે કેમ તે અંગે ભલામણ કરવા સૂચવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વિભાગમાં તેની પ્રયોગશાળાઓનો વધુ ઘનિષ્ઠ ઉપયોગ કરીને પણ કુલ ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓને એમ.એસસી. કેમિસ્ટ્રી, પાર્ટ ૧ના વર્ગમાં દાખલ કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષને પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં અને કેન્દ્રોમાં પ્રવેશ નિયંત્રિત કરવા માટે વિચારવાનું રાખવું.

૭૦. સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૨૬માં જણાવ્યા મુજબ ભૂગોળના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે ટ્યૂશન ફી રૂા. ૧૨૫ નક્કી કરવામાં આવેલ છે તેના બદલે રૂા. ૧૫૦ રાખવા એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ભૂગોળના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૨૬માં ભૂગોળના અભ્યાસક્રમ માટે સત્ર દીઠ ટ્યૂશન ફી રૂા. ૧૨૫ને બદલે રૂા. ૧૫૦ રાખવી અને તે માટે સદરહુ નિયમોનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને ચાલુ વર્ષથી અમલમાં મૂકવો :

(*1*) "*Faculty of Arts including Education :*

Rs. 125/- per term for all the subjects comprised under the Faculty of Arts including Education other than the subjects of Home Science, Archaeology, Geography and Statistics for which the tuition fees per term shall be Rs. 150/-."

૭૧. સંલગ્ન કૉલેજોમાં ૧૯૬૭-૬૮ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન જે તે શિક્ષકોની નિમણૂકો માન્ય-અમાન્ય કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(માન્ય-અમાન્ય શિક્ષકોની યાદી આ સાથે પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૭૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન ગેરવાજબી ધલાજો અજમાવનાર વિદ્યાર્થીઓના કેસો પર વિચારણા કરવા તા. ૫-૭-૧૯૬૮ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૭-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫-૭-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ આ સાથે જોડવામાં આવી નથી.)

૭૩. આર્ટ્સ કૉલેજ, સંખેડામાં હિન્દીના ખંડ સમયના ટ્યૂટર તરીકે નિયુક્ત થયેલા શ્રી. એમ. સી. શાહને ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની તેઓના તા. ૨૪-૬-૧૯૬૮ના પત્રાંક એ.સી.એસ-૨-૧૨-૬૮ દ્વારા આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એમ. સી. શાહ બી.એ. અને એમ.એ.ની પદવી હિન્દી સાથે પાસ વર્ગમાં ધરાવે છે તથા ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. સી. શાહને ખંડ સમયના લેક્ચરર તરીકે નીમવામાં આવે તે શરતે તેમને ફક્ત ચાલુ વર્ષ માટે હિન્દીના ખંડ સમયના લેક્ચરર તરીકે માન્ય ગણવા.

૭૪. એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલા ઇતિહાસ-અર્થશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્યશ્રી એન. બી. નાયક કામકાજના ભારણને કારણે કામ કરી શકે તેમ નહીં હોવાથી તેમને બદલે શ્રી. વી. બી. તોપખાનેને નીમવા અંગે આચાર્યશ્રીએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એન. બી. નાયકની જગ્યાએ શ્રી. વી. બી. તોપખાનેને નીમવા.

૭૫. નાયબ કુલસચિવ શ્રી જે. એમ. મહેતાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલસચિવ તરીકે બે વર્ષ માટે સેવાઓ ઉછીની લેવામાં આવી હતી તે મુદતમાં ઑક્ટોબરના અંત સુધીમાં વધારો આપવા અંગેના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૨-૭-૧૯૬૮ના પત્ર પર પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં મુદતમાં વધારો આપવો નહીં તેમ ઠરાવ્યું છે. શ્રી. મહેતાની ઉછીની સેવાઓ તા. ૬-૫-૧૯૬૮ સુધીની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે નાયબ કુલસચિવ શ્રી જે. એમ. મહેતાની સેવાઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ તરીકે રાજ્ય સરકારને ઉછીની આપી છે તે મુદત પૂરી થતાં તેને ૩૧ ઑક્ટોબર ૧૯૬૮ સુધી લંબાવવા માટે મંજૂરી આપવી.

૭૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ.૮-૧૭-૬૮ (એ.સી.એચ.)થી સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે "અનએસાઇન્ડ" ગ્રાન્ટ માટે રૂા. ૨૫,૦૦૦

મંજૂર કરેલ તે અંગે સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે નીચે જણાવ્યા પ્રમાણે કુલપતિશ્રીએ અંદાજી ખર્ચ મંજૂર કરેલ તે અંગેની નોંધ લેવા બાબત :

Sr. No.	*Scheme*	*Estimate of UGC's share*	*Rate of UGC's share*
1.	Travel grant to teachers in Universities for attending International Conference Abroad	Nil	50 %
2.	(*a*) Travel grant to scholars and teachers for visiting centres of research, academic conference, etc.	3,500-00	100 %
	(*b*) T.A. and D.A. payable for attending conference/seminars arranged by other universities and non-university organisations	6,500-00	100 %
3.	Exchange of teachers	2,000-00	100 %
4.	U.G.C. Unit	6,000-00	Rs. 600/-
5.	Employment of N.I.S. Patiala trained coaches in Athletics	6,000-00	50 %
6.	Setting up of National Integration Samiti	Nil	—
7.	Extension work by University teachers	1,000-00	—
	Total Rs.	25,000-00	

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૭. યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ઑપરેટર શ્રી. જે. જી. શિંગાડેને રૂા. ૧૩૦-૮-૧૭૦-ઈ.બી.-૧૨-૨૬૦-૧૫-૩૫૦ના પગારધોરણમાં રૂા. ૧૭૦ના પગાર ઉપરનો અંતરાય (Efficiency Bar) ઓળંગવા દેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. જી શિંગાડેને રૂા. ૧૭૦ના પગાર ઉપરનો કાર્યક્ષમ અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૭૮. બી. સી. જલુંધવાલા કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતને માટે નીચેની શાળાઓને "પ્રૅક્ટિસિંગ સ્કૂલ્સ" તરીકે માન્ય કરવા બાબત :

૧. ધી કૅમ્બે હાઇસ્કૂલ, ખંભાત
૨. ધી ન્યૂ કૅમ્બે હાઇસ્કૂલ, ખંભાત
૩. ધી ન્યૂ કૅમ્બે હાઇસ્કૂલ, ખંભાત (યુનિટ ૨)
૪. એમ. ટી. હાઇસ્કૂલ, ખંભાત
૫. વિજય હાઇસ્કૂલ, ખંભાત
૬. સર્વોદય હાઇસ્કૂલ, ખંભાત
૭. ધી મ્યુનિસિપલ જ્યુબિલી હાઇસ્કૂલ, ખંભાત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શાળાઓને "પ્રૅક્ટિસિંગ સ્કૂલ્સ" તરીકે માન્યતા આપવી.

૭૯. એમ.એ.ના સાંજના વર્ગો શરૂ કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓની આવેલી માગણી ઉપર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદમાં નોકરી કરતા વિદ્યાર્થીઓની સુવિધા માટે એમ એ., ભાગ ૧ના નીચેના વિષયોના વર્ગોમાં જો ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ સાંજના વર્ગોમાં જોડાવા માટે તત્પર હોય તો તેઓ ખરેખર નોકરી કરે છે તેની ખાતરી કરીને સાંજના વર્ગો ચલાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવી એમ સંબંધકર્તા ભવનના અધ્યક્ષોને જણાવવું :

હિંદી, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ પણ વિષયમાં સાંજના વર્ગો માટે વિદ્યાર્થીઓની સંખ્યા દસથી ઓછી થતી હોય તો તે બાબતમાં થોડીક છૂટછાટ મૂકીને સાંજના વર્ગો ચલાવવાનો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.— કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫ કરતાં ઓછી હોય તો સાંજના વર્ગો ચલાવી શકાશે નહિ.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સાંજના વર્ગોની હાજરીની નિયમિતતા માટે પૂરતું ધ્યાન આપવા માટે જે તે વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું.

૮૦. આગામી ઑક્ટોબર માસમાં વધારાની પરીક્ષા લેવા માટે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની તા. ૮-૭-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે એસ.ઈ.ની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એન્જિનિયરિંગના નવા અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓ ઑક્ટોબર માસમાં લેવાની સદરહુ વિદ્યાર્થીઓની માગણી મંજૂર કરવી નહિ.

૮૧. સિન્ડિકેટના તેના તા. ૨૭/૨૧-૪-૧૯૬૮ની સભાના નિર્ણય ૫૨ વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ મારફત આવેલ ડૉ. કે. એમ. કોટડિયાએ તા. ૫-૭-૧૯૬૮ના પત્રમાં પુનર્વિચારણા કરવા માટે કરેલી વિનંતી ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના એક કાયમી શિક્ષકને સદરહુ યંત્રરચનાનું નિરીક્ષણ કરવા માટે ત્રણથી છ માસ સુધી પૂર્વ જર્મની ખાતે મોકલવા અંગે રૂા. ૬,૦૦૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવો, અને તે કર્મચારીની પસંદગી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ક્રમાંક સિં./૩૪૫૧૩/૧૯૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑગસ્ટ ૬, ૧૯૬૮.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૧૯

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સભા બુધવાર, તા. ૨૧-૧૨-૧૯૬૬ના રોજ બપોરે ૪-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. આર. ડી. દેસાઈ	હાજર
૩. શ્રી. સી. એન. હકાણી	હાજર
૪. શ્રી. એન. એસ. પંડ્યા	હાજર
૫. શ્રી. એમ. ડી. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. વી. આર. ત્રિવેદી	ગેરહાજર
૭. શ્રી. પી. એસ. કલવચવાલા	હાજર
૮. શ્રી. એચ. જી. પંડ્યા	હાજર.

૧. તા. ૨૧-૬-૧૯૬૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૧-૬-૧૯૬૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, પિલાણી (રાજસ્થાન)ની ઇન્ટર ફાર્મ.ની પરીક્ષાને માન્ય કરવા સદરહુ સંસ્થાના વડાએ તેમના તા. ૧-૬-૧૯૬૬ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

ફાર્મસીના ડીનનો અભિપ્રાય

"I recommend that the examinations of the Birla Institute may be considered equivalent to the corresponding examinations of the Gujarat University."

આથી ઠરાવવામાં આવે છે કે બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, પિલાણી (રાજસ્થાન)ની ઇન્ટર ફાર્મસીની પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી ઑફ બિહાર, મુઝફરપુરની નીચે મુજબની પરીક્ષાઓને માન્ય કરવા સદરહુ યુનિવર્સિટીના કુલસચિવના તા. ૨૮-૪-૧૯૬૫ના પત્ર દ્વારા કરવામાં આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ
(૨) આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ — ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમની પરીક્ષાઓ, ભાગ ૧ અને ૨.

(૩) એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.
(૪) એલએલ.બી., એલએલ.એમ.
(૫) બી.એસસી. (એગ્રિ.)
(૬) બી.એસસી. (એન્જિનિયરિંગ).

(નોંધ.— ઉપરોક્ત બાબત એકિવવેલેન્સ સમિતિની તા. ૪-૩-૧૯૬૬ની સભામાં મૂકવામાં આવી હતી તે બાબત મુલતવી રાખવી અને તે યુનિવર્સિટી કાયદાની રૂએ સ્થપાયેલી છે કે કેમ તે માહિતી સાથે ફરી રજૂ કરવા નક્કી થયું હતું. યુનિવર્સિટીને પૂછવામાં આવતાં તેમણે જણાવેલું કે આ યુનિવર્સિટી કાયદાની રૂએ સ્થપાયેલી છે. સદરહુ બાબત તા. ૨૧-૬-૧૯૬૬ની એકિવવેલેન્સ સમિતિની સભામાં બાબત નં. ૭થી વિચારણા માટે મૂકવામાં આવી ત્યારે તેની વિચારણા હાલ મુલતવી રાખવી એમ ઠરાવવામાં આવેલું.)

આથી ઠરાવવામાં આવે છે કે બિહાર યુનિવર્સિટી, મુઝફરપુરની પરીક્ષાઓના અભ્યાસક્રમ વગેરે જે તે વિદ્યાશાખાના ડીનને મોકલી તેમના અભિપ્રાય આવ્યેથી આ બાબત વિચારણા માટે ફરી રજૂ કરવી.

૪. મુંબઈ યુનિવર્સિટીની બી.એસસી. (એગ્રિ.) પરીક્ષા ૧૯૫૧માં પાસ કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ આપવા અંગેની શ્રી. એન. બી. શાહની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટીની બી.એસસી. (એગ્રિ.) પરીક્ષાને આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ માટે માન્ય કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી, તરફથી લેવામાં આવતી "ડેમોન્સ્ટ્રેશન મલ્ટિપર્પઝ હાયર સેકન્ડરી પરીક્ષા"ને માન્ય કરવા અંગે સદરહુ બોર્ડના મંત્રી તરફથી આવેલ તા. ૩-૨-૧૯૬૬ના પત્રાંક જન. ૬૬-૪૦૬૯-૧૭૨ પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"૧૧ વર્ષનો અભ્યાક્રમ જ છે, માટે એસ.એસ.સી.ઈ.નાં બરાબરી જ વિચારી શકાય."

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The courses of study follow the basic pattern of multi-purpose schools and as far as science subjects are concerned two courses are not always equivalent subject-wise for the Pre-Uni. Science course of our University. Furthermore the choice of subjects being vide all students passing the examination may not have had an adequate granding in all two Science subjects necessary for admission to the F.Y.B.Sc. Class. In my opinion, therefore, equivalence to the Pre-Uni. Science Examination of thiis University is not recommended, except to those who pass th examination after having offered English, Physics, Chemistry, Biology or / and Maths."

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"If in other cases we have recognised eleven year course structure for Higher Secondary, the Demonstration Multipurpose Higher Secondary Schools Examination with Commerce subjects can be recommended on equivalent to Pre-University Commerce."

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની "ડેમોન્સ્ટ્રેશન મલ્ટિપર્પઝ હાયર સેકન્ડરી પરીક્ષાને મુંબઈ, વડોદરા, પૂના અને આણંદ યુનિવર્સિટીએ માન્ય કરેલ છે કે કેમ તે અંગે માહિતી મંગાવી આ બાબત ફરી વિચારણા માટે રજૂ કરવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૬-૪-૧૯૬૬ના પત્રાંક એફ. ૩૩-૫૦-૬૫ જી.યુ.બી. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના મંત્રીને જણાવવું કે બીજી યુનિવર્સિટીઓની પરીક્ષાઓને તેમના ગુણદોષ પર વિચારણા કરીને, માન્યતા આપવાની વિચારણા કરવામાં આવે છે.

૭. ઉત્કલ યુનિવર્સિટીની એમ.એસસી. ડિગ્રી પરીક્ષા માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના રજિસ્ટ્રારના તા. ૧૬-૮-૧૯૬૬ના પત્રાંક એએલ. ૨૯૪૩૮-૬૬થી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The Part I and Part II M.Sc. Examinations of the above mentioned University cannot be considered equivalent to the corresponding parts in our University M.Sc. Examinations. The whole examination taken together, however, may be considered equivalent."

આથી ઠરાવવામાં આવે છે ઉત્કલ યુનિવર્સિટીની એમ.એસસી. પદવી પરીક્ષા પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. કેરાલા યુનિવર્સિટીની ડિગ્રી પરીક્ષા માન્ય કરવા તે યુનિવર્સિટીના ડેપ્યુટી રજિસ્ટ્રારના તા. ૨૫-૫-૧૯૬૫ના પત્રાંક જી.જી. ૯૫૮-૬૫થી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"Pre-Degree Examination of Kerala University may be considered equivalent to Pre-University Examination of Gujarat University, on reciprocal basis."

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The Kerala University has as 2 years' Pre-Degree Course. Every student offers (*a*) English and one language compulsory, (*b*) three

Science subjects from groups "A" and "B" of the syllabus or 3 Arts subjects from group "B" of the syllabus, and (*c*) General Science for the Arts Students above or social Studies for the Science students.

Taking the 2 years together the syllabus and duration of courses for Science students are more or less equivalent to those of our Pre-Uni. and F.Y.B.Sc Courses. Social studies offered by the Science students may be considered equivalent in content of the subjects of General Education of our University at F.Y.B.Sc. Hence there appears no difficulty in considering the Pre-Degree 2 years' Course and examination of Kerala University (for those students who have offered 3 Science subjects from Part II Group "A" as optional subjects), as equivalent to the F.Y.B.Sc. Course and Examination of Gujarat University.

Apparently there is no University examination in the Kerala University at the end of the First Year of the 2-year Pre-Degree Course. Hence the question of equivalence of the Pre-Uni. Science of our University does not arise.

It should be noted, however, that since the choice of subjects (Optional) for Science students is wide, admission to S.Y.B.Sc. courses of this University will naturally depend on the subjects the students has offered and passed at the Pre-Degree Examination of Kerala University."

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"આ પરીક્ષા બે વર્ષની છે જેથી પ્રી-યુનિ. (ગુ.યુ.) જોડે માનીએ તો નીચું ને corresponding માનીએ તો એફ.વાય.બી.એ. બરાબર મનાય."

આથી ઠરાવવામાં આવે છે કે કેરાલા યુનિવર્સિટીનો પ્રી-ડિગ્રી પરીક્ષાનો અભ્યાસક્રમ વગેરે જે તે વિદ્યાશાખાના ડીનને મોકલી તેમનો અભિપ્રાય આવ્યેથી આ બાબત ફરી વિચારણા માટે રજૂ કરવી.

૯. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, દિલ્હીની એમ.એસસી. (ફિઝિક્સ અને કેમિસ્ટ્રી) પદવી પરીક્ષાને પરસ્પર ધોરણે માન્ય કરવા માટે તે સંસ્થાના તા. ૬-૫-૧૯૬૬ના પત્રાંક ૧૧ ડી.ડી.એસ.એ.રેકના. ૧૬-૧૦૮૯ પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The M.Sc. (Physics and Chemistry) of Indian Institute of Technology, Delhi, may be considered equivalent to the M.Sc. Degree of this University in the corresponding subjects."

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, દિલ્હીની એમ.એસસી. (ફિઝિક્સ અને કેમિસ્ટ્રી) પદવી પરીક્ષાને આપણી એમ.એસસી. પદવી પરીક્ષા તુલ્ય (જે તે વિષયમાં) પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. ભાગલપુર યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"પીએચ.ડી. ઉપરાંત આપણે ત્યાં અધ્યાપક તરીકે પણ માન્યતાનો સવાલ આવે છે કે નહીં. કદાચ એ જો ન આવે તો જ પીએચ.ડી. પૂરતી માન્યતા વિચારી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે ભાગલપુર યુનિવર્સિટીની એમ.એ. પદવી પરીક્ષા પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. પ્રયાગ સંગીત સમિતિની તેમની પરીક્ષાઓને પરસ્પરના ધોરણે માન્ય કરવા માટે તે સંસ્થાના મહામાત્રના તા. ૮-૪-૧૯૬૬ના પત્રાંક ૧૦૧૩ ગુજ.પીએસ.એસ. ૫૨ વિચારણા કરવા બાબત.

સંગીત વિદ્યાશાખાના ડીન શ્રી. એ. વી. દેશીના અભિપ્રાય

"Any Music Examination Courses of Prayag Sangeet Samiti, Allahabad, cannot be equivalent to Gujarat University courses for following reasons:

1. In Prayag Sangeet Samiti Courses students are admitted though they have not passed S.S.C. Examination with English.
2. In their courses age limit is also not fixed for admission."

ચેરમેન શ્રી. જશવંત ઠાકર, ફાઇન આર્ટ્સ બોર્ડ ઉપરના અભિપ્રાય સાથે સંમત છે તેમ જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રયાગ સંગીત સમિતિની પરીક્ષાઓ માન્ય રાખવી નહીં.

૧૨. કેટલીક બોર્ડો/યુનિવર્સિટીઓમાં અગિયાર-બાર વર્ષનો હાયર સેકન્ડરી અભ્યાસક્રમ હોઈ તેની સમકક્ષતા અંગે નીચેની વિદ્યાશાખાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખા

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઇક્વિવેલેન્સ કમિટીની તા. ૧૬-૧૨-૧૯૬૪ની ભલામણ* સાથે આ વિદ્યાશાખા સંમત છે એમ અભિપ્રાય આપવો."

વિજ્ઞાન વિદ્યાશાખા

"This faculty is of the unanimous option that the criteria for recognition of the Higher Secondary Examination should be on the

*સદરહુ ભલામણ—તા. ૧૬-૧૨-૧૯૬૪ની—નીચે મુજબ છે:

"જે બોર્ડોમાં હાયર સેકન્ડરી અભ્યાસક્રમ બાર વર્ષનો હોય તે બોર્ડોની હાયર સેકન્ડરી આપણી પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય કરવી, પરંતુ ૧૧ વર્ષનો અભ્યાસક્રમ હોય તો તે પરીક્ષા ફક્ત એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણવી."

lines of courses and syllabii and not in the number of years taken for the course. Accordingly the faculty suggests that the syllabii of those Secondary Boards who have applied for recognition be examined according to the present system prevailing in the University and authorities the Dean of Science Faculty to opine on the equivalence of the Higher Secondary Examination either which the S.S.C. Examination or the Pre-University Examination according to the syllabii concerned."

વાણિજ્ય વિદ્યાશાખા

"આથી ઠરાવવામાં આવે છે કે—

૧. જે બોર્ડની ૧૨ વર્ષની હાયર સેકન્ડરીની પરીક્ષા એકાઉન્ટન્સી અને કૉમર્સ વિષય સાથે વિદ્યાર્થીએ પાસ કરી હોય તે પરીક્ષા આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી કૉમર્સ તુલ્ય ગણવી.

૨. જે બોર્ડની ૧૨ વર્ષની હાયર સેકન્ડરીની પરીક્ષા પાસ કરી હોય પરંતુ તે પરીક્ષામાં એકાઉન્ટન્સી અને કૉમર્સ વિષયની પરીક્ષા પાસ ન કરી હોય તો તેને આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી કૉમર્સના—

(1) Elements of Accountancy and Commercial Arithmetic, and
(2) Elements of Commerce

પરીક્ષા પાસ કરવાની શરતે પ્રી-યુનિવર્સિટી કૉમર્સની તુલ્ય ગણી ફર્સ્ટ બી.કૉમ.માં શરતી પ્રવેશ આપી શકાય. પ્રી-યુનિવર્સિટી કૉમર્સની પરીક્ષાના વિષયોમાં પાસ થયા બાદ ફર્સ્ટ બી.કૉમનું પરિણામ બહાર પાડવાનું રહે."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓના ડીનોની અનેકી સમિતિ રચવી અને તેને નીચેનાં બોર્ડોની પરીક્ષાઓને આપણી કઈ પરીક્ષા તુલ્ય માન્ય કરવી ઘટે તે અંગે પોતાનો રિપોર્ટ આપવા જણાવવું.

Names of Boards

1. Board of Secondary Education, Rajasthan (Ajmer)
2. Central Board of Secondary Education, New Delhi-1
3. Board of Secondary Education, Bhopal (M.P.)
4. Board of Secondary Education, West Bengal, Calcutta-16
5. Bihar School Examination Board, Patna-1.

૧૩. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન, અજમેરની હાયર સેકન્ડરી પરીક્ષાને આપણી પ્રી-યુનિવર્સિટી પરીક્ષા સમકક્ષ માન્યતા આપવા અંગે પુનર્વિચારણા કરવા માટે સદરહુ બોર્ડના મંત્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ઇક્વિવેલેન્સ સમિતિના તા. ૧૬-૧૨-૧૯૬૪ના ઠરાવ મુજબ જે બોર્ડોમાં હાયર સેકન્ડરી અભ્યાસક્રમ બાર વર્ષનો હોય તે બોર્ડોની હાયર સેકન્ડરી પરીક્ષા આપણી પ્રી-યુનિવર્સિટી

પરીક્ષા તુલ્ય ગણવી, પરંતુ અગિયાર વર્ષનો અભ્યાસક્રમ હોય તો તે પરીક્ષા ફક્ત એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણવી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે નં. ૧૨માં ઠરાવ્યા મુજબ કરવું.

૧૪. રેગ્યુલેશન ૭ સુધારવા બાબતમાં સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભામાં નીચે મુજબ જે ઠરાવ થયેલ છે તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

(રેગ્યુ. ૭ની નકલ સામેલ છે.)

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત નીચેનાં સૂચનો સાથે સ્ટેન્ડિંગ કમિટી ઈક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સને ઘટતી વિચારણા માટે પાછી મોકલવી.

૧. આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓની સમકક્ષતા બાબતમાં ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા અને આ યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવેલ ત્રિવાર્ષિક અભ્યાસક્રમના સંદર્ભમાં પરીક્ષાની પરિભાષા ફેરવવી યોગ્ય થશે.

૨. આ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે સંબંધકર્તા પરીક્ષાના વિષયો પૈકી એક વિષય અંગ્રેજી હોય તો તે આવશ્યક ગણાય.

૩. લંડન યુનિવર્સિટીની જનરલ સર્ટિફિકેટ કોર્સની પરીક્ષામાં (four credits) સાથે એક જ વખતે પાસ થવાની બાબતમાં ભાષાની સંદિગ્ધતા દૂર કરવી ઘટે.

૪. પશ્ચિમ બંગાળની એસ.એસ.સી. અને હાયર એસ.એસ.સી. પરીક્ષાઓનો ભેદ સ્પષ્ટ દર્શાવવો ઘટે.

૫. હાયર એસ.એસ.સી.ની પરીક્ષા બાર વર્ષના અંતે લેવાની હોય તો આપણી પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા તુલ્ય ગણવી જોઈએ અને તે અગિયાર વર્ષના અભ્યાસક્રમને અંતે લેવાતી હોય તો તે એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન ૭ સુધારવા બાબતમાં સિન્ડિકેટની તા. ૫-૩-૧૯૬૬ની સભાના ઠરાવમાં જણાવેલ સૂચનો પૈકી—

૧. પરીક્ષાની પરિભાષામાં યોગ્ય ફેરફાર કરવો.

૨. આ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે સંબંધકર્તા પરીક્ષાના વિષયો પૈકી એક વિષય અંગ્રેજી હોય તો તેની સમકક્ષતા માટે જે તે યુનિવર્સિટી કે બોર્ડની સંબંધકર્તા પરીક્ષાના એક વિષય તરીકે અંગ્રેજી હોય તે એક આવશ્યકતા ગણવી, સિવાય કે અંગ્રેજી દ્વારા તે પરીક્ષા અરજદારે આપી હોય.

૩. સદરહુ કલમમાંથી "at one and the same examination" શબ્દો કમી કરવા તેમ થતાં સદરહુ કલમ નીચે મુજબ વંચાશે :

"If passed in English, an additional language, Hitory or Geography, Mathematics and one other subject, or if passed in any five or more subjects of which English shall be one but with credit in at least four of them."

૪. આ સૂચન અંગે બાબત નં. ૧૨માં ઠરાવ્યા મુજબ કરવું.

૫. આ સૂચન અંગે બાબત નં. ૧૨માં ઠરાવ્યા મુજબ કરવું.

૧૫. યુનિવર્સિટી ઑફ એગ્રિકલ્ચરલ સાયન્સ, બેંગલોર-૨૪ (હેબલ) તેમની બી.એસસી. (એગ્રિ.) પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા માટે તે યુનિવર્સિટી તરફના મહામાત્રના તા. ૨૭-૭-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

એગ્રિકલ્ચર વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"Looking to the facts the Degree Examination of Agrciulture Science, Banglore-24, does not seem equivalent to our B.Sc. (Agri) Course."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ એગ્રિકલ્ચરલ સાયન્સ, બેંગલોર (હેબલ)ની બી.એસસી. (એગ્રિ.) પરીક્ષા માન્ય કરવી નહિ.

૧૬. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ, મુંબઈ, તરફથી લેવામાં આવતી એમ.એ. ઇન સોશિયલ વર્કની પદવી પરીક્ષાને માન્ય કરવા તા. ૧૮-૫-૧૯૬૬ના પત્રાંક ૧૬૦૨૭થી ઇન્સ્ટિટ્યૂટના રજિસ્ટ્રારે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના અધ્યક્ષનો અભિપ્રાય

"That the basic and specialised courses of study of Tata Institute of Social Sciences, Bombay, are similar to the courses of study for Master Degree in Labour Welfare of our University. Besides, the requirements for the field work and project report of the Tata Institute are more or less similar to the corresponding requirements here. I, therefore, suggest that the M.A. Degree Examination in Social work conducted by the Tata Institute of Social Sciences, Bombay, be regarded

as equivalent to the examination in Master of Labour Welfare of the Gujarat University."

(નોંધ.—વિનયન વિદ્યાશાખાના ડીનના સૂચનથી ઉપરોક્ત અભિપ્રાય મેળવેલ છે અને શ્રી. ડીન અભિપ્રાય સાથે સંમત છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ, મુંબઈની એમ.એ. (સોશિયલ વર્ક) પદવી પરીક્ષાને આપણી એમ.એલ.ડબ્લ્યુ. (M.L.W.) પદવી પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાની બી.ટેક્સ્ટ.ની ટેકનોલોજીની પદવી પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડાની બી.ટેક્સ્ટ. (ટેકનોલોજી) પદવી પરીક્ષાને ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ માટે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરાની "એમ.એસ. ડબ્લ્યુ." પદવી પરીક્ષાને આપણી "એમ. એલ. ડબ્લ્યુ." પરીક્ષા સમકક્ષ પરસ્પરના ધોરણે માન્ય કરવા માટે તે યુનિવર્સિટીના મહામાત્રના તા. ૧૨-૪-૧૯૬૬ના પત્રાંક એસી. ૨૨૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાની એમ. એસ. ડબ્લ્યુ. (M.S.W.) પદવી પરીક્ષાનો અભ્યાસક્રમ વગેરે વાણિજ્ય વિદ્યાશાખાના ડીનને તેમ જ શ્રી. ધોળકિયાને મોકલી તેમનો અભિપ્રાય મેળવી સદરહુ બાબત ફરી વિચારણા માટે રજૂ કરવી.

૧૯. આપણી યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. તથા બી.કૉમ. (ફાઇનલ ડિગ્રી) પરીક્ષાઓની માન્યતા બાબતમાં મુંબઈ યુનિવર્સિટીના તા. ૧૧-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૦. પોર્ટુગીઝ વસાહત પ્રદેશમાંથી પાછા આવેલ વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા અંગે રાજ્ય સરકારના તા. ૧૮-૮-૧૯૬૬ના પત્રાંક યુ.એસ.જી. ૪,૪૬૫-ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પોર્ટુગીઝ વસાહતમાંથી આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓની બાબતમાં વ્યક્તિગત ધોરણે વિચારણા કરી નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. મુંબઈ યુનિવર્સિટીની એમ.એસસી. (ટેક.) પરીક્ષા સંશોધનથી પસાર કરનાર વિદ્યાર્થીને આપણી યુનિવર્સિટીની પીએચ.ડી. માટે નોંધણીપાત્ર ગણવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૨. નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે દર્શાવેલ વર્ગમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

અનુ. નં.	વિદ્યાર્થીનું નામ	યુનિ.માંથી જે પરીક્ષા પાસ કરી હોય તેનાં નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપેલાં છે તે વર્ગ
૧	૨	૩	૪
૧.	શ્રી. રવી. પટ્ટાભિરામન	બી.એસસી. (થ્રી-યર ડિગ્રી કોર્સ) ઓસ્માનિયા યુનિ., હૈદરાબાદ	ફર્સ્ટ એલએલ.બી.
૨.	કુ. કુન્તા બી. શિવરાજમ્મા	બી એ., પાર્ટ ૧, ઓસ્માનિયા યુનિ., હૈદરાબાદ	થર્ડ બી.એ.
૩.	શ્રી. સુદામરામ ભગવાનદાસ	બી.કોમ. (ન્યૂ કોર્સ)	ફર્સ્ટ એલએલ.બી.
૪.	શ્રી. હરિબાબુ ગુપ્તા	બી.એસસી., પાર્ટ ૧, મગધ યુનિવર્સિટી	એફ.ઈ. (ઓલ્ડ)
૫.	શ્રી. અલ્લાઉદ્દીન અહમદ	હાયર સેકન્ડરી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, આસામ	ફર્સ્ટ ઇયર એન્જિનિયરિંગ (પાંચ વર્ષ)
૬.	કુ. રિટા માથુર	બી.એ., પાર્ટ ૨ (ફાઇનલ) આગ્રા યુનિવર્સિટી, આગ્રા	એમ.એ.
૭.	કુ. મહેતા જ્યોત્સ્ના નવીનચંદ્ર	સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી. ઑલ ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષા (ફાઇનલ), પાર્ટ ૨	ફર્સ્ટ બી.એસસી.
૮.	શ્રી. પદ્મકુમાર મહેતા	મેટ્રિકયુલેશન પરીક્ષા, રંગૂન યુનિવર્સિટી	પ્રી-યુનિ. કોમર્સ
૯.	શ્રી. ગુપ્તા જિતેન્દ્રકુમાર	ઇન્ટર સાયન્સ યુ. પી. બોર્ડ, અલાહાબાદ	એફ. ઈ. (ન્યૂ)
૧૦.	શ્રી. શાહ સુરેશ	એસ.એસ.સી., મહારાષ્ટ્ર, બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ઔરંગાબાદ	પ્રી-યુનિ.

૧	૨	૩	૪
૧૧.	શ્રી. દોશી કે. એમ.	મેટ્રિકયુલેશન પરીક્ષા, રંગુન યુનિવર્સિટી	પ્રી-યુનિવર્સિટી
૧૨.	શ્રી. પટેલ મહંમદ હનીફ	ફર્સ્ટ બી.એસસી., માંડલે યુનિવર્સિટી, બર્મા	સેકન્ડ બી.એસસી.
૧૩.	શ્રી. અલી નાઝનીન	એમ.એ. (ન્યૂ રુલ), દિલ્હી યુનિવર્સિટી, તેમજ બી.એ. પાર્ટ ૩, કલકત્તા યુનિવર્સિટી	ફર્સ્ટ એલએલ.બી.
૧૪.	શ્રીમતી ચારુલતા એચ. બદામી	બી.એસસી. (હોમ સાયન્સ), એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા	એમ.એ. (હોમ સાયન્સ)
૧૫.	શ્રી. મુદ્રા જગદીશપ્રસાદ	બી.એસસી., પાર્ટ ૨, નોર્થ બંગાલ યુનિવર્સિટી, કલકત્તા	એફ.ઈ. (જૂનો)
૧૬.	શ્રી. માનેકમ શાસ્ત્રિયામ બહાદુરજી	એસ.એસ.સી., સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, નાગપુર (વિદર્ભ)	પ્રી-યુનિવર્સિટી
૧૭.	શ્રી. નોએલ એચ. ગામડિયા	ફર્સ્ટ બી.એ., જબલપુર યુનિવર્સિટી, જબલપુર	સેકન્ડ બી.એ.

આથી ઠરાવવામાં આવે છે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૩. યુનિવર્સિટી ઑફ નાગપુર, નાગપુરની બી.ઈ. (સી., એમ., ઈ.) પદવી પરીક્ષાને માન્ય કરવા અંગે તેમના તરફથી આવેલ તા. ૧૮-૮-૧૯૬૬ના પત્રાંક પરીક્ષા/રેકગ.-એક્ષ.-૬૪૮૫ ઉપર વિચારણા કરવા બાબત.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"There is no objection if B.E. (C., M., E.) Degree of Nagpur University is considered as equivalent to the B.E. (C., M., E.) Degree of Gujarat University on a reciprocal basis."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ નાગપુર, નાગપુરની બી.ઈ. (સિવિલ, મિકેનિકલ, ઇલેકિટ્રકલ) પદવી પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

ક્રમાંક પરીક્ષા "બ"/૬૦૭૭૧/૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.
તા. ૧૭-૧-૧૯૬૭.

એસ. પી. મેઢ
કુલસચિવ વતી.

R. 7 :

The following are the examinations of other Universities and Bodies which have been recognised as equivalent to corresponding examinations of this University as on 31st August 1967, provided always that examinations were English is one of the subjects to be passed at any examination in this University equivalence as mentioned hereinafter to the corresponding examination of the other University or Board concerned shall be deemed to be given only, if the examination in that other University or Board is also passed with English as one of the subjects therein, or alternatively the entire examination is passed through English as the medium of Examination.

Name of the University or Body	*Examinations recognised equivalent to the corresponding examination of this University*
1	2
Agra ..	B.A., B.Sc., B.T., M.A., LL.B., B.Com., (for admission to M.Com. and LL.B.only), M.Com. (for admission to Ph.D.), M.B.,B.S.
Aligarh ..	Pre-University Examinations, Inter Arts (for admission to B.A.), Inter Science (for admission to B.Sc.), B.A (for admission to M.A., First LL B., B.Ed.), B.Ed., LL.B., B.Com. (for admission to First LL.B. only), B.Sc. (for admission to M.Sc.), M.Sc. (for admission to Ph.D., provided the candidate passes in the Second Division), M.A. (for admission to Ph.D., provided the candidate passes in the Second Division).
Allahabad ..	Inter Arts, Inter Science, B.A., B.Sc., B.Sc. (Agri.), LL.B., M.A., M.Sc., M.B.,B.S.+M.Ed., B.Com. (for admission to First LL.B. only).
Andhra ..	Pre-University Examinations, Inter Arts, Inter Commerce++ Inter Science, B.A., B.Sc., M.A.,

+ For admission to the higher courses in the Faculty of Medicine.

++ If passed in Economics, Geography, Banking and Accountancy.

1		2
		M.Sc., M.B.,B.S., B.Ed. (B.T.), B Sc. (Hons.) in French or German (= Language test for M.Sc), Translation Test for M.Sc, B.Pharm., B.A., B.Sc., B.Com., Three-year Degree Course Examinations and its part Examinations, provided they are taken by the University.
Annamalai	..	Pre-University Examinations, Inter Arts,* Inter Science,* B.Ed., B.Sc. (Hons.).
Baroda	..	All Examinations on reciprocal basis so long as M. S. University of Baroda recognises the corresponding Examinations of our University. Inter Arts, Inter Science, Inter Commerce, B.A., B.Sc., B Com., M.A., M.Sc., M.Com., T.D., B.Ed., M.Ed., F.E., S.E. I, II and III, M.B.,B S., Certificate Dean Faculty of Home Science after completion 2 years' course is recognised for admission to Jr. B.A. Class with Home Science. First Year of Three-year Degree Course=Intermediate Examination in respective faculties. Preparatory Arts, Science and Commerce, F.Y.B A., F.Y. B.Com., F.Y B.Sc. (for admission to Law and Science), Pre-Engineering (F.E. New Course= Inter Science 'A' group, Pre-Medical or F.Y.B.Sc. = Inter Science 'B' group for admission to Pharmacy or Ayurved courses only), First LL.B., First Year B Sc = First B.Sc. (for admission to S B.Sc. Course only), S Y.B.Com., LL.B., Second B.Sc., Second B.A., B.A , B.Sc., B.Com., Three-year Degree Course, B.Text. (Tech.) Degree (for admission to First LL.B.).

*If passed in Arts subject=Inter Arts and if passed in Science subject=Inter Science

1	2
Banaras ..	Pre-University Examinations, Inter Arts, B.A., M.A., Inter Commerce, B.T., I.Sc., B.Sc., M.Sc. (for admission to the LL.B, Course), B.E. (Mech. & Elect.), LL.B., M.Sc., B.Pharm., M.Pharm., B.Com., M.Com. LL.M. (provided the examination passed with 50% of marks), MB.,B.S., M.D., M.S.
Bihar ..	Inter Arts, Inter Science, Inter Commerce, B.A., B.Sc., B.Com., M.A., M.Sc., B.L=LL.B., M.B.,B.S. and B.Sc. (Engg.).
Birla Institute of Technology and Science, Pilani, Rajasthan ..	B Com., M Com., Inter Pharm., M.Pharm., B.E. (Civil, Mech. & Elect), M.E., M.Sc.
Bangalore ..	B.A. (Old and New), B.Sc. (Old and New), B.Com. (Old and New), M.A., M Sc., B.E. (Civil, Mech. & Elect.), M E., M.B.,B.S.,B.Pharm., M.D., M.Sc., B.D S., B.L. (LL.B.), M.L. (LL.M.), B.Ed., B.A. (Hons.), B.Sc. (Hons.), Ph.D.
Bhagalpur ..	B.Sc. (Agri.), M.Sc. (Agri.), B Sc. Part I, B.Sc. (Hons.), M.A.
Bombay ..	Pre-Uni. (F.Y.) Arts, Pre-Uni. (F.Y.) Science, Pre-Uni. (F.Y.) Commerce, Inter Arts, Inter Science, Inter Commerce, B.A., B.Sc., B.Com, M.A., M.Sc., M.Com., B.Ed., B.E. (C., M.& E.), Ist LL.B. (up to June 1960), 2nd LL.B., 3rd M.B.,B.S., B.Pharm., B.Textile Degree (for admission to First LL.B. Course), B.Sc. (Agri.) (for admission to Ist LL.B.).
University of Burdwan, Burdwan ..	Entrance (Pre-University), Inter Arts, Inter Science, Inter Commerce, B.A., B.Sc., B.Com., B.T., M A., M.Sc. and B.A., B.Sc, B.Com. (Three-year Degree Course), B.E. (Civil, Mech. & Elect.) (5 years' integrated degree course), M.Com., Dip. in Lib. Sc.

1		2
Calcultta	..	Pre-University Examinations, Inter Arts, Inter Science, B.A., B.Sc., B Com.* (for LL.B. only), B.T. (for the purposes of admission to the courses leading to M.Ed. or Ph.D in Education), B.E. (Civil, Mech. & Elect.), M B.,B.S, B.Sc. (Physiology), B.Sc. (Medical)
Delhi	..	Pre-University Examinations, Inter Arts, Inter Science, B.A. + B.Sc., B.T., M.Sc., M.A., M.B., B.S. + the qualifying examination as equivalent to Pre-Uni. Arts / Science Examination, B.Sc. (Hons.) (Agri.), Pre-Medical Examination for admission to the courses of study in Medicine, First Year of Three-year Degree Course= Intermediate, B.E. (C., M. & E.), B.Sc. (Home Science)=B.A. (Home Science).
Gorakhpur	..	B.A, B.Sc., B Com., B.Ed. and LL.B.
Gauhatti	..	Inter Arts, Inter Science,** B.Sc., B.A., B.Sc, B.Com. Degree (Three-year Degree Course Examination) (for the purpose of admission to post-graduate course in respective faculties).
Gujarat @@ Vidyapeeth	..	1. વિનીત (S.S.C. Examination). 2. પ્રથમા (First Year). 3. મધ્યમા (Intermediate). 4. સ્નાતક-વિશારદ—Graduation (Degree Examination) 5. પારંગત (M.A.) 6. સમાજવિદ્યા (B.A.) વિશારદ@@@ 7. Parangat (Hindi)—M.A. (Hindi)

*Provided the Calcutta University agrees to recognise the B.Com. of the Gujarat University for admission to LL.B. Classes.

@@ Examinations conducted up to August 1942 are recognised.

+Students certified to have passed any of the above examinations on the ground of social service are ineligible for admission to the course of this University.

++So long as the qualifying examination is held by the University.

3. Bhadran	Arts & Science College, Bhadran	Principal, Arts & Science College, Bhadran.
4. Bhuj	R. R. Lalan College, Bhuj	Principal, R. R. Lalan College, Bhuj.
5. Bodeli	T. C. Kapadia Arts College, Bodeli	Principal, T. C. Kapadia Arts College, Bodeli.
6. Borsad	Arts & Commerce College, Borsad	Principal, Arts & Commerce College, Borsad.
7. Cambay	Arts & Commerce College, Cambay	Principal, Arts & Commerce College, Cambay.
8. Chhota-Udepur	Arts & Science College, Chhota-Udepur	Principal, Arts & Science College, Chhota-Udepur.

Polling Centre	Polling Place	Polling Officers
9. Dabhoi	Arts & Science College, Dabhoi	Principal, Arts & Science College, Dabhoi.
10. Dakor	Bhavan's College, Dakor	Principal, Bhavan's College, Dakor.
11. Daman	Arts & Science College Daman	Principal, Arts & Science College, Daman.
12. Devgadh-Baria	Arts College, Devgadh-Baria	Principal, Arts College, Devgadh-Baria.
13. Dehgam	Arts & Commerce College, Dehgam	Principal, Arts & Commerce College, Dehgam.
14. Dhandhuka	Arts & Commerce College, Dhandhuka	Principal, Arts & Commerce College, Dhandhuka.
15. Dholka	Arts & Commerce College, Dholka	Principal, Arts & Commerce College, Dholka.
16. Dohad	Arts & Commerce College, Dohad	Principal Arts & Commerce College, Dohad.
17. Godhra	Arts & Science College, Godhra	Principal, Arts & Science College, Godhra.
18. Himmatnagar	Arts & Commerce College, Himmatnagar	Principal, Arts & Commerce College, Himmatnagar.
19. Kadi (N.G.)	Arts & Commerce College, Kadi	Principal, Arts & Commerce College, Kadi (N.G.).

	Polling Centre	Polling Place	Polling Officers
20.	Kaira	Arts & Commerce College, Kaira	Principal, Arts & Commerce College, Kaira.
21.	Kalol (N.G.)	Arts & Science College, Kalol (N.G.)	Principal, Arts & Science College, Kalol (N.G.).
22.	Kapadwanj	Arts & Science College, Kapadwanj	Principal, Arts & Science College, Kapadwanj.
23.	Karjan	Arts & Commerce College, Karjan	Principal, Arts & Commerce College, Karjan.
24.	Lunawada	Arts & Science College, Lunawada	Principal, Arts & Science College, Lunawada.
25.	Mansa	Arts & Science College, Mansa	Principal, Arts & Science College, Mansa.
26.	Mandvi (Kutch)	Arts & Commerce College, Mandvi	Principal, Arts & Commerce College, Mandvi.
27.	Mehsana	Arts & Commerce College, Mehsana	Principal, Arts & Commerce College, Mehsana.
28.	Modasa	Arts & Science College, Modasa	Principal, Arts & Science College, Modasa.
29.	Nadiad	J. & J. College, Nadiad	Principal, J. & J. College, Nadiad.
30.	Palanpur	Arts & Science College, Palanpur	Principal, Arts & Science College, Palanpur.

Polling Centre	*Polling Place*	*Polling Officers*
31. Patan	Arts & Science College, Patan	Principal, Arts & Science College, Patan.
32. Petlad	Petlad College, Petlad	Principal, Petlad College, Petlad.
33. Pilwai	Arts & Science College, Pilwai	Principal, Arts & Science College, Pilwai.
34. Sankheda	Arts College, Sankheda	Principal, Arts College, Sankheda.
35. Siddhpur	Arts & Commerce College, Siddhpur	Principal, Arts & Commerce College, Siddhpur.
36. Talod	Arts & Science College, Talod	Principal, Arts & Science College, Talod.
37. Unjha	Arts & Commerce College, Unjha	Principal, Arts & Commerce College, Unjha.
38. Viramgam	Arts & Commerce College Viramgam	Principal, Arts & Commerce College, Viramgam.
39. Visnagar	M. N. College, Visnagar	Principal, M. N. College, Visnagar.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૫૨

Ordinance 135-A :

1. It shall be the duty of every student studying in Pre-University Class or the First Year of the Diploma Classes and for one year immediately following thereafter in any of the colleges affiliated to this University pursuing a course of studies leading to his first Degree or Diploma, as the case may be, to the complete satisfaction of the Principal of the college either (*i*) a course of N.C.C. Training prescribed in this behalf by the N.C.C. authorities or, (*ii*) a course of Physical Training prescribed by the Syndicate from time to time.

2. For the purpose of admission to an Examination, it will be necessary for a candidate to obtain, inter alias, a certificate from the Principal of his having attended, during the course of terms entitling him to admission to that examination not less than 75% of the total number of N.C.C. parades or 75% of the total number of Physical Training periods, as the case may be, in each year, provided that it shall be competent for the Principal of a College to condone a candidate's deficiency in attendance at N.C.C. parades or Physical Training periods, as the case may be, to a further extent of 15% parades or Physical Training periods on grounds of health or participation in Inter-Collegiate, Inter-Zonal or Inter-University tournaments.

Provided further that those who volunteer to join the National Cadet Corps shall be governed by the provisions of the National Cadet Corps Act and the rules framed under that Act for all purposes including the attendance at parades as well as camps and other activities, if any.

3. Notwithstanding anything contained above, a candidate shall be exempted by the Principal of his college from undergoing both the N.C.C. training and physical training, if (*a*) he joins the National Service Corps, as and when it is introduced in his college and fulfills to the satisfaction of his Principal all its requirements that may be prescribed by the University from time to time; or (*b*) he is exempted by the Principal of his college from undergoing both the N.C.C. training and physical training on production of a medical certificate from a Civil Surgeon.

પરિશિષ્ટ "ઠ"
ઠરાવઠાળ ક્રમાંક ૬૫

Courses of Studies prescribed for the Faculty of Law

DEGREE OF BACHELOR OF LAW (GENERAL AND SPECIAL)

Law O. 1 (New) :

Candidates for the Degree of LL.B. (General) must have passed a Bachelor's degree examination of this University in any Faculty or of any other University recognised as equivalent to the corresponding examination of this University and will be required to pass two examinations, the first to be called 'First Examination for the Degree of LL.B.' and the Second to be called the 'Second Examination for the Degree of LL.B.'

FIRST LL.B. EXAMINATION COURSE

Examination will be taken in accordance with the Laws as they stood before six months of the examination, i.e., in accordance with the Laws as they stood on 1st April for October Examination and on 1st October for the April Examination.

Law O. 2 (New) :

No candidate will be admitted to this examination unless he shall have passed the Bachelor's degree examination of this University in any Faculty or an examination of any other University recognised by this University as equivalent thereto, and has thereafter, kept two terms in a Law College affiliated to this University.

Law R. 1 (New) :

Candidates will be required to answer the following five papers, each carrying 100 marks and of three hours' duration.

First LL.B. (General & Special)

Paper I : Law of Contract-1

SS 1 to 75	..65 marks
The remaining portion of the Indian Contract Act	..35 marks.

Statutory materials :

1. Indian Contract Act, 1872.

Prescribed readings :

1. 'Indian Contract Act' (Students edition : D. F. Mulla)
2. 'Indian Contract Act, Partnership Act and Sale of Goods Act', T. R. Desai

ગુજરાતી

(૧) 'ભારતીય કરારધારો' : દેસાઈ ઍન્ડ દેસાઈ
(૨) 'કરારના કાયદાના સિદ્ધાંતો' : પંડ્યા અને મેઢ.

Recommended readings :

1. 'Principles of English Law of Contract', Anson
2. 'The Law of Contract', Cheshire and Fifoot
3. 'Introduction to Law of Contract', Atiyah

Paper II : Law of Contract-2

Section I :

(1) Indian Partnership Act .. 25 marks
(2) Negotiable Instruments Act, 1881 .. 25 marks

Section II :

(1) Sale of Goods Act 1930 .. 35 marks
(2) Law of Trade Marks .. 15 marks.

Statutory Materials :

(1) The Trade and Merchandise Marks Act, 1958:
Sections : 2 (a), (b), (c), (d), (f), (j), (k), (r), (u), 8, 9, 11, 12, 13, 18, 19, 20, 25, 27, 28, 29, 30, 36, 37, 38, 47, 48, 49, 50, 51, 58, 61, 66, 67 and 68 only.
(2) Indian Partnership Act, 1932
(3) Sale of Goods Act, 1930
(4) Negotiable Instruments Act, 1881.

Prescribed readings :

(1) 'Sale of Goods Act and Partnership Act' (Students edition), D. F. Mulla
(2) 'Indian Contract Act, Partnership Act and Sale of Goods Act', T. R. Desai

(3) 'Negotiable Instruments Act', Khergamwala
(4) 'Commentaries on Trade and Merchandise Marks Act, 1958', Kulshetra V. D.

Recommended readings :
'Law of Partnership', S. T. Desai.

Paper III : Law of Crimes

Section I :

Sections 1 to 106 and offences relating to Body.

Section II :

Remaining Portion of the Indian Penal Code.

Statutory material :

The Indian Penal Code, 1860.

Prescribed readings :
(1) 'Indian Penal Code' (Students edition) : Ratanlal
(2) 'ભારતીય ફોજદારી ધારો' : દોલત ત્રિવેદી અને જોષી.

Recommended readings :
(1) 'Outlines of Criminal Law', Books I & II : Kenny
(2) 'Criminal Law and Punishment', Chapter I, Fitzagerald.

Paper IV : Law of Torts & Easement

Torts	..	80 marks
Easements	..	20 marks.

Statutory Materials :

Easement Act, 1882.

Prescribed readings :
(1) 'English and Indian Law of Torts' (Students edition), Ratanlal
(2) 'Indian Easement Act' : Desai.

Recommended books
1. 'Law of Torts' : Salmond
2 'Law of Torts' : Winfield
3. 'Law of Torts' : Ramswami Iyer
4. 'Easement and Licences' : Joshi
5. 'Law of Easement' : Sashtri & Amin.

Paper V : Constitutional History & Constitutional Law of India

Constitutional History	..	20 marks
The Constitutional Law of India	..	80 marks.

N.B.—The books on Constitutional History of India to be recommended.

Prescribed readings:

( ) 'Introduction to Constitution of India' : Durgadas Basu
(2) 'Constitutional Law of India' : M. P. Jain.

Recommended readings:

( ) 'Constitution of India' : V. N. Shukla
(2) 'Constitutional Law of India' : Seervai
(3) 'ઇંગ્લૅંડના રાજ્યબંધારણના કાયદાનો પરિચય' : ગિરીશ પટેલ.

Law R. 2 (New):

Text-books on the subject matter of the above papers will be prescribed or recommended from time to time by the Academic Council on the recommendation of the Board of Studies.

Standard for passing the Examination

Law R. 3 (New):

To pass the examination, the candidate must (*a*) obtain 33% marks in each paper, and (*b*) obtain 50% marks in aggregate. Those of the successful candidates who obtain 66% marks or more of the total marks obtainable will be placed in First Class and those obtaining less than 66% of the total marks will be placed in Second Class. Candidates passing the examination in compartments will be placed in Pass Class.

Law R. 3-A (New):

A candidate who fails at the first examination of the Degree of LL.B. but obtains 50% marks in each of the papers, but one at the said examination will be allowed to keep terms and to appear for second examination for the Degree of LL.B. after keeping two terms, provided however that he shall not be declared to have passed second examination

for the Degree of LL.B. unless he has in accordance with Law R. 3 (New) in the remaining paper of the first examination for the Degree of LL.B. held either in a previous or in the same examination season.

Law R. 3-B (New)

A candidate who fails at the First LL.B. Examination or Second LL.B. Examination but secures at least 50% marks in paper or papers at the examination shall at his option be exempted from appearing in the said paper or papers when he/she reappears at the examination.

Law R. 3-C (New):

A candidate who avails himself of the exemptions in any paper or papers and appears at a subsequent examination shall not be declared to have passed the said examination unless he obtains 50% of the total number of marks of the papers in which he appears at the said examination.

SECOND LL.B. EXAMINATION

Law O. 3 (New):

No candidate will be admitted to this examination unless he shall have passed the first examination for the Degree of LL.B. of this University or of any other University recognised equivalent to the corresponding examination of this University and after passing the said examination shall have kept two terms in a Law College affiliated to this University.

Law O. 4 (New):

A term or terms kept by a candidate for the First or the Second LL.B. Examination under the old rules shall be counted for the purpose of attendance prescribed for the corresponding examination under the new rules.

Law R. 4 (New):

Candidates will be required to answer the following six papers, each carrying 100 marks and of three hours' duration.

Paper I—Hindu Law and Muslim Law

Hindu Law	..	65 marks
Mahomedan Law	..	35 marks

Hindu Law— 35 marks

(1) Nature and sources of Hindu Law
(2) Schools of Hindu Law
(3) Joint Family
(4) Partition
(5) Debts
(6) Endowments (Dayabhaga to be omitted.)

The following Acts:

(1) Hindu Marriage Act, 1955
(2) Hindu Succession Act, 1956
(3) Hindu Adoption and Maintenance Act, 1956
(4) Hindu Minority and Guardianship Act, 1956.

N.B.—The Special Marriage Act, 1954 not to be studied.

In Hindu Succession Act, 1956, sections relating to Marumakkatayam and Aliasantana Succession to be omitted.

Prescribed readings:

(1) 'Hindu Law': D. F. Mulla
(2) The Hindu Marriage Act, 1955
(3) The Hindu Succession Act, 1956
(4) The Hindu Minority and Guardianship Act, 1956
(5) The Hindu Adoption and Maintenance Act, 1956.

Recommended readings:

(1) 'Hindu Law': Mayne
(2) 'Hindu Law': Gupta
(3) 'Introduction to Modern Hindu Law': Derrat.

Mahomedan Law— 35 marks

Prescribed readings:

'Principles of Mahomedan Law': D. F. Mulla.

Recommended readings:

(1) 'Outline of Mahomedan Law': Fayzee.
(2) 'Mahomedan Law': Tyabji.

Paper II—Company Law (Indian Companies Act, 1956) with Amendments

Statutory materials :

Companies Act, 1956, with amendments.

Prescribed readings :

'Lectures on Company Law' : S. M. Shah

Recommended readings :

(1) 'Company Law' : Palmer
(2) 'Principles of Modern Company Law' : Gower
(3) 'Current Problems of Company Law' : I. L. I.
(4) 'Company Law' : R. H. Pandya.

Paper III—Law of Property and Law of Wills

(1) Transfer of Property Act	..	65 marks.
(2) Indian Succession Act	..	35 marks.

Section I :

Transfer of Property Act—Omitting Mortgages	..	50 marks.

Section II :

Indian Succession Act	..	35 marks.
+Mortgages	..	15 marks.

Statutory materials :

(1) Transfer of Property Act, 1882.
(2) Indian Succession Act, 1925 [Sections 1 to 19 and 57 to 191 (Sections 20 to 56 to be omitted.)]

Prescribed readings :

(1) 'Lectures on Law of Transfer of Property' : S. M. Shah
(2) Transfer of Property Act, 1882.

Recommended books

(1) 'Transfer of Property' : D. F. Mulla.
(2) 'Indian Succession Act' : Paruck.

Paper IV—Legal Theory (Jurisprudence)

Prescribed readings :

(1) 'Jurisprudence': Salmond, Fitzgerald (Pages 9 to 64 to be omitted), 1 to 5 and the remaining pages.

(2) G. W. Paton : 'A Text-book of Jurisprudence' (3rd edition, 1964), Ch. III, pages 62 to 92.

Recommended readings :

(1) 'Text-book of Jurisprudence' : Paton

(2) 'Jurisprudence' : Dias

(3) 'Elementary Principles of Jurisprudence' : Keeton.

Papers V and VI—Law of Taxation

Paper I :

Income-tax	..	70	marks
Wealth-tax	..	15	marks
Gift-tax	..	15	marks.

Paper II :

Sales-tax	..	60	marks
Estate-duty	..	40	marks.

Paper I

Statutory aterials :

(1) The Income-tax Act, 1961

(2) The Income-tax Rules, 1962

(3) The Wealth-tax Act, 1957 : Chapters 1, 2, 3, 4, 6 and 8 only. Sections 35 and 43.

(4) The Wealth-tax Rules

(5) The Gift-tax Act, 1958 : Chapters 1, 2, 3, 4, 6 and 8 only. Section 34 and 42.

(6) The Gift-tax Rules

(7) The Constitution of India : Articles, 265 to 289.

Prescribed readings :

(1) 'Income-tax Act, 1961' : Government Publication

(2) 'Income-tax Rules, 1961' : Government Publication

(3) 'Three New Taxes' : Sampath Ayengar

(4) 'Income-tax Law and Practice' : Rupram Gupta

(5) 'The Law and Practice of Wealth Tax' : G. R. Parikh.

Recommended reading :

(1) 'Income-tax Act' : Kanga and Palkhiwala
(2) 'Direct Tax Law' : Damania, Dastur
(3) Taxation Commission Report (latest)
(4) 'Taxation Inquiry Committee Report', Vols. I & III
(5) Income-tax Manual.

Paper II

Statutory materials :

(1) Central Sales Tax Act, 1956
(2) Central Sales Tax Rules
(3) Bombay Sales Tax Act
(4) Bombay Sales Tax Rules
(5) Estate Duty Act
(6) Estate Duty Rules.

Prescribed readings :

(1) Bombay State Sales Tax Act : Government Publication
(2) Law and Practice relating to Central Sales Tax Act : Govt. Pub.
(3) Estate Duty Act : Govt. Publication.

Recommended readings :

(1) 'Law and Practice relating to some Sales Tax Act' : K. V. Patel
(2) 'Estate Duty Act' : Nanavati.

or

Papers V and VI — Labour Laws

Paper I

SECTION I

The Bombay Industrial Relations Act .. 50 marks.

SECTION II

The provisions of the Factories Act in comparison to the Bombay Shops & Establishment Act
Concepts of Bonus, D.A., Gratuity and Standing Orders
Payment of Wages Act } 50 marks.

Paper II

SECTION I

Industrial Disputes Act .. 50 marks.

SECTION II

Employees' Provident Fund Act, 1952
Workmen's Compensation Act, 1923
Employees' State Insurance Act, 1948
Minimum Wages Act
.. 50 marks.

Prescribed readings :

(To be prescribed later on.)

Recommended readings :

(1) 'Modern Social Legislation' : Riesenfeld and Maxwell

(2) Beveridge Report

(3) Adarkar Committee Report.

or

Paper V : Public International Law

Prescribed readings :

(1) 'An Introduction to International Law' : Starke

(2) 'Law of Nations' : Brierly.

Recommended readings :

(1) 'International Law' : Oppenhoeim

(2) 'Public International Law' : Fenwick

(3) 'Manual of International Law' (Volume 1) : Schewarzenberger.

Paper VI : Private International Law

Prescribed readings :

(1) 'Conflict of Laws' : Graveson

(2) 'આંતરરાષ્ટ્રીય ધારા' : પંડ્યા અને શાહ.

Recommended readings :

(1) 'Private International Law' : Cheshire

(2) 'Conflict of Laws' : Dicey.

or

Paper I : Law relating to Tenancy and Land Revenue

Statutory materials :

(1) Bombay Land and Tenancy Act, 1948
(2) Bombay Land Revenue Code.

Prescribed readings :

(1) 'Bombay Land and Tenancy Act' : Gupta
(2) 'Bombay Land Revenue Code' : Gupta
(Law relating to Village Panchayat and Co-operation)

Paper II : Village Panchayat Co-operatives Societies Act

Statutory materials :

(1) Gujarat Village Panchayats Act
(2) The Gujarat Co-operative Societies Act, 1961.

Prescribed readings :

N.B.—Readings will be prescribed later on.

Law R. 5 (New) :

Text-books on the subject-matter of the above papers will be prescribed or recommended by the Academic Council on the recommendation of the Board of Studies.

Standard for passing the examination

Law R. 6 (New) :

To pass the examination, the candidate must (*a*) obtain 33% marks in each paper, and (*b*) obtain 50% marks in aggregate. Those of the successful candidates who obtain 66% marks or more of the total marks obtainable will be placed in the First Class and those obtaining less than 66% of the total marks will be placed in Second Class. Candidates passing the Examination in compartment will be placed in Pass Class.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૬૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૫-૭-૧૯૬૮ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. ગિરીશચન્દ્ર એસ. દેસાઈ	હાજર
૪. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૫. શ્રી. રણજિત શાસ્ત્રી	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૮ ને ગુરુવારના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૮ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. હેલ્થ સેન્ટર માટે કંપાઉન્ડરનું ક્વાર્ટર, સિન્ડર ટ્રેક પર આઉન્ડમેન-કમ-વૉચમેનનાં બે ક્વાર્ટર્સ, ઓપન એર થિયેટર પર એક અને ટાંકી ઉપર માણીનાં બે ક્વાર્ટર્સ—એમ કુલ છ ક્વાર્ટર્સ બાંધવા માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલ પ્લાન પરત્વે તથા સાઈટ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે માણીઓ, વૉચમેન વગેરેનાં નાનાં રહેઠાણો (ક્વાર્ટર્સ) Prefabricatedની રચનાવાળાં બનાવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્ર માટે કંપાઉન્ડરનું ક્વાર્ટર હાલના કર્મચારીઓના ક્વાર્ટર્સની સામે આરોગ્યકેન્દ્ર નજીક રાખવું.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડર ટ્રેક પર આઉન્ડમેન-કમ-વૉચમેનનાં બે ક્વાર્ટર્સ સિન્ડર ટ્રેકની પૂર્વ બાજુએ આરોગ્યકેન્દ્ર અને સિન્ડર ટ્રેકની વચ્ચે સભામાં રજૂ થયેલા પ્લાન મુજબ સાઈટ પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ઘ) આથી ઠરાવવામાં આવે છે કે ઓપન એર થિયેટર પર એક અને ટાંકી પર બે ક્વાર્ટર્સની સાઈટ સભામાં રજૂ થયેલા પ્લાન મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ચ) આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહ અને વિદ્યાર્થીઓના છાત્રાલયના પટાવાળા બહેન માટે બે ક્વાર્ટર્સ સભામાં ચર્ચા થયા મુજબ ટાંકી પાસે અનુકૂળ જગાએ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આપણી હાલની આર્કિટેક્ટની પેનલમાં તેમના નામનો સમાવેશ કરવા અંગે સ્થપતિ શ્રી. મધુકરભાઈ ઠાકોરના તા. ૨૧-૩-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. મધુકર ઠાકોરના નામનો હાલની યુનિવર્સિટી કાર્યાલયના સ્થપતિઓની પેનલમાં સમાવેશ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આપણી સ્થપતિની પેનલમાં લેવા માટે મેસર્સ મધુ એન્જિનિયર્સના તા. ૧૩-૫-૧૯૬૮ના પત્ર નં. એમ.એ. ૨૦૫-૮૮ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પરિપત્ર નં. ૪-૧-૧૪-૬૭ (સી.ડી.એન.), તા. ૭-૩-૧૯૬૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિપત્રની નોંધ લેવી અને તે તરફ સિન્ડિકેટનું ધ્યાન દોરવું.

૬. ગ્રંથાલયના મકાનમાં કાઉન્ટર નીચે લાકડાનાં કબાટ તથા ડિસ્પ્લે શોકેસ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. યુનિવર્સિટીએ નીમેલી પેનલ પરના સ્થપતિ તરફથી આવેલા આયોજન પંચવર્ષીય યોજના માટેનાં મકાનોના બાંધકામના સ્કેચપ્લાન જોઈ-તપાસી વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે નીચેનાં નવાં બાંધકામો માટે યુનિવર્સિટીએ નીમેલી પેનલ પરના બધા સ્થપતિઓ પાસેથી સ્કેચપ્લાન પંદર દિવસમાં મંગાવીને સત્તામંડળ સમક્ષ રજૂ કરવા :

(૧) વિદ્યાર્થીઓનું છાત્રાલય
(૨) શિક્ષણશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા મનોવિજ્ઞાન વિદ્યાભવન
(૩) ગાંધી ભવન
(૪) રીડર તથા લેક્ચરરનાં ક્વાર્ટર્સ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે બધા જ પ્લાનના મળીને દરેક સ્થપતિને કુલ મહેનતાણાની રકમ રૂા. ૧,૦૦૦ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે નીચેનાં હાલનાં મકાનોના વિકાસનાં બાંધકામો માટે જે તે મકાનના મૂળ સ્થપતિ પાસેથી વિનામૂલ્યે સ્કેચપ્લાન મંગાવીને સત્તામંડળ સમક્ષ રજૂ કરવા :

(૧) વિજ્ઞાન વિદ્યાભવન :

ફિઝિક્સનું મકાન; કેમિસ્ટ્રીનું મકાન; બોટેનીનું મકાન; મેથેમેટિક્સ (સ્ટેટિસ્ટિક્સ)નું મકાન તથા ઝૂલોજીનું મકાન

(૨) વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે

(૩) સમાજવિદ્યા ભવન માટે.

૮. સેનેટ હૉલમાં મૂકવામાં આવનાર પ્રતીક તૈયાર કરવાનું કામ સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ દ્વારા વડોદરાના શ્રી. જનુભાઈ રાવલને સોંપવામાં આવેલું, પરંતુ હવે તેઓ કાંસાનું પ્રતીક તૈયાર કરી યુનિવર્સિટીને આપે તે સ્થિતિમાં નથી. આથી હવે તેઓએ તૈયાર કરેલ પ્લાસ્ટર ઑફ પેરિસનું કાસ્ટિંગ (પ્લાસ્ટર મૉલ્ડિંગ) યુનિવર્સિટીએ સ્વીકારવું કે કેમ તે અંગે તથા તેઓને રૂા. ૪૦૦ની રકમ એડવાન્સ આપી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. ઓપન ઍર થિયેટરની મીડ લાઈનને સમાંતર જતા રસ્તા માટે તથા સિન્ડર ટ્રેકના રસ્તાના કંત્રાટી મે. ડી. કે. પરમારની રસ્તાના કામ માટે વધારાની માગણી અંગેના લવાદ સર્વશ્રી સી. સી. પટેલ અને એ. વી. શાહના ઍવૉર્ડની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓપન ઍર થિયેટરની મીડ લાઈનને સમાંતર જતા રસ્તા માટે તથા સિન્ડર ટ્રેકના રસ્તાના કંત્રાટી મે. ડી. કે. પરમારની રસ્તાના માટીકામ માટે વધારાની માગણી અંગેના લવાદ સર્વશ્રી સી. સી. પટેલ તથા એ. વી. શાહના આપેલ ઍવૉર્ડની નોંધ લેવી.

(સદરહુ ઍવૉર્ડની નકલ આ સાથે સામેલ છે.)

૧૦. ગ્રંથાલયના મકાનના કૉન્ટ્રાક્ટર મે. વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિનિયરિંગ કંપનીના બીલમાંથી સીડીના રેલિંગ માટે તથા એલ્યુમિનિયમનાં ફિટિંગ્સ માટે વધારાની રકમ કાપવામાં આવી છે તે સામે સદરહુ કૉન્ટ્રાક્ટરે વાંધો ઉઠાવતાં, સ્થપતિ શ્રી. બી. વી. દોશીને પૂછતાં, તેઓના તા. ૩૧-૫-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયના મકાનના કૉન્ટ્રાક્ટર મે. વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિનિયરિંગ કંપનીના બીલમાંથી સ્થપતિ શ્રી. બી. વી. દોશીની અગાઉની ગણતરીમાં થયેલ ભૂલને કારણે, મકાનની મેઇન સીડીની રેલિંગમાંથી દર રનિંગ ફૂટે રૂા. ૫-૭૫ પૈસાને બદલે રૂા. ૧-૨૦ પૈસા કાપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સર્વિસ સ્ટેર(નાની સીડી)ની ડિઝાઇન પાર્ટપની કરીને બદલી હોવાથી તેમાં કોઈ રકમ કાપવી નહીં તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. આરોગ્યકેન્દ્રના કર્મચારીઓ માટેનાં રહેઠાણોના બાંધકામમાં વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મકાનમાં કોઈ પણ વધારાનું કામકાજ થાય નહીં તે પ્રમાણે સમગ્ર રીતે વિચારણા કરીને બધી આઇટેમો સાથેનું જે તે કામનું ટેન્ડર તૈયાર કરવા દરેક સ્થપતિને જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રના કર્મચારીઓનાં રહેઠાણના બાંધકામમાં આ સાથેની યાદી "અ" મુજબ વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામમાં રહેલી ખામીઓ-ઊણપો ઇત્યાદિ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતનો વિચારણા મુલતવી રાખવામાં આવી.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્રના વિભાગ માટે ટ્રાન્સમીટર રૂમ તથા એન્ટેના માટેનાં બાંધકામો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના વિભાગ માટે ટ્રાન્સમીટર રૂમ તથા એન્ટેના માટેની સાઈટ આરોગ્યકેન્દ્ર પાસે સભામાં રજૂ થયેલા પ્લાન મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. આપણી હાલની કન્સલ્ટિંગ એન્જિનિયરિંગની પેનલમાં તેમના નામનો સમાવેશ કરવા બાબે કન્સલ્ટિંગ એન્જિનિયર પુરાન્દરે ચંદે અને બાદના તરફથી આવેલા તા. ૭-૫-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી.

૧૫. આપણી હાલની સ્થપતિની પેનલમાં તથા કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે તેમના નામનો સમાવેશ કરવા અંગે સ્થપતિ શ્રી. અવનીન્દ્ર એમ. વ્યાસના તા. ૩૧-૫-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી.

૧૬. ઝૂલોજી ડિપાર્ટમેન્ટ માટે એનિમલ હાઉસ બાંધવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી ડિપાર્ટમેન્ટના એનિમલ હાઉસનું કામકાજ તે મકાનના સ્થપતિ દ્વારા થાય તેમ કરવું અને તેનાં સ્કેચપ્લાન મકાનના વિકાસકામના પ્લાનની સાથે મંગાવીને સભાગૃહ સમક્ષ રજૂ કરવાં.

૧૭. આપણી હાલની કન્સલ્ટિંગ એન્જિનિયરિંગની પેનલમાં તેમના નામનો સમાવેશ કરવા માટે મે. સ્ટ્રક્ચરલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ કુંપનીના તા. ૧-૬-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી,
કુલસચિવ વતી.

Award of Arbitrators in the matter of dispute between the Gujarat University and Contractor M/s. D. K. Parmar of Nadiad for extra claim of earth work of roads of Gujarat University

Dispute. — Dispute in respect of the question of contractor's demand for extra payment for the earth work done for roads of Gujarat University.

Gujarat University has given a contract to Shri D. K. Parmar and entered into an agreement on 4th September, 1962 to carry out the work as per specifications of the tender for construction work of the two roads in the University Campus, viz. (1) Road from Open Air Theatre to Grid Pylon passing parallel to grid line, and (2) Road from Pharmacy Bus Stand to Cinder Track via Health Centre and Hostel for men students.

The contractor started the work and it is alleged by the contractor that the University Engineer did not allow the contractor to take the earth from high land between the Open Air Theatre and the University Building, and so the contractor had to bring earth from a place near the Cinder Track. His contention are as mentioned by him in his letter dated 27th October, 1967, which is attached herewith.

The University Engineer has also put forward University's views point in reply to the above.

AWARD

After studying the contentions of the contractor, reply of the University and hearing both the parties in two sittings and visiting the site, we come to the unanimous conclusion that —

(1) No work has been done which is contrary to the specifications of the tender.

(2) The excavation work of the high land between Open Air Theatre and University Building was stopped by this order was withdrawn, after a week.

(3) No earth has been brought from outside the University Campus, and so the contractor is not entitled to the rate of item No. 3 of Schedule 'A', i.e. Rs. 20/- per 100 cft. Moreover, this item

is not claimed by him in the second running bill dated 12-10-1962, third running bill dated 4-12-1962 and also final bill dated 21-8-1964 submitted by him. He has also taken the final payment of the bill after allowing a deduction of Rs. 500/- as penalty.

(4) From this it appears that, it was an after thought of the contractor to claim an extra amount by claiming the rate of item No. 3 for the work which he has carried out as per specifications of item No. 1 and 2 of Schedule 'A' of Road work.

In the circumstances, we hereby decide that the contractor has no claim to any extra amount than what has already been paid to him by the Gujarat University.

Cost of Arbitration to be borne equally by both parties.

Ahmedabad.
Dt. 20th may, 1968.

CHUNIBHAI C. PATEL
Arbitrator,

AMRITLAL V. SHAH
Arbitrator.

સિન્ડિકેટ (જુલાઈ)
તા. ૬-૭-'૬૮

यादी "अ"

Statement for the Extra Items rates for Sevrants' Quarters

Sr. No.	Item	Rate Rs.	Per
1.	Constructing coak well of 6'-0" dia. & 20'-0" deep with 9" B.M. R.C.C. slab steps manhole cover, brickbat fitting, etc., complete as per specimen	.. 1,325/-	No.
2.	Providing and laying RCC septic tank as per specification.		
	(*a*) 2' Q × 8'-0" long	.. 415/-	No.
	(*b*) 3' Q × 8'-0" long	.. 475/-	No.
3.	Providing and fixing 9" × 6" sewer trap..	.. 30/-	No.
4.	Providing and laying 3"Q C.I. Pipe	.. 4·10	Rft.
5.	Providing and fixing 4" C.I. mica flap valve	.. 8/-	No.
6.	Constructing load on roof 9" × 1'-2" without finish	.. 2·10	Rft.
7.	Providing and fixing rough kotch stone over broad (1'-0" wide) for steps incl. lime bedding of 1:2 with cement joint as directed, etc. complete	.. 1·85	Rft.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૭૧

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકો

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

૧.	શ્રી. ટી. ડી. પટેલ	ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક	સિં. અધ્યા./૮/૬૮૨૭ તા. ૨૨-૪-૧૯૬૮

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૨.	ડૉ. માલતી એમ. ગાંધી	એનેસ્થેસિયોલોજીનાં વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૮૫૧૯ તા. ૨૧-૬-૧૯૬૮
૩.	ડૉ. કુ. લીલાવતી ગોંગટે	પેથોલોજી અને બેક્ટીરિયોલોજીનાં વ્યાખ્યાતા	,,
૪.	ડૉ. બી. કે. નાયક	એનેસ્થેસિયોલોજીના વ્યાખ્યાતા	,,
૫.	ડૉ. જે. એચ. પટેલ	ઑર્થોપેડીક્સોલોજીના માનદ સર્જન	સિં. અધ્યા./૮/૨૦૬૬૯ તા. ૧૦-૬-૧૯૬૮
૬.	ડૉ. બી. એ. મકવાણા	ફિઝિયોલોજીના જુ. વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૭૮૫૨ તા. ૧૫-૬-૧૯૬૮
૭.	ડૉ. એસ. એમ. મનસૂરી	ફાર્મેકોલોજીના જુ. વ્યાખ્યાતા	,,
૮.	ડૉ. એચ. એલ. પટેલ	સર્જરીના પ્રાધ્યાપક	,,
૯.	ડૉ. એન. એન. શાહ	સર્જરીના વ્યાખ્યાતા	,,
૧૦.	ડૉ. આર. બી. સક્સેના	ઑર્થોપેડીક્સોલોજીના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૩૪૭૬ તા. ૨-૭-૧૯૬૮

સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ

૧૧.	ડૉ. બી. બી. માથુર	પ્રોસ્થેટિક ક્રાઉન અને બ્રિજના જુ. વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૦૬૦૧ તા. ૮-૬-૧૯૬૮
૧૨.	ડૉ. આર. કે. જાની	જનરલ પેથોલોજી અને બેક્ટીરિયોલોજીના જુ. વ્યાખ્યાતા	,,
૧૩.	ડૉ. જી. જે. દવે	જનરલ પેથોલોજી અને બેક્ટીરિયોલોજીના જુ. વ્યાખ્યાતા	,,

ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ

૧૪.	શ્રી. પી. બી. શાહ	વનસ્પતિશાસ્ત્રના ટ્યૂટર	સિં. અધ્યા./૮/૨૭૮૫૭ તા. ૧૫-૬-૧૯૬૮
૧૫.	શ્રી. પી. એસ. પટેલ	ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	,,
૧૬.	શ્રી. એમ. ડી. જોશી	બાયોલોજીના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર	,,
૧૭.	શ્રી. એ. એ. શેખ	ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા	,,
૧૮.	શ્રી. જે. આર. શાહ	ભૌતિકવિજ્ઞાનના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર	,,
૧૯.	શ્રી. કે. પી. સિંહ	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૩૪૭૫ તા. ૨-૭-૧૯૬૮

(નોંધ.— શ્રી. જે. આર. શાહને માસિક વેતન રૂા. ૧૦૦ આપવાની શરતે)

બી. ડી. કૉલેજ, અમદાવાદ

૨૦.	શ્રી. એસ. સી. શાહ	ઇતિહાસના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૦૬૭૦ તા. ૧૦-૬-૧૯૬૮

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા

૨૧.	શ્રી. બી. એમ. પટેલ	એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક	સિં. અધ્યા./૮/૩૦૭૦ તા. ૧૬-૫-૧૯૬૮

ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨૨.	શ્રી. એમ. જી. મનસૂરી	વાણિજ્યના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૩૦૭૧ તા. ૧૬-૫-૧૯૬૮

કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

૨૩.	શ્રી. આર. એસ. પટેલ	એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૩૦૭૨ તા. ૧૬-૫-૧૯૬૮

નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ

૨૪.	શ્રી. એસ. પી. શાહ	વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૩૦૭૩ તા. ૧૬-૫-૧૯૬૮

ભવન્સ કૉલેજ, ડાકોર

૨૫.	શ્રી. એમ. એમ. પટેલ	રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૨૪૦ તા. ૨૭-૪-૧૯૬૮

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ

૨૬.	શ્રી. એચ. ટી. ઠક્કર	ગુજરાતીના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૦૬૭૨ તા. ૧૦-૬-૧૯૬૮

પેટલાદ કૉલેજ, પેટલાદ

૨૭. શ્રી. પી. એસ. પટેલ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૦૯૭૧ તા. ૧૦-૬-૧૯૬૮

નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર

૨૮. શ્રી. એ. એમ. દિવેટિયા	ગુજરાતીના ખંડ સમયના ટ્યૂટર	સિં. અધ્યા./૮/૨૦૭૫૬ તા. ૭-૬-૧૯૬૮

સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

૨૯. શ્રી. જે. ડી. ઓઝા	જીવશાસ્ત્રના પ્રાધ્યાપક	સિં. અધ્યા./૮/૩૦૬૫૮ તા. ૪-૭-૧૯૬૮

કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ

૩૦. શ્રી. આર. એન. દવે	ગુજરાતીના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૩૪૭૭ તા. ૨-૭-૧૯૬૮

કુલપતિશ્રીએ અમાન્ય કરેલ શિક્ષક

એમ. એન. કૉલેજ, વીસનગર

શ્રી. બી. વી. મહેતા	(અનુસ્નાતકની પદવી રાજ્યશાસ્ત્ર સાથે ધરાવતા નહિ હોવાથી.)	સિં. અધ્યા./૮/૬૬૧૭૨ તા. ૨૫-૩-૧૯૬૮

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

G.U.P. 845-375-6-58

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઓગસ્ટ મ સની સભા શનિવાર, તા. ૧૦-૮-૧૯૫૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૧-૮-૧૯૫૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦-૮-૧૯૫૮	તા. ૧૧-૮-૧૯૫૮
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. કે. જી. બાદલ ણી, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	હાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર	હાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

સભાગૃહનું બાકી પ્રમાણે કામકાજ હાથ ધરતાં પહેલાં આ યુનિવર્સિટીના આદ્ય કુલપતિ અને યુનિવર્સિટી સિન્ડિકેટના પ્રથમ અધ્યક્ષ શ્રી. હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાના અવસાન અંગે પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો :

"ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની આ સભા તેના આદ્ય કુલપતિ અને યુનિવર્સિટી સિન્ડિકેટના પ્રથમ અધ્યક્ષ શ્રી. હરસિદ્ધભાઈ દિવેટિયાના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને આ યુનિવર્સિટીના પ્રારંભકાળે આઠ વર્ષ સુધી તેનું સુકાન સંભાળીને રાષ્ટ્રીય હિતના વિશાળ સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ઉમદા પ્રણાલિકાઓ પાડીને તથા શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિઓને પોષક વાતાવરણ સર્જીને આ યુનિવર્સિટીનો સંગીન વિકાસ સાધવામાં તેઓશ્રીએ પોતાની ઊંડી વિદ્વત્તા, વિશાળ અનુભવ, ઉચ્ચ ન્યાયબુદ્ધિ અને આર્ષ દૂર દેરીની ઉત્તમોત્તમ શક્તિઓ ખર્ચી છે. શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રમાં તેમણે કરેલી ગુજરાતની અવિસ્મરણીય સેવાઓને આ સભા કૃતજ્ઞભાવે અંજલિ આપે છે.

સદ્‌ગતનાં કુટુંબીજનો પર આવી પડેલી આ વિપત્તિમાં આ સભા ઊંડી સહાનુભૂતિ પ્રગટ કરે છે, અને તે સહન કરવા માટે તેમને પરમાત્મા બળ આપે એમ પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહના સભ્યોએ ઊભા થઈને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યો.

તે પછી બાકી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૬-૭-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૬-૭-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-એ. તે પછી સભાગૃહની સંમતિથી તાજેતરમાં દક્ષિણ ગુજરાતમાં આવેલા ભારે પૂરને કારણે થયેલી તારાજી અંગે પ્રમુખસ્થાનેથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો :

"દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં તાજેતરમાં આવેલા ભારે પૂરના કારણે ભારે તારાજી સર્જાઈ છે અને જાનમાલની ભારે ખુવારી થઈ છે તે પ્રત્યે સિન્ડિકેટની આ સભા તે પ્રદેશનાં આપણાં ભાઈબહેનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે અને તેમની રાહત માટે રાજ્ય સરકાર તરફથી ભરાયેલાં રાહતનાં પગલાંને આવકારે છે, અને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, સંસ્થાઓ અને અનુસ્નાતક ભવનોના શિક્ષકો અને વિદ્યાર્થીઓને તન, મન અને ધનથી રાહતનાં કાર્યોમાં મદદ કરવા અનુરોધ કરે છે.

વધુમાં, ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રીના રાહત ભંડોળ (Chief Minister's Relief Fund)માં આ યુનિવર્સિટી તરફથી કૂલ નહિ તો કૂલની પાંખડીરૂપે યુનિવર્સિટી તરફથી રૂા. ૧,૦૦૧/-નો ફાળો આપવાનું ઠરાવે છે તથા સિન્ડિકેટના સભ્યોને તથા યુનિવર્સિટીના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને છૂટે હાથે તે ભંડોળમાં ફાળો આપવા માટે વિનંતી કરે છે."

ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

૨. ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાધ્યિકો/પરીક્ષકો અંગે જુદી જુદી વિદ્યાશાખાની જે તે પરીક્ષાસમિતિઓએ પ્રાધ્યિકો/પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો અને તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણો અંગે વિચારણા કરી પ્રાધ્યિકો/પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર-નવેંબર ૧૯૬૮માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાધ્યિકો/પરીક્ષકોની નિમણૂક માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણો, જેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૯-૧૯૬૮ની સભાએ નોંધ લીધી હતી તે, એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ મોકલી આપેલાં વ્યક્તિગત સૂચનો અને સિન્ડિકેટની આ સભામાં થયેલી ચર્ચા-વિચારણાને અનુલક્ષીને કરવામાં આવેલા ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી.

(મંજૂર કરવામાં આવેલી નિમણૂકોની યાદી સામેલ કરવામાં આવી નથી.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૯ અને બાબત નં. ૧૨૦ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિકો/પરીક્ષકો અને નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના અને વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ તા. ૮-૭-૧૯૬૮ અને તા. ૨૨-૭-૧૯૬૮ની પરીક્ષા શુદ્ધિ સમિતિઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૨૦. માર્ચ-એપ્રિલ, ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન ગેરવાજબી ઇલાજો અજમાવનાર વિદ્યાર્થીઓના કેસો પર, પ્રાધ્યિકો, પરીક્ષકો અને નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા નીચેની તારીખોએ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) તા. ૮-૭-૧૯૬૮
(૨) તા. ૨૨-૭-૧૯૬૮
(૩) તા. ૨૯/૩૦-૭-૧૯૬૮
(૪) તા. ૨-૮-૧૯૬૮
(૫) તા. ૭-૮-૧૯૬૮
(૬) તા. ૯-૮-૧૯૬૯, અને
(૭) તા. ૧૦-૮-૧૯૬૮

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૮-૭-૧૯૬૮, તા. ૨૨-૭-૧૯૬૮, તા. ૨૯/૩૦-૭-૧૯૬૮, તા. ૨-૮-૧૯૬૮, તા. ૭-૮-૧૯૬૮, તા. ૯-૮-૧૯૬૮ અને તા. ૧૦-૮-૧૯૬૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

(૨) આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ અને કડી કેન્દ્રમાં માર્ચ-એપ્રિલ ૧૯૬૮ની પરીક્ષામાં નીચેની વ્યક્તિઓ કે જેમણે જુનિયર સુપરવાઇઝરો તરીકે કામ કર્યું હતું તેમને આ ઠરાવની તારીખથી બે વર્ષ માટે આ યુનિવર્સિટીની પરીક્ષાનું કોઈ પણ કામ સોંપવું નહિ તથા તેમને માર્ચ-એપ્રિલ ૧૯૬૮ની પરીક્ષામાં જુનિયર સુપરવાઇઝરો તરીકે કામ કર્યું તે માટે કશું મહેનતાણું આપવું નહિ.

૧. શ્રી. બી. એમ. કડિયા
૨. શ્રી. એચ. એ. પઠાણ
૩. શ્રી. એ. એમ. ભાવસાર.

(૩) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે બોરસદ અને કડીમાં એક વર્ષ માટે આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષાનું કેન્દ્ર રાખવું નહિ.

તે પછી બાબત નં. ૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩. સને ૧૯૬૯ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની "પરીક્ષાસમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાઓ અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯ની સાલમાં લેવાનારી આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગે ભલામણ કરવા માટેની જુદી જુદી પરીક્ષાસમિતિઓ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ નીચે પ્રમાણે નીમવા :

વિનયન વિદ્યાશાખા	...	આચાર્ય સી. એલ. શાસ્ત્રી
		શ્રી. મણિશંકર પી. પંડ્યા
વિજ્ઞાન વિદ્યાશાખા	...	ડૉ. ય. ગુ. નાયક
		ડૉ. એ. એમ. ત્રિવેદી
વાણિજ્ય વિદ્યાશાખા	...	આચાર્ય એમ. સી. દેસાઈ
		શ્રી. મણિશંકર પી. પંડ્યા
કાયદા વિદ્યાશાખા	...	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ
		આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે
ઇજનેરી વિદ્યાશાખા	...	ડૉ. ય. ગુ. નાયક
		શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
તબીબી વિદ્યાશાખા	...	ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી
		ડૉ. જયંત બી. હરિભક્તિ
આયુર્વેદ વિદ્યાશાખા	...	ડૉ. જયંત બી. હરિભક્તિ
		આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

૪. સંલગ્ન કૉલેજોમાં ગ્રંથપાલોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતનો નિયમ સુધારવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Every college shall have at least one librarian, holding (*i*) a Bachelor's degree in Library Science of this University or a degree

or Diploma of any other University recognised as equivalent thereto; or (*ii*) a person whose age is 45 or above and who has worked at least for a period of 15 years as a librarian in a college library.

Provided that a person already appointed as a librarian in any of the affiliated colleges before 15th June 1968, who does not hold the qualifications mentioned above shall be permitted to continue to work as a librarian in that college for not more than three years on condition that he shall acquire a Bachelor's degree in Library Science of this University or of any other University or a Diploma in Library Science recognised as equivalent thereto or a certificate course that may be specially devised for them by the University before the expiry of that period.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં ગ્રંથપાલની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગે ઉપરનો નિયમ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫. સંલગ્ન કૉલેજોમાં નિમાતા ગ્રંથપાલનું પગારધોરણ નક્કી કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં નિમાતા જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ (qualified librarian)નું પગારધોરણ નીચે પ્રમાણે રાખવું :

રૂા. ૧૫૦-૧૦-૨૫૦ ઈ.બી. ૧૦-૩૦૦

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે જો કોઈ કૉલેજ કે માન્ય સંસ્થામાં આ પહેલાં ગ્રંથપાલ તરીકે નિમાયેલ વ્યક્તિ ઉપર (૧)માં જણાવેલી નિયત કરેલી લાયકાત ધરાવતી ન હોય તો તેનું પગારધોરણ રૂા. ૧૨૦-૧૦-૨૫૦નું રાખવું અને તેવા ગ્રંથપાલોને, સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં બાબત નં. ૫૬થી ઠરાવ્યા પ્રમાણે ત્રણ વર્ષમાં જરૂરી લાયકાત મેળવી લેવા માટે સૂચના આપવા માટે જે તે કૉલેજો અને સંસ્થાઓને જણાવવું.

ઉપરના બેઉ ઠરાવોનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવો.

૬. યુનિવર્સિટીની કૉલેજોમાં ગ્રંથાલયમાં ગ્રંથપાલ તરીકે જે વ્યક્તિઓ કામ કરતી હોય, પણ જરૂરી લાયકાત ધરાવતી ન હોય તેમને માટે શનિવાર, રવિવાર કે વેકેશનના વર્ગો કાઢીને તેમને જરૂરી તાલીમ આપવા માટે વધારાનો વર્ગ કાઢવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં ગ્રંથપાલ તરીકે જે વ્યક્તિઓ હાલ કામ કરતી હોય પણ જરૂરી લાયકાત ધરાવતી ન હોય તેમને માટે દિવાળીની, નાતાલની અને ઉનાળાની રજાઓમાં ગ્રંથાલયશાસ્ત્રના ખાસ વર્ગો ચલાવવાનું રાખવું અને તે માટેની યોજના તૈયાર કરીને રજૂ કરવા માટે યુનિવર્સિટીના ગ્રંથપાલને જણાવવું.

૭. યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યપદ પરની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Minimum qualifications for appointment to the post of a Principal in an affiliated college in any faculty

The Principal of an affiliated college shall hold at least the minimum qualifications necessary for recognition as a post-graduate teacher (full-fledged post-graduate teacher) in a subject (1) included in the faculty concerned as per provisions under St. 99 and (2) included in the syllabus for the final year of the degree course either as a compulsory or as an optional subject in the faculty :

Provided that in the faculties of Medicine and Technology including Engineering, a Principal of an affiliated college shall have at least 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as a Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering, as the case may be.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યપદ માટે નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેનો ઉપરનો નિયમ મંજૂર કરવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો.

(નોંધ.—સદરહુ નિયમ આ પહેલાં મંજૂર કરવામાં આવેલી કોઈ પણ નિમણૂકને અસર કરશે નહિ.)

૮. વિનયન વિદ્યાશાખામાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલી શિક્ષણની કૉલેજો સિવાયની અન્ય કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેના નિયમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની આ યુનિવર્સિટી સાથે જોડાયેલી શિક્ષણની કૉલેજો સિવાયની અન્ય કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતના નિયમો એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાએ કરેલી ભલામણ મુજબ મંજૂર કરવી તથા તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.

(નોંધ.—સદરહુ નિયમો આ પહેલાં મંજૂર કરવામાં આવેલી કોઈ પણ નિમણૂકને અસર કરશે નહિ.)

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯. આ યુનિવર્સિટીમાં વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોમાં શિક્ષકોની લાયકાત અંગેના ઓછાનાં ઓછાં ધોરણો અંગેના નિયમો આ સાથે જોડયા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોમાં શિક્ષકોની લાયકાત અંગેનાં ઓછાંમાં ઓછાં ધોરણો અંગેના નિયમો એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાએ કરેલી ભલામણ મુજબ મંજૂર કરવા તથા તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.

(નોંધ.—સદરહુ નિયમો આ પહેલાં મંજૂર કરવામાં આવેલી કોઈ પણ નિમણૂકને અસર કરશે નહિ.)

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૦. સંલગ્ન કૉલેજોમાં ગણિતના શિક્ષણ અંગે નીચેની વ્યવસ્થા મંજૂર કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Mathematics at all levels will be taught by teachers holding the necessary qualifications prescribed in the rules in the subject of Mathematics and Statistics at all levels will be taught by teachers holding the necessary qualifications prescribed under the rules in the subject of Statistics.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સંલગ્ન કૉલેજોમાં ગણિત-શાસ્ત્રના શિક્ષણકાર્ય અંગેની ઉપરની વ્યવસ્થા મંજૂર કરવી તથા તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.

૧૧. સંલગ્ન કૉલેજોમાં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના શિક્ષણ અંગે નીચેની વ્યવસ્થા મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

A Lecturer with M.Sc. in Botany or Zoology will be permitted to teach Biology in Pre-University Science and F.Y.B.Sc. classes only, provided he has studied either Botany or Zoology at the Subsidiary level as an optional subject at the B.Sc. Degree Examination.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ મુજબ સંલગ્ન કૉલેજોમાં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના શિક્ષણકાર્ય અંગે ઉપરની વ્યવસ્થા મંજૂર કરવી તથા તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.

૧૨. વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ પર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભામાં કરેલ નીચેના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત:

"કૉલેજના જોડાણની શરતોમાં લાઇબ્રેરી પાછળ અમુક ખર્ચ કરવું એમ સૂચવવામાં આવે છે તેને બદલે દરેક વિષયનાં કયાં કયાં પુસ્તકો વસાવવાં જરૂરી છે તે માટે પુસ્તકોની યાદી તૈયાર કરીને તે પૈકી ઓછામાં ઓછાં ૫૦ ટકા જેટલાં પુસ્તકો વસાવવાં આવશ્યક ગણવા માટે કૉલેજોના જોડાણની શરતોમાં ઘટતી જોગવાઈ કરવી. આ ભલામણ બીજી વિદ્યાશાખાઓની કૉલેજના જોડાણ માટે પણ લાગુ પાડવી અને જે તે વિદ્યાશાખાની અભ્યાસસમિતિને તેવાં પુસ્તકોની યાદી તૈયાર કરવા માટે જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં લાઇબ્રેરી પાછળ દરેક વિષયનાં કયાં કયાં પુસ્તકો અને સામયિકો વસાવવાં જરૂરી છે તે માટે પુસ્તકોની અને સામયિકોની યાદી તૈયાર કરીને તે પૈકી ઓછામાં ઓછા ૫૦% જેટલાં પુસ્તકો/સામયિકો વસાવવાં આવશ્યક ગણવાનું રાખવું અને જે તે વિદ્યાશાખાની જુદી જુદી અભ્યાસસમિતિઓને તેવાં પુસ્તકો અને સામયિકોની યાદી તૈયાર કરવા જણાવવું.

૧૩. દેખભાળ સમિતિની નીચે જણાવેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભાના ઠરાવથી ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલેલ તે અંગે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભામાં સદરહુ સૂચન હાલને તબક્કે સ્વીકારવું નહિ એમ ભલામણ કરેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત:

"વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ ધોરણ પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ મુજબ સદરહુ સમિતિનું સૂચન હાલને તબક્કે સ્વીકારવું નહિ.

૧૪. ઑર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને જૂન, ૧૯૬૮થી અમલમાં આવેલો ગણવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
In the Faculty of Arts except in the colleges, in the subject of Education and in the Faculties of Science, Commerce Law & Agriculture	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January)	15th March

For Colleges in the subject of Education in the Faculty of Arts	1st June	15th October	10th November (inclusive of March holidays from 25th December to 1st January)	31st

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર પ્રમાણેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૬[illegible]ની સભાની ભલામણના સંદર્ભમાં તથા ઇજનેરી વિદ્યાશાખાની ભલામણના આધારે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૭૫ નીચે મુજબ વંચાણ તે રીતે સુધારવા અને તે પ્રમાણે સુધારેલ ઑર્ડિ. ૭૫ને તાત્કાલિક અમલમાં મૂકવા :

(*i*) The following is the arrangement of terms :

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
In the Faculty of Arts, except in the colleges in the subject of Education and in the Faculties of Science, Commerce, Law and Agriculture.	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January)	15th March
For colleges, in the subject of Education in the Faculty of Arts	1st June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January)	15th March
In the Faculty of Technology including Engineering except in the post-diploma Degree course	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January)	15th March
For post-diploma Degree course	15th November (inclusive of holidays from 25th December to 1st January)	15th April	15th May	30th September

In the Faculties of Medicine including Pharmacy and Ayurvedic Medicine	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January	15th April

(*ii*) In addition to the vacations mentioned in (*i*) above and a weekly holiday on Sunday, it shall be competent for the Principals of affiliated colleges, Heads of recognised institutions and Directors of University departments to declare for their institutions in any academic year (*i*) not more than 8 days as holidays on account of national or religious festivals, and (*ii*) not more than 3 days as holidays to be declared in their discretion in view of the needs and exigencies arising in their institutions. In no case any further holidays over and above these indicated in (*i*) and (*ii*) above shall be declared without converting the preceding or following Sunday or holidays into a working day.

૧૫. ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમમાં એમ.એલ.ડબલ્યુ. અને એમ.એસ.ડબલ્યુ.માં ઉત્તીર્ણ થયેલાને પ્રવેશ આપવા અંગેના સંબંધકર્તા લૉ ઑર્ડિ. ૮ નીચે મુજબ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Law O. 8 :

No candidate shall be admitted to the examination of the Diploma in Labour Laws & Practice unless he has passed M.L.W. Examination or LL.B. Degree Examination of this University or of any other University recognised as equivalent thereto or M.S.W. Examination and after passing the said examination has duly kept two terms. The candidate shall be required to keep two-thirds of the attendance of the total number of lectures.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પ્રમાણે ઉપરનો ઑર્ડિનન્સ લૉ ઑર્ડિ. ૮ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૬. તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર નીચે જણાવ્યા પ્રમાણેનો ઑ. ૨૬૮-બી ઉમેરવા તથા જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 293-B :

Candidates who have obtained diploma in the subject will be required to put in a further 12 months' training under a recognised post-graduate teacher in the branch concerned of the degree of Master of Surgery before appearing at the examination, provided further that those who are pursuing their studies without holding a diploma in the subject shall be required to put in total post-

graduate studies of three years as required under O. 295. Such candidates shall register afresh by paying fresh registration fees and tuition fees.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પ્રમાણે ઉપરનો ઑર્ડિ. ૨૯૮-ની મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૬૯ થી અમલમાં મૂકવો.

૧૭. એલએલ.એમ. જૂના અભ્યાસક્રમ મુજબની બે વધુ પરીક્ષાઓ લેવા અંગે વિદ્યાર્થીઓની તા. ૫-૭-૧૯૬૯ની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.એમ. ના જૂના અભ્યાસક્રમ મુજબની વધુ બે પરીક્ષાઓ માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં અને ઑકટોબર ૧૯૬૯માં લેવાનું રાખવું.

૧૮. એમ.એડ. પરીક્ષાના ડિઝર્ટેશનની પરીક્ષા માટે મહેનતાણાની રકમ હાલ રૂા. ૨૦ છે તે વધારીને રૂા. ૫૦ કરવા અંગે શિક્ષણની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ની પરીક્ષાના ડિઝર્ટેશનની પરીક્ષા માટે મહેનતાણાના હાલના દરમાં કશો ફેરફાર કરવો નહિ.

૧૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૦. સંલગ્ન કૉલેજોમાં ફી મુકરર કરવાની સત્તા યુનિવર્સિટીને આપવાની જોગવાઈ ગુજરાત યુનિવર્સિટી ધારામાં કરવા અંગે યુનિવર્સિટીના અભિપ્રાય આપવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજદૂર વિભાગના ઉપસચિવના તા. ૧૩-૬-૧૯૬૮ના પત્રાંક યુ.જી.એલ.-૧૦૬૮-ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ફી મુકરર કરવાની સત્તા યુનિવર્સિટીને આપવાની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટની આ સભા સંમત છે એમ અભિપ્રાય રાજ્ય સરકારને લખી જણાવવો.

૨૧. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય તરફથી મધ્યસ્થ સરકારના શારીરિક શિક્ષણ અને રિક્રિયેશનના સલાહકાર બોર્ડે શારીરિક શિક્ષણનું ધોરણ ઊંચું આવે તે માટે શારીરિક શિક્ષણના વિષયને ત્રિવાર્ષિક અભ્યાસક્રમમાં પસંદગીના (elective) વિષય તરીકે સ્થાન આપવા માટે કરવામાં આવેલ સૂચન પર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮નો નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. સિનિયર સર્ટિફિકેટ કોર્સના પ્રશ્નપત્ર ૧ માટે નીચેનો મુદ્દો તથા તે માટેનું ભલામણ કરેલ પુસ્તક અભ્યાસક્રમમાંથી રદ કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

A brief survey of the development of the English language.

Book recommended

F. T. Wood : 'History of the English Language'.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સિનિયર સર્ટિફિકેટ કોર્સના પ્રશ્નપત્ર ૧ માટે ઉપરનો મુદ્દો તથા તે માટે ભલામણ કરેલ ઉપરનું પુસ્તક અભ્યાસક્રમમાંથી રદ કરવાં.

૨૩. તબીબી કૉલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની વયમર્યાદા અંગે પુનર્વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં એકેડેમિક કાઉન્સિલને જણાવ્યું હતું, તેના સંદર્ભમાં સદરહુ વયમર્યાદા સદંતર રદ કરવાનું બની શકે તેમ નથી તેમ જણાવતા તથા તે વયમર્યાદા અંગેનો ઑ. ૨૫૩ (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તા. ૧૫મી જૂન, ૧૯૬૮થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 253 :

(1) shall have attained the age of 17 years or shall attain that age on the day of commencement of the second term in November of the year of their joining the college.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ ઑર્ડિ. ૨૫૩ (૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં આવેલો ગણવો.

૨૪. રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૬ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૬ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૬ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે)

૨૫. પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનનો ગણિત વિષયનો અભ્યાસક્રમ સુધારવા તેમ જ સુધારેલ રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨ તથા રેગ્યુ. પ્રી-સાયન્સ ૨ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૬. રેગ્યુ. એમ.એ. ૪(૨) અને રેગ્યુ. એમ.એ. ૬(૨) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા અનુક્રમે તેને જૂન, ૧૯૬૯ અને જૂન, ૧૯૭૦થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. M.A. 4(2) (*in force from June 1969*)

M.A., Part I—Hindi

Paper I : Modern Prose (Texts to be prescribed)
આધુનિક ગદ્ય

Paper II : Old and Mediaeval Poetry
પ્રાચીન તથા મધ્યકાલીન કાવ્ય

Paper III : A period of literature with special study of some specified author (કોઈ એક વિશેષ યુગના વિશિષ્ટ સાહિત્યકારનું અધ્યયન).

R. M.A. 7(2) (*in force from June 1970*)

M.A., Part II—Hindi

Paper IV : Modern Poetry (Texts to be prescribed)
આધુનિક કવિતા

Paper V : Principles of Philosophy with special reference to the origin, form and development of Hindi (ભાષાવિજ્ઞાન : ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ હિંદી ભાષાનો ઉદ્ભવ, સ્વરૂપ અને વિકાસ)

Paper VI : Essay, Criticism and History of Hindi literature (નિબંધ, સાહિત્યમીમાંસા અને હિંદી સાહિત્યનો ઇતિહાસ)

(*i*) Essay on Literary Topics .. 40 marks
(નિબંધ—સાહિત્યિક વિષયો ઉપર)

(*ii*) Modern trends on Literary Criticism .. 30 marks
(સાહિત્યસમીક્ષાના નવ્યતર પ્રવાહો)

(*iii*) History of Hindi Literature— Post-independence period .. 30 marks
(સ્વાતંત્ર્યોત્તર હિંદી સાહિત્યનો ઇતિહાસ).

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ.એમ.એ ૪ (૨) અને એમ એ. ૭ (૨) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને અનુક્રમે જૂન ૧૯૬૯ અને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

૨૬. યુનિવર્સિટીની સરકારી જામીનગીરીઓ જ્યારે જ્યારે રિન્યુ કરવાની થાય ત્યારે તે અંગે રિન્યુ કરવાની સત્તા આપવા અંગે સિન્ડિકેટે નીચે પ્રમાણે તેની તા. ૩૦/૩૧-૮-૧૯૫૭ની સભામાં ઠરાવ્યું છે:

"Resolved that the Registrar Shri K. C. Parikh be authorised to renew the above mentioned Government Promissory Notes."

ઉપરનો ઠરાવ સ્ટેટ બેન્કની સલાહ પ્રમાણે હવે નીચે પ્રમાણે સુધારવા બાબત:

"Resolved that Shri K. C. Parikh, Registrar, Gujarat University, is hereby authorised to sign the renewal receipts of Government securities, and get the Government securities renewed on behalf of Gujarat University."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સરકારી જામીનગીરીઓ જ્યારે જ્યારે રિન્યુ કરવાની થાય ત્યારે ત્યારે તે રિન્યુ કરવાની સત્તા આપવા અંગેનો સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૮-૧૯૫૭ની સભાનો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

Resolved that Shri K. C. Parikh, Registrar, Gujarat University, is hereby authorised to sign the renewal receipts of Government securities, and get the Government securities renewed on behalf of Gujarat University.

૨૯. યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું ટૂંકી મુદતમાં અથવા લાંબી મુદતમાં રોકાણ કરવા માટે સ્ટેટ બેન્ક ઑફ ઇન્ડિયાના તા. ૮-૭-૧૯૬૮ તથા યુનાઇટેડ બેન્ક ઑફ ઇન્ડિયા લિ.ના તા. ૩૦-૪-૧૯૬૮ તથા ધી યુનાઇટેડ કોમર્શિયલ બેંક લિ.ના તા. ૨-૫-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલમાં નીચે જણાવેલ બેંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું રોકાણ કરેલ છે:

૧. ધી બેંક ઑફ ઇન્ડિયા લિ.
૨. ધી બેંક ઑફ બરોડા લિ.
૩. ધી પંજાબ નેશનલ બેંક લિ.
૪. ધી સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લિ.
૫. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઑપરેટિવ બેંક લિ.
૬. ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બેંક લિ.
૭. સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા (પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટ પૂરતા.)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. ડે. રજિસ્ટ્રાર (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ) શ્રી. બી. એમ. પટેલનો અજમાયશી સમય તા. ૨૧-૯-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૨-૯-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ) શ્રી. બી. એમ. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. એમ. પટેલને સદરહુ જગ્યા પર તા. ૨૨-૯-૧૯૬૮થી કાયમ કરવા.

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એસ. વી. શાસ્ત્રી	મદદનીશ કુલસચિવ	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૨.	શ્રી. વી. વી. શાહ	ડેપ્યુટી એકાઉન્ટન્ટ	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૩.	શ્રી. કે. આર. ભેરી	કાર્યાલય નિયામક	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૪.	શ્રી. આર. ડી. ભગત	,,	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૫.	શ્રી. આર. સી. દેસાઈ	હેડક્લાર્ક	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૬.	શ્રી. વી. એન. પટેલ	,,	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૭.	શ્રી. આર. એચ. પારેખ	,,	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮
૮.	શ્રી. બી સી. પટેલ	,,	૨૧-૯-૧૯૬૮	૨૨-૯-૧૯૬૮.

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૩૧. ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં નીચે દર્શાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં અને તે તારીખથી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા અંગે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	પગારધોરણ	હાલ મળતો પગાર	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તારીખ
૧.	શ્રી. સી. એસ. જૈન	જુ. કંપોઝીટર	૫૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦	રૂ. ૮૦	૧૩-૫-૧૯૬૮
૨.	શ્રી. ડી. ડી. પટેલ	પ્રૂફરીડર	૧૩૦-૮-૧૭૦ ઈ.બી. ૧૦-૩૦૦	રૂ. ૧૭૦	૧-૭-૧૯૬૮
૩.	શ્રી. એસ. વી. ભાવસાર	જુ. કંપોઝીટર	૫૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦	રૂ. ૮૦	૯-૭-૧૯૬૮

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારના પગથિયા આગળનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે મંજૂરી આપવી.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. ગ્યાનસિંગ પ્રીતમસિંગ તા. ૧-૭-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-એ પ્રમાણે તેમની ગ્રેચ્યુઇટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ગ્યાનસિંગ પ્રીતમસિંગ કાર્યાલયમાં તા. ૧૯-૧૧-૧૯૫૬ના રોજ જોડાયા હતા અને તા. ૧-૭-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગ્યાનસિંગ પ્રીતમસિંગને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કારેગ થયેલા કોઈ પણ કર્મચારીને તેના સેવાકાળ દરમ્યાન યુનિવર્સિટીએ રહેઠાણ આપ્યું હોય તો તે રહેઠાણ ખાલી થયેથી જ ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવવી અને તેવા સભ્યને ગ્રેચ્યુઇટીની કરશી રકમ આપવાની થતી ન હોય તો તેના પ્રોવિડન્ટ ફંડનો યુનિવર્સિટીનો હાળો તે મકાન ખાલી કરે તે પછીથી આપવાનું રાખવું. વધુમાં તેની પાસે યુનિવર્સિટીનું જે કંઈ લરેણું નીકળતું હોય તે તેની ગ્રેચ્યુઇટી અને/અથવા યુનિવર્સિટીના પ્રોવિડન્ટ ફંડના હાળામાંથી કાપીને બાકીની રકમ ચૂકવવી.

૩૩. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. ગ્યાનસિંગ પ્રીતમસિંગ તા. ૧-૭-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેની તેમની તા. ૩-૭-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ગ્યાનસિંગ પ્રીતમસિંગ તા. ૧૯-૧૧-૧૯૫૬ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧-૭-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગ્યાનસિંગ પ્રીતમસિંગના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને ચૂકવી આપવી.

સભાગૃહની સંમતિથી શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીનો નીચેનો પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવામાં આવ્યો :

૩૩-એ. બહારની કોઈ પણ યુનિવર્સિટીમાંથી કોઈ વિદ્યાર્થી તેનું પરિણામ મોડું જણાયાને કારણે અગર તો તેના વાલીની બદલી થવાને કારણે એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે સમયસર અરજી કરી શકયો ન હોય તો તેવા વિદ્યાર્થીઓને માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની મુદત લંબાવવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે બહારની કોઈ પણ યુનિવર્સિટીમાંથી કોઈ વિદ્યાર્થી તેનું પરિણામ મોડું જણાયાને કારણે અગર તો તેના વાલીની બદલી થવાને કારણે એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે સમયસર અરજી કરી શકયો ન હોય તો તેવા વિદ્યાર્થીઓને માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની મુદત, પ્રત્યેક કેસના ગુણદોષ જોઈને, ૩૧મી જુલાઈ સુધી લંબાવી આપવી અને તે મુજબ ઑર્ડિ. ૭૧માં જરૂરી સુધારો કરીને ઘટતી જોગવાઈ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવનો લાભ ચાલુ વર્ષે ૧૪મી ઑગસ્ટ સુધી આપવાનું રાખવું.

૩૪. નીચેના કર્મચારીઓએ તેઓએ આપેલી હંગામી સેવાઓ દરમિયાન પ્રોવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	હંગામી જોડાયા તારીખ	કાયમ થયાની તારીખ
૧.	શ્રી. બી. કે. સોની	જુ. કલાર્ક	૨૦-૧૧-૧૯૫૫	૨૧-૫-૧૯૬૬
૨.	શ્રી. વી. ટી. સોલંકી	,,	૧૭-૧૨-૧૯૫૪	૨૧-૫-૧૯૬૬
૩.	કુ. એચ. વી. પરમાર	,,	૯-૧૧-૧૯૫૪	૨૧-૫-૧૯૬૬
૪.	શ્રીમતી ધ્વલાક્ષી ત્રિવેદી	,,	૧-૮-૧૯૬૧	૧-૩-૧૯૬૨
૫.	કુ. એન. પી. શાહ	,,	૪-૮-૧૯૬૦	૨૫-૨-૧૯૬૧
૬.	શ્રી. એસ. ડી. ક્રિશ્ચિયન	ટાઇપિસ્ટ	૨૭-૧૦-૧૯૫૫	૧૯-૧૧-૧૯૬૬
૭.	શ્રી. બી. એન. પટેલ	,,	૧૩-૧૧-૧૯૫૫	૧૯-૧૧-૧૯૬૬
૮.	શ્રી. વી. સી. દેસાઈ	જુ. કલાર્ક	૧-૯-૧૯૬૧	૧૧-૪-૧૯૬૨
૯.	શ્રી. એ. બી. દવે	સિ. કલાર્ક	૨૦-૫-૧૯૫૭	૧૨-૪-૧૯૫૮
૧૦.	શ્રી. એન. એસ. પરમાર	ટાઇપિસ્ટ	૧-૧૦-૧૯૬૩	૧૬-૬-૧૯૬૪
૧૧.	કુ. યોગિની દેસાઈ	જુ. કલાર્ક	૨૯-૮-૧૯૬૧	૭-૩-૧૯૬૨
૧૨.	શ્રીમતી એસ. એમ. શાહ	ટાઇપિસ્ટ	૧૮-૮-૧૯૬૧	૨૭-૪-૧૯૬૨
૧૩.	કુ. સલમા એફ. કારખાનાવાલા	જુ. કલાર્ક	૨૧-૯-૧૯૬૬	૧૧-૩-૧૯૬૮
૧૪.	શ્રી. બી. કે. વાળંદ	,,	૧૫-૫-૧૯૬૧	૨૯-૮-૧૯૬૧
૧૫.	શ્રી. પી. સી. શાહ	ટાઇપિસ્ટ	૫-૭-૧૯૫૭	૧૪-૪-૧૯૫૮
૧૬.	શ્રી. પી. પી. મહેતા	જુ. ઑપરેટર	૫-૫-૧૯૫૬	૨-૪-૧૯૫૭

૨૮. ૧૮૦(*b*) નીચે પ્રમાણે વંચાય છે :

(*b*) Any whole-time officer, teacher or other servants of the University temporarily appointed in the first instance and subsequently confirmed in the same appointment may, by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment, provided that there has been no break or interval between the termination of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપર જણાવેલા કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ હંગામી જગ્યા પર જોડાયાની તારીખથી પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવાનું રાખવું.

૩૫. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્યુનિકેબલ ડિસીઝ, નવી દિલ્હી તરફથી તા. ૪-૧૧-૧૯૬૮થી ૭૨ દિવસ માટે યોજાનાર "Training Course in Epidemiology for Medical Officers" અંગેના અભ્યાસક્રમની તાલીમ લેવા માટે આ યુનિવર્સિટી તરફથી કોઈને મોકલવા કે કેમ તે અંગે તેમના તા. ૨૫-૬-૧૯૬૮ના પત્રાંક ૧૨-૫-૬૮/પી.આર.ટી.ના અનુસંધાનમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.— શિક્ષણ ફી સિવાયનો તમામ ખર્ચ તાલીમાર્થે મોકલનાર સંસ્થાએ ભોગવવાનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમની તાલીમ લેવા માટે આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૬. Indian Standards Institutionનું ૧૬મું કન્વેન્શન ડિસેંબર, ૧૫થી ૨૧, ૧૯૬૮ના સમય દરમિયાન ભુવનેશ્વર મુકામે યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર સંસ્થાના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૮-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. કે. જે. ભટ્ટને મોકલવા.

૩૭. સેન્ટ્રલ ઇલેક્ટ્રોકેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, કરાઈકુડી-૩ના ઉપક્રમે ડિસેંબર ૨૬ના રોજ યોજાનાર ઇલેક્ટ્રોકેમિસ્ટના પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે આ સોસાયટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. આઈ. એમ. ભટ્ટને મોકલવા.

૩૮. The Institute of Historical Studiesનું છઠ્ઠું વાર્ષિક અધિવેશન જમ્મુ એન્ડ કાશ્મીર યુનિવર્સિટીના ઉપક્રમે શ્રીનગર ખાતે ડિસેં. ૭થી ૧૨, ૧૯૬૮ના સમય દરમિયાન

યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૯-૭-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ—પ્રતિનિધિ ફી રાખી નથી, પરંતુ રહેઠાણ અને ભોજન ખર્ચ પ્રતિનિધિએ ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૩૯. ઑસ્માનિયા યુનિવર્સિટીની સુવર્ણજયંતી પ્રસંગે સપ્ટેંબર તા. ૨થી ૪, ૧૯૬૮ના સમય દરમિયાન "જેનેટિક્સ" પર એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજનાર હોઈ તેમાં આ યુનિવર્સિટી તરફથી બેઠામાં બેઠા બે પ્રતિનિધિઓ મોકલવાની વિનંતી કરતા મજકૂર યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ જેનેટિક્સ તરફથી આવેલ તા. ૨૦-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રાષ્ટ્રીય પરિસંવાદમાં આ યુનિવર્સિટી તરફથી બે પ્રતિનિધિઓ મોકલવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૪૦. ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સનું બારમું વાર્ષિક અધિવેશન પટણા મુકામે ઑક્ટોબર, ૧૯૬૮ના પ્રથમ પખવાડિયામાં યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પરેશ મજમુદારને મોકલવા.

૪૧. The Bombay Medical Congressના ઉપક્રમે Hypertension and Renal Disease વિષય પર પરિસંવાદ નવેંબર ૩૦થી ડિસેંબર, ૧૯૬૮ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં ભાગ લેવા યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સંસ્થાના સંયુક્ત મંત્રીના તા. ૨૮-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અમુક પ્રતિનિધિઓ, જેવા કે જેમનાં સંશોધનપત્રો પસંદગી પામશે તેમને, મુસાફરી ભથ્થું આપવું સદરહુ સંસ્થા માટે શક્ય બનશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ મોકલવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૪૨. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની તા. ૨૨-૩-૧૯૬૮ના રોજ મળેલ માસિક સભાના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત વિશ્વવિદ્યાલય, જેના કુલપતિના સ્થાને સાક્ષર શ્રી. ઉમાશંકર જોશી બિરાજમાન છે, જેના કુલપતિપદને ગુજરાતી શબ્દકોશના પ્રણેતા અને ચુસ્ત ગાંધીવાદી શ્રી. મગનભાઈ દેસાઈએ ભૂતકાળમાં શોભાવ્યું છે. એના રોજિંદા વ્યવહારમાં આજે પણ અંગ્રેજી ભાષાને અનેક વખત સ્થાન

આપવામાં આવે છે તે દુઃખદ બીના છે. આ ઠરાવથી ઉત્તરપત્રો ઉપર અપાતી સૂચનાઓ, અભ્યાસક્રમ રજૂ કરતી માર્ગદર્શિકા, ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળ(સેનેટ)ના સભ્ય સાહેબોનાં નામ તથા અન્ય વ્યવહાર ગુજરાતીમાં જ થાય તેવી કાર્યવાહી કરવા ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીને વિનંતી કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને જણાવવું કે સિન્ડિકેટે તેમના સદરહુ ઠરાવની નોંધ લીધી છે અને આ યુનિવર્સિટીના કામકાજમાં ગુજરાતી ભાષાનો શક્ય તેટલો અમલ કરવા માટે તે હમેશાં પ્રવૃત્ત છે.

૪૩. ૧૯૬૮-૬૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન નીચે જણાવેલ કૉલેજો, સંસ્થા અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	કૉલેજ / સંસ્થાનું નામ	વિદ્યાશાખા
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	વિનયન
૨.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
૩.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
૪.	પેટલાદ કૉલેજ, પેટલાદ	વિજ્ઞાન
૫.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	વિજ્ઞાન
૬.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	તબીબી
૭.	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	વિજ્ઞાન
૮.	યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન, અમદાવાદ	વિનયન
૯.	યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ	વિનયન
૧૦.	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન, અમદાવાદ	વિનયન
૧૧.	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	વિજ્ઞાન.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮-૬૯ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચેની કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ માટે તેનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી તપાસસમિતિ રચવી :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	વિદ્યાશાખા	સભ્યનું નામ
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	વિનયન	આચાર્ય ય. પ્રા. શુક્લ આચાર્ય એચ. કે. ત્રિવેદી
૨.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન	આચાર્ય એન. બી. નાયક આચાર્ય એચ. સી. ત્રિવેદી
૩.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન	આચાર્ય આર. એમ. શુક્લ શ્રી. વી. એ. વ્યાસ
૪.	પેટલાદ કૉલેજ, પેટલાદ	વિજ્ઞાન	ડૉ. વાય. જી. નાયક ડૉ. કે. એ. ઠાકર

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	વિદ્યાશાખા	સભ્યનું નામ
૫.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	વિજ્ઞાન	આચાર્ય જે. જે. ત્રિવેદી આચાર્ય સી. એમ. પટેલ
૬.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	તબીબી	ડૉ. જે. બી. હરિભક્તિ ડૉ. મંગળદાસ મહેતા
૭.	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	વિજ્ઞાન	ડૉ. વાય. જી. નાયક ડૉ. એન. એસ. પંડ્યા
૮.	યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન, અમદાવાદ	વિનયન	આચાર્ય એ. આર. દેસાઈ પ્રો. એમ. એલ. દાંતવાલા
૯.	યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ	વિનયન	શ્રી. જી. સી. બેનરજી ડૉ. ભોગીલાલ સાંડેસરા
૧૦.	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન, અમદાવાદ	વિનયન	શ્રી. એલ. આર. દેસાઈ શ્રી. બી. કે. ભટ્ટ (હૈદરાબાદ)
૧૧.	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	વિજ્ઞાન	ડૉ. વાય. જી. નાયક ડૉ. આર. ડી. આડતિયા ડૉ. કે. એસ. નારગુન્ડ

૪૪. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં સુધારેલા નીચેના ઠરાવનો અમલ જૂન, ૧૯૬૮ને બદલે જૂન, ૧૯૬૯થી કરવા અંગે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

"અનુસ્નાતક નિયમ નં. ૨૬માં ભૂગોળના અભ્યાસક્રમ માટે સત્ર દીઠ ટ્યૂશન ફી રૂા. ૧૨૫ને બદલે રૂા. ૧૫૦ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૮ની સભાએ કરેલ ઉપરના ઠરાવનો અમલ ૧૫મી જૂન ૧૯૬૮થી ન કરતાં ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.

૪૫. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદને જૂન, ૧૯૬૮થી કાયદાની વધારાની વિદ્યાશાખાના જોડાણને મંજૂર રાખતા રાજ્ય સરકાર તરફથી આવેલ તા. ૫-૭-૧૯૬૮ના જાહેરનામા ક્રમાંક જીએચ.એસએચ. ૫૫૮/યુજીએસ. ૧૦૬૮-અ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કાયદાની વધારાની વિદ્યાશાખાના જોડાણ અંગે સેનેટે રાજ્ય સરકારને ભલામણ કરી ન હતી.)

અને

૪૬. શ્રી. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજનું જૂન, ૧૯૬૮થી બે વર્ષ માટે ચાલુ જોડાણ મંજૂર રાખતા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૧૫-૬-૧૯૬૮ના પત્રાંક યુ.જી.એફ. ૧૧૬૮-ખ-૨૪૧૫-ખની નોંધ લેવા બાબત.

બાબત નં. ૪૫ અને નં. ૪૬ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ધારાધોરણનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે સદરહુ કૉલેજોના આચાર્યોને તથા તે કૉલેજોનાં સંચાલક મંડળોના પ્રમુખશ્રીઓને જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના જોડાણની બાબતોમાં યુનિવર્સિટીને તથા રાજ્ય સરકારને માટે પરસ્પર મતભેદને અવકાશ ન રહે તે દૃષ્ટિએ હાલનાં ધારાધોરણોમાં જરૂરી ફેરફાર કરવાની વિચારણા કરવી ઘટે.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૦-૮-૧૯૬૮ના રોજ બંધ કરવામાં આવ્યું અને તા. ૧૧-૮-૧૯૬૮ના રોજ સવારે ૧૦-૧૫ કલાકે સભા ફરી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૪૭. કાયદાની વિદ્યાશાખાએ તેની તા. ૮-૬-૧૯૬૮ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે કાયદાના ત્રણ વર્ષના નવા અભ્યાસક્રમ માટે ચાલુ કૉલેજોને જોડાણની અરજી કરવા માટે જરૂરત હોવી જોઈએ નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(**નોંધ.**—એલએલ.બી.ની પદવી પરીક્ષા માટેનો અભ્યાસક્રમ બે ને બદલે ત્રણ વર્ષનો થયેલો હોઈ તેના સંદર્ભમાં તે વિદ્યાશાખાની કૉલેજોના શિક્ષકોના કાર્યભાર અંગેની માહિતી મંગાવીને કાર્યાલયે તે ચકાસી જોવાનું રાખવું.)

૪૮. યુનિવર્સિટી વિદ્યાભવનોમાં નીચેની જગ્યાઓ માટે ઑર્ડિ. ૬૬ પ્રમાણે સિન્ડિકેટ તરફથી દરેક જગ્યા માટે વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ
૨. પ્રોફેસર ઑફ સોશિયોલોજી
૩. પ્રોફેસર ઑફ ઝૂલોજી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની જગ્યાઓ પર પ્રોફેસરોની નિમણૂક માટે ઑર્ડિ. ૬૬ હેઠળ સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે જુદી જુદી વરણીસમિતિઓ ઉપર નીચે પ્રમાણે નિમણૂકો કરવી :

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	વરણીસમિતિઓ પર સિન્ડિકેટે નીમેલા પ્રતિનિધિઓનાં નામ
૧.	પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ	૨	ક્રમાનુવર્તી નીચેના ત્રણ સભ્યો ૧. પ્રો. એમ. વી. માથુર ૨. ડૉ. જે. જે. અંજારિયા ૩. ડૉ. આઈ. જી. પટેલ ૪. ડૉ. એ. કે. સેન.

૨. પ્રોફેસર ઑફ સોશિયોલોજી	૧	૧. પ્રો. એ. આર. દેસાઈ (મુંબઈ) ૨. ડૉ. ટી. બી. નાયક ૩. ત્રીજા સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.
૩. પ્રોફેસર ઑફ ઝૂઓલોજી	૧	ક્રમાનુવર્તી નીચેના ત્રણ સભ્યો : ૧. ડૉ. ડી. વી. બાલ ૨. ડૉ. એન. એન. મૂર્તિ ૩. ડૉ. કિશ્નસ્વામી (મદુરાઈ) ૪ શ્રી. જી. પી. શર્મા

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૨. સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૧૧-૧૯૬૫ની સભામાં બાબત નં. ૧૧૪થી પ્રોફેસર ઑફ ફિઝિકસની નિમણૂક અંગે નીચેની સમિતિ નીમવામાં આવી હતી તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

૧. શ્રી. આર. સી. મજમુદાર, દિલ્હી
૨. શ્રી. આર. એસ. કિશ્નિયન, બેંગલોર
૩. ડૉ. બી. ડી. નાગચૌધરી, કલકત્તા.

(નોંધ. — આ સભ્યો ત્રણ વર્ષ ઉપર રચેલી સમિતિના છે.)

સદરહુ બાબતના સંદર્ભમાં કાર્યાલયે સ્પષ્ટતા કરી કે ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસરની જગ્યા તા. ૯-૧૦-૧૯૫૮ના રોજ સ્થપાઈ ત્યારથી અનેક પ્રયત્નો કરવા છતાં પૂરી શકાઈ નથી અને તેથી તે જગ્યા માટે અગાઉ તા. ૨૦/૨૧-૧૧-૧૯૬૫ના રોજ નિમાયેલ વરણીસમિતિના સભ્યો સામાન્ય શિરસ્તા તરીકે ચાલુ રહે, પરંતુ આ બાબતનો ઘણા લાંબા સમયથી નિકાલ થયેલો ન હોઈ આ હકીકત સિન્ડિકેટના ધ્યાન પર લાવવામાં આવે છે.

તે પછી ચર્ચાવિચારણાને અંતે સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ્યું :

પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટે અગાઉ નીમેલા સભ્યોને બદલે નીચેના ત્રણ સભ્યોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. પ્રો. એન. આર. તાવડે
૨. ડૉ. એ. એસ. દિવેટિયા
૩. ડૉ. એ. આર. પટેલ
૪. ડૉ. વી. જી. ભીડે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર બાબત નં. ૪૮ તથા આ બાબતમાં જણાવેલ પ્રોફેસર ઑફ ઇકોનોમિકસ (બે જગ્યા), પ્રોફેસર ઑફ સોશિયોલોજી (એક જગ્યા), પ્રોફેસર ઑફ ઝૂઓલોજી (એક જગ્યા), પ્રોફેસર ઑફ ફિઝિકસ (એક જગ્યા) માટે આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી પાત્રતા ધરાવતી વ્યક્તિઓનાં નામ માટે સિન્ડિકેટના કોઈ પણ સભ્યને સૂચનો કરવાં હોય તો તે સૂચનો જરૂરી

વિગતો સાથે લખી જણાવવા માટે સિન્ડિકેટના સભ્યોને વિનંતી કરવી અને આ જગ્યાઓ માટે આવેલી અરજીઓ તથા સિન્ડિકેટના સભ્યો પાસેથી આવેલાં સૂચનોને અનુલક્ષીને ઉમેદવારોના પસંદગી કરવા માટે પોતાની ભલામણો રજૂ કરવા માટે જે તે જગ્યા માટેની વરણીસમિતિઓને જણાવવું.

૪૯. શ્રી. વી. પી. પંડ્યાના "સ્ટડીઝ ઑફ સિલિકેટ્સ" એ શીર્ષક નીચે રસાયણ-વિજ્ઞાન વિષય પરનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા ત્રણ રેફરીઓની વચ્ચે મતભેદ હોઈ ચોથા રેફરીની નિમણૂક કરવાનું વિચારવા બાબત :

(નોંધ.—ઑર્ડિ. ૩૨૧ મુજબ રેફરીઓ વચ્ચે મતભેદ પડે તો સિન્ડિકેટે ચોથા રેફરીની નિમણૂક કરવાની હોય છે. તા. ૫/૬-૮-૧૯૬૭ની સિન્ડિકેટે વખારના રેફરી તરીકે Dr. S. A. Greenberg, California (U.S.A.)ની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઑર્ડિ. ૩૨૧ હેઠળ ચોથા રેફરી તરીકે ડૉ. એસ. એ. ગ્રીનબર્ગ, કેલિફૉર્નિયા (યુ.એસ.એ.) ની નિમણૂક કરવી.

૫૦. અખિલ ભારત એસ. સ્થાનકવાસી શાસ્ત્રોદ્ધાર સમિતિ તરફથી પ્રસિદ્ધ થયેલ જૈન શાસ્ત્રોનો સંપૂર્ણ ગ્રંથસંગ્રહ સ્વીકારવા અંગેના શ્રી. એસ. બી. મહેતાના તા. ૨૬-૬-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રંથસંગ્રહનો સાભાર સ્વીકાર કરવો.

૫૧. શેઠ કલીચંદ વીરચંદ શ્રોફ અશક્તાશ્રમ હૉસ્પિટલ, સુરતના માનદ સેક્રેટરી તરફથી ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર હૉસ્પિટલને ફરજિયાત રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને માન્યતા આપવાની બાબતમાં જરૂરી તપાસ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. ઈ. એમ. બેસ્ટ, ડીન
૨. ડૉ. જે. બી. હરિભક્તિ.

૫૨. યુનિવર્સિટી ટાવરમાં આવેલ ડોમનો ઉપયોગ વધુ બે વર્ષ કરવા દેવા પરવાનગી આપવા અંગે ભારત સરકારના એટમિક એનર્જી ખાતાના તા. ૩૧-૫-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અગાઉ તા ૯/૧૦-૧૦-૧૯૬૫ની સભામાં સિન્ડિકેટે ડોમનો ભાગ બે વર્ષ સુધી વાપરવા માટે પરવાનગી આપેલી છે, જે નવેમ્બર ૧૯૬૮માં પૂરી થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ટાવરના ડોમનો વધુ બે વર્ષ માટે ઉપયોગ કરવા દેવા માટે ભારત સરકારના એટમિક એનર્જી ખાતાની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૫૩. ગાંધી શતાબ્દી નિમિત્તે યુનિવર્સિટીના ઉપક્રમે ગાંધીવિચાર ઉપરના પરિસંવાદ, જ્ઞાનસત્ર આદિ કાર્યક્રમોની યોજના વિચારવા બોર્ડ ઑફ એક્સ્ટ્રાઓર્ડિનરલ સ્ટડીઝે રચેલી

ગાંધી શતાબ્દી કાર્યક્રમ સમિતિની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેનાં સૂચનો ઉપર થતી વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગાંધી જન્મ શતાબ્દીની ઉજવણી અંગે સદરહુ બોર્ડે રજૂ કરેલી ભલામણો પૈકી નીચેની ભલામણ સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવા :

"ગાંધી તત્ત્વજ્ઞાનનો સારી રીતે અભ્યાસ થઈ શકે તે માટે 'ગાંધી શિક્ષાપીઠ' (Gandhi Chair) ની સ્થાપના કરી શકાય તે માટે યોગ્ય પ્રયાસ કરવો."

(નોંધ.—અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ સમિતિ તરફથી ગાંધી તત્ત્વજ્ઞાન અંગેનો એક ખાસ વિભાગ શરૂ કરવામાં આવેલો હોઈ આ યુનિવર્સિટીમાં પણ તેવો વિભાગ શરૂ કરવાનું અને 'ગાંધી ચેર' સ્થાપવાનું જરૂરી જણાતું નથી એમ સિન્ડિકેટે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.)

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે ગાંધી શતાબ્દીની ઉજવણી અંગે તેની તા. ૧૮-૬-૧૯૬૭ની સભામાં જે સમિતિ નીમી છે તે સમિતિને ગાંધી જન્મ શતાબ્દી કાર્યક્રમ સંચાલન સમિતિ તરીકે નીમવી અને આ સંચાલન સમિતિને સદરહુ કાર્યક્રમ અંગેના સંચાલન અંગેની જરૂરી કાર્યવાહક સત્તા આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યવાહક સંચાલન સમિતિ પર નીચે જણાવેલી વ્યક્તિઓને પણ સભ્યો તરીકે નીમવી :

૧. ડૉ. જે. બી. હરિભક્તિ
૨. ડૉ. વાસુદેવ ત્રિપાઠી.

(સદરહુ સમિતિનાં સૂચનોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૪. બૉ. ૭ પ્રમાણે બોર્ડ ઑફ રેપોર્ટ્સ ઉપર ચાર નિષ્ણાત સભ્યો અને ત્રણ વિભાગમાંથી વિભાગવાર એક એક આચાર્યશ્રી ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવા બાબત.

(નોંધ.—હાલ નિષ્ણાત સભ્યો તરીકે (૧) શ્રી. રતિલાલ કે. પટેલ, (૨) શ્રી. છગનભાઈ પી. પટેલ, (૩) શ્રી. ચીનુભાઈ પી. શાહ, (૪) શ્રી. જુગલકિશોર મિસ્ત્રી છે; અને વિભાગવાર નિયુક્ત થતા આચાર્યો, (૧) પ્રિ. હરિહર એમ. શુકલ (ઉત્તર-દક્ષિણ વિભાગ) (૨) પ્રિ ડૉ. વાય. જી. નાયક (અમદાવાદ વિભાગ છે અને તે સૌની મુદત તા. ૭-૮-૧૯૬૮ના રોજ પૂરી થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર તા. ૭-૮-૧૯૭૧ સુધીની ખાલી પડેલી જગ્યાઓ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

ઑર્ડિ. ૭ હેઠળ નિમાયેલા નિષ્ણાત સભ્યો :

૧. શ્રી. રતિલાલ કે. પટેલ
૨. શ્રી છગનભાઈ પી. પટેલ
૩. શ્રી. ચીનુભાઈ પી. શાહ
૪. શ્રી. જુગલકિશોર કે. મિસ્ત્રી.

ઓર્ડિ. ૭ હેઠળ વિભાગવાર નિયુક્ત થયેલા આચાર્યો :

૧. આચાર્ય ધીરુભાઈ ઠાકર
૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી
૩. ડૉ. વી. એ. વ્યાસ.

૫૫. (૧) ઓ. ૫૬-અ કલમ ૧(૬) પ્રમાણે યુનિવર્સિટી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિમાં સિન્ડિકેટ-નિયુક્ત બે સભ્યો આચાર્ય શ્રી. ધીરુભાઈ ઠાકર અને પ્રો. બી. જે. ત્રિવેદીની ખાલી પડેલી જગ્યાઓ પૂરવા બાબત.

(૨) ઓ. ૫૭-અની કલમ ૧(૫) પ્રમાણે સેનેટના અને સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડના સભ્ય હોય તેવા એક સિન્ડિકેટ-નિયુક્ત સભ્ય ડૉ. નરેન્દ્ર એચ. ફેરાણીની ખાલી પડેલ જગ્યા પૂરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યુવક કલ્યાણ સમિતિ પર તા. ૧૫-૬-૧૯૭૧ની મુદત સુધી ખાલી પડેલી જગ્યાઓ પર નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય હરિહર શુકલ
૨. પ્રો. મણિશંકર પંડ્યા
૩. ડૉ. ઈ. એમ. બેસ્ટ (સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડ).

૫૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) થર્ડ બી એ. પરીક્ષાના ગણિતશાસ્ત્ર વિષયના ગુણાંક અંગેનો સુધારો એક્સ્ટર્નલ પરીક્ષાને પણ સ્પર્શતો હોઈ રેગ્યુલેશન એકસ્ટર્નલ આર્ટ્સ ૧૧ નીચે પ્રમાણે પંચાયત તે રીતે સુધાર્યાના તથા તેને તારકાલિક અમલમાં મૂકચાના :

R. Ext. Arts-11

No.	*Subject*	*Papers*	*Marks*	*Duration of Examination*
12	Mathematics	six		
	Paper VI A (Theory)		75	2 hours
	Papers VII, VIII, IX & X		120 each	3 hours each
	Paper VI B (Practical)		45	3 hours;

(૨) "શ્રી. રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક" અંગેના નિયમો સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ઠરાવ નં. ૨૧થી મંજૂર કરેલ નિયમોમાં અનુસ્નાતક નિયમ નં. ૧માં "અંદાજે રૂા. ૨૫૦નો" એમ શબ્દો ઉમેર્યાના;

(૩) ઓક્ટોબર ૧૯૬૮માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો મંજૂર રાખ્યાના;

(૪) સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને જૂન ૧૯૬૮થી આપવાના જોડાણ માટે મૂકેલ શરતોનું પાલન થયું છે કે નહિ તે ચકાસવા માટે આચાર્ય જે. બી. સાણ્ડિલ્યને મોટરમાર્ગે તપાસ કરવા જવાની પરવાનગી આપ્યાના;

(૫) વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિભાગમાં એમ.એસસી., પાર્ટ ૧ની ચાલુ સાલે વધુ બેઠકો લીધી હોવાથી એક વર્ષ માટે હંગામી ધોરણે એક સ્ટોર-કીપર, ત્રણ લેબોરેટરી આસિસ્ટન્ટ તથા ત્રણ પટાવાળાની જગ્યાઓ તથા તે અંગે લેબોરેટરી ખર્ચના રૂા. ૨૫,૦૦૦ અને પ્રોજેક્ટકલ લેવાના દેખરેખ અંગેના રૂા. ૬,૨૦૦ના ખર્ચ માટેની વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીની તા. ૧૩-૭-૧૯૬૪ની ભલામણ મંજૂર કર્યાના;

(૬) જૂન ૧૯૬૮થી શરૂ થતા તૃતીય વર્ષ બી.એ.ના મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાંથી "Advanced General Psychology"નું ફરજિયાત પ્રશ્નપત્ર ૮ રદ કરવામાં આવ્યું છે તેના સ્થાને વૈકલ્પિક પ્રશ્નપત્ર ૧૦માં જે એક પ્રશ્નપત્ર લેવાની જોગવાઈ છે તેને બદલે બે વૈકલ્પિક પ્રશ્નપત્રો (એક પ્રશ્નપત્ર ૮ના બદલામાં અને બીજું પ્રશ્નપત્ર ૧૦ મુજબ) લેવાનાં રહે છે. આ વ્યવસ્થા એક વર્ષ પૂરતી જ એટલે કે માર્ચ-એપ્રિલ, ૧૯૬૯ની પરીક્ષા માટે રાખ્યાના;

(૭) રેગ્યુ. એમ.એ. ૮નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે અને તે જૂન, ૧૯૬૮થી અમલમાં મૂકવાના :

R. M.A. 8 (M.A., Part II Psychology) :

Under R. M.A. 8, M.A., Part II, Area 2 Clinical Psychology, Item No. 4 be replaced by the following :

"Dissertation in the area of Clinical Psychology" -

The practicum requirements of Paper V (Advanced Abnormal Psychology), Paper VI (Clinical Psychology) and Paper X (Psychological testing) be amended as follows :

(*i*) **Paper V—(Advanced Abnormal Psychology) Practicum :**

(1) Visit to a Mental Hospital to study its working and administration.

(2) Diagnostic study of two cases in terms of their symptoms, past history and prognosis and writing the report thereof.

(3) Observation and reporting of the procedures of current therapies and their administration.

(*ii*) **Paper VI—(Clinical Psychology) Practicum :**

(1) Providing experiences in administration, scoring and writing of specially selected clinically useful tests.

(2) Orientation to the clinical work by clinical team and attending clinical conferences and submitting a report thereto.

(iii) **Paper X — (Psychological Testing) Practicum :**

(1) Administration, scoring and reporting of an individual test of intelligence.

(2) Administration, scoring and reporting of a group test of intelligence.

(3) Administration, scoring and reporting of a special aptitude test.

(4) Administration, scoring and reporting of an interest inventory.

(૮) પ્રી-યુનિ. વિનયનથી થર્ડ બી.એ. સુધીના અભ્યાસક્રમની પુસ્તિકાના પાના નં. એ-૧૬૮ ઉપર આપવામાં આવેલ અર્થશાસ્ત્ર વિષયના વૈકલ્પિક પ્રશ્નપત્ર ૧૦માં આવતા (૪) 'History of Economic Thought'ના અભ્યાસક્રમની શરૂઆતમાં 'Any one of the following' છપાયેલ છે તે છાપભૂલ હોઈ તે રદ કર્યાના;

(૯) Post-basic Bachelor of Science Degree (Nursing) અભ્યાસક્રમ અંગેના ઑર્ડિ. ૧ તથા રેગ્યુ. ૧, ૨, ૩ અને ૪ મંજૂર કર્યાના;

(સદરહુ ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

(૧૦) બી.એસસી. નર્સિંગના શિક્ષકોનાં લઘુતમ શૈક્ષણિક લાયકાતનાં ધોરણો માન્ય કર્યાના.

(સદરહુ લાયકાતનાં ધોરણોની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમોના અમુક મુદ્દાઓ અંગે પુનર્વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા.૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૦-૭-૧૯૬૮ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. ભારત સરકારના **યુજીસી** ખાતેના **અણુશક્તિ** વિભાગ તરફથી **ગુજરાત** રાજ્યની ત્રણ યુનિવર્સિટીઓ એટલે કે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે ૧૯૬૮-૬૯ના વર્ષ માટે નીચે પ્રમાણે શિષ્યવૃત્તિઓ ફાળવવામાં આવેલી હોવાથી તે શિષ્યવૃત્તિઓ એનાયત કરવા માટે વરણીસમિતિઓ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવાનું વિચારવા બાબત.

૧. ભૌતિકવિજ્ઞાન	...	૬
૨. રસાયણવિજ્ઞાન	...	૬
૩. કીટાણુવિજ્ઞાન	...	૨
૪. પ્રાણીવિજ્ઞાન	...	૧
	કુલ ...	૧૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. એ. એમ. ત્રિવેદી (રસાયણવિજ્ઞાનની શિષ્યવૃત્તિઓ માટે)

૨. ડૉ. વાય. જી. નાયક (ભૌતિકવિજ્ઞાનની શિષ્યવૃત્તિઓ માટે)

૩. આચાર્ય સી. સી. શાહ (કીટાણુવિજ્ઞાનની શિષ્યવૃત્તિઓ માટે)

૪. ડૉ. એમ. એસ. દુબળે (પ્રાણીવિજ્ઞાનની શિષ્યવૃત્તિઓ માટે).

૫૯. ડૉ. રાજેન્દ્રકુમાર તા. ૨૯-૬-૧૯૬૮થી રીડર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા પરથી રાજીનામું આપી છૂટા થયેલા છે. તેઓ હવે તેમનું રાજીનામું પાછું ખેંચી સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-ઇકોનોમિક્સની મૂળ જગ્યા ઉપર પાછા આવવા ઇચ્છતા હોઈ તે અંગેની તેમની તા. ૨૫-૭-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે પ્રમુખશ્રીએ સભાગૃહને જાણ કરી કે ડૉ. રાજેન્દ્રકુમારે તારથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૬૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી અને લેક્ચરર-ઇન-ઝૂલોજીની જગ્યા માટે યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ મેડિકલ ઑફિસર અને મનોવિજ્ઞાન ભવનમાં લેક્ચરર-ઇન-એજ્યુકેશનની જગ્યા માટે તા. ૯-૮-૧૯૬૮ના રોજ મળનાર વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ વરણીસમિતિઓની ભલામણો પર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા પૂરવાની બાબતમાં સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી અને તે ભલામણને અનુલક્ષીને સદરહુ જગ્યા માટેનું લાયકાતનું ધોરણ તથા પગારનું ધોરણ સુધારવા માટે પોતાની ભલામણો રજૂ કરવા જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર-ઇન-ઝૂલોજીની ત્રણ જગ્યાઓ માટે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી તથા નીચેના ઉમેદવારોને રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઇ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં [illegible]ના ગ્રેડેશન પર નીમવા અને તે પ્રત્યેક ઉમેદવારની મૂળ માસિક પગાર રૂા. ૪૦૦/-થી શરૂઆત કરવી :

૧. કુ. એન. જે. ચિનોય

શ્રી. યુ. એમ. રાવળ

આર. કે. મલહોત્રા.

(૩) (ક) લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રીની હાલ ખાલી પડેલી એક જગ્યા પર ડૉ. જે. ડી. તલાટીને રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૯૦/-થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિએ લેક્ચરર ઇન-કેમિસ્ટ્રીની જગ્યા માટે જે પેનલની ભલામણ કરી છે તે પેનલને સિન્ડિકેટની આ સભા સ્વીકારે છે અને ઉપર (ક) મુજબ ડૉ. તલાટીની નિમણૂક કરતી વખતે ઠરાવે છે કે લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રીની નવી જગ્યાઓ ઊભી થતાં કે લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રીની જગ્યા અન્યથા ખાલી પડતાં પસંદગીની આ પેનલ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં લેક્ચરર-ઇન-એજ્યુકેશનની જગ્યા અંગે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ વરણીસમિતિઓની ભલામણોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૧. એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. ભરતકુમાર કાન્તિલાલ દરજીનું માર્ચ-એપ્રિલ, ૧૯૬૬માં લેવાયેલ સેકન્ડ બી.એ.નું બેઠક નં. ૩૯૬૬નું પરિણામ ઓ. ૧૨૭ હેઠળ અનામત રાખવાને બદલે જાહેર થવાથી સદરહુ વિદ્યાર્થીએ ૧૯૬૬-૬૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન થર્ડ બી.એ.નાં બે સત્ર ભર્યાં હતાં. ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પસાર કરેલ ન હોવાથી તેને થર્ડ બી.એ.ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપી ન હતી. ચાલુ વર્ષે તેણે ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પસાર કરેલ હોવાથી સને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમ્યાન ભરેલ બે સત્રો માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ભરતકુમાર કાંતિલાલ દરજીના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે તેમણે ભરેલાં થર્ડ બી.એ.નાં સત્રો મંજૂર કરવાં.

૬૨. ઑર્ડિ. ૯૭ નીચે બતાવ્યા પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 97 :

"Every college and recognised institution shall report to the Syndicate all changes in its teaching staff (in the case of Medical colleges, they shall also report the changes in the staff of the Hospital where the students of these colleges are required to do their clinical work) within fifteen days from the date of such change. Those appointments which are not reported within this period shall not be approved for the said academic term."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૯૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 97 :

"Every college and recognised institution shall report to the Syndicate all changes in its teaching staff (in the case of Medical

colleges, they shall also report the changes in the staff of the Hospital where the students of these colleges are required to do their clinical work) within fifteen days from the date on which he has joined, or relieved, as the case may be. Those appointments which are not reported within this period shall not be approved for the said academic term."

૬૩. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં જાન્યુઆરી ૧૯૬૮થી શિક્ષકોને નિયમિત પગાર ની ચુકવણી ન થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનો આર્થિક સ્થિતિ તપાસીને પોતાનો રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. વાય. જી. નાયક
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૩. આચાર્ય એમ. સી. દેસાઈ.

૬૪. પ્રત્યેક સંલગ્ન કૉલેજ પાસેથી તા. ૩૧મી જુલાઈ સુધીમાં આવવી જોઈતી ઍોડિ. ૬૬ પ્રમાણેની માહિતી કેટલીક કૉલેજો પાસેથી સમયમર્યાદામાં આવી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. તા. ૧૮-૭-૧૯૬૮ના રોજ મળેલ દેખભાળ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. સને ૧૯૬૭-૬૮થી શરૂ થતા ત્રણ વર્ષના સમય માટે આવર્તક બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ કામચલાઉ ધોરણે આ યુનિવર્સિટી માટે રૂા. ૪,૬૬,૦૩૦ તથા સ્ટાફ વર્ગોના પગારવધારા અંગેના ખર્ચ માટે અગાઉના વર્ષની ગ્રાન્ટના ૩૬ ટકા પ્રમાણેના પ્રતિવર્ષ વધારા સાથે ઉપરાંત ત્રીજી પંચવર્ષીય યોજના અંગેના સ્ટાફનું પૂરેપૂરું ખર્ચ અને તા. ૧-૩-૧૯૬૭ પછી મોંઘવારી ભથ્થામાં થયેલા વધારાના ખર્ચના ૮૦ ટકા ગુજરાત રાજય સરકારે તેમના તા. ૧૯-૭-૧૯૬૮ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૭-બ તથા તા. ૨૪-૬-૧૯૬૮ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૭-ખથી મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. કે. યાજ્ઞિકને રૂા. ૧૩૦-૮-૧૬૦ ઈ.બી. ૧૨-૨૬૦-૧૫-૩૫૦ના પગારધોરણમાં રૂા. ૧૬૦ પગાર મળતો હોવાથી તા. ૩૧-૮-૧૯૬૮થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આર. કે. યાજ્ઞિકની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. કે. યાજ્ઞિકને રૂા. ૬૩૦-૮-૧૭૦ ઈ.બી. ૧૨-૨૯૦-૧૫-૩૫૦ના પગારધોરણમાં રૂા. ૧૭૦ આગળનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા મંજૂરી આપવી.

૬૮. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને રૂા. ૩૦૦-૧૫-૪૨૦ ઈ.બી. ૨૦-૫૦૦-૨૫-૫૭૫ના પગારધોરણમાં તા. ૧૬-૮-૧૯૬૮થી રૂા. ૪૨૦ના પગાર ઉપરનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા અંગે વિચારણા કરવા બાબત.

એસ્ટેટ સુપરિટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને રૂા. ૩૦૦-૧૫-૪૨૦ ઈ.બી. ૨૦-૫૦૦-૨૫-૫૭૫ના પગારધોરણમાં રૂા. ૪૨૦ આગળનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા મંજૂરી આપવી.

૬૯. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-લેબર વેલ્ફેરની જગ્યા પર નિમાયેલ ડૉ. પરેશ મજમુદારની નિમણૂક અંગેના હાઈકોર્ટના ચુકાદા પર સુપ્રીમ કોર્ટે આપેલા "સ્ટે" ને કાયમી (Absolute) બનાવ્યા અંગેની બાબત, નોંધ લેવા બાબત તથા તેને ધ્યાનમાં લઈને આગળનાં જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને સદરહુ કેસ અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા માટે તથા તે માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૦. નવી કૉલેજો માટેની જોડાણ અરજીઓના સંદર્ભમાં જોડાણ માટેની આવશ્યક પૂર્વતૈયારીરૂપે જરૂરિયાતોના સર્વસામાન્ય ધોરણનું નિર્માણ કરવા માટે તે અંગેના આપણા પ્રશ્નો જોઈતપાસી રિપોર્ટ તૈયાર કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૭૧. જૂન ૧૯૬૯થી નવી કૉલેજો માટે, વિભાગીકરણ માટે, વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખા માટે તથા ફક્ત વધારાની વિદ્યાશાખા માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

નવી કૉલેજના જોડાણ માટે આવેલી અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થાન	વિદ્યાશાખા
૧.	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને શિક્ષણ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થાન	વિદ્યાશાખા
૨.	ટ્રસ્ટી, લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર, જિ. મહેસાણા	વીસનગર	શિક્ષણ
૩.	ટ્રસ્ટી, શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ, ટાગોર પાર્ક, અમદાવાદ-૬	અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
૪.	પ્રમુખ, બયતુલમાલ, કાળુપુર ચકલા, અમદાવાદ-૧	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૫.	પ્રમુખ, બયતુલમાલ, કાળુપુર ચકલા, અમદાવાદ-૧	અમદાવાદ (કેવળ મહિલાઓ માટે)	વિનયન અને વાણિજ્ય
૬.	ટ્રસ્ટી, "સંત પુનિત" એજ્યુકેશન ટ્રસ્ટ, ૫-એ, હરિનગર, શાહઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૭.	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૧	ઈડર (જિ. સાબરકાંઠા)	વિનયન અને વાણિજ્ય
૮.	મંત્રીશ્રી, બાલાશિનોર વિદ્યામંડળ, ગોલવાડ શેરી, બાલાશિનોર, જિ. ખેડા	બાલાશિનોર	વિનયન અને વાણિજ્ય
૯.	ટ્રસ્ટી, શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	શિક્ષણ અને વાણિજ્ય
૧૦.	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૧	અમદાવાદ	વાણિજ્ય અને વિજ્ઞાન
૧૧.	મંત્રી, પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય અને વિજ્ઞાન
૧૨.	પ્રમુખ, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર	વીસનગર	વાણિજ્ય અને કાયદો
૧૩.	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, હાજા પટેલની પોળ, કાળુપુર, અમદાવાદ-૧	અમદાવાદ	વાણિજ્ય
૧૪.	મંત્રી, શ્રી કચ્છ એજ્યુકેશન સોસાયટી, ભીડભંજર, ભૂજ (કચ્છ)	ભૂજ	કાયદો
૧૫.	મંત્રી, શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા	ઊંઝા	કાયદો
૧૬.	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૧	મહેસાણા	કાયદો અને શિક્ષણ.

૨. વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખા માટે

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	શા માટે
૧.	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વિભાગીકરણ માટે
૨.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	વિભાગીકરણ તથા જુદી થતી વિનયનની વિદ્યાશાખાના હાલની વાણિજ્યની કૉલેજ સાથે સંયોજન માટે
૩.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	વિભાગીકરણ તથા જુદી થતી વિનયનની વિદ્યાશાખાના હાલની વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ સાથે સંયોજન માટે
૪.	એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ઠી. આર્ટ્સ કૉલેજ, માણસા	વિભાગીકરણ તથા જુદી થતી વિનયન વિદ્યાશાખાના હાલની વાણિજ્યની કૉલેજ સાથે સંયોજન માટે
૫.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ	વિભાગીકરણ તથા ડિપ્લોમા અભ્યાસ-ક્રમોના વધારાના જોડાણ માટે.

૩. વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલ અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	વિદ્યાશાખા
૧.	મૅનેજર, ગાંધીધામ મૈત્રીમંડળ, આદિપુર	વિનયનના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ તથા વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
૨.	બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા, જિ. પંચમહાલ	વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
૩.	આચાર્ય, આર્ટ્સ કૉલેજ, મહુવા	વિનયનના અભ્યાસક્રમો માટે ચાલુ તથા વધારાનું જોડાણ તથા વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
૪.	આચાર્ય, શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
૫.	આચાર્ય, નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	કાયદાના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તેમ જ વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણના ફિઝિક્સ વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં "ઍડવાન્સ્ડ ક્વૉન્ટમ મિકેનિક્સ"ના વિષયને બદલે "સ્પેક્ટ્રોસ્કોપી" વિષય એમ.એસસી., પાર્ટ ૨માં બીજા વર્ષે શીખવવાની પરવાનગી માગવામાં આવી છે તે બાબતમાં પ્રત્યક્ષ તપાસ માટે કોઈ સભ્યને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— કેન્દ્ર આપવા અંગેની તપાસસમિતિ પર ડૉ. વાય. જી. નાયક અને પ્રો. પી. ડી. પાઠક એ બે સભ્યોની તપાસસમિતિ નિમાઈ હતી અને તે સમિતિનું મંતવ્ય મગાવતાં પ્રત્યક્ષ તપાસ અંગેનું સૂચન ડૉ. વાય. જી. નાયક તરફથી થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે શ્રી. પી. ડી. પાઠકને જણાવવું.

૭૩. સિન્ડિકેટની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા મુજબ ભૌતિકવિજ્ઞાન-(ફિઝિક્સ)ના અભ્યાસક્રમોના શિક્ષણ અંગેનો એક પરિસંવાદ જુલાઈના પ્રથમ અઠવાડિયામાં યોજવાની દરખાસ્ત, તે અંગે થનાર રૂા. ૪,૦૦૦ના અંદાજી ખર્ચની વિગતો સાથે આ કાર્યાલયના પત્રાંક જન-યુ.જી.સી.-૨૨૭-૬૩૯, તા. ૮-૪-૧૯૬૮થી વિશ્વવિદ્યાલય અનુદાન આયોગને મંજૂરી માટે મોકલી હતી. સદરહુ દરખાસ્ત મંજૂર કરવામાં આવી નથી એમ તેમના તરફથી જણાવવામાં આવ્યું છે તો આ પરિસંવાદ યુનિવર્સિટીએ પોતાને ખર્ચે યોજવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ફરીથી ઘટતી રજૂઆત કરવી.

૭૪. નીચેના સેનેટના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ બેનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	આચાર્ય એચ. એ. ડિસોઝા	શિક્ષણ સહિત વિનયન	૧ અંગ્રેજી ૨. મોડર્ન યુરોપિયન લેંગ્વેજીસ (ફ્રેન્ચ-જર્મન)
૨.	,, ત્र્યંબક પી. ચિતાનંદ	,,	અંગ્રેજી
૩.	,, હરિશંકર પી. પંડ્યા	,,	૧. અર્થશાસ્ત્ર, અને ૨. ભૂગોળ
૪.	,, ખજાનસિંહ આર. યાદવ	,,	અંગ્રેજી
૫.	,, નટુભાઈ આર. પટેલ	,,	૧. ગુજરાતી, અને ૨. હિન્દી
૬.	,, બનેસિંહ કે. મઢવી	વાણિજ્યની વિદ્યાશાખા	૧. અર્થશાસ્ત્ર, અને ૨. ભૂગોળ

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૭.	આચાર્ય ગિરીશચંદ્ર જે. પંડ્યા	શિક્ષણ સહિત વિનયન	૧. અર્થશાસ્ત્ર, અને ૨. કૉ-ઑપરેશન
૮.	,, હીરાલાલ જે. પટેલ	વાણિજ્ય	૧. એકાઉન્ટન્સી, અને ૨. કૉમર્સ
૯.	,, જમજીવનદાસ બી. પટેલ	વિજ્ઞાન	૧. ભૌતિકશાસ્ત્ર, અને ૨. ગણિતશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૭૫. સિન્ડિકેટે તેની તા. ૬-૬-૧૯૬૮ની સભામાં કામકાજ ક્રમાંક ૩૦ (૨)થી બે પૂર્વસ્નાતક કે બે અનુસ્નાતક અભ્યાસક્રમો માટે કોઈ પણ વિદ્યાર્થી એકસાથે સત્રો ભરી શકે નહિ તે ધ્યાનમાં લઈને ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ અંગેના ઑર્ડિનન્સમાં ઘટતો સુધારો કરવા માટે સૂચવેલ હોઈ, ઑર્ડિ. ૮૪ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ ઑર્ડિ. ૮૪ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલ ઑર્ડિ. ૮૪ના પાઠની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૭૬. તા. ૮-૮-૧૯૬૮ના રોજ રક્ષાબંધનના તહેવારને કારણે યુનિવર્સિટી કાર્યાલયમાં રજા જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૭. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ નર્સિંગ, અમદાવાદને યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ-શિક્ષક નહિ મળતા હોવાથી મજકૂર કૉલેજે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વ્યાયામ-શિક્ષકની સેવાઓ ચાલુ શૈક્ષણિક વર્ષ માટે કામચલાઉ ધોરણે લેવાની કરેલ વ્યવસ્થાને મંજૂર રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પૂરા સમયના વ્યાયામશિક્ષક નીમવા આવશ્યક છે એમ સદરહુ કૉલેજને જણાવીને તે શરતનું પરિપાલન કરવા આગ્રહ રાખવો.

૭૮. ભવન્સ કૉલેજ, ડાકોરમાં અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. પી. એમ. નાળિયેરવાળાની કરાયેલી નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. – સિન્ડિકેટની તા ૧૬-૬-૧૯૬૮ની સભામાં આ કૉલેજમાં અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે રો. પરેશ મજમુદારને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવામાં આવેલી હતી)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. પી. એમ. નાળિયેરવાળાની નિમણૂક માન્ય રાખવી અને સદરહુ

કૉલેજને જણાવવું કે જૂન ૧૯૬૯થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૭૯. તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવ ૫૬ મુજબ મનોવિજ્ઞાન વિષયમાં એક સેમિનાર અથવા ટૂંકી મુદ્દતનો અભ્યાસક્રમ જુલાઈ માસમાં યોજવા અંગેનો પ્રસ્તાવ તા. ૧૫-૪-૧૯૬૮ના રોજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય માટે મોકલી આપવામાં આવ્યો હતો. તે અંગે ચાર સ્મૃતિપત્રો લખવા છતાં તેમનો જવાબ આવેલ નથી. મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષના સૂચનથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આ પરિસંવાદ માટે આર્થિક સહાય ન મળે તો યુનિવર્સિટીએ પોતે આ અંગેનો આર્થિક ખર્ચ ઉપાડી આ પરિસંવાદ યોજવા માટે મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી લા. ર. દેસાઈ તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ માટે આર્થિક સહાય મંજૂર કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ફરીથી ઘટતી રજૂઆત કરવી. દરમ્યાન સદરહુ પરિસંવાદ માટેની યોજના અને રૂા. ૧૨૭૫નો અંદાજી ખર્ચ મંજૂર કરીને મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષને તે અંગે જરૂરી પગલાં લેવા માટે જણાવવું.

૮૦. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રીના તા. ૨૦-૩-૧૯૬૮ના પત્રાંક જી.સી.એ. ૨૩૬૬-૧૬૪૯૭-ખ સાથે હરિજન કલ્યાણ સલાહકાર બોર્ડની તા. ૧૪-૧૨-૧૯૬૭ની બેઠકની નોંધ મુજબ હરિજનો તથા પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અનામત જગ્યાઓ રાખવા અંગેની બાબત પર પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૬૩ની સભામાં ઠરાવ્યું છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ગુણવત્તાના ધોરણે જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની બાબતમાં હરિજનો કે પછાત વર્ગના વિદ્યાર્થીઓને માટે અનામત જગ્યાઓ રાખવાનું સૂચન સ્વીકારી શકાય તેમ નથી એમ રાજ્ય સરકારને જણાવવું.

૮૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ભારતની યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણ—રમતગમત સહિત—અંગે અભ્યાસ કરી તેના વિકાસ અર્થે રા. સી. ડી. દેશમુખના અધ્યક્ષપણા નીચે નિમાયેલ શારીરિક શિક્ષણ અંગેની સમિતિની આવેલ ભલામણો પર આપણી યુનિવર્સિટીનાં મંતવ્યો રજૂ કરવા માટે સિન્ડિકેટની તા. ૨૭-૫-૧૯૬૮ની બેઠકમાં નિયુક્ત થયેલ ઉપસમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. સિન્ડિકેટે મંજૂર કરેલ શારીરિક શિક્ષણ સુધારણા માટેની યોજના, જેનો અંગ્રેજી પાઠ સંલગ્ન કૉલેજોને ૧૯૫૫માં પરિપત્રિત કરવામાં આવ્યો હતો તે મંજૂર કરીને તેમાં અઠવાડિયાના તાસ અંગે ઉમેરો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખાએ નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી તેમાં કેટલાક સુધારા-વધારા કરી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોનું મહેનતાણું, નર્સ-નોકરોની સંખ્યા વગેરેની વિગતો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સ્વીકારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. તા. ૨૩-૧૧-૧૯૬૭ના રોજ કુલપતિશ્રીની સૂચનાથી સંલગ્ન કૉલેજોના, માન્ય સંસ્થાઓના અને યુનિવર્સિટી ભવનોનાં વિદ્યાર્થીમંડળોના વરિષ્ઠ હોદ્દેદારોની બોલાવેલ અવિધિસરની સભામાં થયેલ નીચેનાં સૂચનોની જાણ થવા બાબત :

(૧) યુનિવર્સિટી કક્ષાએ એક વિદ્યાર્થીમંડળ હોવું જોઈએ અને પ્રત્યેક કૉલેજમાં એક સમાન બંધારણ ધરાવતું મંડળ હોવું જોઈએ અને તે સરકારમાન્ય પણ હોય કે જેથી તેમના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ બધાંની વચ્ચે થઈ શકે.

નાનાં ગામોની કૉલેજમાં વિદ્યાર્થીમંડળ હોય છે. તેમાં ત્યાં પ્રિન્સિપાલ વગેરે સત્તા ધરાવે છે અને હિસાબ વગેરે માટે ઘટતી વ્યવસ્થા વિદ્યાર્થી પ્રતિનિધિ કરી શકતા નથી તે અંગે ઘટતું થવાની જરૂર લાગે છે.

(૨) પ્રત્યેક કૉલેજમાં યોગ્ય અને જરૂરી સંખ્યા મુજબ છાત્રાલય હોવું જોઈએ. માન્યતા આપતી વખતે વધારે પડતી છાત્રાલયની ફી ન લેવાય તેમ જરૂરી સંખ્યામાં છાત્રોને લઈ શકાય તેવી સગવડ મળે તે જોવાય તથા કૉલેજની તપાસ કરાય ત્યારે વિદ્યાર્થી પ્રતિનિધિને મળવાનું રખાય.

(૩) યુનિવર્સિટીના મહત્ત્વ ધરાવતા નિર્ણયો—માધ્યમ જેવા—જ્યારે લેવાતા હોય ત્યારે વિદ્યાર્થી-ઓને વિશ્વાસમાં લઈ તેમને ઘટતી માહિતી આપવી જોઈએ.

(૪) યુનિવર્સિટી કાર્યાલયમાં ફરિયાદપેટી રખાય તથા ફરિયાદ ઉપર ઘટતું ધ્યાન અપાય.

(૫) પરીક્ષા ફૉર્મની સાથે જ ગુણપત્રકની ફી મેળવી લઈ પરીક્ષા-પરિણામ પછી ગુણપત્રક વિદ્યાર્થીને ઘેર મળે તેમ કરવું.

(૬) કૉલેજની ફી વગેરે અંગે સરકાર તરફથી જે કોઈ નિર્ણય લેવાય તેની માહિતી વિદ્યાર્થીઓને આપવી જોઈએ. તેમ જ વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્નો અંગે હડતાલ વગેરેનો આશ્રય લેવાની ફરજ પડે તે પહેલાં નિકાલ લવાય તે જોવું.

(૭) વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કોઈ પક્ષ પાસે તે ન લઈ જતાં કુલપતિશ્રી સમક્ષ નિરાકરણ અર્થે લઈ જવો જોઈએ.

(૮) યૂથ ફેસ્ટિવલ ઑર્ગેનાઇઝેશન સમિતિ તરફથી જે નિર્ણયો અપાયા અને એક-બે કૉલેજોને જ ઘણાં ઇનામો અપાયાં તેથી અસંતોષ કાંઈક થયો તો તે અંગે ઘટતું થવું જોઈએ.

(૯) રિસર્ચ માટેની ચોપડીઓ અટિરા (અમદાવાદ)માં જ ઉપલબ્ધ છે તો બહારની કૉલેજોને કઈ લબ્ધ છે?

(૧૦) વિદ્યાર્થીઓ માટે માહિતી આપતી તથા સલાહ આપતી સંસ્થા જોઈએ.

(૧૧) ઈ.ખી.સી. અંગે યોગ્ય કરવું જોઈએ. ઈ.ખી.સી. વિદ્યાર્થીઓને ફીમાં, પુસ્તકો વગેરેમાં રાહત મળે તેમાં વાંધો નહિ, પણ તેમને ઓછા ગુણ હોય તોપણ મેડિકલ, ઇજનેરી વગેરેમાં જવા રાહત અપાય તે ન હોવું જોઈએ.

(૧૨) કૉલેજના ટેસ્ટમાં ફર્સ્ટ ક્લાસ ગુણ આવતા હોય અને યુનિવર્સિટી પરીક્ષા વખતે સંજોગવશાત્ ફર્સ્ટ ક્લાસ ન આવે, તેથી તેવા વિદ્યાર્થીની કેરિયર બગડે ? પરીક્ષાપદ્ધતિમાં ફેરફાર કરવો જરૂરી છે.

(૧૩) એફ.વાય.માં એ.ટી.કે.ટી. આવે તે અંગે વર્ષમાં બે ટેસ્ટ રાખવા.

(૧૪) આર્ટ્સ, સાયન્સ, કૉમર્સમાં પ્રૅક્ટિકલ ટ્રેનિંગ વધે તે માટે ઉદ્યોગોમાં થોડા સમય માટે રખાય તે અંગે કાંઈ થાય.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજના અંગે તપાસ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મોકલવામાં આવેલ તપાસસમિતિના કેટલાંક સૂચનો/વિધાનો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. યુનિવર્સિટીના મુખ્ય મકાનમાં ડિસ્ટેમ્પરના કામમાં ત્રીજો વધારાનો "કોટ" લગાવ્યો તે માટેના વધારાના રૂા. ૯,૫૦૦ના ખર્ચની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર પ્રમાણેનો વધારાનો રૂા. ૯,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૮૭. સને ૧૯૬૭-૬૮ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંઓમાં વધારાનો ખર્ચ થયો તેને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૭-૬૮ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંઓમાં થયેલ વધારાનું ખર્ચ મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલા વધારાના ખર્ચ અંગેના પત્રકની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૮૮. અનુસ્નાતક કાર્ય માટે માનદ વેતન, સબ્સિડી, અનુસ્નાતક કેન્દ્રને મદદ વગેરે માટે ૧૯૬૮-૬૯ના વર્ષ માટે બજેટમાં રૂા. ૮૦,૦૦૦ની જોગવાઈ કરેલ છે તે વધારીને રૂા. ૧,૭૫,૦૦૦ની કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષના બજેટમાં અનુસ્નાતક કાર્ય માટે કરેલ રૂા. ૮૦,૦૦૦ની જોગવાઈ વધારીને રૂા. ૧,૭૫,૦૦૦ની કરવી.

૮૯. સાયન્સ કૉલેજ, કડીમાં રસાયણવિજ્ઞાનનાના શિક્ષણ માટે પૂરા સમયના શિક્ષકની નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી શ્રી. જી. એસ. પટેલની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં રસાયણવિજ્ઞાનના શિક્ષણ માટે મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક માન્ય કરવી નહિ અને તે કૉલેજના આચાર્યને જણાવવું કે ૧૫ દિવસમાં યોગ્ય લાયકાત ધરાવતા રસાયણવિજ્ઞાનના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક છે અને જો તેમ કરવામાં નહિ આવે તો બીજા સત્રથી બી.વાય.બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના વિદ્યાર્થીઓ તેમની કૉલેજમાં અભ્યાસ ચાલુ રાખી શકશે નહિ.

૯૦. મોનોટાઇપ કાસ્ટિંગ મશીન ખરીદવા અંગે રૂા. ૧,૧૦,૦૦૦ની યુનિવર્સિટી મુદ્રણાલયના અંદાજપત્રમાં જોગવાઈ કરવા અંગે તથા તે અંગે ઇમ્પોર્ટ લાઇસન્સ મળેલ હોવાથી તે ખરીદ કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મોનોટાઇપ કીબોર્ડ્ઝ અને કાસ્ટિંગ મશીન ખરીદવા માટે ચાલુ અંદાજપત્રમાં રૂા. ૧,૧૦,૦૦૦ની (C.I.F. value પ્રમાણે ખરેખર જે કંઈ કિંમત થાય તેની) જોગવાઈ કરવી અને તે ખરીદ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૧. ગુજરાત રાજ્યના નાણાખાતાના ઠરાવ નં. પી.પી.એ. ૧૨૬૮-પી, તા. ૬-૮-૧૯૬૮થી સરકારી કર્મચારીઓને આપવામાં આવતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૪-૧૯૬૮થી વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી આ મોંઘવારી ભથ્થાનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દર નીચે મુજબ સુધારવા અને તેને તા. ૧-૪-૧૯૬૮થી અમલમાં મૂકવા :

મૂળ પગાર	**મોંઘવારી ભથ્થું**
રૂા.	રૂા.
૫૦ સુધી	૧૦૦
૫૧થી ૬૪	૧૧૦
૬૫થી ૧૦૦	૧૩૬
૧૦૧થી ૧૦૪	૧૪૬
૧૦૫થી ૧૫૦	૧૫૪
૧૫૧થી ૧૬૪	૧૫૯
૧૬૫થી ૨૫૫	૧૮૨
૨૫૬થી ૩૨૯	૨૦૭
૩૩૦થી ૩૭૯	૨૨૦
૩૮૦થી ૪૨૯	૨૨૩
૪૩૦થી ૪૬૧	મૂળ પગાર અને રૂા. ૬૫૨ વચ્ચેના તફાવત જેટલી રકમ.

ઉપર જણાવેલાં પગારધોરણો કરતાં વધારે મૂળ પગાર મેળવનારાના મોંઘવારી ભથ્થાના દરમાં કોઈ ફેરફાર થયો નથી.

૯૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૮ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે

૯૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં બોટાની વિભાગમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. આર. કે. મહેતાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રિસર્ચ પાર્ટિસિપેશન પ્રોગ્રામ ફોર કૉલેજ ટીચર્સ, ૧૯૬૮-૬૯ અંગેની મંજૂર કરેલ યોજના અંગેનું પાર્ટ-ટાઇમ (વધારાનું) કામ કરતા તથા તે માટેનું વધારાનું મહેનતાણું (માસિક રૂા. ૨૫ પ્રમાણેનું) સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગેના ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૦-૭-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. મહેતાને સદરહુ કામ કાર્યાલયના તેના સમયની બહાર કરવામાં આવે તે શરતે ચાલુ વર્ષ દરમ્યાન માસિક રૂા. ૨૫/-નું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એ. એ. શેખને International post-graduate course in Chemistry at Tokyo Institute of Technology, Tokyo, Japanમાં અભ્યાસ કરવા માટે પ્રવેશ મળેલ હોઈ તેઓને ઑક્ટોબર, ૧૯૬૮થી સપ્ટેંબર, ૧૯૬૯ની અભ્યાસ-રજા (study leave) આપવા બાબત.

[નોંધ.—(૧) હાલ તેઓને રૂા. ૨૫૦+ભથ્થાં મળે છે.

(૨) જાપાન સરકાર તરફથી તેઓને નીચેની સવલતો મળશે :

૧. હવાઈ ટિકિટ—પ્રવાસી વર્ગ—જવા તથા આવવા માટે.

૨. માસિક ૫૪,૦૦૦ યેન (ડૉ. ૧૫૦) રટાઇપેન્ડ બાર માસ માટે, અને

૩. ૧૦,૦૦૦ યેન (ડૉ. ૨૮) આવતી વખતે ઉચ્ચક (લમ્પસમ્પ્સ)]

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એ. એ. શેખને International Post-graduate Course in Chemistry at Tokyo Institute of Technology, Tokyo, Japanમાં અભ્યાસ કરવા માટે ઑક્ટોબર, ૧૯૬૮થી સપ્ટેમ્બર, ૧૯૬૯ સુધી ખાસ અભ્યાસ-રજા (Special Study Leave) નીચેની શરતોએ આપવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી એક વર્ષ માટે તેમને માસિક રૂા. ૨૦૦નું વેતન આપવું અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહિ.

(૨) એક વર્ષની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) એક વર્ષની તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમ્યાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેઓએ આપવાની રહેશે.

૯૫. જૂન, ૧૯૬૮થી નીચે જણાવેલ કૉલેજોને જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતોનું પાલન થયું હોઈ રાજ્ય સરકારને ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. મહુધા કેળવણી મંડળ, મહુધા, સંચાલિત આર્ટ્સ કૉલેજ
૨. વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ, સંચાલિત કૉમર્સ કૉલેજ
૩. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા, સંચાલિત કૉમર્સ કૉલેજ
૪. જમાલપુર–રાયખડ સેવા સંઘ, અમદાવાદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ
૫. વડનગર એજ્યુકેશન સોસાયટી, વડનગર, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ
૬. વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ
૭. નૉર્થ ગુજરાત સોસાયટી, પાટણ, સંચાલિત શિક્ષણની કૉલેજ
૮. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત બેડાની શિક્ષણની કૉલેજ
૯. એમ. એલ. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા, સંચાલિત શિક્ષણની કૉલેજ
૧૦. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત, સંચાલિત શિક્ષણની કૉલેજ
૧૧. હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ, ગુજરાત સ્ટેટ, અમદાવાદ, સંચાલિત નર્સિંગની કૉલેજ
૧૨. પ્રમુદાસ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ
૧૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સરસપુર
૧૪. [illegible] એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૫. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૧૭. યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૧૮. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૧૯. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૨૦. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત
૨૧. અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૨. શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૨૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ–કરજણ
૨૪. પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
૨૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા

૨૬. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

૨૭. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

૨૮. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૨૯. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ [ફક્ત બી.એસસી. (સ્પે.)માં જ્યોતિર્વિજ્ઞાન માટે]

૩૦. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વિભાગમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. એ. ડી. મનસૂરીને યુનિવર્સિટી ઑફ તહેરાન, બગદાદ અને અમેરિકન યુનિવર્સિટી ઑફ લેબેનોનમાં સંશોધનકામ અંગેની માહિતી મેળવવા તથા ત્યાંની શૈક્ષણિક પદ્ધતિનો અભ્યાસ કરવા સિન્ડિકેટની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં તા. ૧૫મી જૂનથી તા. ૧૪મી ઑક્ટોબર, ૧૯૬૮ સુધીની બિનપગારી રજા મંજૂર કરી હતી. તેમાં તા. ૧૫મી જૂન, ૧૯૬૯ સુધી વધુ મુદત આપવા અંગેની વિનંતી કરતા શ્રી. એ. ડી. મનસૂરીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એ. ડી. મનસૂરીને યુનિવર્સિટી ઑફ તહેરાન, બગદાદ અને અમેરિકન યુનિવર્સિટી ઑફ લેબેનોનમાં અભ્યાસ કરવા માટે તા. ૧૫મી ઑક્ટોબર, ૧૯૬૮થી તા. ૧૫મી જૂન ૧૯૬૯ સુધીની નીચેનાં શરતોએ બિનપગારી અભ્યાસ-રજા મંજૂર કરવી :

(૧) અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૨) તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૩) ઉપર જણાવેલ શરત નં. (૧) અને (૨) નું પાલન તેઓ કરી શકે નહિ તો તેમણે ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરવી; અને

(૪) ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

૯૭. યુનિવર્સિટી વિસ્તારમાં ચાલતાં મકાન બાંધકામોની બજેટ-જોગવાઈમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં મકાન બાંધકામો અંગે ચાલુ વર્ષના અંદાજપત્રમાં નીચે મુજબ કુલ ખર્ચની જોગવાઈ કરવી :

		રૂ.
૧. ગ્રંથાલય	...	૪૫,૦૦૦–૦૦
૨. અતિથિગૃહ	...	૨૨,૦૦૦–૦૦
૩. શિક્ષકો માટે છાત્રાલય	...	૪૦,૦૦૦–૦૦

૪. રેસિડેન્ટ પ્રોફેસર માટેનું રહેઠાણ ... ૨૨,૦૦૦-૦૦
૫. આરોગ્યકેન્દ્રના કર્મચારીઓ માટેનાં રહેઠાણ ... ૧૭,૦૦૦-૦૦
૬. ઝૂઓલોજીનું મકાન ... ૪૫,૦૦૦-૦૦
૭. ડ્રેનેજ યોજના ... ૨૫,૦૦૦-૦૦
૮. બાળકોડાંગણ (રમતગમતનાં સાધનો તથા તારની વાડ સાથે) ... ૬,૦૦૦-૦૦

(સદરહુ અંદાજપત્રમાં સુધારો સૂચવતી યાદીની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૯૮. ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના તા. ૬-૭-૧૯૬૮ના પત્રના સંદર્ભમાં નીચેના અધ્યાપકોને વારાણસી મુકામે મળતી આગામી ૨૪મી ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં હાજરી આપવા માટે મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

૧. શ્રી. એચ. સી. ભાયાણી, પ્રોફેસર
૨. ડૉ. છોટુભાઈ નાયક, રીડર
૩. કુ. ઈ. એ. સોલોમન, રીડર
૪. શ્રી. ટી. એસ. નાન્દી, લેક્ચરર.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૯. એકસ્ટ્રામ્યુરલ બોર્ડના ઉપક્રમે ૧૯૬૮-૬૯ના વર્ષ દરમ્યાન "મહાત્મા ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા" માટે કોને નિમંત્રણ પાઠવવું તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ વ્યક્તિઓને આમંત્રણ પાઠવવામાં આવેલ, પરંતુ સમયના અભાવે તેઓ નિમંત્રણ સ્વીકારી શકેલ નહિ અને તેથી વ્યાખ્યાન યોજી શકાયું નહોતું:

(૧) શ્રી. જયપ્રકાશ નારાયણ
(૨) રાવસાહેબ શ્રી. પુ. હ. પટવર્ધન
(૩) શ્રી. કે. સન્થાનમ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા માટે શ્રી. જયપ્રકાશ નારાયણને નિમંત્રણ મોકલવું અને સંજોગવશાત્ તેઓ આવી શકે નહિ તો તેમને બદલે અન્ય કોઈ યોગ્ય વ્યક્તિને નિમંત્રણ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૦. એકસ્ટ્રામ્યુરલ બોર્ડના ઉપક્રમે ૧૯૬૮-૬૯ના વર્ષની "ટાગોર વ્યાખ્યાનમાળા" માટે કોને નિમંત્રણ પાઠવવું તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧૯૬૭-૬૮ના વર્ષમાં નીચે જણાવેલ વ્યક્તિઓને ક્રમાનુવર્તી આમંત્રણ પાઠવવા મંજૂરી આપવામાં આવેલ:

(૧) સુનીતિકુમાર ચેટરજી
(૨) પ્રો. વી. વી. જહોન

(૩) પ્રો. વી. કે. ગોકાક
(૪) હો. કાર્લ ખંડાલાવાલા

તે પૈકી પ્રો. વી. વી. જ્હોનનાં ત્રણ વ્યાખ્યાનો ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન યોજવામાં આવ્યાં હતાં.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા માટે ચાલુ વર્ષે યોગ્ય વ્યક્તિને નિમંત્રણ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૧. ૧૯૬૮-૬૯ના વર્ષ દરમિયાન "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાન-માળા"માં કઈ વ્યક્તિને નિમંત્રણ પાઠવવું તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૬-૬૭ના વર્ષ દરમિયાન ઉપરોક્ત વ્યાખ્યાનમાળામાં બોલાવાતા વિવેચક શ્રી. વિશ્વનાથ ભગનલાલ ભટ્ટને નિમંત્રણ આપવામાં આવેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા માટે ચાલુ વર્ષે નિમંત્રણ આપવા માટે નીચે જણાવેલ સમિતિની ભલામણ મુજબ નિમંત્રણ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. અધ્યક્ષ, ભાષા-સાહિત્ય ભવન
૨. પ્રમુખ, ગુજરાતીની અભ્યાસસમિતિ
૩. પ્રો. રસિકલાલ છો. પરીખ.

૧૦૨. "શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન ફંડ" હેઠળ શ્રી. ડોલરરાય ર. માંકડ સંપાદિત "ધ્વન્યાલોક"ના પ્રકાશન ખર્ચના આશરે રૂા. ૪,૭૦૦ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં સદરહુ પ્રદાનનો સ્વીકાર કર્યો છે અને સદરહુ ફંડના કુલ રૂા. ૭૫,૦૦૦ પેટે રૂા. ૧૦,૦૦૦નો પ્રથમ હપતો મળી ગયો છે. આ ફંડની કુલ વાર્ષિક ઊપજ આશરે રૂા. ૩,૫૦૦ જેટલી થવા જાય છે અને "ધ્વન્યાલોક"ના પ્રકાશનનો ખર્ચ આશરે રૂા. ૪,૭૦૦ થવા સંભવ છે. સદરહુ યોજનામાં એક કે બે વર્ષની ભેગી ઊપજ ખર્ચવાની પણ જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશન ફંડ હેઠળની યોજનામાં શ્રી. ડોલરરાય ર. માંકડ સંપાદિત 'ધ્વન્યાલોક'નું પ્રકાશન, તે અંગેની સમિતિની ભલામણ આવ્યેથી કરવા માટે રૂા. ૪,૭૦૦નું ખર્ચ મંજૂર કરવું તથા તે અંગે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૩. પી.ઈ.એન.ના ઉપક્રમે અમદાવાદ મુકામે યોજાનાર "ઑલ-ઇન્ડિયા રાઇટર્સ કૉન્ફરન્સ" અંગે આગળ કાર્યવાહી કરવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સ અંગે નીચે જણાવેલ સભ્યોની એક એડ-હોક સમિતિ રચવી અને તેને જરૂર મુજબ બીજા સભ્યો કોઓપ્ટ કરવાની સત્તા આપવી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી—અધ્યક્ષ
૨. આચાર્ય રામપ્રસાદ એમ. શુક્લ

૩. શ્રી. રસિકલાલ સી. પરીખ
૪. શ્રી. કે. એમ. આચાર્ય
૫. આચાર્ય એસ. આર. ભટ્ટ
૬. આચાર્ય યશવંતરાય પી. શુકલ
૭. ફાધર વૅલેસ
૮. આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટ
૯. ડૉ. રમણલાલ જોશી
૧૦. ડૉ. પિનાકિન દવે
૧૧. શ્રી. રવીન્દ્ર ઠાકર
૧૨. શ્રી. ચિમનભાઈ ત્રિવેદી
૧૩. શ્રી. જયંત કોઠારી
૧૪. શ્રી. ભૂરાભાઈ પટેલ
૧૫. શ્રી. ધીરુભાઈ ઠાકર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સ અંગે સ્થાનિક મંત્રી કે મંત્રીઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૪. જૂન, ૧૯૬૮થી ચાલુ તથા વધારાના જોડાણ માટે નીચે દર્શાવ્યા મુજબ આવેલ અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોના યથાર્થ પરિપાલન અંગે પ્રવર્તતી પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	શરતોના પરિપાલન અંગે કાર્યાલયની નોંધ
૧.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. સમાજશાસ્ત્રના ટ્યૂટર અનુસ્નાતક પદવી ધરાવતા હોવા છતાં અનુસ્નાતકનું પગારધોરણ અપાતું નથી. ૨. યુનિવર્સિટીએ નક્કી કરેલ પગારધોરણ જૂના શિક્ષકોને અપાતાં નથી (યુ.જી.સી.નાં પગારધોરણ છે).
૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	૧. પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપકોનો શૈક્ષણિક અનુભવ અને પ્રાણીવિજ્ઞાનના વિષયના કુલ કાર્યબોજની તથા તેની વહેંચણી અંગેની વિગતો નથી. ૨. પ્રાણીવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તથા આંકડાશાસ્ત્રના ટ્યૂટરની નિમણૂક કરવાની બાકી છે. ૩. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦ પૈકીના રૂા. ૧૬,૩૭૦નો ખર્ચ કરવાનો બાકી છે. ૪. આંકડાશાસ્ત્ર તથા પ્રાણીવિજ્ઞાનના પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવાનો બાકી છે.

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	શરતોના પરિપાલન અંગે કાર્યાલયની નોંધ
૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	૧. ભૌતિકવિજ્ઞાનના ટ્યૂટરની નિમણૂક બાકી છે. ૨. ભૌતિકવિજ્ઞાન માટેના રૂા. ૨૫,૦૦૦ પૈકીના રૂા. ૧૩,૦૦૦નો ખર્ચ કરવાનો બાકી છે. ૩. ગ્રંથાલય માટે રૂા. ૭,૪૫૦નો ખર્ચ કરવાનો બાકી છે. ૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની સ્પષ્ટ બાંયધરી આપેલ નથી.
૪.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહેસાણા	૧. ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો પેટે પાછલી બાકીના રૂા. ૧૬,૦૦૦નો ખર્ચ કરવાનો બાકી છે. ૨. સુધારેલા મોંઘવારી ભથ્થાની પૂરેપૂરી ચુકવણી જુલાઈ માસના અંત સુધીમાં કરવામાં આવશે તેમ જણાવે છે, પરંતુ તેમ કર્યાની માહિતી નથી.
૫.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	૧. અંગ્રેજી વિષયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. ૨. રસાયણવિજ્ઞાનના વિષયના કાયમોજની વહેંચણી અંગેની વિગતો નથી. ૩. પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ આ વર્ષે કર્યો કે પહેલાં કર્યો તેની સ્પષ્ટતા નથી. ૪. પુસ્તકો ને સામયિકો માટે રૂા. ૬,૦૦૦ પૈકીના રૂા. ૩૭૦નો ખર્ચ કરવાનો બાકી છે.
૬.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી બી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	૧. મોંઘવારી ભથ્થાના તફાવત સાથેની પૂરેપૂરી ચુકવણી ઑગસ્ટ માસના અંત સુધીમાં કરવામાં આવશે તેમ જણાવે છે. ૨. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ નહિ હોવાથી હાલના ગ્રંથપાલ કુ. હંસા એલ. ઓઝાની નિમણૂક કામચલાઉ ધોરણે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી મંજૂર કરવા વિનંતી કરે છે.
૭.	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	૧. વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાકી છે. ૨. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવાની બાકી છે. ૩. ગ્રંથાલય માટે કરવાના રૂા. ૫,૦૦૦ના અનાવર્તક ખર્ચની સ્પષ્ટતા નથી.

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	શરતોના પરિપાલન અંગે કાર્યાલયની નોંધ
		૪. રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો માટેના આવર્તક ખર્ચની બાંયધરી નથી.
૮.	શ્રી એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	૧. ઇતિહાસના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. ૨. વાણિજ્યના વિષયમાં પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરી છે, પરંતુ વિગતો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન હજુ સુધી થયું નથી તેની સિન્ડિકેટની આ સભા ગંભીરતાપૂર્વક નોંધ લે છે અને તેનું યથાર્થ પરિપાલન કરીને ત્વરિત જાણ કરવા માટે જે તે કૉલેજોના આચાર્યોને જણાવવામાં આવે છે.

૧૦૫. સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોને રાજ્ય સરકારે તા. ૧-૪-૧૯૬૮થી સુધારેલ મોંઘવારી ભથ્થાના ધોરણ પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના મોંઘવારી ભથ્થાના દર નીચે મુજબ સુધારવા તથા તેનો અમલ તા. ૧-૪-૧૯૬૮થી કરવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું:

મૂળ પગાર		મોંઘવારી ભથ્થું
રૂા.		રૂા.
૫૦ સુધી	...	૧૦૦
૫૧ થી ૧૪	...	૧૧૦
૧૫ થી ૧૦૦	...	૧૩૬
૧૦૧ થી ૧૦૪	...	૧૪૧
૧૦૫ થી ૧૫૦	...	૧૫૪
૧૫૧ થી ૧૬૪	...	૧૫૬
૧૬૫ થી ૨૫૫	...	૧૮૨
૨૫૬ થી ૩૨૯	...	૨૦૭
૩૩૦ થી ૩૭૯	...	૨૨૦
૩૮૦ થી ૪૨૯	...	૨૨૩
૪૩૦ થી ૪૬૧	...	મૂળ પગાર અને રૂા. ૬૫૨ વચ્ચેના તફાવત જેટલી રકમ.

ઉપર જણાવેલાં પગારધોરણો કરતાં વધારે મૂળ પગાર મેળવનારના મોંઘવારી ભથ્થાના દરમાં કોઈ ફેરફાર થયો નથી.

૧૦૬. તા. ૧-૨-૧૯૬૭, તા. ૧-૩-૧૯૬૭ અને તા. ૧-૬-૧૯૬૭થી અમલમાં આવેલ મોંઘવારી ભથ્થાની સંપૂર્ણ ચુકવણી જે કેટલીક કૉલેજોએ હજુ કરેલી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સુવિધા છે, સંસ્થાએ મુકરર કરેલ ફીના ધોરણની યથાર્થતા, જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન, પ્રયોગશાળાની સુવિધા, પ્રવેશપદ્ધતિ અંગે યથાર્થતા અને યુનિવર્સિટીના અભ્યાસક્રમો માટે નિમાયેલ શિક્ષકો, બંધાયેલ મકાન, વર્કશોપ વગેરેનો ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે થતો ઉપયોગ ઇત્યાદિ મુદ્દાઓના સંદર્ભમાં સમગ્ર પ્રશ્ન પર તપાસ કરવા સિન્ડિકેટે તેની તા. ૬-૬-૧૯૬૮ની સભામાં નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યાલય તરફથી નીચેના પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

૧. ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ ખાતાનો તા. ૨૪-૭-૧૯૬૮નો ક્રમાંક યુ.જી.એફ. ૧૨૬૮-૫૭૧૮૧-ખનો પત્ર.

૨. શ્રી. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટનો તા. ૬-૮-૧૯૬૮નો ક્રમાંક ૦૧નો તથા તા. ૭-૮-૧૯૬૮નો ક્રમાંક જી.યુ. /૦૧/૬૮નો પત્ર.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ રિપોર્ટની નકલ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના આચાર્યને તથા તેના સંચાલકમંડળના અધ્યક્ષશ્રીને મોકલીને નીચેની બાબતોની ગંભીરતા તરફ તેમનું ધ્યાન ખેંચવું :

(ક) જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન થયું નથી.

(ખ) વિદ્યાર્થીઓની સત્ર-ફી રૂા. ૨૩૦/- રાખવાની સ્પષ્ટ કબૂલાત કૉલેજે આપ્યા છતાં રૂા. ૩૬૦/-ની સત્ર-ફી લેવામાં આવી છે.

(ગ) સદરહુ ઇન્સ્ટિટ્યૂટમાં ડિપ્લોમાના અભ્યાસક્રમો યુનિવર્સિટીની અને/અથવા રાજ્ય સરકારની પરવાનગી લીધા વિના શરૂ કરવામાં આવ્યા છે અને જોડાણની શરતોના ભાગરૂપે જે શિક્ષકોની નિમણૂકો કરવામાં આવી છે તેમનો તથા તે ઇન્સ્ટિટ્યૂટનાં મકાનો અને સાધનોનો ઉપયોગ ડિપ્લોમાના વર્ગો માટે કરવામાં આવે છે તે અનધિકૃત છે.

(ઘ) નીચેની ઊણપો હજુ પણ પ્રવર્તે છે અને તે ત્વરિત દૂર કરવી ઘટે છે :

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (બી)ના સંદર્ભમાં કૉલેજના સંચાલન માટે વ્યવસ્થાપક મંડળ નીમવામાં આવે.

(૨) યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે ખુલાસો આપવામાં આવે.

(૩) પ્રયોગશાળાઓ, વર્કશોપ અને ડ્રૉઇંગના વર્ગો સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવે.

(૪) યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે.

(૫) સત્ર ફીના રૂ. ૨૩૦/– કરતાં જેટલી રકમ વધારે લેવામાં આવી છે તે જે તે વિદ્યાર્થીને પરત કરવામાં આવે.

(૬) જો કોઈ વિદ્યાર્થીઓ પાસેથી બીજા સત્રની ફી લીધી હોય તો તે પરત કરવામાં આવે.

(૭) વિદ્યાર્થીઓ માટે સુયોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

(૨) આ સંજોગોમાં સદરહુ ઇન્સ્ટિટ્યૂટને જોડાણ આપવા માટે ભલામણ કરી શકાય તેમ નથી, એમ રાજ્ય સરકારને તથા કૉલેજના સંચાલકોને જણાવવું.

વધુમાં રાજ્ય સરકારને જણાવવું કે સદરહુ કૉલેજના જોડાણ માટેની અરજી આવ્યેથી ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૭૩ હેઠળની કાર્યવાહી કરવામાં આવેલી છે. ભારત સરકારની અનુમતિની બાબતમાં આ યુનિવર્સિટીને તેની કશી જાણ નથી એની પણ ઘટતી સ્પષ્ટતા કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની પરિસ્થિતિના સંદર્ભમાં સદરહુ ઇન્સ્ટિટ્યૂટે ૧૯૬૯ના જૂનથી ચાલુ જોડાણ માટે કરેલી અરજી પર આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ નથી અને તેથી સદરહુ બાબત અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિને તેનું કામકાજ હાલ બંધ રાખવા માટે જણાવવામાં આવે.

આ ઠરાવની નકલ સદરહુ કૉલેજના આચાર્યને તથા સંચાલકમંડળના અધ્યક્ષને તથા રાજ્ય સરકારને તેમની જાણ તથા ઘટતાં પગલાં લેવા માટે મોકલી આપવામાં આવે.

૧૦૮. ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્ર વિભાગ માટે મંજૂર થયેલી રિસર્ચ આસિસ્ટન્ટની એક જગ્યા કે જે અગાઉ પૂરી હતી પરંતુ હાલ ખાલી છે તે પૂરવા અંગે ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના વિભાગ માટે ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન મંજૂર થયેલ રિસર્ચ આસિસ્ટન્ટની જગ્યા ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન ચાલુ રાખવી અને તે પૂરવા માટે જરૂરી પગલાં લેવા માટે ભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

૧૦૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૭-૧૯૬૮ની સભાના ઠરાવ અનુસાર ઇજનેરી વિદ્યાશાખામાં (પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ સહિત) દરેક સત્રમાં દરેક વિષય દીઠ ૭૫ ટકા હાજરી આવશ્યક રાખવા તથા તે પ્રમાણે સંબંધકર્તા ઑર્ડિ. ૭૮ નીચે પ્રમાણે વંચાય તે

રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Faculty	*First Term*	*Second Term*
Technology including Engineering	75% of the total number of periods held during the term in each subject including subjects taught at Post-Diploma Degree Course	75% of the total number of periods held during the term in each subject including subjects taught at Post-Diploma Degree Course.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૮માં ટેકનોલોજી ઇન્કલુડિંગ એન્જિનિયરિંગની વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી જરૂરી હાજરી અંગેનો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે સુધારેલા ઑર્ડિ. ૭૮ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧૦. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૭-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર બી.ઈ. ફર્સ્ટ અને બી.ઈ. સેકન્ડમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે સેશનલ, વર્મવર્ક પ્રૅક્ટિકલ્સ ફૅરી ફૉરવર્ડ કરવા માટેની જોગવાઈમાં છાપભૂલ હોઈ રેગ્યુ. ઍન્જિ. ૧ તથા રેગ્યુ. ઍન્જિ. ૮ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"In case of a candidate who fails at an examination, the marks assigned to all sessional works, practicals including oral and/or sketching (if any) and term work in which he passes shall be carried over."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ઍન્જિ. ૧ તથા રેગ્યુ. ઍન્જિ. ૮ના સંબંધકર્તા ભાગમાં ઉપર મુજબ સુધારો કરવો અને તે સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવા.

૧૧૧. સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર રૂલ. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી	ઇન્ટર્નલ રેફરી	સૂચિત એક્સ્ટર્નલ રેફરીઓ
શ્રી. એમ. એમ. પંડ્યા	સંસ્કૃત : "ધી ફિલોસોફિકલ બેઝિઝ ઑફ ધી આયુર્વેદ"	પીએચ.ડી.	શ્રી. એ. ડી. શાસ્ત્રી એમ.ટી.બી.કૉલેજ, સુરત	(૧) શ્રી. બાપાલાલ વૈદ્ય (૨) શ્રી. પ્રાણજીવન મહેતા, ધન્વંતરિ મંદિર, જામનગર (૩) રો. ટી. એન. દવે, મૂળી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણુક કરવી.

૧૧૨. વિનયન વિદ્યાશાખાના ત્રિવાર્ષિક અભ્યાસક્રમમાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટેનો ઑર્ડિ. એક્સ્ટ. આર્ટ્સ ૧-એ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એક્સ્ટ. આર્ટ્સ ૧-એ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. એક્સ્ટ. આર્ટ્સ ૧-એ ની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૧૩. ઇજનેરી વિદ્યાશાખામાં "સેમેસ્ટર" પ્રથા દાખલ થયે વર્ષમાં કેટલી વખત પરીક્ષા લેવી તે અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની વર્ષમાં બે વખત પરીક્ષા લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવા માટેની તે વિદ્યાશાખાની ભલામણનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવો તથા તેને અનુલક્ષીને અભ્યાસક્રમોમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે પોતાની ભલામણો રજૂ કરવા તે વિદ્યાશાખાને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાની બધી પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવાનું રાખવું અને ઑક્ટોબર ૧૯૬૮માં તે પરીક્ષા માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૪. ૧૯૬૮ના ઉનાળાની રજાઓમાં મહારાષ્ટ્રમાં સોમનાથનાં જંગલોમાં આંતર-ભારતી સંસ્થા દ્વારા આયોજિત શ્રમ સંસ્કાર છાવણીમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી મહેસાણાની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના ૧૬ વિદ્યાર્થીઓ (એક અધ્યાપક સહિત) ભાગ લેવા ગયા હતા તે અંગે કૉલેજ તરફથી વધારાના ખર્ચ પેટે ગ્રાન્ટ આપવાની માગણી થઈ છે તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિદ્યાર્થીઓ(અધ્યાપક સહિત)ના રેલવેભાડાનો ૫૦ ટકા (કુલ રૂા. ૫૭૪-૭૦ છે, એટલે રૂા. ૨૮૭-૩૫) ખર્ચ મંજૂર થયેલ છે. એમણે બાકીના રેલવેભાડાનો ૫૦ ટકા અને રસ્તાનો થયેલ ખર્ચ રૂા. ૨૨૫-૧૬ મળી કુલ રૂા. ૫૧૨-૫૧ના વધુ ખર્ચની માગણી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિબિરમાં હાજર રહેલા ૧૬ વિદ્યાર્થીઓના પ્રવાસ દરમ્યાન થયેલા incidental ખર્ચ પેટે રૂા. ૨૨૫-૧૬નું ખર્ચ મંજૂર કરવું.

૧૧૫. વિશ્વ યુવક કેન્દ્ર, ન્યૂ દિલ્હી તરફથી તા. ૯થી ૧૫ સપ્ટેંબર, ૧૯૬૮ના ગાળામાં યુનિવર્સિટી શિક્ષણના પ્રશ્નો અંગે વિદ્યાર્થીઓનાં મંતવ્યો જાણવા માટે યોજવામાં આવેલ એક પરિસંવાદમાં યુનિવર્સિટીના એક વિદ્યાર્થી પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના એક વિદ્યાર્થી પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૬. પ્રો. પી. સી. વૈદ્યના અધ્યક્ષપણા હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં ગણિતશાસ્ત્રના શિક્ષકો માટે બીજી ઇન-સર્વિસ ઇન્સ્ટિટ્યૂટ (રૂા. ૧૬,૨૮૦ના અંદાજી ખર્ચે) યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂરી આપી તે અંગે તેમના તા. ૨૫-૬-૧૯૬૮ના પત્રાંક એફ. ૧૧-૧૦-૬૬ (એસ.આઈ.)થી મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટમાં વર્ષ ૧૯૫૮-૫૯, ૧૯૫૯ તથા ૧૯૬૦-૬૧ દરમ્યાન શ્રી. એફ. આઈ. કાદિયાણી નામના વિદ્યાર્થીએ એમ.એ.ના વર્ગમાં ખોટી રીતે હાજરી પુરાવી હોવાની આવેલી ફરિયાદ અંગે વિદ્યાર્થીના ખુલાસો માગતાં તેના તા. ૨૯-૭-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરીને એ બાબતમાં ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૮. ટી.વાય.બી.એ.ના વર્ષમાં નિબંધના પ્રશ્નપત્ર માટે તાસ અને ટ્યુટોરિયલ્સની વિગતો અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની નીચેની સ્પષ્ટતા મંજૂર કરવા બાબત.

"આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ ૩ તાસ રાખવામાં આવે છે તે નિયમ ટી.વાય.બી.એ.ના વર્ષમાં નિબંધના પ્રશ્નપત્રને પણ લાગુ પડે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રાધ્યાપકો/પરીક્ષકોની નિમણૂકની પ્રથા અંગે હાલનાં જે ધારાધોરણો છે તે મુજબ નિમણૂંક લેતી વખતે કોઈ પણ વ્યક્તિ જ્યારથી કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાય ત્યારથી તેની સિનિયોરિટીને પણ લક્ષમાં લેવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કોઈ પણ કૉલેજ કે માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં કામ કરતા કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યૂશન કરી શકશે નહિ કે તાલીમવર્ગ (કોચિંગ ક્લાસ) ચલાવી શકશે નહિ એવો નિયમ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિકો/પરીક્ષકોની પેનલ ઉપરનાં નામોમાંથી પરીક્ષકો/પ્રાશ્નિકોને સામાન્ય રીતે નીમવાનું રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષક તરીકે જેમના ૬ ટર્મ પૂરા થયા હોય તેમને (૬ ટર્મ માર્ચ—એપ્રિલ અને ઑક્ટોબરની નિમણૂકો ગણતાં) ડ્રોપ આપવો—સિવાય કે ખાસ સંજોગોમાં અપવાદ કરવાની જરૂર જણાય.

[**નોંધ.**—તબીબી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં ૪ ટર્મ પછી પ્રાશ્નિકો/પરીક્ષકોને ડ્રોપ આપવાનો જે નિયમ હાલ પૂરતો જેમ ને તેમ ચાલુ રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨ પછી અને બાબત નં. ૧૯ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૧. **"The methods of Stochastic Theory and their applications" વિષય અંગે મદ્રાસ મુકામે સપ્ટેંબર, ઑક્ટોબર ૧૯૬૮માં ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅથેમેટિકલ સાયન્સીઝ, મદ્રાસના આશ્રયે યોજનાર સેમિનારમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતના લેક્ચરર શ્રી. એ. વી. ગજ્જરને ભાગ લેવા મોકલવા સૂચન કરતા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૯-૭-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

(**નોંધ.**—આ પરિસંવાદમાં ભાગ લેનારાઓ પૈકી થોડાકને માટે સંસ્થા તરફથી પ્રવાસ તથા રહેવા-જમવાનો ખર્ચ અપાનાર છે, પણ શ્રી. ગજ્જરનો તેમાં સમાવેશ થાય કે ન પણ થાય અને ન થાય તો તેમનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટી તરફથી શ્રી. એ. વી. ગજ્જરને મોકલવા અને તે માટે શ્રી. ગજ્જરને તે સંસ્થા તરફથી ખર્ચ પેટે જે રકમ મળે તે રકમ અને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર તેમને જે ભાડું ભથ્થું મળી શકે તે રકમ વચ્ચેનો તફાવત આપવો.

૧૨૨. **ગુજરાત કૉલેજને ત્રિવાર્ષિક અભ્યાસક્રમની યોજના હેઠળ આપવામાં આવેલી અનાવર્તક ગ્રાન્ટ્સની રકમ રૂા. ૫૦,૦૦૦ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને માગ્યા મુજબનાં યુટિલાઇઝેશન સર્ટિફિકેટો અને ખર્ચનો હિસાબ આ કૉલેજ રજૂ નહિ કરી શકતી હોવાથી તથા તે દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જરૂરી હિસાબો તથા સર્ટિફિકેટો માટે લખાણ થયા કરે છે, તેથી આ બાબતમાં શું કરવું તે વિષે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્યના શિક્ષણમંત્રીશ્રીને ડી.ઓ. પત્ર લખવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૨૩. **કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :**

(૧) યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાન વિષયમાં એમ.એસસી., પાર્ટ ૧ના અનુસ્નાતક વર્ગોમાં કુલ ૨૦૦ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પ્રવેશ આપવા માટે પરવાનગી આપ્યાના;

(૨) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારાયા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એસ. એસ. રાણા	વિજ્ઞાન (કેમિસ્ટ્રી)	પીએચ.ડી.
૨.	શ્રી. એસ. અનંતકિશન	વિજ્ઞાન (ફિઝિક્સ)	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૨૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી રો. જે. જે. ચિનોયની Scheme for Studies on the Distochemical and biochemical changes in the School of Apex of sesamum during growth and differentiation technical Programme બાબત પરની રૂા. ૬૨,૨૦૦ના અંદાજ ખર્ચની સંશોધન યોજના ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચ, નવી દિલ્હીએ તેમના તા. ૨૭-૭-૧૯૬૮ના પત્રાંક એફ-૧૧-૪૪-૬૬-સી-એસ-આઇના પત્રમાં જણાવેલ નોંધને આધીન રહી મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૫. સિન્ડિકેટે તેની તા. ૮-૧-૧૯૬૬ની સભામાં નીમેલી સ્કૉલરશિપ સમિતિના નીચેના સભ્યોમાંથી ક્રમાંક ૩ અને ૪ની ખાલી પડેલી જગ્યાઓ પર અન્ય સભ્યોની નિમણૂક કરવા બાબત:

૧. પ્રો. ઉમાશંકર જોશી
૨. પ્રો. જે. જે. ચિનોય
૩. પ્રો. બી. આર. શેનોય
૪. પ્રો. પી. એચ. પ્રભુ
૫. પ્રિ. આર. ડી. દેસાઈ
૬. પ્રિ. વાય. જી. નાયક
૭. પ્રિ. વાય. પી. શુક્લ
૮. પ્રિ. એન. એસ. પંડ્યા
૯. પ્રિ. એચ. કે. બુખારી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર પ્રો. બી. આર. શેનોય અને ડૉ. પી. એચ. પ્રભુની ખાલી પડેલી જગ્યા પર અનુક્રમે પ્રો. ડી. એન. પાઠક અને રો. સી. ટી. ભોપટકરની નિમણૂક કરવી.

૧૨૬. એગ્રિકલ્ચરલ સોસાયટી ઑફ ઇન્ડિયાના ઉપક્રમે અખિલ ભારતીય ધોરણે "Maximisation of Agricultural Production" પર બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતે સપ્ટેંબર ૨૩થી ૨૫, ૧૯૬૮ના સમય દરમ્યાન પરિસંવાદ યોજનાર હોઈ તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. મણિશંકર પંડ્યાને મોકલવા.

૧૨૭. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના નવા અભ્યાસક્રમ મુજબ "ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટિંકશન" પરિણામ જાહેર કરવાની જોગવાઈ હોઈ તેનાં પદવી પ્રમાણપત્રોના મુસદ્દા મંજૂર કરવા તેમ જ બી.કૉમ.ની ઑ. કૉમ. ૫-બી પ્રમાણેની પરીક્ષા માટેના પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલાં પદવી-પ્રમાણપત્રોના મુસદ્દા મંજૂર કરવા :

૧. એમ.એ.
૨. એમ.એસસી.
૩. એમ.કૉમ.
૪. બી.કૉમ. (ઑ. કૉમ. ૫-બી હેઠળ).

(મંજૂર કરવામાં આવેલ પ્રમાણપત્રોના મુસદ્દાઓની નકલો પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૨૮. અનુસ્નાતક વર્ગોની ફીનું ધોરણ જે સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં નક્કી થયેલ છે તે અંગે પુનર્વિચારણા કરવા માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વિદ્યાર્થીઓની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફીનાં જે ધોરણો સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં નક્કી કર્યાં છે તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૧૨૯. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકેના પોતાના પદાધિકારનો સમય તા. ૬-૧૦-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ ૧૯૬૮ના નવેંબરના અંત સુધી લંબાવી આપવાની શ્રી. જી. એ. દેસાઈની તા. ૨૯-૭-૧૯૬૮ના રોજ આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર શ્રી. જી. એ. દેસાઈના પદાધિકારની મુદત તા. ૩૦મી નવેમ્બર, ૧૯૬૮ સુધી લંબાવવાની તેમની વિનંતી મંજૂર કરવી.

૧૩૦. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"That a post of Dy. Registrar (Examination) be created in place of the present post of Controllor of Examinations."

આચાર્ય એમ. સી. દેસાઈએ પોતાનો પ્રસ્તાવ સભાગૃહમાં પાછો ખેંચી લીધો હોઈ તે પરત્વે કશી વિચારણા કરવાપણું રહ્યું નહિ.

પ્રમુખશ્રીના પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૩૧. પરીક્ષા શુદ્ધિસમિતિની તા. ૧૦-૮-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૧૦-૮-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવેલી નથી.)

૧૩૨. ઇજનેરી વિદ્યાશાખાની નીચેની ભલામણો મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) આ સભા ભલામણ કરે છે કે ઑ. ૨૧૭-એ મુજબ ડિપ્લોમા પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને બી.ઈ.ના અભ્યાસક્રમના સેકન્ડ યર ઑન્જિનિયરિંગના વર્ષમાં પ્રવેશ આપ્યો છે તે ઑર્ડિનાન્સ મુજબ વિદ્યાર્થીએ એફ.ઈ.ની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા (૧) મૅથેમેટિકસ, તથા (૨) એપ્લાઇડ મિકેનિકસનાં પ્રશ્નપત્રોની પરીક્ષા પાસ કરવી આવશ્યક હતી. પરંતુ હવે એફ.ઈ.ની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા લેવાતી ન હોવાથી બી.ઈ. સેકન્ડના મૅથેમેટિકસ-૩ અને ૪ થિયરી તથા ઑન્જિનિયરિંગ મિકેનિકસ-૧ થિયરીની પરીક્ષા તેના બદલે આપવાની આવશ્યક રહે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે એફ.ઈ.ના જૂના અભ્યાસક્રમમાં એ.ટી.કે.ટી. મળી હોય અને એસ.ઈ.ના જૂના અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને એફ.ઈ.ની જે વિષયની પરીક્ષામાં નાપાસ થયા હોય તે વિષયના બી.ઈ. સેકન્ડના કૉરસ્પોન્ડિંગ વિષયોની થિયરી પરીક્ષા આપવાની આવશ્યકતા રહેશે.

(૨) આ સભા ભલામણ કરે છે કે ઇજનેરી વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવતી કૉલેજો માટે ડ્રૉઇંગ અને ડિઝાઇન, પ્રાયોગિક કામ તથા વર્કશૉપ માટે શિક્ષકગણ નીચે મુજબ રાખવો :

ડ્રૉઇંગ અને ડિઝાઇન, પ્રાયોગિક કામ માટે

બી.ઈ. ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ માટે :

૧ શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૧૫ વિદ્યાર્થી

બી.ઈ. ફૉર્થ અને ફિફ્થ માટે :

૧ શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૧૦ વિદ્યાર્થી

વર્કશૉપ માટે

બી.ઈ. ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ માટે ઇન્સ્ટ્રક્ટર ઉપરાંત—

૧ શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૩૦ વિદ્યાર્થી

બી.ઈ. ફૉર્થ અને ફિફ્થ માટે ઇન્સ્ટ્રક્ટર ઉપરાંત—

૧ શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૨૦ વિદ્યાર્થી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૪૧૬૬૮/૧૬૬૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑગસ્ટ ૨૮, ૧૯૬૮.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ૬માંક ૮

MINIMUM QUALIFICATION FOR TEACHING APPOINTMENTS IN AFFILIATED COLLEGES

N.B.— The rules mentioned herebelow will be applicable only to the new entrants to the profession and will not affect the appointments approved in the past.

(1) The Degree must be in the subject or the group of subjects taught in this or any other Statutory University.

(2) For appointment to a teaching post in a college in the Faculty of Arts, Science or Commerce, it will be deemed adequate if the Master's degree is in the subject or the group of subjects, as the case may be, concerned irrespective of the subjects taken at the Bachelor's degree examination.

(3) Teaching experience in this subject must be in an affiliated College or a recognised Institution or a University Department under this or any other Statutory University.

(4) Where no class is awarded, a Master's degree obtained by thesis or partly by thesis and partly by papers in a subject will be considered equivalent to a Master's degree by papers in the Second Class.

Faculty of Arts

Academic qualifications for teaching appointments for the following subjects up to the F.Y.B.A. Examination under the Three-year Degree Course will be as follows :

(1) Logic	..	A teacher with necessary qualifications in Philosophy.
(2) The Paper(s) of Statistics and Statistical Methods in Pre-University and F.Y.B.A. classes	..	A teacher with necessary qualifications in Statistics.

(3) Civics and Administration	..	A teacher with necessary qualifications in History or Political Science.
(4) Geography	..	A teacher with necessary qualifications in Geography.
(5) World History	..	A teacher with necessary qualifications in Indian Culture or History or Political Science.
(6) General Education	..	Any teacher holding necessary qualifications in the subject, in the area concerned, viz. Humanities, Social Sciences and Natural Sciences.
(7) World Religions	..	A teacher with necessary qualifications in Indian Culture or History or Philosophy or Sanskrit or Persian or Arabic or Prakrit or Pali.

Demonstrator :

Bachelor's Degree in Second Class with the subject concerned as a Principal subject.

Tutor :

1. Bachelor's Degree in First Class with the subject concerned as a Principal subject.

or

2. Master's Degree in Pass Class with the subject concerned as a Principal subject.

Lecturer :

(1) Master's Degree in Second Class;

or

(2) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class with three years' teaching experience as a Tutor;

or

(3) Bachelor's Degree in First Class and Master's Degree in Pass Class with two years' experience as a Tutor;

or

(4) Bachelor's Degree in Pass Class and Master's Degree in Pass Class and five years' teaching experience as a Tutor;

or

(5) Ph.D.

Professor :

(1) D.Litt. or D.Sc.

or

(2) Ph.D. with Bachelor's Degree in Second Class and Master's Degree in Second Class with at least two years' teaching experience as a Lecturer.

or

(3) Ph.D. with Bachelor's Degree in First Class with two years' teaching experience as a Lecturer.

or

(4) Ph.D. with Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Ph.D. with Bachelor's Degree in pass Class and Master's Degree in Second Class with three years' teaching experience as a Lecturer.

or

(5) Ph.D. with Bachelor's Degree in Pass Class and Master's Degree in Pass Class with six years' teaching experience as a Lecturer.

or

(6) Master's Degree in First Class with two years' teaching experience as a Lecturer.

or

(7) Bachelor's Degree in First Class and Master's Degree in Second Class with three years' teaching experience as a Lecturer.

or

(8) Bachelor's Degree in First Class and Master's Degree in Pass Class with six years' teaching experience as a Lecturer.

or

(9) Bachelor's Degree in Second Class and Master's Degree in Second Class and five years' teaching experience as a Lecturer.

or

(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with seven years' teaching experience as a Lecturer.

or

(11) Bechlor's Degree in Pass Class and Master's Degree in Pass Class with eight years' teaching experience as a Lecturer.

Note.—(1) Notwithstanding anything contained in the qualifications stated above, Shastries, Moulavis and Teachers of a Classical Language, who have special qualifications or have made distinct contributions to the advancement of knowledge in their own subjects may be approved as teachers in their respective subjects, if deemed fit by the Syndicate.

(2) Teachers of Sanskrit, Persian, Arabic and Urdu or Prakrit and Pali can teach both the languages up to First B.A., provided they have passed their Post-graduate examination with these subjects as their Principal or Subordinate subject.

(3) A person who holds a Master's Degree with Philosophy after 1962 shall not be permitted to teach Psychology.

પરિશિષ્ટ "અ"
ઠરાવનો ક્રમાંક ૯

MINIMUM QUALIFICATION FOR TEACHING APPOINTMENTS IN AFFILIATED COLLEGES

N.B.— The rules mentioned herebelow will be applicable only to the new entrants to the profession and will not affect the appointments approved in the past.

1. The Degree must be in the subject or a group of subjects taught in this or any other Statutory University.
2. For appointment to a teaching post in a college in the Faculty of Arts, Science or Commerce, it will be deemed adequate if the Master's degree is in the subject or the group of subjects, as the case may be, concerned irrespective of the subjects taken at the Bachelor's degree examination.
3. Teaching experience in this subject must be in an affiliated college or a recognised institution or a University Department under this or any other Statutory University.
4. Where no class is awarded, a Master's degree obtained by thesis or partly by thesis and partly by papers in a subject will be considered equivalent to a Master's Degree by papers in the Second Class.

Faculty of Science

Demonstrator :

(1) Bachelor's Degree in Second Class with the subject concerned as a Principal subject,

or

(2) Master's Degree with Pass Class with the subject concerned as a Principal subject.

Tutor :

(1) Bachelor's Degree with First Class with the subject concerned as a Principal subject.

or

(2) Master's Degree with Pass Class with the subject concerned as a Principal subject.

Lecturer :

(1) Master's Degree with Second Class,

or

(2) Bachelor's Degree with First Class and Master's Degree in Pass Class with two years' teaching experience as a Tutor or a Demonstrator,

or

(3) Master's Degree in Second Class with two years' teaching experience as a Tutor or a Demonstrator,

or

(4) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class with three years' teaching experience as a Demonstrator or a Tutor.

or

(5) Bachelor's Degree in Pass Class and Master's Degree in Pass Class with five years' teaching experience as a Tutor or a Demonstrator,

or

(6) Ph.D.

Professor :

(1) D. Litt. or D Sc.,

or

(2) Ph.D. with Bachelor's Degree in Second Class and Master's Degree in Second Class with at least two years' teaching experience as a Lecturer,

or

(3) Ph.D. with Bachelor's Degree in First Class with two years' teaching experience as a Lecturer,

or

(4) Ph.D. with Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Ph.D. with Bechalor's Degree in Pass Class and Master's Degree in Second Class with three years' teaching experience as a Lecturer,

...

(5) Ph.D. with Bachelor's Degree in Pass Class and Master's Degree in Pass Class with six years' teaching experience as a Lecturer,

or

(6) Master's Degree in First Class with two years' teaching experience as a Lecturer,

or

(7) Bachelor's Degree in First Class and Master's Degree in Second Class with two years' teaching experience as a Lecturer,

or

(8) Bachelor's Degree in Second Class and Master's Degree in Second Class with five years' teaching experience as a Lecturer,

or

(9) Bachelor's Degree in First Class and Master's Degree in Pass Class with six years' teaching experience as a Lecturer,

or

(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class and with seven years' teaching experience as a Lecturer.

or

(11) Bachelor's Degree in Pass Class and Master's Degree in Pass Class with eight years' teaching experience as a Lecturer.

(*Note.*—In the colleges which teach Chemistry as a Principal subject at B.Sc. level, at least one teacher in each branch of Organic, Inorganic and Physical Chemistry, as the case may be, should be appointed.)

પરિશિષ્ટ "ગ"
ઠરાવક્રમાંક ક્રમાંક ૨૪

R. 175 (*New Course*):

(*For students joining the First M.B.,B S. course in June 1965 and thereafter*)

To pass the Second M.B.,B.S. Examination, a student must obtain—

(*a*) at least 50 per cent of the full marks separately in (1) Theory papers, and (2) Practicals and oral tests taken together in each subject at the University examination as distinct from internal assessments; and

(*b*) at least 40 per cent of full marks separately in (1) Theory papers, and (2) 40 per cent in practicals and oral tests taken together in each subject in the internal assessment; and

(*c*) at least 50 per cent of full marks in the grand total of the University examination marks and the internal assessment marks in each subject.

R. 179 (*New Course*):

(*For students joining the First M.B.,B.S. course in June 1965 and thereafter*)

To pass the Third M.B ,B.S. Examination, a student must obtain—

(*a*) at least 50 per cent of the full marks *separately* in (1) Theory papers, and (2) practicals and oral tests taken together in each subject at the University Examination as distinct from internal assessment; and

(*b*) at least 40 per cent of the full marks *separately* in (1) Theory papers, and (2) 40 per cent marks in practical and oral tests taken together in each subject in the internal assessment provided that students who have failed in any subject, the marks of fresh internal assessment should be added to the internal assessment marks of the last two internal tests in that subject;

(*c*) at least 50 per cent of the full marks in the Grand total of University Examination marks and the internal assessment marks in each subject.

સિન્ડિકેટ (ઓગસ્ટ)
તા. ૧૦/૧૧-૮-'૬૮

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૫

Revised Syllabus of Pre-University Arts and Science Mathematics

(In force from June 1969)

Note.—While teaching, the discussions should be directed towards helping the students to grasp the fundamental ideas through concrete illustrations and counter illustrations. Illustrations should preferably be not solitary but numerous and varied. While discussing proofs of various propositions attention should be drawn to the following logical notions:

Meaning of proposition, negation of a proposition, Combination of propositions through conjuction, disjunction, implication. Method of proof and particularly proof by successive implications and reduction and absurd method. Necessary and sufficient conditions.

MATHEMATICS—PAPER I

1. Sets.—A set, elements belonging to a set, not belonging to a set. Universal set, null set. Subsets of a set, proper subset of a set. Union and intersection of two sets, complementation of a set, Venn diagrams, Extension of union and intersection. Demorgan Laws (Proof of the above to be given by means of Venn diagrams). Cartesian product of two or more sets Ordered pairs and triplets. Correspondence: Many one, One many and one-one. Equivalence of two sets.

2. Number System.—Natural numbers, Integers, Rational number system to be developed through the ordered pair approach from the system of integers. Familiarity with the field structure of rational number system. Decimal representation of a rational number, Irrational numbers as represented by non-terminating non-periodic decimals; the real number system-One-one correspondence between points on the real line and the real numbers, Real numbers as a field. Simple order in the real numbers.

Complex numbers introduced through the ordered paid approach leading to the familiar $Z=X+iy$ notation. Geometrical representation of a complex number. Modulus and amplitude for complex numbers. Sum and product of two complex nos. Field properties of complex numbers. Lack of simple order in the complex number system.

3. Functions.—Real numbers as elements of R^1—one dimensional Euclidean space. Elements of R^2 and R^3 as points in a plane and space of two and three dimensions respectively. Intervals.

Domain and range; Real function with R^1, R^2, R^3, or intervals in these spaces as domains. Composite functions and inverse functions for functions on R^1.

4 Polynomial Function.—Co-ordinates of points dividing the join of (x, y) and (x_2, y_2) in R^2 in a given ratio. Sets of points (x^1, y^1) in R^2 such that $x=t\ x_1+sx_2$, $y=t\ y_1+sy_2$, t, s real $t+s=1$ giving a line segment, a ray through a point and a line in R^2. Zeores of a linear polynomial on R^2 represent a set of points on a line in a plane. Equation to a straight line. Slope, intercept formula; problems on a line; simultaneous liner equations on R^2, R^3. Determinants of order 2 and 3.

Standard Theorems on determinants Concurrancy and Collinearity.

૧. નવી કૉલેજના જોડાણ માટે આવેલ અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થાન	વિદ્યાશાખા
(૧)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, ટિળક રોડ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને શિક્ષણ
(૨)	ટ્રસ્ટી, લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર, જિ. મહેસાણા	વીસનગર	શિક્ષણ
(૩)	ટ્રસ્ટી, શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ, ટાગોર પાર્ક, અમદાવાદ-૯	અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
(૪)	પ્રમુખ, બયતુલમાલ, અમદાવાદ, કાળુપુર ચકલા, અમદાવાદ-૧	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
(૫)	પ્રમુખ, બયતુલમાલ, અમદાવાદ, કાળુપુર ચકલા, અમદાવાદ-૧	અમદાવાદ (કેવળ મહિલાઓ માટે)	વિનયન અને વાણિજ્ય
(૬)	ટ્રસ્ટી, "સંત પુનિત" એજ્યુકેશન ટ્રસ્ટ, ૫-એ, હરિનગર, શાહઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
(૭)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, ટિળક રોડ, અમદાવાદ-૧	ઈડર (જિ. સાબરકાંઠા)	વિનયન અને વાણિજ્ય
(૮)	મંત્રીશ્રી, બાલાશિનોર વિદ્યામંડળ, ગોલવાડ શેરી, બાલાશિનોર, જિ. ખેડા	બાલાશિનોર	વિનયન અને વાણિજ્ય
(૯)	ટ્રસ્ટી, શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	શિક્ષણ અને વાણિજ્ય
(૧૦)	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, ટિળક રોડ, અમદાવાદ-૧	અમદાવાદ	વાણિજ્ય અને વિજ્ઞાન
(૧૧)	મંત્રી, પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય અને વિજ્ઞાન
(૧૨)	પ્રમુખ, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર	વીસનગર	વાણિજ્ય અને કાયદો
(૧૩)	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, હાજા પટેલની પોળ, કાળુપુર, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થાન	વિદ્યાશાખા
(૧૪)	મંત્રી, શ્રી કચ્છ એજ્યુકેશન સોસાયટી, ઘીડ બ્લ્ડર, ભૂજ-કચ્છ	ભૂજ	કાયદો
(૧૫)	મંત્રી, શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા	ઊંઝા	કાયદો
(૧૬)	મેનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, ટિળક રોડ, અમદાવાદ-૧	મહેસાણા	કાયદો અને શિક્ષણ.

૨. વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખા માટે આવેલ અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	શા માટે ?
(૧)	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વિભાગીકરણ માટે
(૨)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	વિભાગીકરણ તથા જુદી થતી વિનયનની વિદ્યાશાખાના હાલની વાણિજ્યની કૉલેજ સાથે સંયોજન માટે
(૩)	પારેખ બધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	વિભાગીકરણ તથા જુદી થતી વિનયનની વિદ્યાશાખાના હાલની વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ સાથે સંયોજન માટે
(૪)	એલ એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	વિભાગીકરણ તથા જુદી થતી વિનયનની વિદ્યાશાખાના હાલની વાણિજ્યનો કૉલેજ સાથે સંયોજન માટે
(૫)	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ	વિભાગીકરણ તથા ડિપ્લોમા અભ્યાસક્રમોના વધારાના જોડાણ માટે.

૩. વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલ અરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	વિદ્યાશાખા
(૧)	મેનેજર, ગાંધીધામ મૈત્રીમંડળ, આદિપુર-કચ્છ	વિનયન અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ તથા વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
(૨)	બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા, જિ. પંચમહાલ	વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
(૩)	આચાર્ય, આર્ટ્સ કૉલેજ, મહુધા	વિનયનના અભ્યાસક્રમો માટે ચાલુ તથા વધારાનું જોડાણ તથા વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
(૪)	આચાર્ય, શેઠ આર. એ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે
(૫)	આચાર્ય, નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	કાયદાના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તેમજ વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટે.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમોના અમુક મુદ્દાઓ અંગે પુનર્વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૦-૭-૧૯૬૮ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪. તા. ૧૮-૭-૧૯૬૮ના રોજ મળેલ દેખભાળ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ સમિતિના રિપોર્ટમાં જણાવેલ એ.ટી.કે.ટી. અને પાસ વર્ગ ધરાવનાર કેટલાક વિદ્યાર્થીઓ પોતાની જ કૉલેજમાં ઉપલા ધોરણમાં પ્રવેશ પામ્યા વગર રહી ગયા અંગેની પરિસ્થિતિ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

કોઈ પણ એક સંલગ્ન કૉલેજમાં સો સો વિદ્યાર્થીઓના એક એવા કુલ ૧૪થી વધુ વર્ગો રાખી શકાશે નહિ તથા કોઈ પણ એક કક્ષાએ ચારથી વધુ વર્ગો રાખી શકાશે નહિ, સિવાય કે કુલપતિશ્રીની લેખિત પૂર્વમંજૂરી લઈને કોઈ પણ એક કક્ષાએ એક વધુ વર્ગ અને કોઈ પણ વર્ગમાં વધુ ૧૦% વિદ્યાર્થીઓને, વધુમાં વધુ કુલ ૧૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યાને આધીન, પ્રવેશ આપી શકાશે.

ઉપરના ઠરાવને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૦–બી માં ઘટતો સુધારો કરીને તેનો મુસદ્દો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા કાર્યાલયને જણાવવું.

(૨) સદરહુ સમિતિની અન્ય ભલામણો અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિએ કરેલી ભલામણોની બાબતમાં સંબંધકર્તા કૉલેજોની સામે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરીને ચોક્કસ સૂચનો સાથે પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું.

૫. પ્રત્યેક સંલગ્ન કૉલેજ પાસેથી તા. ૩૧મી જુલાઈ સુધીમાં આવવી જોઈતી ઑર્ડિ. ૯૬ પ્રમાણેની માહિતી કેટલીક કૉલેજો પાસેથી સમયમર્યાદામાં આવી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

નિયત સમયમાં સદરહુ માહિતી મોકલવામાં આવી નથી તેને સિન્ડિકેટની આ સભા ગંભીર બાબત ગણે છે અને ઠરાવે છે કે જે તે કૉલેજના આચાર્યને આ બાબતમાં ઘટતી તાકીદ આપીને સદરહુ માહિતી ત્વરિત મોકલવા માટે જણાવવું.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ભારતની યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણ (રમતગમત સહિત) અંગે અભ્યાસ કરી તેના વિકાસ અર્થે ડૉ. સી. ડી. દેશમુખના અધ્યક્ષપણા નીચે નિમાયેલ શારીરિક શિક્ષણ અંગેની સમિતિની આવેલ ભલામણો પર આપણી યુનિવર્સિટીનાં મંતવ્યો રજૂ કરવા માટે સિન્ડિકેટની તા. ૧૭-૫-૧૯૬૮ની બેઠકમાં નિયુક્ત થયેલ ઉપસમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ ઉપસમિતિની ઉપરની ભલામણો પર વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે દેશમુખ સમિતિએ કરેલી ભલામણોની બાબતમાં આ યુનિવર્સિટીનાં મંતવ્યો આ સાથે જણાવેલ પરિશિષ્ટ મુજબ લખી જણાવવાં.

(સદરહુ મંતવ્યોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. સિન્ડિકેટે મંજૂર કરેલ શારીરિક શિક્ષણ સુધારણા માટેની યોજના (જેનો અંગ્રેજી પાઠ સંલગ્ન કૉલેજોને ૧૯૫૫માં પરિપત્રિત કરવામાં આવ્યો હતો) તે મંજૂર કરીને તેમાં અઠવાડિયાના તાસ અંગે ઉમેરો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના સભામાં સૂચવાયેલ સુધારા સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યોજનાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૮. તા. ૨૩-૧૧-૧૯૬૭ના રોજ કુલપતિશ્રીની સૂચનાથી સંલગ્ન કૉલેજોના, માન્ય સંસ્થાઓના અને યુનિવર્સિટી ભવનોનાં વિદ્યાર્થીમંડળોના વરિષ્ઠ હોદ્દેદારોની બોલાવેલ અવિધિસરની સભામાં થયેલ નીચેનાં સૂચનો (જાણ સારુ):

"(૧) યુનિવર્સિટી કક્ષાએ એક વિદ્યાર્થીમંડળ હોવું જોઈએ અને પ્રત્યેક કૉલેજમાં એક સમાન બંધારણ ધરાવતું મંડળ હોવું જોઈએ અને તે સરકારમાન્ય પણ હોય, જેથી તેમના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ બધાની વચ્ચે થઈ શકે.

નાનાં ગામોની કૉલેજમાં વિદ્યાર્થીમંડળ હોય છે તથા પ્રિન્સિપાલ વગેરે સત્તા ધરાવે છે અને હિસાબ વગેરે માટે ઘટતી વ્યવસ્થા વિદ્યાર્થી પ્રતિનિધિ કરી શકતા નથી તે અંગે ઘટતું થવાની જરૂર લાગે છે.

(૨) પ્રત્યેક કૉલેજમાં યોગ્ય અને જરૂરી સંખ્યા મુજબ છાત્રાલય હોવું જોઈએ. માન્યતા આપતી વખતે વધારે પડતી છાત્રાલયની ફી ન લેવાય તેમ જરૂરી સંખ્યામાં છાત્રોને લઈ શકાય તેવી સગવડ મળે તે જોવાય તથા કૉલેજની તપાસ કરાય ત્યારે વિદ્યાર્થી પ્રતિનિધિને મળવાનું રખાય.

(૩) યુનિવર્સિટીના મહત્ત્વ ધરાવતા નિર્ણયો—માધ્યમ જેવા—જ્યારે લેવાતા હોય ત્યારે વિદ્યાર્થીઓને વિશ્વાસમાં લઈ તેમને ઘટતી માહિતી આપવી જોઈએ.

(૪) યુનિવર્સિટી કાર્યાલયમાં ફરિયાદ-પેટી રખાય તથા ફરિયાદ ઉપર ઘટતું ધ્યાન અપાય.

(૫) પરીક્ષા-ફૉર્મની સાથે જ ગુણપત્રકની ફી મેળવી લઈ પરીક્ષાના પરિણામ પછી ગુણપત્રક વિદ્યાર્થીને ઘરે મળે તેમ કરવું.

(૬) કૉલેજની ફી વગેરે અંગે સરકાર તરફથી જે કોઈ નિર્ણય લેવાય તેની માહિતી વિદ્યાર્થીઓને આપવી જોઈએ તેમ જ વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્નો અંગે હડતાલ વગેરેનો આશ્રય લેવાની ફરજ પડે તે પહેલાં નિકાલ લવાય તે જોવું.

(૭) વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કોઈ પક્ષ પાસે તે ન લઈ જતાં કુલપતિશ્રી સમક્ષ નિરાકરણ અર્થે લઈ જવો જોઈએ.

(૮) યૂથ ફેસ્ટિવલ ઑર્ગેનાઇઝેશન સમિતિ દ્વારા જે નિર્ણયો અપાયા અને એક બે કૉલેજોને જ ઘણાં ઇનામો અપાયાં તેથી કાંઈક અસંતોષ થયો તો તે અંગે ઘટતું થવું જોઈએ.

(૯) રિસર્ચ માટેની ચોપડીઓ અટિરા (અમદાવાદ)માં જ ઉપલબ્ધ છે તો બહારની કૉલેજોને કઈ લબ્ધ છે ?

(૧૦) વિદ્યાર્થીઓ માટે માહિતી આપતી તથા સલાહ આપતી સંસ્થા જોઈએ.

(૧૧) ઈ.બી.સી. અંગે યોગ્ય કરવું જોઈએ. ઈ.બી.સી. વિદ્યાર્થીઓને ફીમાં, પુસ્તકોમાં વગેરે રાહત મળે તેમાં વાંધો નહિ, પણ તેમને ઓછા ગુણ હોય તોપણ મેડિકલ, ઇજનેરી વગેરેમાં જવા રાહત અપાય તે ન હોવું જોઈએ.

(૧૨) કૉલેજના ટેસ્ટમાં ફર્સ્ટ કલાસ ગુણ આવતા હોય અને યુનિવર્સિટી પરીક્ષા વખતે સંજોગવશાત્ ફર્સ્ટ કલાસ ન આવે તેથી તેવા વિદ્યાર્થીની કેરિયર બગડે ? પરીક્ષાપદ્ધતિમાં ફેરફાર કરવો જરૂરી છે.

(૧૩) એફ.વાય.માં એ.ટી.કે.ટી. આવે તે અંગે વર્ષમાં બે ટેસ્ટ રાખવા.

(૧૪) આર્ટ્સ, સાયન્સ, કૉમર્સમાં પ્રેક્ટિકલ ટ્રેનિંગ વધે તે માટે ઉદ્યોગોમાં થોડા સમય રખાય તે અંગે કાંઈ થાય."

સદરહુ સૂચનોની નોંધ લેવામાં આવી. તે પછી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં એક કેન્દ્રસ્થ વિદ્યાર્થીમંડળની રચના અંગે વિચારણા કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય વાય. પી. શુક્લ
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૪. શ્રી. મણિશંકર પી. પંડ્યા
૫. ડૉ. જયંત બી. હરિભક્તિ
૬. ડૉ. પી. સી. વૈદ્ય
૭. ડૉ. ધીરુભાઈ ઠાકર.

૯. તા. ૧-૨-૧૯૬૭, તા. ૧-૩-૧૯૬૭ અને તા. ૧-૬-૧૯૬૭થી અમલમાં આવેલ મોંઘવારી ભથ્થાંની સંપૂર્ણ ચુકવણી કેટલીક કૉલેજોએ હજુ કરેલ ન હોઈ તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા કૉલેજો સામે શાં ચોક્કસ પગલાં લેવાં તે અંગે વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે દેખભાળ સમિતિને જણાવવું.

૧૦. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટમાં વર્ષ ૧૯૫૮-૫૯, ૧૯૫૯-૬૦ તથા ૧૯૬૦-૬૧ દરમિયાન શ્રી. એફ. આઈ. કાદિયાણી નામના વિદ્યાર્થીએ એમ.એ.ના વર્ગમાં ખોટી હાજરી પુરાવી હોવાની આવેલી ફરિયાદ અંગે વિદ્યાર્થીનો ખુલાસો માંગતાં તેના તા. ૨૯-૭-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરીને એ બાબતમાં ઘટતું કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિને જણાવવું :

૧. ડૉ. યશવંતરાય ગુલાબભાઈ નાયક
૨. શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી.

૧૧. યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજના અંગે તપાસ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મોકલવામાં આવેલ તપાસસમિતિનાં કેટલાંક સૂચનો/વિધાનો અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨. રાજ્ય સરકાર તરફથી ૧૯૬૧-૬૨ની રૂા. ૫,૬૭,૪૦૬-૦૦ની ગ્રાન્ટના સંદર્ભમાં ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪ના વર્ષમાં અનુક્રમે રૂા. ૩,૦૦,૦૦૦નાં અને રૂા. ૨,૪૫,૨૭૪-૭૧ની બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ મળેલી છે (જે અંગે સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભાને રિપોર્ટ કરવામાં આવેલ) તે અંગે કાર્યાલયની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તથા બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટના પ્રશ્નો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને આ યુનિવર્સિટી તરફથી ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવા માટે નીચે જણાવેલા સભ્યોનું બનેલું પ્રતિનિધિમંડળ રચવું :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી
૩. આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ
૪. ડૉ. યશવંતરાય ગુલાબભાઈ નાયક
૫. શ્રી. કુલસચિવ
૬. શ્રી. નાયબ કુલસચિવ (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ).

૧૩. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામને યોગ્ય લાયકાત ધરાવતા પૂર્ણ સમયના વાણિજ્યના પ્રાધ્યાપક નહીં મળતા હોવાથી શ્રી. એ. એન. શાહની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂકને મંજૂર કરવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૮ની જોડાણઅરજી પરત્વે મૂકેલ શરતોના પરિપાલનના સંદર્ભમાં શ્રી. પી. સી. શાહની નિમણૂક કર્યા સિવાય તેઓની પૂરા સમયના પ્રાધ્યાપક તરીકે નિમણૂક કર્યાની યુનિવર્સિટીને માહિતી કૉલેજે મોકલી હતી.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એન. શાહની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક મંજૂર કરવી નહિ અને કૉલેજને જણાવવું કે યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક ત્વરિત કરવી અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહિ તો સંબંધકર્તા વિદ્યાર્થીઓને ચાલુ વર્ષના બાકી સત્રથી સદરહુ કૉલેજમાં ચાલુ રાખી શકાશે નહિ.

(૨) સદરહુ કૉલેજના જોડાણની શરતોના પરિપાલનના હેવાલમાં શ્રી. પી. સી. શાહની નિમણૂક કર્યા વિના તેમની નિમણૂક કર્યાની જાણ યુનિવર્સિટીને કરવામાં આવી તે બાબતને સિન્ડિકેટની આ સભા તદ્દન અઘટિત ગણે છે અને સદરહુ કૉલેજને ઠપકાનો ઘટતો પત્ર લખવા શ્રી. કુલસચિવને જણાવે છે.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક મળી શકતા ન હોય તે કૉલેજોને યુનિવર્સિટીના એમ્પ્લોયમેન્ટ ઍન્ડ ઇન્ફર્મેશન બ્યુરોના પ્રોફેસર-ઇન-ચાર્જનો સંપર્ક સાધવા જણાવવું અને સદરહુ બ્યુરોના પ્રોફેસર-ઇન-ચાર્જને પણ તે અંગે ઘટતી મદદ કરવા માટે જણાવવું.

૧૪. કૉટેજ હૉસ્પિટલ, લુણાવાડાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત ટ્રેનિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે તે હૉસ્પિટલના મેડિકલ ઑફિસરના તા. ૧૭-૭-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. જે. બી. હરિભક્તિ
૨. ડૉ. ઈ. એમ. બેરટ.

૧૫. મહેનતાણાના દરની પુસ્તિકામાં થર્ડ બી.એસસી. માઇક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે ફર્શાવેલ લેબોરેટરી સ્ટાફ અપૂરતો હોઈ માઇક્રોબાયોલોજીની અભ્યાસ-સમિતિના અધ્યક્ષે સૂચવ્યા મુજબનો સ્ટાફ કાયમી ધોરણે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ બી.એસસી.માં માઇક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે ૩૦ વિદ્યાર્થીઓની બૅચ માટે નીચે જણાવ્યા મુજબનો સ્ટાફ મંજૂર કરવો :

(A batch to consist of 30 students)

Subject	*Days for Preparation*	*Days for cleaning up*	*Expert Asst.*	*Laboratory Asst.*	*Store-keeper*	*Hamals*
Microbiology (Medical-Chemistry and Agriculture)	3 days 3 Exp. Asst. 2 Lab. Asst. 1 Store-keeper 3 Hamals	2 days 2 Lab. Asst. 1 Store-keeper 3 Hamals	3	2	1	4

૧૬. યુનિવર્સિટીનાં ભાષા-સાહિત્ય ભવન, સમાજવિદ્યા ભવન, મનોવિજ્ઞાન, શિક્ષણ-શાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન ભવન અને વિજ્ઞાન વિદ્યાભવનમાં સાંજના વર્ગો શરૂ થતાં અન્ય

કેન્દ્રોમાંથી જે તે ભવનમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓની ફી મૂળ કેન્દ્રમાંથી જે તે ભવનમાં ટ્રાન્સફર કરવાની કુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૬. શ્રી. વાય. ડી. વ્યાસના "A Linguistic Study of Bhili Dialect (A descriptive study of Central and North Bhili)" એ શીર્ષક હેઠળનો ભાષા-વિજ્ઞાન વિષય પરનો પદ્વી માટેનો મહાનિબંધ પીએચ.ડી. પદ્વી માટે સ્વીકારવા અંગે ત્રણ રેફરીઓ વચ્ચે મતભેદ પડેલો હોઈ ચોથા રેફરીની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—ઑર્ડિનન્સ ૪૨૧ મુજબ આવા સંજોગોમાં સિન્ડિકેટે ચોથા રેફરીની નિમણૂક કરવાની હોય છે. સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાએ વધારાના રેફરી તરીકે ડૉ. બી. જે. સાંડેસરાની નિમણૂક કરેલી હતી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન લેબર વેલ્ફેર તરીકે કામ કરતા ડૉ. પરેશ મજમુદાર સાથે સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે રૂા. ૩-૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાના કરારના મુસદ્દામાં નીચે પ્રમાણે વધારાનું Clause ઉમેરી કરારનામું કરવા અંગે વિચારણા કરવા બાબત:

"This agreement has been executed subject to the final disposal of the appeal of the Gujarat University pending before the Supreme Court of India against the Gujarat High Court Order in Application No. 392 of 1968."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામાના મુસદ્દામાં ઉપર મુજબની કલમ ઉમેરવી.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં, ગણિત વિભાગમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય વડે "ઇન-સર્વિસ ઇન્સ્ટિટ્યૂટ ફોર કૉલેજ ટીચર્સ ઇન મેથેમેટિક્સ" અંગે યોજવામાં આવેલ વર્ગમાં નીચે જણાવેલ શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને વધારાનું કામ કરવા તથા તે અંગેનું વધારાનું નીચે જણાવેલ મહેનતાણું સ્વીકારવા અંગેની પરવાનગી આપવા માટે ભવનના અધ્યક્ષશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	વ્યાખ્યાનોની સંખ્યા	મહેનતાણાની રકમ
૧.	ડૉ. પી. સી. વૈદ્ય	૨૦	રૂા. ૫૦૦-૦૦
૨.	શ્રી. એચ. એન. રાવળ	૨૫	રૂા. ૬૨૫-૦૦
૩.	શ્રી. ડી. એસ. બસન	૨૫	રૂા. ૬૨૫-૦૦
૪.	ડૉ. એ. એમ. વૈદ્ય	૨૫	રૂા. ૬૨૫-૦૦
૫.	શ્રી. આઈ. એચ. શેઠ	૧૮	રૂા. ૪૫૦-૦૦
૬.	શ્રી. એમ. એન. પટેલ, જુ. ક્લાર્ક		રૂા. ૧૦૦-૦૦ એક સત્ર દીઠ
૭.	શ્રી. બી. જે. પરમાર, પટાવાળા		રૂા. ૮૦-૦૦ ,, ,,
૮.	શ્રી. ડી. જે. પરમાર, પટાવાળા		રૂા. ૮૦-૦૦ ,, ,,

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપર જણાવેલા કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કામ માટે ઉપર મુજબનું વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૦. સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો શરૂ થતાં વધેલા કામને લક્ષમાં લઈને એક હંગામી પટાવાળાની દૈનિક ધોરણે નિમણૂક કર્યા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૧. સુરત અને ભરૂચ જિલ્લામાં અતિવર્ષાના કારણે નર્મદા અને તાપીમાં આવેલા પૂરના કારણે સર્જાયેલી કારમી દુર્ઘટનામાં સહાયભૂત થવા કાર્યાલયના દસથી બાર સભ્યો ત્યાં જઈ શકે તે માટે તેઓને ચાલુ પગારે એક અઠવાડિયાની રજા મંજૂર કરવા માટે કેટલાક કર્મચારીઓની માંગણી મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે યુનિવર્સિટી કાર્યાલયના જે ૧૧ સભ્યોને ચાલુ પગારે એક અઠવાડિયાની રજા, ઉપર મુજબ, મંજૂર કરવામાં આવી હતી તેમનો, પોતાને આપવામાં આવેલ રૂા. ૫૦ની તસરમાત (advance) ખર્ચ તરીકે મંજૂર કરવાની વિનંતી કરતો તા. ૩૦-૮-૧૯૬૮નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી સભાગૃહે ઠરાવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, તથા ઉપર જણાવેલા ૧૧ સભ્યોને પ્રત્યેકને રેલવેનું (ત્રીજા વર્ગનું) અને/અથવા બસભાડાનું ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રેલવે અને/અથવા બસભાડાના ખર્ચની આ મંજૂરીને ભવિષ્યમાં કોઈ પણ સંજોગોમાં શિરસ્તા તરીકે ગણવામાં આવશે નહિ.

૨૨. આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિની તા. ૨-૮-૧૯૬૮ની સભાના ઠરાવ નં. ૫ અને ૭માં કરેલી નીચેની ભલામણો મંજૂર કરવા બાબત :

(૧) ઠરાવ નં. ૫ :

"ઠરાવવામાં આવ્યું કે બે વૉર્ડબૉયમાંથી એક વૉર્ડબૉયની જગ્યા કમી કરી, ડ્રેસરની નવી જગ્યા ઊભી કરવી અને તે જગ્યાએ હાલમાં જે બે વૉર્ડબૉયની જગ્યા છે તેમાંથી સિનિયર વૉર્ડબૉયને ડ્રેસરની જગ્યામાં નીમવા અને ડ્રેસરની જગ્યા માટે વૉર્ડબૉયના રૂા. ૪૫-૩-૬૦-૪-૯૨ પગારધોરણને બદલે રૂા. ૫૦-૩-૬૨-૪-૯૦-૫-૧૦૦નું પગારધોરણ રાખવું એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) ઠરાવ નં. ૭ :

"ઠરાવવામાં આવ્યું કે આરોગ્યકેન્દ્રમાં સારવાર લેતા દરદીઓની સંખ્યામાં થતો સતત વધારો જોતાં, કેસ લખવા, ફી લઈ તેનો હિસાબ રાખવા, સ્ટોર સાચવવા, પત્રવ્યવહાર કરવા તથા અન્ય ચોપડા રાખવા વગેરે કારકુની કામમાં કમ્પાઉન્ડરને મદદ કરવા વહેલી તકે એક ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા મંજૂર કરવા સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૩. મંગુશા હૉસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ, બીલીમોરાને એ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"On looking to the staff and the amount and the type of work that is done we recommend that either two male doctors or two female doctors (one for Surgery and one for Obstetrics and Gynaecology) can be posted for rotating housemanship at the above hospital. The hospital authorities should be requested to employ a Laboratory Technician immediately and an X-Ray Technician, if possible. As there is no catering in the premises the rotating housemen will have to make their own arrangements."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની સૂચના મુજબ મંગુશા હૉસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ, બીલીમોરાને બે પુરુષ હૉકટરો માટે અને બે સ્ત્રી હૉકટરો એમ ચાર હૉકટરો માટેની રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવી.

૨૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દા	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. વી. બી. શાહ	સિનિ. ક્લાર્ક	૫-૧૦-૧૯૬૮	૬-૧૦-૧૯૬૮
૨.	,, આર. કે. યાજ્ઞિક	,,	,,	,,
૩.	,, જે. જે. ચૌહાણ	,,	,,	,,
૪.	,, એન. સી. ત્રવાડી	,,	,,	,,
૫.	,, બી. વી. મહેતા	,,	,,	,,
૬.	,, એસ. ડી. ભટ્ટ	,,	,,	,,
૭.	,, એન. આર. જોશી	,,	,,	,,
૮.	,, એમ. બી. દવે	,,	,,	,,
૯.	,, ડી. એન. પંચાસરા	,,	,,	,,
૧૦.	કુ. ઇન્દુબહેન પટેલ	,,	,,	,,
૧૧.	શ્રી. એ. બી. દવે	,,	૮-૧૦-૧૯૬૮	૯-૧૦-૧૯૬૮
૧૨.	,, કે. જે. શાહ	સિનિ. ટાઇપિસ્ટ	૫-૧૦-૧૯૬૮	૬-૧૦-૧૯૬૮
૧૩.	,, આર. એમ. શેઠ	,,	,,	,,
૧૪.	,, પી. પી. મહેતા	સિનિ. ઑપરેટર	,,	,,
૧૫.	,, બી. એમ. જાની	,,	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. વી. મહેતાનો અજમાયશી સમય વધુ છ માસ માટે લંબાવવો, જ્યારે સર્વશ્રી પી. પી. મહેતા અને બી. એમ. જાનીનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તે ત્રણેય સભ્યોને ઘટતો પત્ર લખીને જણાવવું કે લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામ સંતોષકારક જણાશે નહિ તો તેમને તેમની મૂળ જગ્યા પર પાછા ઉતારો મૂકવાનું આવશ્યક ગણાશે.

તે પછી ઉપર જણાવેલા બાકીના બીજા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૨૫. યુનિવર્સિટી ગ્રંથાલયમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. એસ. જોશીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૫-૧૦-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૬-૧૦-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. એસ. જોશીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એસ. જોશીને તા. ૬-૧૦-૧૯૬૮થી સિનિયર ક્લાર્કનો જગ્યા પર કાયમ કરવા.

૨૬. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દા	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એમ. કે. કદમ	હેડ બાઇન્ડર	૨૫-૧૦-૧૯૬૮	૨૬-૧૦-૧૯૬૮
૨.	,, બી. જી. ભાવસાર	જુ. કંપોઝીટર	૨૭-૧૦-૧૯૬૮	૨૮-૧૦-૧૯૬૮
૩.	,, એ. એમ. પટેલ	,,	,,	,,
૪.	,, એમ. સી. ખલાસ	,,	૨૯-૧૦-૧૯૬૮	૩૦-૧૦-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૭. સને ૧૯૬૭-૬૮થી શરૂ થતા ત્રણ વર્ષના સમય માટે આવર્તક બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ કામચલાઉ ધોરણે આ યુનિવર્સિટી માટે રૂા. ૪,૧૬,૦૦૦ (તથા સ્ટાફ વગેરેના પગારવધારા અંગેના ખર્ચ માટે, અગાઉના વર્ષની ગ્રાન્ટના ૩½ ટકા પ્રમાણેના પ્રતિવર્ષ વધારા સાથે ઉપરાંત ત્રીજી પંચવર્ષીય યોજના અંગેના સ્ટાફનું પૂરેપૂરું ખર્ચ અને તા. ૧-૩-૧૯૬૭ પછી મોંઘવારી ભથ્થામાં થયેલા વધારાના ખર્ચના ૮૦ ટકા) ગુજરાત રાજ્ય સરકારે તેમના તા. ૧૬-૭-૧૯૬૮ના પત્રાંક યુ. એસ. જી. ૧૨૬૭-ખ તથા તા. ૨૪-૭-૧૯૬૮ના પત્રાંક યુ. એસ. જી. ૧૨૬૭-ખથી મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પણ જરૂરી વિચારણા કરીને ઘટતી રજૂઆત કરવા માટે બાબત નં. ૧૨ના ઠરાવમાં જણાવેલ પ્રતિનિધિમંડળને જણાવવું.

૨૮. ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. નીચેના સેનેટ-સભ્યોને કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ બેનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	આચાર્ય હરજીવન વી. સુથાર, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	(૧) અર્થશાસ્ત્ર (૨) એક્ચુરિયલ સાયન્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સ
૨.	,, ભાનુપ્રસાદ એમ. ઠાકર, એમ.એ.	,,	(૧) અર્થશાસ્ત્ર (૨) સમાજશાસ્ત્ર
૩.	,, રસિકલાલ સી. ત્રિપાઠી, એમ.એ.	,,	(૧) સંસ્કૃત (૨) પાલિ
૪.	,, વસંત નારાયણ નેશી	,,	(૧) અંગ્રેજી (૨) —
૫.	,, દાઉદભાઈ અહમદભાઈ ઘાંચી, એમ.એ.	,,	(૧) એજ્યુકેશન (૨) અંગ્રેજી
૬.	,, બહેચરભાઈ એમ. પટેલ, એમ.એ.	વાણિજ્ય	(૧) અર્થશાસ્ત્ર (૨) કૉમર્સ
૭.	,, ધીરજલાલ એચ. વેલ્વન, એમ.કૉમ.	,,	(૧) કૉમર્સ (૨) અર્થશાસ્ત્ર
૮.	,, અશ્વિનકુમાર બી. વ્યાસ, એમ.કૉમ.	,,	(૧) કૉમર્સ (૨) એકાઉન્ટિંગ ઇન્ક્લ્યુડિંગ કૉસ્ટિંગ
૯.	,, પ્રફુલ્લકુમાર આર. દેસાઈ, એલએલ.બી.	કાયદો	(૧) જુરિસ્પ્રુડન્સ (૨) ક્રાઇમ્સ
૧૦.	,, ચંદુલાલ કરસનદાસ અકૂવાલા	શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	(૧) સંસ્કૃત (૨) એજ્યુકેશન
૧૧.	,, હીરાલાલ અંબાલાલ પટેલ	વાણિજ્ય	(૧) કૉમર્સ (૨) એકાઉન્ટિંગ ઇન્ક્લ્યુડિંગ કૉસ્ટિંગ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવું.

૩૦. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશનના સહકારથી મધ્યસ્થ સરકાર તરફથી નવી દિલ્હી મુકામે તા. ૧૪મી ઑક્ટોબરથી તા. ૨૩મી નવેંબર ૧૯૬૮ દરમિયાન "Immunology on Cellular and Molecular Basis of the Immune Response" નામક બે વર્કશોપ યોજનાર હોઈ તેમાં કોઈ બે પ્રતિનિધિઓનાં નામ સૂચવવા વિનંતી કરતા ભારત સરકારના તા. ૬-૬-૧૯૬૮ના પત્રાંક એફ. ૨-૯-૬૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બે વર્કશોપમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ કે પ્રતિનિધિઓને મોકલવા કે કેમ તે અંગે નિર્ણય કરવા માટે તથા મોકલવાનું ઠરાવવામાં આવે તો કોને મોકલવા તે અંગે પણ નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. તા. ૨૫થી ૨૭ ઑક્ટોબર ૧૯૬૮ દરમ્યાન મુંબઈ મુકામે મળનાર ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સ ઍસોસિયેશનના ૩૦મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ ઍસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧૨-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સાયન્સ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. ડી. એન. પાઠકને મોકલવા.

૩૨. યુનિવર્સિટીમાં સેન્ટ્રલ સ્ટોર્સ, કેમ્પસ ઉપર સહકારી ધોરણે શરૂ કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૮-૨-૧૯૬૮ની સભામાં કરેલ ઠરાવ અનુસાર કુલસચિવશ્રીના આદેશ મુજબ આ અંગેના બાય-લોઝ તૈયાર કરી ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને મોકલવામાં આવેલ, જેમાં તેઓશ્રી તરફથી અમુક સુધારાવધારા સૂચવેલ તે પ્રમાણે જરૂરી સુધારો કરી નોંધણી અંગેની દરખાસ્ત મોકલી આપવા અંગેના તેમના તા. ૫-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૩. ફાઇનાન્સ કમિટીની તા. ૨૮-૮-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની સભા કોરમના અભાવે તા. ૨૮-૮-૧૯૬૮ના રોજ મળી શકી નહોતી તેથી આ બાબત પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૪. ઑર્ડિ. ૧૮૫ અનુસાર નીચેની હાઇસ્કૂલોને "પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ" તરીકે માન્યતા આપવાની શિક્ષણ કૉલેજ, પાટણના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત:

૧. શેઠ એમ. એન. હાઇસ્કૂલ, પાટણ
૨. બી. ડી. સાર્વજનિક વિદ્યાલય, પાટણ
૩. શેઠ વી. કે. ભુલા હાઇસ્કૂલ, પાટણ
૪. શેઠ બી. એમ. હાઇસ્કૂલ, પાટણ
૫. શ્રીમતી કે. કે. કન્યા વિદ્યાલય, પાટણ

૬. નૂતન વિનયમંદિર, પાટણ
૭. શ્રી ગુરુકુળ વિદ્યામંદિર, પાટણ
૮. ન્યૂ એરા હાઈસ્કૂલ, પાટણ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ૮ શાળાઓને "પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ" તરીકે માન્ય કરવી.

૩૫. **એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવીઓ ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકે નિમણૂક અંગે, પ્રત્યેક કેસના ગુણદોષ તપાસીને નીચે જણાવેલી સમિતિની ભલામણને આધારે, ઘટતો નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. સંબંધકર્તા વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. સંબંધકર્તા અભ્યાસસમિતિના અધ્યક્ષ
૩. કુલપતિ-નિયુક્ત એક નિષ્ણાત."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૬. **ઑર્ડિ. એમ.એસસી. ૨-એ નીચે પ્રમાણે ચંચાય તે રીતે ઘડવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

O. M.Sc. 2(a) :

"On a new application being forwarded and a fresh fee paid, a candidate who has already passed the M.Sc. Degree Examination with one Branch or a group of subjects, be allowed to re-appear at the M.Sc. Degree Examination in another branch or a group of that subject with which he has passed the said examination, provided he has kept two additional terms Part II Examination in that branch or group of subjects."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.એસસી. ૨(એ) મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૭. **ઇજનેરી વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :**

"આ સભા ભલામણ કરે છે કે ઇજનેરી વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવતી કૉલેજો માટે ડ્રૉઇંગ અને ડિઝાઇન, પ્રાયોગિક કામ તથા વર્કશૉપ માટે શિક્ષકગણ નીચે મુજબ રાખવો :

ડ્રૉઇંગ અને ડિઝાઇન, પ્રાયોગિક કામ માટે

બી.ઇ. ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ માટે :
એક શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૧૫ વિદ્યાર્થીઓ
બી.ઇ. ફૉર્થ અને ફિફ્થ માટે
એક શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૧૦ વિદ્યાર્થીઓ

વર્કશોપ માટે

બી.ઈ. ફરર્ટ, સેકન્ડ અને થર્ડ માટે :

ઇન્સ્ટ્રક્ટર ઉપરાંત એક શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૩૦ વિદ્યાર્થીઓ

બી.ઈ. ફોર્થ અને ફિફ્થ માટે

ઇન્સ્ટ્રક્ટર ઉપરાંત એક શિક્ષક દીઠ વધુમાં વધુ ... ૨૦ વિદ્યાર્થીઓ"

સદરહુ બાબતની વિચારણા સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં બાબત નં. ૧૩૨થી કરવામાં આવેલી હોઈ તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૮. ઇજનેરી વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે ઑ. ૨૧૭-એ મુજબ ડિપ્લોમા પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને બી.ઈ.ના અભ્યાસક્રમના સેકન્ડ ઇયર એન્જિનિયરિંગના વર્ષમાં પ્રવેશ આપ્યો છે ને ઑ.ર્ડનન્સ મુજબ વિદ્યાર્થીએ એફ.ઈ.ની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા (૧) મેથેમેટિક્સ, તથા (૨) એપ્લાઇડ મિકેનિકસનાં પ્રશ્નપત્રોની પરીક્ષા પાસ કરવી આવશ્યક હતી, પરંતુ હવે એફ.ઈ.ની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા લેવાતી ન હોવાથી બી.ઈ. સેકન્ડના મેથેમેટિક્સ ૩ અને ૪ થિયરી તથા એન્જિનિયરિંગ મિકેનિકસ ૧ થિયરીની પરીક્ષા તેના બદલે આપવાની આવશ્યક રહે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે એફ.ઈ. જૂના અભ્યાસક્રમમાં એ.ટી.કે.ટી. મળી હોય અને એસ.ઈ.ના જૂના અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો હોય એવા વિદ્યાર્થીઓને એફ.ઈ.ની જે વિષયની પરીક્ષામાં નાપાસ થયા હોય તે તે વિષયના બી.ઈ. સેકન્ડના કોરસ્પોન્ડિંગ વિષયોની થિયરી પરીક્ષા આપવાની આવશ્યકતા રહેશે."

સદરહુ બાબતની વિચારણા સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં બાબત નં. ૧૩૨થી કરવામાં આવેલી હોઈ તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૯. કેમિકલ એન્જિનિયરિંગના વિષયની અભ્યાસસમિતિ ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાની કેમિકલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિ રચવા માટે જરૂરી જોગવાઈ કરવા સેનેટને ભલામણ કરવી.

૪૦. કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની લાયકાત, ઇજનેરી વિદ્યાશાખા માટે નિયત કરેલા નિયમો મુજબ રાખવા તથા તે માટે ઇજનેરી વિદ્યાશાખાના અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણોમાં નીચે મુજબ નોંધ ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The qualifications and experience required for various categories of posts (for teaching Chemical Engineering course subjects) shall

be the same as that prescribed for the Faculty of Technology including Engineering. It is clarified that, the degree should be in Chemical Engineering for teaching Chemical Engineering subjects and the teaching experience should be in a degree college teaching Chemical Engineering courses."

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખામાં સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણોમાં ઉપરની નોંધ ઉમેરવી.

૪૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં શીખવાતા ફન્ટેન્ટ કોર્સના શિક્ષણ માટે જે તે વિષયમાં ઓછામાં ઓછી લેક્ચરરની જગ્યા માટેની લાયકાત ધરાવનાર વ્યક્તિને અગર તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આયોજિત ગ્રીષ્મવર્ગોમાં તાલીમ પામેલા શિક્ષકને તે વિષયનું શિક્ષણકામ સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૨. ટી.વાય.બી.એ., ટી.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.કૉમ.ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે ૧૯૬૯ના ઓક્ટોબરથી એક વધારાની પરીક્ષા લેવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૩. એમ.ડી. ડર્મેટોલોજીની એક શાખા ઉમેરવા અને તેનો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવા તથા સંબંધકર્તા રેગ્યુ. ૧૮૫માં જરૂરી સુધારો કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"M.D. Dermatology — Branch XI :

Paper I : Anatomy, Physiology and General Medicine as applied to Dermatology and Venereology.

Paper II : Dermatology.

Paper III : Venerial Disorders and Leprosy.

Paper IV : An essay on modern trends and developments

Practicals and Oral Examinations will include :

(1) Clinical cases

(2) Practical work

(3) Identification of laboratory specimens and slides add (Viva)."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૧૮૫માં ઉપર મુજબ જરૂરી સુધારો કરવો તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૧૮૫ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૪. ઑર્ડિ. ૧૩૯ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

O. 139 :

"Where a candidate in a University examination other than the Entrance Examination fails in any single head of passing (whether distinct head, a sub-head or a group-head of a grand total), his failure in that head of passing shall be condoned as follows :

	Where the head of passing consists of	*Maximum marks for condonation*
1.	Less than 100 marks	2
2.	100 marks	3
3.	More than 100 but not more than 200 marks	4
4.	More than 200 marks	2 per cent subject to a maximum of 10 marks.

A candidate whose failure is condoned under this Ordinance shall be eligible for classes in the same way as other successful candidates, but not for scholarship or other awards.

The condonation marks shall not be counted for the purpose of eligibility of a class.

Provided that if the standard of passing in the different subjects at any examination is 50 % or more, condonation to the extent mentioned above may be given in not more than two heads of passing each being under a different subject for the purpose of passing or exemption in that subject or subjects, and provided further that in the case of the examination under the Faculty of Technology including Engineering and in the various examinations in Pharmacy if a candidate fails in not more than two heads of passing, condonation in the matter provided for hereinabove shall be permitted."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૩૯ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૫. કાયદાની વિદ્યાશાખાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમના દરેક પેપરમાં વિદ્યાર્થીની અર્થગ્રહણ શક્તિની કસોટી થાય તે પ્રમાણે અંગ્રેજીમાં ફકરો મૂકી ૧૫ માર્કસનો પ્રશ્ન પૂછવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવી.

૪૬. રેગ્યુ. એમ.એ. ૮ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ના સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(*b*) Special Course will consist of two papers covering 200 marks (each paper carrying 100 marks).

(*c*) There will be a viva-voce examination of 100 marks to test the familiarity of the candidate with basic concepts of Mathematics pertaining to his field of specialisation. The headings of the various papers indicating the subject matter will be as under :

(The details remain unchanged.)

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. એમ.એ. ૮ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ના સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૪૭. ઑર્ડિ. એસસી. ૬-એ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે ઘડવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. Sc. 6(a) :

"Notwithstanding anything contained elsewere in the rules of the University, a student who has not taken Mathematics at F.Y.B.Sc. level may, if he so chooses, take Physics as a special subject at S.Y.B.Sc., provided that he will be required to pass the papers in Mathematics before he can be admitted to T.Y.B.Sc. Class."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો ઑર્ડિ. એસસી. ૬-એ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૮. આંતરિક મૂલ્યાંકનની બાબતમાં એક સંશોધન એકમ (Research cell) ઊભો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૯. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ભૂતપૂર્વ રીડર શ્રી. રાજેન્દ્રકુમારને સ્ટાફ ક્વાર્ટર્સમાં વધુ બે માસ રહેવા દેવા માટે કુલપતિશ્રીએ આપેલ પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૦. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં સાંજના અનુસ્નાતક વર્ગ શરૂ થયાને કારણે તાત્કાલિક જરૂર જણાતાં તા. ૧૫-૧૦-૧૯૬૮ સુધી બંડ સમયના એક લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા રૂા. ૧૦૦ના ઉચ્ચક પગારથી હંગામી ધોરણે ઊભી કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવા.

૫૧. ગુજરાત રાજ્યની ૧૦ વર્ષની પડતર રકમની લોન અંગે યુનિવર્સિટી તરફથી તેમાં નાણાં રોકવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની સદરહુ લોનમાં રૂપિયા એક લાખનું રોકાણ કરવું.

૫૨. યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું ટૂંકી મુદતમાં અથવા લાંબી મુદતમાં રોકાણ કરવા માટે (૧) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના તા. ૮-૭-૧૯૬૮ના, (૨) યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાના તા. ૩૦-૪-૧૯૬૮ના, (૩) ધી યુનાઇટેડ કમર્શિયલ બેંક લિ.ના તા. ૨-૫-૧૯૬૮ના, તથા (૪) ધી યુનિયન બેંક ઓફ ઇન્ડિયા લિ.ના તા. ૪-૪-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલમાં નીચે જણાવેલ બેન્કોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું રોકાણ કરવામાં આવેલ છે :

૧. ધી બેન્ક ઓફ ઇન્ડિયા લિ.
૨. ધી બેંક ઓફ બરોડા લિ.
૩. ધી પંજાબ નેશનલ બેંક લિ.
૪. ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા લિ.
૫. ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ. બેંક લિ
૬. ધી ગુજરાત સ્ટેટ કો-ઓ. બેંક
૭. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (પ્રોવિડન્ટ ફંડનાં નાણાં માટે જ).]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઘટતી વિચારણા કરવા માટે ફાઇનાન્સ સમિતિને મોકલવી.

૫૩. ઓક્ટોબર ૧૯૬૮માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભામાં કરેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) "જુદી જુદી વિદ્યાશાખાઓનાં જે તે અભ્યાસસમિતિઓને સૂચવવું કે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકો માટેની જે પેનલ તૈયાર કરવામાં આવે તે પેનલ પર જરૂરિયાત કરતાં બેએક્ષાં બમણાં નામ સૂચવવાનું રાખવું, જેથી પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકોની પસંદગી માટે પૂરતો અવકાશ રહે.

(૨) કેટલીક અભ્યાસસમિતિઓએ પ્રાશ્નિકો/પરીક્ષકોની પેનલ તૈયાર કરવા માટે ઉપસમિતિઓ રચ્યાના પ્રસંગો બન્યા છે તે ભવિષ્યમાં ટાળવાનું સૂચવવામાં આવે છે.

(૩) ઉપરનાં સૂચનો નં. (૧) અને (૨) પર ત્રે અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને ખાસ ધ્યાન આપવા માટે વિનંતી કરવામાં આવે છે.

(૪) રસાયણવિજ્ઞાનના વિષયમાં પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકો અંગે ઑર્ગેનિક અને ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રીની પ્રશાખાઓ માટેની જરૂરિયાતો ધ્યાનમાં રાખવી ઘટે."

૧. આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૧માં નીચેનું વાકય ઉમેરીને સદરહુ ભલામણ મંજૂર કરવી:

"જો કોઈ પણ પરીક્ષા માટે જરૂરિયાત કરતાં ઓછામાં ઓછાં બમણાં નામ સૂચવવાનું સમિતિને શકય લાગતું ન હોય તો તે અંગેનાં કારણો નોંધવાં આવશ્યક રહેશે."

૨. આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૩ મંજૂર કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૪માં 'ઑર્ગેનિક' અને 'ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી' એ શબ્દો પછી 'ફિઝિકલ કેમિસ્ટ્રી' એ શબ્દો ઉમેરીને ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમના પી.ઓ. ૧માં "practical" અને "experience" શબ્દો વચ્ચે "or teaching" શબ્દો ઉમેરી ઑર્ડિ. પી.ઓ. ૧ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—સુધારેલો ઑર્ડિ. પી.ઓ. ૧ નીચે મુજબ વંચાશે :

P.O. 1 :

A candidate for the Degree of Bachelor of Engineering (Civil, Mechanical and Electrical) must produce a certificate showing that he has passed the corresponding Final Year Diploma Examination of the Council of Technical Education, Gujarat State, or any Examination recognised as equivalent thereto, and has at least obtained 50% or more aggregate marks. Further, he shall have to produce a certificate from his employer to the effect that he has acquired a practical or teaching experience for at least two years in the corresponding branch, after having passed the Final Year Diploma Examination.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિ. પી.ઓ. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૫. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના જોઇન્ટ એજ્યુકેશનલ એડવાઇઝર તરફથી દેશમુખ કમિટીની ભલામણો પરથી કૉલેજોના વધુ વિદ્યાર્થીઓને રમતોમાં આવરી શકાય તે હેતુથી રમતો, ખેલકૂદ તેમ જ જિમ્નેસ્ટિક્સ અને સ્વિમિંગ માટેની સગવડો યુનિવર્સિટીઓ તેમ જ કૉલેજોમાં વધારવા માટે "નેશનલ સ્પોર્ટ્સ ઑર્ગેનિઝેશન" તરફથી આવેલ માહિતી-પત્રકમાં નીચેની વિગતો આવરી લેતી યોજના માગી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"Please enclose a draft scheme with estimate of expenditure for a programme of three years if NSO gives you suitable grants.

The scheme should, *inter-alia*, cover the following heads :

1. Proposed yearly coverage
2. Proposed addition of facilities
3. Equipment needed
4. Games in which the coaches are to be employed
5. Proposal to spot out and nurture talent
6. Proposed coaching camps."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિગતે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. વાય. જી. નાયક
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. પ્રો. કાન્તિભાઈ ભટ્ટ
૪ આચાર્ય એસ. આર. મહેતા
૫. આચાર્ય એમ. એ. ડિસોઝા
૬. આચાર્ય હરિહર શુકલ.

૫૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૨-૮-૧૯૬૮ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૭. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે પ્રાંતને અનુરૂપ રાષ્ટ્રીય પોષાકો નક્કી કરવા અંગે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને તેની તા. ૧૬-૪-૧૯૬૮ની સભામાં કરેલ ઠરાવ પર ઘટતી કાર્યવાહી કરવા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૨-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) ઑર્ડિ. ૧૨૦-એમાં દર્શાવેલ ઇજનેરી વિદ્યાશાખાની કૉલેજના ડેમોન્સ્ટ્રેટરના કાર્યભારમાં છાપભૂલ હોઈ તે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના :

Demonstrator : 27 periods of 45 (40+5) minutes each
(Asst. Lecturer) (or 19-30 hours);

(૨) તૃતીય વર્ષ બી.એ.ના "ઇન્ડ્રોડક્ટરી એબ્નોર્મલ સાઇકોલોજી"ના વૈકલ્પિક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ "ક" મુજબ નિયત કર્યાના અને તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૧૨ સુધારી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકયાના;

(૩) (અ) યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક ૮/૬૮/સિં.બી.ના ૭૮૩૯, તા. ૧-૫-૧૯૬૮ની બાબત ક્રમાંક ૧૧માં "રેગ્યુ. આર્ટ્સ ૧૩" છપાયેલ છે તે છાપભૂલ હોઈ તેને બદલે "રેગ્યુ. આર્ટ્સ ૧૨" સુધાર્યાના;

(બ) બાબત ક્રમાંક પના પરિશિષ્ટ "ખ" રેગ્યુ. સાયન્સ ૧૫-અ અને રેગ્યુ. કૉમર્સ ૧૪માંની પહેલી લીટીમાં "૩૭ ટર્મ" છપાયેલ છે તે છાપ ભૂલ હોઈ તેને બદલે "૩૬ ટર્મ" સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૯. શ્રીમતી બી. સી. જલુંધવાળા એજ્યુકેશન કૉલેજ, ખંભાતમાં અંગ્રેજી મેથડ શીખવવા માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા એજ્યુકેશનના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી શ્રી. પી. એમ. પટેલને વ્યાખ્યાતા તરીકે કામચલાઉ ધોરણે શિક્ષણકાર્ય કરવા દેવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પી. એમ. પટેલ બી.એ. પાસ વર્ગ, એમ.એ. બીજો વર્ગ તથા બી.ટી.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે અને માધ્યમિક શાળાના શિક્ષક તથા આચાર્ય તરીકેનો કુલ ૨૪ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. પરંતુ બી.ટી.માં બીજો વર્ગ જોઈએ તે નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ફક્ત ચાલુ વર્ષ પૂરતી શ્રીમતી બી. સી. જલુંધવાળા એજ્યુકેશન કૉલેજમાં શ્રી. પી. એમ. પટેલને અંગ્રેજી મેથડના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી અને સદરહુ કૉલેજને જણાવવું કે ચાલુ વર્ષે બીજા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં નહિ આવે તો સંબંધકર્તા વિદ્યાર્થીઓ તે કૉલેજમાં અભ્યાસ ચાલુ રાખી શકશે નહિ

૬૦. મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિ પર સિન્ડિકેટની તા. ૧૭/૧૧-૮-૧૯૬૮ની સભામાં શ્રી. હરિહર શુક્લ અને શ્રી. માણેકશંકર પંડ્યા તેમજ બોર્ડ ઑફ સ્ટુડન્ટ વેલ્ફેરના જે સભ્ય હોય તેમાંથી રો. પ્રિ. એમ. બેસ્ટની નિયુક્તિ કરવામાં આવી હતી, પરંતુ રો. બેસ્ટે સદરહુ સમિતિમાં કામ કરવાની લાચારી દર્શાવેલ હોઈ તેમને બદલે અન્યની નિયુક્તિ કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી

૬૧. તા. ૧૯-૮-૧૯૬૮ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટીની બહેનોની વૉલીબૉલની હરીફાઈઓના સંચાલન માટે ઉપસમિતિઓ નીમવાની તથા વધુ ત્રણ સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા સહિત નીચેના સભ્યોની એક સમિતિ નીમવાની સિન્ડિકેટને આ બોર્ડ ભલામણ કરે છે:

(૧) પ્રિ. એસ. આર. મહેતા
(૨) પ્રિ. ડી. ડી. દેસાઈ
(૩) પ્રિ. એન. એસ. પંડ્યા
(૪) શ્રી. આર. કે. પટેલ
(૫) શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
(૬) પ્રિ. ફા. એચ. એ. ડિસોઝા
(૭) શ્રી. શાંતિલાલ શાહ
(૮) પ્રો. વી. સી. ગજ્જર
(૯) પ્રો. એસ. સી. શાહ
(૧૦) શ્રી. વી. પી. મહેતા."

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલ કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચની જરૂરિયાતોને તથા કૉલેજોની સંખ્યાની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ આંતર-કૉલેજ માટે મંજૂર થયેલ રૂા. ૧૦,૦૦૦ની ગ્રાન્ટમાંથી નીચે પ્રમાણેની વહેંચણીને મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:

(૧) અમદાવાદ વિભાગ ... રૂા. ૨,૦૦૦-૦૦
(૨) ઉત્તર વિભાગ ... રૂા. ૩,૮૦૦-૦૦
(૩) દક્ષિણ વિભાગ ... રૂા. ૪,૨૦૦-૦૦"

(૩) "આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટીની હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિવર્સિટી ફ્લાગ, કેરટ, રમતનાં સાધનો ખરીદવાં, કોચિંગ આપવું, આંતર-યુનિવર્સિટી રમતની હરીફાઈ યોજવા માટે જરૂરી ખર્ચ કરવા, વગેરે માટે આંતર-યુનિવર્સિટી માટે મંજૂર કરેલ રૂા. ૨૫,૦૦૦ (અંકે પચીસ હજાર)ની રકમમાંથી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવા તથા તે બંનેની સહીથી બિલોને મંજૂર થયેલાં ગણવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૨. તા. ૧૪-૮-૧૯૬૮ ને બુધવારના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે દિલ્હીનો આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવ ચાલુ વર્ષે યોજવાનો નથી તેની નોંધ લેવી. પણ આ યુનિવર્સિટીનો આંતર-વિભાગીય યુવક મહોત્સવ આ વર્ષે પણ યોજવાનું ચાલુ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) "વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-વિભાગીય યુવક મહોત્સવ યોજવા માટે જરૂરી પગલાં લેવા જરૂરી પેટાસમિતિઓ નીમવા તથા જરૂરી સંખ્યાના બીજા સભ્યો કો-ઑપ્ટ કરવાની

સત્તા સાથે નીચેના સભ્યોની એક સંચાલન સમિતિ નીમવાની સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. એન. એમ. પરીખ
૩. પ્રિ. સી. એલ. શાસ્ત્રી
૪. પ્રિ. યશવંત શુકલ
૫. પ્રિ. જે. બી. સાણ્ડિલ
૬. પ્રિ. ફા. ડિસોઝા
૭. પ્રિ. એમ. સી. દેસાઈ
૮. પ્રિ. હરિહર શુકલ
૯. પ્રો. જશવંત ઠાકર
૧૦. પ્રો. વી. એસ. ભટ્ટ
૧૧. પ્રો. પદ્માબહેન ફડિયા
૧૨. પ્રો. ઇન્દિરાબહેન શાહ
૧૩. અમદાવાદ શહેર વિ.યુ.ક.સ.ના મંત્રીશ્રી
૧૪. એલિસબ્રિજ વિ.યુ.ક.સ.ના મંત્રીશ્રી
૧૫. મંત્રીશ્રી, બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ, ગુજરાત યુનિવર્સિટી
૧૬. વિદ્યાર્થી પ્રતિનિધિ, એલિસબ્રિજ વિ.યુ.ક.સ. સમિતિ
૧૭. શ્રી. વી. પી. મહેતા.

(૩) "વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સાથે જોડેલ પરિશિષ્ટ "૧" પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરી તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા તથા જરૂર જણાય તો કુલ ખર્ચની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણેના ખર્ચની ફાળવણી એક મથાળેથી બીજા મથાળે કરવા માટે અને બીજાં જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૪) "નાટ્ય, સંગીત, નૃત્ય આદિ લલિતકળાઓના અભ્યાસ-સંશોધન માટે ગુજરાત યુનિવર્સિટીમાં એક તાલીમકેન્દ્ર (અકેડેમી) સ્થાપવા અંગે ઘટતી વિચારણા કરવા સિન્ડિકેટને સૂચવવું."

(૫) "આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી આયોજિત નાટ્યતાલીમ શિબિરમાં તાલીમ પામેલ અધ્યાપકોનું સંગઠન યુનિવર્સિટી દ્વારા થાય અને દર વર્ષે તેમનું મિલન યોજાય તેવો પ્રબંધ યુનિવર્સિટી તરફથી થાય તથા દર ત્રણ વર્ષે અધ્યાપકો માટે આસ્વાદવર્ગ (રિફ્રેશનર વર્ગ) યોજવા તથા વિદ્યાર્થીઓ માટે પણ અત્રગ નાટ્યશિબિર, ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ન મળતી હોવા છતાં યુનિવર્સિટીના ખર્ચે યોજવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૬) "(ક) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનાં નોંધ લેવી અને દિવાળીની રજાઓમાં આશરે ૪૦ બહેનોનો પર્વતારોહણ શિબિર યોજવાનું નક્કી થયું છે તેની નોંધ લેવી.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે પરિશિષ્ટ "૩" પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૭) "(ક) ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે દિવાળીની રજાઓમાં અધ્યાપકો માટે એક યુવક નેતા તાલીમ શિબિર યોજવો.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેની તારીખો, સ્થળ, વ્યાખ્યાતાઓને આમંત્રણ, તેમના વિષયો વગેરે બાબતો નક્કી કરવાની સત્તા આ અંગે નિયુક્ત થયેલી પેટા-સમિતિને આપવાની તથા પરિશિષ્ટ "૫" પ્રમાણે અંદાજપત્ર મંજૂર કરવા અને તેમાં જણાવ્યા પ્રમાણે જરૂરી ખર્ચ આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી."

(૮) "વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબના સામૂહિક કાર્યક્રમો અંગે કુલ ખર્ચના ૫૦ ટકા જેટલી, વધુમાં વધુ રૂા. ૨૫૦ની મર્યાદામાં રહીને, આપવાની આર્થિક સહાય, વિભાગો તરફથી યોજનાર શૈક્ષણિક પ્રવાસો માટેની જે રૂા. ૮,૦૦૦ની બ્લોકવાઈઝ બજેટમાં છે તેમાંથી આપવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણ નં. ૧, ૨, ૩, ૫, ૬, ૭ અને ૮ મંજૂર કરવી અને ભલામણ નં. ૪ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. નેશનલ સોશિયલ સર્વિસ કોર્પ્સ આ યુનિવર્સિટીમાં સ્થાપવા અને હાલ પૂરતું આ વર્ષ માટે આ યુનિવર્સિટીને ૧૨૦૦ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યા છે એમ જણાવી, આખી યોજનાની વિગત મોકલતા ભારત સરકારના શિક્ષણ મંત્રી શ્રી ત્રિગુણ સેનના કુલપતિશ્રી પરના પત્ર પર વિચારણા કરી તે અંગે તારવેલ નીચેના મુદ્દાઓ પર વિચારણા કરવા બાબત :

૧. ૧૨૦૦ વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટી માટે ફાળવ્યા છે, તો તેની ફાળવણી કૉલેજોમાં કેવી રીતે કરવી તે વિચારવા બાબત.

૨. જે કૉલેજોમાં આ સંખ્યાની ફાળવણી કરીએ તે કૉલેજોના આચાર્યો, અધ્યાપકોનું મિલન, આ યોજનાની જાણ કરી આપવા બાબત ગોઠવવા અંગે વિચારવા બાબત.

૩. નેશનલ સ્પોર્ટ્સ ઑર્ગેનાઇઝેશન તરફથી મળનાર માન્ટ માટે કૉલેજવાર જરૂરિયાતો નક્કી કરવા માટે વ્યવસ્થા કરવા બાબત.

૪. આંતર-કૉલેજ રમતોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને આ ઑર્ગેનાઇઝેશનના નેશનલ સ્પોર્ટ્સ ઑર્ગેનાઇઝેશનમાં ફાળવવા કે કેમ તે વિચારવા બાબત.

૫. યુનિવર્સિટી કક્ષાએ આ યોજનાનું આયોજન કરવા માટે વહીવટીતંત્ર ઊભું કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિગતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. વાય. જી. નાયક
૨. આચાર્ય રમણીકલાલ એચ. શાહ
૩. આચાર્ય વાય. પી. શુકલ
૪. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૫. આચાર્ય એમ. એસ. પંડિત
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૭. આચાર્ય કે. જી. દેસાઈ
૮. આચાર્ય એસ. આર. ભટ્ટ
૯. શ્રી. ઘનશ્યામભાઈ પરીખ
૧૦. કાંધર વોલેસ
૧૧. શ્રી. વી. પી. મહેતા, કન્વીનર.

૬૪. સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે "આચાર્ય કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત :

" A Gold Medal named 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of about Rs. 190/- shall be awarded annually alternately by turns in the Faculty of Science and the Faculty of Arts to a person from amongst the teachers in the affiliated colleges or recognised institutions, or departments of the Gujarat University whose Research work published during the years preceding the Convocation is adjudged to be of the highest merit by a special commitee of experts, who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. ડોલરરાય ર. માંકડ
૨. શ્રી. સી. એન. વકીલ
૩. શ્રી. વિષ્ણુભાઈ ત્રિવેદી.

૬૫. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૭ની (બાબત નં. ૨૦) સભામાં ઠરાવ્યું છે કે પરીક્ષકોને વધુમાં વધુ મહેનતાણું આપવાની રકમ કરતાં જો વધારે થતું હોય તો તે અંગેની બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવી. માર્ચ/એપ્રિલ ૧૯૬૮ની પરીક્ષા માટે ૯૩ પરીક્ષકોને નક્કી કરેલ રકમ કરતાં વધુ રકમ થાય છે તો તે અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયા વર્ષે સિન્ડિકેટે તેની તા. ૧૫-૧૦-૧૯૬૭ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે કે "આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭ના પ્રથમ ૭ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાધ્યિકો/પરીક્ષકોનું કુલ વેતન રૂા. ૧,૦૦૦-૦૦ કરતાં વધુ થતું હોય તેમને રૂા. ૧,૦૦૦-૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના પચાસ ટકા જેટલું, પણ કોઈ સંજોગોમાં રૂા. ૧,૫૦૦-૦૦થી વધારે નહિ તેટલું, વેતન આપવું." ઍકેડેમિક કાઉન્સિલના સભ્યને તે વધુમાં વધુ રૂા. ૨૫૦-૦૦ આપવું.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૬. બાંધકામ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૦. નવી કૉલેજો માટેની જોડાણઅરજીઓના સંદર્ભમાં જોડાણ માટેની આવશ્યક પૂર્વતૈયારીરૂપે જરૂરિયાતોના સર્વસામાન્ય ધોરણનું નિર્માણ કરવા માટે તે અંગેના આપણા પ્રશ્નો જોઈ-તપારી અહેવાલ તૈયાર કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર ઑકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૮. પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદમાં નિમાયેલ પૂરા સમયના ઇતિહાસના પ્રાધ્યાપક શ્રી. એચ. જે. મહેતા પૂરા સમયના પ્રાધ્યાપક તરીકેની કામગીરી બજાવવાની ઇચ્છા દર્શાવતા ન હોઈ તેઓને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા મુલાકાતી પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલા તા. ૨-૮-૧૯૬૮ના પત્રાંક ૩૦૫-૬૮-૬૯ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૯. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને ક્લિનિકલ ડ્યૂટીઝ માટે સરસપુર હૉસ્પિટલ, અમદાવાદનો ઉપયોગ કરવા દેવાની મંજૂરી માગતા સદરહુ કૉલેજના ડીનના તા. ૧૩/૧૪-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૦. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન, ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માગતી અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ઓ. ૧૨૦ અન્વયે આ અરજી તા. ૩૦ જૂન પહેલાં આવવી જોઈતી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી એ ચાલુ જોડાણ માટેની અરજી હોઈ તે અપવાદ તરીકે સ્વીકારવી તથા તે અંગે રથાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩.	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, હાજા પટેલની પોળ, અમદાવાદ–૧	(૧) શ્રી. લા. ૨. દેસાઈ, (૨) આચાર્ય બી. એમ. પીરજાદા, અને (૩) આચાર્ય કે. એમ. તલાટી
૧૪.	મંત્રી, શ્રી કચ્છ એજ્યુકેશન સોસાયટી, ભીડ બજાર, ભૂજ–કચ્છ	(૧) આચાર્ય વી. આર. રણુદીવે, અને (૨) આચાર્ય ગિરીશ પટેલ
૧૫.	મંત્રી, શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા	(૧) આચાર્ય એમ. એસ. પંડિત, અને (૨) આચાર્ય એન. એસ. પંડ્યા
૧૬.	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, વિવેકાનંદ ભવન, રિલીફરોડ, અમદાવાદ–૧	(૧) આચાર્ય કે. જી. દેસાઈ, અને (૨) આચાર્ય ગિરીશ પટેલ.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખા માટે તેનાં નામ સામે જણાવેલી સ્થાનિક તપાસસમિતિઓ રચવી :

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) ડૉ. જે. જે. ત્રિવેદી, અને (૨) આચાર્ય કે. એમ. તલાટી
૨.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ, (૨) શ્રી. વી. એમ. ઠાકોર, અને (૩) શ્રી. રમેશભાઈ ભટ્ટ
૩.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	(૧) પ્રો. વી. જે. ત્રિવેદી, (૨) ડૉ. આર. ડી. દેસાઈ, અને (૩) આચાર્ય એચ. કે. ત્રિવેદી
૪.	એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ, (૨) આચાર્ય ઊર્મિલાબહેન સી. પટેલ, અને (૩) ડૉ. એલ. ડી. દવે
૫.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ	(૧) આચાર્ય એન. એસ. યાજ્ઞિક, (૨) આચાર્ય એન. બી. જોશી, અને (૩) પ્રો. જશવંત ઠાકર.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોની વધારાની વિદ્યાશાખા માટે તેનાં નામ સામે જણાવેલ સ્થાનિક તપાસસમિતિઓ રચવી :

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	મૅનેજર, ગાંધીધામ મૈત્રીમંડળ, આદિપુર	(૧) ડૉ. વાય. જી. નાયક, અને (૨) ડૉ. એલ. એચ. ટેંગશે
૨.	બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા, જિ. પંચમહાલ	(૧) આચાર્ય જે. સી. ત્રિવેદી, અને (૨) આચાર્ય ડી. ડી. ત્રિવેદી
૩.	આચાર્ય, આર્ટ્સ કૉલેજ, મહુધા	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ, અને (૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
૪.	આચાર્ય, શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	(૧) આચાર્ય એચ. કે. બુખારી, અને (૨) આચાર્ય એચ. સી. પરીખ
૫.	આચાર્ય, નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય વી. આર. રણદીવે, અને (૨) આચાર્ય એસ. આર. મહેતા.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૬. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને જૂન ૧૯૬૮થી આપવાના જોડાણ માટે સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં કરેલ ઠરાવના અનુસંધાનમાં મજકૂર કૉલેજ તરફથી તેના તા. ૧૧-૯-૧૯૬૮ના પત્રાંક જીયુ/૦૨/૬૮ પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ કૉલેજે જોડાણ માટે અરજી કરતી વખતે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી માગી હતી. તેમ છતાં તેણે યુનિવર્સિટીની પૂર્વસંમતિ મેળવ્યા સિવાય ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો તે યોગ્ય થયું નથી એમ તેના આચાર્યને જણાવવું.

(ક) સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે તેમજ પ્રાયોગિક કામ માટે વર્ગખંડોની, ગ્રંથાલયની, પ્રયોગશાળાઓની અને વર્કશોપની પૂરતી સુવિધા છે કે કેમ, અને ન હોય તો તેમાં શી ઊણપો છે, તે તપાસીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. એ. એમ. ત્રિવેદી

(૨) આચાર્ય ટી. એમ. પરીખ

(૩) પ્રોફે. કે. જે. ભટ્ટ.

(ખ) સદરહુ કૉલેજમાં આવતા વર્ષે કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો જોઈએ તે અંગે જરૂરી તપાસ કરીને તે બાબતમાં પણ પોતાનો રિપોર્ટ આપવા માટે ઉપર નં. (ક)માં જણાવેલ સમિતિને જણાવવું.

(ગ) ભવિષ્યમાં સદરહુ કૉલેજમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો જોઈએ તે માટે તેણે યુનિવર્સિટીની મંજૂરી અગાઉથી લેવી જોઈશે અને તે માટે તેને બાંયધરી આપવા માટે જણાવવું.

(૨) સદરહુ કૉલેજમાં ડિપ્લોમાના અભ્યાસક્રમ માટેનું શિક્ષણ પણ ચાલે છે, તેનો સંદર્ભ ધ્યાનમાં લઈને તથા શિક્ષકોના કાર્યભોજ અંગે યુનિવર્સિટીના નિયમોના અનુલક્ષમાં તે કૉલેજ પાસે પૂરતો શિક્ષકગણ છે કે કેમ, અને ન હોય તો શી ઊણપો છે, તે જોઈતપાસીને રિપોર્ટ કરવા ઉપર નં. (૧)(ક)માં જણાવેલ સમિતિને જણાવવું.

(૩) સત્ર-ફીની બાબતમાં તેના આચાર્યના તા. ૩૧-૧-૧૯૬૮ના પત્રમાં આપેલી બાંયધરીનું પરિપાલન કરીને અને સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં કરેલા નીચેના ઠરાવનું પાલન કર્યાની જાણ યુનિવર્સિટી કાર્યાલયને કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું :

"સત્ર-ફીના રૂા. ૨૩૦ કરતાં જેટલી રકમ વધારે લેવામાં આવી છે તે જે તે વિદ્યાર્થીને પરત કરવામાં આવે."

(૪) સદરહુ કૉલેજમાં છાત્રાલય માટેની પૂરતી વ્યવસ્થા છે કે કેમ અને ન હોય તો શી ઊણપો છે તે જોઈતપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે ઉપર નં. (૧)(ક) માં જણાવેલ સમિતિને જણાવવું.

(૫) સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે તે આવશ્યક ગણાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં ઉપર જણાવેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યેથી યોગ્ય પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સમયના અભાવે બાકીના કામકાજની વિચારણા થઈ શકી નહોતી અને સભાગૃહનું કામકાજ સમાપ્ત થયું હતું.

નં. સિ./ ૪૫૧૮૫/ ૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
સપ્ટેંબર ૨૭, ૧૯૬૮.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩

સિન્ડિકેટે તેની તા. ૯-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિના રિપોર્ટ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની ભલામણો

ચર્ચાવિચારણા દરમિયાન આચાર્ય એમ. સી. દેસાઈએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૩(૧)(*d*)માં "that the buildings in which the College is to be located are suitable" એ શબ્દો છે તે જોતાં કોઈ પણ કૉલેજને માટે પોતાની માલિકીનું જ મકાન રાખવાની ફરજ પાડી શકાય નહિ.

તે પરથી આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે જોડાણ અંગે અત્યાર સુધી આ યુનિવર્સિટીમાં ચાલતી આવતી કાર્યવાહીમાં કૉલેજોને પોતાનું મકાન રાખવા માટેની શરત મૂકવામાં આવે છે તે અધિકૃત ગણાય કે નહીં ?

કુલપતિશ્રીએ જણાવ્યું કે કોઈ કૉલેજના જોડાણની શરત તરીકે ચાલી આવતી પ્રથા પ્રમાણે યુનિવર્સિટીનાં સત્તામંડળો તે કૉલેજને પોતાનું મકાન રાખવા માટે જણાવે તો તેમ કરવામાં ગુજરાત યુનિવર્સિટી ધારામાં કશું આડે આવતું નથી.

(૧) તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે કૉલેજોના નિભાવ માટે અનામત (deposit) મૂકવા અંગે સદરહુ સમિતિની ભલામણ પણ વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"કૉલેજોની નિભાવ-અનામત અંગેનો સિદ્ધાંત સ્વીકારીને, તેને ભાવી જોડાણ માગતી કૉલેજોને તથા હાલની ચાલુ કૉલેજોને એમ તમામ કૉલેજોને લાગુ પાડવા તથા તેની વિગતો વિચારીને જરૂરી નિયમો ઘડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) તે પછી કૉલેજોના મકાન માટે અનામત મૂકવા અંગેની સમિતિની ભલામણ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ૧૪ વિરુદ્ધ ૯ મતે સદરહુ સમિતિની નીચેની ભલામણ ભાવી જોડાણ માગતી કૉલેજોને સ્વીકારવા માટે ભલામણ કરવામાં આવી :

"મકાન-અનામત પ્રથમ જે વરસના જૂન માસમાં કૉલેજ શરૂ કરવાની હોય તે વરસના તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ અને બીજે વરસે તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ મળી રૂા. ૨,૦૦,૦૦૦ મકાન-ભંડોળ ખાતે અનામત મૂકવાના રહેશે. એમાંથી ઉપર સૂચવ્યા મુજબ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ યુનિવર્સિટી થયેલા કામના પચાસ ટકા જેટલાં નાણાં છૂટાં કરશે.

મકાન અંગે યુનિવર્સિટીએ પોતાની નીતિ નક્કી કરવાની રહે છે. એક મકાનમાં કેટલી કૉલેજો કામ કરી શકે એ નક્કી કરવું પડે. એકસાથે એક કૉલેજમાં બે વિદ્યાશાખા હોઈ શકે એવો આજે નિયમ રાખ્યો છે. તેમ જ એક જ મકાનમાં સવાર–બપોર મળી બે કૉલેજો અને બે, ત્રણ કે ચાર વિદ્યાશાખાઓ રાખી શકાય. પણ એ અંગે ચોક્કસ નીતિ નિશ્ચિત કરવાની જરૂર છે, કારણ એ નિયમ ઉપર મકાન-અનામત લેવાનો આધાર રહેશે."

તે પછી આચાર્ય દશરથસિંગ શીખે ગુપ્ત મતદાન (Poll)ની માગણી કરી.

તે પરથી કુલપતિશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદારો (scrutineers) તરીકે નીમ્યા :

૧. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૨. આચાર્ય એન. એસ. પંડ્યા.

ગુપ્ત મતદાનના મતોની ગણતરી પરથી ૧૪ વિરુદ્ધ ૧૧ મત (૨ મત અમાન્ય)થી સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવાનો પ્રસ્તાવ પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો.

(૪) તે પછી રમતગમતના મેદાન અને ખુલ્લી જગ્યા અંગે સદરહુ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવામાં આવી :

"જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓએ કૉલેજ માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવાની આવશ્યકતા રહેશે. એ પૈકી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા કૉલેજની નજદીક હોવી જોઈશે."

તે અંગે ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"પ્રત્યેક કૉલેજને માટે (હાલની ચાલુ કૉલેજો તેમ જ ભાવી જોડાણ માટે માગણી કરતી કૉલેજોને માટે) ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવી આવશ્યક ગણવા તથા તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા રાખવી આવશ્યક ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિના રિપોર્ટમાં જણાવેલી નીચેની ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. જરૂરિયાત : જરૂરિયાત જે સ્થળે જે વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવાની અરજી આવી હોય તે વિસ્તારની ચાલુ કૉલેજો, તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા અને એ વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓ તથા એવા વિસ્તારમાંથી એસ.એસ.સી.માં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે વિચારી જરૂરિયાત અંગે સ્થાનિક તપાસસમિતિ નિર્ણય લે. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરો સિવાયના વિસ્તારમાં સામાન્ય રીતે પાંચ માઈલના વિસ્તારમાં આવેલી સંસ્થાઓ ધ્યાનમાં લેવી. શહેરો માટે સમગ્ર શહેર અને તેનાં પરાં વિસ્તારો ધ્યાનમાં રાખવાં.

સામાન્ય રીતે શહેરી વિસ્તારમાં આવેલી ચાલુ કૉલેજોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૬૫૦ વિદ્યાર્થીઓ ન હોય ત્યાં નવી

કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહીં. એ જ પ્રમાણે શહેર સિવાયના વિસ્તારમાં ચાલુ કૉલેજો પૈકી એક વિદ્યાશાખાઓવાળી કૉલેજમાં લગભગ ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૩૫૦ વિદ્યાર્થી ન હોય તો ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહીં. જો ઉપર જણાવેલી સંખ્યાની બાબતમાં અપવાદ કરવાની જરૂર સમિતિને લાગે તો તેનાં કારણો વિગતે આપવાનાં રહેશે. વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને ઉપરનો નિયમ લાગુ પડશે નહિ.

સમિતિએ નવી કૉલેજના સ્થળની યોગ્યતા અંગે પણ વિચાર કરવાનો રહેશે.

૨. (૧) અરજી કરનાર સંસ્થા માન્ય થયેલી એટલે કે રજિસ્ટર્ડ થયેલી સંસ્થા હોવી જોઈશે અને એનું બંધારણ તથા વહીવટી નિયમો વગેરે ચોક્કસ ઘડી કાઢેલ હોવાં જોઈશે. રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(૨) એ માન્ય સંસ્થા પાસે પોતાનું ફંડ હોવું જરૂરી છે. એ માટે યુનિવર્સિટીમાં આપવાની અનામતના વીસ ટકા જેટલી રકમ અથવા તેટલી રકમની અરકામત જવાબદારીમુક્ત હોય એવું શ્રી ચેરિટી કમિશનરનું સર્ટિફિકેટ આવશ્યક રહેશે.

(૩) શરૂ થતી કૉલેજ માટે પુસ્તકાલય, સાધનસામગ્રી, ફર્નિચર વગેરે માટે જોઈતાં નાણાં મેળવવાની અને એ ઉપરાંત વિજ્ઞાન વિદ્યાશાખા માટે લેબોરેટરી અંગેની સાધનસામગ્રી માટે રૂા. ૧,૦૦,૦૦૦ મેળવવાની ક્ષમતા સંસ્થાએ બતાવવી જોઈશે. સમિતિએ એ અંગે વિગતે હેવાલ આપવાનો રહેશે.

(૪) જો કૉલેજનું પોતાનું મકાન ન હોય તો અરજી કરનાર સંસ્થાએ ત્રણ વર્ષમાં કૉલેજ માટે મકાન તૈયાર કરી આપવાની બાંયધરી આપવાની રહેશે.

૩. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ જરૂરી રહેશે :

(અ) વિદ્યાર્થી દીઠ ૮ ચો.ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.

(બ) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના ખંડો ઉપરાંત નીચેની ગોઠવણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે :

(ક) શિક્ષકો માટેનો ખંડ

(ખ) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીની સંખ્યાના દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(ગ) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સહિતનો)

(ઘ) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ બેઠકોસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપક માટેની જોગવાઈ.

(ઙ) પીવાના પાણી માટેનો ખંડ

(ચ) યોગ્ય શૌચાલય વગેરેની વ્યવસ્થા.

૪. કૉલેજ ચલાવનાર સંસ્થાએ કૉલેજના મકાનની નજદીક આચાર્ય માટે ભાડામુક્ત નિવાસસ્થાનની તેમ જ છાત્રાલય પર દેખરેખ રાખનાર શિક્ષક માટે છાત્રાલયના વિસ્તારમાં શક્ય એટલા નજીક ભાડામુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરવાની આવશ્યક ગણાશે.

૫. સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. સામાન્ય રીતે એક છાત્રવાળી ઓરડીનું માપ ૮૫થી ૯૦ ચો. ફૂટ, બે છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૧૬૦ ચો. ફૂટ અને ત્રણ છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૨૧૦ ચો. ફૂટ જેટલા ક્ષેત્રફળવાળું આવશ્યક ગણાશે.

૬. કૉલેજમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમની જાહેરાત મુજબ સુસજ્જ ગ્રંથાલય અને યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો મુજબની પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૭. શિક્ષકોની નિમણૂક માટે યુનિવર્સિટીએ નક્કી કરેલી લાયકાતના ધોરણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવી છે કે કેમ તેમ જ શિક્ષકોનો કાર્યબોજ નિયમ પ્રમાણે છે કે કેમ તે અંગે ચકાસવાનું રહેશે.

૮. (૧) તા. ૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે. આ અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણીસમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) તા. ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૯. જોડાણ અંગે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૦. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૧. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ અને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈએ.

૧૨. ઉપરના નિયમો સ્થાનિક તપાસસમિતિની જાણકારી અને માર્ગદર્શન માટે છે. એ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને એકંદરે પરિસ્થિતિ જોતાં લાગે તો તેમ કરવાનાં વાજબી કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેવી ભલામણ કરી શકશે, અને તે મુજબ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો વિચાર કરીને પોતાનો નિર્ણય લેશે.

૧૩. ઉપરની જે ભલામણો ફક્ત નવી શરૂ થનાર કૉલેજોને લાગુ પાડવા માટે એકેડેમિક કાઉન્સિલની સભાએ ભલામણ કરી છે તે જૂની કૉલેજો, જેમાં ઉપર પ્રમાણેનાં ધોરણો જળવાયાં ન હોય તેવી કૉલેજોને લાગુ પાડવાની બાબતમાં સિન્ડિકેટ વિચાર કરી યોગ્ય પગલાં લે અને તે માટે સમયમર્યાદા નક્કી કરવા તથા તે ઉપરાંત ચાલુ બે વિદ્યાશાખાઓવાળી કૉલેજનું વિભાગીકરણ કરતી વખતે એ બન્ને કૉલેજોને નવી કૉલેજો તરીકે ગણવી કે શું કરવું તેનો નિર્ણય લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. નવી કૉલેજો માટે ઉપર જે જે શરતો મૂકી છે તે પૈકી કોઈ ચાલુ કૉલેજમાં એવી શરતો મુકાઈ ન હોય તો તેનાં જોડાણ ચાલુ રાખતી વખતે એ પૈકી કઈ શરતો મૂકવી તે બાબત તથા તેના પાલન માટેની સમયમર્યાદા શી રાખવી તે અંગે વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

તે પછી બાબત નં. ૭ અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

સેનેટના સદરહુ ઠરાવના સંદર્ભમાં ઉપર બાબત નં. ૬માં જણાવેલા ઠરાવો (૧), (૨) અને (૩) તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવું અને જણાવવું કે સેનેટનાં જોડાણનાં ધોરણો અને દૂરંદેશીભરી નીતિ અંગે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં કૉલેજોની સ્થાનિક તપાસની બાબતમાં સમિતિની રચનામાં યુનિવર્સિટીના અધિકારીઓને પણ સ્થાન આપવા અંગેનું એક સૂચન ચર્ચા-વિચારણા દરમ્યાન થયું હતું તે પરત્વે પણ ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટને જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ સોમવાર, તા. ૨૬-૮-૧૯૬૮ના રોજ બંધ કરવામાં આવ્યું અને સભા બીજે દિવસે મંગળવાર, તા. ૨૭-૮-૧૯૬૮ના રોજ ફરી મળતાં બાકીની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની ભલામણો

નવી કૉલેજો માટેની જોડાણઅરજીઓના સંદર્ભમાં જોડાણ માટેની આવશ્યક પૂર્વતૈયારીરૂપે જરૂરિયાતોનું સર્વસામાન્ય ધોરણનું નિર્માણ કરવા માટે તે અંગેના આપણા પ્રશ્નો જોઈ તપાસી રિપોર્ટ તૈયાર કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની પ્રથમ સભા તા. ૨૫-૭-૧૯૬૮ના રોજ ત્રણ વાગ્યે, બીજી સભા તા. ૨૭-૭-૧૯૬૮ના રોજ ૧-૦૦ વાગ્યે, તથા ત્રીજી સભા તા. ૧-૮-૧૯૬૮ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં હાજરી નીચે જણાવ્યા મુજબ હતી:

પ્રમુખસ્થાન શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું.

	તા. ૨૫-૭-૧૯૬૮	તા. ૨૭-૭-૧૯૬૮	તા. ૧-૮-૧૯૬૮
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, પ્રમુખ	હાજર	હાજર	હાજર
૨. પ્રિ. જે. બી. સાણ્ડિલ	હાજર	હાજર	હાજર
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર

	તા. ૨૫-૭-૧૯૬૮	તા. ૨૭-૭-૧૯૬૮	તા. ૧-૮-૧૯૬૮
૪. પ્રો. મણિશંકર પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૫. પ્રિ. વાય. પી. શુકલ	હાજર	હાજર	હાજર
૬. પ્રિ. એસ. આર. મહેતા	હાજર	હાજર	હાજર
૭. પ્રિ. બી. એમ. પીરઝાદા	હાજર	હાજર	ગેરહાજર.

સદરહુ ત્રણ સભાઓમાં ચર્ચાવિચારણાને અંતે સમગ્ર રીતે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવી તેમ ઠરાવવામાં આવ્યું :

અત્યારે જે સૂચનાઓ સ્થાનિક તપાસસમિતિને આપવામાં આવે છે એમાં થોડા સુધારાવધારા કરી તે સૂચનાઓનું યોગ્ય પાલન કરવા માટે યુનિવર્સિટીએ સક્રિય થવું જોઈશે.

પૂરી તૈયારી વિના નવી કૉલેજો શરૂ ન થાય અને તેની આર્થિક સ્થિતિ સંતોષકારક રીતે સધ્ધર રહે તે માટે પહેલાં જે અનામત મુકાવવાની શરત હતી તે ફરીથી ચાલુ કરવી. એ અનામત બે પ્રકારની હોય: (૧) નિભાવ અનામત, અને (૨) મકાન-અનામત. એ પૈકી નિભાવ-અનામતનાં નાણાં યુનિવર્સિટી પાસે કૉલેજને કાયમી જોડાણ મળે ત્યાં સુધી રહે, જ્યારે મકાન-અનામતનાં નાણાં મકાન બાંધવાની શરૂઆત થાય ત્યાર બાદ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ ખર્ચેલાં નાણાંના ૫૦ ટકા જેટલાં નાણાં અનામતમાંથી સંસ્થાને મળે અને મકાન પૂરું થયે બાકી રહેલી અનામત પરત થાય. આ સમયદરમિયાન અનામત ઉપર મળેલું વ્યાજ સંસ્થાને મળે એવી ગોઠવણ હોવી જોઈએ. એ જ પ્રમાણે નિભાવ-અનામત ઉપર મળતું વ્યાજ પણ સંસ્થાને આપી દેવું જોઈએ. મકાન ત્રણ વરસમાં પૂરું થઈ જવું જોઈએ. જે સંસ્થા શરૂઆતથી જ, નીચે કૉલમ ૪માં દર્શાવ્યા મુજબ પોતાની માલિકીના મકાનમાં શરૂ થતી હોય તેને મકાન-અનામત આપવાની રહેતી નથી.

ચાલુ કૉલેજો (અસ્તિત્વમાં આવેલી કૉલેજો અને જેને જોડાણ મળેલું નથી)ને પણ અનામતની બાબતમાં ત્રણ વરસમાં સરખે હપતે એવી અનામતો યુનિવર્સિટીમાં જમા કરાવવાનો પ્રબંધ કરાવવો યોગ્ય લાગે છે. જે સંસ્થાઓ પાસે પોતાનાં મકાન હોય તેમણે નિભાવ, અને બાકીની પાસે બંને પ્રકારની અનામત લેવા પ્રબંધ થવો ઘટે.

નીચે મુજબની અનામતો સૂચવીએ છીએ :

૧. નિભાવ-અનામત

એક વિદ્યાશાખાવાળી કૉલેજ	...	પ્રથમ વર્ષે	રૂા. ૨૦,૦૦૦
	...	બીજે વર્ષે	રૂા. ૨૦,૦૦૦
બે વિદ્યાશાખાવાળી કૉલેજ	...	પ્રથમ વર્ષે	રૂા. ૩૫,૦૦૦
	...	બીજે વર્ષે	રૂા. ૩૫,૦૦૦

ઉપરની અનામત પૈકી અગ્રજી સાથે રૂા. ૧૦,૦૦૦ મોકલવાના રહેશે, અને બાકીનાં નાણાં યુનિવર્સિટી, સરકારને એ કૉલેજનું જોડાણ આપવાની ભલામણ કરે ત્યાર બાદ એટલે કે તા. ૩૧મી માર્ચ સુધીમાં ભરી દેવાનાં રહેશે. જો કોઈ સંસ્થા તે વરસે કૉલેજ શરૂ કરવાનો વિચાર માંડી વાળે તો ભરેલી રૂા. ૧૦,૦૦૦ની અનામતમાંથી રૂા. ૧,૦૦૦ કાપી લઈ બાકીના રૂા. ૯,૦૦૦ સંસ્થાને પાછા મળશે.

૨. મકાન-અનામત

પ્રથમ જે વરસના જૂન માસમાં કૉલેજ શરૂ કરવાની હોય તે વરસના તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ અને બીજે વરસે તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ મળી રૂા. ૨,૦૦,૦૦૦ મકાન બાંધકામ ખાતે અનામત મૂકવાના રહેશે. એમાંથી ઉપર સૂચવ્યા મુજબ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ યુનિવર્સિટી થયેલા કામના પચાસ ટકા જેટલાં નાણાં છૂટાં કરશે.

મકાન અંગે યુનિવર્સિટીએ પોતાની નીતિ નક્કી કરવાની રહે છે. એક મકાનમાં કેટલી કૉલેજો કામ કરી શકે એ નક્કી કરવું પડે. એકીસાથે એક કૉલેજમાં બે વિદ્યાશાખા હોઈ શકે એવો આજે નિયમ રાખ્યો છે તેમ જ એક જ મકાનમાં સવાર-બપોર મળી બે કૉલેજો અને બે, ત્રણ કે ચાર વિદ્યાશાખાઓ રાખી શકાય. પણ એ અંગે ચોક્કસ નીતિ નક્કી કરવાની જરૂર છે, કારણ એ નિયમ ઉપર મકાન-અનામત લેવાનો આધાર રહેશે.

ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં કરેલી જોગવાઈ મુજબ સ્થાનિક તપાસસમિતિએ નીચેની બાબતો ધ્યાનમાં રાખી પોતાનો હેવાલ મોકલવાનો રહેશે :

૧. જરૂરિયાત : જે સ્થળે જે વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવાની અરજી આવી હોય તે વિસ્તારની ચાલુ કૉલેજો, તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા અને એ વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓ તથા એના વિસ્તારમાંથી એસ.એસ.સી.માં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે વિચારી જરૂરિયાત અંગે સ્થાનિક તાપસસમિતિ નિર્ણય લે. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેર સિવાયના વિસ્તારમાં સામાન્ય રીતે પાંચ માઈલના વિસ્તારમાં આવેલી સંસ્થાઓ ધ્યાનમાં લેવી. શહેરો માટે સમગ્ર શહેર અને તેના પરાવિસ્તારો ધ્યાનમાં રાખવાં.

સામાન્ય રીતે, શહેરી વિસ્તારમાં આવેલી ચાલુ કૉલેજોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૬૫૦ વિદ્યાર્થીઓ ન હોય ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહિ. એ જ પ્રમાણે શહેર સિવાયના વિસ્તારમાં ચાલુ કૉલેજો પૈકી એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૩૫૦ વિદ્યાર્થી ન હોય તો ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહિ. જો ઉપર જણાવેલી સંખ્યાની બાબતમાં અપવાદ કરવાની જરૂર સમિતિને લાગે તો તેનાં કારણો વિગતે આપવાનાં રહેશે. વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને ઉપરનો નિયમ લાગુ પડશે નહિ.

સમિતિએ નવી કૉલેજના સ્થળની યોગ્યતા અંગે પણ વિચાર કરવાનો રહેશે.

૨. (૧) અરજી કરનાર સંસ્થા માન્ય થયેલી એટલે કે રજિસ્ટર્ડ થયેલી સંસ્થા હોવી જોઈશે અને એનું બંધારણ તથા વહીવટી નિયમો વગેરે ચોક્કસ ઘડી કાઢેલ હોવાં જોઈશે. રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(૨) એ માન્ય સંસ્થા પાસે પોતાનું ફંડ હોવું જરૂરી છે. એ માટે યુનિવર્સિટીમાં આપવાની અનામતના વીસ ટકા જેટલી રકમ અથવા તેટલી રકમની અરકામત જવાબદારીમુક્ત હોય એવું શ્રી ચેરિટી કમિશનરનું સર્ટિફિકેટ આવશ્યક રહેશે.

(૩) શરૂ થતી કૉલેજ માટે પુસ્તકાલય, સાધનસામગ્રી, ફર્નિચર વગેરે માટે જોઈતાં નાણાં મેળવવાની અને એ ઉપરાંત વિજ્ઞાન વિદ્યાશાખા માટે લેબોરેટરી અંગેની સાધનસામગ્રી

માટે રૂા. ૧,૦૦,૦૦૦ મેળવવાની ક્ષમતા સંસ્થાએ ધરાવવી જોઈશે. સમિતિએ એ અંગે વિગતે હેવાલ આપવાનો રહેશે.

(૪) જો કૉલેજનું પોતાનું મકાન ન હોય તો અરજી કરનાર સંસ્થાએ ત્રણ વર્ષમાં કૉલેજ માટે મકાન તૈયાર કરી આપવાની બાંયધરી આપવાની રહેશે.

૩. જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓએ કૉલેજ માટે ઓછામાં ઓછા ૫૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળવાળા રમતગમતના મેદાનની જોગવાઈ કરવાની આવશ્યકતા રહેશે. એ પૈકી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા કૉલેજની નજદીક હોવી જોઈશે.

૪. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ જરૂરી રહેશે :

(અ) વિદ્યાર્થી દીઠ ૮ ચો.ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(બ) વર્ગખંડો અને ટયુટોરિયલ માટેના ખંડો ઉપરાંત નીચેની ગોઠવણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે :

(ક) શિક્ષકો માટેનો ખંડ

(ખ) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(ગ) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સહિતનો)

(ઘ) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૨૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટના જાગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપક માટેની જોગવાઈ

(ઙ) પીવાના પાણી માટેનો ખંડ

(ચ) યોગ્ય શૌચાલય વગેરેની વ્યવસ્થા.

૫. કૉલેજ ચલાવનાર સંસ્થાએ કૉલેજના મકાનની નજદીક આચાર્ય માટે ભાડામુક્ત નિવાસ-સ્થાનની તેમ જ છાત્રાલય પર દેખરેખ રાખનાર શિક્ષક માટે છાત્રાલયના વિસ્તારમાં શક્ય એટલા નજીક ભાડા-મુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરવાની આવશ્યક ગણાશે.

૬. સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. સામાન્ય રીતે એક છાત્રવાળી ઓરડીનું માપ ૮૫ થી ૯૦ ચો. ફૂટ, બે છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૧૬૦ ચો. ફૂ. અને ત્રણ છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૨૧૦ ચો. ફૂ.જેટલા ક્ષેત્રફળવાળું આવશ્યક ગણાશે.

૭. કૉલેજમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમની જાહેરાત મુજબ સુસજ્જ ગ્રંથાલય અને યુનિ-વર્સિટીએ નક્કી કરેલ ઘોરણો મુજબની પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૮. શિક્ષકોની નિમણૂક માટે યુનિવર્સિટીએ નક્કી કરેલી લાયકાતના ઘોરણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવી છે કે કેમ તેમ જ શિક્ષકોના કાર્યભાર નિયમ પ્રમાણે છે કે કેમ તે અંગે ચકાસવાનું રહેશે.

૯. (૧) તા. ૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે. એ અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂક અને સ્વીકૃતિ પત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૦. જોડાણ અંગે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૧. પ્રથમ વાર જોડાણ માંગતી કૉલેજોને ફક્ત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૨. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ અને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈએ.

૧૩. ઉપરના નિયમો સ્થાનિક તપાસસમિતિનાં જાણકારી અને માર્ગદર્શન માટે છે. એ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને એકંદરે પરિસ્થિતિ જોતાં લાગે તો તેમ કરવાનાં વાજબી કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેની ભલામણ કરી શકશે અને તે મુજબ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો વિચાર કરી પોતાનો નિર્ણય લેશે.

ઉપરના અમારા હેવાલમાં અમે ફક્ત નવી શરૂ થનાર કૉલેજો અંગે જ વિચાર કર્યો છે. જૂની કૉલેજો, જેમાં ઉપર પ્રમાણેનાં ધોરણો જળવાયાં ન હોય તેવી કૉલેજો માટે સિન્ડિકેટ વિચાર કરી યોગ્ય પગલાં લે અને તે માટે સમય-મર્યાદા નક્કી કરે. એ ઉપરાંત ચાલુ બે વિદ્યાશાખાવાળી કૉલેજનું વિભાગીકરણ કરતી વખતે એ બંને કૉલેજોને નવી કૉલેજો તરીકે ગણવી કે શું કરવું તેનો નિર્ણય પણ સિન્ડિકેટે કરવાનો રહેશે.

નવી કૉલેજો માટે ઉપર જે જે શરતો મૂકી છે તે પૈકી કોઈ ચાલુ કૉલેજમાં એવી શરતો મુકાઈ ન હોય તો તેનાં જોડાણ ચાલુ રાખતી વખતે એ પૈકી કઈ કઈ શરતો મૂકવી તથા તેના પાલન માટેની સમયમર્યાદા સિન્ડિકેટે નક્કી કરવાની રહેશે.

આ હેવાલ સાથે સમિતિના એક સભ્ય શ્રી. મણિશંકર પંડ્યા સંપૂર્ણપણે સંમત ન હોઈ એમણે આપેલી અસંમતિની નોંધ આ સાથે સામેલ છે.

તા. ૧-૮-૧૯૬૮

લાલભાઈ ૨. દેસાઈ
અધ્યક્ષ,
નવી કૉલેજોના જોડાણ અંગેની સમિતિ.

અસંમતિની નોંધ

સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નવી કૉલેજોના જોડાણ અંગે નીમેલી સમિતિના સભ્ય તરીકે તે સમિતિની તા. ૨૫-૭-૧૯૬૮ અને તા. ૨૭-૭-૧૯૬૮ની સભામાં હાજર રહીને સમિતિના કેટલાક સભ્યોના, ડિપૉઝિટની રકમો યુનિવર્સિટીમાં મૂકવાની ફરજ પાડી નવી શરૂ થનારી કૉલેજોના માર્ગમાં બિનજરૂરી અંતરાયો ઊભા કરવાના વલણ પ્રત્યે મેં મારી નાપસંદગી વ્યક્ત કરી હતી. તે પછી તે સમિતિએ સિન્ડિકેટને સુપરત કરવા જે ભલામણો તૈયાર કરી છે, તેમાંની કેટલીક બાબતો સાથે હું સંમત થઈ શકતો નથી, તેથી આ અસંમતિની નોંધ સિન્ડિકેટની વિચારણા માટે એ અહેવાલ સાથે રજૂ કરું છું

યુનિવર્સિટીએ નક્કી કરેલાં ધારાધોરણોનું જૂની અને નવી બંધી જ કૉલેજો યથાર્થ પાલન કરે અને તે રીતે ઉચ્ચ શિક્ષણનું ધોરણ જળવાઈ રહે તે જોવાની આપણા સૌની જવાબદારી અને ચિંતા રહે તે સ્વાભાવિક છે. પરંતુ તેનાથી જરૂર કરતાં વધારે ચિંતિત થઈને નવી આવનારી કૉલેજો અને તેમનાં સંચાલકમંડળો પ્રત્યે અશ્રદ્ધાનો વણ-જોતી લાગણી ન કેળવીએ અને તેવી અશ્રદ્ધાના આધાર પર, આવતી સંસ્થાઓનો આડે બિનજરૂરી અંતરાયો અને અવરોધો પેદા ન કરીએ તે ગુજરાતના ઉચ્ચ શિક્ષણના વિકાસની દૃષ્ટિએ જરૂરી લાગે છે.

છેલ્લાં આઠ-દશ વર્ષમાં ગ્રામવિસ્તારોમાં ઉચ્ચ કેળવણીની સંસ્થાઓની જરૂરિયાતનો ખ્યાલ કરીને ગ્રામ્ય વિસ્તાર તેમ જ શહેરી વિસ્તારમાં ઉચ્ચ કેળવણીના કામમાં પ્રત્યક્ષ અને સક્રિય રસ ધરાવનારા લોકો એકઠા થઈ આવી સંસ્થાઓ શરૂ કરે તો તે આવકારદાયક છે, તેવું વલણ યુનિવર્સિટીએ લીધું, અને યુનિવર્સિટીએ આવાં પ્રજાકીય મંડળો ઉપર શ્રદ્ધા મૂકી કૉલેજો શરૂ થવા માટે જરૂરી હૂંફ અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં. આજ સુધીના અનુભવે એ દેખાયું છે કે યુનિવર્સિટીના આ પ્રોત્સાહક વલણના ફળરૂપે ગુજરાતભરમાં ગ્રામવિસ્તારોમાં ઉચ્ચ કેળવણીનાં સંખ્યાબંધ વિદ્યાધામો જન્મ્યાં છે ને વિકાસ પામ્યાં છે અને જેમને માટે ઉચ્ચ કેળવણી કેવળ સ્વપ્ન હોત તેવા હજારો વિદ્યાર્થીઓ અને ખાસ કરીને બહેનોને અને આદિવાસી ભાઈબહેનોને કૉલેજોની કેળવણીનો લાભ મળી રહ્યો છે.

અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, નડિયાદ જેવાં શહેરોમાં પણ ઉચ્ચ કેળવણીમાં પ્રત્યક્ષ કામ કરતાં અને રસ ધરાવતાં પૈસેટકે સામાન્ય એવાં પણ અનુભવે તથા ખંતના દૃષ્ટિએ સમૃદ્ધ એવાં અનેક મંડળો આ ગાળામાં રચાયાં છે, અને જોઈને આંખ ઠરે તેવા નમૂનેદાર સંસ્થાઓ તેમણે રચી છે, ને દાખલા બેસે તેવી સુંદર રીતે તેમનું સંચાલન કર્યું છે.

જેને માટે આજે કેટલાંક વર્તુળોમાં ચિંતા સેવાઈ રહી છે, તે આર્થિક કારણે ભાગ્યે જ કોઈ સંસ્થા બંધ થઈ છે. પોરબંદરની એક અને અમદાવાદની એક, એમ જે બે કૉલેજો અત્યાર સુધીમાં બંધ થઈ છે તેનાં સંચાલકમંડળો પાસે નાણાંનો અભાવ હતો તેથી તે બંધ થઈ છે એમ કોઈ કહી શકે તેમ નથી. સંચાલકમંડળો પાસે નાણાં તો હતાં, પરંતુ બીજાં કેટલાંક કારણોસર તે બંધ કરવામાં આવી હતી.

સમગ્ર રીતે જોતાં, નવી કૉલેજો અંગેનું યુનિવર્સિટીનું ચાલુ વલણ ઉચ્ચ કેળવણીને પોષક અને ઉચ્ચ કેળવણીમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક કામ કરનારા અને તેને લીધે સમાજ જેમનામાં શ્રદ્ધા મૂકે છે તેવા લોકોને સંસ્થાઓ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરનારું અને પરિણામે ઉચ્ચ કેળવણીના વિકાસને માટે ઉપકારક નીવડ્યું છે. યુનિવર્સિટીના આ ચાલુ વલણને બદલવાનું કોઈ વજૂદવાળું કારણ ઉપસ્થિત થયું નથી, તેથી ડિપૉઝિટની મોટી રકમોના અવરોધો પેદા કરનારો કોઈ પણ પ્રસ્તાવ બિનજરૂરી લાગે છે.

ઉપરોક્ત સમિતિએ તૈયાર કરેલા મુસદ્દામાં મકાન-અનામત રૂા. ૨ લાખની અને બે વિદ્યાશાખા-વાળી કૉલેજ—સામાન્ય રીતે કૉલેજો બે વિદ્યાશાખાઓવાળી નીકળે છે— માટે નિભાવ-અનામત રૂ. ૭૦,૦૦૦ની રાખવાની ભલામણ છે.

મકાન-અનામત અંગે કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) ઓછામાં ઓછા કેટલી કિંમતના મકાનની જરૂર આવશ્યક ગણવી.

ગ્રામવિસ્તારમાં શરૂ થનારી કૉલેજ માટે લાખ-સવાલાખનું મકાન પણ પર્યાપ્ત થાય. શહેરમાં પણ જે સંસ્થા મર્યાદિત સંખ્યા રાખવા માંગતી હોય તેને તે માટે જરૂરી મકાનનો આગ્રહ રાખી શકાય.

(૨) એક સંચાલકમંડળ એક કૉલેજ ચલાવતું હોય, તે તે જ મકાનમાં બીજી નવી કૉલેજ શરૂ કરવા માગે તો તેની પાસેથી મકાન-અનામત લેવાની ન રહે—સમિતિએ આ મુદ્દાની સ્પષ્ટતા સિન્ડિકેટ કરે તેમ ઇચ્છયું છે.

(૩) કૉલેજે પોતાનું મકાન ત્રણ વર્ષ દરમ્યાન કરવાનું રહે છે. શરૂઆતની વ્યવસ્થા સંતોષકારક હોય (જેવી કે સ્કૂલમાં કૉલેજ બેસવાની) તો એ મકાન શરૂ કરી એ પૂરું કરતાં છ મહિનાથી વધુ સમય લાગે તેમ ન હોય તો શરૂઆતથી બે લાખ જેટલી રકમ ડિપૉઝિટ તરીકે મૂકવાનો આગ્રહ વધારે પડતો ગણાય.

(૪) અત્યારે ત્રણ વર્ષ દરમ્યાન કૉલેજનું પોતાનું મકાન કરવું જોઈએ તેવો નિયમ છે. તેનો અર્થ એ કે ત્રણ વર્ષ પછી કૉલેજ અને સ્કૂલ એક મકાનમાં ન બેસી શકે. એક સવાલ અહીં એ ઉપસ્થિત થાય છે કે કૉલેજ માટે બનાવવામાં આવેલા મકાનમાં હાજલ સમયમાં સ્કૂલ બેસી શકે કે નહીં અને એ જ રીતે સ્કૂલ માટે બનાવેલા મકાનમાં, જરૂરી સગવડો હોય તો કૉલેજ બેસી શકે કે નહીં ?

છેલ્લે આ સમિતિની ભલામણોના આધાર પર કે બીજી રીતે સિન્ડિકેટ તથા યુનિવર્સિટીનાં બીજાં મંડળો નવી કૉલેજોના જોડાણ અંગે જે કાંઈ નવાં ધારાધોરણો ઘડે તે આ વર્ષે તા. ૩૦ જૂન પહેલાં જે કૉલેજો માટે અરજીઓ યુનિવર્સિટીએ સ્વીકારી છે તેમને તે લાગુ પાડી ન શકાય. કોઈ પણ નવા નિયમો અરજી કરનાર સંસ્થાને અગાઉથી મળવા જોઈએ. ચાલુ ધારાધોરણોને ખ્યાલમાં રાખીને જે મંડળો રચાયાં છે, અને જેમણે યુનિવર્સિટીએ નક્કી કરેલી રૂ. ૧,૦૦૦ની અનામત ભરીને અરજી કરી છે તેમની પાસેથી આ સમિતિની ભલામણ પ્રમાણેના વધારાના રૂ. ૯,૦૦૦ માંગવાના રહેશે. આ રીતે રકમ માંગી શકાય નહીં.

આ બધા મુદ્દાઓને ધ્યાનમાં લઈને સમગ્રપણે વિચાર કરતાં સમિતિના આ બાકીના સભ્યોના અહેવાલના મુસદ્દા સાથે સંમત થઈ શકતો નથી. મારી આ અસંમતિની નોંધ પર સિન્ડિકેટ અને યુનિવર્સિટીનાં બીજાં સત્તામંડળો વિચારણા કરશે તેની મને શ્રદ્ધા છે.

મણિશંકર પંડ્યા,
સભ્ય,
નવી કૉલેજોના જોડાણ અંગેની સમિતિ.

તા. ૧-૮-૧૯૬૮.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯

G.U.P. 817-378-10-68

સિન્ડિકેટ (વિશેષ સભા)
તા. ૨૮/૨૯-૯-'૬૮

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેંબર માસની વિશેષ સભા શનિવાર, તા. ૨૮-૯-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૨૯-૯-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮-૯-૧૯૬૮	તા. ૨૯-૯-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. એચ. એ. મિસ્ત્રી, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ચન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર	હાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને ક્લિનિકલ ડ્યૂટીઝ માટે સરસપુર હૉસ્પિટલ, અમદાવાદનો ઉપયોગ કરવા દેવાની મંજૂરી માગતા સદરહુ કૉલેજના ડીનના તા. ૧૩/૧૪-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
(૨) ડૉ. (મિસ) સૌદામિની પંડ્યા.

૩. પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદમાં નિમાયેલ પૂરા સમયના ઇતિહાસના પ્રાધ્યાપક શ્રી. એચ. જે. મહેતા પૂરા સમયના પ્રાધ્યાપક તરીકેની કામગીરી બજાવવાની ઇચ્છા દર્શાવતા ન હોઈ તેઓને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા મુલાકાતી પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલા તા. ૨-૮-૧૯૬૮ના પત્રાંક ૩૦૫-૬૮-૬૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. જે. મહેતાને સદરહુ કૉલેજમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી નીચેની શરતોએ પરવાનગી આપવી :

(૧) મુલાકાતી પ્રાધ્યાપકને પોતાની કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ હેઠળ આપી શકાય તે કાર્યભોજ ઉપરાંત વધુ બે વ્યાખ્યાનો મુલાકાત માટે બોલાવનારી કૉલેજમાં આપી શકાશે.
(૨) સદરહુ વિષય માટે ઓછામાં ઓછાં ચાર વ્યાખ્યાનો મુલાકાતી પ્રાધ્યાપક કે પ્રાધ્યાપકો દ્વારા યોજવાનાં રહેશે અને મુલાકાતી પ્રાધ્યાપકને બોલાવવાની વ્યવસ્થા પ્રાધ્યાપકની મૂળ કૉલેજના આચાર્યશ્રીની સંમતિ વિના કરી શકાશે નહિ.
(૩) મુલાકાતી પ્રાધ્યાપક જે કૉલેજમાં મુલાકાતી વ્યાખ્યાનો આપવા માટે જાય તે કૉલેજમાં એક જ વર્ગમાં કોઈ પણ એક જ દિવસે બેથી વધુ વ્યાખ્યાનો લઈ શકાશે નહીં.
(૪) મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા બીજા કોઈ પણ વિષય માટે મંજૂર કરવામાં આવશે નહીં.

૪. આંતરિક મૂલ્યાંકનની બાબતમાં એક સંશોધન એકમ (Research cell) ઊભો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વાંગી વિચારણા કરીને યોજના અને અંદાજી ખર્ચની વિગતો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. પી. સી. વૈદ્ય
(૨) ડૉ. રવીન્દ્ર દવે

(૩) શ્રી. સી. જી. ખત્રી
(૪) ડૉ. એચ. ડી. બદામી
(૫) યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના વડા (આવાહક).

૫. ટી.વાય.બી.એ., ટી.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.કૉમ.ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે ૧૯૬૯ના ઑક્ટોબરથી એક વધારાની પરીક્ષા લેવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯ના ઑક્ટોબરથી ટી.વાય.બી.એ., ટી.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.કૉમ.ની વધુ એક પરીક્ષા પ્રત્યેક વર્ષે ઑક્ટોબર માસમાં લેવાનું રાખવું, અને તે અંગે ઑર્ડિ. ૧૨૬માં જરૂરી સુધારો સૂચવતા કાર્યાલયને જણાવવું.

૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમોના અમુક મુદ્દાઓ અંગે પુનર્વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૦-૭-૧૯૬૮ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરે ગુજરાતીના વ્યાખ્યાતા વગર ગયા શૈક્ષણિક વર્ષ દરમિયાન કામ ચલાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સંસ્કૃતના વ્યાખ્યાતા પાસે સંસ્કૃત અને ગુજરાતી બંને વિષયોનું શિક્ષણકામ લેવાતું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે યોગ્ય લાયકાત ધરાવતા ગુજરાતીના વ્યાખ્યાતા વિના ૧૯૬૭-૬૮ના આખા વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્ય ચલાવવા માટે સદરહુ કૉલેજના આચાર્યને સખત ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના આચાર્યને રૂબરૂ બોલાવીને આ સભાની લાગણી તેમને જણાવવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૮. "ઑલ ઇન્ડિયા યુનિવર્સિટી ઉર્દૂ ટીચર્સ એસોસિયેશન"નું ત્રીજું સત્ર અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ઉપક્રમે અલીગઢ મુકામે તા. ૨૦થી ૨૨ ઑક્ટોબરના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. વી. એચ. અલવી (સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ)ને મોકલવા.

૯. Indian Association of Teacher Educatorsનું ૧૧મું અધિવેશન અમદાવાદ મુકામે ઑક્ટોબર ૨૮થી 30 દરમિયાન યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના પ્રમુખ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનનું આગામી અધિવેશન અમદાવાદમાં મળવાનું છે તે જોતાં તેમાં નીચેના સભ્યોને આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા :

(૧) આચાર્ય એન. યુ. ત્રિવેદી
(૨) આચાર્ય ધનશ્યામભાઈ પરીખ
(૩) કુમારી ઉષાબહેન જોશી
(૪) ડૉ. રમણભાઈ ભટ્ટ
(૫) શ્રી. ચંદ્રકાન્ત ચિમનલાલ મહેતા
(૬) શ્રી. દીપકભાઈ શંકરભાઈ પરીખ
(૭) શ્રી. મફતલાલ શંકરલાલ પટેલ
(૮) શ્રી. શનાલાલ મણિલાલ ઠક્કર
(૯) શ્રી. રમણલાલ વીરચંદ શાહ
(૧૦) શ્રી. શ્રીકાન્ત મગનભાઈ અમીન
(૧૧) શ્રી. વિજયશંકર પ્રાણશંકર મહેતા
(૧૨) શ્રી. બાબુભાઈ એમ. જાની.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનના સ્થાનિક પુરસ્કર્તામંડળને રૂા. ૫૦૦ની આર્થિક સહાય આપવી.

૧૦. Indian Institute of Asian Studiesના ઉપક્રમે All-India Scholars' Conference on National Integrationનું પ્રથમ અધિવેશન મુંબઈ મુકામે ડિસેંબરના છેલ્લા સપ્તાહ દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈને મોકલવા.

૧૧. યુનિવર્સિટી પ્રેસના છાપકામના ભાવ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના છાપકામના સુધારેલા ભાવ મંજૂર કરવા અને તેનો અમલ તા. ૧-૧-૧૯૬૯થી કરવો.

(સુધારવામાં આવેલા છાપકામના ભાવની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૨. યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજના અંગે તપાસ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મોકલવામાં આવેલ તપાસસમિતિનાં કેટલાંક સૂચનો/વિધાનો અંગે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની તપાસસમિતિએ કરેલા રિપોર્ટમાં કરવામાં આવેલા નીચેના વિધાન તરફ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોનું ધ્યાન ખેંચવું અને ભવનોના શિક્ષકોના કામકાજની વહેંચણીની બાબતમાં તે ધ્યાનમાં રાખવા તેમને જણાવવું :

"It was noticed that the work-load of teachers especially of Lecturers and Readers is on the low side as they are generally

expected to devote only 4 to 5 hours per week to instruction and considering that they do not at present guide research students. This has also not resulted in any impressive output of research work on the part of many of the teachers concerned. We are, therefore, of the view that the University should consider carefully how the teachers could be encouraged to provide more time to strengthening the academic programmes of the University. The task before the Gujarat University, as we see it, is consolidation and strengthening of the existing departments, rather than expansion on or proliferation of subjects."

૨. સદરહુ રિપોર્ટનાં અન્ય સૂચનો/વિધાનોની નોંધ લેવી.

૩. સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. બટુભાઈ દેસાઈએ સૂચવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની તંત્રરચના, શિક્ષકોની ફાળગીરી, કાર્યબોજ વગેરે પ્રશ્નો જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ કરવા માટે એક સમિતિ રચવામાં આવે. સદરહુ સૂચન પર ચર્ચાવિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. જી. ડી. પરીખ
(૨) ડૉ. કે. આર. રામનાથન
(૩) પ્રો. જી. સી. બેનરજી
(૪) પ્રો. એમ. એલ. દાંતવાલા

(સદરહુ સૂચનો/વિધાનોની નકલ "પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો પરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમજ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૨-૮-૧૯૬૮, તા. ૬-૯-૧૯૬૮, તા. ૧૨-૯-૧૯૬૮ અને તા. ૧૪-૯-૧૯૬૮ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

તે પર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૬૮ની સભાની બાબત નં. ૨ અંગેની તપાસ પોલીસતંત્રને સોંપવી નહીં.

સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૬૮, તા. ૬-૯-૧૯૬૮, તા ૧૨-૯-૧૯૬૮ અને તા. ૧૪-૯-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાઓની કાર્યવાહીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૩. યુનિવર્સિટીમાં સેન્ટ્રલ સ્ટોર્સ, કેમ્પસ ઉપર સહકારી ધોરણે શરૂ કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં કરેલ ઠરાવ અનુસાર કુલસચિવશ્રીના

આદેશ મુજબ આ અંગેના બાય-લૉઝ તૈયાર કરી ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને મોકલવામાં આવેલ, જેમાં તેઓશ્રી તરફથી અમુક સુધારાવધારા સૂચવેલ તે પ્રમાણે જરૂરી સુધારો કરી નોંધણી અંગેની દરખાસ્ત મોકલી આપવા અંગેના તેમના તા. ૫-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કૉ-ઑપરેટિવ સ્ટોર્સ અંગેના સુધારેલા બાય-લૉઝ મંજૂર કરવા તથા તે સ્ટોર્સની નોંધણી અંગેની દરખાસ્ત મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા બાય-લૉઝની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૪. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૭ની (બાબત નં. ૨૦) સભામાં ઠરાવ્યું છે કે પરીક્ષકોને વધુમાં વધુ મહેનતાણું આપવાની રકમ કરતાં જો વધારે થતું હોય તો તે અંગેની બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવી. માર્ચ/એપ્રિલ ૧૯૬૮ની પરીક્ષા માટે ૯૩ પરીક્ષકોને નક્કી કરેલ રકમ કરતાં વધુ રકમ થાય છે તો તે અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયા વર્ષે સિન્ડિકેટે તેની તા. ૧૫-૧૦-૧૯૬૭ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાશ્નિકો/પરીક્ષકોનું કુલ વેતન રૂા. ૧,૦૦૦ કરતાં વધુ થતું હોય તેમને રૂા. ૧,૦૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૫૦ ટકા જેટલું, પણ કોઈ સંજોગોમાં રૂા. ૧,૫૦૦થી વધારે નહીં તેટલું, વેતન આપવું. ઍકેડેમિક કાઉન્સિલના સભ્યને તે વધુમાં વધુ રૂા. ૨૫૦/-થી વધુ આપવું નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાશ્નિકો/પરીક્ષકોનું કુલ વેતન રૂા. ૧,૦૦૦ કરતાં વધુ થતું હોય તેમને રૂા. ૧,૦૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૫૦ ટકા જેટલું, પણ કોઈ સંજોગોમાં રૂા. ૧,૫૦૦થી વધારે નહીં તેટલું, વેતન આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલના જે સભ્યનું પરીક્ષા અંગેનું કુલ વેતન રૂા. ૫૦૦થી વધુ થતું હોય તેમને રૂા. ૫૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૫૦% જેટલું, પણ રૂા. ૨૫૦થી વધારે નહિ તેટલું, વેતન આપવું.

૧૫. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવન અને અમદાવાદની અંકુર શાળાના સંયુક્ત ઉપક્રમે "બાળપ્રવૃત્તિ—તેમનું વલણ ઇત્યાદિ" બાબતના અભ્યાસ અંગેની સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં મંજૂર રાખેલ એશિયા ફાઉન્ડેશનની યોજના અંગે કેટલાક સુધારા અંગેના તેઓના તા. ૨૦-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સદરહુ યોજનાના માનદ ડિરેક્ટર હો. ચંપાબહેન ભટ્ટે તેમના તા. ૧૦-૯-૧૯૬૮ના પત્રમાં કરેલું સૂચન રજૂ કરવામાં આવ્યું કે સદરહુ યોજના માટે મળેલી ગ્રાન્ટનાં બચેલાં નાણાંમાંથી પ્રદર્શનને બદલે પરિસંવાદ યોજવામાં આવે.

તે પછી પરિસંવાદના પ્રસ્તાવને એશિયા ફાઉન્ડેશનના સત્તાવાળાઓની અનુમતિ મળેલી હોઈ તે પરિસંવાદ અંગેનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

૧૬. સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. એમ. જી. પારેખને યુનાઇટેડ સ્ટેટ્સમાં સીનિયર પ્રોફેસર્સ પ્રોગ્રામ હેઠળ વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરતા તેમને અગાઉ મંજૂર કરેલ અભ્યાસ-રજાની મુદતમાં તા. ૧૫-૫-૧૯૬૯ સુધીનો ત્રણ માસનો વધારો આપવા અંગેના તેઓના તા. ૭-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) શ્રી. પારેખને ઉપરોક્ત અભ્યાસ-રજાઓ દરમિયાન રૂા. ૩૦૦ મૂળ માસિક પગાર (અન્ય ભથ્થાંઓ સિવાય) આપવામાં આવે છે.

(૨) તેઓની રજા તા. ૧૦-૨-૧૯૬૯ના રોજ પૂરી થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. એમ. જી. પારેખની તા. ૧૦-૨-૧૯૬૯ સુધીની અભ્યાસ-રજાની મુદત નીચેની શરતોએ તા. ૧૫-૫-૧૯૬૯ સુધી લંબાવવી:

(૧) લંબાવવામાં આવેલી ત્રણ માસની તેમની અભ્યાસ-રજા દરમિયાન તેમને માસિક રૂા. ૨૫૦નું વેતન આપવું અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવું નહિ;

(૨) લંબાવવામાં આવેલી ત્રણ માસની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા ઉપર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૩) તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૪) ઉપરોક્ત જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ "નોટિસ-પે" તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે

૧૭. ભાષાભવનમાં પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી. કે. આર. ચંદ્રશેખરના તા. ૧૬-૪-૧૯૬૮ના પત્રમાંની નીચેની માગણીઓ પર વિચારણા કરવા બાબત:

(૧) યુનિવર્સિટી કેમ્પસમાં જે ત્રણ બંગલા ભવનોના અધ્યક્ષો માટે બાંધવામાં આવ્યા છે તે બંગલા પૈકી એક બંગલો તેમને આપવા માટે;

(૨) તેમને "બી" ટાઈપ રહેઠાણમાં આપવામાં આવેલા બે યુનિટના ભાડાના દરમાં સુધારો કરવા બાબત.

(નોંધ.—(૧) હાલ તેઓ બે યુનિટના બજારોમિક રેન્ટ લેખે રૂા. ૧૭૦ આપે છે, જે તેમના જણાવ્યા પ્રમાણે તેમના રૂા. ૧,૨૫૦ના મૂળ માસિક પગારના દશ ટકાથી વધારે છે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૨-૧-૧૯૬૫ની સભામાં તેમના રહેઠાણનું ભાડું તેમના પગારના દશ ટકા કે બજારોમિક રેન્ટ લેખે, એ બેમાંથી જે ઓછું હોય તે, લેવાનું ઠરાવ્યું છે.)

(૧) સદરહુ બાબત અંગે લંબાણથી ચર્ચાવિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે પ્રો. કે. આર. ચંદ્રશેખરની ઉપરની માંગણીઓ મંજૂર કરવી નહીં.

(૨) સદરહુ બાબતના સંદર્ભમાં એજ્યુકેશનના રીડરની જગ્યા પર નિમાયેલા શ્રી. રમણલાલ જી. ભટ્ટની, ટીચર્સ હોસ્ટેલમાં પોતાને બે એકમ (units) રહેવા માટે આપવામાં આવે તે મતલબની

માંગણી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી. તે પર ચર્ચાવિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે રીડર શ્રી. રમણલાલ જી. ભટ્ટને ટીચર્સ હૉસ્ટેલમાં બે એકમ (units) રહેવા માટે આપવામાં આવે અને તે માટે તેમની પાસેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર બે એકમો માટેનું જે ભાડું થતું હોય તે લેવામાં આવે.

૧૮. કાર્યાલયના નીચે દર્શાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ પગાર-ધોરણમાં અને તે તારીખથી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	હોદ્દા	પગારધોરણ	હાલ મળતો પગાર	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તારીખ
(૧)	શ્રી. જે. જે. ચૌહાણ	સીનિયર ક્લાર્ક	રૂા. ૧૩૦-૮-૧૭૦ ઇ.બી. ૧૨-૨૬૦-૧૫-૩૫૦	રૂા. ૧૭૦	૧૭-૬-૧૯૬૮
(૨)	શ્રી. એન. આર. જોષી	,,	,,	રૂા. ૧૭૦	૧૪-૧૦-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સર્વશ્રી જે. જે. ચૌહાણ અને એન. આર. જોશીને તેમનાં નામ સામે જણાવેલી પાયરીમાં અને તારીખથી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૦. "Doctor of Letters"ના પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પ્રમાણપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૧. શ્રી. પી. સી. હીરાનીએ સિંધ યુનિવર્સિટીની બી.એ. પરીક્ષા પસાર કરી હોઈ તેમને એમ.એ. અને પ્રથમ એલએલ.બી. માટે નવગુજરાત કૉલેજમાં દાખલ થવા માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવવા માટે સિંધ યુનિવર્સિટી, હૈદરાબાદમાંથી માઇગ્રેશન સર્ટિફિકેટ મેળવવું જરૂરી છે પરંતુ તે મળી શકે એમ નહીં હોવાથી ભારત સરકારના તા. ૧૦-૧૧-૧૯૬૬ના પત્રની નકલના સંદર્ભમાં શ્રી. પી. સી. હીરાનીને માઇગ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવામાંથી મુક્તિ આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. સી. હીરાનીના એલિજિબિલિટી સર્ટિફિકેટ અંગેનાં બીજા પ્રમાણપત્રો ચોકસ-તપાસીને તેમને માઇગ્રેશન સર્ટિફિકેટ મેળવવામાંથી મુક્તિ આપીને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવું.

૨૨. ચાલુ સાલે ગુજરાત રાજ્ય ક્રીડા સમિતિ તરફથી ચોજાયેલ ત્રિશૂળ એક્સપીડિશનના પાંચ સભ્યોને સ્વિટ્ઝરલેન્ડની પર્વતારોહણ તાલીમ સંસ્થામાં તાલીમ લેવા જવા માટે આમંત્રણ મળ્યું છે તેમાંથી સદરહુ પત્રમાં તેમણે જણાવ્યા પ્રમાણે ત્રણ વિદ્યાર્થીઓ, જેઓ આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે તેમને યુનિવર્સિટી તરફથી રૂા. ૫૦૦ (દરેકને) શિષ્યવૃત્તિ આપવાની વિનંતી કરતા તા. ૨૯-૮-૧૯૬૮ના સંયુક્ત પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી દરમ્યાન સદરહુ ત્રણ વિદ્યાર્થીઓ શ્રી. રાહુલ એન. ઠાકર, કુ. સ્વાતિ એન. દેસાઈ અને કુ. નંદિની પટેલને કઈ પર્વતારોહક સંસ્થાના ઉપક્રમે સ્વિટ્ઝરલેન્ડની પર્વતારોહણ તાલીમ સંસ્થામાં તાલીમ લેવા માટે મોકલવામાં આવ્યાં છે અને તેમને કોના તરફથી કેટલી મદદ મળેલી છે તેની વિગતો મંગાવવી.

૨૩. મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિ પર સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮ ૧૯૬૮ની સભામાં શ્રી. હરિહર શુક્લ અને શ્રી. મણિશંકર પંડ્યા તેમ જ બોર્ડ ઑફ સ્ટુડન્ટ વેલ્ફેરના જે સભ્ય હોય તેમાંથી રો. ઈ. એમ. બેસ્ટની નિયુક્તિ કરવામાં આવી હતી, પરંતુ રો. બેસ્ટે સદરહુ સમિતિમાં કામ કરવાની લાચારી દર્શાવેલ હોઈ તેમને બદલે અન્યની નિયુક્તિ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર રો. ઈ. એમ. બેસ્ટની જગ્યાએ આચાર્ય એસ. આર ભટ્ટને નીમવા.

૨૪. રો. જયંત હરિભક્તિ તરફથી આવેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(1) In order that every Senate member gets active and meaningful sense of participation in the actual functioning of our University, its various 'bodies and committees', a card system be introduced which shows at a glance the 'work' put in by each member.

(2) That no member will ordinarily serve in more than 4 committees (including L.I.C.) in addition to the Senate, Syndicate, A. C., Faculty or 'Board' Meetings. Attendance (i.e., performance) at the various meetings should be entered in the "member's card" and be duly published preferably two weeks before the Senate and Syndicate election.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા થયા પછી રો. જયંત હરિભક્તિએ પોતાનો પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

૨૫. પેટ્રોકેમિકલ્સ અને સંબંધકર્તા વિષયોના અનુસ્નાતક અભ્યાસ અને સંશોધન માટે "ઇન્ડિયન ઑઇલ કોર્પોરેશન (રિફાઇનરીઝ ડિવિઝન) સ્કોલરશિપ્સ"ની સ્થાપના

માટે ગુજરાત રિફાઇનરી લિમિટેડ રૂા. ૨૫,૦૦૦ની રકમ ગુજરાત સરકારને આપવા સંમત થતું હોવાથી આ શિષ્યવૃત્તિઓની યોજના અંગે ગુજરાત રાજ્યના યાંત્રિક વિદ્યાના શિક્ષણ નિયામકે આ યુનિવર્સિટીનો અભિપ્રાય અને સૂચનો મંગાવતાં તે અંગે ઇજનેરી વિદ્યાશાખાના ડીન તથા યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તરફથી આવેલા શિષ્યવૃત્તિ અંગેના સૂચિત નિયમો પર વિચારણા કરી તેમને મોકલી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો ગુજરાત રાજ્યના યાંત્રિક વિદ્યાના શિક્ષણ નિયામકશ્રીને મોકલી આપવા.

૨૬. શ્રી. વાય. ડી. વ્યાસના "A Linguistic Study of Bhili Dialect (A descriptive study of Central and North Bhili)" એ શીર્ષક હેઠળનો ભાષા-વિજ્ઞાન વિષય પરનો પદ્યવી માટેનો મહાનિબંધ પીએચ.ડી. પદ્યવી માટે સ્વીકારવા અંગે ત્રણ રેફરીઓ વચ્ચે મતભેદ પડેલો હોઈ ચોથા રેફરીની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—ઓર્ડિ. ૩૨૧ મુજબ આવા સંજોગોમાં સિન્ડિકેટે ચોથા રેફરીની નિમણૂક કરવાની હોય છે. સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાએ વખારાના રેફરી તરીકે ડૉ. બી. જે. સાંડેસરાની નિમણૂક કરેલી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચોથા રેફરીની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૭. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. કે. એન. ચોકસીને કૉલેજમાંથી છૂટા કરવામાં આવ્યા હોવાથી તેમની જગ્યાએ આચાર્ય શ્રી વી. એ. વ્યાસ જેઓ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે તેમની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. કે. એન. ચોકસીની જગ્યાએ ડૉ. વી. એ. વ્યાસને નીમવા.

(૨) સદરહુ બાબતના સંદર્ભમાં પ્રો. ચોકસીનો તા. ૨૮-૮-૧૯૬૮નો પત્ર તથા કેટલાક સેનેટ-સભ્યો તરફથી આવેલ તા. ૩૧-૮-૧૯૬૮નો પત્ર વિભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પર વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે પ્રો. કે. એન. ચોકસીને છૂટા કરવાની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અન્વયે કાંઈ કરવાપણું રહેતું નથી.

૨૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. (બ્રા. ૯)—"રેડિયોડાયગ્નોસિસ" અને એમ.ડી. (બ્રા. ૧૦)—રેડિયોથેરાપી વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે તે કૉલેજના ડીન તરફથી આવેલ અરજીઓ પર તપાસ કરવા માટે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
(૨) ડૉ. મિલ. એચ. આથલે
(૩) ડૉ. એ. આર. દેશપાંડે

૨૯. નીચે જણાવેલ વિદ્યાર્થીંના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારાયેા હેાવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીંનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. પી. યુ. શાસ્ત્રી	વિનયન (સંસ્કૃત)	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૦. ટીચર્સ હૉસ્ટેલમાં રિસર્ચ ફેલેાને ક્વાર્ટર્સ આપવાની બાબત અંગે યુ. જી. સી. તરફથી આવેલ તા. ૭-૨-૧૯૬૮ના પત્ર નં. એફ. ૪૧-૨૯-૬૪ (સી. યુ.) તથા તા. ૨૯-૭-૧૯૬૮ના પત્ર નં. એફ. ૪૧-૨૯-૬૪ (સી.યુ.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ પત્રની નોંધ લેવી.

૩૧. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૮-૬-૧૯૬૮ની સભાનેા નીચેનેા ઠરાવ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ એસ.એસ.સી. પરીક્ષા અંગ્રેજી વિષય લીધા વિના પાસ કરીને એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં દાખલ થયા હેાય અને તે પછી તે યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા પસાર કરીને આ યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.માં દાખલ થવા માટે આવે તેમને આ યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપવેા જોઈએ નહીં એવા સિન્ડિકેટના ઉપરેાક્ત સૂચન સાથે સમિતિ સંમત થાય છે અને તેને આનુષંગિક જે કાંઈ સુધારાવધારા કરવાના થાય તે કરવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. સંલગ્ન કૉલેજોમાં ખંડ સમયના શિક્ષકેાના વ્યાખ્યાન અને/અથવા ટ્યુટોરિયલના મળીને કુલ ૯ કરતાં વધુ તાસ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ખંડ સમયના શિક્ષકને વ્યાખ્યાન અને/અથવા ટ્યુટોરિયલના મળીને કુલ ૯ કરતાં વધુ તાસ આપી શકાશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ ઓર્ડિ. ૧૨૦માં ઘટતો સુધારો સૂચવવા કાર્યાલયને જણાવવું.

૩૩. તબીબી વિદ્યાશાખાની ભલામણ પરથી કરવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં દંતવિદ્યાની વિદ્યાશાખા (Faculty of Dentistry) અલાયદી સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ઔષધશાસ્ત્રની વિદ્યાશાખા (Faculty of Pharmacy) અલાયદી સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

(નોંધ.—ઉપરની ભલામણને અનુલક્ષીને સ્ટે. ૯૭-એ નીચે પ્રમાણે સુધારવાનો રહે :

St. 97-A :

In addition to the seven faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Ayurvedic Medicine, the Faculty of Dentistry and the Faculty of Pharmacy.**)**

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણને અનુલક્ષીને સ્ટે. ૯૭-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી.

૩૪. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની તા. ૮મી જૂન ૧૯૬૮ની સભાએ પસાર કરેલ નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"In order to ensure uniformity in education and in the practice of Pharmacy in the country, this Council is of the opinion that English should continue to be the medium of instructions in all institutions leading to diploma or degree in Pharmacy.

In arriving at this decision this Council has also taken into consideration the resolution passed by the Medical Council of India in the year 1967."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના સ્ટે. ૨૦૭ની નકલ ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને મોકલીને આ યુનિવર્સિટીમાં શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગેની પરિસ્થિતિની તેને જાણ કરવી.

૩૫. All India Adult Educationનું ૨૨મું અધિવેશન Indian Adult Education Associationના ઉપક્રમે પોંડિચેરી મુકામે ડિસેંબર તા. ૨૩થી ૨૪, ૧૯૬૮ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ અને શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈને મોકલવા.

૩૬. Anatomical Society of Indiaનું ૧૭મું વાર્ષિક અધિવેશન નવી દિલ્હી મુકામે ડિસેંબર તા. ૨૯થી ૩૧, ૧૯૬૮ દરમિયાન યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૬-૮-૧૯૬૮ના પત્રાંક ૮૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે કામ કરતા શ્રી. વી. એમ. જોશીને તા. ૩૧-૮-૧૯૬૮થી રૂા. ૫૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦ના પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. વી. એમ. જોશીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કમ્પોઝીટર તરીકે કામ કરતા શ્રી. વી. એમ. જોશીને તા. ૩૧-૮-૧૯૬૮થી રૂા. ૫૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦ના પગારધોરણમાં રૂા. ૮૦/- આગળનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે મંજૂરી આપવી.

૩૮. સિન્ડિકેટની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભાએ નીમેલી અતિથિગૃહના ઉપયોગ અંગેની પેટાસમિતિએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહના ઉપયોગ અંગે સદરહુ સમિતિએ ઘડેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અતિથિગૃહની કેટરિંગની વખતોવખતની જરૂરિયાત મુજબ વ્યવસ્થા કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

૩૯. બાંધકામ સમિતિની તા. ૨૪-૮-૧૯૬૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૮-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૮-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૦. આ યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામ જાહેર કરવા અંગેનો ઓર્ડિ. ૧૩૬ સુધારીને મંજૂર કરવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલો ઓર્ડિ. ૧૩૬ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઓર્ડિ. ૧૩૬ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૧. નવા ઍક્ટ, ૧૩૫-એ અનુસાર તમામ કૉલેજોમાં શારીરિક તાલીમ હવે રહેતી નથી તેથી તે કૉલેજોને વ્યાયામશિક્ષક વગર ચલાવવા દેવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વ્યાયામના શિક્ષણ ઉપરાંત રમતગમતની પ્રવૃત્તિનું પણ મહત્ત્વ છે તે જોતાં પ્રત્યેક કૉલેજમાં યોગ્ય લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક વ્યાયામશિક્ષકની નિમણૂક આવશ્યક ગણવી.

૪૨. મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૧-૯-૧૯૬૮ના રોજ પૂરો થયેલો હોઈ તેઓને તા. ૨૨-૯-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. – શ્રી. દેસાઈ તા. ૭-૧૦-૧૯૬૭થી અહીં તા. ૩૦-૧૧-૧૯૬૮ સુધી પદાધિકાર રાખી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં નાયબ કુલસચિવ તરીકે સેવા બજાવી રહ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈએ અજમાયશી સમય દરમિયાન આ યુનિવર્સિટીમાં કામ કરેલું નથી તે જોતાં તેમના અજમાયશી સમયની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવી.

સદરહુ બાબતના સંદર્ભમાં મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની સેવાઓ એક વર્ષ ઉછીની આપવાની બાબતમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીના તા. ૨૩-૯-૧૯૬૮ના પત્રથી કરેલ માગણી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી પૂરતી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની સેવાઓ ઉછીની આપવા માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની માગણી મંજૂર કરી શકાય એમ નથી એમ તેને જણાવવું.

૪૩. સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. એન. શાહનો અજમાયશી સમય તા. ૧-૯-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨-૯-૧૯૬૮ના રોજ કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. એન. શાહની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. એન. શાહને તેમનાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા પર તા. ૨-૯-૧૯૬૮થી કાયમ કરવા.

૪૪. યુનિવર્સિટીના ઉપક્રમે વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨૭થી ૩૦ ઑક્ટોબર, ૧૯૬૮ દરમિયાન યોજનાર ઇન્ડિયન કેમિકલ સોસાયટીના વાર્ષિક અધિવેશન અંગે ભવનના નીચે જણાવેલ કર્મચારીઓને વધારાનું કામ કરવા તથા તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અંગેના ભવનના અધ્યક્ષશ્રીના તા. ૩૦-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા

કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	રકમ
૧.	શ્રી. એમ. એસ. પરમાર	ક્લાર્ક-ટાઇપિસ્ટ	રૂા. ૧૨૫
૨.	શ્રી. જે. બી. શાહ	ક્લાર્ક	રૂા. ૭૫
૩.	શ્રી. વી. એમ. દરજી	ક્લાર્ક	રૂા. ૭૫
૪.	શ્રી. જે. એન. શાહ	ક્લાર્ક	રૂા. ૭૫
૫.	શ્રી. એમ. આર. જાદવ	પટાવાળા	રૂા. ૨૫
૬.	શ્રી. એ. ડી. ચૌહાણ	પટાવાળા	રૂા. ૨૫
૭.	શ્રી. મોતી ખોડાજી	પટાવાળા	રૂા. ૨૫
૮.	શ્રી. ગગાજી મંગાજી	પટાવાળા	રૂા. ૨૫
૯.	શ્રી. કાનજી ધૂળાજી	પટાવાળા	રૂા. ૨૫
૧૦.	શ્રી. કરસન ભૂતા	સફાઈ કામદાર	રૂા. ૨૫.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તેમાં જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમનું વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૫. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં "ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી" અંગેનું વધારાનું કામકાજ કરવા માટે અને તે માટે પોતાના પગારના ૩૦ ટકાથી વધે નહીં તેટલું વેતન સદરહુ સોસાયટી પાસેથી સ્વીકારવા વિજ્ઞાનવિદ્યા ભવનના જુનિયર ક્લાર્ક શ્રી. એન. એમ. પટેલને પરવાનગી આપી છે તે અંગે વેતનના ધોરણમાં ફેરફાર કરવા પ્રોફેસર પી. સી. વૈદ્યના તા. ૬-૮-૧૯૬૮ના પત્રના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે કરેલા તા. ૬-૭-૧૯૬૮ના ઠરાવ પર પુનર્વિચારણા કરવા માટે અવકાશ નથી એમ વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષને જણાવવું.

૪૬. બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફને નીચેના દરે મહેનતાણું આપવાનું મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત:

બી.એ., બી.એસસી. પરીક્ષા માટે નીચે પ્રમાણે દર છે:

એક્સપર્ટ આસિસ્ટન્ટ	...	રૂા. ૧૨-૦૦ એક દિવસના લેખે
હમાલ	...	રૂા. ૩-૦૦ એક દિવસના લેખે.

આથી ઠરાવવામાં આવે છે કે બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફના મહેનતાણા માટે નીચેનો દર મંજૂર કરવો :

એક્સપર્ટ આસિસ્ટન્ટ	રૂ. ૬-૦૦ એક સેશન માટે
હમાલ	રૂ. ૧-૫૦ એક સેશન માટે.

(નોંધ.—કોઈ પણ દિવસે પ્રાયોગિક પરીક્ષાની બે કરતાં વધુ સેશન રાખી શકાશે નહિ.)

૪૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા સૂચનને આધારે યુનિવર્સિટીમાં "પત્રવ્યવહાર દ્વારા અભ્યાસક્રમ" દાખલ કરવા અંગે વિચારણા કરી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો અહેવાલ, જે સિન્ડિકેટે તેની તા. ૧૭-૬-૧૯૬૮ની સભાના ઠરાવ અનુસાર એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભામાં આપેલ નીચેના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો દાખલ કરવાની તરફેણમાં નથી એમ સિન્ડિકેટને અભિપ્રાય આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઉપરનો અભિપ્રાય સ્વીકારવો.

૪૮. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટેની યોજના હેઠળ નડિયાદની જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સનો પ્રસ્તાવ આપણી મારફતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવામાં આવ્યો હતો તેના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી એક તજજ્ઞ સમિતિ નડિયાદની કૉલેજની મુલાકાતે આવનાર છે. એ સમયે આપણી યુનિવર્સિટીને યોગ્ય જણાય તો એક પ્રતિનિધિને હાજર રહેવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સહમંત્રી શ્રી. ડી. શંકર નારાયણના તા. ૨૯-૮-૧૯૬૮ના ડી.ઓ. પત્ર નં. એફ. ૨૦-૫-૬૮ (એસસી-૧) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સના સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જે સમિતિ તે કૉલેજની મુલાકાતે જનાર છે તે સમિતિની સાથે ડૉ. એ. એમ. ત્રિવેદીને, અને શક્ય હોય તો શ્રી. કુલસચિવને, આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે હાજર રહેવા જણાવવું.

૪૯. થર્ડ નેશનલ સેમિનાર ઑફ સ્ટુડન્ટ્સ એડવાઇઝરી બ્યુરોઝ ઇન ઇન્ડિયા, જે આપણી યુનિવર્સિટીના આશ્રયે ભારત સરકારના શિક્ષણમંત્રાલય તરફથી તા. ૨૧-૨-૧૯૬૮થી તા. ૨૫-૨-૧૯૬૮ દરમિયાન યોજાયેલ, તેમાં થયેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રી-યુનિવર્સિટી, પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓને લગતા રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૩, રેગ્યુ. આર્ટ્સ ૩, રેગ્યુ. આર્ટ્સ ૮, રેગ્યુ. પ્રી-સાયન્સ ૩, રેગ્યુ. સાયન્સ ૪, રેગ્યુ. સાયન્સ ૯, રેગ્યુ. પ્રી-કૉમર્સ ૪, રેગ્યુ. કૉમર્સ ૪ અને રેગ્યુ. કૉમર્સ ૯ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા સદરહુ રેગ્યુલેશનો મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૧. સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ના રોજ મળેલી વાર્ષિક સભામાં પસાર થયેલ નીચેનો પ્રસ્તાવ. સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

સેનેટનો પ્રસ્તાવ

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ [illegible] ૧૯૬૬-૬૭ના પ્રકરણ ૩, પાન ૭, પર આપેલી વિગતોમાંથી [illegible] પ્રતિવર્ષે કૉલેજો વધતી જતી સંખ્યા તેમજ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા જાહેર નાણાં તેમજ દાનની રકમોનો સઘનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સંધરતા, અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી — આ બધાંની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવા કૉલેજોને જોડાણ આપતી પખતે વધુ કડક, વધુ દૃઢ, અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમજ શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા, લાગતાંવળગતાં મંડળોને, ઉચ્ચ શિક્ષણનું યોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી, આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સેનેટના સદરહુ ઠરાવના સંદર્ભમાં બાબત ક્રમાંક ૬માં જણાવેલ ઠરાવો (૧), (૨) અને (૩) તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવું અને જણાવવું કે સેનેટના જોડાણનાં ધોરણો અને દૂરંદેશીભરી નીતિ અંગે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

[નોંધ.—સદરહુ ઠરાવો (૧), (૨) અને (૩) નીચે પ્રમાણે છે:

(૧) "કૉલેજોના નિભાવ અનામત અંગેનો સિદ્ધાંત સ્વીકારીને તેને ભાવી જોડાણ માંગતી કૉલેજોને તથા હાલની ચાલુ કૉલેજોને એમ તમામ કૉલેજોને લાગુ પાડવા તથા તેની વિગતો વિચારીને જરૂરી નિયમો ઘડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) "મકાન-અનામત પ્રથમ જે વરસના જૂન માસમાં કૉલેજ શરૂ કરવાની હોય તે વરસના તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂ. [illegible],૦૦,૦૦૦ અને બીજે વરસ તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂ. ૧,૦૦,૦૦૦ મળી રૂ. ૨,૦૦,૦૦૦ મકાનમંડોળ માતે અનામત મૂકવાના રહેશે. એમાંથી ઉપર સૂચવ્યા મુજબ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ યુનિવર્સિટી, થયેલા કામના પચાસ ટકા જેટલાં નાણાં છૂટાં કરશે.

મકાન અંગે યુનિવર્સિટીએ પોતાની નીતિ નક્કી કરવાની રહે છે. એક મકાનમાં કેટલી કૉલેજો કામ કરી શકે એ નક્કી કરવું પડે. એકીસાથે એક કૉલેજમાં બે વિદ્યાશાખા હોઈ શકે એવો આજે નિયમ રાખ્યો છે તેમજ એક જ મકાનમાં સવાર-બપોર મળી બે કૉલેજ અને બે, ત્રણ કે ચાર વિદ્યાશાખાએ રાખી શકાશે. પણ એ અંગે ચોક્કસ નીતિ નક્કી કરવાની જરૂર છે, કારણ એ નિયમ ઉપર મકાન-અનામત લેવાનો આધાર રહેશે."

(૩) "પ્રત્યેક કૉલેજને માટે હાલના ચાલુ કૉલેજો તેમજ ભાવી જોડાણ માટે માંગણી કરતી કૉલેજોને માટે ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની

જોગવાઈ કરવી આવશ્યક ગણવા તથા તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા રાખવી આવશ્યક ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."]

સદરહુ બાબત અંગેના જુદા જુદા મુદ્દાઓ પરત્વે સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ની સભામાં વિચારણા થયેલી છે તે જોતાં આ બાબત અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૫૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે એસ.ઈ.(સિવિલ, મિકે. અને ઇલે.)ની જૂના કોર્સની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનું નક્કી થયું હોઈ, સદરહુ પરીક્ષા શરૂ કરવાની તારીખ ૨૮-૧૦-૧૯૬૮ નિયત કર્યાના;

(૨) ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનાર ફર્સ્ટ બી.એ. તથા થર્ડ બી.એ. પરીક્ષાઓ શરૂ થવાની તારીખ ૨૪-૧૦-૧૯૬૮ ને બદલે તારીખ ૨૯-૧૦-૧૯૬૮ નિયત કર્યાના;

(૩) માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલો જણાયાથી તે સુધાર્યાના;

(૪) હૉલેરિથ વિભાગમાં કામ કરતા સીનિયર ઑપરેટર શ્રી. એન. એ. પંચાલની આઇ.સી.ટી.ની ટ્રેનિંગ મુંબઈ મુકામે પર્યાપ્ત કર્યા પછી, પાછા ફરતાં સુરતના પૂરના કારણે થયેલા રેલવે ભંગાણને લીધે નિયત તારીખે ફરજ ઉપર હાજર થવાનું શકય ન હોવાથી તેઓની તા. ૭-૮-૧૯૬૮થી તા. ૧૪-૮-૧૯૬૮ સુધીની ખાસ ફરજ પરની રજા મંજૂર કર્યાના;

(૫) માધ્યમિક શાળાઓના શિક્ષકોના મતદારવિભાગમાંથી સેનેટ પર ખાલી પડેલી એક બેઠક માટે તા. ૮-૯-૧૯૬૮ ના રોજ પેટાચૂંટણી કરવામાં આવી ત્યારે અગાઉ તા. ૬-૭-૧૯૬૮ના રોજ મળેલી સભામાં સિન્ડિકેટે ચૂંટણી-મથકો અને ચૂંટણી-અધિકારીઓની નિમણૂક કરેલી તેમાં કારણવશાત્ કેટલાંક કેન્દ્રોએ જે તે કૉલેજના આચાર્યશ્રીને બદલે તે કૉલેજના અન્ય સભ્યને ચૂંટણી-અધિકારી તરીકે નિયુક્ત કર્યાના;

(૬) અમેરિકન એસોસિયેશન ઑફ કૉલેજીઝ ફોર ટીચર એજ્યુકેશન અને યુ.એસ. એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ વચ્ચેના કરાર હેઠળ યોજવામાં આવતા તાલીમી કાર્યક્રમો માટે ભારત સરકારના શિક્ષણ ખાતાએ યોગ્ય વ્યક્તિઓનાં નામોની ભલામણ કરવા જણાવતાં નીચેનાં નામોની ભલામણ કર્યાના :

(૧) ઉચ્ચ અભ્યાસ અંગેના વહીવટી તાલીમ કાર્યક્રમ માટે —
  (અ) કુલસચિવ શ્રી કં. ચં. પરીખ
  (બ) નાયબ કુલસચિવ શ્રી જ. મં. મહેતા

(૨) વ્યાવસાયિક માર્ગદર્શન અને વિદ્યાર્થી સલાહ અંગેના કાર્યક્રમ માટે —
  (અ) ડૉ. કુ. ચંપાબહેન ભટ્ટ, રીડર ઇન એજ્યુકેશન
  (બ) આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ,
    સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ.

(૭) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે નિયુક્ત થયેલ બે કોચની સામે ભારત સરકારના, પતિયાળા મુકામે ચાલતા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ તરફથી આપણી યુનિવર્સિટીને બીજા બે કોચની સેવાઓ વિનામૂલ્યે મળી શકે તેમ હોઈ તે માટે ઇન્સ્ટિટ્યૂટ તરફથી જે રમતોમાં કોચીઝ ઉપલબ્ધ છે તેમાંથી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્યોની સંમતિથી બેડમિંટન અને ક્રિકેટ માટેના બે કોચની પસંદગી જણાવવા માટે મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to the concerned authorities of the University to review the position of internal evaluation so as to make internal test as qualifying examination for admission to the University examination and to take off its impact on the class awarded at the various examinations."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate requests the Government of Gujarat to amend the Section 33 suitably so as to accept the decision of the Senate as a final one in the matter of affiliation."

સદરહુ બાબત અંગે સિન્ડિકેટ આ તબક્કે કશો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય આઈ. જે. ધ્રુવના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે હાલના રેટેચ્યૂટ ૧૧૮માં કલમ ૭ પછી નીચે પ્રમાણે ઉમેરવું :

(8) One Professor-in-charge from each post-graduate zone to be nominated by the Vice-Chancellor, in rotation from different post-graduate centres for a period of three years."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ-ઇન-ચાર્જને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર પ્રતિનિધિત્વ આપવાના સિદ્ધાન્ત સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૬. [illegible] સમક્ષ રજૂ થનાર ડો. સી. આર. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

[illegible] આ [illegible] કરવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે [illegible] સરકારને ભલામણ કરવામાં આવે:

Section 5

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the Statutes.

(2) Each Board shall consist of the following members:

I. Ex-officio Members

(i) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned.

(a) No member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(b) No assignment of a member so made shall be changed during the term of his office except when any of the Boards are reconstituted, in which case he shall have the option to choose one of the Boards so reconstituted and be assigned to accordingly.

(ii) Such teachers in the University Departments as hold the post of a Professor in the subject or the Senior most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area, it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus with the term of office of the elected members on the Senate.

(5) The other powers and duties of the Board of Studies shall be as prescribed by the Statute."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૭. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો સ્ટે. ૧૯૩-બી મંજૂર કરવામાં આવે :

St. 193-B :

The employees of the University, both teaching and non-teaching shall be insured with benefit maturing at the age of retirement, i.e. 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 200 or less .. Rs. 3,000/-
2. Employees drawing basic pay from Rs. 201 to 400 .. Rs. 3,500/-
3. Employees drawing basic pay from Rs. 401 to 800 .. Rs. 4,000/-
4. Employees drawing basic pay from Rs. 801 and onwards . . Rs. 4,500/-
5 The policies shall be endowment policies.

On any employees ceasing to be in employment of the University, the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of hi insurance policy, provided for the higher slab of pay."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન સદરહુ પ્રસ્તાવને કારણે યુનિવર્સિટીને માથે કેટલી આર્થિક જવાબદારી વધે તેમ છે તેનો અંદાજ કાઢીને રજૂ કરવા માટે યુનિવર્સિટીના હિસાબ વિભાગને જણાવવું.

૫૮. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણ-

કાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. એન. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"**St. 97(A)** may be revised as 'In addition to the seven Faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery and the Faculty of Ayurvedic Medicine.'"

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. એન. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"**St. 203** at present may be replaced by : Professor, if any, of any subject shall be the head of department. If there are two or more Professors in a subject, the Senior Professor shall be the head of department."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૧. યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણ સેનેટની વિચારણા હેઠળ છે. દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ચોથી પંચવર્ષીય યોજના અંગેની સમિતિએ એવું મંતવ્ય પ્રદર્શિત કર્યું છે કે ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવાનું પાંચમી પંચવર્ષીય યોજના સુધી મુલતવી રાખવું, તો આના સંદર્ભમાં ઉપરની ભલામણ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. વિદ્યાર્થીઓનાં તોફાનોને લીધે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ બીજી ખબર આપવામાં આવે નહીં ત્યાં સુધી બંધ રહેશે તેની જાણ કરતા મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૦-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. કુલસચિવે જણાવ્યું કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તા. ૧૯-૯-૧૯૬૮ થી ફરીથી ચાલુ થઈ છે તેમ જણાવતો આચાર્યશ્રીનો તા. ૧૯-૯-૧૯૬૮ નો પત્ર આવેલો છે.

તે પછી સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૬૩. સેનેટ-સભ્ય શ્રી. ટી. પી. ચિતાનંદને શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા હેઠળ આવતી "પત્રકારત્વ"ની બીજી અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગેની તેમની માંગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. પી. ચિતાનંદને શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા હેઠળ પત્રકારત્વની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૬૪. "The Indian Society of International Law"નું અધિવેશન Indian Society of International Law and the Indian Academy of International Law and Diplomacyના ઉપક્રમે ન્યૂ દિલ્હી મુકામે તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૪-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ગિરીશભાઈ પટેલને મોકલવા.

૬૫. ઇન્ડિયન એસોસિયેશન ઑફ સ્પેશિયલ લાઇબ્રેરીઝ એન્ડ ઇન્ફર્મેશન સેન્ટર્સનો પાંચમો પરિસંવાદ સેન્ટ્રલ મિકેનિકલ એન્જિ. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દુર્ગાપુર-૯ મુકામે ઑક્ટોબર તા. ૭થી ૯, ૧૯૬૮ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને મોકલવા.

૬૬. શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડામાં ૧૯૬૭-૬૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન એસ.વાય.બી.એસસી.ના વર્ગો હોવા છતાં જૂન ૧૯૬૮થી ટી.વાય.બી.એસસી.ના વર્ગો શરૂ નહીં કર્યા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) કૉલેજને પુછાવતાં જણાવવામાં આવ્યું છે કે કૉલેજના વિદ્યાર્થીઓએ અન્ય કૉલેજમાં પ્રવેશ મેળવી લીધેલ છે અને તેઓ તરફથી ટી.વાય.બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા કોઈ માંગણી ન હોઈ ટી.વાય.બી.એસસી.માં કોઈ વિદ્યાર્થીઓ નહીં હોવાથી તે વર્ગ શરૂ કર્યો નથી.

(૨) એસ.વાય.બી.એસસી.માં કુલ પાંચ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની વીગતો જોતાં સદરહુ બાબતની નોંધ લેવી.

૬૭. રાષ્ટ્રીય ઐકય પરિષદ(નેશનલ ઇન્ટિગ્રેશન કાઉન્સિલ)ની તા. ૨૧-૬-૧૯૬૮ની સભાએ તેની કોમી પાસાંઓ અંગેની સમિતિની, બાળકો અને યુવક-યુવતીઓના માનસ-ઘડતરમાં બધી કક્ષાના શિક્ષકો જીવંત ભાગ ભજવતા હોવાથી આ ભારે જવાબદારી અદા કરી શકે તે માટે શિક્ષણના વ્યવસાયમાં સંકળાયેલા સૌએ દેશની બિનમજહબી નીતિ વિરુદ્ધની અને કોમી અશાંતિ પેદા કરે એવી પ્રવૃત્તિઓથી અલગ રહેવું જોઈએ અને જે શિક્ષકો આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોવાનું સાબિત થાય તેમને નોકરીમાંથી દૂર કરવાની જોગવાઈ કરવી જોઈએ એ મતલબની ભલામણ સ્વીકારી હોવાથી તે ઉપર વિચારણા કરી આ યુનિવર્સિટીનું મંતવ્ય જણાવવાની વિનંતી કરતા ભારત સરકારના શિક્ષણખાતા તરફથી આવેલા તા. ૨૮-૮-૧૯૬૮ના પત્રાંક એફ. ૨૬-૧-૬૮-યુ-૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય ઐકય પરિષદની સભાની સદરહુ ભલામણ સાથે આ યુનિવર્સિટી સંમત છે એમ મંતવ્ય લખી જણાવવું.

૬૮. સ્કોલરશિપ અને રિસર્ચ સ્કોલરશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હોવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૮-૮-૧૯૬૮ના રોજ મળેલી સભાની બેઠકની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૮-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ સ્કૉલરશિપ ખાલી રહે અથવા ભવિષ્યમાં ખાલી પડે તો તે એનાયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૮-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૬૯. આન્ટ્રસ યુટિલાઇઝેશન કમિટીની તા. ૩૦-૮-૧૯૬૮ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૮-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦-૮-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૭૦. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં એન્ટાયર હિસ્ટરી (જૂથ "એ" અને "બી"), સોશિયોલોજી (જૂથ "ઈ" અને "એફ") અને પૉલિટિકસ (જૂથ "જી" અને "એચ")ના વિષયોમાં સાંજના વર્ગો ચાલુ કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓની અરજી પરત્વે વિચારણા કરવા માટે શ્રી. આઈ. એમ. નાણાવટી તરફથી આવેલા તા. ૨-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલમાં સમાજવિદ્યા ભવનમાં (૧) એન્ટાયર ઇકોનોમિકસ (જૂથ "સી" અને "ડી"), અને (૨) ઇતિહાસ-રાજ્યશાસ્ત્ર (જૂથ "એ" અને "જી") વિષયમાં સાંજના વર્ગો ચલાવવા પરવાનગી આપેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આવતા શૈક્ષણિક વર્ષથી ઇતિહાસ, સમાજશાસ્ત્ર અને રાજ્યનીતિ-શાસ્ત્ર એ પ્રત્યેક વિષયમાં બન્ને વિષય-જૂથોનું શિક્ષણ સાંજના વર્ગોમાં આપવાનો પ્રબંધ કરવામાં આવે તેમ સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીને લખી જણાવવું.

૭૧. શ્રી. બી. પી. પંડ્યાનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલા રેફરીઓ વચ્ચે મહાનિબંધને પીએચ.ડી. પદવી માટે સ્વીકારવા અંગે મતભેદ પડેલ હોવાથી સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભાએ કેલિફોર્નિયા (યુ. એસ. એ.)ના ડૉ. એસ. એ. ગ્રીનબર્ગની નિમણૂક ઑર્ડિ. ૩૨૧-એ અન્વયે કરેલી પરંતુ ડૉ. ગ્રીનબર્ગને લખેલો પત્ર પાછો આવ્યો હોવાથી તેમની જગ્યાએ અન્ય રેફરીઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ માટે અન્ય રેફરી નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૨. તા. ૧૨-૯-૧૯૬૮ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી અને તે અંગે થોડીક સામાન્ય ચર્ચાવિચારણા થઈ. તે પછી તા. ૨૮-૯-૧૯૬૮ના રોજ સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું.

તે પછી તા. ૨૯-૯-૧૯૬૮ના રોજ સભા ફરી મળતાં સદરહુ બાબત પર વધુ ચર્ચાવિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે —

(૧) કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિવયની બાબતમાં બીજી યુનિવર્સિટીઓમાં શી પરિસ્થિતિ પ્રવર્તે છે તેની માહિતી મંગાવવી અને તે માહિતી આવ્યેથી સદરહુ પ્રશ્ન પર પોતાનો અભિપ્રાય જણાવવા સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવું.

(૨) સદરહુ સમિતિએ તેની તા. ૧૨-૯-૧૯૬૮ની સભામાં કરેલી ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૯-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૭૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એચ. વી. વસાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં જે જુદી જુદી બૅંકોમાં ફિક્સ્ડ ડિપૉઝિટોમાં મૂકવામાં આવે છે તેના ઉપર મળતું બ્રોકરેજ લેવાની અત્યાર સુધી પ્રથા નથી તે શરૂ કરવા સેનેટની આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન આ યુનિવર્સિટીનાં ફાજલ નાણાં જે બૅંકોમાં ડિપૉઝિટ તરીકે મૂકવામાં આવે છે તે બૅંકો પાસેથી યુનિવર્સિટીને બ્રોકરેજ મળી શકે એમ છે કે કેમ તેની માહિતી અને બીજી યુનિવર્સિટીઓમાં પોતાની ડિપૉઝિટનાં નાણાં પર બ્રોકરેજ અંગે શી પરિસ્થિતિ છે તેની માહિતી મેળવવા કાર્યાલયને જણાવવું અને સદરહુ બાબત ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી.

૭૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એચ. વી. વસાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીનું કાર્યતંત્ર સ્વચ્છ અને નિષ્કલંક રહે તથા તેની જાહેર જનતાને પ્રતીતિ થાય તે હેતુથી યુનિવર્સિટી કાર્યાલયના તથા યુનિવર્સિટી અંગેનાં કોઈ પણ કાર્યોમાં જો નાણાકીય ગેરરીતિઓ તરફ યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવામાં આવે તો સદરહુ તપાસ યુનિવર્સિટીના બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવા તથા તેની ભલામણના આધારે સિન્ડિકેટ નિર્ણય કરે તેમ કરવા તથા આજદિન પર્યંત યુનિવર્સિટી તરફથી જે જે સરકારી તથા અન્ય બૅંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રોકવામાં આવ્યાં છે જેના બ્રોકરેજના સંદર્ભમાં થયેલ તપાસ પણ સદરહુ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને પુનઃ સોંપવા સેનેટની આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ફાજલ નાણાંના બૅંકોના રોકાણ અંગેના બ્રોકરેજની બાબતમાં સિન્ડિકેટે ઝીણવટભરી તપાસ કરી છે અને તે બાબતમાં યુનિવર્સિટીના કાર્યતંત્ર અંગે સિન્ડિકેટને સંતોષ થયો છે અને તેથી તે અંગેની તપાસ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાની જરૂર જણાતી નથી. બાકી નાણાકીય ગેરરીતિઓ અંગેની તપાસ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાના સિદ્ધાંતની તરફેણમાં સિન્ડિકેટ છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, તદનુસાર અધ્યાપકો અને આચાર્યની વધતી જતી સંખ્યા અને દર વર્ષે રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટો વગેરેનું વધતું જતું પ્રમાણ જોતાં સેનેટની ચાલુ રહેતી આવતી જ સંખ્યાને લક્ષમાં ન લેતાં તે તે મતદારવિભાગની સમતુલા જળવાઈ રહે તે દૃષ્ટિએ હાલ બધા આચાર્યો, અધિકારની રૂએ સેનેટના સભ્યો થઈ જાય છે એને બદલે એઓની સંખ્યાના અમુક ટકા સભ્યો જ ચૂંટાઈ આવે. વળી અધ્યાપકો અને રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટો વગેરેની સંખ્યાની વૃદ્ધિ જોતાં હાલ તે તે મતદારવિભાગવાર જે અમુક નિયત સંખ્યા છે તેને સ્થાને પણ અમુક ટકા સભ્યો જ ચૂંટાઈ આવે, એ માટે આ સેનેટ લાગતાંવળગતાં મંડળોને એનો વિચાર કરી સંખ્યાપ્રમાણ નક્કી કરવાની અને એ પ્રમાણે યુનિવર્સિટી ધારામાં ફેરફાર કરવાની ભલામણ કરવા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીની કાનૂન સુધારણા સમિતિની કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૬. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના વિદ્યાર્થી શ્રી. પી. ડી. અંગ્રેજીના પીએચ.ડી. પદવીના ભૌતિકવિજ્ઞાન વિષયનો મહાનિબંધ તપાસવા તથા મૌખિક પરીક્ષા લેવા માટે નિમાયેલ ભારતના રેફરી ડૉ. પી. આર. પીશારોટીની નિમણૂક બહારના રેફરી તરીકે તેઓ નિમાયા પછી તેઓ આ યુનિવર્સિટીની માન્ય સંસ્થામાં જોડાયા હોવાથી ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. પીશારોટીની નિમણૂક થઈ ત્યારે તેઓ પૂના ખાતે હતા, હાલમાં તેઓ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદમાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. આર. પીશારોટી હવે યુનિવર્સિટીના શિક્ષક થયેલ હોઈ સદરહુ મહાનિબંધના રેફરી તરીકેનાં તેમની નિમણૂક પાછી ખેંચી લેવી અને તેમની જગ્યાએ અન્ય રેફરી નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૭. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના નેશનલ સ્પોર્ટ્સ ઑર્ગેનિઝેશન વિષય બાબત આ યુનિવર્સિટીમાં રમતોની સવલતો અને ધોરણો વધારવા માટે આર્થિક સહાય આપવા ત્રિવાર્ષિક યોજના નીચેની બાબતોને આવરી લઈ અંદાજી ખર્ચ સાથે તૈયાર કરવા તા. ૩૧-૮-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં નિયુક્ત થયેલ સમિતિએ તેની તા. ૧૧-૯-૧૯૬૮ની સભામાં તૈયાર કરેલ યોજના અંગે વિચારણા કરવા બાબત :

Please enclose a draft scheme with estimated expenditure for a programme of three years if N.S.O. gives you suitable grants. The scheme should inter-alia cover the following heads:

1. Proposed yearly coverage
2. Proposed additional facilities
3. Equipment needed
4. Games in which the coaches are to be employed
5. Proposal to spot out and nurture talent
6. Proposed coaching camps.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૯-૧૯૬૮ની સભાએ તૈયાર કરેલ યોજના મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યોજનાની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૭૮. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોને આમંત્રણ આપવાની અત્યારે ચાલતી પદ્ધતિને બદલે અધ્યાપકોની શૈક્ષણિક લાયકાતો, શૈક્ષણિક અનુભવો, સંશોધનો/પ્રકાશનો તથા પરીક્ષક તરીકેનો અનુભવ ધ્યાનમાં લઈ તૈયાર કરાયેલા ક્રમદર્શક કાર્ડને આધારે આમંત્રણ આપવાની પદ્ધતિ સત્વર અમલમાં કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આ યુનિવર્સિટી સાથે સંલગ્ન સર્વ કૉલેજોમાં કામ કરતા અધ્યાપકો માટે નોકરીના નિયમો સુયોગ્ય અને સમાન રહે તે સારુ કૉલેજોમાં કામ કરતા અધ્યાપકો માટેની નોકરીની શરતોનો

એક મુસદ્દો યુનિવર્સિટી દ્વારા સર્વ કૉલેજોને અપાય અને તે સર્વ કૉલેજો અપનાવે તથા તેનું સુયોગ્ય પરિપાલન થાય તેવી વ્યવસ્થા કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટની વિચારણા હેઠળ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"અધ્યાપકોને છૂટા કરવાના વધતા જતા બનાવો અંગે સેનેટની આ સભા ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. શિક્ષણનું મુખ્ય કાર્ય અધ્યાપકો દ્વારા જ થાય છે તેથી અત્યારે ઉપર્યુક્ત પ્રકારના બનાવોને પરિણામે અધ્યાપકવર્ગમાં પ્રવર્તતી બિનસલામતીની લાગણી શિક્ષણના કાર્ય પર વિપરીત અસર પાડશે એ લક્ષમાં લઈ, શિક્ષકોની સલામતીનો પ્રશ્ન શિક્ષણક્ષેત્રના સમગ્ર વાતાવરણ, ઘોરણ અને સફળતાનો પ્રશ્ન છે તે સ્વીકારી સમગ્ર કેળવણીના શ્રેય અર્થે શિક્ષણક્ષેત્રે સલામતીભર્યું વાતાવરણ પ્રવર્તે અને શિક્ષકો શ્રદ્ધા અને નિરાંત અનુભવે તે હેતુથી સેનેટની આ સભા શિક્ષકોની સલામતી સચવાય તે માટેના નિયમો અને નિયમનો તથા શરતો ઘડી તેના પાલનની વ્યવસ્થા કરવા તે બાબત અધિકારી મંડળોને ભારપૂર્વક વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોની સેવાઓની શરતોના પરિપાલનની બાબતમાં સિન્ડિકેટ જાગ્રત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની સભા સામાન્યતઃ વર્ષમાં બે જ વાર અને તે પણ નિશ્ચિત સમય માટેની મળતી હોવાથી ઘણાં કામો બાકી જ રહી જાય છે. શિક્ષણના લાભાર્થે આમ ન બને તે સારુ કામકાજની યાદી પરનું કામ પૂરું થાય ત્યાં સુધી સેનેટની સભાને લંબાવવાની જોગવાઈ કરવા અથવા સેનેટની વિશેષ સભા બોલાવવાની પ્રથા ઊભી કરવા માટેની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા તે માટેનાં અધિકારી વ્યક્તિઓ કે મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાંના અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરતા અધ્યાપકો યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકો જે કાર્ય કરે છે તે જ કરે છે. ઉપરાંત પૂર્વસ્નાતક શિક્ષણનું પણ કાર્ય કરે છે. આ વિચારી સેનેટની આ સભા અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરનાર સર્વ અધ્યાપકોને પગાર-ધોરણો વગેરે બાબતોમાં વિદ્યાભવનોમાં કામ કરતા અધ્યાપકોની સમકક્ષ ગણી, એક જ પ્રકારના કામ કરનાર વચ્ચે પ્રવર્તતો ભેદ દૂર કરવા, લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુ ના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"અધ્યાપકો માટે યુ.જી.સી. દ્વારા સૂચવાયેલાં પગારધોરણો બનતી ત્વરાએ અમલમાં આવે તે માટે યોગ્ય કારવાઈ ઉતાવળથી કરવા માટે સેનેટની આ સભા જે તે બાબતમાં લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટની વિચારણા હેઠળ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુ ના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે જોડાણની શરતો પાળવાની મુદત વીતી ગઈ હોવા છતાં જે કૉલેજોએ પૂરી શરતો પાળી ન હોય તેમને વધારાનું જોડાણ, ચાલુ જોડાણ અથવા નવું જોડાણ કે વિભાજન ન આપવું, તેમ જ તે કૉલેજો ચલાવનાર સંચાલકમંડળ દ્વારા સંચાલિત અન્ય સંસ્થાઓને પણ વધારાનું જોડાણ, ચાલુ જોડાણ, નવું જોડાણ અથવા વિભાજન ન આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુ ના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે જ્યારે નવી કૉલેજોનું જોડાણ અથવા પ્રવર્તમાન કૉલેજનું વિભાજન માંગવામાં આવે ત્યારે ગ્રામવિસ્તારમાં તે કૉલેજની આસપાસના પાંચ માઈલના વર્તુળમાં અને શહેર વિસ્તારમાં તે કૉલેજની આસપાસના એક માઈલના વર્તુળમાં આવેલી તે જ વિદ્યાશાખાની કૉલેજમાં પૂરી સંખ્યામાં વિદ્યાર્થીઓ ન હોય તો તે નવું જોડાણ અથવા વિભાજન ન આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૬. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વિનોદ અધ્વર્યુ ના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જો વર્તમાન કૉલેજને એકથી વધુ વિદ્યાશાખાઓ માટે જોડાણ અપાયું હોય અને તે કૉલેજમાં પૂર્ણસંખ્યામાં વિદ્યાર્થીઓ ન હોય તો તેને, વિભાજન માગતાં તે ન આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૭. સેનેટની આગામી સભામાં રજૂ થનાર આચાર્ય ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 104 as below.

Statute 104 will be read as below :

Statute 104 :

No less than one-third of the number of members, or three members, whichever is greater, of any Faculty, shall constitute a quorum for a meeting of the Faculty."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૮. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આર. બી. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 173 as below.

Statute 173 will be read as below :

Statute 173 :

(1) (*a*) For admission to the Pre-Uni. class in the Faculty of Arts and the First Year in the Diploma classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination equivalent thereto in at least seven subjects.

Provided that a candidate who has not offered Algebra–Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-Uni. Arts Examination.

(*b*) For admission to the Pre-Uni. class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one.

(2) For admission to the Pre-University Science class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) English (at higher or lower level), (*ii*) Algebra-Geometry; and (*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level), (*ii*) Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-Uni. Sc. (Agri.) classes a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) English (at higher or lower level), (*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) English (at higher or lower level), (*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and (*iii*) Physics-Chemistry or General Science as his subjects."

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી. તે પછી તે અંગે મત લેવામાં આવતાં સદરહુ પ્રસ્તાવની તરફેણમાં અને વિરુદ્ધમાં સરખેસરખા મત પડયા, તેથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સદરહુ પ્રસ્તાવની તરફેણમાં અને વિરુદ્ધમાં સિન્ડિકેટની સભામાં સરખેસરખા મત પડયા છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 30 as below.

Statute 30 will be read as below :

Statute 30 :

If there is no quorum at the commencement of the meeting the Chairman shall, at the expiration of a quarter of an hour, take notice whether there are 50 members present, and if there are not, the meeting shall forthwith be adjourned to such a date as the Chairman may appoint. Such adjournment shall be recorded by the Registrar under the signature of the Chairman. In the case of a meeting adjourned for want of a quorum, no quorum will be required."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 85 as below.

Statute 85 will be read as below :

Statute 85 :

The Syndicate may, in addition to the committees appointed under Ordinances, appoint any Boards or Committees to carry out administrative duties within the scope of its powers. Such Boards or Committees shall have definite period of tenure and specific terms of reference."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૯૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend Statute 99 as below.

Statute 99 will be read as below :

Statute 99 :

The subjects comprised in each of these faculties shall be as follows :

(1) Faculty of Arts including Education :

Humanities

(*a*) Modern Indian languages:

Gujarati
Marathi
Hindi
Urdu
Sindhi
Bengali

(*b*) Other Modern languages:

English
German
French

(*c*) Classical languages:

Sanskrit
Pali
Prakrit (Ardhamagadhi), Avesta and Pahlavi
Persian and Arabic

(*d*) History
Archaeology
Epigraphy and Numismatics
Logic and Philosophy
Mathematics
Statistics
Education
Fine Arts
Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture
Town Planning and Architecture
Physical Education
Journalism
Library Science
Linguistics

Social Sciences

(*e*) Politics
Economics

Sociology
Civics
Psychology
Anthropology
Geography
Home Science
Labour Welfare
Co-operation

(*f*) General Education

(2) Faculty of Science :

(*a*) Mathematics
Statics
Geography
Physics
Chemistry
Botany
Zoology
Microbiology
Geology

(*b*) General Education

(3) Faculty of Technology including Engineering :
Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-communications
Chemical Engineering
Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town Planning and Architecture
Mathematics
Geology

(4) Faculty of Agriculture :

Agriculture including Veterinary Science
Forestry

(5) Faculty of Law :

Law and Jurisprudence

(6) Faculty of Medicine :

Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynaecology
Medical Jurisprudence
Pharmacy
Dental Surgery
Nursing

(7) Faculty of Commerce :

(*a*) Economics
Politics
Statistics
Commerce
Geography
Accounting including Costing and Actuarial Science
Co-operation
Mathematics
Labour Welfare
Banking
Transport
Economics of Transport
Business Management

(*b*) General Education

(8) Faculty of Ayurvedic Medicine
Ayurvedic Medicine."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૯૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. રમેશભાઈ એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

Resolution :

"Welcoming the appointment of the Committee to propose and recommend suitable changes in the Gujarat University Act,

appreciating the efforts and thinking and labour put in by the Committee to amend the Act,

realising the urgent and growing need of amending it to meet the changing and challenging situation,

this House requests the appropriate body or bodies of the University to present the report of the said Committee to a session of the Senate and thus allow the members of the House to express their considered views and opinions on and, in addition to, the report."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ આ તબક્કે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. રમેશભાઈ એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This House views with anxiety the considerable eviction of teachers including Principals, and strongly urges the appropriate bodies of the University to concretise and enliven the machinery, amend the necessary rules and regulations and expedite the processes with a view to remove the widespread sense of insecurity and to ensure the security of job amongst the teachers."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોની સેવાઓની શરતોના પરિપાલનની બાબતમાં સિન્ડિકેટ જાગ્રત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. રમેશભાઈ એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"Expressing its sense of anxiety over the non-compliance of rules and regulations of the University by some of affiliated colleges, realising the difficulties and uncertainties in exercising the powers

by the Universities, the Senate earnestly requests the appropriate body or bodies of the University to get the rectifying powers of the University, spelt out and, if necessary, to acquire more effective powers by suitably amending the Act and by persuading the Government to make relevant changes in the Grant-in-aid Code applicable to the colleges."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોની સેવાઓની શરતોના પરિપાલનની બાબતમાં સિન્ડિકેટ જાગ્રત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"સેનેટની આ સભા લાગતીવળગતી સંસ્થાને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૬(૧)(એ)(*iii*) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરે:

16(1)(*A*)(*iii*) : Last Ex-Vice-Chancellor of the University residing in the State."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૯૬. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"સેનેટની આ સભા અધિકૃત મંડળોને વિનંતી કરે છે કે યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોમાં પ્રૉવિડન્ટ ફંડ અને મૅન્યુઇટી માટે સમાન ધોરણે નિયમો દાખલ કરવા માટે પ્રબંધ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રૉવિડન્ટ ફંડનાં સમાન ધોરણોની બાબતની કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૭. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના અંદાજપત્રમાં તે ભવન માટે ફર્નિચર ખાતે રૂા. ૩,૦૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) સને ૧૯૬૮-૬૯ના બજેટમાં હાલ રૂા. ૬,૦૦૦ની જોગવાઈ છે.

(૨) વધુ રૂા. ૪,૦૦૦ની બજેટ-જોગવાઈ સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં બાબત નં. ૧૮થી કરવામાં આવેલી છે. આથી કુલ જોગવાઈ રૂા. ૯,૦૦૦ની થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ૧૯૬૮-૬૯ના વર્ષના અંદાજપત્રમાં તે ભવનના ફર્નિચર ખાતે વધુ રૂા. ૩,૦૦૦ની જોગવાઈ કરવી.

૯૮. સિન્ડિકેટે તેની તા. ૩૧-૮-૧૯૬૮ની સભામાં કરેલ નીચેના ઠરાવ અન્વયે ઑ. ૧૨૦-બી નો સુધારેલો પાઠ મંજૂર કરવા બાબત :

"કોઈ પણ એક સંલગ્ન કૉલેજમાં સો સો વિદ્યાર્થીઓના એક એવા કુલ ૧૪થી વધુ વર્ગો રાખી શકાશે નહિ તથા કોઈ પણ એક કક્ષાએ ચારથી વધુ વર્ગો રાખી શકાશે નહિ, સિવાય કે કુલપતિશ્રીની લેખિત પૂર્વમંજૂરી લઈને કોઈ પણ એક કક્ષાએ એક વધુ વર્ગ અને કોઈ પણ વર્ગમાં વધુ ૧૦ ટકા વિદ્યાર્થીઓને, વધુમાં વધુ કુલ ૧૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યાને આધીન, પ્રવેશ આપી શકાશે."

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૨૦-બી મંજૂર કરવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બી ની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૯૯. પ્રત્યેક સંલગ્ન કૉલેજો પાસેથી તા. ૩૧મી જુલાઈ સુધીમાં આવવી જોઈતી ઑર્ડિ. ૯૬ પ્રમાણેની માહિતી નીચેની કૉલેજો પાસેથી હજુ સુધી આવી નથી તો તે પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ
(૨) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૩) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૪) વસંત-રજબ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જણ કરવામાં આવી કે આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ અને સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી ઑર્ડિ. ૯૬ હેઠળની માહિતી આ દરમ્યાન કાર્યાલયને મળેલી છે.

એ પછી ઠરાવવામાં આવ્યું કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ અને વસંત-રજબ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જણાવવું કે ઑર્ડિ. ૯૬ હેઠળની તેમની પાસે માગવામાં આવેલી માહિતી કાર્યાલય તરફથી સૂચિપત્રો લખવા છતાં હજુ સુધી મોકલવામાં આવી નથી તે બાબતને સિન્ડિકેટ ગંભીર નજરે નિહાળે છે અને તે માહિતી તાકીદે પૂરી પાડવા તેમને અનુરોધ કરે છે.

૧૦૦. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં લેક્ચરર તરીકે કામ કરતા રો. એ. એમ. વૈદ્યને પગારવધારાની બાબતમાં ગણિત વિભાગના વડાના તા. ૧૦-૯-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રો. વૈદ્યની નિમણૂક અંગેની સંબંધકર્તા શરત નીચે પ્રમાણે છે:

"શ્રી. એ. એમ. વૈદ્યને લેક્ચરર-ઇન-મૅથેમેટિક્સની કાયમી જગ્યા ઉપર સુધારેલો રૂટે. ૨૦૪ મંજૂર થયેથી શરૂઆતનો મૂળ માસિક પગાર રૂા. ૬૪૦થી બે વર્ષ સુધી તેઓને કોઈ પગારવધારો આપવો નહિ તે શરતે રૂા. ૪૦૦-૩૦-૬૪૦-ઈ.બી.-૪૦-૮૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ફાઇનલ બી.ડી.એ. પરીક્ષા તા. ૧૭-૧૦-૧૯૬૮ને બદલે તા. ૧૨-૧૦-૧૯૬૮થી શરૂ કરવાની મંજૂરી આપ્યાના;

(૨) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય	પદવી
૧.	શ્રી. એન. બી. પંડ્યા	વિનયન	હિન્દી	પીએચ.ડી.
૨.	શ્રી. એચ. બી. નાયક	વિજ્ઞાન	કેમિસ્ટ્રી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૦૨. હો. જયંત હરિભક્તિ તરફથી આવેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

(*a*) All items before the Syndicate should be given serial numbers and the year be designated by a letter of Alphabets. Thus if we approve of and introduce this system from 1969, 1st January, the first item will bear number A 1....and subsequent items A 2, A 3,..till the last item of December 1969 will bear No. A..In year 1970, we will start as B 1, B 2...

(*b*) *Enclosures :*

(*i*) Enclosures, if any, should be appended with the item; the present system should be discontinued.

(*ii*) Enclosures and reports of the sub-committees should always be sent alongwith the Agenda and not given on the Table during the meeting as is done time and again at present. This will enable the members to go through Committee reports at leisure. If a sub-committee had not on a previous day or the morning of the Syndicate meeting, such an item should be held over to the next meeting and should not be included in the Agenda as is the practice now in anticipation of a sub-committee's meeting.

(*c*) As a routine no items should be postponed (as is our common practice now); items should be taken on hand and considered and decided and disposed off as they appear in the Agenda. However the Vice-Chancellor may give priority to any item either on his own or after a request from a member.

(*d*) Items left out from one meeting should be carried over to the next without sending any fresh Agenda of the unfinished items.

(*e*) A small sub-committee of the Syndicate or Vice-Chancellor should dispose off routine matters like granting of P.F. Money, Gratuity, Promotions, Confirmations, etc. etc., so as to leave adequate time for the full dress meeting to discuss and decide the policy matters which is the prime function of the Syndicate.

(*f*) All supplementary Agenda with enclosures should be sent so as reach members at least 3 days before the meeting. No supplementary Agenda should be presented during the meeting as is done often now.

૧૧. સર્વશ્રી એસ. એસ. વોરા અને બી. એમ. વૈશ્યની હંગામી મદદનીશ કુલસચિવ તરીકે નિમણૂક થતાં તેઓની જગ્યાએ સર્વશ્રી કે. જી. શાહ અને બી. ટી. પઠાણની નિયમ ૭(૧) પ્રમાણે અનુક્રમે કુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર અને કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર

તરીકે તા. ૧-૨-૧૯૬૮થી નિમણૂક કરવામાં આવેલ હોઈ, આ જગ્યા ઉપર કાયમી કર્મચારીને મળતાં ડયૂટી એલાવન્સ અને ટાઇપિંગ એલાવન્સ ઑફિસિયેટિંગ નિમણૂક પર કામ કરતા સર્વશ્રી કે. જી. શાહ અને બી. ટી. પઠાણને આપવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સર્વશ્રી કે. જી. શાહ અને બી. ટી. પઠાણની નિયમ ૭(૧) પ્રમાણે અનુક્રમે કુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર અને કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર તરીકે કરવામાં આવેલી કાર્યકારી નિમણૂક દરમિયાન તેઓને નિયમ પ્રમાણે ઑફિસિયેટિંગ ભથ્થું નહિ આપતાં ફક્ત તે જગ્યાઓ માટે નક્કી કરવામાં આવેલું ભથ્થું નિમણૂકની તારીખથી આપવું.

૧૨. યુનિવર્સિટી પ્રેસના કેટલાક કર્મચારીઓની રજાઓ, ઓવરટાઇમ વગેરે માગણીઓ અંગે તા. ૧૩-૨-૧૯૬૮ અને તા. ૧૯-૫-૧૯૬૮ની સંયુક્ત અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ક્લાર્ક, સિનિયર ઑપરેટર અને સિનિયર ટાઇપિસ્ટોને બઢતી આપતી વખતે સ્ટેજમાં મૂકી એક પગારવધારો આપવા અંગેની તા. ૧૬-૩-૧૯૬૮ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિનિયર ક્લાર્ક, સિનિયર ઑપરેટર અને સિનિયર ટાઇપિસ્ટોની તા. ૧૬-૩-૧૯૬૮ની સદરહુ સંયુક્ત અરજી મંજૂર કરવી નહિ.

૧૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં એક પટાવાળાની જગ્યાને નાયકની જગ્યામાં ફેરવવા અંગે ગ્રંથાલયના પટાવાળાઓની તા. ૨૮-૬-૧૯૬૮ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગ્રંથાલયના પટાવાળાઓની તા. ૨૮-૬-૧૯૬૮ની સદરહુ સંયુક્ત અરજી મંજૂર કરવી નહિ.

૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. અનિલ એચ. શાહને હેન્ડ ડિલિવરી લઈ જતાં સાઇકલ અકસ્માત થતાં તેઓનો પગ ઊતરી ગયો હોવાથી તેઓને દવાના ખર્ચના રૂા. ૩૫ની આર્થિક મદદ આપવા અંગેની તેઓની તા. ૧-૪-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભાના ઠરાવ પ્રમાણે તેઓને તા. ૨૫-૫-૧૯૬૮થી છૂટા કર્યા છે.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. અનિલ એચ. શાહની તા. ૧-૪-૧૯૬૮ની અરજી મંજૂર કરવી નહિ.

૧૬. સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો શરૂ કર્યા હોવાથી અધ્યક્ષશ્રીની ભલામણ પ્રમાણે નીચેની જગ્યાઓ ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત:

(૧) સિનિયર ક્લાર્ક	..	એક જગ્યા
(૨) ટાઇપિસ્ટ	..	એક જગ્યા
(૩) પટાવાળા	..	બે જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૭. મનોવિજ્ઞાન વિદ્યા ભવનમાં સાંજના વર્ગો શરૂ કર્યા હોવાથી રૂા. ૧૦૦-૦૦ના ઉચ્ચક પગારના હંગામી ધોરણે પ્રથમ સત્રના અંત સુધી એક લેબોરેટરી આસિસ્ટન્ટની હાલ નિમણૂક કરેલ હોઈ, આગળની વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૮. સિનિયર ક્લાર્ક શ્રીમતી ઇન્દુબહેન પટેલની તા. ૪-૭-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૯. આરોગ્યકેન્દ્રમાં એક હંગામી જુનિયર ક્લાર્કની નિમણૂક કરવા અંગે આર.એમ.ઓ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૦. સિન્ડિકેટે તેની તા. ૯-૩-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સની નીચેની ભલામણ, આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

"એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે મૂકવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૭૭

સિન્ડિકેટની તા. ૩૧-૮-૧૯૬૮નો સભામાં નેશનલ સ્પોર્ટ્સ ઓર્ગેનિઝેશન માટે મોકલવાના માહિતી-પત્રકમાં આ યુનિવર્સિટી માટેની ત્રણ વર્ષની એન.એસ.ઓ. તરફથી આર્થિક સહાય મળે તો રમતોની સગવડો અને ઘોરણો સુધારવાની યોજના કરીને મોકલવા માટેની નિયુક્ત કરેલી સમિતિની સભા તા. ૧૧-૯-૧૯૬૮ ને બુધવારે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	પ્રિ. એચ. એ. ડિસોઝા	હાજર
૨.	,, વાય. જી. નાયક	ગેરહાજર
૩.	,, હરિહર શુક્લ	હાજર
૪.	,, એસ. આર. મહેતા	હાજર
૫.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૬.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર.

સમિતિનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એચ. એ. ડિસોઝાએ લીધું હતું.

માહિતીપત્રકમાં જે માહિતીની વિગતો જ ભરવાની હતી તે વિષે શરૂઆતમાં સભાના સભ્યોને માહિતી આપવામાં આવી હતી અને તે માહિતી માહિતીપત્રકમાં ભરી મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું.

ત્યાર બાદ માહિતીપત્રકમાં એન.એસ.ઓ. તરફથી આર્થિક સહાય મળે તે માટે જે ત્રિવાર્ષિક યોજના, રમતોની સગવડો અને ધોરણો સુધારવા માટેની રજૂ કરવાની હતી તેના ઉપર ચર્ચાવિચારણા કરીને આ સાથે પરિશિષ્ટમાં રજૂ કર્યા પ્રમાણેના મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. (પરિશિષ્ટ "ક" સાથે સામેલ છે.)

ત્યાર બાદ પ્રમુખશ્રીનો આભાર માનીને સભાનું કામકાજ પૂરું થયું હતું.

લાલજીભાઈ ઠક્કર
શારીરિક શિક્ષણ નિયામક વતી.

परिशिष्ट "क"

DRAFT SCHEME WITH ESTIMATED EXPENDITURE

I. This University has an Athletic Track, Foot-ball field, Volley-ball courts and possesses enough open land to provide Cricket, Hockey and other fields.

It is therefore proposed to give a priority to the other requisites for the Games and Sports additional facilities in the following order :

(1) A Gymnasium Hall (120 ft. × 80 ft.) (with washing, changing and equipment rooms) at an estimated cost of Rs. 1,80,000/-

(2) An Olympic size Swimming Pool (50 metres) (with closet and lockers and water cleaning plant) at an estimated cost of Rs. 2 lacs.

(3) Pavilion (overlooking the Athletic track, Foot-ball field and other games courts) at an estimated cost of Rs. 50,000/-

(4) (*i*) Tennis Courts—Two (Estimated cost of Rs. 10,000)

(*ii*) Additional Hockey & Foot-ball, Volley-ball, Basket-ball, Kho-Kho and Kabaddi fields of Rs. 10,000.

(*iii*) Wrestling & Boxing Ring of Rs. 10,000.

II. The proposed yearly coverage

1st year	Estimated expenditure of the Gymnasium and the equipment & Grant for Nutrition allowances and Coaching camps expenses approximately	..	Rs. 3,00,000/-
2nd year	Swimming Pool, Pavilion-Grant for Nutrition & coaching camp expenses approximately	..	Rs. 3,00,000/-
3rd year	Tennis Courts & Addition Hockey, Foot-ball & all other games fields, Wrestling & Boxing Ring & expenses for coaching camps and Nutritional Allowance	..	Rs. 50,000/-

III. Equipment needed

(*i*) *Gymnastics Equipment*

Name		*Estimated cost*
Double or Parallel Bar	..	Rs. 800/-
Single Bar	..	Rs. 900/-
Pomel Horse	..	Rs. 500/-
Vaulting Horse	..	Rs. 750/-
Roman Ring	..	Rs. 150/-
Wall Bars	..	Rs. 200/-
Wrestling Masts (Dunlop)	..	Rs. 3,000/-
	..	Rs. 5,700/-

(*ii*) *Athletics Equipment*

Aluminium Pole-Vault	..	Rs. 1,000/-
Aluminium Javlins (6 for Man & 6 for women students)	..	Rs. 1,500/-
Hammer Throw cage	..	Rs. 500/-
	..	Rs. 3,000/-
Total on equipment..	..	Rs. 8,700/-

IV. Games in which coaches are to be employed

As pointed out in Questionnaire, Item No. 10 in the order of priority. Badminton, Cricket, Table tennis, Athletics.

V. This University proposes to adopt the following four proposals to spot out and nurture talents :

(*i*) The coaches of the University will be on the look out during the Inter-collegiate tournaments for spotting talent and the students belonging to the Pre-University Classes and First Year Classes of various courses having talent in various games & sports will be selected.

(*ii*) Special coaching camps for these students will be conducted by the N. I. S. trained coaches.

(*iii*) Nutrition allowance for these selected talented students should be made available by giving grant to the Universities under this N. S. O. Scheme.

VI. It is proposed to have coaching camps in Cricket, Basket-ball, Kabaddi, Volley-ball during this October vacation and Hockey and Kho-Kho during the Christmus holidays for the University Teams.

However, for the selected talented students in various games coaching camps in all these games will be conducted during the Summer vacation, provided sufficient number of coaches are made available and provided sufficient monetary help towards the expenditure of these camps is made available to this University.

પરિશિષ્ટ "ત"
ઠરાવકાલ ક્રમાંક ૬૮

O. 120-B :

(*i*) There shall not be more than 1500 students in a College.

(*ii*) There shall not be more than two Faculty units in a College.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1500 students.

(*iv*) No College shall have more than four divisions and not more than fourteen divisions in all classes taken together and each division shall be of not more than hundred students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit it to open an additional division of any one class and also permit admission of an additional member of students not exceeding ten per cent of the maximum admissible number of students in each class or in a division thereof, subject to the maximum total of 1500 students as mentioned in (*i*) and (*iii*) above.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in a division thereof.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૧૧૬

Ordinance 129 :

Name of the Examination	*How many time held in a year ?*	*Date of Commencement*	*Last date of Application*	*Examination Fees Rs.*
1	2	3	4	5
External Examination :				
Pre-Uni. Arts (External)	Once	2nd Monday in October	28th Fabruary	50/-
First B.A. (External)	Once	Monday following 15th October	-do-	70/-
Second B.A. (External)	Once	2nd Monday in October	-do-	85/-
Third B.A. (External)	Once	Monday following 15th October	-do-	100/-
Faculty of Arts (including Education) :				
Pre-Uni. Arts	Once	Second Monday in March	24th December	25/-
First B.A.	Once	Fourth Monday in March	10th January	30/-
Second B.A.	Once	Second Monday in March	5th January	40/-
Third B.A.	Once	Fourth Monday in March	20th January	50/-
M.A., Part I	Once	Second Monday in April	30th January	50/-
M.A., Part II	Once	Second Monday in March	15th January	50/-
D.Ed., Part I	Once	Third Monday in March	10th January	15/-
D.Ed., Part II	Once	First Monday in March	10th January	10/-
B.Ed., Part I	Once	Third Monday in March	10th January	15/-
B.Ed., Part II	Once	First Monday in March	10th January	15/-
M.Ed.	Once	First Monday in June	1st March	75/-
Master of Labour Welfare	Twice	Third Monday in April Third Monday in October	10th Fabruary 20th August	100/-

Bachelor of Library Science	Once	Third Monday in April	25th Fabruary	75/-
F.Y.Dip. in Architecture	Once	4th Monday in March	20th January	40/-
S.Y.Dip. in Architecture	Once	4th Monday in March	20th January	50/-
Final Year Dip. in Architecture	Once	4th Monday in March	20th January	75/-
Dip. in Journalism	Once	4th Monday in April	31st March	30/-
F.Y.Dip. in Drama, Music, Dance, Painting and Sculpture	Once	4th Monday in March	20th January	25/-
S.Y.Dip. in Drama, Music, Dance, Painting and Sculpture	Once	4th Monday in March	20th January	40/-
Final Year Dip. in Drama, Music, Dance, Painting and Sculpture	Once	4th Monday in March	20th January	50/-
Junior Certificate Course Examination in English	Twice	3rd Monday in January & July	1st January & 1st July	20/-
Senior Certificate Course Examination in English	Twice	-do-	-do-	20/-
Faculty of Science :				
Pre-Uni. Science	Once	2nd Monday in March	24th December	30/-
First B.Sc.	Once	4th Monday in March	10th January	40/-
Second B.Sc.	Once	2nd Monday in March	5th January	45/-
Third B.Sc. (Sp. & Gen.)	Once	Fourth Monday in March	20th January	50/-
M.Sc., Part I (other than Maths.)	Once	2nd Monday in April	30th January	75/-
M.Sc., Part II (-do-)	Once	2nd Monday in March	15th January	75/-
M.Sc., Part I (Maths.)		2nd Monday in April	30th January	50/-
M.Sc., Part II (-do-)		2nd Monday in March	15th January	50/-
Ph.D. (Trans. Test) (French & German)	Twice	3rd Monday in April and 2nd Monday in October	10th March 10th September	25/- —

ચિ-ડૈટ (વિશેષ સભા)
તા. ૨૮/૨૯-૯-'૬૮

1	2	3	4	5
Faculty of Engineering :				
S.E. (C., M. & E.)	Once	1st Saturday in April	25th Fabruary	40/-
B.E. (C., M. & E.)	Twice	1st Saturday in April and 3rd Monday in October	25th Fabruary 25th August	100/-
B.E. I	Twice	-do-	1st March & 25th August	40/-
B.E. II	Twice	-do-	1st March & 25th August	40/-
B.E. III	Twice	-do-	1st March & 25th August	60/-
B.E. IV	Twice	Third Monday in April & October	1st March & 25th August	75/-
B.E. V	Twice	-do-	1st March & 25th August	100/-
M.E.	Once	1st Monday in June	1st March	150/-
Faculty of Law :				
First LL.B.	Twice	2nd Monday in April & October	25th Fabruary & 25th August	50/-
Second LL.B. (Sp. & Gen.)	Twice	-do-	25th Fabruary & 25th August	60/-
Final LL.B.	Twice	-do-	25th Fabruary & 25th August	75/-
Jr. LL.M.	Once	First Monday in June	1st March	100/-
Sr. LL.M.	Once	-do-	1st March	100/-
D.L.P.	Once	2nd Monday in April	25th Fabruary	40/-
D.T.L.P.		-do-	25th Fabruary	40/-

Faculty of Medicine :

First M.B.,B.S.	Twice	3rd Monday in April and 2nd Monday in October	5th March & 5th September	40/-
Second M.B.,B.S.	Twice	-do-	5th March & „	50/-
Final M.B.,B.S.	Twice	-do-	5th March & „	75/-
First B.D.S.	Twice	-do-	5th March & „	40/-
Second B.D.S.	Twice	-do-	5th March & „	50/-
Third B.D.S.	Twice	3rd Monday in April and 2nd Monday in October	5th March & 5th September	75/-
Final B.D.S.	Twice	-do-	5th March „	100/-
M.D.	Twice	2nd Monday in March and 1st Monday in October	10th December 10th July	200/-
M.S.	Twice	-do-	-do-	200/-
B.Sc. (Med.)	Twice	-do-	-do-	100/-
M.Sc. (Med.)	Twice	-do-	-do-	200/-
D.A.	Twice	-do-	-do-	100/-
D.M.R.E.	Twice	-do-	-do-	100/-
D.G.O.	Twice	-do-	-do-	100/-
D.O.	Twice	-do-	-do-	100/-
D.Ped.	Twice	-do-	-do-	100/-
D.V. & D.	Twice	-do-	-do-	100/-
T.D.D.	Twice	-do-	-do-	100/-
D.L.O.	Twice	-do-	-do-	100/-

1	2	3	4	5
F.Y. Pharmacy (Dip.)	Twice	4th Monday in March and 2nd Monday in October	1st Fabruary & 1st September	40/-
Int. Pharmacy (Dip.)	Twice	-do-	-do- -do-	50/-
First B.Pharm.	Twice	-do-	-do- -do-	75/-
Second B.Pharm.	Twice	-do-	-do- -do-	75/-
Final B.Pharm.	Twice	-do-	-do- -do-	75/-
M.Pharm.	Twice	-do-	10th January and 10th July	200/-
Faculty of Commerce :				
Pre-Uni. Commerce	Once	2nd Monday in March	24th December	25/-
First B.Com.	Once	4th Monday in March	10th January	30/-
Second B.Com.	Once	2nd Monday in March	5th January	40/-
Final B.Com.	Once	4th Monday in March	20th January	50/-
M.Com., Part I	Once	2nd Monday in April	30th January	60/-
M.Com., Part II	Once	2nd Monday in March	15th January	60/-

પરિશિષ્ટ "હ"
કામકાજ ક્રમાંક ૧૩૮

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) કમિટીની સભા તા. ૨૫-૯-૧૯૬૮ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં સાંજના ૪-૩૦ કલાકે મળી હતી. તેમાં નીચે મુજબ સભ્યો હાજર રહ્યા હતા :

૧. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૨. આચાર્ય વી. આર. રણદીવે	હાજર
૩. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર.

શ્રી. બદુભાઈ હ. દેસાઈએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

બાબત નં. ૧ અને ૨ની વિચારણા મુલતવી રાખવામાં આવી.

૩. એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય સાથે પાસ ન થયા હોવા છતાં ૧૯૬૬-૬૭ના વર્ષમાં કેટલાક વિદ્યાર્થીઓએ ખોટી રીતે કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો તેવી ફરિયાદના સંદર્ભમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓને આ કમિટી સમક્ષ હાજર રહેવા જણાવ્યું હતું :

(૧) શ્રી. પટેલ હસમુખભાઈ ગણપતભાઈ
(૨) કુમારી ઉષા કાળિદાસ મોદી
(૩) શ્રી. દલાલ યોગેશ કાંતિલાલ
(૪) કુમારી ઊર્મિલાકુમારી રામાવતારસિંગ
(૫) શ્રી. કાંતિભાઈ સોમાભાઈ પટેલ
(૬) શ્રી. ધીરુભાઈ સોમાભાઈ પટેલ
(૭) શ્રી. ભગવાનભાઈ અજુભાઈ બરાડ
(૮) શ્રી. મહોબતસિંહ મનુભાઈ સગર
(૯) શ્રી. અરજનસિંહ દેવસંગ ડોડિયા
(૧૦) શ્રી. દિલીપકુમાર મણિલાલ શાહ
(૧૧) શ્રી. જિતેન્દ્ર ઝવેરચંદ શાહ.

ઉપર જણાવેલ વિદ્યાર્થીઓ પૈકી તા. ૧૨-૯-૧૯૬૮ના રોજ શ્રી. દિલીપકુમાર મણિલાલ શાહ, જિતેન્દ્ર ઝવેરચંદ શાહ અને કુમારી ઊર્મિલાકુમારી રામાવતારસિંગના પિતાશ્રી તથા તા. ૨૫-૯-૧૯૬૮ના રોજ પટેલ કાંતિલાલ સોમાભાઈ હાજર રહ્યા હતા અને તેઓને જરૂરી પૂછપરછ કરવામાં આવી હતી. બાકીના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા છતાં હાજર રહ્યા નહોતા.

ઉપર જણાવેલ પ્રત્યેક કેસના કાગળો જોઈતપાસીને સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રી. પટેલ હસમુખભાઈ ગણપતભાઈ .. આ વિદ્યાર્થીએ ઑક્ટોબર ૧૯૬૬માં અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરી છે તેથી જૂન ૧૯૬૬થી મેળવેલ પ્રવેશ માન્ય ગણાય નહિ. તેથી આ વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાંથી આપવામાં આવેલ ૧૯૬૬-૬૭નું એનરોલમેન્ટ સર્ટિફિકેટ રદ કરવું અને તેને પ્રી-યુનિવર્સિટી વિનયનની પરીક્ષા માટે ૧૯૬૬-૬૭ના વર્ષમાં રાખેલ સત્રો રદ ગણવાં. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થીને જૂન ૧૯૬૯થી શરૂ થતા સત્રથી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં પ્રવેશ મેળવવો હોય તો તે યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશ મેળવી શકે.

(૨) કુ. ઉષા કાલિદાસ મોદી .. આ કેસની વિચારણા મુલતવી રાખવામાં આવી.

(૩) શ્રી. યોગેશ કાંતિલાલ દલાલ .. ,, ,, ,,

(૪) કુ. ઊર્મિલાકુમારી રામાવતારસિંગ .. આ વિદ્યાર્થિનીને આ યુનિવર્સિટીમાંથી આપવામાં આવેલ એનરોલમેન્ટ સર્ટિફિકેટ રદ કરવું તથા તે અન્વયે ભરેલાં સત્રો રદ કરવાં. આ બહેન અંગે પોલીસ કેસ કોર્ટમાં ચાલતો હોઈ તેનો નિર્ણય આવ્યા બાદ વધુ વિચારણા કરવી.

(૫) શ્રી. કાંતિભાઈ સોમાભાઈ પટેલ .. આ કેસની વિચારણા મોકૂફ રાખવી.
(૬) શ્રી. ધીરુભાઈ સોમાભાઈ પટેલ ,, ,, ,,

(૭) શ્રી. બરાડ ભગવાનભાઈ અજુભાઈ .. આ વિદ્યાર્થીને ફરીથી આ સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવવો.

(૮) શ્રી. સગર મોહબતસિંહ મનુભાઈ .. આ કેસની વિચારણા મુલતવી રાખવી.

(૯) શ્રી. ડોડિયા અરજનસિંહ દેવસંગ .. આ કેસની વિચારણાના સંદર્ભમાં તા. ૧૨-૯-૧૯૬૮ના રોજ શ્રી. વાઘેલા ગંભીરસિંહજી કેસરીસિંહજીને બોલાવવામાં આવ્યા હતા અને તેઓ હાજર રહ્યા હતા. જો શ્રી. ડોડિયા એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પસાર કરે અને યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશપાત્ર થાય તોપણ તા. ૩૧મી ડિસેંબર ૧૯૭૧ સુધી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈ પણ કૉલેજમાં તેમને પ્રવેશ આપવો નહિ.

(૧૦) શ્રી. દિલીપકુમાર મણિલાલ શાહ .. આ બંને વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાંથી આપવામાં
અને આવેલ એનરોલમેન્ટ સર્ટિફિકેટ રદ કરવાં તથા જો તે
શ્રી. જિતેન્દ્ર ઝવેરચંદ શાહ અન્વયે સત્રો ભર્યાં હોય તો તે પણ રદ કરવાં તેમ જ
જો એસ.એસ.સી. પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પસાર
કરે અને આ યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશપાત્ર
થાય તોપણ તા. ૩૧મી ડિસેંબર ૧૯૭૧ સુધી આ
યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉઈ પણ કૉલેજમાં પ્રવેશ
આપવો નહિ.

બાબત નં. ૪ અને પની વિચારણા મુલતવી રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
કુલસચિવ વતી.

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) કમિટીની સભા તા. ૨૮-૯-૧૯૫૮ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં બપોરના ૧૨-૧૫ કલાકે મળી હતી. તેમાં નીચે મુજબ સભ્યો હાજર રહ્યા હતા :

૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૨. આચાર્યશ્રી વી. આર. રણદીવે	હાજર
૩. શ્રી. ધનવદન એમ. નાણાવટી	ગેરહાજર.

શ્રી. બટુભાઈ હ. દેસાઈએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

બાબત નં. ૧ અને ૨ની વિચારણા મુલતવી રાખવામાં આવી.

૩. એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય સાથે પાસ ન થયા હોવા છતાં ૧૯૬૬-૬૭ના વર્ષમાં અને ૧૯૬૭-૬૮ના વર્ષમાં કેટલાક વિદ્યાર્થીઓએ ખોટી રીતે કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો તેની ફરિયાદના સંદર્ભમાં પ્રત્યેક વિદ્યાર્થીના કેસના કાગળો જોઈતપાસીને સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

ભલામણ

૧. કુ. ઉષા કાળિદાસ મોદી .. આ વિદ્યાર્થિનીનું પ્રી-યુનિ. વિનયન પરીક્ષાનું માર્ચ-એપ્રિલ ૧૯૬૮નું અનામત રાખવામાં આવેલ પરિણામ જાહેર કરવું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે જો આ વિદ્યાર્થિની ચાલુ વર્ષના બીજા સત્રમાં જોડાવા માગતી હોય તો તેમનું પહેલું સત્ર માન્ય કરવામાં આવશે નહિ. આ વિદ્યાર્થિની

જૂન ૧૯૬૯થી શરૂ થતા સત્રથી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં નિયમ મુજબ પ્રવેશ મેળવી શકશે અને તે પહેલાં કોઈ અભ્યાસક્રમોમાં કે પરીક્ષામાં આ યુનિવર્સિટીમાં બેસવા ન દેવી.

૨. શ્રી. યોગેશ કાંતિલાલ દલાલ .. આ વિદ્યાર્થીનું પ્રી-યુનિ. વિનયન પરીક્ષાનું માર્ચ-એપ્રિલ ૧૯૬૮નું અનામત રાખવામાં આવેલ પરિણામ જાહેર કરવું અને તેતા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં આ યુનિવર્સિટીના, આ સિવાય બીજા કોઈ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં જોડાઈ શકશે નહિ.

૩. શ્રી. કાંતિભાઈ સોમાભાઈ પટેલ
અને
શ્રી. ધીરુભાઈ સોમાભાઈ પટેલ .. તા. ૨૫-૯-૧૯૬૮ના રોજ શ્રી. કાંતિભાઈને બોલાવવામાં આવ્યા હતા અને તેમને રૂબરૂમાં જરૂરી પૂછપરછ કરવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીએ કોઈપણ જાતની ગેરરીતિ અખત્યાર કરેલી નથી અને તેથી આ સંબંધમાં કાંઈ કરવાનું રહેતું નથી અને તેમની સામેની ફરિયાદમાં વજૂદ જણાતું નથી.

૪. શ્રી. મહોબતસિંહ મનુભાઈ સગર .. આ વિદ્યાર્થીની બાબતમાં અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીને પત્ર લખી જે માહિતી અનેક વાર મગાવવા છતાં મોકલતા નથી તે માહિતી તાકીદે મોકલવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ વિદ્યાર્થીની સામે કોઈ પોલીસ પગલાં લેવાં નહિ. પરંતુ જો આ વિદ્યાર્થી એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પસાર કરે અને યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશપાત્ર થાય તોપણ તા. ૩૧ ડિસેંબર ૧૯૭૩ સુધી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈપણ કૉલેજમાં પ્રવેશ આપવો નહિ.

૫. શ્રી. હિરીટકુમાર કાંતિલાલ વ્યાસ .. આ વિદ્યાર્થીએ અંગ્રેજી વિષય સાથે એસ.એસ.સી. પરીક્ષા પસાર કરેલી ન હોઈ તેને એનરોલમેન્ટ સર્ટિફિકેટ આપવું નહિ. તેનો લેખિત ખુલાસો જોતાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે જો તે એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પસાર કરે અને/અથવા યુનિવર્સિટીના નિયમ મુજબ અન્યથા પ્રવેશપાત્ર થાય તોપણ તા. ૩૧ ડિસેંબર ૧૯૭૦ સુધી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈપણ કૉલેજમાં પ્રવેશ આપવો નહિ.

૪. શ્રી. જહા તેજનારાયણ મધ્યપ્રદેશ બૉર્ડની ઇન્ટર આર્ટ્સ પરીક્ષા પસાર કરી સિટી આર્ટ્સ કૉલેજમાં સેકન્ડ બી.એ.માં પ્રેવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી દાખલ થયા છે અને એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવવા માટે મજકૂર વિદ્યાર્થીએ મધ્યપ્રદેશ બૉર્ડનું ઇન્ટરમીડિયેટ આર્ટ્સ પરીક્ષાનું જે પ્રમાણપત્ર રજૂ કર્યું છે તેમાં અનધિકૃત ફેરફાર થયેલ જણાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જહા તેજનારાયણે મધ્યપ્રદેશ બૉર્ડની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કર્યા બાબતનું માઇગ્રેશન સર્ટિફિકેટ રજૂ કર્યું છે તે બાબતમાં મધ્યપ્રદેશ બૉર્ડ પાસેથી જરૂરી સ્પષ્ટતા મેળવવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ વિદ્યાર્થીને આગામી લિમલ કમિટી સમક્ષ હાજર રહેવા જણાવવું.

૫. શ્રી. એ. એન. કેલ્લા સને ૧૯૫૯થી ૧૯૬૩ના વર્ષ દરમિયાન રાજકોટની લૉ કૉલેજમાં તેમ જ અમદાવાદની ન્યૂ લૉ કૉલેજમાં પહેલી તથા બીજી એલએલ.બી.નો અભ્યાસ કરતાં કરતાં તે સમય દરમિયાન કચ્છ જિલ્લામાં આવેલ કોર્ટમાં નોકરી કરતા હતા, અને તે રીતે કૉલેજમાં ખોટી હાજરી પુરાવી શ્રી. એ. એન. કેલ્લાએ ગેરરીતિ આચરવાની આવેલ ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એ. એન. કેલ્લાનો ઉપરોક્ત હકીકત અંગે ખુલાસો માગતા પત્રો વારંવાર લખવા છતાં તે પત્રો સ્વીકાર્યા સિવાય પરત આવેલ છે, એટલે શ્રી. કેલ્લાનો ખુલાસો મેળવી શકાયો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એન. કેલ્લા ગાંધીધામમાં રહે છે કે કેમ તેમ જ તેમણે રજિસ્ટર્ડ પત્ર લેવાની ના પાડેલી કે કેમ તે અંગેની માહિતી સ્થાનિક સબ-પોસ્ટમાસ્તર પાસેથી મગાવીને આ કેસ આગામી સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
ઠરાવઠરાવ ક્રમાંક ૧૪૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭-૯-૧૯૬૮ ને સોમવારના રોજ કુલપતિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. પ્રમુખશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શેલત	હાજર
૩. શ્રી. રણજિતરામ મં. શાસ્ત્રી	હાજર
૪. શ્રી. ગિરીશચન્દ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર
૬. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ ને મંગળવાર તથા તા. ૨૪-૮-૧૯૬૮ ને શનિવારના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ તથા તા. ૨૪-૮-૧૯૬૮ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીએ નીમેલી પેનલ પરના રથપતિ તરફથી આવેલ ચોથી પંચવર્ષીય યોજના માટેનાં મકાનોના બાંધકામના સ્કેચપ્લાન જોઈતપાસી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. સ્ટાફ ક્વાર્ટર્સમાં સેપ્ટિક ટેંક તથા સોકપિટનું કામ કરવા માટે તેના બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. એન. એસ. તલાટીએ ઘણો વખત થઈ ગયો હોવાથી ના પાડી છે, તેથી આ કામ ગુજરાત સેનિટેશન કંપની પાસેથી તે જ ભાવથી કરાવી લેવા માટે વિચારણા કરવા બાબત.

[નોંધ.--(૧) આ કામ માટેની એકસ્ટ્રા-આઇટેમના ભાવ તા. ૫-૭-૧૯૬૮ની બાંધકામ સમિતિની ભલામણથી તા. ૧/૭-૭-૧૯૬૮ની સિન્ડિકેટે મંજૂર કરેલા છે.

(૨) બજેટમાં આ અંગે જરૂરી જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) ગુજરાત સેનિટેશન કંપનીની સંમતિ દર્શાવતો પત્ર આ સાથે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રના કર્મચારીઓના ક્વાર્ટર્સમાં સેપ્ટિક ટેંક તથા સોકપિટનું કામ કરવા માટે તેના બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. એન. એસ. તલાટીએ ઘણો વખત થઈ ગયો હોવાથી ના પાડી છે, તેથી આ કામ મે. ગુજરાત સેનિટેશન કંપની પાસેથી મંજૂર થયેલા (આ સાથેની યાદી પ્રમાણેના) ભાવથી આ કામ કરાવી લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. સિન્ડર ટ્રેક પાસે નીચે જણાવેલાં રમતગમતનાં મેદાનો અને વધુ ત્રણ પેવેલિયનના બાંધકામ તથા એન. આર. એસ. સેન્ટરના મકાનમાં બેડમિન્ટન કોર્ટ માટે લાકડાનું ફ્લોરિંગ કરી આપવા માટે જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત:

		અંદાજી ખર્ચ
(૧) હોકી ગ્રાઉન્ડ	..	રૂ. ૧,૫૦૦
(૨) ફૂટબૉલ ગ્રાઉન્ડ	..	રૂ. ૨,૦૦૦
(૩) ક્રિકેટ ગ્રાઉન્ડ	..	રૂ. ૨,૦૦૦
(૪) બેડમિન્ટન હૉલમાં સાગી લાકડાનું ફ્લોરિંગ	..	રૂ. ૧૦,૫૦૦
(૫) સિન્ડર ટ્રેક પાસેના થનારા ગ્રાઉન્ડની આસપાસ તારની વાડ માટે	..	રૂ. ૬,૦૦૦
(૬) પેવેલિયન (ત્રણ નંગ)	..	રૂ. ૨૫,૦૦૦
અંદાજી કુલ ખર્ચ		રૂ. ૫૦,૦૦૦

(નોંધ.—સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભાની ભલામણ નીચે પ્રમાણે છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેના આલેખો તથા ખર્ચની વિગતો તૈયાર કરવા બાંધકામ સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. યુનિવર્સિટી ગ્રંથાલયના મકાન પાસે ગૅલ્વેનાઇઝ્ડ પાઇપ તથા સિમેન્ટનાં પતરાં વાપરીને સાઇકલ શેડ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના મકાન પાસે ગૅલ્વેનાઇઝ્ડ પાઇપ તથા સિમેન્ટનાં પતરાં વાપરીને સાઇકલ શેડ બાંધવા માટેનો રૂ. ૪,૬૦૦નો અંદાજ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ સાઇકલ શેડ માટેની જગ્યા ગ્રંથાલયના મકાનની સામે પૂર્વ બાજુએ ઝાંપાની પાસે રાખવી.

૬. 'બી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં માળિયાનો ઉપયોગ થઈ શકે તે માટે દરેકને સીડી આપવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. આ ખર્ચ યુનિવર્સિટી મરામત અને ખાસ ફેરફાર ખાતે પડશે.
૨. બજેટમાં જરૂરી જોગવાઈઓ છે, કુલ ૨૬ નંગ સીડી થશે.
૩. અંદાજી ખર્ચ રૂ. ૧,૫૬૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે 'બી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં માળિયાનો ઉપયોગ થઈ શકે તે માટે દરેક રહેઠાણ દીઠ સાગી લાકડાની સીડી આપવા માટે કુલ ૨૬ નંગ સીડીના રૂ. ૧,૫૬૦ અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. આપણી હાલની સ્થપતિઓની પેનલમાં પોતાના નામનો સમાવેશ કરવા અંગે સ્થપતિ શ્રી. કમલ મંગળદાસના તા. ૩-૯-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્કિટેક્ટ્સ તરફથી આવેલ તા. ૨૧-૮-૧૯૬૮ના પત્ર તથા પ્લાનની સ્પર્ધા અંગેના નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી અને કાર્યાલય મારફતે યોગ્ય જવાબ આપવો.

પ્રમુખશ્રીના પરવાનગીથી નીચેની બે બાબતો રજૂ કરવામાં આવી :

૯. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામના કંત્રાટી મે. એચ. કે. કન્સ્ટ્રકશન કંપની તરફથી તા. ૧૨-૯-૧૯૬૮ની વકીલ મારફતે આવેલી નોટિસ પરત્વે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલની બાંધકામ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ની સભાની ભલામણ મુજબ જરૂરી કપાત કરીને ફાઇનલ બિલ તૈયાર કરવું અને કંત્રાટીને સદરહુ બિલ પ્રમાણિત કરી સહી કરવા કાર્યાલયમાં બોલાવવા માટે પત્ર લખવો અને તેઓ તે સ્વીકારવા સંમત થાય તો બિલનાં નાણાં તેમને ચૂકવવાં.

૨. વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર (૧)માં જણાવ્યા મુજબના ફાઇનલ બિલમાં કૉન્ટ્રાક્ટરની સંમતિ ન હોય તો તેમને તેમના વકીલ શ્રી. વિનોદ એમ. ચોકસી મારફતે આવેલી નોટિસનો ઘટતો જવાબ વકીલ મારફતે આપવો. આ માટે વકીલને નીમવા માટે તથા તે માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. વિદ્યાર્થિનીઓના છાત્રાલયને વિસ્તૃત કરવાનું કામ સ્થપતિને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓના છાત્રાલયને વિસ્તૃત કરવા અંગેનું કામ સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ આ મકાનના પ્લાન બનાવેલા હોવાથી તેમને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭-૯-૧૯૬૮ ને શુક્રવારના રોજ સવારના ૯-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શેખન	હાજર
૩. શ્રી. રણજિતરાય શાસ્ત્રી	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર
૬. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીએ નીમેલી પેનલ પરના જુદા જુદા સ્થપતિઓ તરફથી આવેલા ચોથી પંચવર્ષીય યોજના માટેનાં મકાનોના બાંધકામના સ્કેચપ્લાન જોઈતપાસી વિચારણા કરવા બાબત.

(નોંધ.—નીચેનાં મકાનોના સ્કેચપ્લાન સ્થપતિઓ પાસેથી મગાવવામાં આવેલા છે:

ક્રમાંક	મકાનનું નામ		અંદાજી ખર્ચ
(૧)	શિક્ષણશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન ભવન	...	રૂા. ૪,૫૦,૦૦૦-૦૦
(૨)	વિદ્યાર્થીઓનું છાત્રાલય	...	રૂા. ૫,૦૦,૦૦૦-૦૦
(૩)	ગાંધીભવન	...	રૂા. ૧,૦૦,૦૦૦-૦૦
(૪)	રીડર્સ ક્વાર્ટર્સ, ૧૦ યુનિટ (એકના રૂા. ૨૫,૦૦૦)	...	રૂા. ૨,૫૦,૦૦૦-૦૦
(૫)	લેક્ચરર ક્વાર્ટર્સ ,૨૦ યુનિટ (એકના રૂા. ૧૭,૫૦૦)	...	રૂા. ૩,૫૦,૦૦૦-૦૦
			રૂા. ૧૬,૫૦,૦૦૦-૦૦

નીચેના સ્થપતિઓ તરફથી આ મકાનોના સ્કેચપ્લાન મોકલી આપવામાં આવેલા છે:

(૧) આસરપોટા અને આસરપોટા
(૨) શ્રી. સી. આર. મિસ્ત્રી
(૩) શ્રી. જિતેન્દ્ર મિસ્ત્રી
(૪) શ્રી. મધુકર ઠાકોર
(૫) શ્રી. એલ. કે. નંદવાણા
(૬) શ્રી. ફિરોઝ કુંદીઅનવાલા
(૭) શ્રી. આર. કે. ચોકસી.

સદરહુ કામકાજ કોને સોંપવામાં આવે તે અંગે વિચારણા કરતાં પહેલાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે જે જે સ્થપતિઓએ આ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૮ની ભલામણને અનુલક્ષીને જુદાં જુદાં કામોના જે સ્કેચપ્લાન તૈયાર કરીને મોકલ્યા છે તે તેમને પરત કરવામાં આવે અને તેમને અગાઉ નક્કી કર્યા મુજબ પ્રત્યેક કામના સ્કેચપ્લાન દીઠ રૂા. ૨૦૦નું વેતન ચૂકવવામાં આવે એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

તે પછી સ્થપતિઓની પેનલના સભ્યોને હાલ અને અગાઉ જે કાંઈ કામ સોંપાયેલ હોય તે કામ વગેરે લક્ષમાં લઈને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) શિક્ષણશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન ભવનના મકાન માટેનું કામ સ્થપતિ મે. મિસ્ત્રી એન્ડ એસોસિયેટ્સને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામનું કામ સ્થપતિ શ્રી. મધુકર ઠાકોરને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) લેકચરરો માટેનાં વીસ ક્વાર્ટર્સનું કામ સ્થપતિ શ્રી. રાજેન્દ્ર કે. ચોકસીને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) રીડર્સ ક્વાર્ટર્સ ૧૦ યુનિટ બાંધવાનાં છે. તે અંગેનું કામ સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) ગાંધીભવનના કામ માટે સ્થપતિની નિમણૂક અંગેની બાબત હાલ મુલતવી રાખવી.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. કમલ મંગળદાસને યુનિવર્સિટી સ્થપતિની પેનલ ઉપર મૂકવામાં આવે.

પી. ડી. મિસ્ત્રી,
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 857-378-10-68

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑક્ટોબર માસની સભા રવિવાર, તા. ૧૩-૧૦-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૧૦-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિશ્રી	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૨૮/૨૬-૬-૧૯૬૮ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૨૮/૨૬-૬-૧૯૬૮ની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૭૨ના ઠરાવમાં "ઑા.ડૅ. ૧૨૦" ને બદલે "ઑર્ડિ. ૧૨૦-એ" વાંચવો.

૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની યોજનાની બાબતમાં તેમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો પરત્વે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં નીમેલ પ્રતિનિધિમંડળની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ જોડાયેલી કૉલેજોના શિક્ષકો માટે પગારધોરણની સુધારણાની બાબતમાં સદરહુ યોજના સ્વીકારવામાં આવે તથા તા. ૧-૪-૧૯૬૬ થી નીચે મુજબનાં પગારધોરણ તમામ કૉલેજોને લાગુ પાડવામાં આવે :

૧. પ્રોફેસર	..	રૂા. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦
૨. લેક્ચરર	..	રૂા. ૩૦૦-૨૫-૬૦૦
૩. ડેમોન્સ્ટ્રેટર/ટ્યૂટર	..	રૂા. ૨૫૦-૧૫-૪૦૦

(૨) તા. ૧-૪-૧૯૬૬ પહેલાં જોડાયેલા શિક્ષકોનું મોંઘવારી ભથ્થું કે તેનો કોઈ ભાગ મૂળ પગારમાં મેળવવામાં (merged કરવામાં) આવે નહિ અને હાલમાં જે પ્રમાણે છે તે જ પ્રમાણે તેમનું મોંઘવારી ભથ્થું મેળવ્યા સિવાયનું (unmerged) છે તે ચાલુ રાખવામાં આવે તથા તે સિવાયના બાકીના શિક્ષકો માટે મોંઘવારી ભથ્થું રાજ્ય સરકારે સૂચવેલા ધોરણે મૂળ પગારમાં મેળવીને (merge કરીને) ઉપર પેરેગ્રાફ (૧) મુજબનાં સુધારેલાં પગારધોરણો, ઉપર પેરેગ્રાફ નં. (૨)ને આધીન તમામ કૉલેજોને લાગુ પાડવામાં આવે.

[નોંધ.— તા. ૧-૪-૧૯૬૬ પહેલાં નહિ જોડાયેલા શિક્ષકોને માટે આ સુધારેલાં પગારધોરણોમાં રાજ્ય સરકારના ધોરણે મેળવાયેલ (merged) મોંઘવારી ભથ્થાનો સમાવેશ થાય છે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.]

(૩) અનુસ્નાતક કૉલેજો અને અનુસ્નાતક શિક્ષકો (આચાર્યો સહિત)નાં પગારધોરણોની બાબતમાં આ યુનિવર્સિટીમાં પ્રવર્તતી વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં નીચે મુજબનું ધોરણ સ્વીકારવા માટે રાજ્ય સરકારને જણાવવામાં આવે :

"Any college having at least two post-graduate centres duly instituted by the University or having on its staff at least 15% of its total number of teachers who are fully recognised post-graduate teachers, such teachers being only full-time Professors or Lecturers and numbering at least three, should be deemed to be post-graduate colleges and their Principals and recognised full-fledged post-graduate teachers should be deemed eligible

for pay-scales prescribed for Principals of post-graduate colleges and full-fledged post-graduate teachers, as the case may be."

(૪) આ યોજનાના અમલમાંથી જે પ્રશ્નો વખતોવખત ઉદ્‌ભવે તેનો નિકાલ સૂચવવા માટે જરૂરી તંત્ર ઊભું કરવાનું સૂચવવામાં આવે.

The revised scale of Rs. 250–15–400 should be allowed to persons holding a Master's degree.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારને જણાવવું કે—

(ક) સદરહુ મંડળની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ સ્વીકારવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે.

(ખ) યોજના મુજબ શિક્ષકોના પગારધોરણની બાબતમાં વિકલ્પ અખત્યાર કરવાની મુદત લંબાવી આપવા માટે રાજ્ય સરકારને જણાવવું.

(ગ) અનુસ્નાતક શિક્ષણ અંગે આ યુનિવર્સિટીમાં પ્રવર્તતી વિશિષ્ટ પરિસ્થિતિનો રાજ્ય સરકારને ખ્યાલ આપીને તેને જણાવવું કે તેના સંદર્ભમાં તેને ભલામણ કરવી કે નીચે મુજબનું ધોરણ સ્વીકારવા માટે જરૂરી કાર્યવાહી કરવી :

"Any college in the Faculty of Arts including Education, or in any two Faculties of which Arts including Education is one, having at least two post-graduate centres instituted by the University,

or

Any college in a faculty other than the Faculty of Arts including Education having one post-graduate centre instituted by the University,

or

Any college having on its staff at least 15% of its total number of teachers who are fully recognised post-graduate teachers, such teachers being only full time Professors or Lecturers, and numbering at least three should be deemed to be post-graduate colleges and their Principals and recognised full-fledged post-graduate teachers should be deemed eligible for pay-scales prescribed for Principals of post-graduate colleges and full-fledged post-graduate teachers, as the case may be."

(ઘ) સદરહુ યોજનાના અમલમાં જે પ્રશ્નો વખતોવખત ઉદ્‌ભવે તેનો નિકાલ કરવા માટે જરૂરી તંત્ર ઊભું કરવાનું રાજ્ય સરકારને સૂચવવામાં આવે.

૩. થર્ડ નેશનલ સેમિનાર ઑફ સ્ટુડન્ટ્સ એડવાઇઝરી બ્યુરોઝ ઇન ઇન્ડિયા, જે આપણી યુનિવર્સિટીના આશ્રયે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય તરફથી તા. ૨૧-૨-૧૯૬૮થી તા. ૨૫-૨-૧૯૬૮ દરમિયાન યોજાયેલ, તેમાં થયેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.

૪. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમોના અમુક મુદ્દાઓ અંગે પુનર્વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૦-૭-૧૯૬૮ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. વિનયન વિદ્યાભવનના ગણિત વિભાગમાં લેક્ચરર તરીકે કામ કરતા ડૉ. એ. એમ. વૈદ્યને પગારવધારાની બાબતમાં ગણિત વિભાગના વડાના તા. ૨૦-૯-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. વૈદ્યની નિમણૂક અંગેની સંબંધકર્તા શરત નીચે પ્રમાણે છે:

"શ્રી. એ. એમ. વૈદ્યને લેક્ચરર-ઇન-મૅથેમેટિક્સની કાયમી જગ્યા ઉપર સુધારેલા રૂટે. ૨૦૪ મંજૂર થયેથી શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૬૪૦થી બે વર્ષ સુધી તેઓને કોઈ પગારવધારો આપવો નહિ તે શરતે રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એમ. વૈદ્યને તેમનો પહેલો પગારવધારો તેમની ત્રણ વર્ષની નોકરી પૂરી થયેથી તા. ૧૫-૬-૧૯૬૯ના રોજ આપવો.

૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮ની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાના ભૌતિકવિજ્ઞાનના પ્રશ્નપત્ર ૧ અને ૨ ની ફૂટ અંગે સિન્ડિકેટે તેની તા. ૩૧-૩-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તેમાં કરવામાં આવેલી ભલામણો અંગે કાર્યાલયને પોતાનાં સૂચનો રજૂ કરવા જણાવવું.

૭. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેના રૂટે. ૧૯૩-બી મંજૂર કરવામાં આવે :

St. 193-B :

The employees of the University, both teaching and non-teaching, shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 200 or less .. Rs. 3,000/-
2. Employees drawing basic pay from Rs. 201 to 400 .. Rs. 3,500/-
3. Employees drawing basic pay from Rs. 401 to 800 .. Rs. 4,000/-

4. Employees drawing basic pay from
Rs. 801 and onwards .. Rs. 4,500/-

5. The policies shall be endowment policies.

On any employee ceasing to be in employment of the University, the University shall cease to pay any further premiums in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy provided for the higher slab of pay."

યુનિવર્સિટીના કર્મચારીઓને વીમાનો લાભ આપવાની બાબતમાં સિન્ડિકેટ સૈદ્ધાંતિક રીતે સંમત છે, પરંતુ સદરહુ પ્રસ્તાવ મુજબની આર્થિક જવાબદારી લેવાનું બની શકે તેમ નથી; અને તેથી ફક્ત મૂળ માસિક રૂા. ૨૦૦/- સુધીનો પગાર મેળવતા કર્મચારીઓને વીમાનો લાભ આપવાની તરફેણમાં સિન્ડિકેટ છે.

૮. ગ્રામ્ય વિસ્તારની અને શહેર વિસ્તારની સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ અને મોંઘવારી ભથ્થાંના દરો અલગ અલગ રાખવા અંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચેરમેન તરફથી આવેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું નહિ.

૯. ટી.ડી. પરીક્ષાના નામાભિધાનમાં ફેરફાર થયેલો હોઈ સદરહુ ડિપ્લોમા પાસ કરનાર વિદ્યાર્થીને "ડિપ્લોમા ઇન એજ્યુકેશન"નું પ્રમાણપત્ર આપવા અંગેનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ પ્રમાણપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૦. યુનિવર્સિટી વિસ્તારની બધી જ જમીનને રેવન્યુ કર ભરવામાંથી મુક્તિ મળી છે તે અંગે માહિતી આપતા વસ્ત્રાપુરના તલાટી-કમ-મંત્રીના તા. ૧૪-૮-૧૯૬૮ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. ધી ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીનું વાર્ષિક અધિવેશન બેંગલોર યુનિવર્સિટીના ઉપક્રમે ડિસેંબર તા. ૨૬થી ૨૭, ૧૯૬૮ના સમય દરમિયાન બેંગલોર મુકામે યોજાનાર હોઈ

તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. પી. સી. વૈદ્ય અને પ્રો. એ. આર. રાવને મોકલવા.

૧૨. આચાર્ય વી. એન. જોશીને બીજી અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા બાબત.

[નોંધ.—(૧) આચાર્ય વી. એન. જોશીને સિન્ડિકેટની તા. ૩૧-૮-૧૯૬૮ની સભાએ શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા હેઠળની અંગ્રેજી વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ આપેલ છે.

(૨) બીજી અભ્યાસસમિતિ તરીકે "મરાઠી" વિષયના અભ્યાસસમિતિ માટે તેમણે પસંદગી દર્શાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય વી. એન. જોશીને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા હેઠળ મરાઠીની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૧૩. મોઢાસા મુકામે શરૂ થયેલી "કૉલેજ ઑફ એજ્યુકેશન"ની તથા ખેડા મુકામે શરૂ થયેલી "સેકન્ડરી ટ્રેનિંગ કૉલેજ"ની સ્થાનિક તપાસ અર્થે તપાસસમિતિના સભ્ય તરીકે થએલી કુલપતિશ્રી એલ. આર. દેસાઈએ ખાનગી મોટરનો ઉપયોગ કરેલો હોવાથી તેઓને માહલિના ૦-૫૦ પૈસા પ્રમાણે ચૂકવવા કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૪. સને ૧૯૬૨-૬૩ના વર્ષના જનરલ હિસાબો અંગેના નીચેના ઑડિટ વાંધા ઉપર વિચારણા કરવા બાબત.

Voucher No. 1542, dated 12-11-1962, for Rs. 25/-

An amount of Rs. 25/- was paid to M/s. 'Jaihind' Advertisers, Rajkot, under the above mentioned voucher. In this connection, it was seen from the correspondence that the matter regarding the 11th Convocation of the University was to be sent to the Editor, 'Jaihind', Rajkot, as a Press. Note as per the orders. However, in the forwarding letter it was mentioned through oversight that the matter may be published as an advertisement and hence the matter was published as advertisement in the issue of 'Jaihind', dated 9-8-1962 and the bill for Rs. 25/- was sent to the University. Loss caused to the University because of the negligence on the part of the staff should be made good by the person or persons responsible.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં થયેલ રૂા. ૨૫નું ખર્ચ મંજૂર રાખવું.

૧૫. બીજી એમ.બી.,બી.એસ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા એપ્રિલ ૧૯૬૮ પછી વધુ ત્રણ ટ્રાયલ સુધી એટલે કે ઑક્ટોબર ૧૯૬૯ સુધી લેવા અંગે અને ત્યારે બાદ આવા વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે તે અંગે તબીબી વિદ્યાશાખાના ડીનના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બીજી એમ.બી.,બી.એસ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા એપ્રિલ ૧૯૬૮ પછી વધુ ત્રણ ટ્રાયલ સુધી એટલે કે ઑક્ટોબર ૧૯૬૯ સુધી લેવાનું રાખવું.

૧૬. યુનિવર્સિટી છાત્રાલયના અંદાજપત્રમાં છાત્રાલય મરામત અને ખાસ ફેરફારો ખાતે રૂા. ૧૯,૦૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) સને ૧૯૬૮-૬૯ના બજેટમાં "મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૭,૦૦૦ની જોગવાઈ છે.

(૨) નીચેનાં કામો હાથ પર લેવાના હોવાથી વધુ રૂા. ૧૯,૦૦૦ની જોગવાઈ કરવાની છે:

૧. વ્હાઇટ વૉશ ('એ', 'બી', 'સી' અને 'ડી' બ્લૉક)	...	રૂા. ૮,૦૦૦
૨. યુરિનલ	...	રૂા. ૩,૦૦૦
૩. પાઇપ લાઇન	...	રૂા. ૨,૦૦૦
૪. પાઇપ બ્રેકેટ	...	રૂા. ૩,૦૦૦
૫. પલંગ ઊંચા કરવાનાં કામો	...	રૂા. ૧,૦૦૦
૬. મોઝેક પાણિયારાં	...	રૂા. ૨,૦૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના અંદાજપત્રમાં "છાત્રાલય મરામત અને ખાસ ફેરફારો" ખાતે નીચે મુજબના વધારાના ખર્ચની જોગવાઈ કરવી:

૧. વ્હાઇટ વૉશ ('એ', 'બી', 'સી', અને 'ડી' બ્લૉક)	...	રૂા. ૮,૦૦૦
૨. યુરિનલ	...	રૂા. ૩,૦૦૦
૩. પાઇપ લાઈન	...	રૂા. ૨,૦૦૦
૪. પાઇપ બ્રેકેટ	...	રૂા. ૩,૦૦૦
૫. મોઝેક પાણિયારાં	...	રૂા. ૨,૦૦૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં યુનિવર્સિટી છાત્રાલયના ફર્નિચર ખાતે રૂા. ૫,૦૦૦ના વધારાના ખર્ચની જોગવાઈ કરવી.

૧૭. "ધી ઑલ ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ"નું ૧૯મું અધિવેશન બેંગલોર યુનિવર્સિટીના ઉપક્રમે બેંગલોર મુકામે ડિસેંબર ૨૯થી ૩૧, ૧૯૬૮ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ટી. પી. ચિતાનન્દને અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો ડૉ. એલ. એચ. ટંગશેને મોકલવા.

૧૮. સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભાના ઠરાવ પ્રમાણે ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ; એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર; તેમ જ પી. પી. ઇન્સ્ટિ. ઑફ સાયન્સ, ભાવનગરનાં અનુસ્નાતક કેન્દ્રોના હિસાબો અંગે કાર્યાલયના સભ્યોએ તપાસ કરી આપેલા વિગતવાર રિપોર્ટ તેમ જ તે પરથી કાર્યાલયે તૈયાર કરેલ તારણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રોના હિસાબો અંગે નીચે જણાવેલ મુદ્દાઓની બાબતમાં તેની સામે જણાવ્યા મુજબનાં પગલાં લેવાં:

ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ

૧.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના વર્ષ ૧૯૬૬-૬૭ના અનુસ્નાતક કેન્દ્રના હિસાબો તપાસતાં વર્ષ ૧૯૬૬-૬૭ ની અંદાજી બચતમાંથી પુસ્તકો ખરીદ કરવાની પરવાનગી અંગેના તા. ૧૨-૧૦-૧૯૬૬ના પત્રાંક સામાન્ય/અનુ./પુસ્તકો/૪૧૦૫૧થી આપેલ. તે રકમમાંથી તા. ૩૧-૩-૧૯૬૭ સુધી માત્ર રૂા. ૨,૯૯૬-૬૫ પૈસાનાં પુસ્તકો ખરીદ કરેલ છે, અને રૂા. ૩,૧૮૮-૧૨ પૈસાનાં પુસ્તકો તા. ૩૧-૩-૧૯૬૭ પછી ખરીદ કરેલ છે એટલે કુલ્લે રૂા. ૬,૧૮૪-૭૭ પૈસાનાં પુસ્તકો ખરીદ કરેલ છે જે આપેલ મંજૂરીની અંદર છે. તો તા. ૩૧-૩-૧૯૬૭ પછીથી ખરીદ કરેલ પુસ્તકોની રકમ મંજૂર કરવી કે કેમ તે વિચારણા માંગી લે છે.	...	સિન્ડિકેટે પુસ્તકોનો ખર્ચ તો મંજૂર કર્યો છે, પણ એની ખરીદી સમયમર્યાદામાં થઈ નથી, તે બાબત પણ હવે મંજૂર કરવી.
૨.	અનુસ્નાતક નિયમ ૩૯ (૫) પ્રમાણે હિસાબો ઑડિટ કરવાના રૂા. ૫૦ આપવામાં આવે છે, જ્યારે આ કૉલેજે વર્ષ ૧૯૬૩-૬૪ થી વર્ષ ૧૯૬૫-૬૬ ની ઑડિટ ફી રૂા. ૧૦૦ લેખે કુલ્લે રૂા. ૩૦૦ ચૂકવ્યા છે. કારણમાં આચાર્યશ્રી જણાવે છે કે આ કામ રૂા. ૫૦ માં કરવા કોઈ ઑડિટર તૈયાર નથી. તો આ રકમ મંજૂર કરવા વિચારણા કરવી ઘટે.	...	રૂા. ૧૦૦ પ્રમાણે પાછલાં વર્ષોની ઑડિટ ફી આપી તે મંજૂર કરી શકાય નહિ. નીકળતી રકમ તેમની પાસેથી વસૂલ લેવી.
૩.	વર્ષ ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫ના અનુસ્નાતક કેન્દ્રના હિસાબોમાં કૉલેજ યુનિયન ફી, રજિસ્ટ્રેશન ફી, સ્ટુડન્ટ એઇડ ફંડ, કૉશન મની, પરીક્ષા ફી રિફંડ વગેરે બતાવેલ છે (પત્ર પ્રમાણે). તે નિયમ પ્રમાણે હિસાબોમાં બતાવવાની હોતી નથી.	...	આ રકમ કેન્દ્રને પાછી આપવાની ગણી હિસાબોમાં જરૂરી એડજસ્ટમેન્ટ કરવું.
૪.	ઉપરની નોંધ ૨ પ્રમાણે ઑડિટ ફી ચૂકવેલ છે તે ચૂકવેલ માન્ય કરવામાં આવે તો આ કૉલેજ પાસેથી રૂા. ૪,૪૪૬-૭૩ પૈસા લેવાના થાય છે.	...	વધારે આવેલી ઑડિટ ફીની રકમ ઉપર (૨) પ્રમાણે વસૂલ લેવી.

એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર

૫. આ કૉલેજે યુનિવર્સિટીની પરવાનગી વગર રૂા. ૫,૬૬૬-૨૮ પૈસાનાં પુસ્તકો ખરીદ કરેલ છે. જે પુસ્તકો ખરીદ કરેલ છે તેની યાદી આ સાથે સામેલ છે (જે આ સાથે છાપી નથી). આ યુનિવર્સિટીની પરવાનગી વગર પુસ્તકો ખરીદ કરવાં નહિ એમ અગાઉ આચાર્યશ્રીને જણાવવામાં આવેલું. તેમ છતાં પુસ્તકો ખરીદ કરેલ છે તો તેને બહાલી આપવા વિચારણા કરવા બાબત. ... સદરહુ પુસ્તકોની ખરીદી અંગે જરૂરી માહિતી મંગાવીને યોગ્ય પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

પી.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર

૬. તા. ૩૧-૩-૧૯૬૭ના રોજ કેશબુક પ્રમાણે સિલક રૂા. ૧,૧૫૯-૬૬ પૈસા હોવી જોઈએ, જ્યારે કેન્દ્ર પાસે રૂા. ૧૨૪-૩૬ પૈસા હતી. બાકીની રકમ કેન્દ્રના હિસાબનું કામ કરતા સભ્ય શ્રી. અધ્વર્યુએ ચાર્જ સોંપ્યો ત્યારે આપી નથી. ... આ રકમ ભરપાઈ કરવા સદરહુ કેન્દ્રને જણાવવું.

૭. રૂા. ૧,૧૩૪-૦૦ની રકમ તા. ૧૫-૩-૧૯૬૭ના રોજ કેશબુક પ્રમાણે સ્કૉલરશિપની ચુકવણી માટે અપાયેલી છે. આ અંગેનો સ્કૉલરશિપની રકમ મંજૂર કરતો હુકમ તથા જે વિદ્યાર્થીઓને આ રકમ આપી છે તેની પહોંચ રેકૉર્ડ પર નથી. ઑડિટ ચાલતું હતું તે દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓ શ્રી શાહને મળેલા અને તેમણે ફરિયાદ કરેલી કે સ્કૉલરશિપની કોઈ રકમ તેમને ચૂકવવામાં આવી નથી. ... આ માટે ખુલાસો કરવા તથા જે તે વિદ્યાર્થીને તેની શિષ્યવૃત્તિની રકમ ચૂકવી આપવા જણાવવું.

૮. રૂા. ૩૬૮ની રકમ તા. ૧૫-૩-૧૯૬૭ના રોજ અનુસ્નાતક કેન્દ્રના કામ અંગેના મહેનતાણા ચૂકવેલ છે પણ તે અંગેનો વિગતવાર હિસાબ અને તેની રકમ ચૂક્વ્યાની પહોંચો રેકૉર્ડ પર ન હતી. ... આ અંગે ખુલાસો કરવા તથા જરૂરી હિસાબો અને પહોંચો રજૂ કરવા કૉલેજને જણાવવું.

૯. વર્ષ ૧૯૬૩-૬૪થી વર્ષ ૧૯૬૬-૬૭ સુધીના હિસાબો મેળવતાં તેમ જ ઉપર પ્રમાણે બાબત નં. ૭માં જે સ્કૉલરશિપની રકમ જણાવેલ છે તે માન્ય કરતાં આ કૉલેજ પાસેથી રૂા. ૧,૫૬૫-૫૫ પૈસા લેવાના થાય છે. ... સ્કૉલરશિપની રકમ જે તે વિદ્યાર્થીને ચૂકવી આપે અને તે ઉપરાંત હિસાબ પ્રમાણે નીકળતી રકમ યુનિવર્સિટીને ચૂકવી આપવા જણાવવું.

૧૦. શ્રી. એ. આર. રાવ તેમ જ શ્રી પરીખની ચાર્જ આપ્યા-લીધાની સહી નથી. કેશબુકમાં કોઈની પણ સહી નથી. ... સદરહુ બાબતમાં કૉલેજના આચાર્યનો ખુલાસો મંગાવવો.

૧૧. અનુસ્નાતક કેન્દ્રના હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે ઑડિટ કરવા છતાં તે નિયમોને આધીન ખર્ચ ઉપરાંતનું ખર્ચ થાય છે તેમ જ જે ખર્ચ માન્ય ન હોય તે પણ આ હિસાબોમાંથી થાય છે. પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર તેમ જ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ રાજકોટના હિસાબોની શ્રી. વી. વી. શાહની નોંધ ઉપર અને તેમના અનુભવ ઉપરથી તેમનું સૂચન છે કે જ્યારે આપણે યુનિવર્સિટીમાં ઑડિટ વિભાગ શરૂ કર્યો છે ત્યારે દરેક કેન્દ્રના હિસાબો પ્રતિવર્ષે આ પ્રમાણે ચેક થવા જોઈએ કે જેથી કેન્દ્રે જે આવક બતાવી છે તે બરાબર છે કે નહિ તેમ જ ખર્ચ નિયમોને આધીન કરેલું છે કે નહિ તેની ખાતરી અને ચકાસણી કેન્દ્રના અસલ રેકોર્ડ પરથી થઈ શકે. ... સદરહુ બાબતની નોંધ લેવી.

હિસાબોનું સ્થાનિક ઑડિટ ગુજરાત યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે એ ભીતિથી પણ કેન્દ્રના હિસાબો વ્યવસ્થિત રાખવા બનતા પ્રયત્નો થશે.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. જે. જે. ચિનોયની નિવૃત્તિવયમર્યાદા તા. ૧૯-૨-૧૯૬૯થી તા. ૨૮-૨-૧૯૭૪ સુધી પાંચ વર્ષ સુધી વધારવા અંગેના તેઓના તા. ૨૭-૯-૧૯૬૮ના પત્રાંક જેજેસી-૩૫૬૫-૬૮ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નિવૃત્તિવયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં બાબત નં. ૨૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષક વર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી. પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. ચિનોયની સેવાઓ તા. ૧૯-૨-૧૯૬૯થી વધુ એક વર્ષ માટે ઉપર જણાવેલા સિન્ડિકેટના તા. ૪-૯-૧૯૬૮ના ઠરાવમાં જણાવેલ શરતોને આધીન તા. ૧૮-૨-૧૯૭૦ સુધી લંબાવવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. જી. એમ. અમ્બવાલને સ્કૂટર ખરીદવા માટે રૂા. ૩,૦૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૧૩-૯-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એમ. અગ્રવાલને સ્કૂટર ખરીદવા માટે નીચેની શરતોએ રૂા. ૩,૦૦૦/–ની લોન આપવી :

૧. ઉપરોક્ત રકમ સરખા પચાસ હપતાથી વસૂલ કરવામાં આવશે;

૨. રાજ્ય સરકાર ભાવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે તે વસૂલ કરવામાં આવે; અને

૩. સ્કૂટરનો વીમો ઉતરાવી યુનિવર્સિટીમાં વાહન ગીરો મૂકવાનું રહેશે.

૨૧. સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની સભાએ આખ્રત ક્રમાંક ૪૪થી મંજૂર કરેલ ભલામણો પૈકી નીચેની ભલામણ ઉપર પુનર્વિચારણા કરવા આખ્રત :

"અનુસ્નાતક પરીક્ષાઓ માટે દરેક પેપર દીઠ એક પ્રાશ્નિક નીમવો તેમ જ ૧૯૬૯ના એપ્રિલથી શરૂ થતી પરીક્ષાઓ માટે ઓછામાં ઓછા ૭ માસ પહેલાં એટલે કે ૩૧મી ઑક્ટોબર પહેલાં પ્રાશ્નિકોની નિમણૂક કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની સભાએ આખ્રત ક્રમાંક ૪૪થી મંજૂર ઠરેલ ભલામણો પૈકી ઉપરની ભલામણ મંજૂર કર્યાનો ઠરાવ રદ કરવો.

૨૨. કુલપતિશ્રીના બંગલાની દક્ષિણે સ્ટાફ ક્વાર્ટર્સ તરફ જવાના રસ્તાના ઉપયોગ માટે અદિરાની માલિકીની ૧૫૬૬ ચોરસ વાર જમીન તેઓ પાસેથી રૂા. ૯,૧૦૯-૨૯ની કિંમતે [રૂા. ૪,૪૯૪-૪૨ મૂળ કિંમત (દર ચો.વારે રૂા. ૨-૮૭ દીઠ) તથા રૂા. ૪,૬૧૪-૮૭ પરે ટકા લેખે વ્યાજના] ખરીદવા અંગે વિચારણા કરવા આખ્રત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ જમીન અદિરા પાસેથી ખરીદવી અને તે માટે રૂા. ૪,૪૯૪-૪૨ પૈસાનો ખર્ચ તથા તે પર ઉપર જણાવ્યા મુજબના દરે વ્યાજની રકમ મંજૂર કરવી તથા તે અંગે જરૂરી વિધિ કરવા અને દસ્તાવેજો ઉપર સહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. સિન્ડિકેટે તેની તા. ૩૧-૮-૧૯૬૮ની સભામાં નેશનલ સર્વિસ કોર્સની યોજનાના અમલ અંગે યોજનામાં જણાવેલ મુદ્દા પર વિચારણા કરી પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નિયુક્ત થયેલ સમિતિની તા. ૧૧-૧૦-૧૯૬૮ની બેઠકમાં થયેલ ભલામણો પર વિચારણા કરવા આખ્રત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિના અહેવાલની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૪. તા. ૧૩-૧૦-૧૯૬૮ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની ભલામણ પર વિચારણા કરવા આખ્રત.

ફાઇનાન્સ કમિટીની તા. ૧૭-૧૦-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવામાં આવી :

(૧) યુનિવર્સિટી તરફથી જુદી જુદી બૅન્કોમાં મૂકવામાં આવતી ફિક્સ્ડ ડિપૉઝિટ ઉપર યુનિવર્સિટીને સીધી કે આડકતરી રીતે ઇન્ટરેસ્ટ મળી શકે નહિ એ મતલબના બૅન્કોના જવાબોની નોંધ લેવી.

(૨) શ્રી. એચ. વી. વસાના ઉપરના પ્રસ્તાવ અંગે અભિપ્રાય આપવાની બાબતમાં સિન્ડિકેટને ભલામણ કરવી કે આ યુનિવર્સિટીમાં સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ સ્થાપવા અંગે હાલ પગલાં લેવાઈ રહ્યાં છે તે જોતાં આવો સ્ટોર્સ સ્થપાયેથી યુનિવર્સિટીનાં ફાજલ નાણાં બૅન્કોમાં ફિક્સ્ડ ડિપૉઝિટો તરીકે રોકાણના કામકાજ માટે સદરહુ સ્ટોર્સને આ યુનિવર્સિટીના ઇન્ટરેસ્ટ તરીકે નીમવા અંગેની શક્યતાઓ તપાસવી.

સદરહુ બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ઉપરની ભલામણ નં. ૧ની નોંધ લેવી.

(૨) ઉપરની ભલામણ નં. ૨ અંગે ઠરાવવામાં આવ્યું કે સેનેટને નીચે મુજબ અભિપ્રાય જણાવવો :

આ યુનિવર્સિટીમાં સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સ સ્થાપવા અંગે હાલ પગલાં લેવાઈ રહ્યાં છે. આવો સ્ટોર્સ સ્થપાયેથી યુનિવર્સિટીનાં ફાજલ નાણાં બૅન્કોમાં ફિક્સ્ડ ડિપૉઝિટો તરીકે મૂકવાના કામકાજ માટે સદરહુ સ્ટોર્સને આ યુનિવર્સિટીના ઇન્ટરેસ્ટ તરીકે નીમવાની તરફેણમાં સિન્ડિકેટ છે.

૨૫. નીચેના કર્મચારીઓને તેઓએ આપેલી હંગામી સેવાઓ દરમ્યાન પ્રૉ. ફંડનો લાભ આપવા અંગેની તેઓની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	હંગામી જોડાયા તારીખ	કાયમ થયાની તારીખ
૧.	શ્રી. એસ. ડી. ભટ્ટ	સિ. ક્લાર્ક	૧૬-૫-૧૯૫૭	૧૫-૭-૧૯૫૭
૨.	શ્રી. એ. આર. શુક્લ	જુ. ક્લાર્ક	૧૫-૬-૧૯૬૧	૬-૩-૧૯૬૨
૩.	શ્રી. જે. એન. ભટ્ટ	જુ. ક્લાર્ક	૧-૩-૧૯૬૧	૩૦-૮-૧૯૬૧

[નોંધ.—રૂટ. ૧૮૦(બી) નીચે પ્રમાણે વંચાય છે:

Any whole-time officer, teacher or other servants of the University temporarily appointed in the first instance and subsequently confirmed in the same appointment may, by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment provided that there has been no break or interval between the termination of the temporary appointment and the commencement of the permanent appointment, irrespective of the appointment being probationary or otherwise.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવો :

૧. શ્રી. એસ. ડી. ભટ્ટ	...	તા. ૧૬-૫-૧૯૫૭
૨. શ્રી. એ. આર. શુક્લ	...	તા. ૧૫-૬-૧૯૬૨
૩. શ્રી. જે. એન. ભટ્ટ	...	તા. ૧-૩-૧૯૬૧.

૨૬. તરી આવતી યોગ્યતા ધરાવતા શિક્ષકોને યુનિવર્સિટીઓ તથા કૉલેજોમાં ઉપલી જગાઓ ઉપર બઢતીની તક મળે તે નજર સામે રાખીને સ્ટાફ અંગેની પ્રવર્તમાન વ્યવસ્થાના માળખાનો વિચાર કરી તેમાં ઘટતો ફેરફાર સૂચવી તથા તે અંગે અપનાવવાની નીતિ તથા નિયમોની ભલામણ કરવા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, ન્યૂ દિલ્હી તરફથી નીમવામાં આવેલી કમિટીનો રિપોર્ટ જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૨૧-૯-૧૯૬૮ના પત્રાંક એફ. ૧૨-૧-૬૮ (સ્ટેટ) સાથે આવેલ છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. સિન્ડિકેટની તા. ૨૮-૧૨-૧૯૬૭ની તથા તા. ૨૮-૯-૧૯૬૮ની સભામાં સ્વીકારવામાં આવેલા "પ્રોફેસર એફ. સી. ડાવર સુવર્ણચંદ્રક તથા પારિતોષિક" અંગેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રકો તથા પારિતોષિકો અંગેના નિયમો મંજૂર કરવા. (મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) શ્રી. બી. કે. શાહ, હિસાબનીશ, તા. ૨૩-૮-૧૯૬૮ના રોજ સુવર્ણચંદ્રકોના કામ અંગે મુંબઈ જવા માટે તાપીના પૂરને લીધે રેલવે વહેવારમાં ભંગાણ પડેલ હોઈ અમદાવાદથી મુંબઈ જતી રેલ-કમ-ટ્રેનમાં પહેલા અને ત્રીજા વર્ગની ટિકિટોનું બુકિંગ મળતું હોવાથી તેઓને પહેલા વર્ગની મુસાફરી મંજૂર કર્યાના;

(**નોંધ.**—કર્મચારીઓને રાજ્ય સરકારના નિયમો પ્રમાણે મુસાફરી ભથ્થું આપવામાં આવે છે. આ નિયમો પ્રમાણે તો બીજા વર્ગની જોગવાઈ ટ્રેનમાં ન હોય તો તેઓ પહેલા વર્ગમાં મુસાફરી કરી શકે છે.)

(૨) માર્ચ-એપ્રિલ, ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓના કેટલાક વિદ્યાર્થીઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી તે સુધાર્યાના;

(૩) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલા વિષય અને પદવી માટે સ્વીકારાયા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખાનો વિષય	પદવી
૧.	શ્રી. કે. કુરુવિલ્લા	વિજ્ઞાન (બોટાની)	પીએચ.ડી.
૨.	શ્રી. એસ. આર. વર્મા	વિનયન (હિન્દી)	,,

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૯. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં એમ.ડી. (પ્રા. ૧૬) ડર્મેટોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા માટે કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી:

(૧) ડૉ. પી. કે. મહેતા
(૨) ડૉ. જે. સી. શ્રોફ.

૩૦. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરે સને ૧૯૬૮-૬૯ના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી શિક્ષણકાર્ય ચલાવ્યું તે ક્ષમ્ય ગણવા બાબત તથા અંગ્રેજીના ટ્યૂટર શ્રી. આર. સી. ભટ્ટને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરું કરવા દેવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ભટ્ટ બી.એ. ત્રીજો વર્ગ અને એમ.એ. ત્રીજો વર્ગ અંગ્રેજી વિષય સાથે ધરાવે છે. નિયમ મુજબ વ્યાખ્યાતા થવા માટે પાંચ વર્ષનો ટ્યૂટર તરીકેનો અનુભવ જોઈએ, જ્યારે શ્રી. ભટ્ટ ત્રણ વર્ષનો ટ્યૂટર તરીકેનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને શ્રી. આર. સી. ભટ્ટને અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી મંજૂરી આપવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૯થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

તે પછી સભાગૃહની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી:

૩૧. વિસ્કૉન્સિન યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના વડા પ્રો. ડબ્લ્યુ. એચ. સુવેલના તા. ૨૪-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. પી. શાહને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સંશોધનનું કામ કરવા માટે પરવાનગી આપવી તથા યુનિવર્સિટી ગ્રંથાલયની તમામ સગવડો તેમને પૂરી પાડવી.

૩૨. કૉલેજ ઑફ નર્સિંગની સ્થાનિક તપાસસમિતિ પર ડૉ. એ. ગુપ્તાને બદલે અન્ય કોઈ સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ખાલી પડેલી જગ્યાએ ડૉ. ચમનલાલ મહેતાની નિમણૂક કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૪૬૯૨૧/૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૫-૧૦-૧૯૬૮.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ઠરાવકોષ્ટક ક્રમાંક ૩

Recommendations of the Third National Seminar of Student's Advisory Bureaux in India held at the Gujarat University, Ahmedabad from February 21–25, 1968

Recommendations of the previous year's seminar and follow up action thereon were discussed and reviewed. It was then decided to recommend that the universities and the Ministry be requested to pursue those recommendations so as to ensure effective compliance as early as possible. It is further recommended that expenditure involved in implementing the following recommendations on Item No. 2 at the Dharwar session of the Seminar be met fully by the University Grants Commission :

2. *Setting up of State Students' Advisory Bureaux; and*

3. *Setting up of Centres for Production of Informative material on courses and careers as a joint enterprise of State Governments and Universities.*

Students' Advisory Information Service has become a highly specialized service in view of the rapid growth and variety of institutions and courses and opportunities available there.

It is, therefore, recommended that —

(*i*) a separate unit of Students' Advisory Service be set up in an appropriate Department/Directorate of a State Government and be fully developed as early as possible, preferably within a year so as to make it an important centre of compilation, publication and dissemination of up-to-date and reliable information in respect of courses and facilities available in schools, colleges, universities and other institutions within the State;

(*ii*) the Students' Advisory/Information Bureaux be given representation thereon so as to ensure fullest possible co-operation and co-ordination in compilation of information material;

(*iii*) the Students' Advisory/Information Bureaux be made an agency of dissemination of informative material compiled by State Bureaux in respect of courses, careers and facilities available in institutions of higher educational research;

(*iv*) the officers-in-charge of the Students' Advisory/Information Bureaux be not frequently changed so that continuity of work may be ensured;

(*v*) an information corner be set up in each college/institution with a view to dissertation of educational information; and

(*vi*) an orientation programme for fresh students be organised by each college with a view to making them familiar with its environments.

4. *Holding of an all India "Educational Information Week"*

It is felt that celebration of an information week will give an opportunity to the Bureaux in the universities and the states to highlight their activities and achievements and to give due publicity to the valuable work they are doing. In view, however, of the vastness of the country and variations in the scheme of terms and vacations obtaining in the various parts of the country, it is recommended that—

(*i*) an "Educational Information Week" be celebrated once a year by the Bureaux at any time suitable to each of them;

(*ii*) lectures, seminars, discussions, films, exhibitions and such other suitable programmes be arranged at the universities and colleges and other institutions;

(*iii*) one day in a year may be fixed up by the Ministry of Education for celebrations of a National Educational Information Day and that suitable nation-wide celebrations be held by arranging programmes by State Bureaux, Universities, Schools, Colleges and other Institutions;

(*iv*) Central Government, State Governments and Universities be requested to give financial and other assistance for this purpose.

(*v*) the Ministry of Education be requested to supply printed literature, posters, pamphlets, etc. in respect of facilities of specialized courses and other relative matters;

(*vi*) the ministry of Education be requested to explore the possibilities of supplying posters and pamphlets in regional languages.

(*vii*) suitable publicity in the press be organized by the Bureaux.

9. ***Measures to promote effective collaboration between the Universities and the Industry in the matter of preparing students for practical and specialized careers in life.***

Effective liason between universities on the one hand and business and industry on the other is a crying need for our country. It must be admitted that this important aspect of our socioacademic life has been thoroughly neglected. Fortunately, however, awareness of a need to bring effective collaboration between the academic community and the society as a whole and the importance of building bridges between the town and the gown has been growing in our country. In order, therefore, to channelize this awareness in right directions, it is recommended that—

(*i*) a regular programme of inviting enlightened representatives of business and industry be drawn up by each college/university in the beginning of the year and a forum for spotting out talents in the various areas be provided on an informal but effective bass. It is felt that it would be helpful if every college/institution/department is called upon to set under the leadership of its Principal/Director, a small committee of selected teachers who are by temperament and training qualified to bring about the desired co-operation with business and industry;

(*ii*) separate Employment Bureaux/Wings be set up in universities where they do not exist and to ask them to take up a special assignment as contemplated in (*i*) above and to activise them in that direction;

(*iii*) a programme of apprenticeship placements in business houses and industrial establishments of selected students with appropriate aptitudes during vacations be devised and implemented by committees contemplated in (*i*) above;

(*iv*) possibilities of instituting a system of research contracts by Research Institutions and Departments with business houses and industrial establishments be explored by the universities and the institutions concerned;

(*v*) courses of studies particularly in professional subjects and faculties be so framed as to make them employment oriented as far as possible. It is, with this end in view, suggested that enlightened representatives of business, industry and professions be associated with the framing of syllabus and development of curricula in our universities and imparting of practical training where necessary.

10. Measures to develop contact with Students' Advisory Bodies and other similar agencies abroad.

The interest in educational opportunities abroad has been growing with a rapid pace on the part of our students, parents and the society as a whole. It must also be admitted that a foreign qualification has a certain prestige and employment value attached to it. It is, however, necessary to channelize the stream of our foreign-going students only to specialized courses of studies for which no suitable avenues of learning and/or research exist in our country. This has become all the more necessary in view of the acute shortage of foreign exchange in our country and the need to utilize its highly limited supply to the best of our advantage from the national point of view. In order, therefore, to ensure correct guidance to our students desirous of going abroad, it is recommended that —

(*a*) exchange of information literature be practised on an extensive scale with foreign universities and institutions particularly in the U.S.A., U.K., Russia, Germany and Canada and full facilities, financial and the otherwise, be given to the Students' Advisory/Information Bureaux with a view to giving a free hand to officer-in-charge thereof for effectively implementing the programme of exchange of information;

(*b*) officers-in-charge of the Students' Advisory/Information Bureaux be kept informed of the visits and programmes of at least more important visitors to universities from foreign countries.

(*c*) personal contacts with foreign visitors by the officers-in-charge of the Bureaux be encouraged as far as possible;

(*d*) the Ministry of Education be requested to introduce the Bureaux in various universities and institutions to (*i*) Foreign Missions and other educational and cultural agencies in India, and (*ii*) Indian Missions abroad and apprise them of the activities of the Bureaux with a view to facilitating collection of information on educational and cultural matters directly from those missions and agencies;

(*e*) Each university be requested to adopt one or two selected universities in a foreign country at the level of Students' Advisory/Information Bureaux so as to ensure effective and dependable guidance service in respect of the selected universities. The Bureaux may also be requested to intimate the name of the universities so selected by them to all other Bureaux and to share with them the benefit of information so collected.

પરિશિષ્ટ "ખ"
ઠરાવઠાળ ક્રમાંક ૬

CERTIFIED that the withinsigned

[ ] of _____

_____

having been examined for the Diploma in Education and found qualified for the same, the said

DIPLOMA IN EDUCATION

has been conferred on in the year one thousand nine hundred and sixty

IN TESTIMONY whereof are set the seal of the Gujarat University and the signature of the Vice-Chancellor of the said University.

Vice-Chancellor.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૩

સિન્ડિકેટની તા. ૩૧-૮-૧૯૬૮ની સભામાં નેશનલ સર્વિસ કૉર્પ્સની યોજના અંગે હેવાલ રજૂ કરવા માટે નિયુક્ત થયેલ સમિતિની પ્રથમ બેઠક તા. ૩૦-૯-૧૯૬૮ ને સોમવાર તથા દ્વિતીય બેઠક તા. ૧૧-૧૦-૧૯૬૮ ને શુક્રવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે પ્રમાણે હાજરી હતી :

	તા. ૩૦-૯-૧૯૬૮	તા. ૧૧-૧૦-૧૯૬૮
૧. પ્રિ. વાય. જી. નાયક	હાજર	હાજર
૨. પ્રિ. એસ. આર. ભટ્ટ	ગેરહાજર	હાજર
૩. પ્રિ. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર	હાજર
૪. પ્રિ. વાય. પી. શુક્લ	હાજર	ગેરહાજર
૫. પ્રિ. એમ. એસ. પંડિત	ગેરહાજર	ગેરહાજર
૬. પ્રિ. કે. જી. દેસાઈ	હાજર	ગેરહાજર
૭. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ પરીખ	હાજર	ગેરહાજર
૯. શ્રી. આર. એચ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૦. પ્રિ. ફા. એચ. એ. ડિસોઝા	ગેરહાજર	ગેરહાજર
૧૧. શ્રી. વી. પી. મહેતા (કન્વીનર)	હાજર	હાજર.

પ્રારંભમાં આ યોજના અંગે ઇન્ટર-યુનિવર્સિટીના પ્રમુખનો તા. ૧૭-૬-૧૯૬૮નો પત્ર સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તેમાં જણાવેલ મુદ્દાઓની સમિતિએ નોંધ લીધી.

ત્યાર બાદ સદરહુ સમિતિ સમક્ષ તા. ૩૦-૯-૧૯૬૮ની સદરહુ સમિતિની બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે જે કૉલેજમાંથી માહિતી મંગાવવામાં આવેલ હતી તે રજૂ કરવામાં આવી (માહિતીપત્ર સામેલ છે). આ માહિતી જે કૉલેજમાંથી આવી છે તેમને પસંદગી આપવા માટે જરૂર પડે તો બીજી સભા બોલાવી કામચલાઉ મંજૂરી આપવી અને આ કૉલેજોમાંથી વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફૉર્મ તથા પ્રોજેક્ટ ઑફિસ અને પ્રોજેક્ટ આસિ.ની નિમણૂક માટેની માહિતી મુકરર કરેલા આવેદનપત્રમાં મંગાવી સદરહુ

સમિતિ સમક્ષ વહેલી તકે પસંદગી માટે રજૂ કરવી. દરમ્યાન સિન્ડિકેટ સમક્ષ નીચેની ભલામણો મંજૂર કરવા આ સમિતિ વિનંતી કરે છે:

(૧) ૧૨૦૦ની સંખ્યા માટે જરૂરી ૩ પ્રોજેકટ એડમિનિસ્ટ્રેટર ભારત સરકારની યોજનાના પત્રમાં જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી કક્ષાએ નીમવા. આ માટે સંલગ્ન કૉલેજોમાંના અધ્યાપકોમાંથી અથવા આવા પ્રકારની યુવક કલ્યાણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિઓ પાસેથી અરજીઓ મંગાવી ભારત સરકારે મુકરર કરેલ રૂા. ૭૦૦ના કોન્સોલિડેટેડ પગારથી છ માસ માટે નિયુક્તિ કરવી. સંલગ્ન કૉલેજમાંથી પસંદ થયેલ અધ્યાપકોને તે કૉલેજમાં લિયન રાખી યુનિવર્સિટી કક્ષાએ નિમણૂક કરવાની રહેશે.

(૨) ૧૫૦ વિદ્યાર્થી દીઠ એક પ્રોજેકટ ઑફિસરની જોગવાઈ ભારત સરકારની યોજનામાં રૂા. ૭૫ના માનદ વેતનથી છે. તે જે કૉલેજમાંથી ૧૫૦ વિદ્યાર્થીઓ આ યોજનામાં જોડાયા હોય તે કૉલેજના અધ્યાપકની નિમણૂક કરવી. જ્યારે જે કૉલેજોમાંથી ૧૫૦થી ઓછી સંખ્યાના વિદ્યાર્થીઓ હોય ત્યાં દરેક કૉલેજમાં અધ્યાપક-ઇન-ચાર્જ નીમવા અને તેમને ૧૫૦ની સંખ્યા પર એક પ્રોજેકટ ઑફિસરનું રૂા. ૭૫નું જે માનદ વેતન છે તે રકમમાંથી ફાળે પડતી રકમ અધ્યાપક-ઇન-ચાર્જને માનદ વેતન તરીકે આપવાનું રાખવું.

(૩) યુનિવર્સિટી કક્ષાએ જે એડમિનિસ્ટ્રેશન ઑફિસરની નિમણૂક કરવામાં આવે તેના દફતરી કામકાજમાં મદદ કરવા એક કલાર્ક-ટાઇપિસ્ટની ૧૦ માસ માટે જોગવાઈ કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીનો આભાર માનીને સભાનું કામકાજ પૂરું થયું હતું.

વાસુદેવ મહેતા
કન્વીનર.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૭

પ્રોફેસર એફ. સી. દાવર સુવર્ણચંદ્રક તથા પારિતોષિક

દાતાનું નામ : પ્રો. ફિરોઝ કાવસજી દાવર મેમોરિયલ ટ્રસ્ટ તરફથી
શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારી,
૪૬, પરિમલ સોસાયટી, અમદાવાદ-૬

ઈનામોનો પ્રકાર : બે સુવર્ણચંદ્રકો તથા એક પારિતોષિક

દાનની રકમ : રૂા. ૧૨,૦૦૦ રોકડા તથા વધારાના રૂા. ૪૦૧ ચાલુ વર્ષે એનાયત કરવા માટે.

દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં બાબત ક્રમાંક ૨૭થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "પ્રો. એફ. સી. દાવર સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૨૨૫-૦૦ની કિંમતનો એક સુવર્ણ-ચંદ્રક દર વર્ષે એમ.એ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષામાં અંગ્રેજી મુખ્ય વિષય સાથે (૭ પ્રશ્નપત્રોમાં) જે વિદ્યાર્થી સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવો. જો આમ કરવાથી એક કરતાં વધુ વિદ્યાર્થીઓને સરખા ગુણ મળતા હશે તો આવા વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓએ ગૌણ વિષય તરીકેના અંગ્રેજીના વધારાના બે પ્રશ્નપત્રો (યુરોપિયન અમેરિકન સાહિત્ય અને ઇન્ડો-એશિયન સાહિત્યના બે પ્રશ્નપત્રો) લીધા હોય તે પૈકી જે વિદ્યાર્થીને આઠે આઠ પ્રશ્નપત્રોમાં સૌથી વધુ ગુણાંક મળ્યા હોય તેને સદરહુ સુવર્ણચંદ્રક આપવો.

૨. "પ્રો. એફ. સી. દાવર સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૨૨૫-૦૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થી થર્ડ બી.એ. પરીક્ષામાં મુખ્ય અંગ્રેજી વિષય લઈ ફર્સ્ટ બી.એ. અને સેકન્ડ બી.એ.ના ક્રેડિટ ગુણ સાથે વર્ગ આપવાના કુલ ગુણ ગણતાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે. તેમ કરતાં જો સૌથી વધારે સરખા ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો એવા વિદ્યાર્થીઓ પૈકી ટી.વાય.બી.એ.માં અંગ્રેજીના ૬ પ્રશ્નપત્રોમાં વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને સદરહુ સુવર્ણચંદ્રક આપવામાં આવશે.

૩. "પ્રો. એફ. સી. ડાવર" એ નામનું રૂા. ૧૦૧-૦૦નું પારિતોષિક થર્ડ બી.એ. પરીક્ષાના ફરજિયાત અંગ્રેજી વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને દર વર્ષે એનાયત કરવામાં આવશે. જો ફરજિયાત અંગ્રેજી વિષયમાં સૌથી વધારે સરખા ગુણાંક મેળવનાર એક કરતાં વધારે વિદ્યાર્થીઓ હશે તો પારિતોષિકની રકમ તેઓની વચ્ચે સરખે હિસ્સે વહેંચી આપવામાં આવશે.

૪. સુવર્ણચંદ્રક તથા પારિતોષિક વિજેતાઓનાં નામ, શક્ય હશે તો જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૫. સુવર્ણચંદ્રક તથા પારિતોષિક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ આવશે નહિ.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની નવેંબર માસની સભા શનિવાર, તા. ૯-૧૧-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૯-૧૧-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. એચ. એ. મિસ્ત્રી, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ચન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૧૩-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૩-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. પી. બી. પટેલ	વિજ્ઞાન—કેમિસ્ટ્રી	પીએચ.ડી.
(૨)	શ્રી. એ. બી. આચાર્ય	વિજ્ઞાન—કેમિસ્ટ્રી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. એમ. ત્રિવેદીનો ૬ માસનો લંબાવેલો અજમાયશી સમય તા. ૨૫-૧૨-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૬-૧૨-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. પી. એમ. ત્રિવેદીની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. એમ. ત્રિવેદીનો અજમાયશી સમય વધુ ૭ માસ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૪. ભૌતિકવિજ્ઞાન (Physics)ના અભ્યાસક્રમોના શિક્ષણ અંગેનો એક પરિસંવાદ યોજવા માટેની રૂા. ૪,૦૦૦ની મોકલવામાં આવેલી દરખાસ્ત વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે નામંજૂર કરતાં તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં સદરહુ બાબત વિચારણા માટે રજૂ થતાં આર્થિક સહાય માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ સમક્ષ ફરીથી ઘટતી રજૂઆત કરવા માટે ઠરાવ કરવામાં આવેલો તે મુજબ આ અંગે ફરીથી ઘટતી રજૂઆત કરતાં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે તેના તા. ૨૭-૯-૧૯૬૮ના પત્રાંક એફ-૧-૫-૬૮ (એસ. આઈ.)થી સદરહુ બાબત માટે આર્થિક મદદ આપવાની અશક્તિ દર્શાવી છે તે બાબતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના આચાર્યશ્રી તરફથી સદરહુ કૉલેજનું નામ "શ્રી. ભોગીલાલ દામોદરદાસ શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન" એમ ફેરફાર કરવાના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, મેડાસાનું નામ "શ્રી. ભોગીલાલ હાર્મોદરદાસ શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન" રાખવા માટે યુનિવર્સિટીની સંમતિ આપવી અને જોડાણના જાહેરનામામાં તે પ્રમાણે ફેરફાર કરવા માટે રાજ્ય સરકારને જણાવતું.

૬. ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ એસોસિયેશનનું ૨૦મું અધિવેશન ડિસેંબર ૨૪થી ૨૬, ૧૯૬૮ના સમય દરમિયાન એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—માનદ મંત્રીશ્રીએ ફાર્મસી કૉલેજના આચાર્ય સહિત બધા જ શિક્ષકોને પ્રતિનિધિત્વ આપવા સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનનું આગામી અધિવેશન અમદાવાદ મુકામે મળતું હોઈ તેમાં ભાગ લેવા માટે નીચેના સભ્યોને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા :

(૧) ડૉ. સી. એસ. શાહ
(૨) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
(૩) પ્રો. એમ. બી. દેવાની
(૪) ડૉ. (કુ.) બી. એમ. ત્રિવેદી
(૫) ડૉ. એચ. આર. દેરાસરી
(૬) ડૉ. આર. જે. ખારા.

૭. Vaikunth Mehta National Institute of Co-operative Management જાન્યુઆરી તા. ૨૨થી ૨૪, ૧૯૬૯ના સમય દરમિયાન પૂના મુકામે Co-operative Management Education and Training પર અધિવેશન યોજનાર હોઈ, તેમાં યુનિ.ના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી તા. ૧૭-૯-૧૯૬૮ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. દેસાઈને, અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો શ્રી. એસ. જે. મહેતા (ગુજરાત કૉલેજ)ને, મોકલવા.

૮. Documentation Research and Training Centreનો છઠ્ઠો પરિસંવાદ બેંગ્લોર મુકામે ડિસેંબર ૧૫થી ૧૯, ૧૯૬૮ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સેમિનારના કન્વીનર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર નથી.

૯. શ્રીમતી એમ. બી. જનતા હૉસ્પિટલ, પાટણને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીનશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
(૨) ડૉ. વાસુદેવ ત્રિપાઠી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કુ. નિરંજના એલ. શાહને, તેઓ તા. ૧–૪–૧૯૬૫થી તા. ૨૦–૫–૧૯૬૬ સુધીની હંગામી જગ્યા પર હતાં તે સમય દરમ્યાન પ્રો. ફંડનો લાભ આપવા અંગેની તેમની તા. ૨૦–૯–૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેનો રૂલે. ૧૮૦–બી નીચે મુજબ છે :

Any whole-time officer, teacher or other servants of the University temporarily appointed in the first instance and subsequently confirmed in the same appointment, may by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment provided that there has been no break or interval between the termination of the temporary appointment and the commencement of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. નિરંજના એલ. શાહને તેમની સેવાઓનું સાતત્ય જોતાં તા. ૧–૪–૧૯૬૫થી તા. ૨૦–૫–૧૯૬૬ સુધીની હંગામી સેવાઓ દરમ્યાન પણ તેમને પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવો.

૧૧. વનસ્પતિવિજ્ઞાન વિષયની પરિભાષાના શબ્દોના કાર્ડ્ઝ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને નીચે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત :

	રૂા. ન.પૈ.
૧. શ્રી. જે. જે. ચિનોય, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન	૧૦૩–૧૦
૨. શ્રી. સી. કે. શાહ, વનસ્પતિવિજ્ઞાનના રીડર	૧૦૩–૧૦
૩. શ્રી. બી. એસ. વૈદ્ય, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	૧૦૩–૧૦
૪. શ્રી. એ. બી. વોરા, ,, ,,	૧૦૩–૧૦
૫. શ્રી. આઈ. સી. દવે, રિસર્ચ ફેલો	૧૦૩–૧૦
૬. શ્રી. બી. એમ. જાની, ,, ,,	૧૦૩–૧૦

(પરિભાષાના ૩૧૦૮ કાર્ડ્ઝ તૈયાર કરવા અંગે ૨૦ પૈસાના દરે રૂા. ૬૨૧–૧૦ ચૂકવવાના થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કાયમી ધોરણે એક કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સની રૂા. ૭૫૦-૪૦-૯૫૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં ઊભી કરેલી જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૨૦-૯-૧૯૬૭ની સિન્ડિકેટની સભામાં વરણીસમિતિની તા. ૧૪/૧૫-૯-૧૯૬૭ની નીચેની ભલામણ મંજૂર થયેલી છે :

"કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સની એક કાયમી જગ્યા માટેના એક ઉમેદવાર શ્રી. જે. એમ. મહેતાનો તા. ૨૦-૯-૧૯૬૭નો તાર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ જગ્યા અંગે આ સમિતિ કોઈ ભલામણ કરતી નથી.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી.

૧૩. યુનિવર્સિટી મુદ્રણાલયમાં ખાલી પડેલી પ્રેસ-મેનેજરની જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરોક્ત જગ્યા પૂરવા અંગે તા. ૨૮-૧-૧૯૬૮ની વરણીસમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલી છે :

"પ્રેસ-મેનેજરની કાયમી જગ્યા ઉપર કોઈ પણ ઉમેદવારની નિમણૂક કરવા માટે ભલામણ કરી શકાય તેમ નથી.")

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અને પ્રેસ બેઉ વિભાગો પર દેખરેખ રાખી શકે તેવા અધિકારીના નામાભિધાન, કામગીરી, પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવીને તે માહિતીના સંદર્ભમાં આપણા પ્રેસ અને પબ્લિકેશન વિભાગોનું કામ જવાબદારીપૂર્વક સંભાળી શકે તેવી કક્ષાની જગ્યા ઊભી કરવાની બાબતમાં પોતાનાં મંતવ્યો સાથે રિપોર્ટ કરવા માટે રટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૧૪. યુનિવર્સિટી પ્રેસના કોપીહોલ્ડર શ્રી. વી. એલ. દવે તા. ૨૦-૧૨-૧૯૬૮ના રોજ ૬૧ વર્ષ પૂરા કરતા હોવાથી નિવૃત્તિવય વધારવા અંગેની તેઓની તા. ૨૮-૯-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં શ્રી. દવેની સેવાની મુદત તા. ૨૦-૧૨-૧૯૬૮ સુધી લંબાવેલી છે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવયની મર્યાદા ૬૦ વર્ષની રાખવી. પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહીં."]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કોપીહોલ્ડર શ્રી. વી. એલ. દવેની સેવાઓ, તબીબી તપાસ અંગેના નિયમને આધીન, વધુ એક વર્ષ એટલે કે તા. ૨૦-૧૨-૧૯૬૯ સુધી લંબાવવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. તરી આવતી યોગ્યતા ધરાવતા શિક્ષકોને યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં ઉપલી જગ્યાઓ ઉપર બઢતીની તક મળે તે નજર સામે રાખીને સ્ટાફ અંગેની પ્રવર્તમાન વ્યવસ્થાના માળખાનો વિચાર કરી તેમાં ઘટતો ફેરફાર સૂચવવા તથા તે અંગે અપનાવવાની નીતિ તથા નિયમોની ભલામણ કરવા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, ન્યૂ દિલ્હી તરફથી નીમવામાં આવેલી કમિટીનો રિપોર્ટ જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૨૧-૯-૧૯૬૮ના પત્રાંક એફ.૧૨-૧-૬૮ (સ્ટેટ) સાથે આવેલ છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટ સાથે સિન્ડિકેટની આ સભા સૈદ્ધાન્તિક રીતે સંમત છે એમ અભિપ્રાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી જણાવવો.

૧૬. સંલગ્ન કોલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમોના અમુક મુદ્દાઓ અંગે પુનર્વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની તા. ૨૦-૭-૧૯૬૮ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. શ્રી. શાહ ધરમચંદ ગુલાબચંદે બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન, અજમેરની હાઈસ્કૂલ પરીક્ષા પસાર કરેલ છે અને જે ગુણપત્રક રજૂ કરેલ છે તેમાં સામાન્ય વિજ્ઞાનના વિષયમાં ૧૬ ગુણને બદલે ૧૮ ગુણનો તેમ જ કુલ ગુણ ૨૬૪ને બદલે ૨૬૬નો બિનઅધિકૃત ફેરફાર કર્યો છે. આ બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.— વિદ્યાર્થી તેના ખુલાસામાં ભૂલનો એકરાર કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને આપવામાં આવેલું પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ રદ ગણવું અને ચાલુ વર્ષે તેને આ યુનિવર્સિટીની કોઈ પણ કૉલેજમાં પ્રવેશ આપવો નહીં.

૧૮. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલ સુધારેલ સ્ટે. ૧૩૪ને કુલાધિપતિશ્રીએ સેનેટની પુનર્વિચારણા અર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કોમ.ની પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવા અંગેના તા. ૧૩-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે ઑ. ૧૨૯માં જરૂરી સુધારો કરવા બાબત.

(નોંધ—જરૂરી સુધારાવાળો પાઠ નીચે મુજબ છે:

No.	*Name of the Exam.*	*How many times in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Exam. Fee Rs.*
1.	Third B.A.	Twice	Fourth Monday in April Third Monday in October	20th January 1st August	50
2.	Third B.Sc. (Sp. & Gen.)	–do–	–do–	–do–	50
3.	Third B.Com.	–do–	–do–	–do–	50

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૬નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવો તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. ૧૨૬ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૦. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અંદાજપત્રમાં ભવનના "મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૨,૦૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સને ૧૯૬૮-૬૯ના બજેટમાં હાલ રૂા. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર)ની જોગવાઈ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ચાલુ વર્ષના અંદાજપત્રમાં "મરામત અને ખાસ ફેરફારો" ખાતે વધુ રૂા. ૨,૦૦૦ (કુલ રૂા. ૩,૦૦૦)ની જોગવાઈ કરવી.

૨૧. "NCERT" તરફથી ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ઉપક્રમે નેશનલ સાયન્સ ટેલન્ટ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે. સદરહુ સેન્ટર તરફથી લેવામાં આવનાર પરીક્ષાના કામ અંગે વિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષકવર્ગ તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને મહેનતાણું આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્ર નં. જી.યુ.-બોટ.-એન.સી.ઈ.આર.ટી.-૧૨૩૪-૬૮, તા. ૮-૧૦-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ અંગે વિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષકવર્ગ તથા બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને નીચે મુજબનું મહેનતાણું "NCERT" તરફથી સ્વીકારવા માટે પરવાનગી આપવી :

(1)	Dr. A. M. Vaidya (Mathematics)	Rs. 200/–
(2)	Dr. J. C. Vora (Chemistry)	Rs. 200/–
(3)	Dr. N. M. Pandya (Physics)	Rs. 200/–
(4)	Dr. B. S. Vaidya (Biology accounts, Press duties)	Rs. 225/–
(5)	Dr. C. K. Shah (General correspondence stationery)	Rs. 225/–
(6)	Shri N. A. Gadhavi (Typing, outward, etc.)	Rs. 100/–
(7)	Shri R. B. Sadivala (–do–)	Rs. 40/–
(8)	Shri Peter Michael (Peon)	Rs. 30/–
(9)	Shri Beni Madhav	Rs. 30/–

૨૨. ચાલુ વર્ષે હજુ સુધી કેટલાક વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહિ હોવાથી સદરહુ સર્ટિફિકેટ મેળવી લેવાની મુદત (જે તા. ૧૫-૧૦-૧૯૬૮ના રોજ પૂરી થઈ છે) લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—લગભગ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ કઢાવ્યાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૮ સુધી લંબાવવી.

૨૩. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો તેમ જ પ્રાશ્નિક-પરીક્ષક-નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરી, સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે પરીક્ષાશુદ્ધિ સમિતિ (Mistakes and Unfair Means Committee)ની પુનર્રચના કરવા બાબત.

[નોંધ.—સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે સદરહુ સમિતિ પર નીચેના સભ્યો હતા :

(અ) ૧. કુલપતિશ્રી
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૩. શ્રી. એમ. સી. દેસાઈ
૪. શ્રી. આર. જી. શાસ્ત્રી
૫. શ્રી. સી. એલ. શાસ્ત્રી
૬. શ્રી. વી. આર. રણદીવે.

(બ) સામાન્ય સંજોગોમાં જનરલ કાર્યવાહીથી નવી સમિતિ કામગીરી શરૂ કરે છે, પરંતુ આ વર્ષે સિન્ડિકેટના સભાસદો બદલાતા હોવાથી નિર્ણય વહેલો લેવાની જરૂર ગણાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. "ઇન્ટર્નલ ઑડિટર શ્રી. લાખિયા દેસાઈ એન્ડ કું.ના સને ૧૯૬૮-૬૯ના વર્ષથી ઑડિટ ફી વધારવા અંગેના તા. ૩-૧૦-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર્નલ ઑડિટર શ્રી. લાખિયા દેસાઈ એન્ડ કું.ની વાર્ષિક ઑડિટ ફી વધારીને રૂા. ૫,૦૦૦ કરવી અને તેનો અમલ તા. ૧લી એપ્રિલ ૧૯૬૯થી કરવો.

૨૫. ઇન્ડિયન એકેડેમી ઑફ એપ્લાઇડ સાયકોલોજીનું આઠમું વાર્ષિક અધિવેશન મૈસૂર યુનિવર્સિટીના ઉપક્રમે મૈસૂર મુકામે ડિસેંબર ૧૯૬૮ના છેલ્લા અઠવાડિયામાં યોજાનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના પ્રમુખ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૨૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાને અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે બંડ સમયના પ્રાધ્યાપક શ્રી. એસ. સી. રાવળ દ્વારા શિક્ષણકાર્ય ચલાવવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. રાવળ બી.એ.ની પદવી અર્થશાસ્ત્ર સાથે પ્રથમ વર્ગ અને એમ.એ.ની પદવી અર્થશાસ્ત્ર સાથે બીજો વર્ગ ધરાવે છે.

(૨) શ્રી. રાવળ હાલમાં સદરહુ કૉલેજમાં શિક્ષણકાર્ય કરી રહ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. સી. રાવળને આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના મુકાકાતી પ્રોફેસર તરીકે શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવી.

૨૭. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ પાસેથી સત્ર દીઠ રૂા. ૫૦ વધારે ફી લેવામાં આવે છે તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અંગ્રેજી માધ્યમવાળા વિદ્યાર્થીઓ પાસેથી વધારાની લેવામાં આવતી રૂા. ૫૦ની સત્ર ફી લેવાનું બંધ કરવા માટે તેને જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી બીજી કોઈ કૉલેજમાં પણ માધ્યમના ફેરફારને કારણે વધુ ફી લેવામાં આવતી હોય તો તે વધારાની ફી લેવાનું બંધ કરવા માટે જે તે કૉલેજને જણાવવું.

૨૮. જમાલપુર-રાયખડ સેવાસંઘ સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ પ્રથમ સત્રના અંતથી બંધ કરવા અંગે સદરહુ સંઘના મંત્રીશ્રીના તા. ૧૯-૧૦-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કૉલેજ વિરુદ્ધ કેટલીક ફરિયાદો પણ આવેલી છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલકોને જણાવવું કે યુનિવર્સિટી સત્તામંડળોની ભલામણ પરથી રાજ્ય સરકારે સદરહુ કૉલેજને જે જોડાણ આપ્યું છે તે જોતાં સદરહુ કૉલેજને વર્ષની અધવચ્ચે બંધ કરી શકાય નહીં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની બાબતમાં જે ફરિયાદો આવી છે તે જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી તપાસસમિતિ નીમવી :

(૧) શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
(૨) આચાર્ય વી. આર. રણદીવે.

૨૯. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના હાલના આચાર્યશ્રીના શૈક્ષણિક અનુભવ અંગેની માહિતીની બાબતમાં તેઓએ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું કે શૈક્ષણિક અનુભવ અંગે તેમણે યુનિવર્સિટી કાર્યાલયને ખરી માહિતી પૂરી પાડી નહોતી તે યોગ્ય થયું નથી તેની સિન્ડિકેટની આ સભા નોંધ લે છે અને ઠરાવે છે કે કૉલેજના આચાર્ય શ્રી. મણિયારને એક વર્ષ માટે આ યુનિવર્સિટીની પરીક્ષામાં સુપરવિઝનનું કામ સોંપવું નહીં.

૩૦. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિભાગના વ્યાખ્યાતા શ્રી. એ. ડી. મનસૂરીને હાલ યુનિવર્સિટી ઑફ તહેરાન, બગદાદ અને અમેરિકા યુનિવર્સિટી ઑફ લેબેનોનના સંશોધન-કામ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં નીચેની શરતોએ અભ્યાસરજા (બિનપગારી)માં તા. ૧૫-૬-૧૯૬૯ સુધી વધારો કરવાનું ઠરાવેલ, પણ તેમને તે શરતો મંજૂર ન હોઈ તેઓના તા. ૧૧-૯-૧૯૬૮ના રાજીનામાના પત્ર પર વિચારણા કરવા બાબત:

(૧) તા. ૧૫-૧૦-૧૯૬૮થી તા. ૧૫-૬-૧૯૬૯ની રજાઓ બિનપગારી રજા મંજૂર કરવી.

(૨) એક વર્ષની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તેઓ તે જગા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) એક વર્ષની તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.

(૪) ઉપરોક્ત જણાવેલ શરત નં. (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરે.

[નોંધ.—ભવનના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૫-૧૦-૧૯૬૮ના પત્રથી શ્રી. મનસૂરીનું રાજીનામું ત્રણ માસની નોટિસના સમયને જતો કરી (waive કરી) મંજૂર કરવા ભલામણ કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ડી. મનસૂરીનું રાજીનામું મંજૂર કરવું.

૩૧. યુનિવર્સિટીની ફિક્સ્ડ ડિપૉઝિટ પર બૅન્ક તરફથી બ્રોકરેજ મેળવવા અંગે ડૉ. હરિભક્તિ તરફથી આવેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

(*a*) Now that the last Syndicate has endorsed the idea of receiving brokerage for the fixed deposits in various banks and as the proposed Co-operative Stores is still on the distant horizon, till such time the brokerage should be received by any University Officer, the Syndicate may deem fit, as is the practice in Ahmedabad Municipal Corporation or Ahmedabad Municipal Transport Department where an officer receives the brokerage in his official capacity and credits back to the University Funds.

(*b*) The brokerage money should be kept in a separate Account named as University Welfare Fund and the money from this fund could be distributed by the Syndicate wholly or partly in any welfare activities of the University, viz., the proposed New Co-operative Stores, students welfare activity and giving medical or other benefit to our University student, teacher or a staff member.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. પદવીદાન સમારંભના કાર્યક્રમ અંગે ડો. હરિભક્તિ તરફથી આવેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(1) Prayer should be abolished or drastically curtailed.

(2) List of Gold Medalists and Scholarship winners should be printed and distributed among the members of the audience. Scholarship winner list need not be read out as is the practice now.

(3) Sitting arrangement on the dais should be reconsidered so as to bring the Chancellor and other dignitaries right in front so that all the members of the audience can well witness the presentation of the Medals.

(4) All Medalists should be photographed by an official University photographer and the copy or copies of the photograph should be given to the Medalist on request at a price to be fixed up by the University authority. Receiving a Gold Medal at the University Convocation is a moment of Crowning Glory in the academic career of student which would be cherished for the rest of the life.

(5) Student procession can be made more disciplined and comensurate with the dignity of the occasion.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનોની નોંધ લેવી.

૩૩. યુનિવર્સિટી કેમ્પસમાં પેવિલિયન બાંધવા માટે ભારત સરકાર અર્થના ૫૦ ટકા અને વધુમાં વધુ રૂા. ૨૫,૦૦૦ની ગ્રાન્ટ આપશે તેમ જણાવતા ગુજરાત સરકારના તા. ૮-૯-૧૯૬૮ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં પેવિલિયન બાંધવા માટે રૂા. ૨૫,૦૦૦ની ગ્રાન્ટ આ યુનિવર્સિટી ભારત સરકારે જણાવેલ શરતોએ સ્વીકારે છે તેમ ભારત સરકારને લખી જણાવવું અને તે અંગે જરૂરી પગલાં લેવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૩૪. નીચેના સેનેટ-સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ધરાવેલ અભ્યાસસમિતિ
૧.	આચાર્ય એ. આર. રાવ	વિજ્ઞાન	(૧) ગણિતશાસ્ત્ર (૨) ભૌતિકવિજ્ઞાન

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	પસંદગીના અભ્યાસમંડળો
૨.	આચાર્ય આર. સી. પટેલ	શિક્ષણ સહિત વિનયન	(૧) અર્થશાસ્ત્ર (૨) સહકાર
૩.	આચાર્ય વી. એસ. વણીકર	શિક્ષણ સહિત વિનયન	(૧) મનોવિજ્ઞાન (૨) શિક્ષણ.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસમંડળોનું સભ્યપદ આપવું.

૩૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની પરવિન ફેલોશિપ (યુ.એસ.એ.) માટે ઇન્ડિયન કોન્ગ્રેસના જનરલ સેક્રેટરી તરફથી તેમના તા. ૨૫-૧૦-૧૯૬૮ના પત્ર અનુસાર સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. પરેશ એમ. મજમુદારનું નામ સૂચવવા અંગેની કુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજૂરીને આધીન અનુમતિ આપ્યાના; અને

(૨) આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૩૦-૮-૧૯૬૮ની સભાની ભલામણો સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભામાં મંજૂર રાખેલી છે તે સમિતિની નોંધ સાથે બીડવામાં આવેલ પરિશિષ્ટ " ઠ "માં ક્રમાંક ૫(બ)(૧)માં " શ્રી. એમ. બી. કર્ણિક " અને " શ્રીમતી દક્ષાબહેન એમ. પંડ્યા " એમ સુધારીને વાંચવા અને તે મુજબ તે નોંધના પરિશિષ્ટમાં જરૂરી સુધારો કરવાની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩૬. ૧૯૬૯ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. સને ૧૯૬૯-૭૦નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. તા. ૬-૧૧-૧૯૬૮ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની તા. ૬-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

૩૯. તા. ૨૯-૯-૧૯૬૮ના રોજ એમ. એન. કૉલેજ, વીસનગરમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલ તોફાન-મારામારીના બનાવને અનુલક્ષીને સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ નીચેના

વિદ્યાર્થીઓ સામે લીધેલ શિસ્તનાં પગલાં અંગે તેમના તા. ૧૪-૧૦-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. એ. એસ. ભટ્ટ, દ્વિતીય વર્ષ બી.એ., રોલ નં. ૮૬	કૉલેજમાંથી એક વર્ષ માટે એટલે કે તા. ૧૫-૧૦-૧૯૬૮થી તા. ૧૫-૧૦-૧૯૬૯ સુધી rusticate કરવામાં આવ્યા છે, એટલે કે કૉલેજમાંથી ઘેર બેસાડવામાં આવ્યા છે, જેથી આ કૉલેજ અથવા બીજી કોઈ પણ કૉલેજમાં આ ઉપરોક્ત સમય પૂરો થતાં સુધી તે પ્રવેશ મેળવી શકશે નહિ.
(૨) શ્રી. એચ. એમ. મોદી, ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૧૫૯	કૉલેજમાંથી એક સત્ર માટે એટલે કે તા. ૧૫મી માર્ચ ૧૯૬૯ સુધી rusticate કરવામાં આવ્યા છે એટલે કે કૉલેજમાંથી ઘેર બેસાડવામાં આવ્યા છે, જેથી આ કૉલેજ કે બીજી કોઈ પણ કૉલેજમાં ઉપરોક્ત સમય પૂરો થતાં સુધી તે પ્રવેશ મેળવી શકશે નહિ.
(૩) શ્રી. પી. ડી. પટેલ, એસ.વાય.બી.એસસી., રોલ નં. ૧૨૮	બીજા સત્રથી દાખલ કરવામાં આવશે નહિ.
(૪) શ્રી. એમ. બી. કંસારા, ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૮૩	આ કૉલેજમાં તેને બીજા સત્રથી દાખલ કરવામાં આવશે નહિ.
(૫) શ્રી. પંડિત જે. એસ., ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૬૬	,,
(૬) શ્રી. જે. એચ. પટેલ, ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૧૧૨	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની સભાએ યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિવૃત્તિવય-મર્યાદા નિયત કરવાનું ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાનું સૂચન ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફારો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલ સમિતિની વિચારણા માટે મોકલેલ તે અંગેની સદરહુ સમિતિની તા. ૨૭-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જ્યાં સુધી કુલપતિશ્રીનું પદ માનદ પ્રકારનું હોય ત્યાં સુધી નિવૃત્તિવય-મર્યાદા મુકરર કરવાની જરૂર આ સમિતિને જણાતી નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. ભારતીય લોક-કલા મંડળ, ઉદેપુર દ્વારા "The use of puppetry for education and mass communication" પર ડિસેંબર ૧૯૬૮ના પ્રથમ સપ્તાહ દરમિયાન યોજનાર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર મંડળના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. "Indian Economic Association"નું ૫૧મું વાર્ષિક અધિવેશન ઓસ્માનિયા યુનિવર્સિટીના ઉપક્રમે હૈદરાબાદ મુકામે ડિસેંબર ૨૭થી ૩૦, ૧૯૬૮ના સમય દરમિયાન યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧-૧૧-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. અમદાવાદની (૧) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અને (૨) નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજમાં ડિપ્લોમા-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટના વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજીઓ પર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદના અર્થશાસ્ત્રના પ્રોફેસર શ્રી. એચ. એન. પાઠક તથા પ્રોફેસર બી. જી. શાહ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. સને ૧૯૬૭-૬૮ના વર્ષનો ૧૮મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં એમ.ડી. (ભા. ૯) રેડિયો ડાયાગ્નોસિસ વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. એમ. એસ. નેરૂરકર

(૨) ડૉ. એસ. જી. દફ્તરી.

૪૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો/પરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૮-૧૧-૧૯૬૮ તથા તા. ૯-૧૧-૧૯૬૮ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮-૧૧-૧૯૬૮ તથા તા. ૯-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૮-૧૧-૧૯૬૮ તથા તા. ૯-૧૧-૧૯૬૮ની સભાની ભલામણોની નકલ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૪૭. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં ચોથી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી નોન-ટીચિંગ અંગેની જગ્યાઓનાં ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો તથા પગારધોરણો સૂચવવા માટે નીમેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) રિસર્ચ આસિસ્ટન્ટની જગ્યા માટે સ્ટેચ્યૂટ ૨૦૪ પ્રમાણે રૂા. ૨૦૦નો ઉચ્ચક પગાર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે આ સમિતિએ રૂા. ૨૫૦ સૂચવ્યા છે.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં હાલ જે વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની એક કાયમી જગ્યા છે તેનું પગારધોરણ રૂા. ૨૫૦-૨૫-૫૦૦ છે, જે આ સમિતિએ રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ સૂચવેલ છે.

(૩) ફીલ્ડ વર્ક સુપરવાઇઝરની જગ્યા યુ.જી.સી.એ લેક્ચરરની ગ્રેડ(રૂા. ૪૦૦-૯૫૦)માં ઊભી કરવા જણાવેલ, જ્યારે સમિતિએ તે જગ્યાનું પગારધોરણ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ સૂચવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. તા. ૭-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭-૧૧-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૯. ગુજરાત રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૬-૨-૧૯૬૮ના ઠરાવ નં. વી.બી. એસ. ૧૨૬૭-૧૫-સી એચ. ને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર જે યુનિવર્સિટી કર્મચારીને પોતાનું મકાન હોય તેઓ ઘરભાડા ભથ્થાને પાત્ર થતા નહિ. હવે રાજ્ય સરકારે તેના તા. ૬-૨-૧૯૬૮નો ઠરાવ રાજ્ય સરકારના નાણા ખાતાના તા. ૮-૧૦-૧૯૬૮ના ઠરાવ વી.એલ.બી. ૧૨૬૮-૧૫૩-સીએચથી રદ થતો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓ માટે ઘરભાડા ભથ્થાને અંગે સિન્ડિકેટે તેની તા ૬-૭-૧૯૬૮ની સભામાં કરેલ નીચેનો ઠરાવ તા. ૬-૨-૧૯૬૮થી રદ ગણવો :

"આથી ઠરાવવામાં આવે છે કે મકાન ભાડાભથ્થા અંગેના રાજ્ય સરકારના ઠરાવ નં. વલભ/૧૨૬૭-૧૫૪-ચ, તા. ૬-૨-૧૯૬૮ની નોંધ લેવી તથા તેમાં જણાવેલો સિદ્ધાંત યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતા ભાડાભથ્થા અંગે સ્વીકારીને તેનો તે તારીખથી અમલ કરવો."

૫૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી ૫૦મી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૯-૧૦-૧૯૬૮ની સભાની નોંધમાં જણાવેલ બાબત નં. ૨ની ભલામણો મંજૂર કરવી અને બાકીની ભલામણોની વિચારણા મોકૂફ રાખવી.

(મંજૂર કરવામાં આવેલી બાબત નં. ૨ની ભલામણ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૧. Gandhian economic thought and its relevance under present conditions નામક પરિસંવાદ ઇન્ડિયન ઇકોનોમિક એસોસિયેશન અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે યોજવાના દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ ઇન્ડિયન ઇકોનોમિક એસોસિયેશન અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજવાનો પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે માટે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. પ્રોફેસર મણિશંકર પંડ્યાએ કરેલ રિટ અરજી ગુજરાત હાઇ કોર્ટે દાખલ કર્યાની બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૩. પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના વિદ્યાર્થી શ્રી. ગિરીશચંદ્ર સી. શાહનું એમ.એસસી., પાર્ટ ૧ની પરીક્ષાનું અનામત રાખેલું પરિણામ ઑક્ટોબર ૧૯૬૮ના અંતભાગમાં જાહેર કરવામાં આવેલું હોવાથી તેમનું એમ.એસસી., પાર્ટ ૨નું પ્રથમ સત્ર માન્ય રાખવા અંગે તેમના તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ ભાઈ એમ.એસસી. માટે રજિસ્ટ્રેશન નં. ૪૪૭થી નોંધાયેલા છે અને તેમનો એમ.એસસી., પાર્ટ ૧ની પરીક્ષાનો નંબર ૨૬૬ હતો.

(૨) પરિણામ અનામત રાખવાના અને મોડું જાહેર કરવાના પરિણામે તેઓ પ્રથમ સત્રમાં હાજરી રાખી શકયા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન શ્રી. ગિરીશચંદ્ર સી. શાહને કામચલાઉ ધોરણે એમ.એસસી., પાર્ટ ૨ ના વર્ગમાં નવેંબર ૧૯૬૮થી શરૂ થતા સત્રમાં, આ બાબતમાં સિન્ડિકેટના નિર્ણયને આધીન, પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૫૭૪૫૩/૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૧-૧૧-૧૯૬૮.

કું. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪૮

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલ સ્થાયી સમિતિની એક સભા તા. ૭-૧૧-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ-સ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. વી. એચ. ભણોત, ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૫. ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૬. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર

૧. સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં ઠરાવ નં. ૧૧૧થી નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીના કર્મચારીઓની કેટલીક માગણીઓ અંગેની તા. ૧૨-૩-૧૯૬૮ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨. સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિને મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાના ધોરણે મૂળ પગારમાં મેળવવા અંગેની બાબત પર વિચારણા કરવા બાબત."

આથી સિન્ડિકેટને જણાવવું કે રાજ્ય સરકારના કર્મચારીઓનાં પગારધોરણ સાથે યુનિવર્સિટીના કર્મચારીઓનું હાલનું પગારધોરણનું માળખું સરખાવતાં તથા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ પગારમાં મેળવાતાં યુનિવર્સિટી ઉપર જે આર્થિક બોજો વધશે તે જોતાં મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ પગારમાં મેળવવાની દરખાસ્ત સ્વીકારવા માટે આ સમિતિ ભલામણ કરી શકતી નથી.

૩. સિન્ડિકેટે તેની તા. ૯–૩–૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સની નીચેની ભલામણ આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

"એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે મૂકવો."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલની ગોઠવણ પર્યાપ્ત હોવાથી બોર્ડ ઑફ એકાઉન્ટ્સની ભલામણ પ્રમાણે એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ તેનાથી સ્વતંત્ર અને જુદો કરી કુલસચિવશ્રીની સીધી દેખરેખ નીચે મૂકવાની જરૂર આ સમિતિને જણાતી નથી.

૪. સિનિયર ક્લાર્ક શ્રી. ધનુબહેન પટેલની તા. ૪–૬–૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડિકેટનો તા. ૧૧/૧૨–૧–૧૯૬૧નો ઠરાવ જોતાં કુ. ધનુબહેન પટેલની તા. ૪–૬–૧૯૬૮ની વિનંતી મંજૂર કરવી અને તેઓની પગારવધારાની તારીખ તેમનાથી જુનિયર શ્રી. એન. આર. જોશીની પગારવધારાની તારીખ એટલે કે તા. ૩૧–૮–૧૯૫૭ની કરવી તથા તે અંગેના તફાવતની રકમ તેઓને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આવા બીજા કેસોમાં પણ ઉપર પ્રમાણે કરવાનું રાખવું.

સમિતિના એજન્ડા ઉપર કામકાજ નંબર ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ની વિચારણા સમયના અભાવે મુલતવી રાખવામાં આવી હતી.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૫૦

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજ/સંસ્થામાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માન્યતા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(૧) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે ૧૪મી જૂન ૧૯૬૯ સુધી માન્યતા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજનું નામ	વિષય
૧.	શ્રી. ચિત્તાનંદ ત્र્યંબક પંઢરીનાથ	એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, હિંમતનગર	અંગ્રેજી
૨.	ડૉ. લીલાબહેન ચંદુલાલ શાહ	બી. ડી. કૉલેજ, અમદાવાદ	ગૃહવિજ્ઞાન

(૨) નીચેના શિક્ષકની તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા માટેની વિનંતી માન્ય રાખવી નહિ :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	વિષય
૧.	શ્રી. કુલશ્રેષ્ઠ રામ બહાદુર	એમ. એન. કૉલેજ, વીસનગર	અંગ્રેજી

(૩) નીચેના શિક્ષકો તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે આવેલી અરજીઓ પરત્વે નોંધમાં જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં :

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	પદવી અને વિષય	નોંધ
૧.	શ્રી. સત્યપ્રકાશ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯	પીએચ.ડી. ફિઝિક્સ	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણનાં (of recognised merits) છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે સરદાર પટેલ યુનિવર્સિટીના શ્રી. એ. આર. પટેલનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	પદવી અને વિષય	નોંધ
૨.	શ્રી. બી. એસ. વૈદ્ય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	પીએચ.ડી. બોટની	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ (બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણનાં (of recognised merits) છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે મુંબઈના ડૉ. ગોનસાલ્વેઝનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૩.	શ્રી. ગૌર ભગવાન કિશ્ર, ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ	પીએચ.ડી. બોટની પ્લાન્ટ ફિઝિયોલોજી	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ (બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણનાં (of recognised merits) છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. જે. જે. ચિનોયનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૪.	ડૉ. જાલા સી. આર., બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	પીએચ.ડી. પેથોલોજી માર્ફકો-બાયોલોજી	તેમનાં સંશોધનપત્રો મંગાવી ઑર્ડિ. ૬૫-કે (૫) અનુસાર "એમિનન્ટ પબ્લિશ્ડ રિસર્ચ વર્ક" તરીકે તેને ગણી શકાય કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૫.	ડૉ. અમીન મહેન્દ્રકુમાર ગોવર્ધનપ્રસાદ, બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	પીએચ.ડી. ફિઝિયોલોજી	તેમનાં સંશોધનપત્રો મંગાવી ઑર્ડિ. ૬૫-કે (૫) અનુસાર "એમિનન્ટ પબ્લિશ્ડ રિસર્ચ વર્ક" તરીકે તેને ગણી શકાય કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૬.	શ્રી. વ્યાસ કેશવલાલ બાલકિશ્ન, જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૬	પીએચ.ડી. ફિલોસોફી	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ (બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણનાં (of recognised merits) છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે વડોદરાના શ્રી. જાવડેકરનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	પદવી અને વિષય	નોંધ
૭.	શ્રી. વી. પી. ભટ્ટ, બી. એન્ડ બી. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	પીએચ.ડી. ફિઝિક્સ	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫–એચ (બી) અનુસાર ગુણવત્તાના ધોરણે માન્ય-ધોરણનાં (of recognised merits) છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના શ્રી. એન. એસ. પંડ્યાનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) નીચેના શિક્ષક તરફથી તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલી અરજીની વિચારણા મુલતવી રાખવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	પદવી અને વિષય	નોંધ
૧.	શ્રી. પી. બી. કુલકર્ણી, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	પીએચ.ડી. ફિઝિક્સ	અરજી ટેબલ પર મૂકવામાં આવી હતી, પરંતુ સમયના અભાવે વિચારણા થઈ શકી નહીં.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 978-375-12-'68

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની નવેંબર માસની વિશેષ સભા શનિવાર, તા. ૩૦-૧૧-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૧૧-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૯-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૯-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધમાં બાબત નં. ૪૫ ઉપરના ઠરાવમાં સ્થાનિક તપાસસમિતિના સભ્યોની યાદીમાં ડૉ. જે. બી. હરિભક્તિનું નામ ઉમેરીને સદરહુ સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારવાની રેફરીઓની ભલામણ કરીને તેને પીએચ.ડી. પદવી માટે પાત્ર ગણ્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય
૧.	શ્રી. પી.ડી. અંગ્રેજી	વિજ્ઞાન : ભૌતિકવિજ્ઞાન

(૨) તા. ૨૩/૨૪ નવેંબર ૧૯૬૮ના રોજ "ચોથી પંચવર્ષીય યોજનાનાં સાધનો અને અગ્રિમતા" એ વિષય પર અર્થશાસ્ત્રના શિક્ષકોનો પરિસંવાદ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં યોજવા માટેની તથા તે અંગે રૂા. ૨,૦૦૦ સુધીનો ખર્ચ કરવા માટેની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસનું ૨૮મું વાર્ષિક અધિવેશન મદ્રાસ સરકારના ઉપક્રમે કોઇમ્બતુર મુકામે ડિસેંબરની તા. ૨૩થી ૨૫ના સમય દરમ્યાન યોજાનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. બબાભાઈ સો. પટેલને મોકલવા.

૪. દિલ્હી મુકામે તા. ૭થી ૯ ડિસેંબર ૧૯૬૮ દરમ્યાન યોજાનાર ધી નેશનલ પેરેન્ટ-ટીચર્સ એસોસિયેશન ઑફ ઇન્ડિયાના ત્રીજા અધિવેશનમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા માટેના સદરહુ એસોસિયેશનના પ્રમુખશ્રીના તા. ૧૧-૧૧-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૫. ઇન્ડિયન કોમર્સ એસોસિયેશનનું ૨૨મું અધિવેશન ઔરંગાબાદ મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૬૮ દરમિયાન મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના ખજાનચીના તા. ૧૦મી નવેંબર ૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. ડી. ડી. ત્રિવેદીને મોકલવા.

૬. ઑલ ઇન્ડિયા લૉ ટીચર્સનું નવમું અધિવેશન અલીગઢ યુનિવર્સિટીના ઉપક્રમે અલીગઢ મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૬૮ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઍસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ ઇન્ડિયા લૉ ટીચર્સના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય વી. આર. રણદીવેને મોકલવા.

૭. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૬ની સભામાં ત્રણ વર્ષની મુદત માટે પ્રકાશન બોર્ડ પર ઑ. ૧(૪) હેઠળ નીમેલા સાત સભ્યો પૈકી પ્રો. કે. જે. ભટ્ટ વિદ્યાશાખાના ડીન તરીકે હોદ્દાની રૂએ સદરહુ બોર્ડના સભ્ય બનતા હોઈ, તેઓની જગ્યાએ અન્ય સભ્યની તા. ૩-૧૨-૧૯૬૯ સુધી નિમણૂક કરવા બાબત:

[નોંધ.—ઑ. ૧નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે:

(*i*) The Vice-Chancellor
(*ii*) The Rector, if any
(*iii*) The Deans of the Faculties
(*iv*) Seven persons appointed by the Syndicate, five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of recognised institutions and members of the Board of University Teaching.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર પ્રો. કે. જે. ભટ્ટ અને ડૉ. પી. એચ. પ્રભુની ખાલી પડેલી બે જગ્યાઓ ઉપર સિન્ડિકેટ-નિયુક્ત સભ્યો તરીકે ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રી અને આચાર્ય એસ. આર. મહેતાને તા. ૩-૧૨-૧૯૬૯ સુધીની બાકી રહેતી મુદત માટે નીમવા.

૮. ૧૯૬૯ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં માળી તરીકે કામ કરતા શ્રી. રામ રતન ફેરઈનો અજમાયશી સમય તા. ૬-૧૧-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૭-૧૧-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. રામ રતન ફેરઈની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. રામ રતન ફેરઈને યુનિવર્સિટી કાર્યાલયમાં માળીની જગ્યા પર તા. ૭-૧૧-૧૯૬૮થી કાયમ કરવા.

૧૦. સાયન્સ કૉલેજ, કડીમાં રસાયણવિજ્ઞાનના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી સદરહુ વિષય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે પ્રથમ સત્રમાં નીમવામાં આવેલા શ્રી. જી. એસ. પટેલ દ્વારા શિક્ષણકાર્ય બીજા સત્ર પૂરતું ચાલુ રાખવાની પરવાનગી આપવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૨૮/૨૯-૬-૧૯૬૮ની સભામાં પ્રથમ સત્ર દરમ્યાન પૂર્ણ સમયના પ્રાધ્યાપક વગર શિક્ષણકાર્ય ચલાવ્યું તે બાબત સર્વવિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખશ્રીએ જણાવેલ સંજોગોને લક્ષમાં લઈ ને ક્ષમ્ય ગણવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે રસાયણવિજ્ઞાન જેવા વિષયમાં કે જેમાં પ્રાધ્યાપકો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ થઈ શકે તેમ છે તેમાં નિયમ મુજબ પૂરા સમયના પ્રાધ્યાપક વિના શિક્ષણકામ ચલાવવું તે યોગ્ય નથી એમ સિન્ડિકેટનું દૃઢ મંતવ્ય છે. તેમ છતાં અપવાદ તરીકે તેમની કૉલેજમાં ઓછામાં ઓછા પૂરા સમયના રસાયણવિજ્ઞાનના બે અધ્યાપકો તેમના શિક્ષકગણમાં નીમવામાં આવે તે શરતે ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ માટે શ્રી. જી. એસ. પટેલને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે ચાલુ રાખવા માટે પરવાનગી આપવી અને ઉમેરવું કે જૂન ૧૯૬૯થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકને નીમવામાં આવશે નહિ તો તેમની કૉલેજમાં મુખ્ય વિષય તરીકે રસાયણવિજ્ઞાનનું શિક્ષણકાર્ય ચાલુ રાખી શકાશે નહિ.

૧૧. મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની તા. ૧-૧૨-૧૯૬૮થી ઉછીની સેવાઓ (loan service) આપવા અંગે દક્ષિણ ગુજરાત યુનિ.ના કુલપતિશ્રીના તા. ૧૩-૧૧-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૬-૧૯૬૮ની સભામાં શ્રી. દેસાઈના પદાધિકારની મુદત તા. ૩૦-૧૧-૧૯૬૮ સુધી લંબાવવાનું ઠરાવ્યું હતું.)

(૧) સદરહુ બાબત અંગે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિશિષ્ટ મુશ્કેલી જોતાં સિન્ડિકેટની તા. ૨૮/૨૯-૬-૧૯૬૮ની સભાના ઠરાવ પર પુનર્વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની સેવાઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને તા. ૧-૧૨-૧૯૬૮થી તા. ૩૧-૮-૧૯૬૯ સુધી ઉછીની આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની સેવાઓ ઉછીની આપવા અંગેની શરતો નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. યુનિવર્સિટીની ફિક્સ્ડ ડિપૉઝિટ પર બૅંક તરફથી બ્રોકરેજ મેળવવા અંગે ડૉ. જે. બી. હરિભક્તિ તરફથી આવેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(*a*) Now that the last Syndicate has endorsed the idea of receiving brokerage for the fixed deposits in various banks and as the proposed Co-operative Stores is still on the distant horizon, till such time the brokerage should be received by any Uni-

versity officer the Syndicate may deem fit as is the practice in Ahmedabad Municipal Corporation or Ahmedabad Municipal Transport Department when an officer receives the brokerage in his officer capacity and credits back to the University Funds.

(*b*) The brokerage money should be kept in separate account named as University Welfare Fund and the money from this fund could be distributed by the Syndicate wholly or partly in any welfare activity of the University or the proposed new Co-operative Stores, students welfare activity and giving medical or other benefits to our University students, teachers or staff-members.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા થયા પછી રા. જે. બી. હરિભક્તિએ સભાગૃહની સંમતિથી પોતાનાં સૂચનો પાછાં ખેંચી લીધાં તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૧૩. પ્રશ્નપત્ર કૈાડવાનું વલણ ટાળવા માટે નીચેની કાર્યપદ્ધતિ અપનાવવાના રા. જે. બી. હરિભક્તિ તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત:

Every time three papers should be drawn preferably by external examiners out of which any one could be selected. Next time three new papers should be drawn and the paper for this turn must be selected from five papers (two of the previous turn, three of the present turn). Third time the same procedure should be adopted, i.e., the paper will be drawn from 7 papers (4 from first two turns and 3 new papers). For the fourth turn, the paper should be drawn from three new papers of this turn and the remaining questions of last two turns whatever their number. So that from the third turn onwards from the time this system is introduced we will have maximum 7 papers from which a paper could be drawn.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા થયા પછી ડૉ. જે. બી. હરિભક્તિએ સભાગૃહની સંમતિથી પોતાનું સૂચન પાછું ખેંચી લીધું તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૧૪. ડૉ. એ. એમ. ત્રિવેદી તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"The union fee of the post-graduate students at the various Bhavans be raised to Rs. 10/- per term from Rs. 3/- per term."

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા થયા પછી ડૉ. એ. એમ. ત્રિવેદીએ સભાગૃહની સંમતિથી પોતાનું સૂચન પાછું ખેંચી લીધું તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૧૫. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલ સુધારેલા સ્ટે. ૧૩૪ને કુલાધિપતિશ્રીએ સેનેટને પુનર્વિચારણા અર્થે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સેનેટે આ સ્ટેચ્યૂટ પૂરતી ચર્ચાવિચારણા પછી પસાર કરેલો હોઈ તેમાં ફેરફાર કરવા માટે સિન્ડિકેટ ભલામણ કરતી નથી.

૧૬. ગ્રંથાલયશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"અર્વાચીન યુગમાં શિક્ષણના કેન્દ્ર તરીકે ગ્રંથાલયનો સ્વીકાર સર્વમાન્ય હોઈ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મહાવિદ્યાલયોના ગ્રંથાલય અને ગ્રંથપાલને જે યોગ્ય મહત્ત્વ આપ્યું છે તેના સંદર્ભમાં આપણી યુનિવર્સિટીનાં સંલગ્ન મહાવિદ્યાલયોના યોગ્યતાવાળા ગ્રંથપાલોને કમિશને સૂચવેલ વેતન મળવું જોઈએ. યોગ્ય વેતનના અભાવે આ વ્યવસાય તેજસ્વી વિદ્યાર્થીઓને આકર્ષી શકતો નથી. આ અનિચ્છનીય અને દુઃખદ હકીકત છે, તેથી આ સમિતિ દૃઢ વિચાર-વિશ્વાસપૂર્વક યુનિવર્સિટીને ભલામણ કરે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલ વેતન આપવું યુનિવર્સિટીનાં સંલગ્ન મહાવિદ્યાલયોના ગ્રંથપાલોને આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૧૭. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં ચોથી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી નૉન-ટીચિંગ અંગેની જગ્યાઓનાં ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો તથા પગારધોરણો સૂચવવા માટે નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) રિસર્ચ આસિસ્ટન્ટની જગ્યા માટે સ્ટે. ૨૦૪ પ્રમાણે રૂા. ૨૦૦નો ઉચ્ચક પગાર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે આ સમિતિએ રૂા. ૨૫૦ સૂચવ્યા છે.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં હાલ જે વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની એક કાયમી જગ્યા છે તેનું પગારધોરણ રૂા. ૨૫૦-૨૫-૫૦૦ છે, જે આ સમિતિએ રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ સૂચવેલ છે.

(૩) ફીલ્ડવર્ક સુપરવાઇઝરની જગ્યા યુ.જી.સી.એ લેક્ચરરની ગ્રેડ રૂા. ૪૦૦-૯૫૦માં ઊભી કરવા જણાવેલ, જ્યારે સમિતિએ તે જગ્યાનું પગારધોરણ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ સૂચવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૧૮. તા. ૧૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કર્મચારીઓનો તા. ૨૮-૧૧-૧૯૬૮નો વિજ્ઞપ્તિપત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ બાબતની વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૯. સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની સભાએ યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિવૃત્તિ-વય-મર્યાદા નિયત કરવાનું ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાનું સૂચન ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફારો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની વિચારણા માટે મોકલેલું, તે અંગેની સદરહુ સમિતિની તા. ૨૭-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે જ્યાં સુધી કુલપતિશ્રીનું પદ માનદ પ્રકારનું હોય ત્યાં સુધી નિવૃત્તિવય-મર્યાદા મુકરર કરવાની જરૂર આ સમિતિને જણાતી નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટની આ સભા સંમત છે.

૨૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પ્રોવિડંટ ફંડના નિયમોની બાબત અંગે સમગ્રપણે ચર્ચાવિચારણા કરીને તેમાં ઘટતા સુધારાવધારા સૂચવવા સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની તા. ૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલી છેલ્લી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો માટે પ્રૉવિડંટ ફંડના નિયમો સભામાં કરવામાં આવેલા ફેરફારો સાથે મંજૂર કરવા અને તેનો અમલ તા. ૧૫-૬-૧૯૬૬થી કરવા માટે તમામ કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલા પ્રૉવિડંટ ફંડ અંગેના નિયમો આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પણ લાગુ પાડવા માટે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓને ભલામણ કરવી.

૨૧. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ અને નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટના વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજીઓ પર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદના અર્થશાસ્ત્રના પ્રોફેસર શ્રી. એચ. એન. પાઠક તથા પ્રોફેસર બી. જી. શાહ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

૨૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી ૫૦મી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

(નોંધ.— નોંધની બાબત ક્રમાંક ૨ સિન્ડિકેટની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં મંજૂર કરવામાં આવી છે.**)**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં દાખલ કરવા ધારેલ નેશનલ સર્વિસ કોરની યોજનામાં આપણી યુનિવર્સિટીમાંથી ૧૨૦૦ વિદ્યાર્થીઓને જોડાવા માટેની દરખાસ્ત છે. આ માટે આપણી પાસે ૪૧ કૉલેજોમાંથી ૨૮૫૦ નામો આવેલ છે તો કૉલેજોની અને વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવવા માટે યોગ્ય વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનના નેશનલ સેક્રેટરી તરફથી આપણે તેના સભ્ય થઈ યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનની પ્રવૃત્તિઓને વેગ આપવાની વિનંતી કરતા તા. ૯-૮-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરી આપણી યુનિવર્સિટીમાં યૂથ હૉસ્ટેલ યુનિટની સ્થાપના કરીને ભારતના યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનના સભ્ય થવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વાર્ષિક ઇન્સ્ટિટ્યૂશનલ ફી યુનિવર્સિટીએ રૂા. ૨૫ ભરવાની છે. ભારત યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનના સભ્ય થાય તો અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઓછી ફીએ આ હૉસ્ટેલ ઍસોસિયેશનના કાર્ડ પરથી ભારતમાં જ્યાં જ્યાં યૂથ હૉસ્ટેલ છે ત્યાં સગવડ મળી રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનનું સભ્યપદ આ યુનિવર્સિટીએ સ્વીકારવું અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનના નેશનલ સેક્રેટરીનો સદરહુ પત્ર આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

૨૫. છાત્રાલયના 'એ' અને 'બી' બ્લૉકના ખુલ્લા કબાટને બારણાં કરવાની જરૂર હોઈ, યુનિવર્સિટી છાત્રાલયના અંદાજપત્રમાં "છાત્રાલય મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૨૪,૫૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સને ૧૯૬૮-૬૯ના બજેટમાં "છાત્રાલય મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૮,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૨) વધુ રૂા. ૧૮,૦૦૦ની જોગવાઈ તા. ૧૭-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં બાબત નં. ૧૬થી કરવામાં આવેલી છે. આથી "મરામત અને ખાસ ફેરફારો" ખાતે કુલ જોગવાઈ રૂા. ૨૬,૦૦૦ની છે અને હવે રૂા. ૫૦,૫૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના 'એ' અને 'બી' બ્લૉકના ખુલ્લા કબાટને બારણાં કરવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં "છાત્રાલય મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૨૪,૫૦૦ની વધુ જોગવાઈ કરવી.

૨૬. યુનિવર્સિટી પ્રેસમાં તા. ૩૧-૧૦-૧૯૬૮ને ગુરુવારના રોજ સરદાર પટેલ જયંતીના રોજ અગાઉથી રજા મંજૂર કરાવ્યા સિવાયની પ્રેસના ૪૬ કર્મચારીઓની સામુદાયિક ગેરહાજરીના બનાવ અંગે શ્રી. પ્રેસ-મેનેજરના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા કર્મચારીઓના ખુલાસા આવ્યેથી સદરહુ બાબત પર વિચારણા કરવાનું રાખવું.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનમા ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. એમ. મિશ્રાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૬-૧-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૧૭-૧-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. મિશ્રા તા. ૧૬-૧-૧૯૬૭થી જોડાયા છે અને તા. ૨૭-૮-૧૯૬૭થી બે વર્ષની બિનપગારી અભ્યાસરજા પર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. એમ. મિશ્રાનો અજમાયશી સમય વધુ એક વર્ષ લંબાવવો.

૨૮. કૉલેજોના જોડાણ અંગે યુનિવર્સિટી પોતાનું કર્તવ્ય અને જવાબદારીઓ સભ્યત રીતે બજાવી શકે તે માટે કોઈ તંત્ર ઊભું કરવા અંગે યુનિવર્સિટીનાં મંતવ્યો/દરખાસ્તો મગાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૧૧-૧૯૬૮ના પત્રાંક એફ-૧-૧૨૫-૬૮ (સી.ડી.એન.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં મેડિસિનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને સ્વ. ડૉ. (કુ.) મિશ્રાબહેન માણેકલાલ શાહ સુવર્ણચંદ્રક આપવા અંગે રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગે શ્રી. માણેકલાલ હરિલાલ શાહની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૩૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સને ૧૯૬૫-૬૬ પછી સ્વીકારાયેલી આવર્તક ખર્ચની યોજનાઓ સને ૧૯૭૦-૭૧ સુધી નહિ, પરંતુ સને ૧૯૭૩-૭૪ સુધી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળનાર સહાયને પાત્ર રહેશે એમ જણાવી ત્યાર પછી આવા ખર્ચની જવાબદારી રાજ્ય સરકાર/યુનિવર્સિટી ઉપાડશે એવી બાંયધરી આપવાનું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮-૧૦-૧૯૬૮ના પત્રાંક એફ-૯-૫-૬૮ (સી.ડી.એન.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સને ૧૯૭૩-૭૪ના વર્ષ પછીના ખર્ચની જવાબદારી રાજ્ય સરકાર/ગુજરાત યુનિવર્સિટી ઉપાડશે એ મતલબની બાંયધરી આપવા માટે શ્રી કુલસચિવને સત્તા આપવી.

૩૧. "Association of Physicians of India" અન્વયે તબીબી એસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે જાન્યુઆરી તા. ૨૨થી ૨૫, ૧૯૬૯ના સમય દરમિયાન હૈદરાબાદ મુકામે વાર્ષિક અધિવેશન યોજે છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. એ. પી. ગુપ્તા અને ડૉ. એસ. જે. દામાણીને મોકલવા.

૩૨. અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૩. શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામ-કરજણ તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિંદી વિષયો માટે જૂન ૧૯૬૮થી ચાલુ જોડાણ માટેની અરજી ઑર્ડિ. ૧૨૦માં જણાવેલી મુદત બહાર આવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જોડાણની અરજી મોડી કરવા માટે ઘટતો ઠપકો આપવો અને સદરહુ કૉલેજે ચાલુ જોડાણ માગ્યું છે તે લક્ષમાં લઈને તેની જોડાણઅરજી ખાસ કેસ તરીકે સ્વીકારવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૬. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ (કચ્છ) તરફથી જૂન ૧૯૬૯થી ભૂજ ખાતે કાયદાની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. ૧૨૦ મુજબ અરજી માટેની છેલ્લી તારીખ ૩૦-૬-૧૯૬૮ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૯થી ભૂજ ખાતે કાયદાની જે નવી કૉલેજ શરૂ કરવા માટે ભૂજ એજ્યુકેશન સોસાયટી, ભૂજ (કચ્છ) તરફથી આવેલી જોડાણઅરજી માટેની કાર્યવાહી ચાલુ છે તે કૉલેજનું સંચાલન પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજને સોંપવામાં આવે તો આ યુનિવર્સિટીને કશો વાંધો નથી તેમ તેમને જણાવવું.

તે પછી બાબત નં. ૭૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૪. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોનાં ગ્રંથાલયોમાં ગ્રંથપાલ તરીકે જે વ્યક્તિઓ કામ કરતી હોય પણ જરૂરી લાયકાત ધરાવતી ન હોય તેમને માટે દિવાળીની, નાતાલની અને ઉનાળાની રજાઓમાં ગ્રંથાલયશાસ્ત્રના ખાસ વર્ગો ચલાવવા અંગેના સિન્ડિકેટના તા. ૧૦-૧૧-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે શ્રી. ગ્રંથપાલ તરફથી આવેલ યોજના ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—જો વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦થી વધુ થશે તો ત્યાર પછીના વર્ષે પણ એપ્રિલની ૧૫મીથી જુલાઈ ૩૦ સુધી વર્ગો ચલાવવાની જરૂર રહેશે; નહિ તો એક જ વર્ષ માટે આ વર્ગ ચલાવવાના રહેશે. વર્ગો પૂરા થયા પછી લેવાનારી સૂચિત પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે ફરીથી પરીક્ષા લેવાની રહેશે).

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/માન્ય સંસ્થાઓમાં કામ કરતા બિનતાલીમી ગ્રંથપાલોને માટે ગ્રીષ્મવર્ગો ચલાવવા માટેની શ્રી. ગ્રંથપાલની યોજના મંજૂર કરવી અને તે મુજબ ૧૯૬૯ની ઉનાળાની રજાઓમાં વર્ગોનું આયોજન અને સંચાલન કરવા તેમને જણાવવું.

૩૫. સ્ટે. ૧, સ્ટે. ૪ અને સ્ટે. ૭૬માં નીચે પ્રમાણે સુધારો કરવાના રો. એચ. જી. શાસ્ત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત:

(૧) Delete Statute 1, as Section 16(1), Class I(B)(*iii*), now applies to the Vice-Chancellor of Gujarat Vidyapeeth.

(૨) Add in Statute 4(3)(*b*) 'prior to its incorporation as University established by law' wherever necessary, e.g., in 1.

(૩) Statute 76 :

Substitute 'postpone' for 'lapse'.

Read paragraph 2 as follows :

'Such motions shall be placed on the agenda of the next or subsequent meetings, save those in the case of which withdrawal from the mover is received in due time.'

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. શેઠ કલીચંદ વીરચંદ ગ્રોફ અશક્તાશ્રમ હૉસ્પિટલ, સુરતને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર રેટેડિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભાએ નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"Looking to the accommodation facilities it is recommended that the institution can take 3 male doctors and 2 female doctors.

Recognition may be given to post 3 male rotating housemen and 2 female rotating housemen as suggested above, i.e., 3 in Surgery and 2 in Obstetrics & Gynaecology."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. ટીચર્સ હૉસ્ટેલમાં ત્રીસેક જેટલાં રહેઠાણો ખાલી રહેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. બાંધકામ સમિતિ પર સિન્ડિકેટે નીમેલા ચાર સભ્યોની મુદત તા. ૧૬-૧૨-૧૯૬૮ના રોજ પૂરી થતી હોવાથી તેમની ખાલી પડેલી જગ્યાઓ પર ઑર્ડિ. ૩૩(૪) હેઠળ ત્રણ વર્ષ માટે ચાર સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. પતિયાળા મુકામે આવેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સમાં રમતોના પ્રશિક્ષણ-(coaching)નો સાડાચાર માસનો (condensed) કોર્સ કૉલેજમાં શારીરિક શિક્ષણની ડિગ્રી કે ડિપ્લોમા ધરાવનાર વ્યાયામશિક્ષકો માટે યોજનાર છે તેમાં તાલીમ લેવા માટે આશરે ૬ સેક વ્યાયામશિક્ષકોને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અભ્યાસક્રમમાં દસ વ્યાયામશિક્ષકોને યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવે અને તેમનો ભોજનખર્ચ યુનિવર્સિટી તરફથી દરેક વ્યાયામશિક્ષકને અપાય તો (એકના રૂા. ૨૦૨-૫૦ પૈસા લેખે) કુલ ખર્ચ રૂા. ૨,૦૨૫નો થવા સંભવ છે અને તેની બજેટમાં જોગવાઈ છે. રેલવે ભાડું અને અન્ય ખર્ચ જે તે કૉલેજ ભોગવે તેવું સૂચન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ સંલગ્ન કૉલેજોના ૧૦ જેટલા વ્યાયામશિક્ષકોને સદરહુ પ્રશિક્ષણના અભ્યાસક્રમની તાલીમ લેવા માટે મોકલવા અને તે માટે તેમના ભોજનખર્ચ પેટે રૂા. ૨,૦૨૫ સુધીનું અંદાજી ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તાલીમી વ્યાયામશિક્ષકોની પસંદગી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે શ્રી. ટી. એસ. નાન્દી સેવામાં જોડાયા બાદ પીએચ.ડી. થયા હોવાથી તેઓને ઓછામાં ઓછા બે ખાસ પગારવધારા આપવા અંગે તેમની તા. ૧૯-૧૦-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. સૂરતના નાલંદા પ્રકાશને પ્રી-યુનિ. કૉમર્સ તથા પ્રી-યુનિ. સાયન્સ પરીક્ષાનાં આ યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો, યુનિવર્સિટીની પરવાનગી વગર છાપીને, યુનિવર્સિટીના કોપીરાઇટનો ભંગ કરેલો હોવાથી તેઓ સામે પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા પ્રકાશક સામે કાનૂની રાહે પગલાં લેવાં અને તે માટે જરૂરી ખર્ચ અને કાર્યવાહો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં થયેલ પદવીદાન સમારંભમાં કુલ ૧૪૨ વિદ્યાર્થીઓને અને ઑક્ટોબર ૧૯૬૮ના પદવીદાન સમારંભમાં કુલ ૩૫૯ વિદ્યાર્થીઓને "ઑનર્સ"નાં પ્રમાણપત્રો ભૂલથી અપાયાંનું કાર્યાલયના ધ્યાન પર આવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) આ બાબતની જાણ તા. ૧૨-૯-૧૯૬૮ના રોજ શ્રી. બી. પી. ગુપ્તા નામના એક વિદ્યાર્થીની અરજી પર પગલાં લેતાં કાર્યાલયની જાણમાં આવી હતી.

(બ) આ બાબત તા. ૯-૧૧-૧૯૬૮ની પરીક્ષાશુદ્ધિ સમિતિમાં વિચારણા માટે રજૂ કરાઈ હતી. સદરહુ સમિતિએ આ બાબત સીધી સિન્ડિકેટ સમક્ષ મૂકવા જણાવ્યું છે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને 'ઑનર્સ'વાળાં જે પ્રમાણપત્રો ભૂલથી અપાયાં છે તે પાછાં મંગાવીને તેમને નવાં પ્રમાણપત્રો મોકલી આપવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જે ભૂલ થવા પામી છે તે ભૂલ અંગે જરૂરી તપાસ કરીને વિચારણા કરવા માટે રટાદ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૪૩. સને ૧૯૬૯ના જાન્યુઆરી માસમાં તા. ૨૦-૧-૧૯૬૮થી શરૂ થનાર જુનિયર તથા સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકો તરીકે પ્રિ. કે. જી. દેસાઈ અને પ્રો. ડી. એમ. ભાવસારની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ માટે આચાર્ય કે. જી. દેસાઈ અને પ્રો. ડી. એમ. ભાવસારને સિનિયર સુપરવાઈઝરો તરીકે નીમવા.

૪૪. ૧૯૬૯ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની "પરીક્ષા સમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાઓ અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. ઓકટોબર ૧૯૬૮માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાયેલ આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂકોમાં કુલપતિશ્રીની મંજૂરીથી કરવામાં આવેલ ફેરફાર તથા જરૂર પ્રમાણે કરવામાં આવેલ વધારાની નિમણૂકોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૬. ઓકટોબર ૧૯૬૮માં લેવાયેલ પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ (એકસ્ટર્નલ) પરીક્ષામાં બે વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષયની પરીક્ષામાં માધ્યમ તરીકે મરાઠી ભાષાનો ઉપયોગ કર્યો છે તે ક્ષમ્ય ગણીને તેમનાં ઉત્તરપત્રોના ગુણાંક સ્વીકારવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બે વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયનાં પ્રશ્નપત્રો અપવાદ તરીકે તપાસડાવી તેમનું પરિણામ યથાસમયે જાહેર કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ભવિષ્યમાં પ્રથારૂપ ગણવામાં આવશે નહિ.

૪૭. વિદ્યાશાખાઓના અધ્યક્ષો, યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષો અને સંલગ્ન કોલેજના આચાર્યોના મતદાર વિભાગમાંથી સિન્ડિકેટ પરની ચૂંટણી સ્ટે. ૭૮ અનુસાર સેનેટને દ્વિવર્ષે જ થઈ શકે છે તેના સંદર્ભમાં તે સ્ટેટ્યૂટો સુધારવાની જરૂર જણાય તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટેટ્યૂટમાં સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને જરૂરી સુધારા સાથેનો મુસદ્દો કાર્યાલયે તૈયાર કરવો અને તે સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલી આપવો.

૪૮. પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરાના વિદ્યાર્થી શ્રી. ગિરીશચંદ્ર સી. શાહનું એમ.એસસી. પાર્ટ-૧ની પરીક્ષાનું અનામત રાખેલું પરિણામ ઓકટોબર ૧૯૬૮ના

અંતભાગમાં જાહેર કરવામાં આવેલું હોવાથી તેમનું એમ.એસસી. પાર્ટ-૨નું પ્રથમ સત્ર માન્ય રાખવા અંગે તેમના તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.- (૧) આ ભાઈ એમ.એસસી. માટે રજિસ્ટ્રેશન નંબર ૪૪૭થી નોંધાયેલા છે અને તેમનો એમ.એસસી. પાર્ટ-૧ની પરીક્ષાનો નંબર ૨૬૬ હતો.

(૨) પરિણામ અનામત રાખવાના અને મોડું જાહેર કરવાના પરિણામે તેઓ પ્રથમ સત્રમાં હાજરી રાખી શકયા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી, એમ.એસસી. પાર્ટ ૨ના પ્રથમ સત્રનું પ્રાયોગિક કામ તેના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જને સંતોષ થાય તે રીતે પૂરું કરે તે શરતે, ચાલુ વર્ષનું બીજું સત્ર ભરાયેથી, તેમના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં, અપવાદ તરીકે, એમ.એસસી. પાર્ટ ૨ની પરીક્ષામાં બેસવા માટે તેને પરવાનગી આપવી.

૪૯. અમુક કૉલેજ કે કૉલેજોને સ્વાયત્ત સ્વરૂપ આપવાની જરૂરિયાત તથા શકયતા તપાસવા અને જો કોઈ પ્રસ્તાવ રજૂ કરવો હોય તો તે કરવા અંગે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના મંત્રીશ્રીના તા. ૧લી નવેંબર ૧૯૬૮ના પત્રાંક એફ-૨૨-૧-૧૯૬૮ (સી/૨) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજનાઓ મંજૂર કરી તે અંગેના કુલ અંદાજી ખર્ચના ૭૦ ટકા પ્રમાણેની ગ્રાન્ટ આપવાનું મંજૂર કરી યોજના બે તબક્કામાં અમલમાં મૂકવા માટેનો પ્રસ્તાવ કમિશનને મોકલી આપવા બાબત સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવ મુજબ, કમિશને મંજૂર કરેલી તમામ યોજનાઓ એકીસાથે જ આ યુનિવર્સિટી હાથ ઉપર લેવા માગે છે અને આથી ૭૦ ટકા કરતાં વધારાનો જે ખર્ચ થશે તે (બાકીનો ૩૦ ટકા પ્રમાણેનો કાપ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાછો નહિ ખેંચે તો) યુનિવર્સિટી ભોગવશે તેમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવતાં તેમના તરફથી આવેલ તા. ૧૨-૧૧-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સૂચન મુજબ પ્રાથમિકતા (priorities)નો ક્રમ નક્કી કરીને આ યુનિવર્સિટીનો પ્રસ્તાવ મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. ઓ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે મહેન્દ્રસિંહજી હૉસ્પિટલ, મોરબીને માન્યતા આપવા અંગે રો. ઈ. એમ. બોર્ડ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ રચવી :

(૧) રો. જે. બી. હરિભક્તિ
(૨) રો. વાસુદેવ ત્રિપાઠી.

૫૨. ઑક્ટોબર ૧૯૬૮માં લેવાયેલી સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ)ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૭—શ્રી. રાવલ ચંદ્રકાન્ત રેવાશંકરને જનરલ એજ્યુકેશન વિષયની પરીક્ષા વખતે ૧૧-૧૫ વાગ્યે પરીક્ષાખંડમાં નિરીક્ષકે પ્રવેશ આપ્યો છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિષયની પરીક્ષા ૧૦-૩૦ વાગ્યે શરૂ થઈ હતી. મુખ્ય નિરીક્ષકને આપવામાં આવતી સૂચના નં. ૨૫-એ મુજબ ત્રીસ મિનિટ પછી પરીક્ષામાં બેસવાની પરવાનગી આપી શકાય નહીં; પરંતુ કાર્યાલયને મૌખિક પૂછીને આ વિદ્યાર્થી પાસે લેખિત બાંયધરી લઈને યુનિવર્સિટીના નિર્ણયને આધીન તેના હિસાબે અને જોખમે મુખ્ય નિરીક્ષકે કામચલાઉ ધોરણે બેસવા દીધો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીએ જનરલ એજ્યુકેશન વિષયની આપેલી પરીક્ષા અપવાદ તરીકે માન્ય ગણવી.

વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ ઠરાવને ભવિષ્યમાં પ્રથારૂપ ગણવામાં આવશે નહિ.

૫૩. શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૩-૧૦-૧૯૬૮ની સભામાં નીચે પ્રમાણે કરેલા ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બધી વિદ્યાશાખાઓના બધા વિષયોને સમાન ભૂમિકા ઉપર ગણી એમ.એડ. પરીક્ષાના ડિઝર્ટેશનની પરીક્ષા માટેના મહેનતાણાના દરને બીજી પરીક્ષાઓમાં ડિઝર્ટેશનની પરીક્ષા માટેના મહેનતાણાના દરના સમકક્ષ દરજ્જામાં યોગ્ય રીતે મૂકવા યુનિવર્સિટીને આ સભા આગ્રહ કરે છે."

[નોંધ.—(૧) સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભાએ ઠરાવ્યું છે કે એમ.એડ.ની પરીક્ષાના ડિઝર્ટેશનની પરીક્ષા માટે મહેનતાણાંના હાલના દરમાં કશો ફેરફાર કરવો નહિ.

(૨) એમ.એડ. પરીક્ષાના ડિઝર્ટેશનના પરીક્ષણકાર્ય માટે હાલ પરીક્ષકને રૂા. ૨૦ મહેનતાણું અપાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષામાં ડિઝર્ટેશનની પરીક્ષા માટેના મહેનતાણાનો દર રૂા. ૨૦ને બદલે રૂા. ૨૫ કરવાનું રાખવું.

૫૪. તા. ૨૪-૯-૧૯૬૮ના રોજ મળેલ હૉસ્ટેલ સલાહકાર સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૯-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૯-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. બ્રાન્ચ ૯-રેડિયોડાયાગ્નોસિસ અને એમ.ડી. બ્રાન્ચ ૧૦-રેડિયોથેરાપી વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલી

અરજી અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપવાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) તપાસસમિતિ પર (૧) ડૉ. જે. બી. હરિભક્તિ, (૨) ડૉ. એલ. એચ. આથલે તથા (૩) ડૉ. એ. આર. દેશપાંડેને નીમેલા હતા.

(બ) તપાસસમિતિનો અહેવાલ અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની તરફેણમાં છે.

(ક) અનુસ્નાતક કેન્દ્ર નવેંબર ૧૯૬૮થી આપવાનું રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને રેડિયોડાયાગ્નોસિસ અંગેનાં વૈજ્ઞાનિક સાધનો (scientific equipments) મૂકવાનું કાર્ય શરૂ થાય તે પછી **સદરહુ** અનુસ્નાતક કેન્દ્ર ચાલુ કરવા માટે પરવાનગી આપવી.

૫૬. નેશનલ સર્વિસ કોર, ભારત સરકારના શિક્ષણમંત્રી તરફથી આવેલ યોજના પ્રમાણે ૩ એડમિનિસ્ટ્રેટરની જગ્યાનું લાયકાતનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત રદ્દાદ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૫૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૮. યુનિવર્સિટી કર્મચારીને વાહન ખરીદવા લોન આપવા અંગે જે નિયમો પ્રવર્તમાન છે તેમાં સુધારો કરી તે નીચે મુજબ વંચાય તે પ્રમાણે મંજૂર કરવા બાબત :

(૧) લોનની રકમ સરખા ૫૦ હપતાથી વસૂલ કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર આવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે વસૂલ કરવામાં આવશે.

(૩) વાહનનો વીમો ઉતરાવી યુનિવર્સિટીમાં વાહન ગીરો મૂકવાનું રહેશે.

(૪) લોન અંગે જરૂરી કરારનામું સ્ટેમ્પ પેપરમાં કરવાનું રહેશે.

(૫) વાહનની કિંમતના ૮૦ ટકાથી વધુ રકમ લોન તરીકે મળી શકશે નહિ.

(૬) ઉપરોક્ત રકમના ૬૦ ટકાથી વધુ રકમ એડવાન્સ તરીકે મળી શકશે નહિ, જ્યારે બાકીની રકમ વાહન ખરીદ્યા પછી તેનું બિલ રજૂ કર્યેથી આપવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને સાઇકલ સિવાયનું વાહન ખરીદવા માટે લોન આપવા અંગેના નિયમો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

(૧) લોનની રકમ સરખા ૫૦ હપતાથી વસૂલ કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર આવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે વસૂલ કરવામાં આવશે.

(૩) લોન લેનાર કર્મચારીએ વાહનનો વીમો ઉતરાવીને યુનિવર્સિટીમાં વાહન ગીરો મૂકવાનું રહેશે.

(૪) લોન અંગે જરૂરી કરારનામું સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે.

(૫) વાહનની કિંમતના ૮૦ ટકાથી વધુ રકમ લોન તરીકે મળી શકશે નહિ.

(૬) ઉપરોક્ત રકમની ૬૦ ટકાથી વધુ રકમ એડવાન્સ તરીકે મળી શકશે નહિ; જ્યારે બાકીની રકમ વાહન ખરીદ્યા પછી તેનું બિલ રજૂ કર્યેથી આપવામાં આવશે.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૫૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબનીશ તરીકે કામ કરતા શ્રી. બી. કે. શાહને સ્કૂટર ખરીદવા અંગે રૂા. ૨,૦૦૦ની લોન આપવા અંગે તેમની તા. ૧૮-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબનીશ શ્રી. બી. કે. શાહને સ્કૂટર ખરીદવા માટે બાબત નં. ૫૮માં જણાવેલા નિયમોને આધીન રૂા. ૨,૦૦૦ની લોન મંજૂર કરવી.

૫૮. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૯. આરોગ્યકેન્દ્રમાં એક હંગામી જુનિયર ક્લાર્કની નિમણૂક કરવા અંગે શ્રી. આર.એમ.ઓ.ના તા. ૫-૯-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રમાં જુનિયર ક્લાર્કની વધુ એક જગ્યા કાયમી ધોરણે ઊભી કરવી અને તે પુરાય તે દરમિયાન હંગામી ધોરણે તે જગ્યા પૂરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો શરૂ કર્યા હોવાથી વધેલા કામકાજને લક્ષમાં લઈને નીચેની વધારાની જગ્યાઓ ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૩૦-૭-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(૧) સિનિયર ક્લાર્ક	...	એક જગ્યા
(૨) ટાઇપિસ્ટ	...	એક જગ્યા
(૩) પટાવાળા	...	બે જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે પાછી મોકલવી.

૬૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ડેમોન્સ્ટ્રેટરોની સુધારેલા સ્કે. ૨૦૪ પ્રમાણે તેઓને તા. ૧-૪-૧૯૬૬થી મળતા કુલ પગારમાં ઘટાડો થવાથી વિપરીત અસર થતી હોઈ, તેમનું પગારધોરણ, મોંઘવારી ભથ્થાના ભેળવણી સિવાયનું (Exclusive of D.A.) રાખવા અંગેની તા. ૧૨-૧૮-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—જૂના સ્કે. ૨૦૪ પ્રમાણે જે પગારધોરણ રૂા. ૨૦૦-૧૦-૩૦૦ છે તે પર તેમને પ્રી-મર્જ્ડ રેટેલ પછી મોંઘવારી ભથ્થું આપવામાં આવતું હતું અને હવે નવા સ્કે. ૨૦૪ પ્રમાણે

તેમનું પગારધોરણ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ થયું છે, જે પર તેમને મર્જ્ડ રકેલ પર મોંઘવારી ભથ્થું મળે, તેથી તેમને વિપરીત અસર થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૨. સને ૧૯૬૯ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નથી ત્યાં યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે નવાં કેન્દ્રો આપવા બાબત તેમના તરફથી આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) રૉ. વાય. જી. નાયક
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) રૉ. એ. એમ. ત્રિવેદી
(૪) પ્રો. એમ. પી. પંડ્યા.

૬૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૮ તથા ઑકટોબર ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર, કાર્યાલયના કર્મચારીઓના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૬-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સભાની ભલામણો પૈકી બાબત નં. ૨, ૩ અને ૪ની ભલામણો પરની વિચારણા મોકૂફ રાખવી અને તે સભાની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૧૧-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૬૪. તા. ૨૯-૯-૧૯૬૮ના રોજ એમ. એન. કૉલેજ, વીસનગરમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલ તોફાન-મારામારીના બનાવને અનુલક્ષીને સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ નીચેના વિદ્યાર્થીઓ સામે લીધેલ શિસ્તનાં પગલાં અંગે તેમના તા. ૧૪-૧૦-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. એ. એસ. ભટ્ટ,
થર્ડ બી.એ.,
રોલ નં. ૮૬

કૉલેજમાંથી એક વર્ષ માટે, એટલે કે તા. ૧૫-૧૦-૧૯૬૮થી તા. ૧૫-૧૦-૧૯૬૯ સુધી, રસ્ટિકેટ કરવામાં આવ્યા છે એટલે કે કૉલેજમાંથી ઘેર બેસાડવામાં આવ્યા છે, જેથી આ કૉલેજ અથવા બીજી કોઈ પણ કૉલેજમાં ઉપરોકત સમય પૂરો થતાં સુધી તે પ્રવેશ મેળવી શકશે નહિ.

(૨) શ્રી. એચ. એમ. મોદી, ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૧૫૯ — કૉલેજમાંથી એક સત્ર માટે, એટલે કે તા. ૧૫મી માર્ચ ૧૯૬૯ સુધી, રસ્ટિકેટ કરવામાં આવ્યા છે એટલે કે કૉલેજમાંથી ઘેર મોકલવામાં આવ્યા છે, જેથી આ કૉલેજ કે બીજી કોઈ પણ કૉલેજમાં ઉપરોક્ત સમય પૂરો થતાં સુધી તે પ્રવેશ મેળવી શકશે નહિ.

(૩) શ્રી. પી. ડી. પટેલ, એસ.વાય.બી.એસસી., રોલ નં. ૧૨૮ — બીજા સત્રથી દાખલ કરવામાં આવશે નહિ.

(૪) શ્રી. એમ. બી. કંસારા, ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૮૩ — આ કૉલેજમાં તેને બીજા સત્રથી દાખલ કરવામાં આવશે નહિ.

(૫) શ્રી. પંડિત જે. એસ., ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૬૬ — ,,

(૬) શ્રી. જે. એચ. પટેલ, ફર્સ્ટ બી.એસસી., રોલ નં. ૧૧૨ — ,,

(નોંધ.—આ બાબત તા. ૯-૧૧-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં આઇટેમ નં. ૩૯ મૂકવામાં આવેલ અને આ બાબતની વિચારણા મુલતવી રહેલ. દરમિયાન આચાર્યશ્રી તેમના તા. ૮-૧૧-૧૯૬૮ના પત્રથી જણાવે છે કે શ્રી. અરુણ એચ. પટેલ અને શ્રી હર્ષદ એસ. મોદીને એક વર્ષ માટે રસ્ટિકેટની શિક્ષામાં સુધારો કરીને ઘટાડવામાં આવી છે. બંનેએ લેખિત માફી માગેલ છે અને સારી વર્તણૂકની ખાતરી આપેલ છે. રૂા. ૨૫નો દંડ કરીને બંનેને બીજી કૉલેજમાં જોડાવાની છૂટ આપવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. કુ. મીરાં બી. પટેલે ઑક્ટોબર ૧૯૬૮માં ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પસાર કરી છે. ત્રણ માસની ઇન્ટર્નશિપ તે બાવળામાં કરશે. બાકીની ઇન્ટર્નશિપ પૂર્વ આફ્રિકામાં પૂરી કરવા માટે પરવાનગી માગે છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. મીરાં બી. પટેલને તેમની હાઉસમેનશિપ પૂર્વ આફ્રિકામાં કોઈ માન્ય હૉસ્પિટલ કે હૉસ્પિટલોમાં પૂરી કરવા માટે પરવાનગી આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહની સંમતિથી, સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટના એક સભ્યની માગણી પરથી નીચેની બાબત રજૂ કરવામાં આવી:

૬૫(અ). પોતાનાં લગ્નના કારણે મુંબઈ ખાતે હાઉસમેનશિપ કરવા માટે પરવાનગી આપવા માટેની કુ. કાન્તા બી. પંચાલની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કે. ઈ. એમ. હૉસ્પિટલ, મુંબઈમાં હાઉસમેનશિપ કરવા માટેની સદરહુ વિદ્યાર્થિનીની વિનંતી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્યની બહાર હાઉસમેનશિપ કરવા માટે પરવાનગી માગી હોય તે બધા કેસ જોઈ-તપાસીને યોગ્ય લાગે તો ઘટતી પરવાનગી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫(ઘ). ઑક્ટોબર ૧૯૬૮ની થર્ડ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની વધુ એક પરીક્ષા જાન્યુઆરી ૧૯૬૯માં લેવાની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને અનુમતિ માટે લખવું અને તેની અનુમતિ મળ્યેથી તે વિદ્યાર્થીઓનો વધુ એક પરીક્ષા જાન્યુઆરી ૧૯૬૯માં લેવાનું રાખવું.

૬૫(ક). એમ.બી.,બી.એસ.ના કન્ડેન્સ્ડ કોર્સમાં ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા માટે સત્રો રાખવાની પરવાનગી આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૬૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિક-વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની કૂટ અંગે તપાસસમિતિના હેવાલ પરના, સિન્ડિકેટની તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોના વિકાસ માટે તે કૉલેજને રૂા. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય યુ.જી.સી. તરફથી મળનાર હોવાથી કૉલેજે આપવાના હિસ્સાની રૂા. ૬૨,૫૦૦ની રકમ તે કૉલેજમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી આપવા દેવાની બાબતની આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નિયુક્ત કરેલ સમિતિએ આ અંગે ભલામણ કરેલી છે, પરંતુ તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કોઈ માહિતી નથી.

(૨) અગાઉ સિન્ડિકેટે તેની તા. ૬/૧૦-૩-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ મંજૂર કરેલ છે :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

૧. " .....જ્યારે કોઈ અનુસ્નાતક કેન્દ્રને પોતાના કાર્યના અને સાધનોના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા બીજા સાધન મારફતે અનુદાન મળવાની શક્યતા હોય અને તે માટેની 'મેચિંગ શેર'ની રકમ માટે અનુસ્નાતક કેન્દ્રની પૂરી બચત વાપરવાનો

પ્રસંગ ઊભો થાય ત્યારે તેમ કરવાની છૂટ આપવી પરંતુ તેથી વિશેષ રકમની વ્યવસ્થા કૉલેજે પોતે કરવાની રહેશે.

૨. ત્યાર બાદ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની સભાની નોંધ, જે આજની સભામાં બાબત નં. ૬૭થી વિચારણા માટે રજૂ થઈ છે તે, બાબત નં. ૪૨ થી નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલી છે:

'આથી ઠરાવવામાં આવે છે કે આર્ય. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સને અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી રૂા. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે તેના 'મેચિંગ શૅર' પેટે કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રનો વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ તથા વર્ષ ૧૯૬૮-૬૯ની તે અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ ખર્ચવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી આવી માગણીઓ માટે બચતની વધુમાં વધુ પચાસ ટકા જેટલી રકમ આપવાનું ધોરણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.'

૩. ઉપરના ઠરાવના સંદર્ભમાં પાછલાં વર્ષોની બચત 'મેચિંગ શૅર' તરીકે આપી શકાય કે કેમ તે પણ વિચારવાનું રહે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી:

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ

(૨) આચાર્ય એસ. વી. દેસાઈ.

૬૯. બી. સી. જલુંધવાળા કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એડ. પદવી માટે એજ્યુકેશન વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી:

(૧) શ્રી. લાલભાઈ ૨. દેસાઈ

(૨) આચાર્ય કે. જી. દેસાઈ.

૭૧. સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૨. સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં સ્વીકારવામાં આવેલ "રો. સુમંત બી. મહેતા અને શ્રીમતી શારદાબહેન મહેતા શિષ્યવૃત્તિ"ના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૩. સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિ-શાસ્ત્રના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે કામ કરતા રો. જે. જે. ચિનોયની નિવૃત્તિવય-મર્યાદા સિન્ડિકેટની તા. ૪-૯-૧૯૬૫ની સભાના ઠરાવમાં જણાવેલ શરતોને આધીન રહીને તા. ૧૮-૨-૧૯૭૦ સુધી લંબાવવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તેમની તબીબી તપાસ કોની પાસે કરાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જે. જે. ચિનોયને પોતાની તબીબી તપાસ ડૉ. છોટુભાઈ ૨. નાયક પાસે કરાવવા માટે જણાવવું.

૭૪. સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા કોપી-હોલ્ડર શ્રી. વી. એલ. દવેની નિવૃત્તિવય-મર્યાદા તબીબી તપાસ અંગેના નિયમને આધીન તા. ૨૦-૧૨-૧૯૬૯ સુધી લંબાવવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તેમની તબીબી તપાસ કોની પાસે કરાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. દવેને પોતાની તબીબી તપાસ આ યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઓફિસર પાસે કરાવવા માટે જણાવવું.

૭૫. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી આગળથી શરૂ થઈને "સી" ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સ સુધી જતા પાકા રસ્તા પર સ્ટ્રીટલાઇટની વ્યવસ્થા કરવા માટે "યુનિવર્સિટી-રસ્તા રોશની"ના બજેટ-હેડ હેઠળ રૂા. ૧૫,૦૦૦ની બજેટમાં વધુ જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં કૅપિટલ બજેટમાં રસ્તા-રોશની ખાતે રૂા. ૨૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલી છે, તેથી વધારાની રૂા. ૧૫,૦૦૦ની જોગવાઈ કરવાની જરૂરિયાત છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં "રસ્તા-રોશની"ના બજેટ-હેડ હેઠળ રૂા. ૧૫,૦૦૦ની વધુ જોગવાઈ કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૭૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના અંદાજપત્રમાં "મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૪,૦૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સને ૧૯૬૮-૬૯ના બજેટમાં "મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૪,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ચાલુ વર્ષના અંદાજપત્રમાં "મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૪,૦૦૦ની વધુ જોગવાઈ કરવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૭૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૭૪ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. પી. એન. મહેતાને રૂા. ૩,૫૦૦ની સ્કૂટર લોન આપવા અંગેની તેમની તા. ૪-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂટર ખરીદવા માટે લોન આપવાની શ્રી. પી. એન. મહેતાની અરજી મંજૂર કરવી નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે વાહન માટે લોનની રકમની બાબતમાં લોનની રકમ અંગેનાં ધોરણો નક્કી કરવા માટે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. એમ. ઠાકરને રૂા. ૩,૫૦૦ની સ્કૂટર લોન આપવા અંગેની તેમની તા. ૧૯-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. બી. એમ. ઠાકર તા. ૧૬-૪-૧૯૬૩થી જોડાયા છે અને તેઓ તા. ૧૬-૪-૧૯૬૪થી કાયમ થયેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂટર ખરીદવા માટે લોન આપવાની શ્રી. બી. એમ. ઠાકરની અરજી મંજૂર કરવી નહિ.

૭૯. ગ્રંથાલયના મકાન માટે ફર્નિચર પૂરું પાડવા માટેનો ઓર્ડર બેસ્ટ ફર્નિચર માર્ટને આપવામાં આવેલો. તેમના તરફથી જે કાર્ડ ઇન્ડેક્ષ કેબિનેટ મૂકવાનાં ટેબલ નં. ૬ પૂરાં પાડવામાં આવેલ હતાં તે નમૂના પ્રમાણે બરાબર ન હોવાથી તેમને તે પાછાં લઈ જવા માટે જણાવ્યું હતું; પરંતુ તેઓ તે ફર્નિચર પરત લઈ ગયા ન હતા. આથી યુનિવર્સિટીએ પેમેન્ટ અટકાવ્યું હતું. ત્યાર બાદ તેઓએ કોર્ટમાં બિલની રકમ મેળવવા દાવો કરેલો અને

વકીલની સલાહ મુજબ દાવાનું સમાધાન થતાં તે પાર્ટીને ટેબલની કિંમત કુલ રૂા. ૩૫૧ સામે રૂા. ૩૨૫ ચૂકવ્યા તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૦. કુલપતિશ્રીએ મંજૂર નીચેનાં કરેલાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી હૉસ્ટેલમાં વિદ્યાર્થીઓ તરફથી કેન્ટીન ચલાવવા અંગેના પ્રસ્તાવને કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૨) મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં એક ખંડ-સમયના લેબોરેટરી આસિસ્ટન્ટની માસિક રૂા. ૧૦૦ના ઉચ્ચક પગારથી પ્રથમ સત્રના અંત સુધી જે નિમણૂક કરી હતી તેને બીજા સત્ર દરમ્યાન ચાલુ રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૫૯૧૩૦/૧૯૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ડિસેંબર ૫, ૧૯૬૮.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૮

યુનિવર્સિટી કાર્યાલયે ૧૯૬૯ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧. મકરસંક્રાંતિ	મંગળવાર	તા. ૧૪-૧-૧૯૬૯
૨. મહાશિવરાત્રિ	શનિવાર	તા. ૧૫-૨-૧૯૬૯
૩. બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	ગુરુવાર	તા. ૨૭-૨-૧૯૬૯
૪. હોળી (બીજો દિવસ)	મંગળવાર	તા. ૪-૩-૧૯૬૯
૫. રામનવમી	ગુરુવાર	તા. ૨૭-૩-૧૯૬૯
૬. મહોરમ	શનિવાર	તા. ૨૯-૩-૧૯૬૯
૭. મહાવીર જયંતિ	સોમવાર	તા. ૩૧-૩-૧૯૬૯
૮. ગુડ ફ્રાઇડે	શુક્રવાર	તા. ૪-૪-૧૯૬૯
૯. ઈદ-એ-મિલાદ	ગુરુવાર	તા. ૨૯-૫-૧૯૬૯
૧૦. સ્વાતંત્ર્યદિન	શુક્રવાર	તા. ૧૫-૮-૧૯૬૯
૧૧. પારસી નૂતન વર્ષ દિન	શુક્રવાર	તા. ૨૯-૮-૧૯૬૯
૧૨. ગોકુલ-અષ્ટમી	ગુરુવાર	તા. ૪-૯-૧૯૬૯
૧૩. ગણેશચતુર્થી-સંવત્સરી	સોમવાર	તા. ૧૫-૯-૧૯૬૯
૧૪. મહાત્મા ગાંધી જન્મદિન	ગુરુવાર	તા. ૨-૧૦-૧૯૬૯
૧૫. દશેરા	સોમવાર	તા. ૨૦-૧૦-૧૯૬૯
૧૬. સરદાર પટેલ જન્મદિન	શુક્રવાર	તા. ૩૧-૧૦-૧૯૬૯
૧૭. દિવાળી-નૂતનવર્ષ દિન	સોમવાર	તા. ૧૦-૧૧-૧૯૬૯
૧૮. ભાઇબીજ	મંગળવાર	તા. ૧૧-૧૧-૧૯૬૯
૧૯. રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	ગુરુવાર	તા. ૧૧-૧૨-૧૯૬૯
૨૦. નાતાલ	ગુરુવાર	તા. ૨૫-૧૨-૧૯૬૯

૮. ગુજરાત યુનિવર્સિટી હૉસ્ટેલના વિદ્યાર્થીમંડળે તા. ૨૬-૯-૧૯૬૮ના રોજ હૉસ્ટેલ યુનેયનના બજેટની માગણી બાબત અરજી કુલપતિશ્રીને કરેલી. આ અરજીને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી હૉસ્ટેલના સર્વ વિદ્યાર્થીઓ પાસેથી વરસમાં એક વાર પહેલો ટર્મની ફી સાથે દર વિદ્યાર્થી દીઠ રૂપિયા પાંચ (રૂા. ૫-૦૦) સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે ઉઘરાવવા. ચાલુ સાલના સાંસ્કૃતિક કાર્યક્રમના પૈસા બીજા ટર્મની ફી સાથે ઉઘરાવી લેવા. ગુજરાત યુનિવર્સિટીએ આ કાર્યક્રમને સક્રિય પ્રોત્સાહન આપવું અને દર વરસે પોતાને ફાઈન રૂપિયા એક હજાર આપવો. પરંતુ આ એક હજારનું ખર્ચ માત્ર "નોન-રિકરિંગ" માટે જ થવું જોઈએ તેમ નક્કી કરવામાં આવ્યું.

૯. ગુજરાત યુનિવર્સિટીના "સી" અને "ડી" બ્લૉકના તેમજ તેના રસોડાના ગંદા પાણીના નિકાલ માટેની સત્વરે વ્યવસ્થા કરવા એસ્ટેટ વિભાગને જણાવવું.

૧૦. ગુજરાત યુનિવર્સિટી હૉસ્ટેલના રેસિડેન્ટ પ્રોફેસર હૉસ્ટેલની મુલાકાત માટે હૉસ્ટેલ કમિટીના સભ્યોને વ્યક્તિગત આમંત્રણ આપે.

૧૧. હૉસ્ટેલ એડમિશન ફૉર્મ અને કૉશનમની રિફંડનાં નવાં તૈયાર કરાવેલાં ફૉર્મ્સને બહાલી આપવામાં આવી હતી.

૧૨. હૉસ્ટેલ કમિટીની બીજી મીટિંગ ચાલુ સાલના નવેંબર માસમાં બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૭૦

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) કમિટીની ગો. ..૧૧-૧૯૬૮ ને શનિવારના રોજ ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, ..ન મુજબ સભ્યો હાજર રહ્યા હતા :

૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૨. આચાર્ય વી. આર. રઘુદીવે	હાજર
૩. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર.

કુલપતિશ્રીએ સભાનું પ્રમુખસ્થાન લીધું હતું.

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ધારામાં સુધારો કરવા માટે જે કમિટી નીમેલી છે તેમના તરફ આ બાબત વિચારણા માટે મોકલવી. આ તબક્કે આ સમિતિને કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

૨. આ બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી.

૩. (અ) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બરાડ ભગવાનભાઈ અજુભાઈ ને રજિસ્ટર્ડ પત્રથી રૂબરૂમાં બોલાવવામાં આવ્યા હતા, પરંતુ હાજર રહ્યા નથી. તેઓએ એસ.એસ.સી. પરીક્ષા ૧૯૬૬માં અંગ્રેજી વિષય સિવાય પાસ કરેલી હોઈ અને ગ્રેનરોલમેન્ટ મેળવ્યા સિવાય માર્ચ, ૧૯૬૭માં લેવાયેલ પ્રી-યુનિવર્સિટી વિનયનની પરીક્ષા નં. ૧૩૧૮થી પસાર કરી છે. તેનું પરિણામ રદ કરવામાં આવે છે અને આ વિદ્યાર્થી જો પ્રવેશ માટે લાયક બને તોપણ તા. ૩૧-૧૨-૧૯૬૯ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે નહિ.

(બ) શ્રી. હસમુખભાઈ જે. શાહ, જેઓ સરદાર પટેલ કૉલેજમાં કલાર્ક તરીકે કામ કરતા હતા તેઓ બે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં મદદગાર હતા. સદરહુ કૉલેજે તેમને છૂટા કરેલા હોઈ, તેમના ઘરના સરનામે તા. ૨૨-૧૧-૧૯૬૮ના રજિસ્ટર્ડ પત્રથી લિગલ કમિટી સમક્ષ હાજર રહેવા જણાવ્યું હતું. પત્ર મળ્યો છતાં તેઓ હાજર રહ્યા નથી, પરંતુ તેમને કૉલેજમાંથી છૂટા કરેલા હોવાથી આ બાબતમાં બીજું કાંઈ કરવાનું યોગ્ય જણાતું નથી.

૪. આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પંચાલ ગણપતભાઈ પ્રેમજીભાઈ ને રૂબ... તા. ૧૯-૧૧-૧૯૬૮ના રોજ બોલાવીને પૂછપરછ કરવામાં આવી. તેઓએ લેખિત ખુલાસે... સરદાર પટેલ યુનિવર્સિટીનો પ્રિપરેટરીનો અંગ્રેજી કોર્સ કરેલ ન હોવા છતાં પાસિંગ સર્ટિફિકેટ અ...

સર્ટિફિકેટમાં ફેરફાર કર્યાની પોતાની ભૂલ કબૂલ કરી છે તે જોતાં આ વિદ્યાર્થી ઑક્ટોબર, ૧૯૬૬માં નં. ૫૨૭થી આપેલ ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાનું પરિણામ અને ઑક્ટોબર, ૧૯૬૮માં નં. ૧૪૯૮થી આપેલ ફર્સ્ટ બી.એ. અને નં. ૧૩૭૩થી આપેલ સેકન્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ રદ કરવું. આ વિદ્યાર્થી ને પ્રવેશ માટે લાયક અને તોપણ તા. ૩૧-૧૨-૧૯૬૯ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે નહિ.

બાબત નં. ૩(અ) અને ૫ માટે સમિતિના સભ્યોનો રિપોર્ટ આ સાથે સામેલ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બી. કે. શાહ
કુલસચિવ વતી.

Legal Committee : Dt. 30-11-1968

3-A. Shri Barad Bhagwanbhai Ajubhai

His result is cancelled and is debarred from joining any course and/or appearing at any examination of this University till 31-12-1969, even if he is or becomes otherwise qualified for admission to this University.

5. Shri Panchal Ganapatbhai Premjibhai

His result of F.B.A. Examination of October, 1966 and F.B.A. Examination of October, 1968 and S.B.A. of October, 1968 are cancelled and he is debarred from joining any course and/or appearing at any examination of this University till 31-12-1969, even if he is or becomes otherwise qualified for admission to this University.

Dt. 30-11-1968

BATUBHAI H. DESAI
V. R. RANADIVE.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૭૧

"રો. સુમન્ત બટુકરામ મહેતા અને શ્રીમતી શારદાબહેન મહેતા શિષ્યવૃત્તિ"

૧. દાતાનું નામ : રો. નાનક બટુકરામ મહેતા,
૪, ભેગવર ભવન, ૬૩, ક્વિન્સ રોડ, મુંબઈ-૧ (બી.આર.).

૨. દાનની રકમ : રૂા. ૫,૦૦૦ રોકડા.

૩. દાનનો પ્રકાર: એક શિષ્યવૃત્તિ — રૂા. ૨૨૪ની રોકડ રકમ.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં ઠરાવ નં. ૧૧૦થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "રો. સુમન્ત બટુકરામ મહેતા અને શ્રીમતી શારદાબહેન મહેતા શિષ્યવૃત્તિ" આશરે વાર્ષિક રૂા. ૧૧૨ની શિષ્યવૃત્તિ ગુજરાત યુનિવર્સિટીની બી.એ. સ્પેશિયલ ડિગ્રીની પરીક્ષામાં સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સમાજશાસ્ત્રના મુખ્ય વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.ની પદવી માટે સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે લઈ અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને બે વર્ષ માટે આપવી. સમાજશાસ્ત્રના મુખ્ય વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો તે પૈકી બી.એ.ની પરીક્ષામાં ફરજિયાત અંગ્રેજી તથા ક્રેડિટ ગુણાંક સાથે ગણતાં જે વિદ્યાર્થીને સૌથી વધારે ગુણાંક મળતા હોય તેને શિષ્યવૃત્તિ આપવી.

૨. આ શિષ્યવૃત્તિ રૂા. ૨૨૪ની રકમ વાર્ષિક રૂા. ૧૧૨/- પ્રમાણે બે વર્ષ માટે આપવામાં આવશે. તેમાંથી દર છ માસે રૂા. ૫૬/- પ્રમાણે ચાર સત્રો માટે આપવી, પરંતુ એક સત્ર પૂરું થતાં બીજા સત્રના આરંભ પહેલાં વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ તથા ચાલચલગત બાબતનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું આવશ્યક રહેશે.

૩. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે.

૪. શિષ્યવૃત્તિ આપવામાં વિજેતાની નાત, જાત, ધર્મ કે વર્ગનો બાધ આવશે નહિ.

૫. આ પ્રકારની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ
જવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 989-376-12-68

આ ન ગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ડિસેંબર માસની સભા શનિવાર, તા. ૭-૧૨-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૧૨-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ડાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજ
૧૫.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજ
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હ
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હ

૧. તા. ૩૦-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૩૦-૧૧-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૩-૧૦-૧૯૬૮ની સભાએ એમ.એડ.ના દરેક પ્રશ્નપત્ર દીઠ કુલ ૬૦ વ્યાખ્યાનો રાખવાની અને પ્રત્યેક સત્રે ૩૦ વ્યાખ્યાનો માટે મહેનતાણું આપવા સિન્ડિકેટને ફરીથી ભારપૂર્વક ભલામણ કરી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની સભાએ તથા સિન્ડિકેટની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભાએ સ્વીકારી ન હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ બાબત સમગ્ર રીતે ફેકલ્ટિપાસીને વિગતે પોતાની ભલામણ રજૂ કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની પુનર્વિચારણા માટે મોકલવી.**

૩. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજીની પ્રાયોગિક પરીક્ષા માટે મદદનીશોની સંખ્યા તથા દિવસો અંગે નીચે પ્રમાણે ધોરણ રાખવું :

Days of preparation	*Days of cleaning up*	*Expt. Assts*	*Lab. Assts.*	*Store-keeper*	*Hamal*
3	2	2	2	1	4
3 days before the first examination and one day between two successive batches 2 Expert Assts. 2 Laboratory Assts. 4 Hamals 1 Store-keeper	1 Expert (One day) 2 Laboratory Assts. 1 Store-keeper 4 Hamals"				

આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજીના વિષયમાં પ્રાયોગિક પરીક્ષા માટે મદદનીશોની સંખ્યા તથા દિવસો અંગે નીચેનું ધોરણ મંજૂર કરવું :

(A batch to consist of 20 students.)

	Days for cleaning up	*Expert Assistants*	*Laboratory Assistants*	*Store-keeper*	*Hamals*
re					
h					

1 day between succeeding batches	2 days				
4 Expert Assistants 1 Store-keeper 2 Laboratory Assistants 4 Hamals.	2 Laboratory Assistants 1 Store-keeper 4 Hamals	4	3	1	6

૪. સ્ટે. ૧, સ્ટે. ૪ તથા સ્ટે. ૭૬માં નીચે પ્રમાણે સુધારો રજૂ કરવાના રે. એચ. જી. શાસ્ત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત :

1. Delete Statute 1, as Section 16(1), Class I (*B*) (*iii*) now applies to the V.-C. of Gujarat Vidyapeeth.
2. Add in Statute 4(3) (*b*) prior to its incorporation as University established by law wherever necessary, e.g., in 1.
3. Statute 76 :

   Substitute "postpone" for "lapse"

   Read paragraph 2 as follows :

   "Such motions shall be placed ... next or subsequent meetings, save the ... withdrawal from the mover is re...

સદરહુ સૂચનો ઉપર એક પછી એક વિચારણા કરતાં સૂચનોનો સ્વીકાર કરવો નહિ.

તે પછી બાબત નં. ૫ પહેલાં બાબત નં. ૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી ૫૦મી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સદરહુ બોર્ડની તા. ૯-૧૦-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણ નં. ૪ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૫ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૬ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૭ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૮ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૯ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

ભલામણ નં. ૧૦ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની આ નોંધની બાબત નં. ૨૬ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

ભલામણ નં. ૧૧ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની આ નોંધની બાબત નં. ૨૬ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

ભલામણ નં. ૧૨ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની આ નોંધની બાબત નં. ૨૬ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

ભલામણ નં. ૧૩ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

ભલામણ નં. ૧૪ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જણાવેલી બે ભલામણો પૈકી કુલપતિશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય એક કરતાં વધુ વર્ગો ખોલી શકાય નહિ તે અંગેની ભલામણ સ્વીકારવી અને નીચે મુજબનો અનુસ્નાતક નિયમ નં. ૧ (એએ) મંજૂર કરવો :

No. 1 (*aa*): No college / Institution where a post-graduate centre in a subject has been instituted shall open a second division in that subject without the prior permission of the Vice-Chancellor.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જણાવેલી બે ભલામણો પૈકી નીચેનો નિયમ સુધારવા અંગેની ભલામણ બાબત નં. ૧૯માં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી :

The number of students in a post-graduate centre or in a University Department for post-graduate teaching shall in no case exceed 60 in any one class, provided that such number of additional students as shall not exceed 6 may be admitted with the prior permission of the Vice-Chancellor.

ભલામણ નં. ૧૫ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

ભલામણ નં. ૧૬ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

ભલામણ નં. ૧૭ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મળ્યેથી આગળ વિચારણા કરવાનું રાખવું.

ભલામણ નં. ૧૮ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મળ્યેથી આગળ વિચારણા કરવાનું રાખવું.

ભલામણ નં. ૨૦ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

ભલામણ નં. ૨૧ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૨૨ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૨૩ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૨૪ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૨૫ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૨૭ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૨૩–એ૬નો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.
ભલામણ નં. ૨૮ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૨૯ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ આવ્યેથી આગળ વિચારવાનું રાખવું.
ભલામણ નં. ૩૦ : આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.
ભલામણ નં. ૩૧ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૩૨ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૩૫ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૩૬ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૩૭ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૩૯ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૪૦ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૪૧ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૪૨ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ અંગેની વિચારણા મોકૂફ રાખવી.
ભલામણ નં. ૪૩ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૪૪ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૪૫ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.
ભલામણ નં. ૪૭ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૬–૧૦–૧૯૬૮ના રોજ મળેલી સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૩૯ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૯. ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની રાજકોટ ખાતે તા. ૧–૬–૧૯૬૮ના રોજ મળેલી સભામાં નીચેની બાબત પરત્વે કરવામાં આવેલા ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

બાબત

"ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક શિક્ષણના કામનો સમન્વય કેમ થાય તે અંગે વિચારણા કરવા બાબત."

ઠરાવ

"જુદી જુદી યુનિવર્સિટીઓ તરફથી આવેલ માહિતીઓ પરથી તથા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના કુલપતિશ્રી તરફથી આવેલી નોંધો પર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં નવાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવાં જોઈએ નહિ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાતની જે યુનિવર્સિટીઓમાં હાલ જે અનુસ્નાતક કેન્દ્રો અસ્તિત્વમાં છે તેમાં તેના શિક્ષણને સઘન બનાવવા માટે પૂર્ણ સમયના શિક્ષકો નીમવાની યુનિવર્સિટીએ વ્યવસ્થા કરવી ઘટે."

(નોંધ.—ઉપરોક્ત બાબત અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા. ૧૨–૧૦–'૬૮ની સભામાં ઠરાવ્યું છે કે બને ત્યાં સુધી પૂર્ણ સમયનાં કેન્દ્ર વધારતા જવાય તે દિશામાં આગળ વધવું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર નં. ૬માં જણાવેલી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નોંધમાં બાબત નં. ૨૬માં જણાવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

તે પછી બાબત નં. ૫ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક વિકાસ માટે તે કૉલેજને રૂા. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય યુ.જી.સી. તરફથી મળનાર હોવાથી કૉલેજે આપવાના હિસ્સાની રૂા. ૬૦,૫૦૦ની રકમ તે કૉલેજમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી આપવા દેવાની આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) યુ.જી.સી.એ નિયુક્ત કરેલ સમિતિએ આ અંગે ભલામણ કરેલી છે, પરંતુ તે અંગે યુ.જી.સી. તરફથી કોઈ માહિતી નથી.

(૨) અગાઉ સિન્ડિકેટે તેની તા. ૯/૧૦–૩–૧૯૬૮ની સભામાં બી.યુ.ટી.ની નીચેની ભલામણ મંજૂર કરેલ છે :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

(૧) જ્યારે કોઈ અનુસ્નાતક કેન્દ્રને પોતાના કાર્યના અને સાધનોના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા બીજા સાધન મારફતે અનુદાન મળવાની શક્યતા હોય અને તે માટેની "મેચિંગ શેર"ની રકમ માટે અનુસ્નાતક કેન્દ્રની પૂરી બચત વાપરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે તેમ કરવાની છૂટ આપવી, પરંતુ તેથી વિશેષ રકમની વ્યવસ્થા કૉલેજે પોતે કરવાની રહેશે.

(૨) ત્યાર બાદ બી.યુ.ટી.ની તા. ૯–૧૦–૧૯૬૮ની સભાની નોંધ જે આજની સભામાં વિચારણા માટે રજૂ થઈ છે તે બાબત નં. ૪૨થી નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સને અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી રૂા. ૨૪,૦૦૦નું

અનુદાન મળનાર છે. તેના "મેચિંગ શૅર" પેટે તે કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ તથા વર્ષ ૧૯૬૮-૬૯ની તે અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ ખર્ચવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી આવી માગણીઓ માટે બચતની વધુમાં વધુ પચાસ ટકા જેટલી રકમ આપવાનું ધોરણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૩) ઉપરના ઠરાવના સંદર્ભમાં પાછલાં વર્ષોની બચત મેચિંગ શૅર તરીકે આપી શકાય કે કેમ તે પણ વિચારવાનું રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭. કોઠારી કમિશનની ભલામણોને આધારે 'શિક્ષણનું માળખું' એકસરખું રહે તે પરત્વે ધી સ્ટેટ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનની સ્ટે. સમિતિના ચેરમૅન અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ તરફથી આવેલ તા. ૧૯-૧૧-૧૯૬૮ના પત્રાંક વી. સી. ૪૭૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૮. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની કૂટ અંગે તપાસસમિતિના હેવાલ પરના તા. ૧૩-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી ભલામણો પૈકી નીચેની ભલામણ, તે પર રજૂ કરવામાં આવેલાં કાર્યાલયનાં સૂચનો સાથે, સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં બાબત નં. ૬૨માં નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી અને સમગ્ર રીતે વિચારીને પોતાનો અહેવાલ તા. ૧૪-૧૨-૧૯૬૮ના રોજ મળનાર સિન્ડિકેટની સભા સમક્ષ વિચારણા માટે આવી શકે તે રીતે રજૂ કરવા જણાવવું :

સમિતિનું સૂચન	કાર્યાલયનું સૂચન
૧૧. (અ) યુનિવર્સિટીની પ્રી-યુનિ. સાયન્સ અને ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાઓનાં પ્રશ્ન-પત્રો ગુજરાત રાજ્યની બહાર અન્ય સ્થળે છપાવી કેન્દ્રવાર પચાસપચાસના સીલબંધ પૅકેટમાં તૈયાર કરવાનું વિચારવું.	(અ) પ્રશ્નપત્રો બહાર છપાવવાં હોય તો પ્રાપ્તિકોની નિમણૂક એક વર્ષ અગાઉ કરવી પડે તેમજ તે અંગેના સંચાલન માટે જરૂરી વ્યવસ્થા કરવી પડે તે જોતાં હાલ આ સૂચન સ્વીકારી શકાય એમ નથી. વળી અંગ્રેજી, ગુજરાતી ભાષામાં પણ પ્રશ્નપત્ર છપાવવાનાં હોઈ આ વ્યવહારમાં શકય લાગતું નથી. ગુપ્તતા જોખમાશે એ તો વળી મોટી મુશ્કેલી છે જ.

(બ) ઉપરોક્ત સૂચનના વિકલ્પે યુનિવર્સિટીની પરીક્ષાઓનાં હાલનાં કેન્દ્રોની સંખ્યામાં ઘટાડો કરવો અને જ્યાં સુસજ્જ પ્રેસ, પરીક્ષાના સંચાલનની દેખરેખ માટે પૂરતો અનુભવી અને સંનિષ્ઠ સ્ટાફ તથા સવલતોવાળા સ્થળે જ કેન્દ્ર રાખવું.

(ક) હાલમાં જેટલાં કેન્દ્રો પર પ્રશ્નપત્રો છપાય છે તેની સંખ્યામાં ઘટાડો કરી ચાર કે પાંચ સુસજ્જ પ્રેસવાળાં સ્થળોએ જ યુનિવર્સિટી નિયુક્ત સિનિયર સુપરવાઇઝરની દેખરેખ નીચે પ્રશ્નપત્રો છપાવવાની વ્યવસ્થા કરવી અને હાલની પદ્ધતિ મુજબ પ્રશ્નપત્રોની છાપેલી નકલ મોકલવાનું રાખવું.

(બ) અને (ક) કેન્દ્રો ઘટાડવા અંગેની બાબત તથા પ્રશ્નપત્રો છપાવવાનાં કેન્દ્રોની બાબત આ સાથેના કાર્યાલયે તૈયાર કરેલ પરિશિષ્ટ "ક" મુજબનાં સૂચનો સાથે સિન્ડિકેટ કેન્દ્ર અંગેની જે કમિટી પ્રત્યેક વર્ષે નીમે છે તેમ આ વર્ષે કમિટી નીમી તેની ભલામણ પ્રમાણે કરી શકાય.

દરમ્યાન ચાલુ વર્ષે એક પણ પરીક્ષા માટે એક પણ કેન્દ્ર વધારવું જોઈએ નહિ.

૯. ટીચર્સ હોસ્ટેલમાં ત્રીસેક જેટલાં રહેઠાણો ખાલી રહેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો તમામ પત્રવ્યવહાર જોઈને તથા તે અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૨. આચાર્ય એમ. સી. દેસાઈ
૩. ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી
૪. આચાર્ય વી. આર. રણદીવે.

તે પછી ઉપરની બાબત નં. ૯ના સંદર્ભમાં બાબત નં. ૩૫ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી :

૩૫. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયનો બંગલો તા. ૧-૧૨-૧૯૬૮થી ખાલી કરવા અંગેના તેઓના તા. ૧૭-૧૧-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અધ્યક્ષો માટે બાંધવામાં આવેલા ત્રણ બંગલા પૈકી બે હાલ ખાલી છે અને એક ફૂલ ટાઇટ પ્રોફેસર ડૉ. મેન્સનને આપવામાં આવ્યો છે તે પણ લગભગ આ વર્ષના અંતે ખાલી પડશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષો માટે બાંધવામાં આવેલા ત્રણ બંગલા પૈકી હાલ જે બે બંગલા, નં. ૧ અને ૩ અનુક્રમે પ્રો. બી. આર. શેનોયે અને પ્રો. જે. જે. ચિનોયે

ખાલી કરવાથી ખાલી પડેલા છે તે, નીચેની શરતોએ યુનિવર્સિટીના પ્રોફેસરોને રહેવા માટે આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) રહેઠાણનું ભાડું, માસિક પગારના ૬૦ ટકા જેટલું કે ઇકોનોમિક રેન્ટ—એમાંથી જે ઓછું હશે તે રહેશે. પાણી, કોન્ઝર્વન્સી તથા બીજા સર્વિસ ટેક્સ અને શિક્ષણવેરો તથા વીજળિક વપરાશની રકમ જુદી આપવાની રહેશે. આ તમામ રકમ પગારમાંથી દર માસે કાપવામાં આવશે. રહેઠાણ આપવાથી હાલના નિયમ હેઠળ મળી શકતું મકાન ભાડાભથ્થું આપોઆપ બંધ થશે.

(૨) યુનિવર્સિટી નોકરીમાંથી છૂટા થયેથી તે રહેઠાણ તરત જ ખાલી કરી આપવાનું રહેશે.

(૩) રહેઠાણ ખાલી કરવું હોય તો એક માસ અગાઉથી નોટિસ આપવાની રહેશે.

(૪) યુનિવર્સિટીએ સોંપેલા ક્વાર્ટરમાં કોઈ જાતનો ફેરફાર થઈ શકશે નહિ. મકાનની દીવાલ કે ઘાબાને અસર થાય તેવો કોઈ ફેરફાર કરવો નહિ. આ માટે જરૂર જણાય ત્યાં એસ્ટેટ વિભાગનો સંપર્ક સાધી કોઈ ફેરફાર કરવો હોય તો મંજૂરી મેળવી ત્યાર બાદ કરવો.

(૫) યુનિવર્સિટીના સત્તાવાળાઓ જણાવે ત્યારે ત્રણ મહિનાની નોટિસથી સદરહુ બંગલો ખાલી કરવામાં આવશે તેવી લેખિત બાંયધરી આપવામાં આવે; અને

(૬) ઉપરની શરતો ઉપરાંત યુનિવર્સિટી વખતોવખત જે કાંઈ શરતો કે નિયમો કરે તે પાળવાના રહેશે.

(**નોંધ.**—જો અને જ્યારે કોઈ પ્રોફેસરને સદરહુ બંગલો ખાલી કરવા માટે જણાવવામાં આવે તો અને ત્યારે શકય હશે ત્યાં સુધી યુનિવર્સિટી તેની પાસે બીજું જે કોઈ નાનુંમોટું રહેઠાણ ઉપલબ્ધ હશે તે તેમને રહેવા માટે આપવાનો પ્રયત્ન કરશે; પરંતુ તેવી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે જ એવી જવાબદારી યુનિવર્સિટી સ્વીકારશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૦. અમુક કૉલેજ કે કૉલેજોને સ્વાયત્ત સ્વરૂપ આપવાની જરૂરિયાત તથા શકયતા તપાસવી અને જો કોઈ પ્રસ્તાવ રજૂ કરવો હોય તો તે કરવા અંગે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના મંત્રીશ્રીના તા. ૨૯મી નવેંબર ૧૯૬૮ના પત્રાંક એફ. ૨૨. ૧-૬૮ (સી. ૨) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. કૉલેજોના જોડાણ અંગે યુનિવર્સિટી પોતાનું કર્તવ્ય અને જવાબદારીઓ સારી રીતે બજાવી શકે તે માટે કોઈ તંત્ર ઊભું કરવા અંગે યુનિવર્સિટીનાં મંતવ્યો-દરખાસ્તો મગાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૧૧-૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૧૨૫-૬૮ (સી.ડી.એસ.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં દાખલ કરવા ધારેલ નેશનલ સર્વિસ કોરની યોજનામાં આપણી યુનિવર્સિટીમાંથી ૧૨૦૦ વિદ્યાર્થીઓને જોડાવા માટેની દરખાસ્ત છે. આ માટે આપણી પાસે ૪૧ કૉલેજોમાંથી ૨૮૫૦ નામો આવેલ છે, તો કૉલેજોની અને વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવવા માટે યોગ્ય વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે શ્રી. ટી. એસ. નાન્દી સેવામાં જોડાયા બાદ પીએચ.ડી. થયા હોવાથી તેઓને ઓછામાં ઓછા બે આસ પગારવધારા આપવા અંગે તેમની તા. ૧૯-૧૦-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. તા. ૨૬-૧૧-૧૯૬૮ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિએ બાબત ક્રમાંક ૨, ૩ અને ૪ પર કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતો અંગે પરીક્ષાશુદ્ધિ સમિતિએ તેની તા. ૨૬-૧૧-૧૯૬૮ની સભામાં કરેલી ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી અને તે અંગેના સંબંધકર્તા કાગળો અને સંપૂર્ણ વિગતો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી. તે પછી પૂરતી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. પટેલને ત્રણ માસનો નોટિસ-પગાર (ભથ્થાં સહિત) આપીને તેમને તાત્કાલિક ફારેગ (discharge) કરવા.

(સદરહુ સમિતિની સંબંધકર્તા ભલામણ સામેલ કરવામાં આવી નથી.)

૧૪-અ. તે પછી સભાગૃહની સંમતિથી પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૭-૧૨-૧૯૬૮ના રોજ મળેલી સભાની ભલામણ અંગેની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧૨-૧૯૬૮ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭-૧૨-૧૯૬૮ના રોજ મળેલી સભાની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૫. પ્રિ. સી. એલ. શાસ્ત્રીના નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"જ્યાં બે ફેકલ્ટી હોય ત્યાં ૪ વર્ગો પ્રત્યેક ફેકલ્ટી પ્રમાણે ગણી બન્નેને ૨ ડિવિઝન અપાય તો ૧૬ ડિવિઝન થાય તેમ કરી શકાય. ૧૫૦૦ની મર્યાદા સાચવી ૧૬ વર્ગો ચલાવી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. યુનિવર્સિટી પ્રેસના અંદાજપત્રમાં પ્રેસ-મરામત અને ખાસ ફેરફારો ખાતે બજેટમાં રૂા. ૧,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં રૂા. ૧,૦૦૦ની જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના ચાલુ વર્ષના અંદાજપત્રમાં પ્રેસ-મરામત અને ખાસ ફેરફારો ખાતે વધુ રૂા. ૧,૦૦૦ની જોગવાઈ કરવી.

૧૭. એમ. એન. કોલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી તેમની કોલેજમાં અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. આર. બી. કુલકર્ણી ... માન્ય અનુસ્નાતક શિક્ષક છે.

(૨) શ્રી. જે. વી. જોષી ... હાલમાં માન્ય મદદનીશ શિક્ષક છે, પરંતુ જૂન ૧૯૬૯થી અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર બનશે તેમ આચાર્યશ્રી જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. પ્રો. કે. આર. ચન્દ્રશેખરન.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી :

૩૬. ડાકોર કેન્દ્રના માર્ચ-એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાના પ્રશ્નપત્રો નડિયાદ કેન્દ્રથી લેવા જતાં તા. ૨૩-૩-૧૯૬૬ના રોજ સિનિયર સુપરવાઇઝર શ્રી. એલ. ડી. દવેને રસ્તામાં અકસ્માત થવાથી ઇજા થતાં તે અંગે વળતર આપવા અંગેની તેઓની તા. ૧૦-૧૦-૧૯૬૮ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. ડી. દવેને તા. ૨૩-૩-૧૯૬૬ના રોજ જે અકસ્માત થયો તે અકસ્માત અંગે જરૂરી વિગતો મગાવીને સદરહુ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત નં. ૧૮થી બાબત નં. ૩૪ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. ગ્રંથાલય સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૮થી તા. ૩૦-૯-૧૯૬૮ સુધીના ૬ માસિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટને જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

૧૯. ગ્રંથાલય સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાએ કુલપતિશ્રીને આપેલી સત્તાના આધારે કુલપતિશ્રીએ ચોથી પંચવર્ષીય યોજનાના અંત સુધી નીચેની કામચલાઉ જગ્યાઓ ચાલુ રાખવા માટે ભલામણ કરી છે તેને મંજૂર કરવા બાબત :

૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	... ૧ જગ્યા
૨.	કારકુન	... ૧ જગ્યા
૩.	ટાઇપિસ્ટ	... ૧ જગ્યા
૪.	પટાવાળા	... ૧ જગ્યા

૨૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ટી. મિસ્ત્રીને તા. ૨-૧-૧૯૬૩થી તા. ૧૭-૬-૧૯૬૫ સુધીની તેઓએ આપેલી ટેકનિકલ આસિસ્ટન્ટની હંગામી સેવાઓ દરમ્યાન પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૧-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

રૂટે. ૧૮૦ (બ) નીચે પ્રમાણે વંચાય છે:

Any whole-time officer, teacher or other servant of the University temporarily appointed in the first instance subsequently confirmed in the same appointment may by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment, provided that there has been no break or interval between the termination of the temporary appointment and the commencement of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.

૨૧. યુનિવર્સિટીના ઉપક્રમે ઑક્ટોબર ૧૯૬૮માં યોજવામાં આવેલ "ઇન્ડિયન કેમિકલ સોસાયટી"ના વાર્ષિક અધિવેશન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નં. એફ-૩-૧૦૭-૬૮ (એસ.આઈ.), તા. ૨૮-૧૧-૧૯૬૮થી રૂા. ૨,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

૨૨. હોમ સાયન્સ એસોસિયેશન ઑફ ઇન્ડિયાની નવમી Biennial Conference ડિસેંબર ૧૬થી ૨૦, ૧૯૬૮ના સમય દરમિયાન શ્રી. અવિનાશીલીંગમ હોમ સાયન્સ કૉલેજ, કોઇમ્બતુર—૧૧ મુકામે થનાર છે, તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

૨૩. "Indian Pharmacological Society"ની પ્રથમ સભા પી. એમ્એલ્યુ. મેડિકલ કૉલેજ, પટણા મુકામે જાન્યુઆરી ૫થી ૭, ૧૯૬૯ના સમય દરમિયાન થનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેના વ્યવસ્થાપક મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૨૪. "Indian Philosophical Congress"નું ૪૨મું સત્ર પટણા યુનિવર્સિટીના ઉપક્રમે પટણા મુકામે ડિસેંબર ૨૭થી ૩૦, ૧૯૬૮ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૨૫. "Numismatic Society of India"નું ૫૦મું વાર્ષિક અધિવેશન ગોરખપુર યુનિવર્સિટી, ગોરખપુર મુકામે જાન્યુઆરી ૧૮થી ૨૦, ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના ચેરમેન તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૨૬. અદિરા મુકામે ડિસેંબર ૨૧થી ૨૩, ૧૯૬૮ના સમય દરમિયાન Tenth Joint Technological Conference થનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે અદિરાના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૨૭. ફાઇનાન્સ કમિટીની તા. ૪-૧૨-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૨૮. જોડાણની શરતરૂપે જે કૉલેજોએ પોતાનું મકાન જૂન ૧૯૬૮ સુધીમાં તૈયાર કરવું જોઈતું હતું, પરંતુ કરેલ નથી તે પર વિચારણા કરવા બાબત.

૨૯. ગયા મે માસમાં કોલ્હાપુરમાં યુ.જી.સી. તથા શિવાજી યુનિવર્સિટી તરફથી પ્રાકૃત સેમિનારની યોજના કરવામાં આવી હતી, તેમાં પ્રાકૃતના અભ્યાસને ઉત્તેજન આપવા ઘણાં ઉપયોગી સૂચનો કરવામાં આવ્યાં હતાં. તેના રિપોર્ટના સંદર્ભમાં પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.એ.માં ગૌણ તથા મુખ્ય વિષય તરીકે પ્રાકૃત લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા સારી એવી હોય છે, પરંતુ તેમને પાઠ્યપુસ્તકો મળતાં નથી, તેથી તેવાં પાઠ્યપુસ્તકો છપાવવામાં યુનિવર્સિટી અમુક અંશે આર્થિક મદદ કરે તે જરૂરી લાગે છે. માટે આ બાબતમાં યોગ્ય કરવા સિન્ડિકેટને વિનંતી કરવી."

૩૦. શ્રી. બી. પી. ભક્તભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝામાં અર્થશાસ્ત્ર અને વાણિજ્યના વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક સિવાય અત્યાર સુધી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યશ્રીએ અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. એન. એન. શાહની તથા વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. એમ. દેસાઈની નિમણૂક કરી છે.)

૩૧. પબ્લિકેશન બોર્ડની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

૩૨. પ્રકાશન પ્રવૃત્તિ અંગે તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સેનેટની સભામાં મંજૂર થયેલો નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટની તા. ૬/૭-૭-૧૯૬૮ની સભાએ પ્રકાશન વહીવટી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે પ્રકાશન વહીવટી સમિતિએ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત :

સેનેટનો પ્રસ્તાવ

"સર્વશ્રી સી. આર. નાયક, વિનોદ અધ્વર્યુ, કે. મ. શાસ્ત્રી, રમેશભાઈ મ. ભટ્ટ, ડી. એમ. સુતરિયા અને શ્રી. એમ. સી. શુક્લના નીચેના પ્રસ્તાવ અંગે ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

'ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંથી પાન ૪૮થી ૫૧ પરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાને પૂરી શક્તિથી

વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ યુદ્ધના સ્તર પર આદરવા પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે.'"

તા. ૨૪-૯-૧૯૬૮નો પ્રકાશન વહીવટી સમિતિનો ઠરાવ

"વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો, લઘુગ્રંથો વગેરે પ્રસિદ્ધ કરવાનું કામ ચાલુ જ છે. હાલ ૪૦ પ્રકાશનોનું મુદ્રણકામ ચાલી રહ્યું છે અને શૈક્ષણિક વર્ષના અંત સુધીમાં વધુ ૩૦ પ્રકાશનો બહાર પડશે એમ અપેક્ષા છે. વધુમાં ૪૩ અનુવાદ કામ અને ૫૧ મૌલિક કાર્યો માટે કરાર થયેલા છે. વધુમાં મોનોટાઇપ મશીન માટે આયાત-પરવાનો તાજેતરમાં મળેલો છે અને ૧૯૬૯-૭૦ના વર્ષમાં તે મશીન આપણે ઉપયોગમાં લઈ શકીશું એમ આશા છે. તે પછી પ્રકાશનકાર્યને આથી પણ વધુ વેગ આપવાનું બની શકશે. આ હકીકત જોતાં જણાશે કે આ સમિતિ વિદ્યાર્થીઓને જરૂરી વાચનસામગ્રી પૂરી પાડવાની બાબતમાં સજાગ છે."

૩૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭(૨) મુજબ સેનેટના ૪૭ જેટલા સભ્યોની સહીથી આવેલ નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં, જે જુદી જુદી બૅંકોમાં ફિકસ્ડ ડિપૉઝિટોમાં મૂકવામાં આવે છે તેના ઉપર મળતું બ્રોકરેજ લેવાની અત્યાર સુધી પ્રથા નથી તે શરૂ કરવા સેનેટની આ સભા ઠરાવે છે.

યુનિવર્સિટીનું કાર્યતંત્ર સ્વચ્છ અને નિષ્કલંક રહે તથા તેની જાહેર જનતાને પ્રતીતિ થાય તે હેતુથી યુનિવર્સિટી કાર્યાલયનાં તથા યુનિવર્સિટી અંગેનાં કોઈ પણ કાર્યોમાં જે નાણાકીય ગેરરીતિઓ તરફ યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવામાં આવે તો સદરહુ તપાસ યુનિવર્સિટીની બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવા તથા તેની ભલામણના આધારે સિન્ડિકેટ નિર્ણય કરે તેમ કરવા તથા આજદિન પર્યંત યુનિવર્સિટી તરફથી જે જે સરકારી તથા અન્ય બૅંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રોકવામાં આવ્યાં છે, જેના બ્રોકરેજના સંદર્ભમાં થયેલ તપાસ પણ સદરહુ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને પુનઃ સોંપવા સેનેટની આ સભા ઠરાવે છે."

૩૪. વનસ્પતિશાસ્ત્ર વિષયની પરિભાષાના શબ્દોનાં કાર્ડ્ઝ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને નીચે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત :

શ્રી. જે. જે. ચિનોય, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન	૧૦૩-૬૦
શ્રી. સી. કે. શાહ, વનસ્પતિવિજ્ઞાનના રીડર	૧૦૩-૬૦
શ્રી. બી. એસ. વૈદ્ય, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	૧૦૩-૬૦
શ્રી. એ. બી. વોરા, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	૧૦૩-૬૦
શ્રી. આઈ. સી. દવે, રિસર્ચ ફેલો	૧૦૩-૬૦
શ્રી. બી. એમ. જાની, રિસર્ચ ફેલો	૧૦૩-૬૦

(નોંધ.— પરિભાષાનાં ૩૧૦૮ કાર્ડ્ઝ તૈયાર કરવા અંગે રૂા. ૦૦-૨૦ પૈસાના દરે રૂા. ૬૨૧-૬૦ ચૂકવવાના થાય છે.)

૩૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૭ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

બાબત નં. ૩૭ અને બાબત નં. ૩૮ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૭. તા. ૧૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૩૮. ઑ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે શેઠ એચ. જે. મહાગુજરાત હોસ્પિટલ, નડિયાદને માન્યતા આપવા હોસ્પિટલના સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૩૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી.

બાબત નં. ૪૦ અને બાબત નં. ૪૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૦. એમ.એ., પાર્ટ ૧ અને પાર્ટ ૨ની ગૃહવિજ્ઞાન(Home Science)ની પ્રાયોગિક પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂકો અંગેનો ઉલ્લેખ મહેનતાણાના ઠરની પુસ્તિકામાં નહિ હોઈ કાયમી ધોરણે આ પરીક્ષાઓ માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૪૧. ગુજરાતના અધ્યાપક સંઘનું ૨૦મું સંમેલન એમ. એન. કૉલેજ, વીસનગરના ઉપક્રમે ડિસેંબર ૩૧, ૧૯૬૮થી ૧લી જાન્યુઆરી, ૧૯૬૯ના સમય દરમિયાન વીસનગર મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ગુજરાતી અધ્યાપક સંઘના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૪-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેના બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી:

૪૨. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા નીચે જણાવેલા વિદ્યાર્થીઓએ તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ હાઉસમેનશિપ કરવા માટે પરવાનગી માગેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	હાઉસમેનશિપનું સ્થળ
૧.	ડૉ. સોહનલાલ વશીશાત	હિમાચલ પ્રદેશ મેડિકલ કૉલેજ, સીમલા
૨.	શ્રીમતી સોફિયાબાઈ સુલેમાન શાપકલવાળા	જે. જે. હૉસ્પિટલ, મુંબઈ
૩.	કુ. કામિની ટી. મારફતિયા	સાનફ્રાન્સિસ્કો, યુ.એસ.એ.
૪.	કુ. તારા બી. કાંટલીવાલા	નોટિંગહામ, યુનાઇટેડ કિંગ્ડમ
૫.	શ્રીમતી શૈલજા કે. સંત	ઇંગ્લેન્ડ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ સન્માન્ય સ્થળે

હાઉસમૅનશિપ કરવા માટે તેમણે આગેલી પરવાનગી, જરૂરી વિગતો જોઈતપાસીને, આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. ફર્સ્ટ એલએલ.બી.ની પરીક્ષા અંગે સુધારેલા ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ સિન્ડિકેટે તેની તા. ૨૯/૩૦-૧-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલો હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ એલએલ.બી.ની પરીક્ષા અંગેનો નીચે જણાવેલો, સુધરાયેલા ભાગવાળો, સુધારેલો ઑર્ડિ. ૧૨૯ તા. ૧-૧-૧૯૬૯થી (એટલે કે માર્ચ ૧૯૬૯ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે) અમલમાં મૂકવો :

Sr. No.	*Name of the Examination*	*How many time in a year*	*Date of Commence-ment*	*Last date of appli-cation*	*Examina-tion Fee Rs.*
1.	Ist LL.B. (Gen. & Sp.)	Twice a year	Second Monday in March and Second Monday in October	Six weeks before the examination	50/-

તે પછી કુલપતિશ્રીએ સિન્ડિકેટના સભ્યોનો, તેમણે તેમના ત્રણ વર્ષના સભ્યપદના સમય દરમ્યાન યુનિવર્સિટીના કામકાજમાં પોતાનો સહકાર અને સલાહસૂચનો તથા માર્ગદર્શન આપ્યાં તે બદલ આભાર માન્યો, અને સિન્ડિકેટના ફારેગ થતા સભ્યો તરફથી આચાર્ય એમ. સી. દેસાઈએ કુલપતિશ્રીએ સિન્ડિકેટની સભાનું સંચાલન અને યુનિવર્સિટીના સમગ્ર કામકાજમાં પોતાની વિશિષ્ટ કુનેહ અને મીઠાશથી અને લોકશાહી રીતે હમેશાં કામકાજ કર્યું છે તે બદલ પોતાની આભારની લાગણીઓ વ્યક્ત કરી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૫૯૯૫૦/૧૬૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,

અમદાવાદ-૯.

ડિસેંબર ૧૨, ૧૯૬૮.

અગ્રહાયણ ૨૧, ૧૮૯૦ (શક).

કું. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૬

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૫૦મી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ બપોરના ૧૧-૩૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. ય. પ્રા. શુક્લ	હાજર
૩. શ્રી. કે. એન. શાહ	હાજર
૪. શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૫. શ્રી. જી. સી. પટેલ	ગેરહાજર
૬. ડૉ. ઈ. એમ. બેસ્ટ	ગેરહાજર
૭. શ્રી. એન. બી. જોશી	ગેરહાજર
૮. શ્રી. વી. આર. દ્વિવેદી	ગેરહાજર
૯. શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર
૧૦. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૨. શ્રી. જે. જે. વિનોય	ગેરહાજર
૧૩. શ્રી. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૪. શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૧૫. ડૉ. પી. એલ. શાહ	હાજર
૧૬. શ્રી. એસ. આર. મહેતા	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૪-૧૯૬૮ની ૪૯મી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૪-૧૯૬૮ના રોજ મળેલી ૪૯મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માન્યતા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(૧) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે તા. ૧૪મી જૂન ૧૯૬૯ સુધી માન્યતા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજનું નામ	વિષય
૧.	શ્રી. ચિત્તાનંદ ત્र્યંબક પંઢરીનાથ	એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	અંગ્રેજી
૨.	ડૉ. લીલાબહેન ચંદુલાલ શાહ	બી. ડી. કૉલેજ, અમદાવાદ	ગૃહવિજ્ઞાન.

(૨) નીચેના શિક્ષકની તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા માટેની વિનંતી માન્ય રાખવી નહિ :

શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	વિષય
શ્રી. કુલશ્રેષ્ઠ રામબહાદુર	એમ. એન. કૉલેજ, વીસનગર	અંગ્રેજી

(૩) નીચેના શિક્ષકો તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે આવેલી અરજીઓ પરત્વે નોંધમાં જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં :

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	પદવી અને વિષય	નોંધ
૧	૨	૩	૪
૧.	શ્રી. સત્યપ્રકાશ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯	પીએચ.ડી. ફિઝિક્સ	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણ (of recognised merits)નાં છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે સરદાર પટેલ યુનિવર્સિટીના શ્રી. એ. આર પટેલનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૨.	શ્રી. બી. એસ. વૈદ્ય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	પીએચ.ડી. બોટની	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણ (of recognised merits)નાં છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે મુંબઈના ડૉ. ગોનસાલ્વેઝનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૩.	શ્રી. ગૌર ભગવાન મિશ્ર, ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ	પીએચ.ડી. બોટની, પ્લાન્ટ ફિઝિયોલોજી	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ (બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણ (of recognised merits)નાં છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. જે. જે. ચિનોયનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧	૨	૩	૪
૪.	ડૉ. ઝાલા સાં. આઈ., બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	પીએચ.ડી. પેથોલોજી, બાયોલોજી	તેમનાં સંશોધનપત્રો મંગાવી ઑર્ડિ. ૬૫-કે(૫) અનુસાર એમિનન્ટ પબ્લિક રિસર્ચ વર્કર તરીકે ગણી શકાય કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૫.	ડૉ. અમીન મહેન્દ્રકુમાર ગોવર્ધનપ્રસાદ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	પીએચ.ડી. ફિઝિયોલોજી	તેમનાં સંશોધનપત્રો મંગાવી ઑર્ડિ. ૬૫-કે(૫) અનુસાર એમિનન્ટ પબ્લિક રિચર્સ વર્કર તરીકે તેને ગણી શકાય કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૬.	શ્રી. વ્યાસ કેશવલાલ બાલકૃષ્ણ, જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૬	પીએચ.ડી. ફિલોસોફી	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર ગુણવત્તાના માન્ય ધોરણ (of recognised merits)નાં છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે વડોદરાના શ્રી. જાવડેકરનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
૭.	શ્રી. વી. પી. ભટ્ટ, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	પીએચ.ડી. ફિઝિકસ	તેમનાં સંશોધનપત્રો મંગાવી તે ઑર્ડિ. ૬૫-એચ (બી) અનુસાર ગુણવત્તાના ધોરણે માન્ય ધોરણ-(of recognised merits)નાં છે કે કેમ અને તેને આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના શ્રી. એન. એસ. પંડ્યાનો અભિપ્રાય મેળવી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) નીચેના શિક્ષક તરફથી તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલી અરજીની વિચારણા મુલતવી રાખવી:

શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	પદવી અને વિષય	નોંધ
શ્રી. પી. બી. કુલકર્ણી, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	પીએચ.ડી. ફિઝિકસ	અરજી ટેબલ પર મૂકવામાં આવી હતી, પરંતુ સમયના અભાવે વિચારણા થઈ શકી નહિ.

૩. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ડૉ. કે. એફ. સોમપુરાની એમ.એ.માં ભારતીય સંસ્કૃતિના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ડૉ. સોમપુરા કાંતિલાલ કૂલચંદને એમ.એ.માં ભારતીય સંસ્કૃતિ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા જૂન, ૧૯૬૯ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના શ્રી. એ. એ. મુનશીની એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષય માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા અંગેની આવેલ અરજીના સંદર્ભમાં તેમની નીચેની શૈક્ષણિક લાયકાતના આધારે તેમને માન્યતા આપી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

શૈક્ષણિક લાયકાત :

ક્રમાંક	પદવી	વર્ષ	યુનિવર્સિટી	વિષય	વર્ગ
૧.	બી.એસસી.	૧૯૫૫	ગુજરાત યુનિવર્સિટી	કેમિસ્ટ્રી ઍન્ડ ફિઝિકસ	બીજો વર્ગ
૨.	પીએચ.ડી.	૧૯૬૪	,, ,,	કેમિસ્ટ્રી	થિસિસ્થી
૩.	એ.આર.આઈ.સી.	૧૯૬૭	(રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કેમિસ્ટ્રી, લંડન)	કેમિસ્ટ્રી	—

શૈક્ષણિક અનુભવ : ૧૯૬૪થી તા. ૩૧-૧૦-૧૯૬૬ અને ૧-૧૧-૧૯૬૭થી અત્યાર સુધી.

(નોંધ.—શ્રી. મુનશીને માન્યતા આપવી કે કેમ તે અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય મગાવેલ, જે નીચે મુજબ છે :

"I recommend that Shri A. A. Munshi may be recognised as post-graduate teacher in view of his experience and qualifications and foreign award and in view of Prin. Braganza's recommendation.")

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના ડૉ. એ. એ. મુનશીને એમ.એસસી.માં ઑર્ગેનિક કેમિસ્ટ્રીનો વિષય શીખવવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટેની વિનંતી નહિ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરના આચાર્યશ્રી એચ. કે. બુખારીને એમ.કૉમ.નાં ચાર પેપરો (૧) કૉર્પોરેશન ફાઈનાન્સ, (૨) ઑગેનાઈઝ્ડ માર્કેટ્સ, (૩) બિઝનેસ મૅનેજમેન્ટ, અને (૪) ઇન્ડસ્ટ્રી અને લેબરમાં આપવામાં આવેલી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતાના

વિષયોમાંથી પેપર (૪) ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબરને બદલે ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ (કૉસ્ટ એકાઉન્ટિંગ–પેપર ૧) માટે માન્યતા આપવા અંગે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરના આચાર્યશ્રી એચ. કે. બુખારીને એમ.કૉમ.ના જે ચાર પેપરોમાં માન્યતા આપવામાં આવેલી તે પૈકી "ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર"ના પેપરની માન્યતા રદ કરી કૉસ્ટ એકાઉન્ટિંગના પેપર ૧ "ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ"ના પેપરમાં માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ઍનેટોમીના સિનિયર પ્રોફેસર ડૉ. બી. ડી. મિશ્રાને એમ.ડી.એસ.ના ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રીના વિષયમાં માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ઍનેટોમી વિષયના સિનિયર લેક્ચરર શ્રી. બી. ડી. મિશ્રાને એમ.ડી.એસ. પદવીના "ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રી"ના વિષયમાં માગેલ માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મેળવવા માટે યોગ્ય નિષ્ણાત વ્યક્તિનું નામ સૂચવવા માટે ડૉ. જયંત હરિભક્તિને વિનંતી કરવી અને તેઓ સૂચવે તે નિષ્ણાતનો અભિપ્રાય મેળવી માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. મનોવિજ્ઞાન વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના શ્રી. કે. કે. મહેતાની સમાજશાસ્ત્રના કેન્દ્રમાં સામાજિક મનોવિજ્ઞાનનો વિષય શીખવવા માટે માન્યતા આપવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત

[આ બાબતમાં નિર્ણયનો મુદ્દો એ છે કે એકથી વધુ વિષયમાં કોઈ પ્રશ્નપત્ર સહિયારો (common) હોય તો એક વિષયમાં માન્યતા પામેલ શિક્ષક બીજા વિષયમાં તે જ પ્રશ્નપત્ર શીખવી શકે કે કેમ ?]

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના મનોવિજ્ઞાનનો વિષય શીખવવા માટે માન્યતા ધરાવતા શ્રી. કે. કે. મહેતાની સમાજશાસ્ત્રના વિષયમાં "સામાજિક મનોવિજ્ઞાન"નો પ્રશ્નપત્ર શીખવવા દેવાની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ, હૈદરાબાદના અધ્યક્ષ તરફથી તેમની સંસ્થાને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫–ડબ્લ્યુ અનુસાર "Approved Institution" તરીકે અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. પદવીના શિક્ષણ માટે માન્યતા આપવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ હૈદરાબાદને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫–ડબ્લ્યુ અનુસાર અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. પદવીના શિક્ષણ માટે આ યુનિવર્સિટીની માન્ય સંસ્થા (Approved Institution) તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. નેશનલ સુગર ઇન્સ્ટિટ્યૂટ, કાનપુરના અધ્યક્ષ તરફથી તેમની સંસ્થાને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫–ડબ્લ્યુ. અનુસાર "Approved Institution" તરીકે ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન માટે માન્યતા આપવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ સુગર ઇન્સ્ટિટ્યૂટ, કાનપુરને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫–ડબ્લ્યુ અનુસાર ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવીના શિક્ષણ માટે આ યુનિવર્સિટીની માન્ય સંસ્થા (Approved Institution) તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. ઑર્ડિ. ૬૫-એસ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા પેટલાદ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ સૂચન ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાના ઠરાવથી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

Amendment in O. 65 S :

There shall not generally be more than five post-graduate centres in a zone, provided that the Syndicate may in its discretion permit the opening of a Sixth Centre for the same subject of post-graduate study at another place, if (*i*) there are at least ten students enrolled in those five centres in the preceding year, and (*ii*) the institution applying for the new centre has at least ten candidates ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for opening a centre. In no case, there shall be more than six centres in a subject in the same zone.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૧. વિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક કામ માટે મદદ કરનાર ડેમોન્સ્ટ્રેટરને અનુસ્નાતક નિયમોમાં કોઈ મહેનતાણું મળે એવી કોઈ જોગવાઈ ન હોવાથી તેવી જોગવાઈ કરવા માટે ભવન્સ કૉલેજ, ડાકોરના તથા જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોર અને જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યોનું ઉપરોક્ત સૂચન સ્વીકારવું નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. મેડિકલ કૉલેજોમાં સ્થપાયેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકોએ લેવાનાં વ્યાખ્યાનોનું ભારણ ખૂબ વધારે હોવાથી જો એવા શિક્ષકોને એમ.ડી.એસ.ના અભ્યાસક્રમનાં વ્યાખ્યાનો લેવાનું કામ સોંપાય તો, તે કામ માટે એમ.ડી., એમ.એસ. વગેરે બીજા અભ્યાસક્રમો માટે અનુસ્નાતક નિયમ ૩૭ પ્રમાણે પ્રત્યેક સત્રમાં વધુમાં વધુ રૂા. ૨૪૦ જેટલું મહેનતાણું મળે તે ઉપરાંત એમ.ડી.એસ.નાં જેટલાં વ્યાખ્યાનો લે તેને માટે પણ મહેનતાણું આપવામાં આવે એવી જોગવાઈ કરવાનું સૂચન કરતાં ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજના ડીનશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રીનું ઉપરોક્ત સૂચન સ્વીકારવું નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. આ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, જ્યાં એક અગર તેથી વધુ અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં હોય તે કૉલેજને અનુસ્નાતક નિયમ નં. ૩૯(૫) અનુસાર બધાં કેન્દ્રોના હિસાબો તપાસવા માટે રૂા. ૫૦ની ઑડિટ ફી મંજૂર રાખવામાં આવે છે. તેમાં સુધારો કરી અનુસ્નાતક કેન્દ્ર દીઠ રૂા. ૫૦ લેખે ઑડિટ-ફી આપી શકાય એવી જોગવાઈ કરવાના સૂચન કરતા એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલના અનુસ્નાતક નિયમ નં. ૩૯ (૫) મુજબ એક અગર તેથી વધુ અનુસ્નાતક કેન્દ્રો માટે અનુસ્નાતક કેન્દ્રના હિસાબો ઑડિટ કરાવવા માટે રૂા. ૫૦ની રકમ નિયત કરવામાં આવેલી છે. તેમાં નીચે મુજબ ફેરફાર કરવા અને તે મુજબ અનુસ્નાતક નિયમ નં. ૩૯(૫) સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. એક જ અનુસ્નાતક કેન્દ્ર હોય તો રૂા. ૫૦ સુધીની ઑડિટ-ફી આપી શકાય.

૨. બે કે તેથી વધુ અનુસ્નાતક કેન્દ્રો હોય તો વધુમાં વધુ રૂા. ૧૦૦ સુધીની ઑડિટ ફી આપી શકાય.

ઉપરના સુધારેલા ઠરને લઈને સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૩૯(૫) નીચે મુજબ વંચાશે:

અનુસ્નાતક નિયમ નં. ૩૯(૫) :

An affiliated college or a recognised institution where one or more centres for post-graduate instruction have been instituted shall be allowed to incur expenditure on audit fees as under :

1. Up to Rs. 50/- if there is only one post-graduate centre instituted at an affiliated college.
2. Up to a maximum of Rs. 100/- for two or more than two post-graduate centres.

This expenditure will be an admissible expenditure in the budget for the centres of a College.

૧૪. અનુસ્નાતક પદવીના અભ્યાસનાં કેન્દ્રોમાં એક કરતાં વધુ વર્ગો શરૂ કરવા ઉપર હાલના અનુસ્નાતક નિયમોમાં કશું નિયંત્રણ નથી. તો આવું નિયંત્રણ મૂકવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે તે કૉલેજ/સંસ્થા જ્યાં અનુસ્નાતક પદવીના અભ્યાસ માટે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં હોય અગર હવે પછી સ્થાપવામાં આવે તે કૉલેજ/સંસ્થા જે તે વિષયમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓનો એક જ વર્ગ ખોલી શકે અને કુલપતિશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય એક કરતાં વધુ વર્ગો ખોલી શકાય નહિ એવી અનુસ્નાતક નિયમોમાં જોગવાઈ કરવા તથા તે મુજબ નીચે મુજબનો નવો અનુસ્નાતક નિયમ ઘડવા તથા હાલનો અનુસ્નાતક નિયમ ૧(એ) સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(*aa*) No college/institution where a post-graduate centre in a subject has been instituted shall open a second division in that subject without the prior permission of the Vice-Chancellor.

ઉપરના અનુસ્નાતક નિયમને અનુલક્ષીને અનુસ્નાતક નિયમ નં. ૧(એ) નીચે મુજબ વંચાશે :

The number of students in a post-graduate centre or in a University Department for post-graduate teaching shall in no case

exceed 60 in any one class, provided that such number of additional students as shall not exceed 6 may be admitted with the prior permission of the Vice-Chancellor.

૧૫. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"જે વિષયોમાં વૈકલ્પિક ગ્રુપ પાર્ટ ૨માં જ હોય તેમાં વૈકલ્પિક ગ્રુપની પસંદગી કરવાની કે બદલવાની વિદ્યાર્થીને પાર્ટ ૨ના વર્ષના આરંભથી એક માસ સુધીમાં છૂટ આપવાની તથા તે અંગે કંઈ ફી લેવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું ઉપરોકત સૂચન સ્વીકારવા અને તેને અનુલક્ષીને અનુસ્નાતક નિયમ નં. ૬ નીચે મુજબ સુધારવા સિન્ડીકેટને ભલામણ કરવી:

P.-G. Rule 6 :

Notwithstanding anything contained above, it will be permissible for students, in the case of subjects for the M.A.,M.Sc. and M.Com. Examinations which provide for options of subgroups or branches at Part II stage, to change to or opt for a subgroup or a branch at Part II stage, if applications in this behalf through the Professor-in-charge of the centre or the Director of the University School concerned are received by the University Registrar on or before 16th August every year. No extra fees shall be charged for effecting such a change.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૧. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૫-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) વાણિજ્યના એક પ્રાધ્યાપક
   (૪) ઍકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
   (૫) મર્કન્ટાઈલ લૉના એક પ્રાધ્યાપક;
૨. ઍકાઉન્ટન્સીનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૨. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા

બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વધારાના જોડાણ; તથા ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ, ડિપ્લોમા ઇન ટૅક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

'આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને એલએલ.બી. પદવી કક્ષા સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
   (૪) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
   (૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૬) કાયદાની વિદ્યાશાખાના તૃતીય વર્ષમાં વધુ વૈકલ્પિક વિષયોને અનુલક્ષીને કાર્યબોજના પ્રમાણમાં વધારાના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

૨. એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થીઓ દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૩. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય

તે રીતે કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૪. સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી ચતુર્થ વર્ષ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ચતુર્થ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-'૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) પેડોડોન્શિયાના એક પ્રાધ્યાપક

(૨) ત્રણ સિનિયર વ્યાખ્યાતા

(૩) સોળ જુનિયર વ્યાખ્યાતા;

૨. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થાનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૫. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૯થી પીએચ.ડી.માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, શિક્ષકગણ અંગેની નીચેની શરતનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પીએચ.ડી.માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯ થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીની

માન્યતા ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શન માટે માન્ય અનુસ્નાતક શિક્ષક. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૬. યુનિવર્સિટીના ઉપક્રમે ઑક્ટોબર ૧૯૬૮માં યોજવામાં આવેલ "ઇન્ડિયન કેમિકલ સોસાયટી"ના વાર્ષિક અધિવેશન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નં. એફ-૩-૧૦૭-૬૮ (એસ.આઈ.), તા. ૨૮-૧૧-૧૯૬૮થી રૂા. ૨,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૭. ગુજરાતીના અધ્યાપક સંઘનું ૨૦મું સંમેલન એમ. એન. કૉલેજ, વીસનગરના ઉપક્રમે ડિસેંબર ૩૧, ૧૯૬૮થી ૧લી જાન્યુઆરી, ૧૯૬૯ના સમય દરમિયાન વીસનગર મુકામે યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ગુજરાતી અધ્યાપક સંઘના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૪-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
૨. આચાર્ય રામપ્રસાદ શુક્લ
૩. શ્રી. રમણલાલ જોશી
૪. પ્રો. વિનોદભાઈ અધ્વર્યુ.

૬૮. "Indian Philosophical Congress"નું ૪૨મું સત્ર પટણા યુનિવર્સિટીના ઉપક્રમે પટણા મુકામે ડિસેંબર ૨૭થી ૩૦, ૧૯૬૮ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. સી. વી. રાવળને મોકલવા.

૬૯. "Numismatic Society of India"નું ૫૭મું વાર્ષિક અધિવેશન ગોરખપુર યુનિવર્સિટી, ગોરખપુર મુકામે જાન્યુઆરી ૧૮થી ૨૦, ૧૯૬૯ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના ચેરમેન તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૭૦. અટિરા મુકામે ડિસેંબર ૨૧થી ૨૩, ૧૯૬૮ના સમય દરમિયાન Tenth Joint Technological Conference થનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે અટિરાના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોને મોકલવા :

૧. આચાર્ય ટી. એમ. પરીખ
૨. પ્રો. કે. જે. ભટ્ટ.

૭૧. "Indian Pharmacological Society"ની પ્રથમ સભા પી. ડબલ્યુ. મેડિકલ કૉલેજ, પટણા મુકામે જાન્યુઆરી તા. ૫થી ૭, ૧૯૬૯ના સમય દરમિયાન થનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેના વ્યવસ્થાપક મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. આર. દેરાસરીને મોકલવા.

૭૨. ઓ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે શેઠ એચ. જે. મહાગુજરાત હૉસ્પિટલ, નડિયાદને માન્યતા આપવા હૉસ્પિટલના સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. જે. બી. હરિભક્તિ
૨. ડૉ. સૌદામિનીબહેન પંડ્યા.

૭૩. ફાઇનાન્સ કમિટીની તા. ૪-૧૨-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો, બાબત નં. ૧૦ અંગે નીચે જણાવેલા સુધારા સાથે મંજૂર કરવી :

વિદ્યાર્થી ભાઈઓ બહેનોના છાત્રાલયમાં કબાટોમાં કળવાળાં તાળાંને બદલે બહારથી વાસી શકાય તેવાં તાળાં બનાવવાની રચના કરવી અને તેને કારણે કબાટોની કિંમતમાં જરૂરી ઘટાડો કરીને ઑર્ડર મૂકવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૪. પબ્લિકેશન બોર્ડની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બોર્ડની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે જોડેલ છે.)

૭૫. પ્રકાશન પ્રવૃત્તિ અંગે તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સેનેટની સભામાં મંજૂર થયેલો નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટની તા. ૬/૭-૭-૧૯૬૮ની સભાએ પ્રકાશન વહીવટી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે પ્રકાશન વહીવટી સમિતિએ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત :

સેનેટનો પ્રસ્તાવ

"સર્વશ્રી સી. આર. નાયક, વિનોદ અધ્વર્યુ, કે. કા. શાસ્ત્રી, રમેશભાઈ મ. ભટ્ટ, ડી. એચ. સુતરિયા અને એચ. સી. શુકલના નીચેના પ્રસ્તાવ અંગે ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૮માંથી પાન ૪૮થી ૫૧ ઉપરની વિગતો જોતાં જણાય છે કે આપણી અત્યારની જરૂરિયાતના પ્રમાણમાં યુનિવર્સિટીનું પ્રકાશનકાર્ય પૂરતા વેગથી થતું નથી. આથી સેનેટની આ સભા વાચનસામગ્રીની તીવ્ર અને ગંભીર અછતની સચિંત નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનંતી કરે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથ બહાર પાડવાનો કાર્યક્રમ 'યુદ્ધના સ્તર' પર આદરવા પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

તા. ૨૪-૯-૧૯૬૮નો પ્રકાશન વહીવટી સમિતિનો ઠરાવ

"વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો, લઘુગ્રંથો વગેરે પ્રસિદ્ધ કરવાનું કામ ચાલુ જ છે. હાલ ૪૦ પ્રકાશનોનું મુદ્રણકામ ચાલી રહ્યું છે અને આ શૈક્ષણિક વર્ષના અંત સુધીમાં વધુ ૩૦ પ્રકાશનો બહાર પડશે એમ અપેક્ષા છે. વધુમાં ૪૩ અનુવાદ કામો અને ૫૧ મૌલિક કામો માટે કરાર થયેલા છે. વધુમાં મોનોટાઇપ મશીન માટે આયાત-પરવાનો તાજેતરમાં મળેલો છે અને ૧૯૬૯-૭૦ના વર્ષમાં તે મશીન આપણે ઉપયોગમાં લઈ શકીશું એમ આશા છે. તે પછી પ્રકાશનકાર્યને આથી પણ વધુ વેગ આપવાનું બની શકશે. આ હકીકત જોતાં જણાશે કે આ સમિતિ વિદ્યાર્થીઓને જરૂરી વાચનસામગ્રી પૂરી પાડવાની બાબતમાં સજાગ છે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન વહીવટી સમિતિના સદરહુ રિપોર્ટની નોંધ લેવી અને સેનેટને તેની જાણ કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૨, ૯૩, ૯૪ અને ૧૦૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૨. સને ૧૯૬૯ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની, એ. ૨૨૯ મુજબ આવતી શરૂ થવાની તારીખોને બદલે કાર્યાલયે સૂચવેલ તારીખો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનારી આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવા માટેનું કાર્યાલયે સૂચવેલ સમયપત્રક મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલા સમયપત્રકની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯૩. કડી કેન્દ્રને સિન્ડિકેટે તેના તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં એક વર્ષ માટે યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષાનું કેન્દ્ર રાખવું નહિ તેમ ઠરાવ્યું છે, તે પર પુનર્વિચારણા કરવા માટે સદરહુ કૉલેજના સંચાલકમંડળના ચેરમેન તરફથી આવેલા તારીખ વગરના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે કડી કેન્દ્રમાં પરીક્ષાઓ લેવાનું બંધ રાખવા અંગે સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભાની બાબત નં. ૧૯ અને બાબત નં. ૧૨૦થી કરેલા ઠરાવ પર પુનર્વિચારણા કરીને સદરહુ કેન્દ્ર પર ૧૯૬૭-૬૮ના વર્ષમાં લેવાયેલી પરીક્ષાઓ ચાલુ વર્ષે લેવાનું રાખવું, પરંતુ સદરહુ કેન્દ્ર પર ચાલુ વર્ષે કોઈ પણ વધારાની પરીક્ષા લેવી નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેન્દ્ર પર ચાલુ વર્ષે સિનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા અંગે કુલપતિશ્રીને સંપૂર્ણ સત્તા આપવી.

૯૪. બોરસદ કેન્દ્રને સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં એક વર્ષ માટે યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષાનું કેન્દ્ર રાખવું નહિ તેમ ઠરાવ્યું છે. તે પર પુનર્વિચારણા કરવા માટે કૉલેજના આચાર્યના તા. ૩૦-૧૧-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે બોરસદ કેન્દ્રમાં પરીક્ષાઓ લેવાનું બંધ રાખવા અંગે સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભાની બાબત નં. ૧૯ અને બાબત નં. ૧૨૦થી કરેલા ઠરાવ પર પુનર્વિચારણા કરીને સદરહુ કેન્દ્ર પર ૧૯૬૭-૬૮ના વર્ષમાં લેવાયેલી પરીક્ષાઓ ચાલુ વર્ષે લેવાનું રાખવું, પરંતુ સદરહુ કેન્દ્ર પર ચાલુ વર્ષે કોઈ પણ વધારાની પરીક્ષા લેવી નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેન્દ્ર પર ચાલુ વર્ષે સિનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સંપૂર્ણ સત્તા આપવી.

૧૦૬. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં ૧૯૬૯ની પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા અંગે નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે નીચે મુજબનાં વધુ કેન્દ્રો તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષા માટે આપવાં :

ડભોઈ	...	પ્રી-યુનિ. વાણિજ્ય
દાહોદ	...	ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.
હિંમતનગર	...	સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ.
કલોલ	...	ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી.
ખેડા	...	ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.
માણસા	...	પ્રી-યુનિ. વાણિજ્ય
મહેસાણા	...	થર્ડ બી.એ. અને થર્ડ બી.કૉમ.
મોડાસા	...	પ્રી-યુનિ. કૉમર્સ
મહુવા	...	પ્રી-યુનિ. વિનયન
વડનગર	...	પ્રી-યુનિ. વિનયન અને પ્રી-યુનિ. વાણિજ્ય.

બાબત નં. ૭૬થી બાબત નં. ૯૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭(૨) મુજબ સેનેટના ૪૬ જેટલા સભ્યોની સહીથી આવેલ નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત:

(૧) "ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં, જે જુદી જુદી બૅંકોમાં ફિક્સ્ડ ડિપૉઝિટોમાં મૂકવામાંઆવે છે તેના ઉપર મળતું બ્રોકરેજ લેવાની અત્યાર સુધી પ્રથા નથી તે શરૂ કરવા સેનેટની આ સભા ઠરાવે છે."

(૨) "યુનિવર્સિટીનું કાર્યતંત્ર સ્વચ્છ અને નિષ્કલંક રહે તથા તેની જાહેર જનતાને પ્રતીત થાય તે હેતુથી યુનિવર્સિટી કાર્યાલયનાં તથા યુનિવર્સિટી અંગેનાં કોઈ પણ કાર્યોમાં જે નાણાકીય ગેરરીતિઓ તરફ યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવામાં આવે તો સદરહુ તપાસ યુનિવર્સિટીના બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવા તથા તેની ભલામણના આધારે સિન્ડિકેટ નિર્ણય કરે તેમ કરવા તથા આજદિન પર્યંત યુનિવર્સિટી તરફથી જે જે સરકારી તથા અન્ય બૅંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રોકવામાં આવ્યાં છે, જેના બ્રોકરેજના સંદર્ભમાં થયેલ તપાસ પણ સદરહુ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને પુનઃ સોંપવા સેનેટની આ સભા ઠરાવે છે."

૭૭. એમ.એ., પાર્ટ ૧ અને પાર્ટ ૨ની ગૃહવિજ્ઞાન(Home Science)ની પ્રાયોગિક પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂકો અંગેના ઉલ્લેખ મહેનતાણાના દરની પુસ્તિકામાં નહિ હોઈ કાયમી ધોરણે આ પરીક્ષાઓ માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— એમ.એ., પાર્ટ ૧ની નિમણૂકો બી.એ.ના ધોરણે મંજૂર કરવામાં આવેલ છે, જ્યારે એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ એમ.એ., પાર્ટ ૨ની નિમણૂકો કામચલાઉ ધોરણે તે વર્ષ પૂરતી જ મંજૂર કરવામાં આવેલ છે.)

ગૃહવિજ્ઞાન અભ્યાસસમિતિનાં અધ્યક્ષ શ્રી. લીલાબહેન શાહે તેમ જ વિનયન વિદ્યાશાખાના ડીન આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકરે એમ.એ., પાર્ટ ૧ના ધોરણે ઉપરોક્ત નિમણૂકો કરવા સૂચવેલ છે.)

૭૮. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝામાં અર્થશાસ્ત્ર અને વાણિજ્યના વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક સિવાય અત્યાર સુધી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યશ્રીએ અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. એમ. એમ. શાહની તથા વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. એચ. દેસાઈની નિમણૂક કરી છે.)

૭૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ટી. મિસ્ત્રીને તા. ૨-૧-૧૯૬૩થી તા. ૧૭-૬-૧૯૬૫ સુધીની તેઓએ આપેલી ટેકનિકલ આસિસ્ટન્ટની હંગામી સેવાઓ દરમ્યાન પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૧-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—રૂટે. ૧૮૦ (બ) નીચે પ્રમાણે વંચાય છે :

Any whole-time officer, teacher or other servants of the University temporarily appointed in the first instance and subsequently confirmed in the same appointment may, by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment, provided that there has been no break or interval between the termination of the temporary appointment and the commencement of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.]

૮૦. ગ્રંથાલય સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૮થી તા. ૩૦-૯-૧૯૬૮ સુધીના છમાસિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટને જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

૮૧. ગ્રંથાલય સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાએ કુલપતિશ્રીને આપેલી સત્તાના આધારે કુલપતિશ્રીએ ચોથી પંચવર્ષીય યોજનાના અંત સુધી નીચેની કામચલાઉ જગ્યાઓ ચાલુ રાખવા માટે ભલામણ કરી છે તેને મંજૂર કરવા બાબત :

૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	... ૧ જગ્યા
૨.	કારકુન	... ૧ જગ્યા
૩.	ટાઇપિસ્ટ	... ૧ જગ્યા
૪.	પટાવાળા	... ૧ જગ્યા.

૮૨. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે શ્રી. ટી. એસ. નાન્દી સેવામાં જોડાયા બાદ પીએચ.ડી. થયા હોવાથી તેઓને ઓછામાં ઓછા બે ખાસ પગારવધારા આપવા અંગે તેમની તા. ૧૯-૧૦-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૮૩. તા. ૧૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૮૪. વનસ્પતિશાસ્ત્ર વિષયની પરિભાષાના શબ્દોનાં કાર્ડ્ઝ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને નીચે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત :

	રૂ.	પૈ.
શ્રી. જે. જે. ચિનોય, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન	૧૦૩	૬૦
શ્રી. સી. કે. શાહ, વનસ્પતિવિજ્ઞાનના રીડર	૧૦૩	૬૦
શ્રી. બી. એસ. વૈદ્ય, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	૧૦૩	૬૦

	રૂા. પૈ.
શ્રી. એ. બી. વોરા, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	૧૦૩-૬૦
શ્રી. આઈ. સી. દવે, રિસર્ચ ફેલો	૧૦૩-૬૦
શ્રી. બી. એમ. જાની, રિસર્ચ ફેલો	૧૦૩-૬૦

(નોંધ.—પરિભાષાનાં ૩૧૦૮ કાર્ડ્ઝ તૈયાર કરવા અંગે રૂા. ૦૦-૨૦ પૈસાના દરે રૂા. ૬૨૧-૬૦ ચૂકવવાના થાય છે.)

૮૫. ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં દાખલ કરવા ધારેલ નેશનલ સર્વિસ કોરની યોજનામાં આપણી યુનિવર્સિટીમાંથી ૧૨૮૦ વિદ્યાર્થીઓને જોડાવા માટેની દરખાસ્ત છે. આ માટે આપણી પાસે ૪૧ કૉલેજોમાંથી ૨૮૫૦ નામો આવેલ છે, તો કૉલેજોની અને વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવવા માટે યોગ્ય વિચારણા કરવા બાબત.

૮૬. કૉલેજોના જોડાણ અંગે યુનિવર્સિટી પોતાનું કર્તવ્ય અને જવાબદારીઓ સારી રીતે બજાવી શકે તે માટે કોઈ તંત્ર ઊભું કરવા અંગે યુનિવર્સિટીનાં મંતવ્યો-દરખાસ્તો મગાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૧૧-૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૧૨૫-૬૮ (સી.ડી.એન.) પર વિચારણા કરવા બાબત.

૮૭. અમુક કૉલેજ કે કૉલેજોને સ્વાયત્ત સ્વરૂપ આપવાની જરૂરિયાત તથા શક્યતા તપાસવા, અને જો કોઈ પ્રસ્તાવ રજૂ કરવો હોય તો તે કરવા અંગે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના મંત્રીશ્રીના તા. ૧લી નવેંબર ૧૯૬૮ના પત્રાંક એફ. ૨૨-૧-૬૮ (સી. ૨) પર વિચારણા કરવા બાબત.

૮૮. જોડાણની શરતરૂપે જે કૉલેજોએ પોતાનું મકાન જૂન ૧૯૬૮ સુધીમાં તૈયાર કરવું જોઈતું હતું પરંતુ કરેલ નથી તે પર વિચારણા કરવા બાબત.

૮૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોના વિકાસ માટે તે કૉલેજને રૂા. ૨,૫૮,૦૦૦ની આર્થિક સહાય યુ.જી.સી. તરફથી મળનાર હોવાથી કૉલેજે આપવાના હિસ્સાની રૂા. ૬૨,૫૦૦ની રકમ તે કૉલેજમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી આપવા દેવાની આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) યુ.જી.સી.એ નિયુક્ત કરેલ સમિતિએ આ અંગે ભલામણ કરેલી છે, પરંતુ તે અંગે યુ.જી.સી. તરફથી કોઈ માહિતી નથી.

(૨) અગાઉ સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ મંજૂર કરેલ છે :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

(૧) "જ્યારે કોઈ અનુસ્નાતક કેન્દ્રને પોતાના કાર્યના અને સાધનોના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા બીજા સાધન મારફતે અનુદાન મળવાની શક્યતા હોય અને તે માટેની "મૅચિંગ શૅર"ની રકમ માટે અનુસ્નાતક કેન્દ્રની પૂરી બચત વાપરવાનો

પ્રસંગ ઊભો થાય ત્યારે તેમ કરવાની છૂટ આપવી, પરંતુ તેથી વિશેષ રકમની વ્યવસ્થા કૉલેજે પોતે કરવાની રહેશે."

(૨) ત્યાર બાદ બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮નો સભાની નોંધ જે આજની સભામાં વિચારણા માટે રજૂ થઈ છે તે બાબત નં. ૪૨થી નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલી છે :

'આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સને અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી રૂા. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે તેના "મૅચિંગ શૅર" પેટે તે કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ તથા વર્ષ ૧૯૬૮-૬૯ની તે અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ ખર્ચવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી આવી માગણીઓ માટે બચતની વધુમાં વધુ પચાસ ટકા જેટલી રકમ આપવાનું ધોરણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૩) ઉપરના ઠરાવના સંદર્ભમાં પાછલા વર્ષની બચત મૅચિંગ શૅર તરીકે આપી શકાય કે કેમ તે પણ વિચારવાનું રહે છે.]

૯૦. પ્રિ. સી. એલ. શાસ્ત્રીના નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"જ્યાં બે ફૅકલ્ટી હોય ત્યાં ૪ વર્ગો પ્રત્યેક ફૅકલ્ટી પ્રમાણે ગણી અન્નેને ૨ ડિવિઝન અપાય તો ૧૬ ડિવિઝન થાય તેમ કરી શકાય. ૧૫૦૦ની મર્યાદા સામેની ૧૬ વર્ગો ચલાવી શકાય."

૯૧. ગયા મે માસમાં કોલ્હાપુરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા શિવાજી યુનિવર્સિટી તરફથી પ્રાકૃતના સેમિનારની યોજના કરવામાં આવી હતી, તેમાં પ્રાકૃતના અભ્યાસને ઉત્તેજન આપવા ઘણાં ઉપયોગી સૂચનો કરવામાં આવ્યાં હતાં. તેના રિપોર્ટના સંદર્ભમાં પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ

"એમ.એ.માં ગૌણ તથા મુખ્ય વિષય તરીકે પ્રાકૃત લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા સારી એવી હોય છે, પરંતુ તેમને પાઠ્યપુસ્તકો મળતાં નથી, તેથી તેવાં પાઠ્યપુસ્તકો છપાવવામાં યુનિવર્સિટી અમુક અંશે આર્થિક મદદ કરે તે જરૂરી લાગે છે. માટે આ બાબતમાં યોગ્ય કરવા સિન્ડિકેટને વિનંતી કરવી."

૯૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૭૫ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૩. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૯૨ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૯૩ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

બાબત નં. ૯૫થી બાબત નં. ૧૦૫ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૫. સેનેટના નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિ અંગેનું સભ્યપદ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	શ્રી. કે. આર. પટેલ	વિજ્ઞાન	૧. મેથેમેટિકસ, અને ૨. આંકડાશાસ્ત્ર
૨.	શ્રી. એન. વી. રાવળ	વિનયન	૧. એજ્યુકેશન, અને ૨. આંકડાશાસ્ત્ર.

૯૬. એસ. જે. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સિદ્ધપુરમાંથી અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના પ્રાધ્યાપક એકાએક છૂટા થયા હોવાથી તેમને સ્થાને યોગ્ય શૈક્ષણિક લાયકાત-ધરાવતા પૂર્ણ સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક સત્રની અવવચ્ચે મળવાનું શંકાસ્પદ હોવાથી સદરહુ વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક દ્વારા ચલાવવા માટેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

૯૭. પતિયાળાની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સ તરફથી વ્યાયામની ડિગ્રી કે ડિપ્લોમા ધરાવનાર શિક્ષકો માટે જુદી જુદી રમતો માટેની તાલીમના સાડા ચાર માસના ટૂંકા ગાળાના અભ્યાસક્રમમાં જોડાવા માટે પરવાનગી આપવા યુનિવર્સિટીના આસિ. ડી.પી.ઈ. શ્રી. લાલજીભાઈ ઠક્કરની વિનંતી પર વિચારણા કરવા બાબત.

૯૮. તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત નં. ૬૧, ૧૨૨ અને ૧૨૩થી ખોટી હાજરી અંગેના કેસો પર ઘટતી વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટના સભ્યો (૧) ડૉ. ય. ગુ. નાયક, અને (૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીની સમિતિ રચવાનું ઠરાવ્યું હતું, પરંતુ તેઓ પૈકી ડૉ. ય. ગુ. નાયક હવે સિન્ડિકેટના સભ્ય રહેતા ન હોવાથી તેમની અવેજીમાં અન્ય કોઈની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૯૯. શ્રી. બી. આર. શિનોય તથા શ્રી. એમ. સી. દેસાઈ સિન્ડિકેટના સભ્યપદેથી ફારેગ થયેલા હોવાથી નીચે જણાવેલી બેંકો સાથે ચાલુ ખાતાની લેવડદેવડ કરવા માટે તેમની જગ્યાએ બીજા સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત:

	બેંકનું નામ	ખાતાનું નામ
[અ]	(૧) બેંક ઓફ ઇન્ડિયા લિ., નવરંગપુરા	ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ
	(૨) બેંક ઓફ બરોડા લિ., નવરંગપુરા	
	(૩) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ભદ્ર.	
[બ]	બેંક ઓફ ઇન્ડિયા લિ., નવરંગપુરા	ગુજરાત યુનિવર્સિટી ઇયર-માર્ક્ડ ફંડ એકાઉન્ટ
[ક]	બેંક ઓફ ઇન્ડિયા લિ., નવરંગપુરા	ગુજરાત યુનિવર્સિટી બિલ્ડિંગ એકાઉન્ટ.

૧૦૦. ફાઇનાન્સ કમિટીના સભ્યોની નિમણૂક કરવા બાબત.

૧૦૧. સિન્ડિકેટે નીમેલી કાનૂનવિષયક સ્થાયી સમિતિની મુદ્દત તા. ૧૯મી ડિસેંબર ૧૯૬૮ના રોજ પૂરી થતી હોવાથી નવા સભ્યો નિયુક્ત કરવા બાબત.

૧૦૨. સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભાની બાબત ક્રમાંક ૬૮થી સંશોધન શિષ્યવૃત્તિઓ અંગેની સમિતિની તા. ૨૮-૮-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર રાખેલી તે પૈકી ભલામણ ક્રમાંક ૬(૧૩)માં નીચે મુજબનો સુધારો કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"શ્રી. જે. એમ. ત્રિવેદીને ૧૯૬૬-૬૭માં આપવામાં આવેલ યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષ (૧૯૬૮-૬૯) દરમ્યાન ચાલુ રાખવી."

૧૦૩. સર્વશ્રી એમ. સી. દેસાઈ, મણિશંકર પંડ્યા અને અશ્વિનકુમાર ત્રિવેદીના તા. ૧૨-૧૨-૧૯૬૮ના પત્રથી આવેલ નીચેનાં ત્રણ સૂચનો પર વિચારણા કરવા બાબત :

(1) "For appointing examiners to the post-graduate examinations as well as the paper-setters in other examinations, the rule of six terms may not be insisted."

(2) "The question-paper at the under-graduate examinationsshould consist mostly of questions which require short terse but positive answers which will test comprehension rather than memory."

(3) "The total marks earned by any candidates in any paper must be indicated both in words and figures. This refers to front-page of main answer-books as well as in marksheets."

૧૦૪. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, હિંમતનગરના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) ડૉ. ટી. પી. ચિતાનંદ ... માન્ય અનુસ્નાતક શિક્ષક.

(૨) ડૉ. આર. ડી. જોશી ... જૂન ૧૯૬૯થી નિમણૂક કરવામાં આવી છે. તેઓ હાલ તલોદ કૉલેજમાં એમ.એ. અંગ્રેજી વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક છે.)

૧૦૫. આપણી યુનિવર્સિટીમાં એમ.ડી.(ટ્યુબરકયુલોસિસ)નો અભ્યાસક્રમ બંધ થયો છે, પરંતુ આ અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૨ વિદ્યાર્થીઓ સદરહુ પરીક્ષામાં અનુત્તીર્ણ રહેતાં આ અભ્યાસક્રમની પરીક્ષાઓ વધુ કેટલા સમય સુધી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

૧૦૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૯૪ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

બાબત નં. ૧૦૭થી બાબત નં. ૧૧૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૭. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની ફૂટ અંગેની તપાસસમિતિના હેવાલ પરના તા. ૨૩-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

૧૦૮. સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ય. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી રૂા. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે તેના મૅચિંગ શૅર પેટે તે કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ તથા વર્ષ ૧૯૬૮-૬૯ની તે અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ ખર્ચવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી આવી માગણીઓ માટે બચતથી વધુમાં વધુ પચાસ ટકા જેટલી રકમ આપવાનું ધોરણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૧૦૯. યુનિવર્સિટી દ્વારા અપાતી જુદી જુદી સ્કૉલરશિપ ઍનાયત કરવા સિન્ડિકેટને ભલામણ કરવા માટે રચાયેલી રિસર્ચ સ્કૉલરશિપ સમિતિની મુદત તા. ૭-૧-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તે પર તા. ૧-૮-૧૯૬૯થી ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવાનું વિચારવા બાબત.

૧૧૦. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ ઉપરના સભ્યોની નિમણૂકની ત્રણ વર્ષની મુદત પૂરી થતી હોઈ, સદરહુ સમિતિ પર સભ્યો નીમવા બાબત.

૧૧૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રી તરફથી આવેલા તેમના તા. ૩-૧૨-૧૯૬૮ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-૮૧૪૧૩-ખ પર વિચારણા કરવા બાબત.

(નોંધ. — આ અંગે યુનિવર્સિટીએ રાજ્ય સરકાર સાથે ચર્ચાવિચારણા અંગે નીમેલ પ્રતિનિધિમંડળના નેતા ડૉ. ય. ગુ. નાયકનું મંતવ્ય છે કે રાજ્ય સરકાર યુનિવર્સિટીનો પ્રસ્તાવ સ્વીકારે ત્યાર પછી જ યુનિવર્સિટીએ નવાં પગારધોરણો માન્ય કરવાં યોગ્ય થશે.)

૧૧૨. ઑર્ડિનન્સ ૧૦૯-સી પ્રમાણે હૉસ્ટેલ સલાહકાર સમિતિ ઉપરના ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

૧૧૩. પત્રકારત્વની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"૧૯૬૮ના ડિસેંબર માસ સુધીમાં યુનિવર્સિટી દ્વારા એક પત્રકારત્વનો વર્કશોપ, જેમાં પત્રકારત્વને લગતું પ્રત્યક્ષ કાર્ય, પરિસંવાદ અને પ્રદર્શનનો સમાવેશ થાય તે માટે રૂા. ૧૧,૫૦૦ની ગ્રાન્ટ યુનિવર્સિટી મંજૂર કરે તેવી આ સભાની વિનંતી છે."

૧૧૪. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં એમ.એસ. ઓપ્થેલ્મોલોજીનું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. ડૉ. આર. એલ. દૂધિયા—શિક્ષક
૨. ડૉ. એ. કે. બાવીશી—મદદનીશ
૩. ડૉ. એસ. પી. પટેલ—મદદનીશ.

અધ્યક્ષશ્રી જણાવે છે કે "ક્લિનિકલ ટીચિંગ વર્ક" તેમની સંસ્થા સાથે સંકળાયેલ નગરી મ્યુ. ઓપ્થેલ્મિક હૉસ્પિટલમાં કરવામાં આવશે.]

૧૧૫. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરે પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસના વિષયનું જોડાણ મળ્યું ન હોવા છતાં પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસના વિષય માટે વિદ્યાર્થીઓ લીધા હોવાથી તે વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવા પરવાનગી માગતા વડનગર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૧૩-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૧૧૬. બાંધકામ સમિતિની તા. ૧૩-૧૨-૧૯૬૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૫૨૩૨૯/૧૯૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી, ૩, ૧૯૬૯.
પૌષ ૧૩, ૧૮૯૦ (શક).

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨

Terms and Conditions of Service of Teachers in the Affiliated Colleges and Recognised Institutions

Following shall be the terms and conditions of service of teachers in affiliated colleges and recognised institutions. These will also be applicable with the exception of conditions Nos. 4 and 5 below to members of the staff appointed temporarily :

1. (*a*) The following shall be the minimum salaries and scales of pay for members of the staff in all the affiliated colleges and recognised institutions with effect from June 1964 :

1.	Professor	:	Rs. 350–15–500–20–700
2.	Lecturer	:	Rs. 250–10–400–15–475
3.	Tutors and Demonstrators holding Master's Degree	:	Rs. 180–10–300
4.	Tutors and Demonstrators holding Bachelor's Degree	:	Rs. 130–10–250
5.	Teachers between the categories of Professor and Lecturer, e.g. Asst. Professor	:	Any pay-scale between Rs. 350–15–500–20–700 and Rs. 250–10–400–15–475
6.	Physical Training Instructor	:	Rs. 180–10–300

(*b*) In addition to the minimum basic pay in the scales as mentioned above, the teachers in affiliated colleges and recognised institutions shall be paid Dearness Allowance at such rates as may be prescribed by the University from time to time.

(*c*) The House Rent Allowance shall be paid to teachers in affiliated colleges and recognised institutions at the following rates :

	Pay	*House Rent Allowance*
1.	Upto Rs. 149/–	Rs. 7/– p.m.
2.	Rs. 150/– and onwards	Rs. 10/– p.m. or 5% of the basic salary, whichever is more :

Provided that the Principal of a College—

(*a*) shall be provided rent-free quarters having minimum area of 100 sq. yards near the college;

or

(*b*) shall be paid the actual rent as House Rent Allowance being paid for his resident, the minimum area of which should be 100 sq. yards;

or

(*c*) shall be paid Rs. 250/- as House Rent Allowance, if a Principal resides in his own house, the minimum area of which shall be not less than 100 sq. yards and provided further that he is not provided rent-free quarters as mentioned in (*a*) above.

(*d*) Notwithstanding anything contained above the following part-time teachers shall be paid minimum total endowments as shown below :

(*i*) Tutors/Demonstrators	:	Rs. 100/-
(*ii*) Lecturers	:	Rs. 150/-
(*iii*) Professors	:	Rs. 200/-

2. Subject to the undermentioned provision, a member of the teaching staff in an affiliated college or in a recognised institution who ceases to be a teacher shall be paid the vacation salaries in accordance with the following :

(*a*) If he has served for the major part of the whole academic year,* he shall be paid three months' salary** as vacation salary.

(*b*) If he has served for the major part† in any of the terms he shall be paid one month's salary as vacation salary.

3. Maximum teaching load of a teacher shall be as prescribed under O. 120-A in force from time to time.

4. No person appointed as a teacher in an affiliated college or recognised institution shall be required to put in more than two years' service as a

---

* " Academic Year " means the period between the 15th June of year and the 15th March of the following year.

** ' Salary' means salary inclucing D.A. and H.R.A. admissible to him.

† " Major Part " means more than one-half.

probationer before he is confirmed. During the probation period he shall be entitled to a yearly increment of his salary.

5. Members of the teaching staff in an affiliated College or a recognised Institution who have been confirmed shall be entitled to the benefit of Provident Fund as per rules that may be framed by the University from time to time, provided that this benefit may not be extended to the teachers working in a Government College who have the benefit of Pension after retirement.

6. Every teacher while being appointed shall be issued an appointment order, the terms and conditions of which shall not be repugnant to those prescribed by the University from time to time.

7. Leave rules shall be so framed as will provide for the following minimum leave which every full-time permanent teacher shall be entitled to, with a clear understanding that no leave can be claimed as a matter of right :

(*a*) Casual leave for 15 days in the aggregate in a year and for not more than 10 days at a time, provided that such casual leave may either be prefixed or be suffixed (but not be both prefixed and suffixed) to Sundays or Public Holidays.

(*Note.*— The casual leave shall not be suffixed or prefixed to vacations.

(*c*) Members of the teaching staff who have vacations shall not be entitled to privilege leave while those who do not have such vacation shall be entitled to one month's privilege leave for every eleven months of completed service.

(*d*) A member of the teaching staff who is entitled to have vacations but who is required by the college authorities to work during a vacation shall be entitled to privilege leave, calculated on the basis of one-third of the period for which he has worked during the vacation.

(*e*) A member of the teaching staff, in addition to any privilege leave earned under clauses (*c*) and (*d*) above, shall be entitled in a year to sick leave on production of a medical certificate for 15 days on full average pay, or 30 days on half average pay.

(*f*) A member of the staff appointed part time shall be entitled only to casual leave of 7 days in the aggregate in a year provided that he shall not be entitled to have such casual leave prefixed or affixed to Sunday and/or holidays and/or vacation; and a member of the staff appointed temporarily or on probation shall be entitled only to casual leave of 15 days in the aggregate in a year and for not more than 10 days at a time provided that he shall not be entitled to have such casual leave prefixed or affixed to Sunday and/or holidays and/or vacations.

(*g*) A female employee being a teacher in the permanent employment of a college shall be entitled to maternity leave for a period of three months from the date of the commencement or to the end of six weeks from the date of confinement, whichever is earlier provided that only one month's leave shall be admissible in the case of a miscarriage.

8. The service of a member of the staff shall not be terminated in the midst of any term and (*i*) without three months' notice if he has been confirmed, or (*ii*) without one month's notice if he is temporary or on probation, ending with the end of vacation, provided, however, that when such notice is not given, the college authorities shall pay to him an amount equal to the salary as may be payable to him for the period of notice; provided this clause will not be applicable and no notice will be necessary in case of a dismissal.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૭૪

પબ્લિકેશન બોર્ડની ૨૧મી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તા. ૨૧-૧૧-૧૯૬૮ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર	હાજર
૩. આચાર્ય આર. એચ. શાહ	હાજર
૪. આચાર્ય દર્શનસિંગ શીખ	હાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૬. ડૉ. સૌદામિની સી. પંડ્યા	ગેરહાજર
૭. શ્રી. ક્રાંતિલાલ જે. ભટ્ટ	ગેરહાજર
૮. ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર
૯. શ્રી. સોમેશ્વર બી. પંડ્યા	હાજર
૧૦. આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર
૧૧. આચાર્ય વાય. જી. નાયક	હાજર
૧૨. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૩. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૪. શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું.

૧. તા. ૨૬-૧૨-૧૯૬૭ના રોજ મળેલ પબ્લિકેશન બોર્ડની ૨૦મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૬-૧૨-૧૯૬૭ના રોજ મળેલ પબ્લિકેશન બોર્ડની ૨૦મી સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. શ્રી. એચ. ટી. ઠક્કરના આ યુનિવર્સિટીએ પીએચ.ડી. પદવી માટે ૧૯૬૭ના વર્ષમાં સ્વીકારેલ મહાનિબંધ "પ્રેમસખી પ્રેમાનંદ"ના પ્રકાશન માટે આર્થિક મદદ માટે કરેલ તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ મહાનિબંધની ૧૦૦૦ નકલનો ખર્ચ રૂા. ૫,૧૦૮ થાય તેમ છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સદરહુ મહાનિબંધ શ્રી. એચ. ટી. ઠક્કર તેઓના માર્ગદર્શકની સલાહસૂચના પ્રમાણે ઘટતા સુધારા કરી, પુનરાવર્તનો ટાળી મહાનિબંધને બને તેટલો

સંક્ષિપ્ત કરીને માર્ગદર્શક દ્વારા યુનિવર્સિટીને મોકલે તો નીચેની શરતોએ રૂા. ૭૫૦ની આર્થિક સહાય આપવાની સત્તા કુલપતિશ્રીને આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું.

(૩) પ્રકાશનની ૧૦ નકલો વિનામૂલ્યે યુનિવર્સિટીને આપવી.

(૪) પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૩. "A study of factors affecting and strengthening parent-teacher relationship in Secondary Schools"ના વિષય પર શ્રી. વિઠ્ઠલભાઈ ઓઝાએ તેમની એમ.એડ. પરીક્ષા માટે તૈયાર કરેલ ડિઝર્ટેશનના પ્રકાશન માટે સદરહુ પ્રકાશન બહાર પડયેથી રૂા. ૬૫૦ની આર્થિક સહાય આપવા કુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪. ડૉ. જે.સલપુરા કૃત "કવિ લાવણ્ય સમયની લઘુ કાવ્યકૃતિઓ" પુસ્તક આકારે પ્રસિદ્ધ કરવા અંગે આર્થિક સહાય અંગે તેઓશ્રીએ કરેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૭૫૦ નકલો છાપવાનો અંદાજી ખર્ચ રૂા. ૧,૪૬૦ થવા સંભવ છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે "કવિ લાવણ્ય સમયની લઘુ કાવ્યકૃતિઓ"ના પ્રકાશન માટે ડૉ. જે. જે. જેસલપુરાને સદરહુ પ્રકાશન બહાર પડયેથી નીચેની શરતોએ રૂા. ૪૦૦ની આર્થિક સહાય આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું.

(૩) પ્રકાશનની ૧૦ નકલો વિનામૂલ્યે યુનિવર્સિટીને આપવી.

(૪) પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૫. "Men and the World of Science" by Harry A. Kuljian ના અનુવાદ "માનવ અને વિશ્વજગત"નું કદ મૂળ અંગ્રેજી આવૃત્તિ મુજબનું રાખવા પ્રકાશન બોર્ડે તેની તા. ૨૬-૧૨-૧૯૬૭ની સભામાં ભલામણ કરેલ, પરંતુ યુનિવર્સિટી પ્રકાશનોનું કદ સામાન્ય ૧/૮ ડેમી સાઇઝનું રખાતું હોઈ, સદરહુ પ્રકાશનનું કદ પણ ૧/૮ ડેમી સાઇઝ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ અનુવાદનું શીર્ષક "માનવી અને વૈજ્ઞાનિક સૃષ્ટિ" રાખવું તથા તેનું કદ ૧/૮ ડેમી સાઇઝનું રાખવું.

૬. આચાર્ય એચ. સી. ત્રિવેદીના શોધનિબંધ "*A study of an Indian English translation of a Gujarati short story*" યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવા અંગે તેઓશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પ્રકાશનની ૫૦૦ નકલો છાપવાનો અંદાજી ખર્ચ રૂા. ૪૬૦ થવા સંભવ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે "*A study of an Indian English translation of a Gujarati short story*"ના પ્રકાશન માટે શ્રી. એચ. સી. ત્રિવેદીને સદરહુ પ્રકાશન બહાર પડચેથી નીચેની શરતોએ રૂા. ૪૦૦ની આર્થિક સહાય આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.
(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું.
(૩) પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી.
(૪) પ્રકાશનની વેચાણુકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૭. ડૉ. છોટુભાઈ નાયકે ભાષા-સાહિત્ય ભવનના પ્રોજેક્ટ તરીકે તૈયાર કરેલ "ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિકોશ, ભાગ ૧" પ્રકાશિત કરવા સંબંધી વિચારણા કરવા બાબત.
(**નોંધ.**—સદરહુ પ્રકાશનનો અંદાજી ખર્ચ રૂા. ૩,૮૭૦ થવા સંભવ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. છોટુભાઈ નાયકે તૈયાર કરેલ "ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિકોશ, ભાગ ૧" યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરવો અને પ્રથમ આવૃત્તિમાં તેની ૧૧૦૦ નકલો છપાવવી.

૮. "*Idioms made easy in a story form*" by H. N. Manchandia ના પ્રકાશન સંબંધી વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે "*Idioms made easy in a story form*"ના પ્રકાશન અંગે શ્રી. એચ. એન. માનચંદિયા સાથે ચર્ચાવિચારણા કરીને સદરહુ પ્રકાશન માટે કુલપતિશ્રીને યોગ્ય લાગે તો નીચેની શરતોએ રૂા. ૩૦૦ સુધીની આર્થિક સહાય આપવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.
(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું.
(૩) પ્રકાશનની ૨૫૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી.
(૪) પ્રકાશનની વેચાણુકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

કુલપતિશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૯. યુનિવર્સિટી પ્રકાશિત વિવિધ પરિભાષા પુસ્તિકાઓને પાયારૂપ ગણી એક સંકલિત પારિભાષિક કોશ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી પ્રકાશિત વિવિધ પરિભાષા પુસ્તિકાઓને પાયારૂપ ગણી એક સંકલિત પારિભાષિક કોશ તૈયાર કરવા અંગે જરૂરી યોજના ઘડી ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

ત્યાર પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

કૃ. ૬. પંડ્યા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૬૨

માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાનારી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ આવતી તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૧.	બી.એડ., ભાગ ૧	૧૭-૩-૧૯૬૯	૧૭-૩-૧૯૬૯
૨.	બી.એડ., ભાગ ૨	૩-૩-૧૯૬૯	૩-૩-૧૯૬૯
૩.	પ્રી-યુનિ. વિનયન	૧૦-૩-૧૯૬૯	૧૭-૩-૧૯૬૯
૪.	પ્રી-યુનિ. વિજ્ઞાન	૧૦-૩-૧૯૬૯	૧૭-૩-૧૯૬૯
૫.	પ્રી-યુનિ. વાણિજ્ય	૧૦-૩-૧૯૬૯	૧૭-૩-૧૯૬૯
૬.	ફર્સ્ટ બી.એ.	૨૪-૩-૧૯૬૯	૨૪-૩-૧૯૬૯
૭.	ફર્સ્ટ બી.એસસી.	૨૪-૩-૧૯૬૯	૨૪-૩-૧૯૬૯
૮.	ફર્સ્ટ બી.કૉમ.	૨૪-૩-૧૯૬૯	૨૪-૩-૧૯૬૯
૯.	સેકન્ડ બી.એ.	૧૦-૩-૧૯૬૯	૭-૪-૧૯૬૯
૧૦.	સેકન્ડ બી.એસસી.	૧૦-૩-૧૯૬૯	૭-૪-૧૯૬૯
૧૧.	સેકન્ડ બી.કૉમ.	૧૦-૩-૧૯૬૯	૭-૪-૧૯૬૯
૧૨.	થર્ડ બી.એ.	૨૪-૩-૧૯૬૯	૨૪-૩-૧૯૬૯
૧૩.	થર્ડ બી.એસસી.	૨૪-૩-૧૯૬૯	૨૪-૩-૧૯૬૯
૧૪.	થર્ડ બી.કૉમ.	૨૪-૩-૧૯૬૯	૨૪-૩-૧૯૬૯
૧૫.	એફ.વાય.ફાર્મસી (ડિપ્લોમા)	૨૪-૩-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯
૧૬.	ઇન્ટર ફાર્મસી (ડિપ્લોમા)	૨૪-૩-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯
૧૭.	ફર્સ્ટ બી.ફાર્મ.	૨૪-૩-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯
૧૮.	સેકન્ડ બી.ફાર્મ.	૨૪-૩-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯
૧૯.	બી.ફાર્મ.	૨૪-૩-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯
૨૦.	પહેલી એલએલ.બી. (નવો અભ્યાસક્રમ)	૧૪-૪-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯
૨૧.	બીજી એલએલ.બી. (જૂનો અને નવો અભ્યાસક્રમ)	૧૪-૪-૧૯૬૯	૧૪-૪-૧૯૬૯

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઓ. ૧૨૯ મુજબ આવતી તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૨૨.	ત્રીજી બી.એ.એમ.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૩.	પહેલી એમ.બી.,બી.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૪.	બીજી એમ.બી.,બી.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૫.	ત્રીજી એમ.બી.,બી.એસ.	૨૧-૪-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯
૨૬.	પહેલી બી.ડી.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૭.	બીજી બી.ડી.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૮.	ત્રીજી બી.ડી.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૯.	ફાઇનલ બી.ડી.એસ.	૨૧-૪-૧૯૧૯	
૨૯-એ.	એમ.ડી.એસ., ભાગ ૧	૧૦-૩-૧૯૧૯	૧૦-૩-૧૯૧૯
૩૦.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૨૧-૪-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯
૩૧.	એમ.એસસી. અધર ધેન મેથ્સ. (જૂનો અભ્યાસક્રમ)	૧૦-૩-૧૯૧૯	
૩૨.	એમ.એસસી. મેથ્સ. (જૂનો અભ્યાસક્રમ)	૧૦-૩-૧૯૧૯	
૩૩.	એમ.એ. (જૂનો અભ્યાસક્રમ)	૧૦-૩-૧૯૧૯	
૩૪.	એમ.કૉમ. (જૂનો અભ્યાસક્રમ)	૧૦-૩-૧૯૧૯	૧૭-૩-૧૯૧૯
૩૫.	એમ.એ., ભાગ ૨	૧૦-૩-૧૯૧૯	
૩૬.	એમ.એસસી., ભાગ ૨ (અધર ધેન મેથ્સ.)	૧૦-૩-૧૯૧૯	
૩૭.	એમ.એસસી., ભાગ ૨ (મેથ્સ.)	૧૦-૩-૧૯૧૯	
૩૮.	એમ.કૉમ., ભાગ ૨	૧૦-૩-૧૯૧૯	
૩૯.	એમ.એ., ભાગ ૧	૧૪-૪-૧૯૧૯	૭-૪-૧૯૧૯
૪૦.	એમ.એસસી. ભાગ ૧ (અધર ધેન મેથ્સ.)	૧૪-૪-૧૯૧૯	૭-૪-૧૯૧૯
૪૧.	એમ.એસસી., ભાગ ૧ (મેથ્સ.)	૧૪-૪-૧૯૧૯	૭-૪-૧૯૧૯
૪૨.	એમ.કૉમ., ભાગ ૧	૧૪-૪-૧૯૧૯	૭-૪-૧૯૧૯
૪૩.	પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૧૪-૪-૧૯૧૯	૭-૪-૧૯૧૯
૪૪.	બી.એસસી. (મેડિકલ)		
૪૫.	એમ.એસસી. (મેડિકલ)		
૪૬.	એમ.ડી.		
૪૭.	એમ.એસ.		
૪૮.	ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા		
૪૯.	ડી.એમ.આર.ઈ.	૧૦-૩-૧૯૧૯	૧૦-૩-૧૯૧૯
૫૦.	ડી.જી.ઓ.		
૫૧.	ડી.ઓ.		
૫૨.	ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ		
૫૩.	ડી.વી. એન્ડ ડી.		
૫૪.	ટી.ડી.ડી.		
૫૫.	ડી.એલ.ઓ.		

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઓ. ૧૨૯ મુજબ આવતી તારીખ	અર્થાલયે સૂચનેલી તારીખ
૫૬.	એસ.ઈ. (સિવિલ; મિકે. ઍન્ડ ઇલે.) (જૂનો અભ્યાસક્રમ)	૫-૪-૧૯૧૯	૫-૪-૧૯૧૯
૫૭.	બી.ઈ. (સિવિલ, મિકે. ઍન્ડ ઇલે.) (જૂનો અભ્યાસક્રમ)	૫-૪-૧૯૧૯	૫-૪-૧૯૧૯
૫૮.	બી.ઈ. ફરદું (સિવિલ, મિકે. ઍન્ડ ઇલે., કેમિ. એન્જિ.)	૫-૪-૧૯૧૯	૫-૪-૧૯૧૯
૫૯.	બી.ઈ. સેકન્ડ	૫-૪-૧૯૧૯	૫-૪-૧૯૧૯
૬૦.	બી.ઈ. થર્ડ	૫-૪-૧૯૧૯	૫-૪-૧૯૧૯
૬૧.	બી.ઈ. ફોર્થ	૨૧-૪-૧૯૧૯	૫-૪-૧૯૧૯
૬૨.	એમ.ફાર્મ.	૨૪-૩-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯
૬૩.	એમ.ઈ.	૨-૧-૧૯૧૯	૨૧-૫-૧૯૧૯
૬૪.	એલએલ.એમ. (જૂનો તથા નવો અભ્યાસક્રમ)	૨-૧-૧૯૧૯	૨૧-૫-૧૯૧૯
૬૫.	એમ.એડ.	૨-૧-૧૯૧૯	૨૧-૫-૧૯૧૯
૬૬.	ડિપ્લોમા ઇન જર્નાલિઝમ	૨૮-૪-૧૯૧૯	૨૪-૪-૧૯૧૯
૬૭.	ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ	૧૪-૪-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯
૬૮.	ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ	૧૪-૪-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯
૬૯.	એફ.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા, મ્યુઝિક, ડાન્સિંગ, પેઇન્ટિંગ ઍન્ડ સ્કલ્પ્ચર	૨૪-૩-૧૯૧૯	૨૪-૩-૧૯૧૯
૭૦.	એસ.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા, મ્યુઝિક, ડાન્સિંગ, પેઇન્ટિંગ ઍન્ડ સ્કલ્પ્ચર	૨૪-૩-૧૯૧૯	૨૪-૩-૧૯૧૯
૭૧.	ટી.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા, મ્યુઝિક, ડાન્સિંગ, પેઇન્ટિંગ ઍન્ડ સ્કલ્પ્ચર	૨૪-૩-૧૯૧૯	૨૪-૩-૧૯૧૯
૭૨.	બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ	૨૧-૪-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯
૭૩.	ડિપ્લોમા ઇન એજ્યુકેશન, ભાગ-૧	૧૭-૩-૧૯૧૯	૧૭-૩-૧૯૧૯
૭૪.	ડિપ્લોમા ઇન એજ્યુકેશન, ભાગ-૨	૩-૩-૧૯૧૯	૩-૩-૧૯૧૯
૭૫.	ફરસ્ટ ઇયર બી.એસસી. (નર્સિંગ)	૨૧-૪-૧૯૧૯	૧૪-૪-૧૯૧૯